सामाजिक टुंकी वार्ताओ

ग्रंथ ३९.-भाग ८ मो

[illegible]

* ओ३म् *

पुस्तक की संख्या 63ग

पुस्तकालय-पञ्जिका-संख्या १६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

15,510

[illegible] प्रमाणीकरण १९८४-१[illegible]९

Gurukula Library
Kangri
15510

"વિવિધગ્રંથમાળા" સળંગ અંક ૨૫૧-૫૨, વર્ષ ૨૨મું: સં. ૧૯૯૮

सामाजिक टूंकी वार्ताओ

ग्रंथ त्रीजो-भाग ८ मो

(સ્ત્રીપુરુષ સર્વમાટે ઉપકારક ૮૦ વાર્તાઓ)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
સંપાદક અને પ્રકાશક: ભિક્ષુ-અખંડાનંદ
સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

15510

પ્રત ૫૩૦૦, પૃષ્ઠ ૪૯૨, મૂલ્ય-૧॥

અમદાવાદમાં "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

6510 1973

પ્રકાશકનું નિવેદન

સામાજિક ટુંકી વાર્તાઓનો આ આઠમો ભાગ હોઇ વિવિધ ગ્રંથમાળાના ૨૨ મા (સંવત ૧૯૮૮ ના) વર્ષનું આ છેલ્લું (સળંગ અંક ૨૫૧–૫૨ મું) પુસ્તક છે. વળી ટુંકી વાર્તાઓના આગલા સાત ભાગની બીજી આવૃત્તિ બે ગ્રંથોરૂપે છપાયલી હોવાથી આ તેનો ત્રીજો ગ્રંથ છે.

અત્ર તરફથી આ પ્રકારની નાની વાર્તાઓની ચૂંટણી જે હેતુ તથા ધોરણથી થાય છે તે વિષે આની આગલા ગ્રંથોમાં લખાયું છેજ. જે સુયોગ્ય વાર્તા દ્વારા જે કાંઈ અગત્યનું તત્ત્વ વાંચનારાઓના ખાસ ધ્યાનપર લાવવું હોય તે તત્ત્વ એ વાર્તા પણ સીધી કે આડકતરી રીતે સૂચવતી હોય છે.

આમાંની ઘણીખરી વાર્તાઓ આપણા સામાન્ય, નિર્ધન અને અંત્યજ વગેરે બંધુઓની અનેકવિધ દુર્દશાઓ તથા તેઓમાં ચાલતા અયોગ્ય રીતિરિવાજ ઇત્યાદિ બાબતો અસરકારક રીતે રજુ કરે છે. કેટલીક વાર્તાઓ આ વાત પણ રૂડે પ્રકારે સમજાવે છે કે, દીનહીન જનસમાજની સેવા માટે કેવા સેવકો વિશેષ ઉપયોગી છે; ઉંડી લાગણીવાળા સેવકોની નીતિરીતિ કેવી હોય છે તથા તેમનાં હૃદય કેવા વિશાળ, ઉદાર, દિવ્ય અને નિઃસ્વાર્થ ભાવોથી ભરપૂર હોય છે.

આશા છે કે દરેક પાઠક બંધુ આમાંની દરેક વાર્તા ધ્યાનપૂર્વક વાંચ્યા પછી તેમાંથી ફલિત થતી દરેક અગત્યની પ્રેરણા અથવા સૂચના ધ્યાનમાં લેશે; કાળજીપૂર્વક વિચારશે; અને એ દિશામાં જેમનાથી જે કાંઇ પરોપકાર ઘરમાં, મિત્રોમાં, પડોશીઓમાં, જ્ઞાતિબંધુઓમાં અને ગામ તથા દેશમાં બની શકે તેમ હોય તે કરવા કરાવવા પણ નહિ ચૂકે.

આગલા ભાગોની પેઠે આ ભાગમાં પણ દરેક વાર્તાની સાથે તેના લખનાર સજ્જનનું નામ તથા તે જેમાંથી અહીં સંગ્રહાઇ છે તેનું નામ અપાયલું જણાશે. એ સર્વ લેખકો તથા પ્રકાશક સજ્જનોનો અંતઃકરણપૂર્વક આભાર માની જણાવવાનું કે, આ પ્રકારના સંગ્રહોથી કાંઇ પણ લોકહિત થતું હોય તો તેનો યશ તે તે લેખક અને પ્રકાશક સજ્જનોને છે; પાઠક બંધુઓના સુભાગ્યને પણ છે; અને પરમ સુહૃદ સર્વેશ્વરને તો એ માટે જેટલો યશ અપાય તેટલો ઓછો છે.

કોઇ કોઇ સામયિક પત્રોના દરેક પૃષ્ઠ ઉપર તે પત્રનું નામ તથા સમય છપાતાં નથી તે છપાતાં રહે તો તે અહીં આપવામાં અગવડ રહે છે તે દૂર થાય.

શુભસંગ્રહના આ અગાઉ છપાયલા ભાગોમાં જે ટુંકી વાતો છપાઇ છે તેમાંની પણ ૧૬ વાર્તાઓ આમાં (પૃષ્ઠ ૩૯૩ થી ૪૭૫

સુધીમાં) લીધી છે. સાધારણ રીતે તે આમાં લેવાની જરૂર કે ફરજ નહોતી; પરંતુ તે વાર્તાઓ ખાસ ઉપકારક હોવાથી આ ટુંકી વાર્તાઓના પુસ્તક ભેગી છપાઇ અધિકાધિક વંચાય એ પણ અગત્યનું લાગવાથી પુસ્તકનું કદ વધવા દઇને તે આમાં લીધી છે. અને તેથી ૧૯૮૭-૮૮નો પૃષ્ઠમેળ ૨૨૨૦ ની સંખ્યાએ પહોંચ્યો છે.

ઘણીખરી વાર્તાઓ સહેજસાજ સંશોધન સિવાય લગભગ જેમની તેમજ લેવાયેલી છે. જે જે સામયિક પત્રોમાંથી જેટલી જેટલી વાર્તાઓ લીધી છે તેની વિગત નીચે મુજબ છે:—

૧૦ વાર્તાઓ **હિંદુસ્થાન** દૈનિક અને **પ્રજામિત્ર કેસરી**માંથી, ૯ વાર્તાઓ **નવયુગ** માસિકમાંથી, ૭ વાર્તાઓ **વીસમી સદી** અઠવાડીકમાંથી, ૮ વાર્તાઓ **શારદા** માસિકમાંથી, ૫ વાર્તાઓ **ચિત્રમય જગત**માંથી, ૪ વાર્તાઓ **નવયુગ** અઠવાડિકમાંથી, ૪ વાર્તાઓ **સાહિત્ય**માંથી, ૩ વાર્તાઓ **સેવા** માસિકમાંથી, ૩ વાર્તાઓ **બે ઘડીમોજ**માંથી, ૨ વાર્તાઓ **નવચેતન**માંથી, ૧ **મુંબઈ સમાચાર**ના દિવાળી અંકમાંથી, ૧ **કુમાર**માંથી, ૧ **આરામ**માંથી, ૧ **ગુજરાતી**માંથી, ૧ **નાગરીક**માંથી, ૧ **સુધારક**માંથી, ૧ **પ્રસ્થાન**માંથી, ૧ **પ્રચારક**માંથી, ૧ **પુસ્તકાલય**માંથી, ૧ **લોહાણાહિતેચ્છુ**માંથી, ૧ **વિલાસ**માંથી, ૧ **કચ્છી**માંથી, ૧ **નવરોઝ**માંથી, ૧ **સમાચાર**માંથી, ૧ **સંદેશ**ના દિવાળી અંકમાંથી, ૧ **કૌમુદી**માંથી, ૧ **સ્ત્રી દર્પણ**માંથી, ૧ **બાલસખા**માંથી, ૧ **ક્ષત્રિય**માંથી, ૧ **જાગૃતિ**માથી, ૧ **આર્યપ્રકાશ**માંથી, ૧ **રાષ્ટ્રશક્તિ**માંથી, ૧ **સુવર્ણમાળા**માંથી, ૧ **બાલજીવન**માંથી અને ૧ નામ જડયું નહિ તેમાંથી.

ઉત્તમ વાર્તાઓ તથા શુભસંગ્રહ વગેરેમાં છપાતા ઉપકારક લેખો, પ્રથમ કોઈ સામયિક પત્રમાં છપાયા હોય તે ઉપરથીજ પસંદ કરીને છપાવવાનું બની શકે તેમ હોવાથી કોઇ પણ લેખક બંધુ પોતાનું મૂળ લખાણ અત્ર તરફ મોકલવા શ્રમ લે નહિ એવી વિનંતિ છે.

આ સેવક તો આવા સંગ્રહો વડેજ વિવિધગ્રંથમાળા ચલવવાની ઇચ્છા વર્ષો અગાઉ દર્શાવી ચૂક્યો છે; પરંતુ બીજા ખાસ ઉપકારક ગ્રંથોના સુયોગ સહજે મળ્યા કરવાથી હજી એ પ્રમાણે સર્વાંશે બની શકતું નથી. વળી બેએક વર્ષ સુધી પ્રેસ બંધ રાખી આ પ્રકારની કામગીરી રહેવા દઈ બીજી રીતે સમય ગાળવારૂપે આરામ લેવાનો વિચાર વર્ષોથી ચાલે છે તે પણ હજી બર આવ્યો નથી. આગળ ઉપર ઇશ્વરેચ્છા !

તુલસીકૃત રામાયણની પ્રતો ખલાસ થવાથી તેની નવી આવૃત્તિ આવતા ચોમાસા સુધીમાં છપાઈ બનતાં સુધી હજી પણ ઓછા મૂલ્યે આપવા વિચાર ચાલે છે. માટે તે કોઇએ મોંઘી કિંમતે લેવા જરૂર નથી. સર્વેશ્વરના સ્મરણપૂર્વક ૐ तत्सत्

કાર્તિક વદ ૧૩-૧૯૮૯

ભિક્ષુ-અખંડાનંદ

ઉત્તમ ગ્રંથોનાં મૂલ્ય અને ઉપકાર

("ભાગ્યના સ્રષ્ટાઓ"માંથી થોડો સારાંશ)

આ જમાનામાં છાપખાનાં તમને મહત્ત્વના ગ્રંથો જૂજ કિંમતે આપે છે; પણ તમે તેમાંના અખૂટ દિવ્ય જ્ઞાનભંડારનો જેટલી સહેલાઇથી લાભ લઇ શકો અને તેથી તમને તથા આસપાસનાંઓને જે દિવ્ય અસર થાય તે ઉપરથી તેની કિંમત આંકો તો તે કેટલી થવા જાય ?

છાપખાનાંના પ્રતાપે સદ્ગ્રંથોના રૂપમાં હવે આપણે બહુ નજીવા ખર્ચે સમર્થ ઋષિમુનિઓ અને વિદ્વાનોનું એક આખું સૈન્ય આપણી સેવામાં હાજર કરી શકીએ છીએ ! ખરચેલા પૈસાનો આવો મહાન બદલો આપણને બીજે ક્યાંય મળે ખરો ? કે જેનો ઉપયોગ આપણે જેટલા વિચાર ને લક્ષ્યપૂર્વક કરીએ તેટલો આપણને વધુ લાભ થાય ?

ઉત્તમ પુસ્તકોમાં જ્ઞાનરૂપી જે બહુ ઉપકારક દ્રવ્ય ભરેલું છે તે જોતાં ગરીબ માણસ પણ કેટલા થોડા ખર્ચમાં એ પુસ્તકો લઈ શકે છે ! અને પોતાના જ્ઞાનમાં, ચારિત્ર્યમાં અને સામર્થ્યમાં કેટલો બધો વધારો કરી શકે છે ! વ્યાસ અને વાલ્મીકિ, જ્ઞાનેશ્વર અને તુકારામ, શ્રીકૃષ્ણ અને રામચંદ્ર, ગૌરાંગ અને કબીર, નાનક અને તુલસીદાસ, રામતીર્થ અને વિવેકાનંદ, હ૦ મહમ્મદ સલ૦ અને ગઝાલી, ખ્રીસ્ત અને પ્લેટો, દત્તાત્રય અને રંતિદેવ, ભગીરથ અને હનુમાન, બલિ અને પ્રહ્‌લાદ, હરિશ્ચંદ્ર અને શીબી, ગાર્ગી અને સાવિત્રી તથા રામદાસ અને સૉક્રેટિસ જેવા દિવ્યાત્માઓના અલૌકિક બુદ્ધિવૈભવ તથા ચારિત્ર્યચંદ્રોદયમાં હવે તે સહેલાઇથી આળોટી શકે છે; સઘળા યુગના મહાત્માઓ, મહાકવિઓ, તત્ત્વવેત્તાઓ, વિજ્ઞાનવેત્તાઓ, રાજદ્વારીઓ, મહાવીરો અને ગ્રંથકારો સાથે તે વાતચીત કરી શકે છે; શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ, ભીષ્મ, અર્જુન, પ્રતાપ, શિવાજી, સીઝર, સિકંદર અને નેપોલિયન જેવાઓની પાછળ પાછળ તેમનાં યુદ્ધક્ષેત્રોમાં પણ જઇ શકે છે, અને જ્ઞાનવિજ્ઞાનનાં ગૂઢ રહસ્યો પણ ઉકેલી શકે છે.

વ્યાસ, વાલ્મીકિ અને તુલસીદાસ ઇત્યાદિ પરમસિદ્ધો તો પુસ્તકોના રૂપમાં ગરીબમાં ગરીબની ઝુંપડી સુધી જરાએ માન–મોટપ વિના પહોંચી જઈને રામાયણ તથા મહાભારત ઇ૦ ની અતિ ઉપકારક અને અસરકારક કથાઓ ચિંથરિયા માણસો પાસે પણ રજુ કરે છે–ગાય છે !

ભલે તમારૂં ઘર કિંમતી રાચરચીલાં, ચિત્રો, પડદા, ગાલીચા વગેરેથી ભરેલું હોય પણ જો તેમાં ઉત્તમ ગ્રંથો ન હોય તો તે કેવું ખરાબ ! છતાં અફસોસ છે કે, એવાં ઘણાંયે ઘરોમાં સારાં પુસ્તકોજ હોતાં નથી !

માટે જો સઘળી વસ્તુઓ ખરીદવાની શક્તિ ન હોય તો તમે બીજી વસ્તુઓ પછી લેજો, પણ સારાં પુસ્તકો તો તરત ખરીદજો.

જો જરૂર પડે તો થીગડાં દીધેલાં કપડાં અને સાંધેલા જોડા પહેરજો, પણ પુસ્તકો લેવામાં કંજુસાઇ કરશો નહિ.

તમારાં બાળકોને પણ ઉત્તમ પુસ્તકો તો જરૂર આપજો, કે જેના સદુપયોગથી તેઓ ઉન્નત થઇ માન મેળવે. જે બાળકોના હાથમાં ઉત્તમ ગ્રંથો આવે છે તેઓ હાલની શાળાઓ કરતાં તો ઘણું ઉત્તમ અને વધારે શિક્ષણ મેળવી શકે છે.

खराव पुस्तकोनां नुकसान

("ભાગ્યના સ્રષ્ટાઓ" ઉપરથી)

ન્યૂ ગેટની જેલના ધર્મોપદેશકે પોતાના વાર્ષિક રિપોર્ટમાં ઘણા માનવંત કુળના અને સુંદર દેખાવના છોકરાઓ વિષે લખ્યું છે કે "તરુણ સ્ત્રીપુરુષોની ગમ્મતને ખાતર પ્રકટ થતાં હલકાં વર્તમાનપત્રો વાંચવાનો નાદ એક પણ અપવાદ સિવાય આ છોકરાઓને લાગ્યો હતો અને તેથીજ તેઓને જેલમાં જવું પડતું. આ દેશમાં એવી કોઇ પણ ફોજદારી કોર્ટ વા જેલ નથી કે જ્યાં આવા પ્રકારના ગુનાઓ ન જણાય. આ સમયમાં ખરાબ પુસ્તકોની અસરથી નીતિનો કેટલો નાશ થયો છે તેનું માપ ભાગ્યેજ કાઢી શકાય."

એક વાર એક છોકરાએ બીજા છોકરાને બીભત્સ ચિત્રો અને શબ્દોવાળું એક પુસ્તક બતાવ્યું અને તેણે તે માત્ર થોડીજ પળો હાથમાં લીધું હતું છતાં પાછળથી તે શ્રેષ્ઠ ધર્માચાર્ય થયા પછી એક મિત્ર આગળ બોલ્યો હતો કે "એ પુસ્તક જોવા કરતાં તો મેં અધી મિલ્કત આપી દીધી હોત તો વધારે ઠીક થાત. કારણ કે તેમાંનાં અપવિત્ર ચિત્રો કેટલીક વાર પવિત્ર સમયે પણ વગર તેડયે મનમાં આવીને ઉભાં રહે છે!"

જેમ્સ ટી. ફીલ્ડઝ એક ખૂની બાળકને જેલમાં મળ્યો ત્યારે તે બાળક બોલેલો કે, ખૂન અને બીજાં ભયંકર કામોના વર્ણનથી ભરેલી નવલકથાઓનો મને ઘણો નાદ લાગ્યો હતો. મેં તે ખૂબ વાંચી હતી અને તેથી એ પુસ્તકોએજ મારા મગજમાં ભયંકર વિચારો મૂકી મને ખુની કામો કરવાને પ્રેર્યો હતો એમાં જરાયે શક નથી."

બિશપ પૉટરે કહ્યું છે કે "માણસ જે કક્ષાનાં પુસ્તકો વાંચે છે તેથી ચઢતી કક્ષાનો તે થઇ શકતો નથી; એ એક સિદ્ધ વાક્ય છે."

દુર્ભાગ્યની વાત છે કે, આજકાલ તો આ દેશમાં કેટલાક બીભત્સ અને ક્રૂર વર્ણનવાળા લેખો લખવા અને છાપવા મંડી પડયા છે!

उत्तम जीवनचरित्रोनी दिव्य असर

અનુભવીઓના ઉદ્‌ગાર

કુટીબંધ મહાત્માઓ, કે જેમાંના દરેકે કોઇ મહાન ઉદ્દેશપૂર્વક ઉત્સાહથી કામ કર્યું છે અને લોકોની શારીરિક, માનસિક તથા નૈતિક દશામાં સુધારો કર્યો છે; તેમનાં જીવનચરિત્રોમાં જેટલી મોહકતા છે તેટલી 'અરેબિયન નાઇટસ'માં કે બીજી કયી વાર્તાઓમાં છે?

જીવનચરિત્રોનો—તેમાં પણ જેઓ જાતમહેનતથી મહાન અને ઉત્તમ બન્યા હોય એવાઓનાં ચરિત્રોનો—અભ્યાસ કરવાથી ઉત્સાહ અને ઉચ્ચ વિચારો આવી ચારિત્ર ખીલે છે. કેમકે એવાં ચરિત્રો જેવી ઉત્તમતા વર્ણવે છે તેવી ઉત્તમતા બીજાઓમાં જગાડવાનો ખાસ હેતુ અને ઉત્સાહ એવાં ચરિત્ર યોજવામાં જરૂર રહેલો હોય છે.

ઉત્તમ જીવનચરિત્ર એ એક પ્રકારનું ખાસ દર્પણ છે. અરીસા વડે પોતાના ચહેરામાં ડાઘ જણાતાંજ મનુષ્ય તેને કાઢી નાખી કાંતિ વધારવા મથે છે; તેમ ઉત્તમ ચરિત્રરૂપી સ્વચ્છ આરસી વડે પોતાના ગુણદોષ જોઇ–સમજીને મનુષ્ય દોષો ટાળવા અને ગુણો ખીલવવા જાગ્રત થાય છે. આમ ઉપદેશથી જે કામ નથી થતું તે કામ રૂડાં જીવનચરિત્ર સહેજે પાર પાડે છે.

ઉત્તમ ચરિત્રો વાંચવાથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણામાં કૌવત, હિંમત, મહત્ત્વાકાંક્ષા અને શ્રદ્ધા જાગી ઉઠી રૂડાં અને મોટાઓનાં કામોમાં જોડાવા–ભાગીદાર થવા ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ ચરિત્રોના સહવાસમાં આવવું એ તો તે તે ઉત્તમ આત્માઓનો અને મહાત્મા મંડળનો સહવાસ સેવવા બરાબર છે.

ઉત્તમ ચરિત્રો બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી ઉત્તમ બનાવી શકે; કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે; કેવી ઉચ્ચ અસરો ફેલાવી શકે અને મહત્તા મેળવવાનો માર્ગ તો સર્વ કોઇ માટે ઉઘાડો છે.

"જે માટીના શરીરમાં સર્ગશક્તિ બિરાજતી હતી તે માટી તો પાછી ધૂળ થઇ ગઇ હોય છે અને કદાચ ત્યાર પછી યુગોના યુગો વહી ગયા હોય છે; પરંતુ એ મહાન મનુષ્યોનાં ચરિત્ર દ્વારા પ્રકાશિત થયેલાં નૈતિક અને બૌદ્ધિક સત્યો તો હજી પણ મહત્તા અને ગૌરવના માર્ગ પર પોતાનો દિવ્ય પ્રકાશ આપ્યા કરીને બીજા માણસોને પણ તેજ સ્વર્ગીય માર્ગે ચાલવાની પ્રેરણા અને ઉત્સાહ આપ્યા કરે છે." —**એડવર્ડ એવરેટ**

"કાર્યને વાવશો તો સ્વભાવ લણશો; સ્વભાવને વાવશો તો ચારિત્ર્ય લણશો; અને ચારિત્ર્ય વાવશો તો ભાગ્યને લણશો." **બૉર્ડમેન**

સારા-માઠા પ્રસંગે જ્ઞાન-લ્હાણી

ગરીબોને ગરીબાઇમાંથી ખેંચી કાઢવાની, દુઃખીઓનાં દુઃખ ટાળવાની, બોજાવાળાનો બોજો ભુલાવવાની અને બિમારોને તેમનું દર્દ ભુલાવવાની સારા ગ્રંથોમાં જેવી શક્તિ છે તેવી બીજા કશામાં નથી. પણ દેશદશા એવી છે કે વાંચી જાણે તેવા પણ ઘણાખરાઓ સારા ગ્રંથ મેળવી શકતા નથી. માટે તેઓમાં જ્ઞાન-ચારિત્ર્યવર્ધક વાચન મફત ફેલાવવું એ પણ સમજુ દાતાઓની ફરજ છે.

પોતે જ્ઞાનસિદ્ધ થઇને બીજાઓને જ્ઞાન આપવું એ તો કોઇકથીજ બને; પરંતુ મહાત્માઓના જ્ઞાન-ચારિત્રવર્ધક સદુપદેશો અને જીવનચરિત્રોનાં ઉમદા પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે.

કોઇ કોઇ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઇક સદુપયોગ કરે છે; પરંતુ વર્તમાન દેશદશા જોતાં તો આ પ્રકાર સૌ કોઇએ સારી પેઠે ચાલુ કરી તથા વધારીને ઉમદા રૂઢિરૂપે બનાવવો જોઇએ.

સારામાઠા પ્રસંગે બીજો ખર્ચ થોડો ઘટાડીને પણ સ્થૂળ ભોજન સાથે માનસિક ખોરાકની પત્રાવલિરૂપ અને જ્ઞાન-ચારિત્રવર્ધક ઉમદા પુસ્તકો પ્રત્યેક મહેમાન, પાડોશી, કુટુંબી, મિત્ર, જ્ઞાતિબંધુ, ગામલોકો, વિદ્યાર્થીઓ વગેરેને ભેટ અપાય તો તે ગમે તેવા બાહ્ય મિષ્ટાન્નથી તો બહુ વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો “અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મારકનિમિત્ત અમુક તરફથી ભેટ” કે એવું કાંઇ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કિંવા હાથે લખીને આપી શકાય, કે જેથી જનસેવા થવા સાથે તે તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

માટે આ સંસ્થાનાં અને બીજાં ઠીક લાગે તે તે ખાસ ઉપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગ સાથે જ્ઞાનચારિત્ર જેવી ઉત્તમ વસ્તુના પ્રચારનું શ્રેય દરેક સમજુએ મેળવવું ઘટે છે.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇ ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને પણ લહાણી કરી શકે; અને મધ્યમ ખર્ચ કરવો હોય તો ઉત્તમ પુસ્તકની યથાશક્ય પ્રતો ખરીદીને વહેંચી શકે. વધુ જાતનાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનાર તેમાંથી મનગમતું પુસ્તક લઈ શકે. પાંચ-દશ રૂપિયા ખર્ચવા હોય તો ૨૫-૫૦ નાનાં પુસ્તકો અથવા નાની હજાર-પાંચસો પુસ્તિકાઓ તે વડે વહેંચી શકાય. અને એકાદ રૂપિયો ખર્ચવો હોય તો પણ અસરકારક શિખામણોનાં સો-બસો હસ્તપત્ર વહેંચી શકાય.

પુસ્તક જેની પાસે ન હોય તેને વાંચવા આપવું, વાંચી શકે નહિ તેવાને વાંચી સંભળાવવું એ પણ અગત્યની જ્ઞાનલહાણી છે.

विविध ग्रंथमाळानो सं० १९८७–८८ नो पृष्ठमेळ

ગ્રંથાંક	ગ્રંથનું નામ	મૂલ્ય	પૃષ્ઠ
૨૪૧ થી ૪૪	શુભસંગ્રહ–ભાગ ૭ મો	૧।।	૬૩૬
૨૪૫ થી ૪૬	સુખીજીવનનાં સાધન	૦।।=	૩૧૨
૨૪૭ થી ૫૦	વૈદક સંબંધી વિચારો	અર્ધા મૂલ્યે ૦।। માર્ગવ્યય ૦।=	૭૮૦
૨૫૧ થી ૫૨	સામાજિક ટુંકી વાર્તાઓ ગ્રંથ ત્રીજો–ભાગ ૮ મો	૧।।	૪૯૨
	કુલ	૫)	૨૨૨૦)

૧૫૦૦ થી ૧૬૦૦ પૃષ્ઠનું વાર્ષિક ધોરણ જોતાં ત્રણ પુસ્તક બસ થાત; છતાં ઉપર મુજબ થવાનું કારણ માત્ર ઇષ્ટેચ્છાજ છે.

કાચાં પૂંઠાંના થોડાજ ગ્રાહક હોવાથી એ વર્ગ બંધ કરીને આ તેમજ આની આગલું પુસ્તક તે ગ્રાહકોને પણ પાકા પૂંઠાનુંજ મોકલાયું છે. અને હવેથી એ બંધુઓને પણ વાર્ષિક ૩ ૫) આપવાના છે.

आ ग्रंथनुं शुद्धिपत्र

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૨	૭	મહાષ્ટ્રનો	મહારાષ્ટ્રનો
૮૪	૨૩	નિયમાનુમાર	નિયમાનુસાર
૯૦	૩૪	કોટે	કોર્ટે
૯૧	૧૧	સાક્ષસ	રાક્ષસ
૧૨૫	૨૬	રાજા	રાજાએ
૧૨૬	૧૫	આવી.	આવી-
૧૪૨	૧૭	ક્રર	ક્રૂર
૧૫૭	૧૪	સાખ !	સખિ !
૧૬૭	૮	ધ્રજતી	ધ્રૂજતી
૧૭૩	૧૫	છો ?"	છે ?"
૨૦૫	૩૨–૩૩	વિદ્યાથીઓને	વિદ્યાર્થીઓને
૨૧૪	૩૪	શત્રજ	શત્રુજ
૨૬૧	૬	માનજાતિના	માનવજાતિના
૨૭૦	૨૩	૯૦	૧૦
૨૭૧	૨૮	કોઇ	કાંઈ
૩૦૧	૨૫	નિમોષ	નિમેષ
૩૦૬	૨૨	ધ્રસ્કે	ધ્રૂસ્કે

अनुक्रमणिका

ક્રમાંક	વાર્તાનું નામ	પૃષ્ઠાંક
૧	રાજકુમાર ચંદ્રનો સ્વાર્થત્યાગ … … …	૧
૨	અનાથોની ઈદ … … … …	૧૨
૩	અદૃશ્ય ન્યાય … … … …	૨૦
૪	પૈસાનો મદ … … … … …	૨૭
૫	ગરીબી નથી ત્યાં– … … … …	૩૮
૬	કપૂતની મા … … … … …	૪૩
૭	આપણા આર્ય ખેડૂતની ખાસિયત … …	૪૮
૮	પ્રૉફેસરનું પરિવર્તન … … … …	૫૧
૯	કામદારજીવનની કરુણ કથા … … …	૬૧
૧૦	વંકાજીભાઈનું સરામણું … … …	૬૫
૧૧	શિવાજીનું અશ્રુબિન્દુ… … … …	૭૧
૧૨	પાનવાળાનો પરોપકાર … … …	૭૮
૧૩	હાલની પોલી પ્રતિષ્ઠાનું પોકળ … … …	૮૪
૧૪	શેઠને શબ્દે– … … … …	૮૮
૧૫	એક ગુલામ ઓછો થયો. … … …	૯૨
૧૬	નવું રેલવે સ્ટેશન … … … …	૯૭
૧૭	ભોગ–એક સત્ય ઘટના ઉપરથી… … …	૧૦૫
૧૮	કમળા અને શારદા … … … …	૧૦૮
૧૯	વાત્સલ્ય કરતાં કર્તવ્ય શ્રેષ્ઠ–એક પત્ર … …	૧૧૨
૨૦	મારા વિશ્વાસે ! … … … …	૧૧૮
૨૧	દિલભર દિલ… … … … …	૧૨૪
૨૨	ગરીબ ગોપાળની મજૂરી … …	૧૨૮
૨૩	અલીહુસેન … … … …	૧૩૨
૨૪	ન્યાય … … … … …	૧૩૬
૨૫	દારિદ્ર્યનાં દુઃખ … … … …	૧૪૩
૨૬	સમાજના પાપે … … … …	૧૫૧
૨૭	સ્મરણ–કુંજ … … … …	૧૫૭
૨૮	નવો ફોજદાર … … … …	૧૬૩
૨૯	સત્યનો સાક્ષી ભગવાન … … …	૧૬૮
૩૦	કાળની સાથે કુસ્તી કરનારો બ્રાહ્મણ … …	૧૭૭

ક્રમાંક વાર્તાનું નામ પૃષ્ઠાંક
૩૧ મીઠુ હવાલદાર ૧૮૨
૩૨ માંધાતા ૧૮૯
૩૩ જાદુગર ૧૯૬
૩૪ રસ્તા વચ્ચે પડેલો પથ્થર ૨૦૨
૩૫ સરસ્વતી મઠનો મહંત ૨૦૪
૩૬ દ્રવ્યના સંતાપ ૨૧૦
૩૭ દેપાળદે ગોહેલ ૨૧૫
૩૮ ચિનાઇ મંદિર ૨૧૮
૩૯ આગિયાની ચમક ૨૨૨
૪૦ સ્વાતંત્ર્યનાં મૂલ્ય ૨૩૩
૪૧ કમલાકર ૨૩૭
૪૨ હડતાલ ૨૪૪
૪૩ બૂઝાતો આશાદીપ ૨૪૯
૪૪ વેઠનો ત્રાસ ૨૫૫
૪૫ પંડિત અને પાદરી ૨૬૧
૪૬ જમાનાની જડીબુટ્ટી ૨૬૫
૪૭ પ્રતિજ્ઞાનું પાલન કે વીર નિર્દલન ? ૨૭૧
૪૮ ધોળી આઈ... ... ... ૨૭૫
૪૯ કુલીનતામાં કચરાતી ગૃહલક્ષ્મીઓ ૨૮૫
૫૦ રાષ્ટ્રીય ધ્વજ માટે ૨૯૧
૫૧ લોહીની ઇમારત ૨૯૬
૫૨ રાજા ક્ષુધાસેન ૩૦૭
૫૩ પ્રજા-સત્ત્વશોષક સમાજ ૩૧૨
૫૪ હું સંન્યાસી કેમ થયો ? ૩૧૫
૫૫ કુરબાનીની કથા ૩૨૭
૫૬ પાઠકવાડીનો ભાણો ૩૩૪
૫૭ ગાડીવાળો શાહજાદો ૩૩૯
૫૮ ધનદાસ ૩૫૦
૫૯ જગના ક્ષુધાર્ત જાગો ! ૩૫૬
૬૦ ગાંડી ૩૬૩
૬૧ વીર કાસુનો જંતરડો ૩૬૬
૬૨ સાડીપર પડછાયો ૩૭૩
૬૩ વીરાત્માઓનો ‘નરમેધ યજ્ઞ’ ૩૭૭
૬૪ શાપિત હીરો ૩૮૪

ક્રમાંક	વાર્તાનું નામ	પૃષ્ઠાંક
૬૫	ગુન્હેગાર કોણ?	૩૯૪
૬૬	સિંહણની છાતી	૪૦૯
૬૭	ધર્મની અંતિમ પરીક્ષા	૪૧૧
૬૮	એક શ્રેષ્ઠ કર્મયોગીની કથા	૪૧૬
૬૯	સાચા માળીની પરખ...	૪૨૨
૭૦	મહત્તાનાં માપ	૪૨૪
૭૧	રે હિન્દુ સંસાર! ચેત! ચેત!!	૪૨૮
૭૨	કુલીનતાનો કાળો નાગ	૪૩૦
૭૩	દીનબંધુ	૪૩૭
૭૪	ક્ષુધાર્તો જાગ્યા ત્યારે	૪૪૪
૭૫	ગરીબની સૃષ્ટિ	૪૪૯
૭૬	જન્માષ્ટમીનો જુગાર...	૪૫૫
૭૭	ભૂતકાળની એક વાત	૪૬૦
૭૮	કાળી મા ને ગધાભાઇ	૪૬૫
૭૯	આંખ ઉઘડી	૪૬૮
૮૦	ભારત માતાનો પોકાર	૪૭૨

सामाजिक टुंकी वार्ताओ

ग्रंथ त्रीजो

१—राजकुमार चंद्रनो स्वार्थत्याग

(લેખકઃ—શ્રી. રતિપતિરામ ઉદ્યમરામ પંડયા, બી. એ.)

મેવાડ એટલે રાજસ્થાનનો રળીઆમણો પ્રદેશ, અને ચિતોડ એટલે મેવાડની રાજધાનીનો દુર્ધર્ષ દુર્ગ. રજપૂત રમણીઓનાં પડખાં સેવેલા વીરકેસરીઓ આ પ્રદેશમાં જન્મ્યા હતા, અને લોહીની છોળો ઉરાડી હોળી રમ્યા હતા.

રજપૂતોનો સ્ત્રીવિષયક શિષ્ટાચાર કાંઇક અસાધારણ હતો. સ્ત્રીની પવિત્રતા ખાતર તેમણે રાજ્યો તજ્યાં, બાળકો તથા પ્રાણપ્યારી સુંદરીઓનો સંહાર કર્યો, ને છેવટે પોતાની પણ આહુતિ આપી. આવા ઉચ્ચ ભાવનાશાળી રજપૂતોની રમણીઓ પણ ઉચ્ચાભિલાષીજ હતી. આબરૂની રક્ષા કરવાનો પ્રસંગ આવતાં તેમણે દેહના મોહમાં નહિ ફસાતાં, ભોગ અને લાલસાઓનો ત્યાગ કરવામાં પાછું વાળી જોયું નથી. પ્રાણાર્પણ એ તેમનો ઉલ્લાસ હતો; કીર્તિ વધારવી, એ એમનો લોભ હતો અને આબરૂ સાચવવી, એ તેમના જીવનનો મંત્ર હતો.

આવાં પ્રતાપી રજપૂત યુગલોના ચિતોડ નગરમાં મહારાણા લાક્ષ કરીને એક રજપૂત રાજા ઇ. સ. ૧૩૮૩માં રાજ્યાસને વિરાજ્યા. પદ્મિનીના રૂપમાં અંધ બનેલા મુસલમાન રાજા અલ્લાઉદ્દીનના કોપાગ્નિથી ચિતોડ શ્મશાનવત્ ઉજ્જડ થઇ ગયું હતું. તે ચિતોડની પ્રાચીન જાહોજલાલી મહારાણા લાક્ષના સમયમાં પુનઃ પ્રાપ્ત થઇ.

રાણા લાક્ષ અનેક સંતાનોના પિતા હતા. તેમનો મોટો પુત્ર ચંદ્ર હતો. રાજસ્થાનમાં બાપ કરતાં દીકરો સવાયો થવાનાં ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે. કુમાર ચંદ્ર પણ રાણા લાક્ષના કરતાં સવાયો

હતો. તેની મનોહર કાંતિ, તેનો સુદૃઢ બાંધો, ને તેની મીઠી વાણીથી તેના નામની યથાર્થતા સિદ્ધ થતી હતી.

મહારાણા લાક્ષ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂક્યા છે. તેમનું ધ્યાન તથા ચિંતા હવે ચંદ્રને રાજ્યાભિષેક કરવામાંજ છે. ક્યારે ચંદ્ર રાજ્યાસને બેસે, ને હું નિવૃત્ત થાઉં, એવો ભાવ રાણા લાક્ષને થયો. પાટવી કુમાર રામનો રાજ્યાભિષેક કરવા પહેલાં તો મહારાજા દશરથે પ્રાણ ત્યજ્યા હતા તે ઇતિહાસની ઘટના મેવાડના રાજ્યમાં પુનરપિ જુદાજ સ્વરૂપે દર્શન દેશે તેની મહારાણા લાક્ષને ખબર નહોતી. વિધિની અટપટી કળાના બિનઅનુભવી રાણા લાક્ષ બધો સંસાર સરળ સમજતા હતા.

એક દિવસ દરબાર ભરાયો છે. મોટા મોટા સામંતો પોતપોતાને સ્થાને આવીને બેઠા છે. રાજ્યનાં મહત્ત્વનાં કામોનો મહારાણા લાક્ષ વિચાર કરે છે, એટલામાં દ્વારપાળે આવી ખબર આપ્યા કે "મહારાજ! મારવાડના રાજા રણમલ્લનો દૂત આપને મળવા માગે છે."

રાણાએ દૂતનો સત્કાર કર્યો, ને કામકાજ પૂરૂં થતાં સભા બરખાસ્ત કરી. સભાજનો વીખરાઇ ગયા પછી રાણાએ રણમલ્લના કુશળ સમાચાર પૂછ્યા, એટલે દૂત બોલ્યો:—"મહારાજ! રાજાજીએ આ શ્રીફળ મોકલ્યું છે ને પોતાની પુત્રીનો અત્રે વિવાહ કરવા ઇચ્છે છે."

રાણો જરા મશ્કરો હતો. તે તુરત બોલી ઉઠયો: 'અરે ભાઇ! આ ધોળી દાઢી થઇ હવે વિવાહ કેવા?'

"હાં...હાં...મહારાજ!" દૂત વચમાંજ બોલી ઉઠયો.

"શું ત્યારે આ શ્રીફળ અમારે માટે નથી?" રાણાએ પૂછ્યું.

દૂતે ખુલાસો કર્યો: "મહારાજ! આ શ્રીફળ મારવાડેશ્વરે આપના જેષ્ઠ કુમાર ચંદ્રને માટે મોકલાવેલું છે."

સભા બરખાસ્ત થઇ ત્યારે ચંદ્ર પણ પિતાની પાછળ પાછળ આવીને ત્યાં આગળ ઉભો રહ્યો હતો. તેણે પિતા તથા દૂતની વચ્ચે થતી વાત સાંભળી હતી. જે કન્યાને પિતાએ પોતાને વાસ્તે માગી લીધી તે કન્યાને માતા તરીકેજ ગણવી જોઇએ, એવો વિચાર ચંદ્રને આવ્યો. જ્યારે પિતાએ શ્રીફળ સ્વીકારવા વિષે ચંદ્રને કહ્યું, ત્યારે કુમાર બોલ્યો: "પિતાજી! હું આ કન્યાનો સ્વીકાર કદી પણ કરીશ નહિ. રણમલ્લદુહિતાનું પાણિગ્રહણ આપજ કરો, ને એમને મારાં અપરમાતા તરીકે સ્થાપો."

"કુમાર, કુમાર! તું આ શું બોલે છે? રણમલ્લે તારે માટેજ આ શ્રીફળ મોકલાવેલ છે. જો તું એનો સ્વીકાર નહિ કરૂં તો

15510

રણમલ્લ જેવો રાજા અપમાન માની વૈર ઉભું કરશે. માટે તું આ શ્રીફળનો સ્વીકાર કર.” રાણાએ કુમારને સમજાવતાં કહ્યું.

“નાહ નહિ પિતાજી !” કુમાર બોલી ઉઠયો: “મારાથી આ શ્રીફળનો સ્વીકાર નજ થાય. આપે મનથી આ કન્યાની સાથે પરણવાનો વિચાર કર્યો ને તે વિચાર આપે વાણીદ્વારા વ્યક્ત કર્યો. હવે મારાથી આ કન્યાનો સ્વીકાર કદાપિ થઇ શકે નહિ. આપ એ કન્યાને વરો, ને રણમલ્લને શ્વસુર તરીકે સ્વીકારો.”

“ચંદ્ર ! તું મને વૃદ્ધાવસ્થામાં પરણવાનું કહે છે, તે યોગ્ય છે ? ભાઇ ! પરણવા લાયક તો તું છે; માટે રણમલ્લને અપમાન ન લાગે, મારવાડ ને મેવાડ વચ્ચે સંધિ ચાલુ રહે, અને બે ઉત્તમ રજપૂત કુળ સંબંધમાં આવે એટલા માટે તું આ કન્યાનો સ્વીકાર કર. ”

“પિતાજી ! ઝાઝું શુ કહું ? આ કન્યા તો મારી માતાને સ્થાને છે” આમ કહી કુમાર ભૂમિ તરફ જોઇ જ રહ્યો !!

મહારાણાને કુમારનું વર્તન જરા પણ ગમ્યું નહિ. રણમલ્લનું અપમાન થાય ને બન્ને દેશ વચ્ચે વિગ્રહ ઉભો થાય, એ બીકથી તેમને ચિંતા થવા લાગી. વૃદ્ધાવસ્થામાં સર્વ સાંસારિક કાર્યોથી નિવૃત્ત થવાની પોતાની તીવ્ર ઇચ્છામાં પોતાનો પુત્ર જ અંતરાયરૂપ થવાથી તેમને ઘણો ક્રોધ ચઢયો. ગમે તે થાય, પણ શ્રીફળ તો પાછું ઠેલાયજ નહિ, તેથી તે ચંદ્રને કહેવા લાગ્યા:–“કુમાર! હઠ જવા દે, કહ્યું માની જા, તેં હજુ સુધી મારૂં કહેવું માન્યું છે તો મારી આ વિનંતિ પણ સ્વીકાર નહિ માને તો તારે પસ્તાવું પડશે.”

“મહારાજ !” મસ્તક નમાવીને કુમાર બોલ્યો “મને કશાનો લોભ કે મોહ નથી. આપની આ વિનંતિ હું કદી પણ સ્વીકારી શકીશ નહિ. આપ શિક્ષા ફરમાવશો તે હું ખુશીથી સહન કરીશ. રજપૂતકુમાર નીતિની મર્યાદાને કદી પણ ઉલ્લંઘશે નહિ. મારા પૂર્વજોએ નીતિના સંરક્ષણ માટે પોતાના પ્રાણ અર્પણ કર્યા છે, તો હું પણ આપની શિક્ષા ખમી ને મારી નીતિનું રક્ષણ કરીશ.” આમ કહીને નીચા મુખે ચંદ્ર પિતાની સમક્ષ ઉભો રહ્યો અને પિતા શી શિક્ષા કરે છે, તે જાણવાને આતુર થયો.

હઠીલા કુમારને હવે રાણાએ શિક્ષા કરવાનું યોગ્ય ધારી. કુમારને કહ્યું:–“ઉદ્ધત ! હવે તું તારા અવિનયનાં ફળ ચાખી લે. હું જ હવે એ કન્યાનું પાણિગ્રહણ કરીશ. કારણ કે રણમલ્લનું અપમાન થાય તે મને પસંદ નથી. જો એના ગર્ભથી પુત્ર થશે, તો રાજ્યાસન પરથી તારો અધિકાર નષ્ટ થશે. માટે પ્રતિજ્ઞા કર કે,

એ કન્યાના પુત્રને તું રાજ્યાસને સ્થાપશે, ને તારો હક્ક ઉઠાવી લેશે.”

આવાં કઠોર વચનો સાંભળ્યા છતાં ચંદ્રના મનમાં લેશ પણ વ્યથા થઇ નહિ. નીતિના સંરક્ષણમાં પિતાએ કરેલી આ શિક્ષા તો તેને કશી વિસાતમાં લાગી નહિ. તેણે તો પ્રાણનો પણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો. તુચ્છ રાજ્ય જવાથી નીતિનું રક્ષણ થતું હોય, તો તેનો તેને હિસાબ નહોતો. તેણે પ્રફુલ્લ વદને રાણાને કહ્યું–“પિતાજી ! હું વાયુ, સૂર્યદેવતા તથા મારા અંતરાત્માની સાક્ષીએ પ્રતિજ્ઞા કરૂં છું કે, રણમલ્લદુહિતાના પુત્રને હું રાજા તરીકે સ્વીકારીશ, અને જ્યાં સુધી એ અને એના વંશજો હશે ત્યાં સુધી હું મારો હક્ક આ રાજ્યગાદી ઉપરથી ઉઠાવું છું.” આમ કહી કુમાર ચંદ્રે મહારાણાને પગે પડી પ્રણામ કર્યાં. મહાનુભાવ પુત્રની આવી ઉદારતા જોઇ મહારાણા લાક્ષની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે પુત્રને ઉઠાડી છાતી સરસો ચાંપ્યો. અંતે રાણા લાક્ષે રણમલ્લની પુત્રી સાથે લગ્ન કર્યાં.

કાળની ગતિ વિચિત્ર છે. વિધાતાએ કુમાર ચંદ્રને માટે રાજ્ય નિર્માણ કર્યું જ નહોતું. તેર વર્ષની કન્યા સાથે બાવન વર્ષના રાણાએ લગ્ન કરવા છતાં વિધાતાના વિધાનથી કન્યાને ગર્ભ રહ્યો, ને કાળે કરીને પુત્રનોજ જન્મ થયો. મહાનુભાવ ચંદ્રને આ સમાચારથી લેશ પણ વ્યથા થઇ નહિ. ઉલટો તે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાને વધારે ઉત્સુક જણાવા લાગ્યો. રણમલ્લની પુત્રીને જે પુત્ર ઉત્પન્ન થયો, તેનું નામ મુકુલ રાખવામાં આવ્યું.

મુકુલ પાંચ વર્ષનો થયો ત્યારે મુસલમાનોએ હિંદુઓના પુણ્યક્ષેત્ર ગયાજી ઉપર આક્રમણ કર્યાના સમાચાર રાણા લાક્ષને મળ્યા. મુસલમાનોના આક્રમણથી ગયાજીનું રક્ષણ કરવા હિંદુ રાજાઓ કટિબદ્ધ થયા. રાણા લાક્ષ પણ સૈન્ય સાથે સજ્જ થયા, પરંતુ વૃદ્ધાવસ્થા અને મુસલમાનો જેવા ભયંકર શત્રુ સાથે વિગ્રહ, એ વિચારને લીધે તેમને ચિંતા થવા લાગી. તેમણે કુમાર ચંદ્રને બોલાવ્યો ને કહ્યું:—“ભાઇ ! હું આ યુદ્ધમાંથી પાછો આવીશ કે કેમ તે વિષે મને શંકા રહે છે. જો કદાચ દૈવ પ્રતિકૂળ હોય, ને હું પાછો નજ આવું, તો મુકુલની આજીવિકાને માટે તું શો પ્રબંધ કરશે ?”

“ચિતોડનું સિંહાસન” તેજસ્વી ચંદ્રે ધીર ગંભીર સ્વરે ઉત્તર આપ્યો. રાણા લાક્ષને કુમારનાં વચનોમાં વિશ્વાસ આવતો નહોતો એમ જ્યારે કુમાર ચંદ્રે જોયું, ત્યારે તેણે બધા સામંતોને ત્વરાથી બોલાવીને પોતાનેજ હાથે મુકુલનો રાજ્યાભિષેક કર્યો, ને

“મહારાણા મુકુલનો જય” બોલાવ્યો. પછી રાજ્યાસને વિરાજેલા મુકુલની આગળ પ્રથમ ચંદ્રેજ રાજસન્માન તથા આદર પ્રદર્શિત કર્યો, અને રાજાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરી. હવે રાણા લાક્ષના મનમાં ચંદ્રનાં વચનોમાં શ્રદ્ધા બેઠી. તેમણે કુમારને મંત્રીઓમાં સર્વોચ્ચ પદ અર્પણ કર્યું અને હવે પછી જે કોઇ સામંતને ભૂમિવૃત્તિ પ્રદાન કરવામાં આવે તેના દાનપત્ર પર રાણાના હસ્તાક્ષરની ઉપર ચંદ્રના ખડ્ગનું ચિન્હ કરવામાં આવે, એવો પ્રબંધ વિધિપૂર્વક કરવામાં આવ્યો. ચિતોડના રાણાએ એ પછી જે જે ભૂમિવૃત્તિ આપી છે, તે સૌનાં દાનપત્ર પર સાલુમ્બ્રાપતિના ખડ્ગનું ચિહ્ન હજી પણ દેખાય છે.

× × × ×

કુમાર ચંદ્રના સ્વાર્થત્યાગની વાતો ચિતોડમાં–અરે આખા મેવાડ અને રાજસ્થાનમાં–ઠેર ઠેર થવા લાગી. સૌ કોઇ આ સ્વાર્થત્યાગી વીર તરફ માન ને મમતાની દૃષ્ટિથી જોવા લાગ્યા. રાણા મુકુલના તથા સમગ્ર મેવાડના કલ્યાણ માટે ચંદ્ર ઘણો પ્રયત્ન કરવા લાગ્યો. મુકુલની માતા યુવાવસ્થામાં હતાં. મુકુલ હજી બાળક હતો. તેવા સમયમાં કુમાર ચંદ્રે વીરતા, દક્ષતા અને સહનશીલતાથી મેવાડનું રાજ્ય ચલાવ્યું હતું. મુકુલની યુવાન માતા એક વાર ચંદ્રના પ્રભાવ અને ખીલતી યુવાવસ્થાથી મોહાંધ થઇ હતી. પોતે જેની પત્ની થવા સરજાઇ હતી તેના તરફ હવે પ્રેમ રાખવો ઉચિત નથી, એમ તેને વિચાર આવ્યો; પણ એ સામે હૃદયે બળવો ઉઠાવ્યો. ચંદ્ર વધારે તીવ્ર કસોટીમાંથી પસાર થાય એવી વિધિની ઘટના હતી.

એક દિવસ સાયંકળ થઇ ગયો હતો. વસંત ઋતુનો આહ્લાદજનક પવન મંદ મંદ વાતો હતો. કોકિલના ટહુકા હૃદયને હચમચાવી નાખતા હતા. ચંદ્ર પ્રાસાદની અગાશી ઉપર ઉંડા વિચારમાં પડી આંટા મારી રહ્યો હતો. તે સમયે એક દાસીએ આવી કુમારને પ્રણામ કર્યા અને કહેવા લાગીઃ “કુમાર! રાજમાતા આપને મળવા ઇચ્છે છે.”

રાજમાતાનું નામ સાંભળતાંજ કુમાર ચંદ્ર વિચારમાંથી ચમક્યો. તેણે માતાને આવવાની રજા આપી. થોડીજ વારમાં શ્વેત વસ્ત્રમાં તપેલા સુવર્ણ જેવા દેહવાળાં રાજમાતા કુમાર પાસે આવ્યાં, તેમનું દિલ અત્યારે તેમના હાથમાં નહોતું. તેમનો કંઠ અત્યારે રૂંધાઇ જતો હતો. મસ્તક ભમી જતું હતું, તાવ આવ્યો હોય તેમ તેમનું આખું શરીર તપી ઉઠયું હતું. તેમના શરીરનો કંપ સ્પષ્ટ જણાતો

હતો. માતાની આવી બાહ્યસ્થિતિ તો કુમાર તુરત કળી ગયા, પણ તેમને રાજમાતાનું હૃદય હજુ સમજાયું નહોતું. સદા સરળ દિલના ચંદ્રને ક્યાં ખબર હતી કે દુનિયા જેટલી બહાર દેખાય છે, તેથીયે વધારે અંદર હોય છે.

"પધારો માતાજી!" મધુર કંઠે માતાને આવકાર આપતાં ચંદ્ર બોલ્યો.

"કુમાર! હું એક કામ માટે આવી છું." રાણી વધારે બોલી શકી નહિ.

"બોલો, બોલો, શી આજ્ઞા છે? તમારી આજ્ઞા થતાંજ ચંદ્ર પોતાનું મસ્તક અર્પણ કરવા તૈયાર છે. પણ માતાજી! આજ તમે આમ અસ્વસ્થ કેમ જણાઓ છો? રાજવૈદ્યને બોલાવો ને?"

"કુમાર! રાજવૈદ્યનું શું કામ છે? મારા શરીરમાં અસ્વસ્થતા છે પણ તેને દૂર કરવાને રાજવૈદ્યો નકામા છે. અને ખરા વૈદ્ય તો તમેજ છો."

"હું કેવી રીતે?" કશું ન સમજાયાથી કુમાર ચંદ્ર બોલી ઉઠયો.

"કુમાર! મને શંકા રહે છે કે તમે હવે મારૂં કહ્યું કરશો કે નહિ? પ્રતિજ્ઞા કરો તો કહું. વાત ખાનગી રહે ને કાર્ય પાર પાડો એવી પ્રતિજ્ઞા કરો તોજ મારાથી મનનો અભિપ્રાય કહેવાય." રાજમાતા અંતે ધીમેથી બોલી.

કુમાર ચંદ્ર હજુએ કશું સમજ્યો નહોતો. તેણે ધાર્યું કે રાજમાતા કોઈ રાજ્ય જીતાવવા માગે છે, અથવા રાજ્યમાં કાંઇ સુધારા-વધારા કરાવવા ઇચ્છે છે, અથવા મુકુલને માટે કશી માગણી કરે છે. આ સિવાય બીજો એકે અઘટિત વિચાર ચંદ્રને આવ્યો નહિ. જેમ તેના વિચાર સાદા ને સીધા હતા, તેમ તેણે પ્રતિજ્ઞા પણ સાદી ને સીધી રીતે આપી દીધી. કૈકેયીના વચનપાશમાં બંધાએલા દશરથની પેઠે કુમાર ચંદ્ર રાજમાતાના વચનમાં ફસાયો.

હવે રાજમાતા આવેશમાં ઉન્મત્ત થઇ કહેવા લાગી: "કુમાર! વહાલા કુમાર! પ્રિય ચંદ્ર! તમે જાણો છો કે પ્રથમ હું તમારે માટેજ સરજાઈ હતી. મારૂં શ્રીફળ તમારેજ માટે હતું પરંતુ વિધિએ બીજુંજ નિર્માણ કર્યું. તમારી સાથે રહીને હું કેવાં કેવાં સુખ ભોગવી શકત, તેની કલ્પના થતાંજ મારૂં હૈયું કંપી ઉઠે છે. કુમાર! મારી આ સ્થિતિ સુધારવી હવે તમારા હાથમાં છે. મારૂં યૌવન, મને અકાળે આવેલું વૈધવ્ય અને તમારી પ્રતિજ્ઞા, એનો વિચાર કરીને હવે તમને યોગ્ય લાગે તે પ્રમાણે કરો."

રાજમાતાએ જેમ તેમ કરીને કહેવાનું કહી નાખ્યું. તેમના મુખ ઉપર શરમના શેરડા તો પડ્યા, પરંતુ કામાવેશની પ્રબળતા આગળ તેમનું દિલ વશ રહ્યું નહોતું.

રાજમાતાનાં વચનો કુમારને સ્વપ્ન સમાન લાગવા માંડ્યાં. તેને એક વાર તો એમ પણ લાગ્યું, કે રાજમાતા ગાંડાં થયાં છે. પરંતુ જેમ જેમ તેણે તેમનાં વાક્યોનો વિચાર કરવા માંડ્યો તેમ તેમ તેને લાગ્યું કે, રાજમાતાનું દિલ બદલાયું છે. આ સત્ય સમજાતાંજ ચંદ્રને શરીરે કંપ થયો. ચિતોડના પવિત્ર રાજ્યાસનનાં રાજમાતાના દિલમાં આવો અપવિત્ર વિકાર ક્યાંથી, એ વિચાર આવતાંજ ચંદ્રના દિલમાં કોપ વ્યાપ્યો. પરંતુ રાજમાતાની સ્થિતિનો વિચાર કરીને તેણે પોતાના કોપને શાન્ત પાડ્યો. ચંદ્ર ધીમેથી છતાં દઢતાથી માતાને કહેવા લાગ્યો કે "માતા! માતા! હું તમારી સ્થિતિ સમજું છું; પરંતુ તમે પણ મારી સ્થિતિ સમજો એમ હું ઇચ્છું છું. મારી પ્રતિજ્ઞાનો દુરૂપયોગ ન કરશો. ઈશ્વર આપણને જે સ્થિતિમાં મૂકે તે સ્થિતિમાં સંતોષ માની પવિત્ર જીવન ગાળવું, એ આપણી ફરજ છે. માતા! ચિતોડનું સિંહાસન પવિત્ર છે; એને કલંકિત કરવાની બુદ્ધિ જવા દ્યો. માણસમાત્ર ભૂલને પાત્ર હોવાથી તમારી આ ભૂલ હું વિસરી જઇશ. માતા! તમે પણ આ પ્રસંગને ભૂલી જાઓ અને વિધિની ઘટનાને નભાવી લ્યો.

"ચંદ્ર! તમારાં બોધવચનો અગ્નિમાં ઘીની આહુતિ સમાન છે. તમને મારી સ્થિતિનો ખ્યાલ ક્યાંથી આવે? હું એકનિશ્ચયી છું, મેં પૂરો વિચાર કરી લીધો છે. તમારે મારી સાથે સંબંધમાં જોડાવુંજ પડશે." રાજમાતાએ સખત આજ્ઞાના રૂપમાં કુમારને કહ્યું.

હવે કુમાર ચંદ્રનો દબાવેલો ક્રોધ ઉકળી આવ્યો; છતાં સંયમપૂર્વક તે બોલ્યો: "માતા! જેણે માત્ર પિતાની વાણી ખાતર તમારો સ્વીકાર નથી કર્યો, તે ચંદ્ર હવે તમને–મારા પિતાનાં પત્નીને–તો કેવળ માતાનાજ ભાવથી જોશે. મારી પાસેથી બીજી કશી આશા રાખશો નહિ. હું તમારો આજ્ઞાંકિત પુત્રજ થઇને રહ્યો છું અને રહીશ. તમારૂં વૈધવ્ય એ તમારા પૂર્વના કોઈ પાપના પ્રાયશ્ચિત્તરૂપ છે, માટે એ વિષે મનમાં ઘૃણા રાખશો નહિ. વૈધવ્યધર્મ બરોબર પાળી જીવન પવિત્ર બનાવી તમારો આવતો ભવ સુધારો. હું મારી આજની પ્રતિજ્ઞાનું પાલન કરવા સમર્થ નથી. આ ચંદ્ર અનીતિનો માર્ગ કદી પણ નહિ સ્વીકારે."

कामात् क्रोधोऽभिजायते–રાણીનો કામ ન સંતોષાયો, એટલે

તે ક્રોધવશ થઇ કુમારને કહેવા લાગી: "ચંદ્ર! તમે એક વાર મારૂં કહેવું કરો; નહિ તો તમારે ભયંકર પરિણામ ભોગવવું પડશે. અને પછી પસ્તાશો. માટે તમે મારૂં કહેવું સ્વીકારો. આપણે બન્ને મેવાડનાં રાજ્યકર્તા થઇશું; માટે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે તો તેનો તિરસ્કાર ન કરો."

ચંદ્ર તુરતજ બોલી ઉઠયો: "બસ કરો માતા! હું દુઃખથી ડરી જવાનો નથી. નીતિનું પાલન કરતાં જીવ પણ જતો કરવા તૈયાર છું. અને અનીતિથી રાજસુખ મળે તોપણ તે મારે નરકસમાન છે. જો રાજસુખની લાલસા હોત, તો મેં રાણા મુકુલને રાજગાદી આપીજ ન હોત. માતા! હજુ કહું છું કે, તમારી હઠ જવા દ્યો. ખોટા મમતથી તમને ઘણું નુકસાન થશે તેનો વિચાર કરજો. મને સુખદુઃખની પરવા નથી."

સાણસામાં સપડાયેલો સાપ ફુંફાડો મારી છટકી જાય, તેમ રાજમાતા ક્રોધ કરી કુમાર પાસેથી જતાં રહ્યાં. રાજમાતા ગયાં એટલે જાણે વીજળી પડી હોય તેમ કુમારને દુઃખ થવા લાગ્યું; ચારે પાસ અંધકાર જણાયો અને નરમ થઇ જઇ આસન ઉપર ઢળી પડયો!

પાપમાં પ્રવૃત્ત થયેલો મનુષ્ય પાપની નીસરણીનું એક એક પગથિયું જાણે અજાણે ચઢતોજ જાય છે. એક પાપમાંથી બીજા પાપમાં તે ઘસડાયેજ જાય છે. મુકુલની માતાને પણ તેમજ થયું. પ્રથમ તેના પાપી મનમાં ચંદ્રને વશ કરવાનો વિચાર સૂઝયો. ચંદ્ર વશ ન થયો ત્યારે હવે ચંદ્રનો કંટક દૂર કરવાના અનેક પ્રપંચ રચવાનો વિચાર કર્યો. પિતાના વચન ખાતર જેણે રાજગાદીનો અને સુકુમાર લલનાનો ત્યાગ કર્યો હતો, જે ચંદ્રની ખ્યાતિ મેવાડમાં ઘેર ઘેર ગવાતી હતી, જે ચંદ્રને **'મેવાડનો ભીષ્મ'** કહીને પણ ઘણા સંબોધતા હતા; એવા ચંદ્રના કીર્તિસૂર્યના તેજથી રાજમાતાની આંખમાં ઝાંઝવાનાં નીર ઉભરાયાં. તેણે ચંદ્રના કીર્તિસૂર્યને ઢાંકી દેવાને ધૂળના ગોટેગોટ ઉરાડયા, પરંતુ 'કપટ તેનું ચપટ' એ ન્યાયે તે ધૂળ આખરે રાજમાતાનીજ આંખમાં પડી!

રાણા લાક્ષ યુદ્ધમાં ગયા પછી તેમના કશા સમાચાર મળ્યા નહિ. તેથી મેવાડ તાબાનાં કેટલાંક રાજ્યો બાળકરાજા મુકુલની સર્વોપરિ સત્તા સ્વીકારતાં નહોતાં. રાજકુમાર ચંદ્રે મહાન સેના લઇ સર્વ ખંડીઆ રાજાઓની પાસે મેવાડનું સર્વોપરિપણું સ્વીકારાવ્યું, એટલુંજ નહિ પણ ગુજરાત અને દક્ષિણના પ્રદેશો ઉપર ચઢાઇ કરીને કેટલોક ભાગ મેવાડના રાજ્યમાં જોડી દીધો. આમ કુમાર ચંદ્ર

રાણા મુકુલના રાજ્યનો વિસ્તાર વધારવાનો નિઃસ્વાર્થપણે પ્રયત્ન કરી રહ્યો હતો. આવા નિઃસ્વાર્થી અને રાજભક્ત ચંદ્રની કીર્તિને કલંક લગાડવું, એ કાંઇ સહેલું કામ નહોતું.

ધીમે ધીમે રાજમાતાએ પોતાની દાસીઓ દ્વારા એવા સમાચાર ફેલાવ્યા કે, કુમાર ચંદ્ર રાજ્યલોભી અને સત્તાલોભી થતો જાય છે. પિતા પાસે કરેલી પ્રતિજ્ઞાથી હવે તે પસ્તાય છે, ને પાછું મેવાડનું રાજ્ય હાથ કરવા ઇચ્છે છે. નીચ વૃત્તિની રાજમાતા પોતાની સાથે ચંદ્ર સંબંધ કરવા ઇચ્છે છે, એવી જૂઠી વાત પણ ફેલાવતાં શરમાઇ નહિ. પ્રથમ તો લોકો રાજમાતાની આવી વાતોને હસવા લાગ્યા; પરંતુ સમય જતો ગયો તેમ તેમ કુમાર ચંદ્રનાં કામોમાં લોકો શંકા રાખવા લાગ્યા. કેટલાક લુચ્ચા, દંભી ને શઠ લોકોને રાજમાતાએ ધનથી લોભાવીને તેઓ દ્વારા ચંદ્રના દુષ્ટ ભાવની વાતો ફેલાવવા માંડી. આ સર્વ વાતો ધીમે ધીમે ચંદ્રના કાન ઉપર આવવા માંડી. પોતાના નાના બંધુના કલ્યાણ માટેજ અત્યાર સુધી તેણે પ્રયાસો કર્યા હતા, પણ તેનું ફળ કેવળ આવું વિષમયજ આવેલું જોઇ હવે તેને રાજભકિતમાં શ્રદ્ધા રહી નહિ.

યુદ્ધમાં તરવારના ઘાથી જે દુઃખ ચંદ્રને નહોતું થયું, તેથી સોગણું દુઃખ રાજમાતાની કૃતઘ્નતાથી તેને થયું. હવે તેણે ચિતોડનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. તે એકદમ રાજમાતા પાસે આવ્યો ને બોલ્યોઃ–" માતા ! મને વગોવવાના તમારા પ્રયાસો મારી જાણમાં આવ્યા છે. મને રાજ્યની અભિલાષા હોત, તો તમે અત્યારે રાજમાતાજ થઇ શકયાં હોત નહિ. હશે, તમારા આવા વર્તનથી મને તો કશી હાનિ થવાની નથી. પરંતુ મારે હવે ચિતોડ છોડવું પડે છે, તેનું મને દુઃખ થાય છે. હવે રાજ્યનો પ્રબંધ તમારા હાથમાં લેજો, રાણા મુકુલનું રક્ષણ કરજો અને ચિતોડને શોભે તેવો રાજ્યકારભાર કરતાં શીખવજો." આમ કહીને તરતજ કુમાર ચંદ્ર તેજદાર અશ્વ ઉપર બેસી ચિતોડની સરહદ ઓળંગી મારવાડ તરફ ચાલ્યો ગયો !!

કામ, દયા, દ્વેષ ને ક્રોધ આવી મિશ્ર લાગણીથી રાજમાતા તો ચંદ્રને જતો જોઇજ રહી ! ચંદ્રને સમજાવવાને છેવટના બે શબ્દ બોલવાનો પણ તેને વખત મળ્યો નહિ. થોડી વાર તો રાજમાતા ગુંચવાઇ અને આખું મેવાડ તેના ઉપર ધસી પડતું હોય તેમ લાગ્યું, પરંતુ તેના સત્તાપ્રિય હૃદયમાંથી થોડીજ વારમાં 'હાશ'નો સૂર નીકળવા લાગ્યો !

ચંદ્ર ગયો, એટલે રાજમાતાએ પોતાના પિયરિયાને મારવાડમાંથી મેવાડમાં તેડાવ્યા. તેમને ઉંચી પદવીઓ આપી. મુકુલના મામા

જોધાએ જોધપુર વસાવ્યું. મારવાડમાં જુવારના રોટલા ખાઇને કંટાળેલાં મુકુલનાં મોસાળીઆં આવી તક મળતાં મેવાડના રળિયામણા પ્રદેશનાં ધાન્ય ખાવા લલચાયાં, અને મુકુલની માતાના નિમંત્રણથી રણમલ્લ પોતાનાં અગણિત સ્વજનો તથા સેવકો લઇને મેવાડમાં આવીને રહેવા લાગ્યો.

ક્રૂર અને કપટી માણસો નામનો ભાવ કોઇથી કળી શકાતો નથી. કૃતજ્ઞતા કરતાં કૃતઘ્નતાનાં પ્રદર્શન આ સંસારમાં વિશેષ જોવામાં આવે છે. જે રાજમાતાને લીધે મારવાડવાસીઓ મેવાડમાં વસવા શક્તિમાન થયા હતા તેઓએજ હવે રાજમાતા તથા મુકુલ સામે પ્રપંચો રચવા માંડયા. મેવાડના ફળદ્રૂપ પ્રદેશમાં પોતાની સત્તા સ્થાપવાને રણમલ્લ યત્ન કરવા લાગ્યો, રણમલ્લે મુકુલને કેવળ નામનોજ રાણો બનાવી દીધો. આથી હવે મેવાડના સરદારો બાપ્પા રાવળના વંશ વિષે ચિંતા કરવા લાગ્યા.

સીસોદીઆ કુળનો સદાને માટે નાશ ન થઇ જાય, તે માટે એક ધાત્રીએ રાજમાતાને યોગ્ય પરિસ્થિતિ સમજાવી. ચતુર રાજમાતા મુકુલની સ્થિતિ તથા આખા મેવાડ રાજ્યની સ્થિતિ તુરત સમજી ગયાં. હવે રણમલ્લને છંછેડાય તેમ નહોતું. કેમકે રણમલ્લે પોતાની સત્તા પૂરેપુરી વધારી દીધી હતી. હવે રાજમાતા મુંઝાવા લાગ્યાં અને શું કરવું તેની સૂઝ પડી નહિ.

મેવાડથી નીકળીને ચંદ્રે અરવલ્લીના ડુંગરી પ્રદેશમાં પોતાનું નિવાસસ્થાન રાખ્યું હતું. તેના અનુચરો મેવાડના પ્રતિદિનના સમાચાર લાવતા હતા. આથી જયારે તેણે ચિત્તોડમાં રાજવંશનો લય થવાની વાત સાંભળી ત્યારે તેને ઘણું દુઃખ થયું. એક દિવસ ચંદ્ર પોતાના વિશ્વાસુ અનુચરો સાથે બેસીને સુખદુઃખની વાતો કરી રહ્યો હતો, તે વખતે રાજમાતાનો વિશ્વાસુ સેવક તેની પાસે આવ્યો અને મારવાડવાસીઓની સત્તા વધી પડી હતી, રણમલ્લ રાજ્ય કરતો હતો, એ બધા સમાચાર તેણે કુમારને કહ્યા. તથા રાજમાતાએ પોતાની ભૂલને માટે ક્ષમા માગીને તેની સહાય માગી હતી, એ વાત પણ તેને કહી. રાજમાતાના પશ્ચાત્તાપની વાત સાંભળી ચંદ્રને ઘણો હર્ષ થયો. એના મનમાં ચિતોડ પ્રતિનો પ્રેમ ઉભરાયો. અને પોતાના વહાલા નાના ભાઇ મુકુલને સંભારી મેવાડની વહારે ધાવા તૈયાર થયો. તેણે દૂત મારફતે રાજમાતાને કહાવી મોકલ્યું કે "ચિતોડની આસપાસનાં ગામડાંના લોકોને ઉજાણી કરાવવાને મિષે પુષ્કળ નોકરોને મોકલજો, અને યુક્તિથી તેમની સાથે મુકુલને

લઇને તમે પણ નગરમાંથી નીકળી જજો અને દિવાળીને દિવસે ચિતોડથી ઉત્તરે સાત માઇલ ઉપર આવેલા ગોમુંડા નગરમાં તમે રાણા સાથે આવી પહોંચજો. જો આમાં ભૂલ થશે તો બધી બાજી બગડી જશે.”

દૂતે કુમારનો એ સંદેશો રાજમાતાને કહ્યો. કુમારનો સંદેશો સાંભળી રાજમાતાને ઘણીજ શાંતિ થઈ. મુકુલની માતા સાવધાન થઇ. કુમારની આજ્ઞાનું પાલન કરવામાં તેણે ઘડીનો પણ વિલંબ કર્યો નહિ. દિવાળીના દિવસ આવી પહોંચ્યા. આ વખતે મુકુલની માતા મુકુલને લઇને ગોમુંડા નગરમાં ગઇ. ધીમે ધીમે રાત્રિનો અંધકાર જગતને ઘેરી લેવા લાગ્યો. થોડીજ વારમાં ઘોડાના દાબડાનો અવાજ સંભળાયો. ચાળીસેક સ્વારોને મોખરે કુમાર ચંદ્ર હતો. તેણે મુકુલને નૃપોચિત માન આપ્યું. રાજમાતાને મળીને તે પોતાના માણસોને લઇને ચિતોડના સિંહદ્વાર પર પહોંચ્યો. કોઇ ચંદ્રની ગતિને રોકી શકયું નહિ. ચંદ્રે રાજમહેલમાં જતાંજ સર્વ રાઠોડોને કેદ કરવા માંડયા. ચિતોડમાં જબરો કોલાહલ મચ્યો. પરંતુ ચંદ્રના અનુચરોએ જોતજોતામાં બધા રાઠોડોનો સંહાર કરી નાખ્યો અને આ યુદ્ધમાં રણમલનો પણ નાશ થયો.

આવી રીતે પાછું ચિતોડમાં રાણા મુકુલનું રાજય સ્થપાયું અને કુમાર ચંદ્રનો સ્વાર્થત્યાગ, રાજભક્તિ તથા વીરતાનાં ગુણગાન મેવાડમાં ઘેરઘેર થવાં લાગ્યાં.

ચંદ્રને મેવાડનો ભીષ્મ કહીએ તો શું ખોટું ?

(“ગુજરાતી”ના એક અંકમાંથી થોડા સંશોધન સાથે)

૨–અનાથોની ઈદ

(લખનારઃ–શ્રી. 'નયન')

"બેટા! અમીના! આજે ત્રણ દહાડા થયા, તેં કશુંયે ખાધું નથી. અને આમ પથારીવશ હાલતમાં તું પડેલી છે; તારૂં આ સંકટ હવે મારાથી જોઈ શકાતું નથી!" અમીનાની મા ઝોહરાએ દીન વદને કહ્યું.

"અમ્મા! શું કરૂં? દર્દ એટલું બધું જોર જમાવી બેઠું છે, કે મને કશું ભાન રહેતું નથી અને હૃદય બહુ મુંઝાય છે!" ક્ષયરોગમાં પથારીવશ પડેલી હાડપિંજર સમી દેહે રડતી આંખે અમીના બોલી.

"પ્યારી બેટી! આમ તારૂં દર્દ દિવસે દિવસે વિશેષ થતું જાય છે; તબિયત સુધરવાનાં કશાંયે ચિહ્ન દેખાતાં નથી. હવે કરવું શું? તેજ વિચાર મને મુંઝવી રહ્યો છે!"

ઝોહરાએ અશ્રુભીની આંખે નિરાશા પ્રદર્શિત કરી.

પુત્રીની પથારી પાસે નિરાશ ચહેરે બેઠેલી ઝોહરાની ચશ્મોંમાંથી આંસુનો પ્રવાહ વહેતો હતો. તે બિમાર અમીનાના હાડપિંજર જેવા શરીર તરફ મીટ માંડી રહી હતી. ગરીબીનો ગજબ, બિમારીનું બળ, અને નિરાશાની નિશાની સિવાય ત્યાં અન્ય કશુંયે ન હતું. તેનો નાનો પાંચ વર્ષનો પુત્ર મજીદ, તેણીના ખોળામાં રડતો બેઠો હતો. રડતાં રડતાં તે બોલ્યોઃ

"મા! મને ભૂખ લાગી છે! ખાવાનું આપ!"

ઝોહરા કશો પણ પ્રત્યુત્તર આપી શકી નહિ. તેણીએ પોતાની નજર બેટી તરફથી વાળી તે પોતાના નાના બાળક મજીદ તરફ વાત્સલ્યભરી દૃષ્ટિએ જોવા લાગી. તે કશું પણ બોલી ન શકી. ચશ્મોંમાંથી વહેતાં આંસુમાં વિશેષ ભરતી આવીને અવાચક બની સ્થંભી રહી.

"કેમ જવાબ આપતી નથી? શું તું મને ખાવાનું નહીં આપે?" ભૂખ્યા બાળકે પોતાની હઠ પકડીને ફરી તેજ પ્રશ્ન કર્યો.

"આપણે તદ્દન કંગાલ છીએ!" ઝોહરાએ આંસુ લૂછી નિરાશ

વદને જવાબ આપ્યો: "બેટા! ગઇ કાલે રાત્રે આપણી પાસે થોડુંક અનાજ હતું. તે મેં તને આપ્યું હતું ને ત્યારે, વધારે ન હોવાથી, હું ભૂખીજ સૂઇ રહી હતી. બહેન અમીના પણ આજ ત્રણ દિવસ થયા અનાજના એક પણ દાણા વગર પડી છે. પ્યારા બેટા! હવે આજે કશુંયે નથી. જે કંઇ છેલ્લું બાકી હતું તે ગઈ કાલેજ ખલાસ થઇ ગયું! આપણે...ગરીબ...નિરાધાર..."

બાળક આ શબ્દો સાંભળી વિશેષ રડવા લાગ્યો.

એક બાજુ પોતાની બિમાર પુત્રી અમીનાની દયાજનક હાલત, બીજી બાજુ ગરીબી, નિરાધાર દશા અને ત્રીજું દુ:ખ આ નિર્દોષ ભૂખ્યા બાળકની નિર્દોષ હઠ. આવા ગુંચવણભર્યા મામલાએ બિચારી ઝોહરાનું ભાન ભુલાવી દીધું હતું. હૃદય રડતું હતું; કારણ કે તે વિધવા હતી, નિરાશ્રિત અને લાચાર હતી. પોતાની આવી દર્દમંદ કફોડી હાલત ઉપર વિચાર કરતી ઝોહરાને આશ્વાસન આપનાર અત્યારે ત્યાં કોઈ નહોતું. અમીના છેલ્લા ત્રણ માસ થયાં ક્ષયરોગની ભોગ થઇ પડી હતી. તેની ઉંમર દશ વર્ષની હતી. ગરીબીમાં ખાવાના સાંસા અને બેહાલ હાલતના પ્રતાપે તે આટલી નાની ઉંમરે આ જીવલેણ દર્દમાં સપડાઇ હતી. તે પોતાની અવદશા સમજતી હતી.

નિરાશામાં ડૂબેલી દુ:ખી ઝોહરાએ પોતાની ભૂતકાળની સૃષ્ટિમાં કલ્પનાને દોડાવી, અને તે દશા ઉપર વિચારતાં વિચારતાં હૃદયનો ભાર ઓછો કરવા નિ:શ્વાસ ઉપર નિ:શ્વાસ નાખતી તે અમીનાને જોઇને બોલી:-

"બેટી! મને આજની આ કફોડી હાલત ઉપર બહુ ખેદ થાય છે, હૃદય બળે છે, મને જૂની હાલતની યાદ તાજી થાય છે.

"બેટા! તારા વાલીદ જન્નતનશીન થયાને આજે ત્રણ વર્ષ થઇ ગયાં. તેમની હયાતીમાં આપણે આપણું સ્વાશ્રયી અને સુખી જીવન ગાળતાં હતાં; પરંતુ કુદરતી સંજોગોએ તેમના ગયા બાદ, આપણી હાલત કફોડી થઇ ગઈ છે. છેલ્લા ત્રણ માસ થયાં તું બિમાર પડી છે. પણ તારી દવાદારૂ માટે અને કાંઇ ઘરકામ કરીને ગુજરાત માટે પણ કશું કરી શકી નહિ. એક તો વિધવા સ્થિતિ! નિરાધાર દશા! અને તારૂં દર્દ. એ સર્વની ચિંતાથી મારૂં દર્દ પણ વધી ગયું છે. બેટા! આપણે નિરાધાર થયાં. હવે આ દુનિયામાં આપણું કોઇ સગું નથી. તારા વાલીદની હયાતી વખતે તેમની ગાઢ મિત્રતાનો દાવો કરનાર સ્વાર્થી દોસ્તો આજે આપણી તરફ નજર પણ કરતા નથી.

ઝોહરા રડવા લાગી.

"ખુદા! ઓ ખુદા! શું આ જહાનમાં અમારૂં કોઇ નથી? અમે તમારો શો અપરાધ કર્યો છે? શું તેં પણ અમોને વિસારી દીધાં છે? અરે...રે! કુદરત કોપે છે ત્યારે ગરીબી અને આફત એકસાથે જોર જમાવે છે.

"ખુદા! જરા રહેમ કર! મારો ભૂખ્યો બેટો રડે છે! મારે શું કરવું? આજે ઇદનો દિવસ છે! બિમાર પુત્રી ત્રણ દિવસની ભૂખી છે. ત્રણે ભૂખ્યાં તરફડીએ છીએ. અમારો કોઇ આધાર નથી. હવે શું કરૂં? માલીક! રહેમ કર!......"

બહાર રસ્તા ઉપરથી પસાર થતો એક જવાન આ છેલ્લા શબ્દો અને ચીત્કાર સાંભળીને એકદમ સ્થંભી ગયો. આશ્ચર્યચકિત ઉભો રહીને તેણે ઉપલા શબ્દો સાંભળ્યા અને તે તેના હૃદયમાં જડાઇ ગયા.

"અર...ર! શું આ કંગાલ નિરાધારોને મદદ કરનાર કોઇ નથી?" તે યુવકને દયા આવી. તે આ રંકની ઝુંપડી તરફ વળ્યો.

"બહેન! શામાટે રડો છો?" નવજુવાનનું નામ ઇબ્રાહીમ હતું. તેણે પ્રશ્ન કર્યો.

"ભાઇ! તમે કોણ છો? કેમ આવ્યા?" રડતી ઝોહરાએ ગદ્દગદિત કંઠે કુતૂહલતાથી પ્રશ્ન કર્યો.

"બહેન! હું મુસ્લીમ છું; મારૂં નામ ઇબ્રાહીમ છે. ઇસ્લામનો સેવક છું!" ઇબ્રાહીમે પોતાના મનનો ભાવ જણાવ્યો.

"ભાઇ! શું કહું મારૂં દારુણ દુઃખ! મને ન પૂછો! તમેય રડી પડશો, અમારી હાલત કફોડી અને..." બોલતાં તેણી ત્યાંજ અટકી ગઇ! ડૂસ્કાં ભરતી ઝોહરા અવાચક બની ગઈ.

"બહેન! હું આપનું દુઃખ તાજું કરવા નથી માગતો, પણ આપની આગળની અને હાલની હાલતથી વાકેફગાર થવા ઇચ્છું છું!"

"ઇબ્રાહીમે હૃદયનો નિખાલસ ભાવ જણાવ્યો.

ગરીબીમાં દિલાસો આપનાર દયાળુ વ્યક્તિને જોઇને ઝોહરાએ પોતાની આત્મકથા અથથી ઇતિ સુધી કહી સંભળાવી. તે ઘડીભર પોતાની બિમાર બેટી પ્રત્યે નિહાળતી તો ઘડીભર બેટા તરફ જોતી; ક્ષણભર ઇબ્રાહીમ પ્રત્યે દયા યાચતી તાકી રહેતી તો ઘડીભર દીનવદને ભૂમિ તરફ જોઇ રહેતી.

જેમ જેમ ઇબ્રાહીમ આ ગરીબીનો ગજબ સાંભળતો જતો હતો, તેમ તેમ તેના રોમેરોમ ખડાં થઇ જતાં. ઇબ્રાહીમ ગરીબનો મદદગાર હતો. તેની ઉંમર વીસ વર્ષની હતી. તે શ્રીમંતનો પુત્ર

છતાં તેનામાં શ્રીમંતાઇનો ગર્વ કે ગરીબ પ્રત્યે તિરસ્કાર નહોતાં, સર્વને સમાન લેખતો.

“બહેન! ફિકર ન કરશો. હમણાંજ હું ખાવાનું લઈ આવું છું. આજ ઇદના દિવસે તમે આમ ભૂખમાં રડો છો તે મારાથી જોઇ શકાતું નથી! હું હમણાંજ આવું છું!”

ઇબ્રાહીમે આશ્વાસન આપ્યું, અને જવાની રજા લઇને ઉઠયો.

“ઠીક ભાઇ! તમારો અહેસાન!” રડતી ઝોહરાએ હજારો નિરાશામાં આશાનું એક કિરણ જોતાં દીન વદને કહ્યું.

“મા! એ મા! તે કોણ છે? શું તે ખાવાનું લઇ આવશે? તે જે લાવશે તે હું ખાઇશ. પણ તે કયારે આવશે?” નાના મજીદે રડતાં રડતાં અધીરાઇથી પૂછયું.

ઇબ્રાહીમે જતાં જતાં આ શબ્દો સાંભળ્યા, ને ઘરને રસ્તે પડયો.

× × × ×

“મા! થોડુંક ખાવાનું આપો તો! એક ગરીબ મુસ્લીમ વિધવા, તેની બિમાર બેટી, અને રડતા ભૂખ્યા બેટાને તે આપી આવું!” ઇબ્રાહીમે પોતાની મા પાસે આમ માગણી કરતાં સર્વ ઘટના કહી સંભળાવી. મા અન્નનાં વાસણો ભરવાની તૈયારી કરવા લાગી; પણ જરા ઉતાવળથી ઇબ્રાહીમે કહ્યું:

“મા! જલદી આપોને! તેઓ બધાં બિચારાં ભૂખ્યાં છે. મારી રાહ જોઈ રહ્યાં છે. વિલંબ થાય તે ઠીક નહિ!”

આ ઉપલા શબ્દો, પાસેના ઓરડામાં બેઠેલા ઇબ્રાહીમના વાલીદ યાકુબે સાંભળ્યા. તેથી તે તુરત, જ્યાં ઇબ્રાહીમ અને પોતાની પત્ની હતાં ત્યાં આવ્યો અને તુરતજ પ્રશ્ન કર્યો:

“ઇબ્રાહીમ! આ શું છે? શું કરી રહ્યો છે? આ અન્ન, મિષ્ટાન્ન કયાં લઈ જાય છે?”

ઇબ્રાહીમે પોતાના પિતાને હકીકત કહી સંભળાવી.

યાકુબને શ્રીમંતાઇનો ગર્વ હતો. ગરીબ પ્રત્યે તેને તિરસ્કાર હતો. તેણે ગુસ્સે થઇને કહ્યું: “એવાં તો ઘણાંય ભિખારી હશે! આપણને તેઓની શી પડી છે? તું મોટો ઉપકારી થઇ પડયો છે તે જાણ્યો! નાદાન! જો આમ સખાવત કર્યા કરીશ, તો બધુંય તું ખલાસ કરી દઇશ!”

નિષ્ઠુર યાકુબે પોતાનો સ્વભાવ બતાવી ખૂબ ઠપકો આપ્યો.

આ શબ્દો સાંભળીને, ઇબ્રાહીમની માતા વિનવવા લાગી: “આમ ન કરો! ગરીબને ભૂખ્યાં દેખવા છતાં મદદ ન કરીએ અને

આપણે મોજ કરીએ તે વાજબી નજ ગણાય. ખુદાએ આપણુને આપ્યું છે, તો તેમાં ગરીબોનો પણ હિસ્સો છે! ખેરાત કરવાથી કંઇ ઓછું નહિ થઇ જાય. પણ ખુદા પાક તેમાં વિશેષ બરકત આપશે."

યાકુબ વચ્ચેજ બરાડી ઉઠયો:

"અરે જા જા, ઉપદેશકની દીકરી! ચૂપ કર! જા, તારા બાપને ત્યાંથી લઈ આવીને તેઓને આપ! અહીં તારૂં કંઇ પણ નહિ ચાલે, હું કહું છું તેમજ કર અને તારો લવારો બંધ કર!"

પત્ની બિચારી ચૂપ રહી. શું કરી શકે?

ઇબ્રાહીમ સ્તબ્ધ થઇ સાંભળી રહ્યો હતો. તે નિરૂપાય હતો, કારણ કે પરતંત્ર હતો. ગરીબોનો ચિતાર તેની દૃષ્ટિ સામે તરવરતો હતો. તેણે વિનંતિ કરી:

"અબ્બાજાન! આપણે મોજ કરીએ, ને ગરીબો રોટલાના ટુકડા માટે તરફડતા રહે, તે વાજબી ગણાય નહિ. ખુદાએ આપેલી ચીજોમાંથી, ગરીબો માટે આપવાની આપણી ફરજ છે."

કઠોર હૃદયનો યાકુબ તિરસ્કારથી બોલ્યો:

"તમારા બેઉનો આ બકવાદ મને અસર કરે તેમ નથી. ઉલટો મને કંટાળો ઉપજે છે, માટે ચૂપ રહો! નકામો લવારો ન કરો."

ઇબ્રાહીમ દીનવદને યાચના કરીને કહેવા લાગ્યો:

"અબ્બાજાન! ખોટો મોહ, લોભ, ગર્વ, એ સર્વ બરબાદીનું મૂળ છે. ખુદાએ આપેલી દોલતનો સદુપયોગ કરો, ગરીબ ઉપર રહેમ કરો અને આજે તેમને અન્ન આપવા દો; નહિતર એ કામદાર ગરીબ બિરાદરોની હાય આપણને......"

યાકુબે કરડી નજરથી, વચ્ચેજ ત્રાડ પાડી:

"ચૂપ રહે નાદાન! તારી આ નકામી વાતોથી મને ગુસ્સો ઉપજે છે!"

પરતંત્ર ઇબ્રાહીમ અને તેની અમ્મા શું કરી શકે? તેઓ લાચારીએ ચૂપ રહ્યાં.

ઇબ્રાહીમના હૃદયમાં, ગરીબોની દયાજનક દશા આગ સળગાવી રહી હતી. તેની કલ્પનામાં એ વિધવા, તેની બિમાર બેટી અને રડતો બાળક દેખાયા કરતાં હતાં.

પણ તે નિરુપાય હતો.

યાકુબ શેઠ માળ ઉપર જઇને બેઠા. યાકુબ લોભી હતો, પણ પોતાનાં વખાણ થાય તેવી રીતે દાન કરવામાં તે ખુશી હતો. ખુણામાંનાં નિરાધાર ગરીબોને આપવાથી તેનાં વખાણ કેમ થાય? બીજાં માણસો કેમ જાણી શકે કે શેઠ દિલાવર છે!

યાકુબને પાત્ર–કુપાત્રની કદર નહોતી. કોઇ ભિક્ષુક તેની પ્રશંસા કરતો તો તેને તે તુરત સારૂં દાન આપતો. કારણ કે પંડે બુદ્ધિવિહીન અંધ હતો.

થોડો સમય પસાર થઇ ગયો. પોતાના વિજય ઉપર મલકાતો યાકુબ બેઠો હતો.

“યા...હ...ક! યા! અલ્લા...! દે!...દે! કુચ્છ અલ્લાહકે નામકા! આજ ઇદકા દિન હે! દે!..દે! સખી! અલ્લા'કે પ્યારે! દુલ્લે! દે...દે! અલ્લા' ભલા કરે…ગા!...!” સ્વર સંભળાયો.

યાકુબે બારીમાંથી ડોકું કાઢીને નજર કરી તો તેની દૃષ્ટિ એક અલમસ્ત ભિક્ષુક ઉપર પડી. ભિક્ષુક હષ્ટપુષ્ટ લડીંગો હતો. તેણે પણ યાકુબ શેઠને જોયો. તુરત પોતાની શબ્દજાળ પાથરી.

“દે! દે! અલ્લાહ કે નામકા! એ ઇમાનવાલે! ખુદા તેરી મેડી સલામત રખે! તૂ સખી હે! મર્દ હે, અલ્લાહ કા હુકમ હુવા હય! દે...દે” તે અલમસ્ત ફકીરે ખૂબ ખોટાં વખાણ કરવા માંડયાં.

યાકુબ શેઠનું ઘર સરિયામ રસ્તા ઉપર હતું. ત્યાંથી રાહદારીઓની આવ–જાવ બહુ હતી, તેથી જો યાકુબ જે કાંઇ આપે તે રાહદારીઓ દેખે અને લોકોમાં પોતે ઉદાર તરીકે ઓળખાઇ વખાણ થાય. આવી સમજણથી તે ફુલાયો; અને તેણે અમુક ચાંદીના સિક્કા નીચે ફેંકયા.

“અલ્લાહ આબાદ રખે! વાહ! દુલ્લા વાહ! ખુદા કા ફઝલ હોગા! તેરી મેડી આબાદ રહો!” આવા ઉદ્‌ગારો કાઢતો મસ્તાન ફકીર સિક્કા લઇને રસ્તે પડયો. રાહદારીઓએ આ જોયું. યાકુબે મલકાઇ સ્મિત કર્યું.

થોડો સમય ગયો કે યાકુબ મોટરમાં ફરવા જવા નીચે ઉતર્યો, તેનો પુત્ર ઇબ્રાહીમ પાછો કરગરવા લાગ્યો:

“અબ્બાજાન! આવા હટકટાને શા માટે અયોગ્ય રીતે દાન આપો છો? જે ખરા હકદાર છે તેને તો આપવા માટે તદ્દન મનાઇ કરો છો, અને ઉલટા ખુદાના ગુનેગાર શા માટે થાવ છો?”

“ચૂપ રહે! નાદાન!” તિરસ્કારપૂર્વક આટલું કહી, યાકુબ મોટરમાં ફરવા ગયો.

યાકુબને ગયેલો જોઇને ઇબ્રાહીમ તુરત ખાવાનું લઇને તે વિધવાના ગૃહ તરફ રવાના થઇ ગયો.

પથારીવશ અમીનાના છેલ્લા શ્વાસ ખેંચાતા હતા. “યા! ખુદા!...” કહેતાં તેણીનો આત્મા ઉડી ગયો.

ઝોહરા બિચારી પોકે પોકે રડવા લાગી, નિર્દોષ મજીદ પણ રડારોળ કરવા લાગ્યો. આ ગરીબની ઝુંપડીમાં ગરીબીનો ગજબ હતો. કરુણ કલ્પાંત હતું. બાળક પણ ભૂખમાં તરફડિયાં મારતો હતો અને બેશુદ્ધ હાલતમાં ડચકાં ભરતો હતો.

ઇબ્રાહીમ ઉતાવળો ઉતાવળો દોડયો જતો હતો.

ઇબ્રાહીમ આવી પહોંચ્યો; પણ તે થોડો મોડો થયો હતો.

તેણે આવીને શું જોયું? પથારીમાં પડેલી નિર્જીવ અમીનાની ફાટેલી આંખો, હાડપિંજર સમું પ્રાણહીન શરીર અથવા શબ, બેભાન ઝોહરા અને બેશુદ્ધ બાળક મરણના મુખમાં સપડાએલાં!

ઇબ્રાહીમ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. તે આ દૃશ્યથી બેબાકળો થઇ ગયો.

"અર...ર! મારી ભૂલના ભોગે દુઃખી અગીના સ્વર્ગે સીધાવી. માતા–પુત્ર પણ સૃષ્ટિથી વિદાય લેતાં છેલ્લા શ્વાસ ખેંચે છે. અર...ર! કેવું કરુણ દૃશ્ય!

તે બોલતાં બોલતાં અટકી ગયો "બ્હે...ન! ઝોહરા!" ઇબ્રાહીમનો સ્વર ફાટી ગયો.

જવાબ કંઈ ન મળ્યો. બાળક અને માતાની પણ છેલ્લી પળ હતી. શ્વાસોચ્છ્વાસ મંદ હતો. ઉપચાર હવે નકામા હતા. ભૂખનું દુઃખ, ગરીબીનો માર અને નિરાશાની ચોટને લીધે મરણના મુખમાં સપડાએલાં માતા તથા પુત્ર વિશ્વથી છેલ્લી વિદાય લેવાની તૈયારીમાં હતાં.

"બ્હે...ન!" ઇબ્રાહીમ બોલ્યો.

"યા ખુદા! મદ...દ!" બોલતાં ઝોહરાનો આત્મા પણ ઉડી ગયો. અને પછી બાળક મજીદ પણ પરલોકવાસી થયો.

આ પ્રમાણે માતા, પુત્રી અને પુત્ર ખુદાના દરબારમાં ગરીબીનો ગજબ વર્ણવવા અને જાલીમોની ફરિયાદ કરવા પહોંચી ગયાં. હવે રહ્યાં આ ગરીબની ઝુંપડીમાં ત્રણ શબ! અને આ ઇબ્રાહીમ!

આ હૃદયદ્રાવક દૃશ્યથી ઇબ્રાહીમના દયાળુ દિલ ઉપર ભારે અસર થઇ હતી.

"ભાઇ! ઓ...ભાઇ!" તેણે જોરથી એક અવાજ સાંભળ્યો. આંખ ખોલી તો ઇબ્રાહીમે પોતાના નોકરને જોયો.

"ભાઇ...! ઇબ્રાહીમ!...ઘેર...ચાલો...!"

"ભાઇ...! આપના વાલીદ...યાકુબ શેઠ..." તે વધારે બોલી શકયો નહિ.

ઝુંપડીમાં ત્રણ શબ, અને ઈબ્રાહીમની ગમખ્વાર હાલત જોઇને તે પણ કંપી ઉઠયો, પણ હિંમત લાવીને બોલ્યો:

“ભાઇ !…આપના વાલીદ મોટરના અકસ્માતથી……ગુજરી ગયા !…! !”

ઇબ્રાહીમની ચશ્મોં ફાટી રહી. તે પોકારી ઉઠયો:

“શું ? મારા વાલીદ જન્નત…નશીન……ગુજરી…!” તે અટકી ગયો. ઘવાએલું હૃદય વધારે શું બોલી શકે ?

નોકર બળતા અને રડતા હૃદયે બધું દશ્ય આશ્ચર્યથી જોઇ રહ્યો. આંખો ભીની થઇ. પથ્થર પણ પીગળી જાય, એવું આ કરુણ દશ્ય હતું; તો પછી ઇબ્રાહીમ અને તેનો નોકર શોકમાં ડૂબ્યા વગર રહેજ શી રીતે ?

ઈબ્રાહીમ હવે સહેજ ભાનમાં આવ્યો. તે તૂટેલા જીગરે, અને કંપતા અવાજે પોકારી ઉઠયો: “ખુદા ! ઓ ! ખુદા ! રહેમ કર !”

આ હૃદયભેદક દશ્ય ઉપર તે બેઉ જણા રડયા.

આજે આ બેઉની નજરમાં આફતથી ભરપૂર નવી દુનિયા દેખાતી હતી. પ્રલયકાળનો પ્રત્યક્ષ ભાસ થતો હતો.

ઇબ્રાહીમ અને તેનો નોકર બેઉ ખૂબ રડયા. બળતા જીગરે બેઉનાં મુખમાંથી આ શબ્દો નીકળ્યા: “ યા ખુદા ! યા ખુદા ! આ…શું ? અનાથોની ઇદ !”

જૂની પુરાણી ઝુંપડીમાં આ શબ્દો અથડાયા. પાછો તેવોજ પડઘો પડયો: “ગરીબોને માટે ઇદ નથી, પણ આ તો—”

(તા. ૧૪-૨-૧૯૩૨ના “પ્રજામિત્ર કેસરી”માંથી)

३—अदृश्य न्याय

(લેખકઃ—શ્રી. મકન પરમાર)

એલાર્ડ પિયર તરફ લોકોનાં ટોળેટોળાં આજે કોઇ અનેરા આનંદથી જઇ રહ્યાં હતાં. કારણ કે હિંદ અને બ્રિટનની તરવાની હરીફાઈમાં મિ. સ્મીથ કરતાં રમેશ બે મિનિટ આગળ ઇંગ્લિશ ચેનાલ તરીને નીકળી ગયો હતો. પરાધીન દેશમાં પણ આવા પાણીદાર યુવાનને જોઈ જગત રમેશ ઉપર આફરીન થઈ ઉઠેલું. તે રમેશ આજે માતૃભૂમિનું ગૌરવ વધારી તેની ગોદમાં આવતો હતો. જેના કાર્યથી પારકાઓ પણ આટલા આનંદિત થયેલા તેને માટે તેનાં ભાંડુઓમાં આટલો ઉત્સાહ હોય એ સ્વાભાવિક હતું.

ડૉક્ટર સુરેન્દ્ર પણ પોતાની રોલ્સરૉય કાર લઇને જોવા માટે નીકળી પડયા. બરાબર સાંજે સાતના ટકોરે સ્ટીમર ઉપરથી રમેશે નીચે પગ મૂક્યો. વાતાવરણ હર્ષનાદથી ગાજી ઉઠયું.

ટોળાને વીખરાતાં બરાબર નવ થઇ ગયા. ટમટમ વરસાદ સાથે મેઘલી જામેલી હતી. માણસોની ભીડ ઓછી થઇ એટલે ડૉક્ટર પણ પોતાની કાર લઇ ઘર તરફ જવા નીકળ્યો. મોટરને ધીમી ચલાવવાની તો તેમને ટેવજ ન હતી, એટલે દેમાર ચલાવ્યે રાખતા હતા.

લેમિંગ્ટન રોડની બાજુએથી નાની ગલી વટાવીનેજ પોતાના મકાને જવાતું હોઇને મોટરને ગલી તરફ વાળી થોડે દૂર જતાં એકદમ મોટર ઉછળી અને બત્તીઓ બુઝાઈ ગઇ, સ્ટીયરીંગ છૂટી ગયું. મહામુશીબતે બ્રેક મારી મોટર રોકી અને શું આડુ પડેલ છે તે તપાસવા ડૉક્ટર નીચે ઉતર્યા.

બરાબર એ વ્હીલની વચ્ચે એક માણસ ગબડી પડેલ, માથામાંથી લોહીનો ફુવારો છૂટેલો. ડૉક્ટરને લાગ્યું કે, "આ હવે બે મિનિટનો મહેમાન છે. હવે શું? મારાજ હાથે ખૂન!' હૃદયના ધબકારા વધી પડયા. 'મારી પ્રતિષ્ઠા! મારી પ્રેક્ટિસ! હવે મારૂં શું

Gurukula Library Kangri

થશે ? હું એક પ્રતિષ્ઠિત ડૉક્ટર ! મારા હાથેજ આ બન્યું !” આવા અકસ્માતના કેસો ઉપર છરીઓ ચલાવતાં જેના હાથ નહોતા ધ્રૂજતા તે આજે આ દર્દીને જોઇને સર્વાંગ કંપવા લાગ્યા.

ખુનીએ એકજ વિચારે એમને બહાવરા બનાવ્યા; પણ હવે કરવું શું ? તુરતજ તેમને પણ મવાલીઓની માફક એકજ રસ્તો સૂઝયો અને પોતાની મોટર લઇ નાસી છૂટયા.

ઘેર જઈ મોટરને પોતાના હાથેજ સાફ કરી અને નિશ્ચિંત મને સૂવાના રૂમમાં ગયા; પણ ઉંઘ કેમ આવે ?

‘અરે ! હજી કાંઇક કરવાનું મારા માટે બાકી છે ! હા !... ......હા ! પોલીસો ખૂનની જગ્યાએથી પૈડાંના પાટે પાટે આમ આવશે તો ?’ એ વિચારોએ તેમને ઉંઘવા ન દીધા. તુરતજ તેઓ ઉઠયા અને મોટરનાં ટાયર ફેરવી નાખ્યાં. બીજે દિવસે મોટર આખી જુદા રંગેજ રંગી નાખી.

મહિનાઓ પર મહિનાઓ એ વાતને વીતી ગયા, પણ કોઇએ આવ્યું નહિ. એટલે ડૉક્ટરે ધાર્યું કે કોઈ રખડુ હશે; પણ તેમના જીવનમાં ત્યારથી એક પલટો તો આવીજ ગયો કે, કોઇ દિવસ મોટર ઉતાવળી ન ચલાવવી, ટોળું હોય તો ઉભી રાખવી, વિંખાયા પછી પણ ખૂબજ ધીમેધીમે ચલાવીને લઇ જવી. આ પલટાથી તેમના મિત્રો તેમને ‘ડરપોક’ કહેવા લાગ્યા; પણ એ પલટાનું કારણ તો ડૉક્ટર અને પ્રભુ સિવાય કોણ જાણે ?

આજે એ વાતને વીસ વર્ષ વીતી ગયાં છે. ડૉક્ટરની પ્રેક્ટિસ ખૂબજ ધીકતી ચાલે છે. ઘડીની ફુરસદ વગર તેને રાત ને દિવસ કામ કરવું પડે છે, એના અંગે થોડા વખતથી તેની તબિયત બગડી છે, એટલે આરામ માટે પોતાના વાલકેશ્વરના બંગલે રહેવા ગયેલ છે.

બાર વર્ષની લીલી તેની આંખની કીકી સમાન છે, અને જનુ અત્યારે અઢાર વર્ષનો જુવાન છે. ખૂબજ ચાલાક છે, પણ ડૉક્ટરની દરરોજની તે બંને બાળકોને એકજ શિખામણ છે કે, ‘મોટર, ટ્રામ અગર ઘોડાગાડી દૂરથી દેખીએ એટલે ત્યાંજ ઉભા રહેવું, અને તે ગયા પછીજ ચાલવું !’

“‘આજે લીલી તથા જનુ કેમ નથી દેખાતાં ?” ડૉક્ટરે ઘેર આવી પોતાની પત્નીને પૂછયું.

“આજે વજુભાઇ સોલીસીટરના દીકરા વસંતની જન્મગાંઠ-નિમિત્તે જનુને આમંત્રણ હતું તેથી લીલીને લઇને જનુ ત્યાં ગયેલ છે !”

"પણ કાર તો ગેરેજમાં પડેલ છે. તે ચાલીને ગયા ?"

"ના, તેઓ તેમની સાયકલ ઉપર ગયા છે; પણ તમને રોજની આટલી બાળકો માટે ચિંતા કેમ રહ્યા કરે છે ? તેઓ કાંઇ થોડાજ ભોટ છે ? કારમાં જાય કે ચાલીને જાય કે પછી સાયકલ ઉપર જાય; પણ તેઓ અકસ્માતના ભોગ થાય એવા બૂડથલ નથી. સાંજે તો તેઓ પાછા આવીજ જશે. ચાલો, તમે જમી લ્યો હવે !"

"અરે ! તારી સાયકલ અને જમવાનું બન્ને જહન્નમમાં ગયું. તેં તેમને એકલા જવાજ કેમ દીધા ? જરૂર, આજે કાંઇક અનિષ્ટ બનશે. ઘેલા! મારી કાર તૈયાર કર !" નોકરને કાર તૈયાર કરવાનું કહી ડૉક્ટર રાહ જોઇ ઉભા છે ત્યાં...'બે બાળકોને મોટર સાથે અથડાવાથી થયેલી પ્રાણઘાતક ઇજા ! સંદેશનો ખાસ વધારો ! કિંમત એક પૈ...સો !' ફેરીઆની બૂમ સાંભળી ડૉક્ટર થથરી ઉઠયા !

" અરે જા દોડ, એ વધારો લઇ આવ ! પ્રભુ મારાં બાળકોને બચાવજે ! વીસ વર્ષ પહેલાં આજ હાથે એવો અકસ્માત થયેલો ! હા...હા...શું તેનો ભયંકર ચહેરો !"

રામો 'સંદેશ'નો વધારો લઇને આવ્યો. ગેલેરી ઉપર ઉભા ઉભા ડૉક્ટર તે વાંચે છે, ત્યાં એક બંધ બારણાની મોટર દૂરથી આવતી દેખાઇ, લોકોનું ટોળું ગમગીનીથી તેની પાછળ ચાલતું હતું. આગળની સીટ ઉપર ડ્રાઇવરની પાસેજ પોલીસ બેઠેલો હતો. તે બધું પાસે આવી ડૉક્ટરના બંગલાના દરવાજામાંજ દાખલ થયું. ડૉક્ટર આભો બનીને દોડયો ! હજી પૂરી સીડી ઉતરે તે પહેલાં તો તેની લીલીનો મૃતપ્રાય દેહ લઇને બે માણસો તેને સામે મળ્યા. પાછળજ જનુને પણ એ સ્થિતિમાં લાવવામાં આવ્યો.

ડૉક્ટર એક પણ શબ્દ બોલ્યા વગર તદ્દન મૂઢની માફક જોઇજ રહ્યા. ભાન આવતાં તે એકદમ દોડયો. પોતાના વાઢકાપના રૂમમાં તેમને લઇ ગયો, અને લીલી તથા જનુનાં, જીવન અને મૃત્યુમાં ઝોલાં ખાતાં શરીરો તપાસવા લાગ્યો.

'બરાબર એજ ઠેકાણે ! હા.. હા. વીસ વર્ષ પહેલાં મારા હાથે પણ એક માણસને આજ ઠેકાણે અકસ્માત થયેલ. હું છૂટી નીકળ્યો; મેં જાણ્યું કે હવે શું હરકત છે ! પણ......'

"સાહેબ ! હવે શું લાવું ?"

"કપાળ !' જલદી ડૉક્ટર દોરાબશાને ટેલીફોન કર ! જલદી જા ! જા, કેમ ઉભો છે ?"

'ઉં......હું! ઉં......હું.'

"અરે લીલી! અરે જનુ! હું જરા તમારા ઘા સાફ કરૂં છું, હમણાં મટી જશે હોં!"

'ના...ના. ઉં......હું'

"ના ના, મારાં લાડીલાંઓ! તમારો વાંક નથી, મારા પાપેજ તમારે આ સહવું પડે છે. જાણ્યું કે વીસ વીસ વર્ષો પછી હવે મારૂં કોણ નામ લેનાર છે? પણ ના, એ મારો ભ્રમજ હતો. આટલી કાળજી છતાં કુદરતે મને નજ છોડયો! મારાં ફૂલડાંઓ! તમને, અરે...રે તમને શું થાય છે?"

દોરાબશા આવ્યા. શરીર તપાસી તેમને બહાર જવા કહ્યું. બે મિનિટ પછી લીલી ને જનુ માતાપિતાની સુંવાળી ગોદ છોડી પરીઓની ગોદમાં ભરાવા ચાલી નીકળ્યાં.

ડૉકટર કપાળે હાથ દઇ બેઠો છે, ત્યાં પોલીસો એક બુઝર્ગ માણસને તેની પાસે લાવ્યા, અને ડૉકટરને કહ્યું:—"સાહેબ! આ અકસ્માત કરનાર શખ્સ છે, આપ લેખિત આપો એટલે ફરિયાદ કરીએ!"

ડૉકટર તે બુઝર્ગના ચહેરા સામેજ જોઇ રહ્યા. 'અરે! એ કેમ બને!' એવું બબડી શાંત થઇ ગયા.

"ના, ના સાહેબ! હું તદ્દન નિર્દોષ છું. મેં ઘણાય હોર્ન માર્યા, પણ જાણે તેઓ અથડાવાજ આવ્યાં હોય તેમ આડીઅવળી સાયકલ લઇને પણ ભટકાયાં. સાહેબ! હું શું કરૂં? ખૂબજ કાળજી રાખી, પણ છેવટે ભટકાયાં. આપ મારો અગર બચાવો!"

"ભાઇ! હું કાંઇ કરવા માગતો નથી. મારૂં કિસ્મત!" પોલીસ તરફ ફરીને:—

"ભાઇઓ! તમે કાળજી રાખીને તસ્દી લીધી તે બદલ આભાર! પણ હું કાંઇ નથી કરવા ઇચ્છતો. આપ તેને છોડી દ્યો."

પણ પોલીસોએ તો પોલીસ કેસ કર્યો. છેવટે કોર્ટમાં ડૉકટરને જાતે જઇને કહેવું પડયું કે "મારાં બાળકોનો દોષ હતો, તેણે તો ઘણા હોર્ન માર્યા છતાં તેઓ ન ખસી શકયાં તેમાં તેનો શું દોષ? માટે મારે ખાતર એક નિર્દોષ માણસનો ભોગ કોર્ટ નહિ લે એવી મારી પ્રાર્થના છે."

મોટર હાંકનાર છૂટી ગયો.

બીજે દિવસે ડૉકટર ને તેનાં પત્ની બેઠેલ હતાં ત્યાં ટેલીફોન આવ્યો: "હલો...કોણ ડૉકટર સાહેબ? હું આપને મળવા માગું છું,

આપે મારા ઉપર કરેલ ઉપકાર બદલ આપને વંદન કરવા ઇચ્છું છું. આશા છે કે, આપ અવશ્ય મારી માગણી સ્વીકારી મને ઉપકૃત કરશો."

"હું એનું મોઢું જોવા નથી માગતો!"

"પણ તેમાં શું? તમે આટલો ઉપકાર કર્યો છે એટલે બિચારો તમારો આભાર માનવા આવે તેમાં શું?"

ડૉકટરના દિલની વાત તેની પત્ની પણ નથી જાણતી કે તેને તે વખતે શું શું યાદ આવે છે! વીસ વર્ષ પહેલાંનો ઇતિહાસ એને કેટલો દુઃખી કરે છે!

"ના, ના; હું બગીચામાં બેસીશ."

ડૉકટરની પત્નીએ ટાઇમ આપ્યા મુજબ તે માણસ બીજે દિવસે મળવા આવ્યો.

"કેમ, ડૉકટર સાહેબ નથી? મારા ઉપકારદાતા મને એટલો પણ લાભ નહિ આપે?"

"ભાઈ! બેસો, હમણાંજ ડૉકટર બહાર ગયા. તમે મળવા આવશો એ તેઓ જાણતા હતા; પણ અગત્યનું કામ હોવાથી એમના વતી મને તમારો આભાર માનવાનું કહેતા ગયા છે. તમે જરા પણ દિલગીર ન થતા. એ તો બનવા કાળ બની ગયું!"

"અરેરે! કેટલો ઉપકાર!" કહી તે રડી પડયો. તે વખતે ડૉકટર બગીચામાંથી પડખેના રૂમમાં આવીને બેઠેલા; કારણ કે તેને તે મોઢું એક વખત ફરીથી જોવાનું મન થયેલ. વીસ વીસ વર્ષ પછી પેલી અંધારી ગલીમાં જોયેલ મુખરેખાઓનો એમાં આભાસ થતો હતો; પણ એ ભ્રમ છે. એ જીવીજ કેમ શકે, એમ થયા કરતું, પણ એ આભાસ દૃષ્ટિથી દૂર ન ખસતો.

રડતાં રડતાં તે બોલ્યો: "બહેન! અકસ્માત કરીને હું એક મવાલીની માફક ભાગી છૂટત. હું જગતની આંખમાં ધૂળ નાખવા સમર્થ થાત; પણ પ્રભુ મને કેમ છોડતે? જીવ્યો હોત તોએ જીવન કેવું અર્થ વગરનું થઇ જાત! મગજ તો તૂટીને ખાલી થઇ ગયું હતું. તેમનાં જીવન ખારાં અને ઓશિયાળાં બનત! પ્રભુએ તેમનો ઝટ છૂટકો કર્યો એ સારૂં નથી શું?"

તેની આંખમાં આંસુ આવ્યાં.

"અરેરે બહેન! કોણ હતો અને અત્યારે કોણ છું? વીસ

વર્ષ પહેલાં હું પણ આવાજ અકસ્માતનો ભોગ થનાર એક માણસ છું. તે વખતે હું વીસ વર્ષની ભરયુવાનીમાં હતો. બે માસ પહેલાં જ તાજો બેરીસ્ટર થઇને હું આવેલો. જીવનમાં કાંઇક સોનેરી આશાઓ અને ભાવનાઓ ભરેલી હતી, પણ એ કાળરાત્રિએ મારૂં જીવન હરી લીધું. હું જીવ્યા કરતાં મર્યો હોત તો વધારે સારૂં હતું!

"તે દિવસે રમેશ નામનો આપણો ભારતીય યુવાન ઇંગ્લેંડની તરવાની હરીફાઇમાં મહાત કરીને આવતો હતો; હું પણ ટોળાઓ સાથે અભિનંદન માટે ગયો હતો. મને ચાલવાનો શોખ એટલે નવ વાગે રાત્રે હું ચાલીને મારે ઘેર જતો હતો. ત્યાં એક દે–માર કરતી મોટર મારી સાથે અથડાઇ. મારૂં માથું છુંદાઇ ગયું. પછી જયારે મેં આંખો ઉઘાડી ત્યારે હું હૉસ્પિટલમાં હતો. મારે માથુંજ નથી એમ મને લાગ્યું. હું કાંઇ પ્રશ્નનો જવાબ પણ આપતો નહિ. છ માસ પછી હું ઇસ્પિતાલમાંથી બહાર નીકળ્યો. પણ અંતરના આઘાતથી હું ચિત્તભ્રમ થયો, અને પાંચ વર્ષ ગાંડાની ઇસ્પિતાલમાં ગાળ્યાં. મારૂં સર્વસ્વ ફના થઇ ગયેલું. હું મુંબઇમાં રસ્તાનો ભિખારી બન્યો, અને આજે પાંચ વર્ષથી મોટર ડ્રાઇવિંગ કરૂં છું. તેમાં આ અકસ્માતે મને ખૂબજ વિહ્વળ બનાવી નાખ્યો. હું દુઃખિયારો સુખ નહિજ દેખું એમ મને લાગ્યું, મારા ઉપર ડૉકટર સાહેબે ઉપકાર......"

"અરે! બસ......બસ!" કહેતાં ડૉકટર પાસેનો રૂમ ઉઘાડી ગાંડાની માફક દોડી આવ્યા. 'બ...સ' કહેતા ટેબલ સાથે અથડાઇ પડયા અને શરીરનું સમતોલપણું ગુમાવવાથી પડી ગયા.

બન્ને, ડૉકટર પાસે દોડી ગયાં. ડૉકટરનું ધગધગતું અને ધ્રૂજતું અંગ જોઇને ડૉકટરપત્ની ગભરાઇ ગયાં. તેઓ ટેલીફોન ઉપર ડૉકટર દોરાબશાને બોલાવવા જવા લાગ્યાં, પણ ત્યાં તો ગાંડાની માફક ઉઠી ડૉકટરે તેમને પકડ્યાં.

"બસ, રહેવા દે! મને કાંઇ નથી, હુંજ–હું એ...ખુની. હુંજ એ અકસ્માતનો પ્રણેતા છું. પ્ર...ભુ! મને માફ ક...રે."

"આ શું! તમે શાંત થાવ. ડૉકટર સાહેબ! ભલે ગમે તે હો. હું તમારો ઋણી છું. હું તો ભટકતો ભિખારી થઇને પણ જીવું છું, પણ તમારાં બે બાળકોનો તો મેં ભોગ લીધો છે. હુંજ તમારો ગુનેગાર છું. મને ક્ષમા...કરો' કહેતાં તો તેના મગજ ઉપર લોહી ચઢી જવાથી મારેલ ટેભા તૂટી ગયા અને તુરતજ તે ઢગલો થઇ

પડયો. ડૉકટર પોતે બધી ચિંતા જવા દઇને દોડયો અને સાધનો લાવી તુરતજ ફરી ટેભા લીધા પછી ઉપચાર કરીને તેને શુદ્ધિમાં આણ્યો.

'ડૉકટર! તમે મને હવે ઉગારી નહિ શકો. થોડી મિનિટ છું. પ્રભુ તમને સુ...ખી...ક...રે' કહેતાં તો એનું પ્રાણપંખેરૂં ઉડી ગયું. ડૉકટર ને ડૉકટરપત્ની અવાક્ થઇ ઉભાં રહ્યાં.

'અરે...રે! મારા પાપે ત્રણ જી...વ' કહેતાં ડૉકટર બેભાન થઇ ગયા. પત્નીના ખૂબ ઉપચાર પછી શુદ્ધિમાં આવ્યા.

× × × ×

કુદરતના 'અદૃશ્ય ન્યાય' ઉપર અચળ વિશ્વાસ રાખીને બન્ને જણ હાલ જીવન ગુજારે છે.

"મારાથી પણ આટલો વખત છાનું?"

"શું કરૂં! હવે તું સમજી હોઇશ કે હું કેમ બાળકોનું એટલું ધ્યાન રાખતો હતો! પાપ તો વારસે પણ ઉતરે, સમજી!"

બન્ને રડ્યાં. વધારે તો પેલા દુઃખિયારાના જીવન ઉપર.

(તા. ૬-૩-૧૯૩૨ના "વીસમી સદી"માંથી)

૪—પૈસાનો મદ

શ્રમજીવી મિલકાસદારનું રેખાચિત્ર

(લેખકઃ—શ્રી. સોમચંદ મણિલાલ પરીખ)

વડવૃક્ષની ઘેરી ઘટાની શીતળ છાયામાં કૂવાના નવાણ પર બેસી માધુ પોતાની પ્રિય વાંસની બંસી બજાવી રહ્યો હતો. તાજી ખેડેલી તેની જમીનમાં નાજુક નીલવર્ણો પવન સાથે ગેલ કરતો હરિયાળો મોલ ઉભો ઉભો મંદ હાસ્યે હસી રહ્યો હતો. આકાશપટ પર ઝળહળતો ભાનુ સારાય દિવસના સતત પરિશ્રમથી કંટાળી અત્યારે પશ્ચિમ દિશાના વિશ્રાંતિભુવન પર જવાની તૈયારીઓ કરી રહ્યો હતો. માધુની કલામય બંસી વનનાં મૂંગાં પશુપક્ષીઓને પોતાની તરફ આકર્ષી રહી હતી. બે ત્રણ મોરલાઓ માધુ તરફ મીટ માંડી થનગન થનગન નાચતા તેની બંસરીનું મધુર ગાન પોતાના હૃદય-ઉદ્યાનમાં ઝીલી રહ્યા હતા. નવાણ પાસેના ખાડામાં લીલું તાજું ઘાસ ચરતી માધુની સફેત ગાયો પોતાના પગનાં ઝાંઝર ખખડાવી, કાનની ટીસીઓ ઉભી કરી પોતાના માલીકના બંસીનાદ પર મંત્રમુગ્ધ બની હતી. આમ્રવૃક્ષના ઓથે છુપાયેલ કોકીલા મંજરીની સુવાસ લેતી, વારે ઘડિયે બંસીના પંચમ સૂર પર ફીદા બની જ્યારે જ્યારે ટહુટહુનો પોકાર કરતી ત્યારે ત્યારે માધુના ગુલાબી વદન પર અનેરૂં હાસ્ય પ્રકટ થતું.

"આમ બંસરી ક્યાં સુધી વગાડયા કરશો ?" કોઇએ પાછળથી સાદ કર્યો. માધુએ પીઠ ફેરવી જોયું અને પ્રિયતમા લક્ષ્મીને જોઈ તેનાં નયન હસી પડયાં, ને તેનું પ્રેમાળ હૃદય બોલી ઉઠયું:

"લક્ષ્મી! જોને આજે મારી બંસી કેવા મીઠા સૂર કાઢે છે ?"

"ને એથીજ પેલી આમ્રડાળે છુપાઇ બેઠેલી કોકીલા ટહુટહુનો પોકાર કરી રહી છે, એમજ ને ?" લક્ષ્મીએ ભાવભીનાં નયનો નચાવી હાસ્યરસનાં ફૂલડાં વેરતાં સામો પ્રશ્ન કર્યો.

"વહાલી! આવું સુખી જીવન હમેશાં નભશે ?" માધુએ

વિચારવમળમાં ગંભીર મુદ્રાએ જુદોજ પ્રશ્ન કર્યો.

"નાથ! આ જગતમાં હમેશાં પરિવર્તનો થયાજ કરે છે. જગતમાં એક પણ એવી વસ્તુ નથી કે જેનું રૂપાન્તર ના થતું હોય; તો પછી સૃષ્ટિનો એ સૃજાયેલો ક્રમ આપણાં જીવન ફેરવે એમાં આશ્ચર્ય શું?"

પ્રિય વાચક! આ નવલિકાનો નાયક માધુ જંબુસર પાસેના એક ગામનો રહીશ નવયુવાન ખેડુત હતો. જાતે શ્રમજીવી હોવાથી તેના શરીરનો બાંધો સુઘડ, ઘાટીલો ને સુંદર હતો. હજુ તેના મુખ પર મૂછનો આછોજ દોરો ફૂટયો હતો, છતાં તેનું કદાવર શરીર શહેરના કસરતી યુવાનને શરમાવે એવું હતું. તેનાં માતાપિતા તેને સુખી જીવનમાં હરતો ફરતો મૂકી ગુજરી ગયાં હતાં. આજે તેના ઘરમાં જાતમહેનતના પ્રતાપે દૂધ-દહીંની છોળો ઊડતી હતી. સુખી દંપતી પાણી માગનારને દૂધ આપતાં. માધુ પોતાનું જીવન દેવી વસુંધરાની સેવામાં વીતાવતો, એથી કુદરત પણ એના આંગણે પ્રસન્ન થઇ અન્નભંડાર ભરતી. પાળેલાં પશુઓ પોતાની સેવામાં દૂધ દહીં ને માખણરૂપ જીવનપોષક અણમૂલાં સત્ત્વો માધુને ચરણે ધરતાં. માધુ આ કુદરતી ધનથી સંતુષ્ટ બની પોતાનું જીવન સુખમાં વ્યતીત કરતો. તેને ચાંદીના ચકચકીત સિક્કાનો મોહ નહોતો તેમ સુવર્ણનો સંગ્રહ કરી જગતમાં મોટા મનાવવાની પણ ઇચ્છા નહોતી, એટલે માનચાંદ ને પદવીની તો વાતજ શી?

માધુની અર્ધાંગના લક્ષ્મીમાં ઇશ્વરે સૌંદર્ય અને સદ્ગુણોનો છૂપો ભંડાર એકત્રરૂપે ભર્યો હતો. લક્ષ્મીના નિખાલસ દિલના નિર્મળ પ્રેમથી માધુનું જીવન સંસારબગીચામાં સુવાસિત બન્યું હતું. માધુ લક્ષ્મી માટે પ્રાણ પાથરતો, લક્ષ્મી માધુને આ ઉપાધિમય જગતમાં હસતો રાખવાને એક સુશીલ સ્ત્રીથી બનતા તમામ પ્રયત્નો કરતી.

આમ માધુ અને લક્ષ્મીનાં એકધારાં કેટલાંક વર્ષો વહી ગયાં; તે દરમિયાન તેમના આંગણે એક પુત્રરત્ન રમતું થવાથી તેમના આનંદમાં બેવડો ઉમેરો થયો. લક્ષ્મીએ લાડમાં પોતાના નામપરથી તેનું નામ લક્ષ્મણ પાડયું. લક્ષ્મણ બીજના ચંદ્રની માફક દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો.

ઉષાની નાની બહેન સંધ્યાએ આકાશમંડપને વિધવિધ રંગો વડે શણગાર્યું હતું. દક્ષિણ દિશામાં મેઘધનુષ્યનો અનુપમ દેખાવ પોતાનાં ખેતરમાં કામ કરતા શ્રમજીવીઓને આકર્ષી રહ્યો હતો. અસ્તાચળે વિરાજતો વિભાકર કાળાં વાદળાંથી ઘેરાઈ બંદીવાન બન્યો

હતો. માધુના ખેતરને અથડાઇ વહેતાં ઢાઢળ નદીનાં શીતળ જળ, વાયુ સાથે ગેલ કરી ફેરફુદડીની રમત રમી રહ્યાં હતાં. આ વખતે લક્ષ્મી પોતાના લાડીલા ફૂલસમા પુત્ર લક્ષ્મણને લઇ, તેને વહાલભરી ગોદમાં બેસાડી, તેના ગુલાબી સુરખીભર્યા ગાલ પર પ્રેમની ચૂમીઓ લઇ રહી હતી; ત્યારે માધુ દરબારી ઢાઢે કાળી મુંજથી ભરેલા ખાટલા પર બેસી પોતાના બાળક પર વહાલભરી મીટ માંડતો તકલી પર સુતર કાંતી રહ્યા હતો.

ધીરે ધીરે આકાશમાં ગાજવીજનું તોફાન શરૂ થયું, પવને જોરથી ફૂંકાઈ ધૂળના ગોટેગોટા ઉડાડવા શરૂ કીધા, ને મુસળધાર વરસાદ અણધાર્યો વરસવા માંડયો. થોડી વારમાં પવનના એક પ્રચંડ વાવાઝોડે તેમની પર્ણકુટીર હતી ન હતી કરી નાખવાથી બંને સફાળાં ચોંકી ઉઠયાં, તેમનો આનંદ ઉડી ગયો.

એક બાજુ મુસળધાર વર્ષતો વરસાદ; બીજી તરફ ગગનભેદી ભયંકર ચમકારા કરતી વીજળી પળભર માટે પોતાની રોશની ફેલાવી પાછું જગતને અંધકારમય કરી મૂકતી; જોશથી ફુંકાતો પવન ઝાડોને કમરથી હલાવી મૂળથી ઉખાડવા પ્રયત્ન કરતો, ધીરે ધીરે ખેતરોની જમીન સમુદ્રની સપાટીરૂપ બની ગઇ. ઢાઢર નદીનાં ઉભરાતાં પાણી રેલરૂપે ચારે તરફ ફરી વળ્યાં. ઢાઢરનો વધતો જતો પ્રવાહ જોસભેર માધુ અને લક્ષ્મી પર ધસી આવવા લાગ્યો.

લક્ષ્મી અને માધુની ફિકરનો પાર ન રહ્યો. એક બાજુ એમને પ્રાણથી અધિક વહાલાં પોતાનાં પશુઓની ચિંતા હતી ત્યારે બીજી બાજુએ વર્ષભરની મહેનતે પકાવેલ પાકરૂપી કાચું સોનું આજ કુદરતના તોફાને ધૂળમાં મળી રહ્યું હતું. લક્ષ્મી પોતાના વહાલા પુત્રને સોડમાં છુપાવી થરથર ધ્રૂજતી વડવૃક્ષ નીચે ઉભી હતી. માધુ પોતાનાં વહાલાં ચક્ષુઓની ચિંતામાં ગમગીન બની પોતાની તરફ ધસી આવતા પ્રવાહ પર નજર નાખી રહ્યો હતો. અલ્પ સમયમાં લક્ષ્મી પાસે દોડી આવી માધુ બોલ્યો:

“લક્ષ્મિ! હવે વિલંબ કરવામાં સાર નથી. ચાલ, આ વૃક્ષ પર ચઢી જઇએ; નહિતર પળમાંજ આપણે હતાં નહોતું થઈ જઇશું.” આટલું બોલી માધુએ લક્ષ્મણને પોતાના હાથમાં લઇ લીધો એટલે લક્ષ્મીએ સાડીનો કચ્છ મારી લીધો ને ત્યાર બાદ દંપતી એક-બીજાના સહારાથી વડવૃક્ષ પર ચઢી એક મજબૂત થડિયા પર જઇ બેઠાં. જ્યારે પવનના સૂસવાટે તે વૃક્ષ હાલી ચકડોળે ચઢતું ત્યારે લક્ષ્મી અને માધુ જીવનની આશા ખોઇ બેસતાં.

લક્ષ્મી અને માધુને વડવૃક્ષ પર ચઢ્યે અરધી ઘડી વીતી હશે ત્યાં તો ચઢી આવેલી ભયંકર રેલે એમનાં સર્વ પશુઓને ભક્ષી લીધાં. દંપતીએ આ કારમું દશ્ય અંધારી રાત્રિમાં વૃક્ષપર બેસી જોયું. એ વખતે લક્ષ્મી કારમી ચીસ નાખી બેભાન થઇ નીચે પડી જાય તે પહેલાં બળવાન માધુએ મહામહેનતે એને પકડી લીધી.

આ અતિવૃષ્ટિનું તોફાન એક દિવસ ને બે રાત્રિ ચાલ્યું. ગરીબ દંપતી ભૂખ્યાં ને તરસ્યાં નિર્જીવ વૃક્ષને સહારે પોતાના ફૂલસમા બાળકને ગોદમાં લપાવી લટકી રહ્યાં. ત્રીજા દિવસના સવારે ઢાદરનાં પૂર ઉતર્યાં ત્યારે તેઓ અર્ધબેભાન અને ઉન્માદ દશામાં નીચે ઉતર્યાં એ વખતની એમની મનોદશાનું કયા શબ્દોમાં વર્ણન થઈ શકે!

એમણે જમીન પર ઉતરી પોતાની થાક, દુઃખ અને ભૂખથી નિર્બળ બની ગયેલ આંખો વડે જોયું તો જે ખેતરો અણમોલ ઉભા પાકથી હસતાં હતાં તે આજે સ્મશાન જેવાં બની ગયાં છે. પોતાનું પ્રિય ઝૂંપડું, રાચરચીલું વગેરે સર્વનું ખેદાનમેદાન થઈ ગયું છે. સફેદ રંગની ઝાંઝરવાળી ગાયો, અને ગળામાં પીતળના અછોડાવાળા બદામી રંગના બળદિયા, આજે મૃત્યુને ભેટી સદાકાળની છેલ્લી નિદ્રાએ સૂતા છે. આ કારમું દશ્ય જોતાં, બન્નેની આંખે અંધારાં આવી ગયાં ને બન્ને મૂર્ચ્છા ખાઈ જમીન પર ઢળી પડયાં. લક્ષ્મી મૂર્ચ્છાવશ થતાં તેના હૃદયે હાય પોકારી ધ્વનિ કર્યો કે "ઓ દૈવ, આ તારો કેવો કોપ?!"

એક માસ પછી

ઉપરના જળપ્રલયના તોફાનને વીત્યે આજે એક માસ વહી ગયો છે. હતભાગી માધુ અને લક્ષ્મી રૂઠેલી કુદરતના ત્રાસે પેટનું પોષણ મેળવવા માતૃભૂમિને ત્યાગી આજે રાજનગરમાં આવી, ધી લૂટેરા મિલ્સ કું. લિ૦ માં કામદાર તરીકે પેટનું પોષણ મેળવી રહ્યાં છે. એમનો મિલમાલીક ......શેઠ અહિંસા પરમોધર્મનો પાલક હોવા છતાં, તેના હૃદયમાં ગરીબો માટે જરાએ દયાનું સ્થાન નહોતું. એની મિલના કામદારો પોતાના હક સામે, ઘણી વખત ફરિયાદ ઉઠાવી ભૂખમરા પર જતા, છતાં દેશના આગેવાન નેતાઓના કાને પ્રમાણિક કામદારોની ફરિયાદ ના પહોંચે તે માટે તે અનેક યુક્તિ–પ્રયુક્તિઓ ચલાવતો, ને લોકસેવાના કાર્યમાં થોડાં નાણાંનો ભોગ આપી, દેશનેતાઓની નજરમાં દેશસેવક તરીકે ખપી પોતાનું ધાર્યું કરવામાં ફાવી જતો. લક્ષાધિપતિ ......શેઠે પોતાના નસીબના ચઢતા સીતા-

રાથી, અનેક મૂડીવાદના છુપા કાવાદાવાઓમાં વિજય પ્રાપ્ત કરી, કામદારોના સસ્તા લોહીની લક્ષ્મીથી એણે અનેક બંગલા ને બગીચા બનાવ્યા હતા; છતાં એનો પૈસાના મદમાં ભાન ભૂલેલો આત્મા, જગતને અંધારામાં રાખી કાવાદાવા ખેલવાના ધંધાથી ધરાયો નહોતો; અને હજી પણ વધારે ધન મેળવવા સારૂ દેશ અને ધર્મને કોડીના મૂલે વેચવા તૈયાર હતો.

સરકારે આવા આવા ...ભાઈના મહાન સદ્‌ગુણોની કદર સરકારી તથા ખાનગી ખાતામાં સખાવતરૂપે બે ચાર લાખ રૂપિયાના ખર્ચ કરાવ્યા બાદ, એમને સરના ઇલકાબથી નવાજ્યા હતા અને આગળપર નાઇટનો ઇલકાબ ઇનાયત કરવાની મધલાળ ચખાડી હતી.

દુર્ભાગ્યના ચક્કરે ચઢેલાં માધુ અને લક્ષ્મી પાપી પેટનો ખાડો પૂરવા, આ શેઠના મિલ-યંત્રાલયના પાલવે પડયાં હતાં. એમનું ચેતનમય શરીરયંત્ર, મિલના રાક્ષસી જડ યંત્રની બરદાસ્ત કરતું, દિવસે દિવસે ઘસાતું જતું હતું. મૂડીદાર સર ..... પોતાની મિલના જડયંત્ર માટે દર વર્ષે લાખ રૂપિયા ઘસારા ફંડમાં લઇ જતો, પણ કામદારોના ઘસાતા શરીરરૂપી યંત્રની એને જરાએ પરવા નહોતી.

એક દિવસે મિલ-યંત્રાલયમાં સતત કામ કરી દુર્બળ બની ગયેલ લક્ષ્મી, મિલ બંધ થયા બાદ પોતાના લાડકવાયા પુત્ર લક્ષ્મણને કેડ પર બેસાડી, પોતાની ઝુંપડીએ કાચોપાકો રોટલો કરી ખાવા જતી હતી ત્યાં મિલના કંપાઉંડમાંથી જોસભેર દોડી આવતી સર ......ની મોટર સાથે તે ઓચિંતી અથડાઇ પડી. હાથમાં તેડેલો કુળદીપક તેના હાથમાંથી છૂટી મોટરના બાર આગળ જઇ પડયો. સર ......ની રાક્ષસી મોટરના આગલા ચક્કરે, એ ગરીબ જનતાના કુમળા ફૂલ જેવા બાળકની ગરદન એક ક્ષણમાં છુંદી નાખી. દુઃખી લક્ષ્મીના દિલાસારૂપ લક્ષ્મણ ઘડીના છઠ્ઠા ભાગમાં આવી રીતે એક ઘમંડી મૂડીદારની મોટરનો ભોગ બની ગયો. શરીરે ઇજા પામેલી લક્ષ્મી પોતાની ઇજા ભૂલી જઈ, મરેલા લક્ષ્મણને ખોળામાં લઇ ચૂમવા લાગી. પ્રેમાળ માતા ઘડીભર માટે ભાન ભૂલી. તે સમજી ના શકી કે, હવે તો પોતાની ગોદમાં લક્ષ્મણ નહિ પણ લક્ષ્મણનું શબ છે. લક્ષ્મી પોતાના બાળકના મૃતદેહ પર ચૂમીઓ લેતાં આન્તરિક વેદનાએ બેભાન થઇ તમ્મર ખાઇ નીચે પડી.

સર ......આ અકસ્માતથી ગભરાઇ પોતા પર પોલીસ બેદરકારીનો આરોપ ન લાવે તે માટે લક્ષ્મી તથા એના પુત્રના શબને પોતાની મોટરમાં નાખી તેની પ્રાઇવેટ ચેમ્બરમાં લઇ આવ્યો. ત્યાં

લક્ષ્મીની મૂર્ચ્છા થોડી વારે ઉતરી ત્યારે પોતાના મરેલા બાળકને જોઇ આંખમાંથી લોહીનાં અશ્રુ સારતી તે બોલી: "શેઠ! આજે તમારી મોટરેજ મારા નયનદીપકને ભક્ષી લીધો છે. લાવો લાવો, મારો વહાલો બાળક તમે સત્વર લાવો !"

"લક્ષ્મિ! શાણી થા, બનવાકાળ વસ્તુ બની ગઇ. ચાહે તો દશ હજાર રૂપિયા તારા બાળકના બદલામાં માગી લે, હું કંઇ ઈશ્વર નથી કે તારૂં બાળક સજીવન કરી આપું." સર ...એ પૈસાની લાલચ બતાવી લક્ષ્મીના મનનું સમાધાન કરવા પ્રયત્ન કર્યો.

"શું તમારા દસ હજાર રૂપિયા મારા લક્ષ્મણને જીવતો બનાવી મારી ગોદમાં રમતો કરશે ?" લક્ષ્મીએ ફાટી આંખે સામો પ્રશ્ન કર્યો.

"એ શક્તિ મારા પૈસામાં નથી." સર ......એ હતાશ બની જવાબ આપ્યો.

"તો તમારા એ પૈસા તમારી પાસેજ રહેવા દ્યો. હું એ માતા નથી કે પુત્રના મૃત્યુ સાટે બદલો લઇ જીવનભર ધવરાવેલા પુત્રના પ્રેમને વેચું."

"ત્યારે શું તું આ વાત પોલીસને જાહેર કરી મારી ફજેતી કરાવવા ચાહે છે ?"

સર ......એ હૃદયની બીક પ્રશ્નરૂપે રજુ કરી.

"હા, હું ધારૂં તો જરૂર એમ કરી શકું, પણ મારૂં હૃદય પુત્રના ભોગે પણ અન્નદાતાને બચાવી લેવો ચાહે છે, ને ફક્ત આપની મીઠી નિગાહ યાચી, ભરેલી ગોદ ખાલી કરી અત્રેથી આજ પળે ચાલી જાઉં છું." લક્ષ્મીના આ જવાબથી સર ......ની છાતી વેંત ઉંચી આવીને લક્ષ્મીને રીઝવવા જીભની કેટલીક મીઠાશ વાપર્યા બાદ, બાળકને અગ્નિસંસ્કાર કરવા પોતાનાં માણસોને વરધી આપી.

થોડી વારે લક્ષ્મી સર...ની ચેમ્બર રૂમમાંથી નીકળી અશ્રુ સારતી પોતાની ઝુંપડીએ આવી. આ વખતે માધુ તાવથી પટકાઇ બિછાને પડયો હતો. મિલ-યંત્રમાં એણે દિનરાત વૈતરૂં કરી પોતાની તાંબા જેવી કાયાને હાડકાના માળારૂપ કરી નાખી હતી. લક્ષ્મીની કેડમાં લક્ષ્મણને નહિ જોતાંજ માધુ બોલી ઉઠયો: "લક્ષ્મિ! આપણો લક્ષ્મણ ક્યાં છે ?" લક્ષ્મી માધુને શું જવાબ આપે? બિચારી માધુના બિછાના નજીક બેસી જઇ ધ્રુસકે ધ્રૂસકે રોવા લાગી. આથી માધુ સમજી ગયો કે જરૂર કંઇ વિપરીત ઘટના બની છે. ફરી માધુએ એનો એજ પ્રશ્ન પૂછ્યો.

"વહાલો લક્ષ્મણ ક્યાં ?"

"સ્વર્ગમાં–પ્રભુના ખોળે" લક્ષ્મીએ રૂંધાતા કંઠે અશ્રુ સારતાં કહ્યું.

"લક્ષ્મિ! ખરેખર, આજ તું પાગલ બની ગઇ છે."

"નાથ! આપ સત્યજ કહો છો. હું લક્ષ્મણના અણધાર્યા અવસાને પાગલ બની છું. જુઓ જુઓ, પેલી ...ની રાક્ષસી મોટર મારા વહાલા લક્ષ્મણનો પ્રાણ લઇ રહી છે."

બિમાર માધુ સર્વ વસ્તુસ્થિતિ સમજી ગયો. તેણે તાવથી ભરેલા શરીરે પથારીમાં બેઠા થઇ લક્ષ્મીને હૃદયાલિંગન આપી સર્વ વૃત્તાંત એની પાસેથી જાણી લીધો. માધુને લક્ષ્મણના અણધાર્યા મૃત્યુથી ભારે આઘાત થયો. છાતી ભરાઇ આવી ને આંખોમાંથી અશ્રુની ધારાઓ ચાલવા માંડી.

એ દુર્ભાગી દિવસના કારમા બનાવથી દિવસે દિવસે માધુની બિમારીએ ભયંકર સ્વરૂપ પકડયું. ગરીબ નિરાધાર લક્ષ્મી ચોવીસે કલાક માધુની પથારી નજીક બેસી એની સારવાર કર્યા કરતી. પુત્રના મરણનો ઘા હજુ તાજોજ હતો ત્યાં વિધિએ એને માથે વહાલા પતિની મહાન બિમારીરૂપી આફત ખડી કરી. ગરીબ લક્ષ્મીએ પોતાના સૌભાગ્યછત્રની બિમારી ટાળવા ઘરનું રાચરચીલું વેચી દવાદારૂ કીધાં. ને પતિસ્નેહમાં ભૂખ અને ઉંઘ તજી દીવાં. પણ ક્રૂર વિધિ લક્ષ્મીની આથી પણ વધુ કસોટી કરવા ઇચ્છતો હોય એમ વધુ ને વધુ રૂઠતો હતો.

લક્ષ્મી એક સાંજે ભરઉનાળાના ધગધગતા તડકામાં બળતા પગે ધિ લૂટેરા મિલના કંપાઉન્ડમાં દાખલ થઇ. આ વખતે સર ...પોતાની ચેમ્બરમાં વીજળીના પંખાની હવા ખાતા ચીરૂટ ફૂંકી રહ્યા હતા. લક્ષ્મી સર ...ની રજાથી ચેમ્બર રૂમમાં પ્રવેશ કરી હાથ જોડી ઉભી રહી. ત્યાં સર ...એ ચીરૂટનો દમ મારી રૂવાબમાંજ પૂછયું:–

"લક્ષ્મિ! તું અને તારો ધણી પંદર દિવસથી કયાં હતાં? ને શું તમો પણ પેલી હડતાળ પાડનારી ટોળીમાં સામેલ થયાં છો કે?" સરે કડકાઇથી એકના બદલે ઉપરાઉપરી બે પ્રશ્નો સાથેજ કર્યા.

"સાહેબ! મારો ધણી પંદર દિવસથી ગંભીર માંદગીના બિછાને પટકાઇ પડયો છે, તેની દવા કરવા મારી પાસે હવે ફૂટી કોડી પણ નહિ હોવાથી હું મારો તથા મારા ધણીનો ગયા માસનો ચઢેલો પગાર લેવા આવી છું. આપ દયા લાવી તે આપશો તો ઇશ્વર આપનું ભલું કરશે."

"હમણાં પગાર નહિ મળે."

"તેનું કંઇ કારણ?"

"કારણ કે, મિલનો ધારો પંદરમીએ પગાર આપવાનો છે."

"એ હું જાણું છું, પણ હું તો મારા પતિની બિમારી ટાળવા, ને દવા ખરીદવા ખોળો પાથરી દયાભાવે પગાર માગું છું. આપની દયા મારા પતિનો પ્રાણ બચાવશે એ પુણ્ય આપનેજ મળશે."

"લક્ષ્મિ! તને ખબર નથી કે, મિલના કાયદા ઇશ્વરી કાયદાથીએ કઠોર છે. તેમાં દયાને સ્થાનજ નથી." સરે મૂછ મરડતાં કહ્યું.

"તો પછી મરણ પથારીએ પડેલા મારા પતિનું શું?"

"એનું ગમે તે થાય, મારે તો મારા ધંધાની આબાદી જોવાની છે."

"ને આપના ધંધાને આબાદ કરવા દિનરાત જોયા વિના લોહીનો પસીનો વહેવડાવી છેવટે મરણને ખોળે સૂનાર માટે કંઇજ નહિ?"

"લક્ષ્મી! તારી આ વ્યર્થ વાતોથી મને હવે કંટાળો આવ્યો છે. તારી આ વિચિત્ર દલીલો જરાએ હૃદયસ્પર્શ કરતી નથી."

"ક્યાંથી સ્પર્શ કરે? સ્વાર્થી મૂડીદારોના બહેરા કાનમાં ગરીબાઇની વેદનાની કદીએ પડી છે! યાદ છે એ કાળો દિવસ કે જે દિવસે મારા એકના એક પુત્રને આપની રાક્ષસી મોટરે ચગદી નાખ્યો હતો?"

"એ દિવસને યાદ કરાવી તું શું કહેવા માગે છે?"

"હું એ કહેવા માગું છું કે, આપ એ દિવસે મારી પાસે દશહજાર રૂપિયાના ભોગે દયાની ભીખ માગતા હતા."

"લક્ષ્મી! આ તું શું બકે છે? તારા જેવી ભિખારણ પાસે મારા જેવો સર દયા યાચે? આ તો હાથી કીડીને નમવા જાય એવી વાત છે."

"ને શેઠ! એ ના ભૂલશો કે, મોટા હાથીનું મોત તુચ્છ કીડીથીજ થાય છે. આજ તો હું લાચાર હાલતને લીધે ચાલી જાઉં છું, પણ આપને ચેતાવું છું કે ગરીબની હાય બૂરી છે ને તે આપના આલેશાન મહાલયોને સળગાવી ભસ્મીભૂત કરશે."

આટલું બોલી લક્ષ્મી સર ......ની ચેમ્બર તજી ચાલી નીકળી.

મિલના કંપાઉન્ડનો દરવાજો વટાવી નિરાધાર લક્ષ્મી સરિયામ રસ્તા પર આવી લાગી. સરિયામ રસ્તાની એક બાજુએ બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી: "ઓ પ્રભુ! હવે હું શું કરૂં? મારા વહાલા નાથની જીંદગી કેમ બચાવું?" ત્યાં એની નજર હાથે પહેરેલી દાંતની ચૂડીઓ પર પડી. "શું, હું મારૂં આ સૌભાગ્યચિહ્ન વેચી મારા પ્રાણનાથની જીંદગી ન બચાવી શકું?" "પણ તે વેચાય કેમ? દુનિયા શું કહે? મારે દુનિયાથી શું નિસ્બત છે, મારે તો મારા નાથને બચાવવા છે ને? બસ, આજ વિચાર ઠીક છે."

પતિની બિમારીમાં ભાનભૂલેલી લક્ષ્મીએ પોતાના સૌભાગ્યસિંધુની રક્ષા કાજે સૌભાગ્યચિહ્નરૂપી હાથનાં કંકણ તેજ ઘડીએ ઉતારી, ધી લુટેરા મિલ્સ કું૦ની સામે એક આલમશા પઠાણને ત્યાં ગીરવી મૂકી એની પાસેથી ફક્ત એકજ આનો લીધો, ને એનો બરફ ખરીદી તે પોતાનાં ઝૂંપડીએ પાછી ફરી.

ઝુંપડીમાં બિમાર માધુ ફાટેલા ગાભાની ગોદડીમાં તાવથી બકતો બેભાન હાલતે પડયો હતો. અસહ્ય તાવની ગરમી તેના મસ્તકે ચઢી હતી. લક્ષ્મીએ આવી ખિન્ન હૃદયે ફિક્કા પડી ગયેલા માધુના વદન તરફ જોયું, માથે હાથ મૂકયો ને પછી બરફ માધુના મસ્તકે ચોળવા માંડયો. એ વખતે લક્ષ્મીનું હૃદય પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યું કે "એ અનાથોના નાથ! હવે તું આ તારી રંક કિંકરીના સામું જો, હવે તો હદ થઇ ગઇ છે, મેં તો તારે ભરોસે મારૂં સૌભાગ્યચિહ્ન ઉતારી આણેલી છેલ્લી દવા છે." અનાથ લક્ષ્મીના દુઃખથી નિસ્તેજ બનેલ નયનમાંથી અશ્રુની ધારાઓ ચાલવા માંડી.

અનાથના નાથ, ગરીબના પાલનહાર પ્રભુએ આજ પળે લક્ષ્મીની શુદ્ધ હૃદયની પ્રાર્થના સ્વીકારી. માધુ તુરત ભાનમાં આવ્યો, ને જે કાર્ય શ્રીમંતોની સુવર્ણ અને હીરાની ભસ્મ ન કરી શકે એ કાર્ય લક્ષ્મીએ આણેલા એક આનાના બરફે પળમાં કર્યું. દિવસે દિવસે માધુની તબિયત સુધરવા લાગી, ને એકજ માસમાં માધુ પાછો સંપૂર્ણ તંદુરસ્ત બની ગયો. આથી લક્ષ્મીના હર્ષનો પાર ન રહ્યો.

હવે માધુ અને લક્ષ્મી નાની સરખી ઝુંપડીમાં રહીને જાતમહેનત કરી ગુજરાન ચલાવવા લાગ્યાં. એમને રોજ મજૂરી કરતાં જે રોજી પ્રાપ્ત થતી, તે શ્રીમાનોની નજરે તુચ્છ હોવા છતાં આ ગરીબ દંપતિના ભૂખ્યા પેટ માટે આશીર્વાદરૂપ હતી. એ દિનભરની મહેનતનો ખરા પસીનાનો પૈસો હતો. એ પૈસાનું આણેલું મુઠ્ઠીભર અનાજ એ દંપતિની ભૂખ ટાળી, એમની રગેરગમાં અમી ભરતું.

માધુ એક સમીસાંજે પોતે કાંતેલું સૂતર રાજનગરના જાણીતા ખાદી ભંડારમાં આપવા ગયો હતો, ત્યાં રસ્તામાં કેટલાક આગ હોલવવા જતા બંબાઓને પૂરપાટ દોડતા જોયા. આથી માધુ પણ પરમાર્થવૃત્તિ હૈડે ધરી આગ હોલવવાના કાર્યમાં મદદ કરવા માટે જે દિશા તરફ બંબા ગયા હતા તે તરફ દોડયો. માધુએ આગ લાગેલા સ્થળે આવી જોયું તો, પોતાનાજ મિલમાલીક સર ....નો આલેશાન બંગલો લાગી રહ્યો હતો; આગના ભયાનક ભડકા દેખાઇ રહ્યા હતા; ધૂમાડાના ગોટેગોટ સર ......ના બંગલામાં ફેલાઇ

આકાશને અંધકારમય કરી મૂકતા હતા.

આ વખતે સર ......પોતાના બંગલાના પહેલા મજલાના દિવાનખાનામાં હતા ને તે મજલાનો દાદર સળગી ગયેલો હોવાથી એમને બચાવવા ચારે તરફ શોરબકોર થઇ રહ્યો હતો. પણ જીવનું જોખમ ખેડી આગમાં ઝંપલાવી તેમને બહાર લાવવાની કોઇની હિંમત ચાલતી નહોતી.

ગરીબ માધુ પોતાના માલીકને બચાવવા એજ પળે તૈયાર થયો, ને બંબાવાળાઓએ આણેલી નીસરણી વાટે ચઢી, પ્રભુનું નામ લઇ, બારી વાટે દિવાનખાનામાં કૂદી પડયો. લોકો માધુની મર્દાનગી-ભરી હિંમત જોઇ આભાજ બની ગયા, ને આંખના પલકારા જેટલા સમયમાં માધુ પોતાના બેભાન માલીકને લઇ પાછો સળગતા પહેલા મજલાની બારીએ આવી લાગ્યો. પછી એણે બંબાવાળાઓની મદદથી સર ......ને સહીસલામત નીચે ઉતાર્યા.

લોકોએ માધુને આ સાહસ માટે ધન્યવાદ આપ્યા, પણ માધુએ તે તરફ નજર કરી જોયું પણ નહિ. આ વખતે માધુનું ચિત્ત પોતાના બેભાન માલીકની સારવાર માટે ગોઠવણી કરવામાં પરોવાયું હતું. માધુ અલ્પ સમય વિશ્રાંતિ લીધા બાદ એક ભાડુતી વિક્ટોરિયામાં બેભાન સર ...ને સુવાડી, તેમને તે પોતાની ઝુંપડીએ લઇ આવ્યો. સર ...ના સંબંધીઓને માધુનું આ પગલું બિલકુલ પસંદ ના પડયું, પણ માધુના મહાન ઉપકારે એમનાં મસ્તક શરમિંદાં બનાવેલાં હોવાથી તેઓ મોઢેથી એક શબ્દ પણ બોલી શકયા નહિ. આથી માધુને પોતાનું ધાર્યું કરવામાં સફળતા મળી ગઇ.

માધુએ સર ...ને ઝુંપડીમાં લાવી બિછાના પર સુવાડી એમને શુદ્ધિમાં લાવવાના પોતાની શક્તિ મુજબ દંપતીએ પ્રેમપૂર્વક ઉપચારો શરૂ કર્યા. થોડી વારે સર ......એ શુદ્ધિમાં આવી આંખો ઉઘાડી જોયું તો પોતે એક ઝુંપડામાં ફાટયાતૂટયા ગાભાના બિછાના પર પડયા છે. પોતાનાં મિલકામદાર માધુ અને લક્ષ્મી પોતાની તનતોડ સારવાર કરી રહ્યાં છે. સર ......એ ક્ષીણ રૂંધાતા અવાજે બોલવા માંડયું: "મને આગમાંથી બચાવી આ સ્થળે કોણ લઇ આવ્યું ?"

"મારા માલીક! આ આપનો રંક સેવક અહીં લાવ્યો છે."

"માધુ, લક્ષ્મી! તમે ખરેખર ગરીબના અવતારમાં કોઇ દેવાંશી જીવ છો. જે નરાધમે પૈસાના મદમાં ભાન ભૂલી તમારા ફૂલ જેવા સુકોમળ બાળકને પોતાની મોટર તળે છુંદી નાખ્યું, જેણે તમારી સાચા હકની માનવજાતિ તરીકેની વહેવારૂ માગણી-

એને ઠોકરે મારીને પશુને છાજે એવું વર્તન ચલાવ્યું, એના તરફ તમારો આટલો વિશુદ્ધ પ્રેમ ?"

"મારા માલીક! ગઈ ગુજરી ભૂલી જાવ, ને હવેથી કાળા ને કદરૂપા મીલકામદારોનાં કૂણાં ને સુવાળાં હૈયાં ઓળખતાં શીખો. એમના અર્ધનગ્ન શરીરમાં છુપા વસેલા સદ્ગુણોને ઉપરટપકે ન જોતાં, વહેવારૂ બુદ્ધિથી પીછાણી તેની કદર કરો." માધુએ નરમ અવાજે પોતાના માલીકને આશ્વાસન આપતાં કહ્યું.

"માધુ! તારા અને લક્ષ્મીના અનેરા ઉપકારે મારો પૈસાનો મદ ગળી ગયો છે, ને આજથી હું ઈશ્વરની સાક્ષીએ પ્રતિજ્ઞા કરૂં છું કે મારી માલિકીની મિલોમાં કામ કરતા કામદારો આજથી મારા સેવક નહિ પણ શેર હોલ્ડરની પેઠે ભાગીદાર તરીકે રહેશે."

"લક્ષ્મી! તું આજથી મારી ધર્મની બહેન બની છે; તો લે, આ તારા ધર્મના ભાઈની ભેટ" આટલું કહી સર ......એ પોતાની પચીસહજારની વિંટી લક્ષ્મીના હાથે પહેરાવી. લક્ષ્મી અને માધુ સર ...ની ઉદારતા પર મુગ્ધ બની અનિમેષ નયને જોઈ રહ્યાં.

સરની ઉદારતાએ માધુનું દારિદ્ર ચાલ્યું ગયું. લક્ષ્મી અને માધુ સર ...ની મિલમાં કામદાર મટી હવે ભાગીદાર તરીકે કામ કરીને સુખી જીવન ગાળી રહ્યાં છે.

(તા. ૨૨ તથા ૨૬મી સપ્ટેમ્બર ૧૯૩૧ના "હિંદુસ્થાન"માંથી)

૯–ગરીબી નથી ત્યાં–

(લેખકઃ-શ્રી. સનાતન જ. બૂચ)

વાલજ, આસપાસનાં ગામડાં કરતાં કાંઇક મોટું ગામડું હતું. ત્યાં દર શનિવારે બજાર ભરાતું હતું. એમાં પાંચ–સાત માઇલ ઉપરનાં આસપાસના ગામડાંનાં લોકો માલ વેચવા કે ખરીદવા આવતા. બજારને દિવસે વાલજ એક મોટા ગામ જેવું થઇ જતું. એની બે–ચાર શેરીઓ બધી જ માણસોથી ઉભરાઈ જતી. મોટી શેરીમાં જ્યાં જુઓ ત્યાં બન્ને બાજુએ જુદી જુદી વસ્તુઓ વેચનારા ગોઠવાઇ જતા ને પોતાના માલની તારીફ મોટે સ્વરે કરી સંભળાવતા. માલ વેચનારાઓમાં ક્યાંક વ્યાપારીઓ હોય તો ક્યાંક ગરીબ ખેડુતની સ્ત્રીઓયે હોય. માત્ર એ ગરીબ સ્ત્રીઓ નાની નાની ધાન્યની ઢગલીઓ કરીને મૂંગે મોઢે બેઠી બેઠી કોઇ ગ્રાહકની આતુર આંખે વાટ જોતી હોય. વ્યાપારીઓને રૂપિયા એકઠા કરવાની જેટલી લાલસા હોય, તેટલીજ આ ગરીબ સ્ત્રીઓને પૈસા મેળવવાની આતુરતા હોય. લોકોનો સમૂહ જેમ જેમ વધતો જાય, તેમ તેમ એ સ્ત્રીઓની આતુરતાયે વધતી જાય કે કોઇ ગ્રાહક આવે તો સારૂં.

આજના બજારમાં, જ્યાં ખેડુતની સ્ત્રીઓ બેસતી એજ હારમાં, છેક છેલ્લે, એક પંદરેક વર્ષની છોકરી એક ચીંથરા ઉપર જુવારની નાની ઢગલી કરીને વેચવા બેઠી હતી. ઢગલીમાં એક રતલથી વધારે જુવાર હોય એમ જણાતું નહોતું. જુવાર પણ એકજ જાતની નહોતી લાગતી. છોકરી છેકજ ચીંથરેહાલ હતી. ઘુંટણ સુધી તેના પગ ઉઘાડા હતા, માથે ઓઢેલું ન ઓઢ્યા જેવું જ હતું; કારણ કે ફાટેલા લૂગડામાંથી લગભગ આખું માથું દેખાતું હતું. વાંસા ઉપરનો ભાગ પણ એવોજ ફાટેલો હતો, પણ એની પરવા ન કરતાં અતિશય પ્રયત્ને એણે એ ચીંથરા જેવા લૂગડાથી પોતાનો છાતીનો ભાગ હાથવતી કૂચો દાબીને ઢાંકેલો હતો, છતાંયે બિચારીનો પ્રયત્ન છેકજ સફળ નહોતો થઈ શકતો.

બજારનો સમય જેમ જેમ વહ્યે જતો હતો, તેમ તેમ એ

છોકરીની જુવાર વેચવાની અધીરાઇ વધતી જતી હતી; પણ એણે જોયું કે, પેલા વ્યાપારીઓ પાસેજ બધાં જુવાર લેવા જતાં હતાં અને એની જુવારનો ભાવ પૂછવાએ કોઇ નહોતું આવતું.

થોડી વારે એક માણસ અમલ બજાવતો બજાવતો બજારમાં આવ્યો અને ત્યાં બેસનારાંઓને ધમકી, ગાળો વગેરે દેવા લાગ્યો. એને આવતો જોઇ, સૌ વેચનારાં પાછળ ખસવા લાગ્યાં ને રસ્તો પહોળો થવા લાગ્યો. પેલી સ્ત્રીઓ જ્યાં બેઠી હતી ત્યાં એ આવ્યો, એટલે એ સ્ત્રીઓ પણ થોડું થોડું પાછળ ખસીને એમણે પોતાનો માલ પણ ખસેડ્યો. એ બધાંએ એમ શા માટે કર્યું, એ પેલી છોકરીને ન સમજાયું અને તેથી એ જ્યાં હતી ત્યાંજ બેસી રહી. એને થયું કે, હવે જરાક હું આગળ બેઠી છું એટલે જરૂર કોઇક આવશે; પણ એટલો દિલાસો લે છે ત્યાં પેલો માણસ ત્યાં આવી પહોંચ્યો અને એનું ચીંથરૂં ને સાથેની જુવાર બધુંજ ઉંચકીને દૂર ફેંકી દીધું; અને છોકરીને રસ્તાની વચ્ચે બેસવા માટે ગાળો દઇ આગળ વધ્યો.

છોકરી બીકને લીધે કાંઇ બોલી ન શકી, પણ એની જુવાર ફેંકી દીધી કે તરત એ ઉભી થઇ; અને પોતાના બાળકને ઉંચકીને ફેંકી દીધું હોય, ને જેમ મા બાળક તરફ દોડે, તેમ એ જ્યાં જુવાર ફેંકી હતી ત્યાં ગઇ; પણ જઇને જોયું તો જુવારનો દાણેદાણો ઉડીને એવી રીતે પડ્યો હતો કે, એને કશુંજ ન મળી શક્યું: એનું ચીથરૂં તો એને મળ્યુંજ નહિ. બિચારી હતાશ થઇને એક ઠેકાણે બેઠી ને ખૂબ રડી. એણે જોયું કે, એ બેઠી હતી એનાથીયે આગળ વ્યાપારીઓ બેઠા હતા, પણ એમને પેલા માણસે કશુંજ નહોતું કહ્યું.

સાંજ પડી, સૂરજ આથમ્યો. બજાર પણ પૂરી થઇ. પેલી છોકરી હજી જ્યાં બેઠી હતી ત્યાંજ બેસી રહી હતી. બધાં ઉઠીને ચાલ્યાં ગયાં. ત્યાર પછી એ ઉભી થઇ ને આખી શેરીમાં ફરી. જ્યાં જ્યાં ધૂળમાં થોડાયે ધાન્યના દાણા પડ્યા હતા, ત્યાંની ધૂળ તેણે એકઠી કરી પોતાના ખોળામાં ભરવા માંડી. છેકજ અંધારૂં થઇ ગયું ત્યારે એ ગામમાંથી નીકળીને પોતાને ગામડે ચાલી.

વાલજથી ત્રણેક માઇલ દૂરના એક નાના ગામડામાં એ રહેતી હતી. એના ગામડાની વસ્તી બહુ તો આઠસોથી હજારની હશે. અંધારામાં એ ગામડા તરફ ચાલી નીકળી. એની પાસે ધાન્યના દાણાવાળી ધૂળની પોટલી સિવાય કશુંજ નહોતું. ધીમે ધીમે ચાલતી

ચાલતી એ લગભગ દોઢ કલાકે પોતાના ગામડા પાસે પહોંચી. એ પહોંચી ત્યારે એમ જણાતું હતું કે જાણે એ દસ પંદર માઇલ ચાલીને આવી છે. કારણ કે ગામથી એકાદ ફર્લોંગ દૂર રહી ત્યારે એ વિસામો ખાવા બેઠી હતી. થોડી વાર વિસામો ખાઇને એ ગામમાં જવાને રસ્તે ન વળતાં જરા જુદે રસ્તે ચાલી, ને એક ઝુંપડી પાસે પહોંચી.

એ ઝુંપડી એનું ઘર હતું. એને ઝુંપડી કહેવી એ યે એને માટે વધારે પડતુંજ કહેવા જેવું હતું. ઝુંપડીને છાપરૂં હોય છે ને ચાર ભીંતો જેવું હોય છે; પણ આને તો છાપરૂંજ નહોતું એમ કહીએ તો ચાલે, ને ભીંતો બે બાજુએ ઠીક ઠીક અને બીજી બે બાજુએ અરધી તૂટેલી હતી. બારણું તો હતુંજ નહિ, એટલે છોકરીને કશું ઉઘાડવા જેવું રહ્યું નહોતું. એનાં પગલાંનો અવાજ સંભળાતાં ઝુંપડીમાંથી એક અવાજ આવ્યો: "કોણ રૂખી આવી ?"

એ છોકરીના બાપનો અવાજ હતો. રૂખી ઝુંપડીમાં આવી ને બાપ પાસે લોચાની માફક પડી અને મોકળે મોઢે રડી પડી.

ઝુંપડીની અંદર અંધારૂંજ હતું. રૂખીનો બાપ, જમીન ઉપરજ થોડાં પાંદડાં જેવું પાથરેલું હતું એની ઉપર સૂતો હતો. એણે ફક્ત એક લંગોટ જેવું પહેર્યું હતું, તે સિવાય તે આખે શરીરે ઉઘાડોજ હતો. ઝુંપડીમાં, એક ખૂણામાં એક ભાગેલું હાંડલું ને એક બે ઠીંકરાના મોટા કકડા સિવાય કશોજ સામાન જણાતો નહોતો. વધારાતું એક પણ વસ્ત્ર ઝુંપડીમાં નહોતું દેખાતું. જમીનમાં ખાડાઓજ જણાતા હતા, છતાં ઝુંપડીમાં કચરો ઓછો જણાતો હતો. એ ઉપરથી લાગતું હતું કે, રૂખી કાંઇક સ્વચ્છતા રાખતી હશે. એક ખૂણામાં ધૂળનો નાનો ઢગલો દેખાતો હતો. એ કદાચ, આજ રૂખી લાવી હતી એવી ધૂળનો હશે એમ જણાતું હતું.

રૂખી આવીને ઝુંપડીમાં પેઠી કે તરત પ્રયત્ન કરીને તેનો બાપ બેઠો થયો, ને એ રડવા લાગી એટલે એને શાન્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. રડતાં રડતાં રૂખીએ આજની બધી હકીકત કહી.

"જુવાર એમ શા માટે વેચવા ગઇ હતી ? તું તો વીણવાજ ગઇ'તી ને ?" બાપે હેતથી રૂખીને પૂછ્યું.

"હા. પણ મને થયું કે, એટલી જુવાર વેચાય તો એના પૈસામાંથી તમારે માટે દવા લાવી શકું." રૂખીએ કહ્યું.

"દવા ! મારે માટે દવા શું કરવી છે; અને તે માટે ગયા શનિવારે જુવારમાંથી કેટલી લઇ ગઇ હતી ?"

"બધીજ."

"બધી જુવાર?"

"હા."

"અરરર, કેટલી જુવાર હતી?"

"શેર–સવાશેર હતી."

"અને ત્યારે આજ સુધી ખાધું શું?" બાપે અતિશય દુઃખથી પૂછ્યું. રૂખીએ ઉત્તર ન આપ્યો.

"રૂખી! સાચું કહે, તેં આજ આઠ દિવસથી શું ખાધું છે?"

"અભેચંદ શેઠે ગયે રવિવારે મને એક પૈસો આપ્યો હતો, તેના મેં ચણા લીધા હતા; તે ત્રણ દિવસ ચલાવ્યા હતા. પછી વહેળા પાસે વડ છે તેના ટેટા લાવીને ખાતી હતી. હું કાંઇ ભૂખી નથી રહી." રૂખીએ ખરી હકીકત કહી દીધી.

"ભૂખી નથી રહી દીકરી! જુવાર હતી ને એમ શા માટે કર્યું? અને વળી એમ ભૂખી હોવા છતાં આટલે દૂર શા માટે ગઇ? મારે માટે દવાનું શું કામ હતું? હવે અત્યારે તું શું ખાઇશ?" બાપની આંખમાં પાણી આવી ગયાં, એનો કંઠ રૂંધાયો.

"બાપુ! એમ ન કહો, આજ ધૂળ લાવી છું. હું મારૂં કરી લઇશ."

"ક્યાંથી કરી લઈશ, બ્હેન! અત્યારે અંધારામાં તું આજની ધૂળ પણ ક્યાંથી વીણી શકીશ? અને પાછી તું ત્રણ દિવસની ભૂખી છે. અરરર, હું માંદો પડ્યો છું તેમાં તારા ભોગ?" વળી બાપનો કંઠ રૂંધાયો.

"બાપુ! હમણાં હું મારી વ્યવસ્થા કરૂં છું. તમે મુંઝાવ મા." રૂખી એટલું કહીને વળી ઉઠી ને ધીરે ધીરે બહાર નીકળી. રાતના નવનો શુમાર હતો.

"ક્યાં જાય છે?" બાપે અંદરથી પૂછ્યું.

'હમણાં આવું છું.' રૂખીએ ઉત્તર આપ્યો અને એ ગામ તરફ ચાલી.

ગામમાં પહોંચતાં પહેલાં વળી એક વાર એ રસ્તામાં બેસી ગઇ. એનામાં ચાલવાની શક્તિ નહોતી રહી. એ બેઠી બેઠી વિચારમાં પડી. એ ક્યાં જતી હતી? આ નાના ગામમાં એને ભિક્ષાની આશા હતી? ના. ત્યારે એ કાંઇ ઉછીનું લેવા જતી હતી? ના. કારણ કે એને હવે ઉછીનું આપે એવું ગામમાં કોઈ નહોતું રહ્યું. ત્યારે, એ કાંઇ વેચવા જતી હતી? ના. વેચવાનું હવે ઝુંપડીમાં કશું રહ્યુંજ નહોતું. ત્યારે એ ક્યાં જતી હતી? શામાટે જતી હતી?

રૂખી બાપ પાસે બેઠી બેઠી રડતી હતી ત્યારે, એને અચાનક યાદ આવ્યું હતું કે, હજી એક વસ્તુ વેચવાની બાકી રહી હતી. એ વેચવાને અત્યારે એ નીકળી હતી; પોતાના બાપને માટે અત્યારે એ નીકળી હતી. પૈસા આવે એમાંથી દવા લાવી બાપને સાજા કરવાનો એનો પહેલો અભિલાષ હતો. આજ સુધી ભીખ માગી, ધૂળ ભેગી કરી, જનાવરનો ખોરાક ખાઇને એ ચલાવતી હતી. મજૂરી મળતી નહોતી, ઘરમાં વેચવા જેવું જે હતું તે સઘળું વેચી નાખ્યું હતું; અને હવે જો પહેરેલું વસ્ત્ર ફાટે, તો ઘરની બહાર રાત સિવાય નીકળી ન શકાય એવી સ્થિતિ થઇ ગઈ હતી. પણ આજ સુધી એને યાદ નહોતું આવ્યું કે, હજી એક કિંમતી વસ્તુ તો વેચ્યા વિનાનીજ રહી ગઈ છે. એ જો હવે ન વેચે તો ચાલે એમ નહોતું.

રૂખી વળી ઉઠીને ચાલવા લાગી. આખા ગામમાં ફરી વળી અને અંતે જેવી ને તેવી પાછી વળી. આવડા ગામમાં ફરી તો યે જાણે શહેરમાં ફરી આવી હોય એટલી એ થાકી ગઇ. એ જે વસ્તુ વેચવા નીકળી હતી તે શી રીતે વેચવી એજ એને ન સૂઝયું. ઝુંપડીમાં આવીને વળી બાપ પાસે બેઠી ને રડી પડી.

"બાપુ! બાપુ! ક્યાંય કશું નથી મળતું. હવે તે શું કરૂં? ચાલો, આપણે જ્યાં ગરીબી હોય નહિ ત્યાં ચાલ્યાં જઇએ." રૂખી રડતાં રડતાં બોલી.

"બહેન! એમ તે ક્યાં જઇશું?"

"કોઇ શહેરમાં જઇએ. હું મજૂરી કરીશ. ત્યાં પૈસાવાળા ઘણા હોય છે."

"બહેન! આપણે માટે તો ત્યાંયે આવીજ ગરીબી છે. આપણા જેવાં કેટલાંયે ત્યાં જાય છે. પછી આપણને શું મળશે? એના કરતાં હું કહું ત્યાં ચાલ; ત્યાં ગરીબીજ નથી." નિર્બળ બાપ, જાણે શક્તિ આવી હોય એમ એ બેઠો થયો.

"ક્યાં જઈશું?" રૂખી ઉભી થઈ.

"મારી સાથે ચાલ" કહી બાપ પણ ઉભો થયો. બન્ને અંધકારમાં બહાર નીકળ્યાં.

× × × ×

બીજે દિવસે ગામના મંદિરનો પૂજારી વહેલો ઉઠીને કૂવે પાણી માટે ગયો; ત્યારે એણે રૂખી અને એના બાપનાં મુડદાંને કૂવામાં તરતાં જોયાં.

(તા. ૮-૧૧-૧૯૩૧ના "બે ઘડી મોજ"નો દીપોત્સવી અંકમાંથી)

૬–કપૂતની મા

(લેખકઃ—શ્રી. દફતરી)

જગતમાં 'મા'ની તો અસંખ્ય કહાણીઓ કહેવાઇ છે. જીંદગીની પહેલીજ ક્ષણોમાં રડી ઉઠીને વલખાં મારતા નાનકડા મોંમાં છાતીનાં અમી ભરી દેતી તે મા, અને જીંદગીની છેલ્લી પળે અસહ્ય દુઃખની હાય વહેવરાવતા શ્વાસ ભેળો નીકળતો શબ્દ તે પણ મા! માનો મહિમા ન ગાઇ શકયા માટે તો વાલ્મીકિ અને હોમર તથા વ્યાસ અને વર્જીલ, સપૂત અને કપૂતની કથાઓ ગાઇને બેસી રહ્યા.

મહાકથાના નાયકો વિષે લાખ લાખ શ્લોક રચીને પણ એ રચનારાઓએ આ વાત તો અણલખીજ રાખી કે તેઓ જેની કૂખે જન્મ્યા હતા અને શ્રોતાઓ એ આખી કથા સાંભળીને જેની કૂખનેજ સંભારે!

એવી માની આ વાત છે!

નગરની આસપાસ યવનો ઘેરો ઘાલી પડયા હતા. પ્રથમ દિવસો, પછી અઠવાડિયાંઓ અને હવે તો મહિનાઓની ગણત્રી થવા માંડી હતી. કિલ્લાની દિવાલ પાછળ નગરવાસીઓ પોતાનાં ખોરાકપાણીની ચિંતા કરતાં હતાં અને દિવાલ બહાર દુશ્મન પોતાની જાળની માવજત કરતો હતો. એઉને જિતની અડગ આશા હતી. જેના પક્ષે કાળ ભગવાન ઉભો રહે તેની જિત નિશ્ચિત હતી.

કિલ્લા બહાર રોજ રાતે અસંખ્ય તાપણાંઓ બળતાં અને અંધકારને હૈયે જાણે નગરનાશના ભડકા સળગતા હોય તેવાં લાગતાં. દુશ્મનની ફાંસનું સરડાકિયું દરરોજ અચૂક રીતે તંગ થયા કરતું હતું, એટલે પહેલાં તો તાપણાંજ દેખાતાં; પણ હવે તો તાપણાં પાસે કાળા આકારો પણ દેખાતા. પછી કોઇ કોઇ વાર ઘોડાઓનો હણહણાટ સ્પષ્ટ સંભળાતો, અને એક રાતે તો હથિયારનો ખણખણાટ પણ દિવાલપરના બરકંદાજોએ સાંભળ્યો, અને સાથેજ જાણે હસવાનો ખડખડાટ હોય, ઉંચે સાદે ગવાતાં ગીતનો લલકાર હોય એવા અવાજો પણ હવા ઉપર તરી આવતા લાગ્યા. દુશ્મનોના

અટ્ટહાસ્ય અને ગીતનો લલકાર એ બે સાંભળનારને હૈયે આશા તો કયાંથીજ રહે !

ખાઇમાં પડતાં મુડદાંઓની સંખ્યા દહાડે દહાડે વધવા માંડી હતી. શહેરમાં ફરવા નીકળતાં રાજપૂતોનાં શરીર ભૂખથી કરમાઇ ગયાં હતાં. ઘવાયેલાંના આર્તનાદ અને સ્ત્રીઓ તથા બાળકોની રોકકળ સિવાય નગરવાસમાંથી બીજો અવાજ જાણે મરી ગયો હતો.

રાત્રે તો મહાસ્મશાન હોય તેવું લાગવા માંડયું હતું. કોઇકજ ઘરમાં દીવાબત્તી થતાં હતાં. હવાથી ભટકાતાં બારી-બારણાંના અવાજથી પણ શહેરીઓની શ્વાનનિદ્રામાં ભડક પેઠી હતી. ગઢના દરવાજા તૂટયા-ઓ તૂટયા એમજ સૌને ધ્રાસ્કો પડતો હતો.

આ નગરમાં તે મા ભટકતી.

માઝમ રાતે પણ શહેરની ગલીએ ગલીએ તે ગાંડી બની ફરી રહેતી. એને અંગે ફાટાં તૂટયાં કાળાં વસ્ત્રો ટીંગાઇ રહ્યાં હતાં. એને આવતી જોઇ લોકો માર્ગ કરી દેતા હતા, પણ એની પીઠ પાછળ નિશાનીઓથાં અથવાં ધીમા સ્વરે વાતો કરતાં. એની કહાણી તો સૌ નગરવાસીએ સાંભળીજ હતી. કોઇએ એને જોઇ ન હોય તે પણ કહ્યા વગર એને ઓળખાં લેતું અને પૂછવા ખાતર રસ્તે ચાલનારને પૂછતું કે:—

" પેલી આજને ? "

" હા "

અને બેય જણ એની પૂંઠ દેખાય ત્યાં સુધી થંભીને એને જોયા કરતાં.

રાત્રે શેરીઓમાં રોન મારતા સૈનિકો સિવાય જયારે કોઇ ન ફરકતું ત્યારે પણ એ તો જાણે નગરનું ભૂત હોય તેમ ગલીએ ગલીએ ઘૂમ્યાજ કરતી. કોઇ વાર કોઇ ચોકીદાર એને પડકારતો: "ફરી તું રખડવા નીકળી ને ! રાતના કોઇ ફૂટી નાખશે તો પત્તો પણ નહિ મળે. આજ કોને કોની પડી છે કે જે તને ઘરભેળી કરે !"

પણ પેલી તો નીચું જોઇને ચાલ્યાજ કરતી, અથવા ઊંધું ઘાલી શેરી વચ્ચે ધૂળમાં બેસી રહેતી. ત્યાં રોન આવી ચઢતી તો એ પથ્થર કે મુડદું હોય તેમ એને વટાવી ચાલી જતી, અને નગરની કમબખ્તીનું એ મૂર્તરૂપ હોય તેમ એ તો સારી રાત અંધારામાં પડી રહેતી. એની આસપાસ અનેક અવાજો ઉઠતા અને શમી જતા. ભૂખ્યાનો આર્તનાદ, ઘાયલનો ચીત્કાર, અશક્તના ઘેરા ઉકાળા, બાળકોની રડારોળ, નિરાશ થયેલા સૈનિકોના બખાળા અનેક અવાજો વચ્ચે એ પથ્થર પેઠે પડી રહેતી અથવા લાકડાના

પૂતળા પેઠે ઘૂમ્યા કરતી.

એ આ નગરવાસિની હતી. આ એની જન્મભોમ હતી. એનો પતિ આ નગર માટે કેસરિયાં કરી રાજપૂતીને ઉજાળવા સ્વર્ગે ગયો હતો. આજે એનો એકનો એક પુત્ર રણે ચઢતો હતો; પણ એનો પડાવ કિલ્લાની બહાર યવનસૈન્યમાં હતો. રાતદિવસ આ નગરને તારાજ કરવાની તે તદબીર લડાવતો હતો. સતી રાજપૂતાણીને પેટે એ વિદ્રોહી જન્મ્યો હતો એને તેણે રાજપૂતીનાં અમૃત પાયાં હતાં. તેની છાતી આજે નિરાશાથી તૂટી રહી હતી. જે હાથોએ એના પારણાની હીરદોરી ઝાલી હતી, તે હાથો હવે જીંદગીથી હેઠા પડયા હતા. જે આંખોએ એના ઉપર અમર આશીર્વાદો વરસાવ્યા હતા તે આંખોનાં બધાં આંસુ સુકાવી નાખનારી નિરાશાની આગ હવે સળગી રહી રતી.

પુત્રપ્રેમ અને રાજપૂતી વચ્ચે એના હૈયાના ટૂકડા થઇ રહ્યા હતા.

હવે તો રાતના એ રાજપૂતાણીના ઉપલા ઓળાને લોકો વહેમથી જોતા થઇ ગયા હતા. સૌને ભરખી ખાવા કોઇ ચૂડેલ હોય તેમ કાતર લોકો એને અંધારામાં જોઇ હબકી જતા હતા. એની રાતફેરી દિવસે દિવસે વધવા લાગી હતી.

એક વાર એક બીજી સ્ત્રીને એણે ગાંડા પેઠે અંધારામાં ભટકતી જોઇ. એ પાસે જઇને ઉભી અને સમભાવથી પૂછવા લાગી:

'કોણ વર ?'

'નારે-હું મુંઇ'

'ભાઇ ?'

પેલી ડૂસકાં દેવા લાગી.

'મારો એકનો એક દીકરો-મારૂં રતન-પખવાડિયાં પહેલાં તો એનો બાપ સૂતો, આજે આ-ઓ મા......રે' ક્ષણભર બેય એક-બીજાને ટેકે ઉભાં. પછી પતિપુત્રનો ભોગ આપનારી સ્વસ્થ થવાનો યત્ન કરતાં બોલી:

'ભગવાન એકલિંગજી બધું જુએ છે-એનાથી કંઇ છાનું નથી. મને દુઃખ એ બે ગયાનું નથી; પણ હું શે જીવતી રહી ? એ તો રાજપૂતી સોહાવતા ગયા-એ કંઈ પેલી નનામીના કપૂત પેઠે પોતાની રાજપૂતી લજાવતા નથી ગયા.'

ગાંડીએ દોટ મૂકી અને અંધારામાં અદશ્ય થઇ ગઇ.

રાજભવનની દોઢીએ ખળભળાટ મચી રહ્યો છે. ગાંડી અંદર જવા મથે છે, જ્યારે દોઢિયાઓ આડી મ્યાન દઇ એને અટકાવે છે.

'મને ના અટકાવો, હું એની મા છું; હું એ કપૂતની મા છું મને કિલ્લા પરથી ખાઇમાં નાખી દ્યો, હાથીના પગ તળે કચરી નાખો, તમારી તલવારથી મારા ટૂકડા કરી નાખો. એ કપૂતની કૂખ મને સાલે છે-મારા પર કોઇ દયા કરો' એના અવાજથી આખો દરબારગઢ ધ્રૂજી ઉઠ્યો—

ઓચિંતી રણતૂરી વાગી. ટકોરખાનામાંથી મોટી નોબતનો ધણધણાટ આકાશ ભરી દેવા લાગ્યો, દૂર દૂરથી 'હર હર મહાદેવ'નો ભીષણ છતાં ઘેરો ઘોષ ઉઠ્યો—આજે રજપૂતો કેસરિયાં કરવાના હતા. કિલ્લાના દરવાજા ખુલ્લી ગયા અને કેસરરંગી રણશૂરાઓ પહેલવહેલા થવાની હોંશમાં એકમેકને કચરતા, ભીંસતા, નાની કરાડમાંથી ધસતાં નદીનાં પૂર પેઠે મેદાને ચઢ્યા. એ કેસરિયા પૂર વચ્ચે એક કાળો આકાર-કાળાં વસ્ત્ર નજરે પડ્યાં અને ખાઈની ભેખડે ઉગેલાં કમરપૂર ઘાસ વચ્ચે લપાતો છૂપાતો એ આકાર યવન છાવણી તરફ અદૃશ્ય થઇ ગયો.

છાવણીમાં શાન્તિ હતી. આખા દહાડાના યુદ્ધનું પરિણામ બેય પક્ષે અનિશ્ચિત હતું. છાવણીની વચ્ચે રાજશિબિરમાં બે જણાં ઉભાં હતાં. એક તો એ ગાંડી-અને બીજો એનો ગર્વોન્મત્ત વિજયી પુત્ર.

'મા, તને મેં કેટલી ઝંખી છે? એવા દગાબાજ નગરમાં વસવા કરતાં મારી સાથે રહી હોત તો મેં તને રાજસુખમાં રાખી હોત-પણ ખેર, હજુ કંઈ બગડ્યું નથી. એક વાર મારો હાથ આ નગર—"

'એ તો તારી જનમભોમ"-રાજપૂતાણીએ કચવાતાં કહ્યું.

“આખી દુનિયા મારી જન્મભોમ છે-આવાં સાંકડાં મન જોગીને શોભે, રાજ મેળવવા ધારનાર શૂરને નહિ,-એ નગરની દિવાલને જમીનદોસ્ત કરી—”

“પણ એનો પહાણેપહાણો તને ફિટકાર દેશે!”

“એ વાત વહેમીઓને શોભે-પહાણા તે પહાણા.”

“પણ નગરજન શું કહેશે?”

“નગરજન! એ તો વિજયીને પોંખશે-ભૂખમરાથી મરનારને અન્ન સૂઝે, હાર ન સૂઝે!”

'અને તારી રાજપૂતી?”

“જે જીતે તે રજપૂત અને હારે તે લોંકડી; પણ મા-આ ટાણે વાતો શા માટે-મને વર્ષોની ભૂખ ભાંગવા દે-માનો ખોળો

આજે વર્ષો પછી પણ—”

તે બેઠી બેઠી પોતાના ખોળામાં લપાતા ચહેરા સામે જોતી હતી. એનું ઉન્નત માથું નીચું ઢળી પડ્યું હતું. માતાનું હૈયું ધડકતું હતું. એની કાંચળી ભીની થઇ ગઇ હતી. આમ ને આમ રાત વીતી ગઇ. મા એટલે સર્જન, મા એટલે પ્રેમ. મા એટલે બલિદાન. માને ખોળે છોકરાને અભય નહિ મળે તે દહાડે સૂર્ય આથમવાનું છોડી દેશે અને અખંડ ભડકે આ દુનિયાને બાળી નાખશે.

પ્રભાતનાં કિરણોથી નગરના કાંગરા રંગાવા લાગ્યા અને માની નજર એ રંગોમાં ચોંટવા લાગી. દિવાલની પછવાડે એનાં નગરજન ટળવળતાં હતાં. ત્યાં વીર રાજપૂતી રંગે ચઢી હતી. ત્યાં કેસરિયા કરવા જુવાનજોધ ઘોડે ચઢતા હતા. સોહાગણ માતાઓ દીકરાને યશતિલક કરી ઓવારણાં લઇ રહી હતી. કપાળે સૌભાગ્ય-કંકુ શોભાવતી કુમળી વહુઆરૂઓ માંડ માંડ આંખ સૂકી રાખી, પતિદેવની કેડે તરવાર બાંધી રહી હતી. અને એ સ્વપ્નને કડેડાટ તોડતો ઝાંખો ઘેરો પણ ભીષણ ઘોષ રાજપૂતાણીને કાને પડ્યો: ‘હર હર મહાદેવ!’

માને ખોળે પુત્ર સળવળ્યો. માની નજર તો એ નગરને કાંગરે હતી, એના કાનમાં તો પેલો ઘોષજ વિંઝતો હતો. એ ક્ષણે મા શમી ગઇ, રાજપૂતાણી ધગી ઉઠી. એનો દેહ અતુલ બળથી ઉછળ્યો. વીજળીની પેઠે તરવાર ઝબકી અને કપૂતનો દેહ ભોંયે ઢળી પડ્યો.

રાજપૂતી જીતી, માતા હારી.

જ્યારે વિજયી નગરજનોએ રાજશિબિરમાં પ્રવેશ કર્યો, ત્યારે બે નિર્જીવ દેહ અરસપરસને વિંટાઈ પડ્યા હતા. એક દેહ તે પંથભૂલેલા રજપૂતનો, બીજો દેહ તે કપૂતની કૂખનો ડાઘ ટાળતી રાજપૂતાણીનો! (“નાગરીક”ના એક અંકમાંથી)

૭-आपणा आर्य खेडूतनी खासियत

(લેખકઃ-શ્રી. ડાહ્યાભાઇ મનોરભાઇ પટેલ)

સવારના ચાર વાગ્યા હતા, વરસાદ વરસીને બંધ રહ્યો હતો, છતાં વાદળાં વીખરાયાં ન હતાં. ઠેકાણે ઠેકાણે પાણીનાં ખાબોચીઆં ભરાયાં હતાં. તમરાં, દેડકાં અને અન્ય જીવોના અવાજ દિશાઓ ગજવતા હતા.

“ ઉઠ જેહલા ! કૂકડો બોલ્યો છે, ચાર વાગ્યા હશે. ” ડોસાએ બૂમ પાડી.

તાપણું કરી ડોસાએ હુક્કો ગગડાવ્યો. એટલામાં ડોસીમા ઉઠયાં.

“ ઘરડા ! પરભુએ આજ મહેર કરી છે. રામનું નામ લઇને વાવણાં કરો. ”

“ બી તૈયાર કરો ” ડોસાએ ખુંખારો કર્યો.

“ આ કર્યાં જાણો. ”

“ ઉતાવળ કરજો. ”

“ મોટાં વહુ હમણાં ઉઠશે.”

“ હમણાં શું ઉઠશે ? ઉઠાડ, વલોણું તાણવાનું હશે. ” ડોસાએ રાડ પાડી.

“ હાઆઆ, સવાર થતામાં તો પરવારવું જોઇએ.” ડોસીમાએ નમ્ર જવાબ આપ્યો.

ડોસા ઉઠીને દાતણપાણી કરવા લાગ્યા.

ડોસાની રાડ વહુના સાંભળવામાં આવી, અને તેથી બોલાવ્યા વિના ઉઠીને તે બહાર આવ્યાં.

“ વહુ ! હું ભેંસો દોહું છું. તમે દહીં વલોવો, અને—”

“ હા એજ કરૂં છું.” મોટાં વહુએ વચમાંજ જવાબ આપ્યો.

“ અને પછી બી તૈયાર કરો. આજ મેઘરાજાની મહેર થઇ છે.”

વહુએ વલોણું તૈયાર કર્યું, અને જુવાન પતિને જગાડયા.

ઘમ ઘમ ઘમ. જુવાન વરવહુ વલોણું તાણવા લાગ્યાં.

બીજી બાજુ ડોસાની મોટી દીકરી ઉઠી. ડોસીએ એને ઘઉં દળવા બેસાડી.

વલોણાનો ઘમઘમ અવાજ અને ઘંટીનો મધુર ઘોર બાળકોને વધારે મીઠી નિદ્રા આપવા લાગ્યો.

ડોસીમાએ ઢોરના વાડા સાફ કર્યાં, દાણ મૂકયાં અને ભેંસો દોહી.

ડોસાએ બળદને ગવાર મૂકયા. દાતણપાણી કરી સ્નાન કર્યું. એ દરમિયાન અને એ પછી પણ ઈશ્વરનું નામરટન ચાલતું હતું. એક ભજન પણ ગાયું. આળસ ખાતાં બાળકો વધુ મીઠી નિદ્રામાં ઘોરવા લાગ્યાં.

દાતણપાણી કરીને જુવાન દીકરો અને ચાકર ઉંચે મૂકેલાં ખેતીનાં ઓજાર ઉતારવા લાગ્યા. તરફણના બધા પાયા બરાબર બેસાડયા. સમાર અને બળદની જૂસરી પણ ઉતારી.

ઘઉં દળીને ડોસાની દીકરીએ દાતણપાણી કર્યું, સ્નાન કર્યું, સવાર થવાની તૈયારી હતી એટલે બાળકોને જગાડયાં. 'આ ઉઠયો' 'હમણાં ઉઠું છું' એમ બોલતાં બાળકો ઉંઘતાંજ હતાં.

ચાકરે ખાટલા વાડામાં મૂકયા, બળદને પાણી પાયું.

ઉજાસ થયો પણ તે ઉષાનો હતો. ભગવાન સૂર્યનારાયણ હજુ પૂર્વના અદૃશ્ય પ્રદેશમાં હતા. ઉઠવાની ના પાડતાં બાળકો હજુ આળોટતાં હતાં.

દધિમંથન થઇ રહ્યું. વહુએ દેવતા સળગાવ્યો. માખણ તાવી ઘી કર્યું. એટલામાં પરવારીને નણંદ આવ્યાં. નણંદને કંસાર કરવાનો કહી વહુ દાતણ કરવા લાગ્યાં.

ડોસીએ દૂધની ગોરસીઓ ભરી. હજુ બી કોઇ તૈયાર નહોતું કરતું. ' મારા વિના કોને ગમ પડશે ? ' કહી ડોસીએ કોઠીઓ ઉઘાડી. જૂના અનુભવી મગજે દરેક જાતનાં બી સંભારી કાઢયાં.

જુવાન દીકરો નાહી–ધોઇને પરવાર્યો.

વહુએ સ્નાન કરીને પછી નણંદનું અધૂરૂં કામ હાથ લીધું.

હવે સવાર થયું. વાદળાં વીખરાયાં. સૂર્ય ક્ષિતિજ પર આવવાની તૈયારી કરવા લાગ્યો. પૂર્વદિશા વિવિધ રંગોથી પ્રકાશતિ થઇ. આછી આછી વાદળીઓ અવનવી રંગીન સાડીઓ પહેરવા લાગી. ભગવાન સૂર્યનારાયણની સવારી બહુ દૂર નથી એટલાથીજ પૃથ્વીમાં નવચેતન આવવા લાગ્યું. અંધકાર ગરુડરાજની પાંખ કરી પશ્ચિમ દિશામાં નાસવા લાગ્યો. પૂર્વનાં અદ્ભુત સાદૃશ્યોનો પ્રકાશ સર્વત્ર પડવા લાગ્યો. પક્ષીઓ કલ્લોલ કરવા લાગ્યાં.

બાલસૂર્યનાં મૃદુ કિરણો ઝાડની ડાળીઓમાં થઇને ઘરની

બારીમાં પડયાં, ત્યારે બાળકો આળસથી શરીર ફેરવવા લાગ્યાં. ડોસીમાએ બૂમ પાડીને તેમને ઉઠાડયાં.

ડોસા ફરીથી હુકકો ગગડાવતા બેઠા હતા. બાળકો ડોસાને ગળે વિંટળાઇ વળ્યાં.

ડોસીમાએ સ્નાન કર્યું. વૃદ્ધ શરીર ટાઢથી ધ્રૂજતું તાપણા પાસે ગયું. 'બા' અને 'દાદા' ના સંબોધનથી બાળકો તો ગેલ કરવા લાગ્યાં. વૃદ્ધ નયન બાળકોને જોઇ અમી ભરવા લાગ્યાં. તેઓ મુખચુંબન કરવા લાગ્યા; અને ખરબચડા હાથ તેમને શરીરે ફરવા લાગ્યા. બાળકોને મન તો આ સ્વર્ગીય સુખ.

વહુએ ચાકરને ખાવાનું આપ્યું, અને બાળકોને દાતણ કરાવ્યું. ડોસીમાએ તેમને દૂધ પાયું.

ડોસાની દીકરીએ ભાઇને તથા પિતાને કંસાર ખવડાવ્યો.

ક્ષિતિજ પર સૂર્ય દેખાય તે પહેલાં આ બધુ થઇ ગયું. સૌ પરવાર્યાં. બીનાં પોટલાં બંધાયાં. ચાકરે હળ જોડયું. જુવાન દીકરે બળદના અછોડા હાથમાં લીધા. ડોસાએ ચાકરને માથે બીનાં પોટલાં મૂકયાં.

ક્ષિતિજ પર સૂર્ય ડોકીઆં કરવા લાગ્યો, તેના મૃદુ કિરણમાં સૌ સ્નાન કરવા લાગ્યાં.

એટલામાં થાળી લઇને ડોસાની દીકરી આવી. બળદને તથા હળને તેણે ચાંલ્લા કર્યા. શિંગડે નાડુ બાંધ્યું; ભાઇને તથા પિતાને ચાંલ્લા કર્યા, બળદને ગોળ ખવડાવ્યો. સૌને શકનમાં ગોળ આપ્યો, અને કહ્યું: "ફત્તેહ."

"ફતેહ થાઓ અને ઉજળું વર્ષ આવો" ડોસીમાએ આશીર્વાદ આપ્યો.

"જય રણછોડરાયની" કહી ડોસાએ હળ હાંકવા સાન કરી. જુવાન દીકરાએ બળદ ઉપાડયા.

માથું ઝુકાવી 'જય રણછોડરાયની' એ શબ્દો ઝીલતા હોય તેમ-ફતેહના આશીર્વાદ દેતા હોય તેમ-બળદ ઉપડયા.

"ઉગમણી બાજુથી વાવણાં કરવા માંડજો" કહી ડોસા ધીમા ધીમા પાછળ ચાલવા લાગ્યા.

સામો બ્રાહ્મણ મળ્યો. પ્રાતઃકાલના આ રમણીય પ્રસંગે ડોસાએ તેને દક્ષિણા આપી. બ્રાહ્મણે અંતરના આશીર્વાદ આપ્યા: **'स्वस्ती कल्याणम्.'**

દિશાઓ પણ એજ 'સ્વસ્તી કલ્યાણમ્' ઝીલતી હોય તેમ સર્વત્ર તેનો પડઘો પડયો.

આપણા હૃદયમાં અને જીવનમાં પણ એજ **'स्वस्ती कल्याणम्'** વસો.

(મે-૧૯૩૧ના "સાહિત્ય"માંથી)

८–प्रॉफेसरनुं परिवर्तन

(પ્રયોજક:–શ્રી. પી. જે. બી.)

પાટનગરપર અંધકારનાં આવરણો ખસ્યે થોડીજ ક્ષણ વીતી હતી. અરુણના ઉદય સાથે શહેરનો ખળભળાટ પાછો શરૂ થયો હતો. પ્રકાશના પગરવ સાથે શહેર પાછું ઉઠતું હતું. ત્રામનો ટંકારવ, ટેકસીઓનો નાદ અને માનવસમૂહથી થતા અવાજો નિઃશબ્દતાના સાગરમાંથી જાણે પાછા ઉપર ન આવતા હોય તેમ દીસતું હતું.

પ્રકાશના ફેલાવા સાથે પાટનગરના એક પરામાં આવેલા સુંદર ભવનમાંથી પ્રૉફેસર સાહેબ આળસ મરડતા ઉઠયા. તેમણે બૂમ મારી કે 'રામા!' પણ અવાજનો પ્રત્યુત્તર કોઇએ આપ્યો નહિ. માત્ર તેનો પડઘો આખા બંગલામાં છવાઇ રહ્યો.

અધ્યાત્મવાદનાં સુંદર પુસ્તકો લખનાર પ્રૉફેસર સાહેબને જરા નવાઈ લાગી. ફરી જોરથી બૂમ મારી અને એ પછી એથી પણ જોરથી બૂમ મારી. 'રામા' 'રામા' એવી બૂમોથી આખો બંગલો ગાજી રહ્યો. પ્રૉફેસર સાહેબ તો એકદમ ગુસ્સામાં આવી જઇને રામા પર ગાલીપ્રદાન વર્ષાવતા વર્ષાવતા ઉભા થયા; ઉપર જઈ આવ્યા; નીચે જઇ આવ્યા; આગળ ગયા; પાછળ ગયા; પણ નોકરનું ન હતું નામ કે નિશાન. તે બહાર ગયો હશે એમ કલ્પના કરી પ્રૉફેસર સાહેબ આરામખુરશી ઉપર બેઠા અને એક કલાક થયો, બે કલાક થયા, ત્રણ કલાક થયા પણ પ્રૉફેસર સાહેબનો નોકર જરાયે દેખાયો નહિ.

'સાલો નાસી ગયો' એમ કહી તેઓ કોટ પહેરીને બંગલામાંથી બહાર આવ્યા.

સ્ટેશન તરફ

અધ્યાત્મવાદના ચિંતનમાં મશગુલ રહેતા પ્રૉફેસરને દુનિયાની જરાયે પરવા પડી ન હતી. જગતમાં શું ચાલી રહ્યું છે તે જાણવાની તેમને જરાયે જિજ્ઞાસા ન હતી. તે અને તેમનું પુસ્તકાલય. નવેમ્બર માસ હોવાથી વિદ્યાલયો લગભગ બંધ હતાં, એટલે અવારનવાર

શહેરમાં જવાનો પ્રસંગ પડતો તે પણ છેલ્લા માસથી ન હતો. પ્રૉફેસર તો તેમના ચિંતનમાં મશગુલ હતા.

હવામાં લાકડી વિંઝતા પ્રૉફેસર પરાંની શેરીઓમાં ફરવા લાગ્યા. રસ્તામાં તેમને જરાયે નવીનતા જણાઇ નહિ. પણે લોકલ ગાડીઓ ચાલતી હતી. પણે ટેકસીઓ ફરતી હતી. પણે શાળામાં છોકરાં શીખવા જતાં હતાં. બધું એમને સ્વાભાવિકજ લાગતું હતું. વિશ્રામગૃહો અને આરામગૃહો હમેશની માફક આજે પણ ઉઘાડાં હતાં.

સ્વાભાવિકતાના વાતાવરણમાં સૂર પુરાવતા હોય તેમ પ્રૉફેસર સાહેબ પાછા આત્મા અને પરમેશ્વરના અજ્ઞેય સંબંધ સંબંધી વિચાઁરવમળમાં પડયા.

પણ બાર વાગતાં ક્ષુધાએ પ્રૉફેસરને સંતાપ આપવો શરૂ કર્યો. પાસેના વિશ્રાંતિગૃહમાં જઇને જરા ખાધું. અને પાછા પ્રૉફેસર ચિંતનમાં પડી ગયા. બુદ્ધિ, મન અને આત્માના અરસપરસ સંબંધની અકળામણને ઉકેલવા માટે પ્રૉફેસરે તેમની તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ કરવા માંડયો.

હમેશની ટેવ પ્રમાણે પાછા પ્રૉફેસરે શેરીઓનું પર્યટણ આરંભ્યું. હમેશ મુજબ તેઓ આજે પણ સ્ટેશન પર આવ્યા. અને ત્રીજા વર્ગની 'વેઇટિંગ રૂમ'નાં દર્શન કરવાં ન પડે તેટલા માટે આજે પણ સીધા બીજા ક્લાસના વેઇટિંગ રૂમ તરફ વળ્યા.

હમેશની માફક તેમણે આજે પણ આ જગ્યાનું બારણું ઉઘાડયું. હમેશની માફક આજ પણ તેમણે આશા રાખી હતી કે, ત્યાં સ્વચ્છ કપડાંવાળા શિષ્ટ શહેરીઓ બેઠા હશે.

બારણું ઉઘાડતાંજ તેમાંનું દૃશ્ય જોઇને પ્રૉફેસર ચોંકીને પાછા પડી ગયા; કારણ કે આજનો દેખાવ કંઇક નવીનજ હતો.

વેઇટિંગ રૂમમાં

સેકંડ ક્લાસની વેઇટિંગ રૂમમાં જે કેટલાક મનુષ્યો વિચારણા કરી રહ્યા હતા તેમનો પોશાક જરાયે સારો ન હતો. અને અજાયબી તો એ હતી કે, પ્રૉફેસરનો નોકર ત્યાં પ્રમુખ જેવો થઇને બેઠો હતો.

પોતાના નોકરને જોતાંજ પ્રૉફેસર હમેશ મુજબ અકળાઇ ગયા કે 'તું ક્યાં મરી ગયો હતો?'

નોકર એકદમ આગળ આવ્યો—"પ્રૉફેસર સાહેબ! હવે હું તમારો નોકર નથી. હવે હું શહેર પંચાયતનો પ્રમુખ છું. જ્યારે તમો તમારા બંગલામાં અધ્યાત્મવાદના અક્ષરો ઉકેલવામાં પડયા

હતા, ત્યારે શહેરમાં વર્ષોની તૈયારી પછી કામદારોએ ધનવાનોના પ્રપંચી તંત્રને ઉથલાવી પાડવા માટે પ્રબળ મોરચા માંડયા હતા. આ ઉથલપાથલમાં ખેડુતો અને બીજાઓની મદદ વડે અમોએ એ તંત્રને ઉથલાવી પાડયું અને આજે આમવર્ગનો વાવટો ફરકે છે.

પ્રૉફેસર સામે પ્રહાર

પછી લોકસમૂહને ઉદ્દેશીને તેમણે કહ્યું કે, બંધુઓ! આ તેજ પ્રૉફેસર છે કે જેઓ હમેશાં આપણાં બાલકોને એમ શીખવતા કે, ભાઇ! પ્રભુ કરે તે ખરૂં! તેઓ અધ્યાત્મવાદનો આશરો લઇને કામદાર સમૂહનાં બાલકોને શીખવતા કે, તમારી ગરીબી તો તમારા પૂર્વજન્મના પાપને લીધે છે.

કામદાર બંધુઓ! આપણે એ બધું આજે જમીનદોસ્ત કર્યું છે. તેમણે શીખવેલા તત્ત્વજ્ઞાનના આપણે ટુકડા કરી નાખ્યા છે. આપણને ભણાવેલા અવળા પાઠને આપણે અળગા કર્યા છે."

પ્રૉફેસર તો જાણે સ્વપ્ન ન નિહાળતા હોય તેમ સ્તબ્ધ બનીને ઉભા રહ્યા. નિરક્ષર ગણાતા નોકરે જાણે તેમના મગજ પર સખ્ત ફટકો લગાવ્યો હોય તેમ તે દિગ્મૂઢ બની ગયા.

ઇસ્પિતાલમાં

પછી પ્રૉફેસર જાગ્યા ત્યારે કાંઇ જુદુંજ વાતાવરણ હતું. સ્ટેશનની વેઇટિંગ રૂમ દીસતી ન હતી, તેમ ત્યાં બેઠેલા શહેર પંચાયતના સભ્યો દીસતા ન હતા તથા તેમનો નિરક્ષર નોકર પણ દેખાતો નહિ.

અહીં તો વાતાવરણ જુદુંજ હતું. પણે સ્વચ્છ કપડાં પહેરેલી નર્સ ફરતી હતી. પણે ડૉકટરો ફરતા હતા. પાસેના ખાટલા પર એક બીજો દર્દી આરામ લેતો હતો. આ દર્દીને દવા આપવામાં નર્સ રોકાઇ ગઇ હતી.

પ્રૉફેસરે આંખ ઉઘાડી અને કંઇક શબ્દ બોલવા યત્ન કર્યો. તેમના તરફ નર્સનું ધ્યાન જતાં તે ત્યાં આવી. પ્રૉફેસરને ચેતનાત્મક દવા પાઇ. પ્રૉફેસરે પડખું ફેરવ્યું.

દિવસો જતાં પ્રૉફેસર સાજા થઇ ગયા, અને પછી પ્રૉફેસરે પોતાના ઘર પર જવાની તૈયારી કરી. વડા દાક્તર પાસે રજા માગી અને રજા પણ મળી.

પંચાયતની આજ્ઞા

પણ એકાએક ત્યાં શહેર પંચાયતના પ્રમુખનો પત્ર આવ્યો. પત્ર વાંચીને પ્રૉફેસર ફરી વિચારમાં પડી ગયા. પ્રૉફેસરને મળેલા પત્રમાં લખવામાં આવ્યું હતું કે–

શહેરી પ્રૉફેસર! તમો શહેરના નિવાસી હોવાથી, તેમજ

તમો શિક્ષિત હોવાથી તમારી સમાજ પ્રત્યેની જવાબદારી બહુ મોટી છે. આ જવાબદારી હજુ સુધી તમોએ જરાયે અદા નથી કરી. તમારા પૂર્વજીવનમાં તમોએ ધનવાનોની સંસ્કૃતિને ટકાવવામાં સહાય આપી છે. ઉથલપાથલ થતાં સુધી તમોએ ઈશ્વરનાં ગીત ગાયાં છે, અને અધ્યાત્મવાદનાંજ પોથાં ઉકેલ્યાં છે.

તેથી શહેરની પંચાયત એવા અભિપ્રાયની છે કે, તમોને પાછા કેળવણી મંડળમાં દાખલ કરી શકાય તેમ છે નહિ. અમારી નવી સંસ્કૃતિ અને નવા આદર્શોને અનુરૂપ શિક્ષણ આપવાની તમારી શકિત નહિ હોવાથી શહેર પંચાયતની સમિતિ તમોને કેળવણીની દિશામાં કોઇ પણ પ્રકારની જવાબદારી આપવા ઇચ્છા રાખતી નથી.

તેમજ તમારૂં મકાન જે પહેલાં પણ લોકસેવાર્થે હતું તે ઇસ્પિતાલના ઉપયોગને માટે વાપરવાની શહેર પંચાયતની ઇચ્છા હોવાથી તમોને આજ્ઞા કરવામાં આવે છે કે, તમારે કોઇ પણ પ્રકારનો વિરોધ કર્યા સિવાય આ મકાન શહેર પંચાયતની ઇસ્પિતાલ કમિટિને સોંપી દેવાનું છે.

તેમજ તમારૂં પુસ્તકાલય પણ મુખ્યત્વે પ્રજાકીય ઉપયોગનું હોવાથી તે પુરાતત્ત્વ મંદિરને સોંપાય એમ શહેર પંચાયત સમિતિની ઇચ્છા છે. માટે શહેર પંચાયતની પુરાતત્ત્વ કમિટિને તમારે આ પુસ્તકાલયનાં સઘળાં પુસ્તકો સોંપી દેવાં. આ કામ બદલ શહેર પંચાયત તમોને આ પુરાતત્ત્વ મંદિરના પુસ્તકાલયનો ઉપયોગ કરવાને માટે પરવાનગી આપે છે.

તેમજ તમારા બંગલામાં જે કંઇ ફરનિચર હોય તે ફરનિચર પણ સાર્વજનિક હોવાથી શહેર પંચાયતની એવી ઇચ્છા છે કે, આ ફરનિચર પણ ઇસ્પિતાલના ઉપયોગમાં લેવું. આથી તમારે ફરનિચર શહેર પંચાયતની ઇસ્પિતાલ કમિટિને સોંપી દેવાનું છે.

તેમજ તમારા માટે શહેર પંચાયતની એવી સૂચના છે કે, તમોને હાલ કામ આપવાનું અશકય હોવાથી તમોને 'એક બેકાર' તરીકે ગણવામાં આવશે. અને તમારા ભોજન અને રહેઠાણ માટે તમારે 'બેકારગૃહ'ની મદદ લેવી જોઇએ. અહીં તમને દરેક પ્રકારની સગવડ મળે તેટલા માટે પૂરતું ધ્યાન આપવામાં આવશે.

તેમજ શહેર પંચાયતની સમિતિ તમોને સૂચવે છે કે, બેકાર તરીકે મદદ મેળવવા તમો ના પાડશો તો પછી તમારો કામ મેળવવાનો હક્ક આપોઆપ જતો રહેશે.

પ્રમુખ-શહેર પંચાયતની સહી.

શહેર પંચાયતના પ્રમુખનો પત્ર વાંચી પ્રૉફેસર તો ઊંડા વિચારમાં ઉતરી ગયા. તેમની માનસિક શાંતિ તૂટી ગઇ. સદાવ્રતખાનાની કલ્પનાથી તેઓ કકળી ઉઠયા. તેમણે તેમના જીવનભરમાં સદાવ્રતખાનું જોયું ન હતું.

તેમણે સદાવ્રતનું નામમાત્ર સાંભળ્યું હતું, અને એવા કોઇક ફંડમાં પૈસા ભર્યા હતા.

ઉથલપાથલ પછી આ પહેલો અનુભવ હતો. શહેર પંચાયતે તેમનું મકાન જપ્ત કર્યું અને પુસ્તકાલય લઇ લીધું. શ્રીમંતોની સંસ્કૃતિના ગુણ ગાનાર પાસેથી તેમની આવકનું સાધન લઇ લેવાથી સામાન્ય માનવસમુદાયમાં તેમને સરખું સ્થાન મળ્યું.

સદાવ્રતમાં

નસીબવાદ અને અધ્યાત્મવાદમાં માનતા આ પ્રૉફેસરે પહેલાં તો સદાવ્રતખાનાનો આશ્રય લેવા ના પાડી. એક દિવસ શેરીઓના સ્વાભાવિક પર્યટણમાં પૂરો થયો, પણ આ બાજુ ક્ષુધાનું જોર વધવા લાગ્યું. બીજે દિવસે તો તેમને કકડતી ભૂખ લાગી. આખરે પેટની આગે પ્રૉફેસરને તે તરફ વળવાની ફરજ પાડી.

એ દિવસની કકડતી ભૂખને લીધે લચકાતા લચકાતા પ્રૉફેસર આખરે સદાવ્રતની સમીપ પહોંચ્યા. તેમને ત્યારેજ ભાન થયું કે 'અન્ન એ શી વસ્તુ છે.' અન્ન ઉત્પાદનને પ્રભુની લીલા સમજનાર આ વ્યક્તિને ત્યારેજ ખબર પડી કે, સામાજિક રચના પ્રમાણે અન્ન દરેકને માટે સહજ નથી. સુંદર મકાનોમાં વસનાર આ પ્રૉફેસરને ત્યારેજ ખબર પડી કે, 'સદાવ્રત' એ શબ્દ જગતનાં અનેક ભૂખ્યાંઓ માટે કેટલો આનંદજનક છે! કકડો રોટલો અને મુઠ્ઠીભર ચોખાનું મહત્ત્વ તેમને તે ક્ષણે સમજાયું.

પણ પૃથ્વી પર આવડી વિશાળ સંખ્યા ભૂખમરો કેમ ભોગવે છે તેનાં મૂળ કારણોની ચર્ચા કરવાને બદલે પ્રૉફેસરને લાગ્યું કે, જો સદાવ્રતખાનાની સંખ્યા વધારવામાં આવે તો પૃથ્વીના ભૂખમરાનો ભયંકર પ્રશ્ન ઉકેલાઇ જાય. ટૉલ્સ્ટોયની માફક તેમને પણ કલ્પના થઇ કે, જો જગતમાં ગરીબોને દરરોજ થોડા પૈસા આપવામાં આવે તો ગરીબાઇ નાશ પામે.

પણ પ્રૉફેસરની એ કલ્પના તરતજ તૂટી પડી; કારણકે શહેર પંચાયતે સ્થાપેલા સદાવ્રતની બહારજ લખેલું હતું કેઃ—

શહેરીઓને!

આપણા શહેરના આશ્રય તળે વસનાર દરેક વ્યક્તિ પાસેથી

આશા રાખવામાં આવે છે કે, તે ઉત્પાદનના કાર્યમાં પોતાનો ફાળો આપશે. આ ક્ષણે દરેક શહેરીએ પોતાને સ્થાને ઉભા રહેવાનું છે એ ન વિસરીએ.

છતાં જે શહેરીઓને કામ આપવામાં શહેર પંચાયત નિષ્ફળ નીવડયું હોય, તેઓને પણ કામ કરતાં શહેરી જેટલીજ સગવડ, સુખ અને હક્ક હોવા જોઇએ. કારણકે કામ કરવાની ઇચ્છા છતાં કામ ન મળી શકે તેવી વ્યક્તિઓને સંરક્ષવાની જવાબદારી સમાજની છે.

ભૂતકાળમાં જે બેકારોને ભૂખે મારવામાં આવતા, તેમને માટે કામ શોધવાની જવાબદારી હવે સમાજ સ્વીકારી લે છે.

દરેક બેકારને કામ માટે સગવડ થતાં તરતજ કામ આપવામાં આવશે. ત્યાંસુધી તેમને માટે અહીં સર્વ પ્રકારની સગવડ થશે.

પ્રમુખ, શહેર પંચાયત

આ નવા પ્રકારની નોટિસ વાંચીને પ્રૉફેસર પાછા અજાયબીમાં ઉંડા ઉતરી ગયા. તેઓ શીખ્યા હતા કે, બેકારી એ દરેક વ્યક્તિના આળસનું પરિણામ છે. પણ નવી સંસ્કૃતિ તેમને શીખવાડતી હતી કે, બેકારી એ મૂડીવાદી સમાજરચનાનું એક સીધું પરિણામ છે અને સમાજવાદી સંસ્કૃતિ સ્થપાતાં તે આપમેળે અદૃશ્ય થાય છે.

સદાવ્રતમાં પ્રૉફેસરને નિવૃત્તિની જરૂર જોઇને તેમને એક ઓરડો બહાર કાઢી આપવામાં આવ્યો. બધાની માફક તેમની પણ કાળજી લેવાતી. પ્રૉફેસર આખરે સદાવ્રતમાં રહેવા લાગ્યા.

દિવસો અહીં મહા મુસીબતે વીતવા લાગ્યા. કામ વગરના જીવનથી પ્રૉફેસરમાં અકળામણ ઉપજવા લાગી.

આખરે પ્રૉફેસરે કંઇક નિર્ણય કર્યો, અને શહેર પંચાયતના પ્રમુખની ઑફિસ તરફ પગલાં વાળ્યાં.

'કામ આપો'

શહેર પંચાયતના પ્રમુખની ઑફિસ માનવોથી ઉભરાઇ જતી હતી. કામદારોની આવજાવ અતિશય હતી; કારણ કે શહેરની પુનર્રચના ચાલતી હતી. ક્ષણે ક્ષણે નવી આજ્ઞાઓ બહાર પડતી હતી. જૂની સમાજરચનાને સ્થાને નવી સંસ્કૃતિની સ્થાપના કરવા માટે પૂરવેગથી કામ થઇ રહ્યું હતું. નવા આદર્શોને મૂર્તિમંત કરવાને માટે, અને નવું જીવન સ્થાપવા માટે મહાન યત્નો થતા હતા. આજે ઉદ્યોગો પર સમૂહમાલિકી સ્થાપવામાં આવી હતી. શેઠ-સમુદાયનો નાશ કરવામાં આવ્યો હતો, એટલુંજ નહિ પણ તેમની પાસેથી દરેક પ્રકારના હક્ક લઇ લેવામાં આવ્યા હતા.

સમાજવાદી શાસન એક હાથે શ્રમજીવીઓના શત્રુઓને સંહારતું હતું. ત્યારે બીજી બાજુ સમાજવાદના સિદ્ધાંતો ઉપર નવું આલીશાન મકાન ઉભું થતું હતું. પ્રૉફેસર આ ઉછળતા તરંગોની નીચે જોઇ શકતા નહોતા. મહાસાગરનાં તોફાન જેમ ક્ષણિક હોય છે, તેમજ તેઓ માનતા કે આ તોફાનો પણ ક્ષણજીવી છે. આથી એ નવીનતા ખાતર, અને કામ વગરના જીવનની અકળામણ મટાડવા ખાતરજ પ્રૉફેસર આજે આ બાજુ વળ્યા હતા.

તે સીધા શહેર પંચાયતના પ્રમુખ પાસે ગયા અને તદ્દન ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું કે "મને કામ આપો!"

પ્રૉફેસરની આ અચાનક માગણી સાંભળી પ્રમુખ મહાશય ક્ષણવાર વિચારમાં પડી ગયા. પોતાના પૂર્વપરિચયને પ્રતાપે તેઓ જાણતા હતા કે, પ્રૉફેસર વિચારક છે; તો પણ જૂની મૂડીવાદી સંસ્કૃતિના પૂજક હોવાથી તેમને કેળવણીનું કામ આપી શકાય તેમ હતું નહિ. પણ પ્રૉફેસરની આ માગણી જોતાં તેમણે આખરે કામ સોંપનાર કમિટિના સરનશીન પર એક પત્ર લખી આપ્યો.

પ્રૉફેસર આ પત્ર લઇને સીધા તે સરનશીન પાસે પહોંચ્યા. પ્રૉફેસરનું સશક્ત શરીર જોઇને આ સરનશીને કહ્યું કે, હાલમાં અમો તમને બૌદ્ધિક કામ તો આપી શકીએજ નહિ; છતાં જો તમોને શારીરિક કામ કરવાની આકાંક્ષા હોય તો અમો સ્ટેશન પર હેલકરીનું સ્થાન આપવા તત્પર છીએ.

પ્રૉફેસર તો મક્કમ નિર્ણયથી આવેલા એટલે તેમણે હા પાડી.

'પગાર કેટલો મળશે?' પ્રૉફેસરે પૂછ્યું.

'દરેક કામદારને જેટલો મળે છે તેટલો.'

'તમોને કેટલો પગાર મળે છે ?' કંઇક કુતૂહલતાથી પ્રૉફેસરે પૂછ્યું.

'તમો જેટલું મેળવશો તેટલોજ પગાર મને અને અહીંઆં દરેકને મળે છે!'

સરખા પગારનાં નવાં સૂત્ર સાંભળી પ્રૉફેસર સાહેબે કંઇક ચમકીને પૂછ્યું કે 'આમ કેમ?'

સવાલનો વિગતવાર જવાબ આપવાને બદલે પેલા સરનશીને 'સમાજવાદ'નું એક પુસ્તક પ્રૉફેસર તરફ ફેંક્યું.

પ્રૉફેસરે પુસ્તક ઉપાડીને સ્ટેશન તરફ વિદાય લીધી.

સ્ટેશન પર

શહેર પંચાયત નવું સ્ટેશન બાંધી રહી હતી. પહેલાં લશ્કરી

દૃષ્ટિબિંદુએ સ્ટેશનો બાંધવામાં આવતાં. આજે લોકહિતની દૃષ્ટિએ નવાં સ્ટેશનો બાંધવાની શરૂઆત થઈ હતી.

આવા એક નવા સ્ટેશન પર હેલકરીનો પાસ લઇ પોષાક બદલી પ્રૉફેસર ઉભા રહ્યા. સ્ટેશન પર તેમને પણ બીજાની માફક કામ સોંપવામાં આવ્યું. પ્રૉફેસર પણ શારીરિક શક્તિ સારી હોવાથી ઝપાટાબંધ કામ કરવા લાગ્યા.

કામદાર વર્ગના જીવને તેમના ઉપર નવી અસર ઉપજાવવા માંડી. શારીરિક કામે તેમના દૃષ્ટિકોણમાં દિશાપલટો કર્યો, કામદાર વર્ગના સહવાસે તેમનામાં નવા જીવનની સ્થાપના કરી.

કંઇક કુતૂહલતાથી પ્રૉફેસરને તેમના બંધુ કામદારોના પૂર્વ-જીવનને જાણવાની જિજ્ઞાસા ઉપજી. તેથી તેમણે સ્વાભાવિક રીતેજ તેમના સાથીદારને પૂછ્યું કે 'સમાજવિપ્લવ પહેલાં તમારી શી સ્થિતિ હતી?'

પેલાએ કહ્યું કે 'ભાઇ! હું તો સેન્ટ્રલ પર એક હેલકરી હતો. ભાગ્યે એક રૂપિયો મને મળતો. તે વખતે ગંદી ચાલીમાં મારે રહેવું પડતું. આજે સમાજપરિવર્તન પછી મારી સ્થિતિ એકદમ બદલાઈ ગઇ છે. હવે આપણા બધાનું એક મંડળ છે. અહીં આપણને સ્ટેશન માસ્તર જેટલોજ પગાર મળે છે. કારણ કે આપણે અને તે બન્ને સરખા ઉપયોગી છીએ. તમો તો કંઇક ભણેલા લાગો છો, એટલે તમોને મારા કરતાં વધુ ખબર. મને તો એટલીજ ખબર છે કે, સમાજવાદની સ્થાપના પછી આપણા જીવનને વિકાસવાની તક મળી છે.'

પેલા કામદારે તો પછી કલાક સુધી સમાજવાદના સિદ્ધાંતો ઉપર પ્રવચન કર્યું, પણ પ્રૉફેસરને તેમાં કંઇ રસ પડયો નહિ. પ્રૉફેસર તો સાંભળીજ રહ્યા. સ્ટેશન પર તેઓ હેલકરીના ધંધાનો સારો અનુભવ લઇ રહ્યા હતા, એટલે પેલા કામદારે સ્વાભાવિક રીતે સામોજ પ્રશ્ન કર્યો કે "ભાઇ! સમાજપરિવર્તન પહેલાં તમો શું હતા?"

'હું?' પ્રૉફેસર સાહેબને આ સવાલ પુછાતાં તેમને એકાએક પોતાનું પાછલું જીવન યાદ આવ્યું.

પ્રૉફેસર તરતજ હસી પડયા. પોતાના પાછલા જીવન પરનો પડદો ન ખસેડવાના નિર્ણયને વળગી રહીને તેમણે જવાબ આપ્યોઃ

"ભાઇ! હું પણ તારા જેવોજ કામદાર હતો. માત્ર મારી દિશા જુદી હતી. કામ જુદું હતું."

નવા યંત્રના શોધક

પ્રૉફેસર આમ દિવસ વીતાવવા લાગ્યા. એક ક્ષણે તેમને વિચાર ઉત્પન્ન થયો કે, આ મહેનત ઓછી કેમ કરવી? ઉતારૂઓના પ્રચંડ સામાનને સ્ટેશનની બહાર મૂકવામાં લગભગ સો જેટલી વ્યક્તિઓ આજે રોકાઇ ગઇ હતી. પ્રૉફેસરને વિચાર થયો કે, એવું કંઇ યંત્ર શોધાય કે જેથી આ સામાન ખસેડવામાં સરળતા પડે તો કેવું સારૂં?

ફિઝિકસનું એક પુસ્તક લઇને તેઓએ રાત્રે વાંચવા માંડયું.

મહિનાઓ સુધીની સતત મહેનત પછી પ્રૉફેસર નવા મશીનને શોધવામાં સફળ થયા.

મશીનની શોધ સાથે શહેર પંચાયતે તેના પર અખતરા કરવાનું શરૂ કર્યું. વૈજ્ઞાનિકોએ આ મશીનની કુશળતાનાં વખાણ કર્યાં. નવા સ્ટેશન પર આ નવા મશીનને મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

પ્રૉફેસર હવે ખરેખરા કામદાર જેવા બની ગયા હતા. નવા મશીનની શોધે તેઓ જોઇ શકતા હતા કે, આ કામ એકદમ સરળ અને સહજ થઇ પડશે. માત્ર પાંચજ કામદારોથી ચાલતા આ મશીન વડે તેઓ જોઇ શકતા હતા કે, હવે લગભગ ૮૦ જેટલા કામદારોને નિવૃત્તિ મળશે.

નવા મશીનની શોધે શહેર પંચાયત સમિતિ માટે નવો પ્રશ્ન ઉભો કર્યો. જો અત્યારનીજ સ્થિતિ ચાલુ રાખવામાં આવે તો ૯૦ ટકા જેટલા કામદારો માટે કંઇજ કામ ન હતું.

કેટલાય દિવસો સુધી વિચારણા કરી શહેર પંચાયત સમિતિએ પણ નિર્ણય કરી નાખ્યો. અને નવા મશીનને સામુદાયિક પ્રમાણ ઉપર ગોઠવવાની આજ્ઞાઓ અપાઇ. સ્ટેશન પર નવા મશીનને બંધબેસતાં યંત્રો ગોઠવાવા લાગ્યાં. યંત્ર ઉપજાવનાર ફેકટરીને નવું કામ મળ્યું. નવું મશીન ખુલ્લું મૂકવાનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

પરિવર્તન

આજે સ્ટેશન પર ધ્વજાઓ બાંધવામાં આવી હતી. આજે વાવટાઓ ફરકતા કરવામાં આવ્યા હતા. આજે ફૂલો વડે આખા સ્ટેશનને શણગારવામાં આવ્યું હતું. કારણ કે આજે નવા યંત્રનો ઉપયોગ ખુલ્લો મુકાનાર હતો.

સમય થતાં બધાજ બરાબર આવી ગયા. હેલકરી સમુદાય પણ આવીને ઉભો હતો અને તેમના મંડળના અગ્રણીઓએ લાંબી મસલત કરી હતી. અને કંઇ સારા સમાચાર પ્રસરી જવાથી તેઓ ખૂબ આનંદમાં આવી ગયા હતા.

પછી નવું યંત્ર ખુલ્લું મુકાયું. ખુલ્લું મૂકતાં શહેર પંચાયતના પ્રમુખે કહ્યું કે 'કામદાર બંધુઓ! આનંદો કે આજે એક કામદાર આ યંત્રનો ઉપયોગ આપણને શીખવાડે છે. આનંદો કે, આજે આપણી કામ કરવાની પદ્ધતિ સરળ બનતી જાય છે, આનંદો કે આજે આ નવા યંત્રની મદદથી તમને સરસામાન ખસેડવામાં ખૂબ સહાય મળશે. કામદારો! આનંદો કે, આ શોધ સમાજવાદી શાસનમાં થઈ છે. જો આજથી પચાસ વર્ષ પહેલાં થઇ હોત તો આજે હેલકરીઓ હોત નહિ. કેમકે સંપત્તિવાનો આ શોધનો ઉપયોગ કરી ઓછા હેલકરી રાખત. પણ આપણે નવી સંસ્કૃતિ સ્થાપીએ છીએ તેથી આ આખીયે શોધ હવે આપણે આપણા સર્વના હિત માટે ઉપયોગમાં લાવવાની છે. આથી અમો જાહેર કરીએ છીએ કે, કામદારોના કામ કરવાના કલાકો ઘટાડીને આ શોધનો ઉપયોગ કરવાની હેલકરી કામદારોની સૂચના સ્વીકારતાં અમોને ખૂબ આનંદ ઉપજે છે અને આજથી દરેક હેલકરીને માત્ર બેજ કલાક કામ કરવું પડશે. કામદારો! આનંદો. કારણ કે આ યંત્રના શોધક આજે સંપૂર્ણ હૃદયપલટો પામવા શક્તિમાન થયા છે. અહીં અનેકને ખબર નહિ હોય કે, તમારી સાથે હેલકરીનું કામ કરતા આ કામદાર બંધુ (પ્રૉફેસર તરફ અંગુલિનિર્દેષ કરીને) સમાજપરિવર્તન પહેલાં એક પ્રૉફેસર હતા. અને પેલા આલીશાન મકાનમાં સંપત્તિવાનોની સંતતિને શીખવાડતા હતા. આવા એક પ્રૉફેસર આપણા નવા આદર્શો ઝીલી શકે, એ જાતની તેમની શક્તિ જોઇને આપણે તેમને વંદન કરીએ છીએ.'

"હેં પ્રૉફેસર હતા?" એક કામદારે બીજાને પૂછ્યું.

"કેટલું પરિવર્તન!" બીજાએ આનંદ સાથે ઉમેર્યું.

("નવયુગ"ના એક અંકમાંથી થોડા ફેરફાર સાથે)

१–कामदारजीवननी करुण कथा

(લેખકઃ–શ્રી. મજૂર)

'એક હો જાઇએ, કામદાર લોક એક હો જાઇએ.' ઘૂઘવાતો સાગર ગર્જે તેમ વ્યાસપીઠ પરની ઉંચાઇ ઉપરથી ધુલાખાને ગર્જના કરી. આકાશેથી પડઘો પડયો ' કામદાર લોક ! એક હો જાઇએ.' સમૂહમાંથી શબ્દ ઉઠયો ' એક હો જાઇએ, કામદાર લોક ! એક હો જાઇએ. '

"બિરાદરો ! કલસે અપની ખાણમેં માત્ર પાંચ ઘંટા તલકજ કામ હોનેવાલા હૈ. યહી બાત તો આપ સબ બિરાદરોં કો અચ્છી તરહસે માલૂમ હો ગયી હૈં. ઇસિકા જવાબ કહાં હૈ......"

ક્રોધિત જ્વાળામુખીમાંથી લાવા વહે તેમ ધુલાખાનના મુખમાંથી ધગધગતા શબ્દો નીકળવા લાગ્યા.

અને વનમાં અંગાર પડતાં જેમ દાવાનળ સળગી ઉઠે તેમ તિરસ્કાર અને વેરના વહ્નિથી સમૂહ સળગી ઉઠયો.

૧—બીજે દિવસે

'કાલથી અડધું કામ થશે.'

'પણ ભૂખ કાંઇ ઓછી અડધી લાગવાની છે ?'

'કણીઆના કાવડીઆનું શું ?'

'કહે છે કે વાણીઆઓએ આ ખબર સાંભળી વ્યાજના દરમાં વધારો કર્યો છે.' સમૂહમાંથી શબ્દ સંભળાયા. વીજલમાં આવેલી કોલસાની ખાણના વ્યવસ્થાપકોએ આર્થિક મંદીના ઓઠા નીચે કામના કલાકો ઓછા કરવાનો નિર્ણય કર્યો હતો. લોકસમૂહનાં ટોળે ટોળાં ફરી ફરીને નોટિસમાં લખેલા એ કાળા અક્ષરો વાંચતાં હતાં. આ રહી તે નોટિસઃ–

કામદારોને—

વિશ્વમાં વ્યાપેલી ભયંકર આર્થિક મંદીના પ્રતાપે આપણી ખાણમાંથી ઉત્પન્ન થતો કોલસો ખપાવવો અશકય બન્યો છે. આ

ઉપરથી સત્તાવાળાઓએ એવો નિર્ણય કર્યો છે કે, ખાણ માત્ર પાંચજ કલાક ખુલ્લી રાખવામાં આવશે.

પહેલી ઑગસ્ટથી આ નિર્ણય અમલમાં મૂકવા ડાયરેકટરોએ કરેલી ભલામણને અનુસરીને વ્યવસ્થાપક મંડળ કામદાર સમૂહને જણાવવાને ઇચ્છે છે કે, એ તારીખથી ખાણમાં કામ કરવાના કલાક ઘટાડી પાંચ કલાક કામ કરવામાં આવશે. —વ્યવસ્થાપક

૨-નોટિસ પછી

નોટિસરૂપે કામદારોને અડધા ભૂખે રહેવાનું આમંત્રણ હતું. આ નોટિસ તે તેમનાં બાલકોના દૂધને અટકાવવાની આજ્ઞા હતી. આ નોટિસ તે કામદાર સ્ત્રીઓને માટે સંતાપની સીધી ભેટ હતી.

ક્યાં જઈશું? કેમ કરીશું? શું થશે?

કામદાર સમૂહના માનસમાં આ સવાલો જોરથી ઘોળાયા કરતા હતા. તેમની આંખો ઉંડી હતી તેથી પણ વધુ ઉંડી ઉતરવા લાગી. તેમના શરીરનું રક્ત વધુ વેગથી સુકાતું ચાલ્યું. ચિંતાના ભારથી તેમની કેડ વધુ વાંકી વળતી ગઇ.

માત્ર ધુલાખાને દર્શાવેલો માર્ગ કંઇક આશાજનક હતો. અંધકારમાં એજ એકમાત્ર આશાનું કિરણ હતું. દુઃખી કામદારો માટે અત્યારે આશ્વાસનનો આ એકજ તાંતણો હતો.

પહેલી ઑગસ્ટની સવાર પડી. ખાણનું એન્જીન ધપધપ ચાલુ થયું, કામદારોને આમંત્રતી કારમી સીસોટી વાગી.

'હડતાલ?' એન્જીનિયરે પ્રશ્ન પૂછ્યો.

'હડતાલ?' દ્વારપાળે સવાલ કર્યો.

'હડતાલ' વ્યવસ્થાપકના ટેલીફોન પર શબ્દ પહોંચ્યો.

વ્યવસ્થાપકની આ અન્યાયી આજ્ઞા સામે સામુદાયિક સામનાનું આ તો માત્ર પહેલું પગથિયું હતું.

૩-વેરવૃત્તિ

સમૂહના સામના સામે મૂડીવાદીથી ન ટકાયું. કામદારોના કામ કરવાના કલાકોની વાત પડતી મુકાઇ. નફાના લાલચુ ડિરેકટરોની આ કત્લેઆમની યોજના અસફળ નીવડી; પણ ધુલાખાન માટે આ વિજય ન હતો. તેને તો કામ પરથી રજા મળી. અને સંગઠન કરવાના ગુન્હા બદલ શહેરના રસ્તા ઉપર રખડતો થઇ ગયો.

મૂડીવાદ અનેક માર્ગે વ્યવસ્થિત રીતે વેર લે છે. ધુલાખાનને આ પહેલો અનુભવ હતો. ધુલાખાન આ દુષ્ટ ભાવનાનો પહેલો ભોગ થઇ પડયો.

માત્ર એકજ વ્યક્તિ માટે હડતાલ પાડવાની કામદારોમાં ન હતી તમન્ના કે તાકાત. તેથી પરિણામ એ આવ્યું કે, ધુલાખાન શેરીઓમાં ભમતો બન્યો.

પણ ધુલાખાન બહાદૂર હતો. તેનામાં સ્વર્ગીય ભાવના ખીલી હતી. કામદાર વર્ગના હિતને માટે સર્વસ્વ અર્પણ કરવાની તેનામાં તમન્ના હતી. તેણે ડર રાખ્યા વગર ઝૂઝવા માંડયું.

ધુલાખાનની પત્ની પણ ઉપવાસથી સુકાતી ચાલી. અન્નના સાંસાએ આ વીર હૃદયને પણ વ્યાકુળ કરી નાખ્યું. કામ શોધવા તે બહાર પડયો.

પણ ધુલાખાનને કયાં ખબર હતી કે, મુડીવાદનું વેર કળવકળથી વ્યવસ્થિત હોય છે?

કોઇ પણ કારખાનાવાળાએ તેને કામ આપવા ના પાડી. કોઇ પણ મેનેજરે તેને કામ ઉપર લેવા જરાયે મરજી ના બતાવી.

અને રસ્તામાં તેના જેવા બેકારોનાં મોટાં ટોળાં રખડતાં હતાં. એક મિલથી બીજી મિલ...એક ખાણથી બીજી ખાણ...એક ફેકટરીથી બીજી ફેકટરીએ જતાં તેના પગમાં સોજા આવી ગયા......

બેકારીનાં ભયંકર દુઃખ ધુલાખાન ભોગવવા લાગ્યો.

× × × ×

એક મોટી લાકડાં કાપવાની ફેકટરીમાં તેને જગ્યા મળી. જગ્યા નાની, પગાર માત્ર પંદર રૂપીઆ! ધુલાખાનને લાગ્યું કે, કંઇ નહિ તો રોટલો અને મીઠું તો મળશે.

દિવસો વીત્યા અને અડધું વર્ષ પસાર થવા આવ્યું.

ધુલાખાન સવારના ઉઠીને કામ પર ગયો. મેનેજરનો માણસ ધુલાખાનની રાહ જોઇનેજ ઉભો હતો.

'મેનેજર તમોને બોલાવે છે.'

આ ટુંકા શબ્દોએ ધુલાખાનના હૃદયમાં ખૂબ વસવસો પેદા કર્યો.

'તમારૂં નામજ ધુલાખાન કે?'

'હાજી.'

'પેલી ખાણના કામદારોમાં તમેજ ભાષણ કરેલું કે?'

'હાજી.' 'અને હજુ મજૂર ચળવળમાં તમો ભાગ લો છો કે?'

'હાજી'

'ઠીક. આ મહિનાનો પગાર લઇ લો. મારી ફેકટરીમાં આવા ધાંધલિયાઓની જરૂર નથી!'

દલીલ કરવી નકામી હતી.

પંદર રૂપિયા હાથમાં લઇને ધુલાખાન પાછો રસ્તામાં આવ્યો.

એ ચળકતા સિક્કાઓ સામે તેણે ક્ષણવાર જોયું. આટલામાંથી તો મહિનો ચાલે તેટલું અનાજ આવી શકે તેમ હતું. આટલામાંથી તે દૂધ લઈ શકતો હતો, ચહા પી શકતો હતો.

રખે કોઇ ઝુંટવી લેશે એમ માની તેણે પોતાની અશક્ત મુઠીમાં પૈસા ખૂબ જોરથી દબાવીને દોટ મૂકી.

બેકારોના મોટા ટોળામાં એક જણનો ઉમેરો થયો. આ શોકજનક ઘટનાને દૂરથી નિહાળતો માત્ર કરાળ કાળ હસતો હતો.

તેનું જીવન એક સનાતન દર્દના ખંડકાવ્ય સમું બની ગયું.

આખરે એક કાગળના વેપારીને ત્યાં ધુલાખાનને નોકરી મળી. આ વેપારી છાપાંઓ વાંચતો નહિ હોવાથી ધુલાખાનને આશા હતી કે, કદાચ તે તેને નહિ કાઢી મૂકે.

પણ આ આશા પણ નિષ્ફળ નીવડી, મૂડીવાદના કૂતરાઓ સૂંઘતા સૂંઘતા આ વેપારીના ઘર સુધી આવ્યા. અને વેપારીના કાનમાં ફૂંક મારી કે–

‘ધુલાખાન તો મજૂરોનો માણસ છે, જબરો ધાંધલિયો છે. તમારી દુકાનમાંજ સળવળાટ કરશે...કાઢી...મૂકો’...

શેઠને લાગ્યું કે ચળવળને ઉગતી દાબવી હોય તો ચળવળકારને કચડી નાખવો જોઇએ. આવી સોનેરી શિખામણની તે અવગણના થાય ?

ધુલાખાન પાછો રસ્તા પર આવ્યો અને ભૂખ અને સંતાપ છતાં દિવસો વહેતા ગયા. સમય વેગથી વહેતો ગયો અને ધુલાખાનને એક પછી એક જગ્યાએથી રજા મળતી ગઇ.

ક્ષુધાના સંતાપ સહેવાની પણ સીમા હોય છે. પ્રાણીઓ પણ ભૂખે ટળવળે છે. તરુઓ પણ પાણી વિના સુકાઇ જાય છે તો ધુલાખાન તો માનવ હતો.

× × × ×

શહેરની કોરોનરની કોર્ટ બેઠી હતી. રસ્તામાંથી રખડતા એક શબને ટેબલ પર મૂકયું હતું.

તેના ગજવામાંથી એક કાગળ મળી આવ્યો હતો. તેમાં માત્ર એટલુંજ લખ્યું હતુંઃ ‘મૂડીવાદ! તારી વેરની ભઠ્ઠી ઉપર હું મારૂં બલિદાન આપું છું.’

(“નવયુગ”ના એક અંકમાંથી)

१०–वंकाजीभाइनुं सरामणुं

(લેખક:-શ્રી. દાલચીવડા)

(૧)

"ભગત ! છોકરાઓમાં શું છે ?"

"પટેલ ! પ્રભુનો દીધો વંકાજીભાઇ આંગણે ઉભો છે, રાજકુંવરથી પણ રૂપાળો નખરાળો વંકાજીભાઇ જ્યારથી જન્મ્યો છે ત્યારથી મને અને ઘરમાં સંતોખ વળી ગયો છે."

મટપુરનો દેવો કુંભાર તથા દેશળ વાવનો કુરો પટેલ મંગલપુરથી હટાણું કરીને પોતપોતાને ગામ સાથે જવા નીકળ્યા. મટપરનો દેવો કુંભાર પોતાના પંથકમાં પ્રભુનો માણસ ગણાતો.

દેવાએ સાઠ સાઠ દિવાળી વીતાવી હતી; પણ હજુ સુધી ઘેર ઘોડિયું બંધાયું નહોતું. દેવાને પ્રભુમાં શ્રદ્ધા હતી એટલે જે દિ પ્રભુને ગમશે તે દિ ઘેર ઘોડિયું બંધાતાં વાર નહિ લાગે, એ વિચારો એણે વર્ષો સુધી પોષ્યા હતા. એના નાતીલાઓએ એને બીજું ઘર કરવા ઘણીયે વાર સમજાવ્યો, પણ અભણ કુંભારે ભણેલાઓને શરમાવે તેવો દાંપત્યપ્રેમ દાખવી એકપત્નીવ્રત પાળ્યું હતું.

કુંભારણને ઘોડિયું બાંધવાના કોડ હતા. દોરા, ધાગા, મંતર, જંતર, ધંતર કંઇ કંઇ કરી નાખ્યાં, પણ પ્રભુ ન ત્રુઠયો તે ન જ ત્રુઠયો.

મટપુરના એક બ્રાહ્મણનો દીકરો કાશીએથી પંડિત થઇને આવ્યો. કુંભારણે એ પંડિતનાં પગલાં કુંભારવાડે કરાવવા ભગતને સમજાવ્યા. કુંભારણની સાથે ભગતને પણ જોશી ઉપર આસ્થા હતી એટલે એ યુવાન પંડિત ચાખડીએ ચઢીને ભગતને ઝુંપડે આવ્યો. ગ્રહની કુંડળી કરતાં કરતાં એ અલેલટપ્પુ પંડિતે કુંભારને આંગણે ઉભેલાં ગધેડાં જોયાં, તેમાં એક ગધેડાનું બચ્ચું આ કાશીએ ભણી આવેલા બ્રાહ્મણપુત્રને બહુ ગમ્યું. એણે કુંભારણ અને કુંભારને પાસે પાસે બેસાડી કાનમાં વાત કીધી કે, એમને ત્યાં પુત્ર ગધેડારૂપે જન્મી ચૂકયો છે. કુંભારે ખુશી થતાં થતાં એ પુત્રને ઓ-

ળખાવી આપવાની હાથ જોડીને જોશી મહારાજને અરજ ગુજારતાં પંડિતજી મહારાજે પેલું ગધેડાનું બચ્ચું બતાવ્યું અને એનું નામ વંકોજીભાઇ રાખવાની ગ્રહકુંડલી કરી આપી.

બિચારો ભોળો ભલો કુંભાર અને કળજુગ વગરની કુંભારણે વંકોજીભાઇને વહાલ કરવું શરૂ કર્યું. એને પાપડીઆ ખારાથી નવડાવે, એના પગમાં રૂપાની ઝાંઝરી પહેરાવે અને ઘણી-ઘણીઆણી એને રોટલો ખવરાવીને પછી પોતે ખાય. વંકોજીભાઇનાં દર્શન ન થાય ત્યાંસુધી ભગતને સુખ ન વળે.

આજે મંગલપુરથી હટાણું કરીને દેશળવાવના કુરા પટેલ સાથે પાછા ફરતાં વંકાજીભાઇની વાત નીકળી એટલે ભગતનું પિતૃવાત્સલ્ય ઉભરાઇ ગયું અને જલદી ઘેર આવવાની જિજ્ઞાસા જાગી.

“પટેલ! આજે તો મટપર હાલો, બહુ દિવસથી આવ્યા નથી.”

(૨)

પટેલ અને કુંભાર મટપરને પાદર આવ્યા. ત્યાં કુંભારણ નદીએ નાહીને રોતી રોતી ચાલી આવતી હતી. પોતાની ઘરવાળીની આ સ્થિતિ જોઇ કુંભારને ચિંતા ઉપજી અને ઉતાવળે પગલે તે પટેલ સહિત કુંભારણ પાસે આવી પહોંચ્યો.

“કેમ શું થયું?” કુંભારે ઉતાવળથી પૂછ્યું.

જવાબમાં કુંભારણે ધડપીટ કરી મૂકી અને ‘હાય વંકોજીભાઇ હાય’નું રાજીયાગીત મટપરના પાદરમાં ચઢાવ્યું.

જવાબમાં કુંભારે પણ મોટો ખૂંખવો મૂકયો. વંકોજીભાઇ રે વંકોજી!

કુંભાર ભગતનો એકનો એક લાડકવાયો ગુજરી ગયાની ખબર સાંભળી કુરો પટેલ પણ દુઃખી થયો. ડૂસકાં ભરતા કુંભારનો હાથ પકડી કુરો કુંભારવાડે આવ્યો.

રડી રડીને કુંભારણે આઠ દિવસ સુધી આંખોનાં પોપચાં સુણુવી નાખ્યાં. નવમે દિવસે પેલા યુવાન પંડિતને બોલાવી કુંભારે વંકોજીભાઈ પાછળ શું વિધિ કરવી એની હાથ જોડીને સમજણ માગી.

“વંકોજીભાઈના ગ્રહ બહુ મોટા હતા, પણ જીવાત્મા બહુ વિકાસવાળો એટલે આ દેહમાં ટકી શકયો નહિ.” પંડિતજીએ પાંડિત્ય ચલાવ્યું.

“પણ મહારાજ! હવે શું કરવું ઇ અમને કહો.”

“હવે વંકાજીભાઇનું પાકું સરામણું કરો. ગયાજી અને

સિદ્ધપુર આને માટે સારાં સ્થળ છે."

"બાપુ! સિદ્ધ બધાય હાલ્યા ગયા ઇ સાચી વાત, પણ વંકાજીભાઇનું સરામણું કઇ રીતે કરવું એ સમજાવો." ગયાજી અને સિદ્ધપુરનાં નામ સાંભળી કુંભારે પૂછ્યું.

કુંભારની અજ્ઞાનતા જોઇ માંખિયું મારતા આ પંડિતને મોઢું વધુ ગળ્યું કરવાનું મન થયું.

"જુઓ ભગત! વંકાજીભાઇનું પાકું સરામણું કરો."

"કેટલી કોરી બેસશે માબાપ?"

"ચાર વીસું કોરીનો ઓછામાં ઓછો ખરચ કરવો જોઇએ; તો ફરીથી વંકાજીભાઇ હવે ગર્દભશરીર છોડીને પાછું મનુષ્યશરીર ધારણ કરશે."

શ્રદ્ધાળુ દેવા કુંભારે વંકાજીભાઇનું પાકું સરામણું કર્યું, અને માખિયું મારતા મહારાજને મહિના દિવસની ખોરાકી મળી ગઇ.

કુંભારે વંકાજીભાઇના માનમાં દાઢી, મૂછ, માથું બધું બોડાવી નાખ્યું.

રાતે વાળંદ દેવા ભગતને ત્યાં ભજન સાંભળવા આવ્યો. ભગતરાજનું મૂછ વગરનું સફાચટ મોઢું જોઇ વાળંદને કોણ મરી ગયું છે એ જાણવાની ઇંતેજારી થઇ.

"ભગત! મૂછ કોને આપી?"

"વંકાજીભાઇને" ભગતે ખાટલામાં સૂતાં સૂતાં ટૂંકો જવાબ આપ્યો.

(૩)

"વંકાજીભાઇ વખતે રાજનું કોઇ મોટું માણસ હશે, એમ ધારી વાળંદે કુંભારને કંઇ પણ પૂછ્યા વિના બીજી સવારે પોતે પણ દાઢીમૂછને સફાચટ કરી દીધી. ગામડામાં મૂછ ઉતરાવે એટલે તુરત પ્રશ્ન થાય કે, કોણ મરી ગયું? વાળંદ સવારે તલાટીની દાઢી કરવા ગયો ત્યારે તેને મૂછ ન જોતાં તલાટીથી પૂછી જવાયું કે–

"એલા રામલા!! કોણ મરી ગયું?"

"સા'બ આપને ખબર નથી?!"

"ના."

"સા'બ વંકાજીભાઇ ગુજરી ગયા."

તલાટીએ જાણ્યું કે, રાજાને રાણીઓની સંખ્યા મોટી છે. એકાદ રાણીનો ભાઇ વખતે ગુજરી ગયો હોય અને એનું નામ વંકાજીભાઇ હોય એ બનવાજોગ છે અને રાજાનો સાળો ગુજરે એટલે

રાજના બધાય નોકરે મૂછ મુંડાવવીજ જોઇએ, એ વિચારે તલાટીએ પણ ટીકરના પાદર જેવું મોઢું કરી નાખ્યું.

બપોરે ઉતારામાં મસુદીએ તલાટીનું મોઢું સફાચટ જોતાં પૂછ્યું:

" સાકરલાલ ! કોણ ગુજરી ગયું ?"

" સાહેબ ! આપે કંઇ સાંભળ્યું નથી ?"

" કેમ ! ? "

" વંકાજીભાઇ ગુજરી ગયા ! "

મસુદીએ પણ તલાટીના જેવીજ કલ્પના કરી અને બીજી સવારે એમણે પણ મૂછો કઢાવી નાખી.

મસુદી બીજી સાંજે કારભારી પાસે એક તુમારમાં સહી કરાવવા ગયા. મસુદીનું મૂછોવિહોણું મુખડું નિહાળી કારભારી ચોંક્યા.

" કેમ વેણીશંકર ! કોનો શોક પાળ્યો ? "

" સાહેબ ! આપ જાણીને દિલગીર થશો કે, વંકાજીભાઇ ગુજરી ગયા."

આ વંકાજીભાઈ કોણ હશે ? એની કલ્પના તો કારભારીને થઈ ન શકી. પણ પોતે રાજમાં દરેક વસ્તુથી પરિચિત હોવાનો ડોળ રાખતા હતા, એટલે વંકાજીભાઇ ગુજરી જવાના ખબર સાંભળી જાણે રાજનો કોઇ ભાયાત મરી ગયો હોય એવા દુઃખથી એણે મસુદી સામે જોયું.

" વેણીશંકર બહુ ભારે થઇ."

બીજી સવારે કારભારી સાહેબે પણ મોઢું સફાચટ કરાવ્યું.

કારભારીને જરૂરના કામે રાજાએ રાજમહેલમાં બોલાવ્યા. ધોળી પાઘડી અને મૂંડાવેલે મોઢે કારભારીને જોતાં રાજાને અચંબો થયો.

" કેમ ! કોણ ગુજરી ગયું ? "

" નામદારને ખબર હશે કે, વંકાજીભાઇ વૈકુંઠમાં પધાર્યા."

કારભારી આગળ પોતાની હુંશિયારી રાખવાની હોંસવાળા આ રાજવી પહેલાં તો વંકાજીભાઇ કોણ હશે, એની વિમાસણમાં પડયા; પણ પછી એમને લાગ્યું કે, છ રાણી છે એમાંની કોઇનો ભાઇ ગુજરી ગયો લાગે છે અને એ માટેજ કારભારીએ શોક પાળ્યો છે.

બીજી સવારે રાજાજીએ પણ દાઢીમૂછ મુંડાવી નાખ્યાં.

બપોરે રાજાનાં માનીતાં રાણીએ ભોજનથાળ પીરસીને રાજાના ઓરડામાં આવવા માંડ્યું ત્યાં તો રાજાજીનું મુખ મુંડાવેલું જોયું. ભોજનથાળમાં મિષ્ટાન્ન હતાં એટલે રાણી ગુપચુપ પાછી ફરી અને થાળ બદલાવી ભોજનમાં ખીચડી અને કઢી લઇને રાજા પાસે આવ્યાં.

" કૃપાનાથ ! કોને આ માન આપ્યું છે ?" રાણીએ રાજાની

મૂછ તરફ આંગળી ચીંધી.

“ વંકાજીભાઇને. ”

રાણી બે ઘડી વિચારમાં પડી ગઇ. વંકાજીભાઇ કોણ ? રાજાનો શું સગો થાય ? જો ભાયાતભાયાત થતો હોય તો દરબારગઢમાં દશ દિવસ શોક પાળવો જોઇએ. આ દૃષ્ટિએ રાણીએ રાજાજીને પૂછયું.

“ વંકાજીભાઇ કિયા ? ”

“ ઇ મને ખબર નથી. ”

“ ત્યારે મૂછો કઇ રીતે આપી ? ”

“ કારભારી સાહેબના કહેવાથી આપી. ”

“ તો બોલાવીને પૂછો કે વંકાજીભાઇ કોણ ? એટલે રીતસર શોક પાળવાની તજવીજ કરાય. ”

રાજાએ તુરત કારભારીને બોલાવ્યો. કારભારી આવતાં રાણીની હાજરીમાં રાજાએ પૂછયું: “ આ વંકાજીભાઇ કોણ ? ”

“નામદાર! મને એ ખબર નથી. મેં તો મામલતદારની પાસેથી એ ખબર સાંભળી.”

રાજાની જિજ્ઞાસા વધી. તુરત મામલતદારને રાજમહેલમાં તેડાવ્યો.

મામલતદાર રાજાના આવા ઉતાવળા તેડાથી ગભરાયો અને હાથ જોડી ઉભો રહ્યો.

“ભલા, આ વંકાજી કોણ ? તમે મૂછો કોને આપી ? ”

“બાપુ ! એ તો ભાઇએ મૂછો આપી એટલે મેં પણ આપી.”

રાજાને હવે ગુસ્સો ચઢયો.

“ આ કિયા પ્રકારનું અંધેર. બોલાવો તલાટીને ! ”

રાણીએ રાજાનો પિત્તો ઉછળેલો જોયો.

“ કોઇના પર ગુસ્સે થાઓ એ પહેલાં વિચાર કરજો કે, આપે શા માટે તપાસ કર્યા વગર આવું પગલું ભર્યું ? ” રાણીએ રાજાને ટાઢો પાડયો.

તલાટી આવીને અદબસર ઉભો રહ્યો. રાજાએ એની સાથે વાત કરવા કારભારીને કહ્યું.

“તમે આ મૂછો કોને આપી ? ” કારભારીએ રૂવાબમાં તલાટીને પૂછયું.

“વંકાજીભાઇને” તલાટીએ ધ્રૂજતાં ધ્રૂજતાં ઉત્તર આપ્યો.

“ વંકાજીભાઈ કોણ ? ”

“ વંકાજીભાઇ કોણ ઇ તો મૂળિયો વાળંદ જાણે મને તો એણે ખબર આપ્યા.”

"બોલાવો એ મૂળિયા વાળંદને પાંચ વડીએ બાંધીને" રાજાએ ત્રાડ પાડી.

"મૂળિયો વાળંદ કેદીની સ્થિતિમાં દરબારગઢમાં દાખલ થયો.

"મૂળિયા ! આ વંકાજીભાઈ કોણ ?" કારભારીએ પૂછ્યું.

"સાહેબ ! ઇ તો દેવો કુંભાર જાણે. મેં તો એ નામ એની પાસેથી સાંભળ્યું છે."

રાજાની જિજ્ઞાસા હવે ખૂબ તીવ્ર બની. તુરત દેવા કુંભારને બોલાવવાની આજ્ઞા થઇ. દેવો રામ રામ કરતો દરબારમાં આવ્યો.

"એલા ભગત ! આ વંકાજીભાઇ કોણ ?" રાજાએ પોતે ઉતાવળમાં પૂછ્યું.

"બાપુ ! ઇ તો મારા ગધેડાનું નામ હતું."

દેવાની વાત સાંભળીને રાણી તો ખડખડાટ હસી પડી.

"અને ગધેડાને તેં મૂછો આપી ?"

"બાપુ ! મારે ઘેર દીકરો નહોતો તે એ ગધેડાને મેં દીકરો કરી રાખ્યો હતો. એનું નામ વંકાજીભાઇ પાડ્યું હતું. એ બિચારો મરી......"

"અરે ! મરી ભલે ગયો, પણ તેં મૂછો શા માટે મુંડાવી ?"

"દરબાર ! એ તો મેં વંકાજીભાઇનું સરામણું કર્યું. એટલે મૂછો મુંડાવવી પડી."

"વંકાજીભાઇનું સરામણું ?" હવે તો રાજાને પણ હસવું આવ્યું.

× × × × ×

આ આખીએ કથા દરબારગઢમાં દાટી દેવા રાજાએ અને કારભારીએ બહુ બહુ પ્રયત્નો કર્યા, પણ વાયે વાત પ્રસરી ગઇ અને ત્યારથી જ્યાં જ્યાં પટેલ હોય ત્યાં "વંકાજીભાઇનું સરામણું છે" એવી લોકકહેવત પ્રચલિત થઇ ગઇ. આ જગત એ પણ વંકાજીભાઇનું સરામણુંજ છે ના ?

("શારદા"ના એક અંકમાંથી)

११-शिवाजीनुं अश्रुबिन्दु

(લેખકઃ-શ્રી. ધનશંકર હીરાશંકર ત્રિપાઠી)

આ નાનકડી વાર્તા, મહારાષ્ટ્રમાં ભગવો ઝુંડો ફરકાવનાર શિવાજી મહારાજના વખતની છે.

સ્થાન—શિવાજી મહારાજના દક્ષબાહુ તાનાજી મલુસરે, જેને માટે તેમણે કહ્યું હતું કે “ગઢ આલા પણ સિંહ ગેલા” તેનું જન્મસ્થાન નાનું સરખું ઉમરાઠે ગામ છે.

એ ગામમાં એક નાની ઝુંપડીમાં બિછાનામાં સુમારે આઠ દશ વર્ષનો એક છોકરો સૂતેલો છે અને તેની પાસે તેટલીજ ઉંમરનો એક બીજો બાળક બેઠેલો છે. સૂતેલા બાળકે પૂછ્યું કે “આપણા મહારાજાના રાજ્યાભિષેક વખતે તું રાયગઢ જઈશ કે રાયબા ?”

બેઠેલો બાળક જેને ‘રાયબા’ તરીકે સંબોધીને પ્રશ્ન થયો હતો તેણે કહ્યું: “બાજી! મારા પિતા સરદાર હતા એટલે હું તો દરબારમાં જઈશજ. અહા! એ રાજ્યારોહણપ્રસંગ જોવાનો જેને લાભ મળશે તેનાં ધન્યભાગ્યજ ગણાવાનાં! સરદાર, માનકરી, શિલેદાર, કિલ્લેદાર, કારીગર, બારગીર વગેરે સર્વ જુદી જુદી જાતના મોટા લોકો તેમાં આવશે અને દરેક જણને તેમના માનમરતબા પ્રમાણે અનુક્રમે શિવાજી મહારાજ પાસે જઈને મુજરો કરવાનું માન મળશે. એટલુંજ નહિ પણ જેઓ શૂરવીર અને સત્કીર્તિવાળા મોટા લોકો હશે તેમને મહારાજાને સ્વહસ્તે તલવાર ભેટ અપાશે. વધારે શું કહું, બાજી! એ વખતનો દેખાવ જોવો, એ તો ભાગ્યશાળીનુંજ ભાગ્ય!”

આ સાંભળીને બિછાને પડેલા છોકરાએ નિસાસો નાખ્યો. રાયબાએ તેને પૂછ્યું: “કેમ બાજી! શા માટે નિસાસો નાખે છે?”

બાજીઃ “અરેરે! મારૂં નસીબ કેવું ફૂટેલું છે કે મને એ પ્રસંગ જોવા મળનાર નથી!”

રાયબાઃ “તું અપંગ છે એટલે તારાથી ત્યાં આવી શકાય નહિ એજ તારૂં દુઃખ છે ને?”

બાજી—“ના, એ એટલુંજ દુઃખ નથી. રાયબા! તું પ્રસિદ્ધ

શૂરવીર પિતાનો પુત્ર છે. તારા પિતાથી આજે મહારાષ્ટ્રમાં એક નાનું બાળક પણ અજાણ નથી. તારા સ્વર્ગસ્થ પિતા તાનાજી મલુસરેને કોંડનો કિલ્લો સર કરવાનું મહારાજાએ સોંપ્યું તેમાં તેઓ પડયા, પણ કિલ્લો તેમણે મહારાજાને જીતી આપ્યો તેથીજ મહારાજાએ તે કિલ્લાનું નામ સિંહગઢ પાડયું અને વળી ઉદ્‌ગાર કાઢયા કેઃ-"ગઢ તો મળ્યો પણ સિંહ ગયો." મહાષ્ટ્રનો પ્રત્યેક બાળક આ વાત જાણે છે. આવા યશસ્વી પિતાનો તું પુત્ર એટલે તું દરબારમાં જઇ શકે. કાંઇ મારાથી મારા પિતાની ઓળખાણ આપીને પણ જઇ શકાશે ?"

રાયબા—"એમ કેમ બોલે છે ? તારા સ્વર્ગસ્થ પિતા હૈબતરાવ હેટકરી કાંઇ ઓછા શૂરવીર ન હતા. પન્હાળાનો કિલ્લો તેમણેજ પોતાના બાહુબળથી શિવાજી મહારાજને અપાવ્યો હતો. મહારાજાએ તારા પિતાની એ સેવા યાદ લાવીને તને પણ રાજ્યાભિષેકના દરબારમાં બોલાવવો જોઇએ."

બાજી--"રાયબા ! એજ દુઃખ છે કે, મને નિમંત્રણ નથી."

રાયબા આ સાંભળીને વિચારગ્રસ્ત થઇ ગયો. બાજીએ કહ્યું: "ભાઇ! તું રાજ્યદરબારમાં જવા ભાગ્યશાળી થઇ તારી જાતે મહારાજાને મુજરો કરીશ, તો હું અહીં રહ્યો રહ્યોયે કલ્પના કરીને ખરા અંતઃકરણથી મહારાજાને મુજરો કરીશ, એમનું દીર્ઘાયુષ્ય ઇચ્છીશ અને તેઓશ્રી આખા ભારતવર્ષ ઉપર રાજ્ય ચલાવી વધારે ને વધારે કીર્તિ મેળવે એમ પ્રભુ પાસે પ્રાર્થના કરીશ."

રાયબાએ આ સાંભળીને તેને શાબાશી આપતાં કહ્યું: "ધન્ય છે બાજી ! સ્વામીભક્ત હૈબતરાવનો પુત્ર પણ તેવોજ સ્વામીભક્ત છે, એથી મને આનંદ થાય છે. મિત્ર ! તારા દિલમાં રાજ્યાભિષેકનો દરબાર જોવાની બહુ ઇચ્છા છે એમ તો હું જોઇ શકું છું, પણ તું અપંગ અને બિમાર છે તેમજ તને નિમંત્રણ પણ નથી; આ બે મુશ્કેલીઓને લીધે હવે શું કરવું તેની મને સમજ પડતી નથી. પણ તે છતાં તારૂં હિત કરવાની મને અંતરથી લાગણી ઉપજે છે. જો તું કહેતો હોય તો હું હમણાંજ શિવાજી મહારાજ પાસે જાઉં અને તેમને તારી હકીકત નિવેદન કરી દરબારમાં તને નિમંત્રણ પણ અપાવું-"

બાજી--"દોસ્ત! એટલી બધી તસ્દી લેવાની જરૂર નથી. ખુદ પોતાની ઇચ્છાથી મહારાજાએ મને નિમંત્રણ આપ્યું હોત તો આનંદ થાત. આ તો માગી લીધા જેવું થાય, અને દરબારમાં હું

આવું તોપણ મારાથી બેસી શકાય નહિ. હાય કિસ્મત્! તારી આગળ હું લાચાર છું!"

આ નાના બાળકની આંખમાંથી એ વખતે ચોધાર આંસુ નીકળી પડયાં. એનું હૃદય શિવાજી મહારાજ માટે ખેંચાતું હતું, પણ તે અપંગ હતો-બિમાર હતો. દરરોજ તેને બપોર પછી તાવ આવતો, તેના હાથ અને પગ ખોડા હતા. બિચારો! નસીબના ધાથી ઘવાયેલો અંતઃકરણની ઇચ્છા પૂરી કરી શકતો ન હોવાથી રડે નહિ તો બીજું શું કરે? રાયબા તેની સ્થિતિપર વિચાર કરવા લાગ્યો, આખરે તેને એક યુક્તિ સૂઝી. તેણે બાજીને કહ્યું: "લે, હું તને કાગળ, ખડીઓ અને કલમ આપું છું. હું લખાવું તેમ એક પત્ર લખ. પછી બીજી વાત."

બાજીને તેણે લખવાની સામગ્રી આપી અને લખાવ્યું; "પરદુઃખભંજન ગૌબ્રાહ્મણ પ્રતિપાલ મહારાજા શિવરાયની પવિત્ર સેવામાં સાષ્ટાંગ પ્રણામ સહિત નિવેદન કે આપનો રાજ્યારોહણ નિર્વિઘ્ને પરિપૂર્ણ થાઓ—"

બાજીએ રાયબાને કહ્યું: "હવે તું ન બોલીશ. શું લખવું તે હું સમજી ગયો." પછી "એણે તે પત્રમાં, પોતાના હૃદયમાં દરબારમાં આવવા કેવી ઇચ્છા હતી પણ પોતે અપંગ હોવાથી કેવો લાચાર હતો; અને તે છતાં પોતે મહારાષ્ટ્રીઓના સાચા ઉદ્ધારક સ્વામી પ્રત્યે કેવો વફાદાર છે, એ બધું લખ્યું તથા છેવટે અંતઃકરણપૂર્વક પ્રભુને પ્રાર્થના કરી કે સમસ્ત ભારતવર્ષમાં તમારો ભગવો ઝુંડો ફરકે અને પૃથ્વીના ચક્રવર્તી નરેશ તરીકે તમે પંકાઓ, એવી બુદ્ધિ અને શક્તિ પ્રભુ તમને આપે. છેવટે લખનાર તરીકે-'આઠ વર્ષનો એક ગામડીઓ બાળક' એમ લખ્યું.

(૨)

રાયબા બાજીનો પત્ર લઇને ત્યાંથી વિદાય થયો. તેના દિલમાં એમ હતું કે મહારાજ શિવાજી પાસે જાતે જઇને હું તે પત્ર આપી આવીશ. તે જેવો પોતાના ઘરમાં પેઠો કે તરતજ શેલારમામા (તાનાજી મલુસરેના મામા) જેમનું વય ૮૦ વર્ષનું હતું તેઓ સામા મળ્યા. તેમણે કહ્યું કે "રાયબા, હું તને કયારનો શોધતો હતો. તું કયાં ગયો હતો? ચાલ, આપણે મહારાજા પાસે જવાનું છે."

રાયબાએ જવાબ દીધો: "મારા એક ગરીબ મિત્રને ત્યાં હું ગયો હતો. તે બિચારો રોગી છે. તેને મહારાજાનો રાજ્યાભિષેક દરબાર જોવો છે પણ મુસ્કેલી એ છે કે તેને નિમંત્રણ નથી."

ફ. ૭

શેલારમામાએ પૂછ્યું: "કોણ છે તારો એ ગરીબ મિત્ર?"

રાયબા: "મર્હુમ હૈબતરાવ હેટકરી જેણે પન્હાળાનો કિલ્લો સર કર્યો હતો તેનો પુત્ર બાજી."

શેલારમામાએ કહ્યું: "ચાલ હું તને તેને સારૂ નિમંત્રણ પત્રિકા અપાવું. પછી તો તું રાજી થઇશને?"

રાયબા: "પણ તે એવો રોગી છે કે તેનાથી ચાલીને અવાય તેમ નથી."

શેલારમામા: "તો તેને માટે વાહન મોકલાવીશું."

રાયબા: "પણ તેને દરરોજ બપોરે તાવ આવે છે. તેના હાથ અને પગ ખોડા છે, બિચારો! કેવી રીતે દરબારમાં બેસી શકશે?"

શેલારમામા: "ભાણાભાઇ, એ તો મોટી મુશ્કેલીની વાત! હું શું કરૂં? એને વિષે આપણે વધુ શું કરી શકીએ?"

રાયબા: "મામા, એ છોકરાએ એક પત્ર મહારાજા ઉપર લખી આપ્યો છે. તે તેમને પહોંચાડીએ તો?"

શેલારમામા: "મહારાજા પણ શું કરી શકવાના હતા? બિચારા છોકરાનું પણ કમનસિબ! હૈબતરાવની સેવાઓ મહારાજ વિસર્યા નથી. આ દરબારમાં તેના છોકરાને એક જાગીર આપવામાં આવનાર છે એમ પણ સાંભળ્યું છે."

રાયબા: "મામા, જો એ વાત ખરી હોય તો મને મારા નાના મિત્રનો પત્ર મહારાજાને આપવા દેશો? એનો પત્ર સ્વામિભક્તિથી છલ્લોછલ્લ છે. એનું નાનકડું હૃદય એ પત્ર લખવામાં તેણે ઠાલવી દીધું છે."

શેલારમામા: "એમ? લાવ જોઉં, તે પત્ર કયાં છે?"

રાયબાએ મામાને પત્ર આપ્યો અને તેમણે પોતે તે પત્ર શિવાજીને આપવાનું માથે લીધું.

(૩)

જ્યેષ્ઠ સુદ દ્વાદશીનો દિવસ હતો. આવતી કાલે ત્રયોદશીને દિવસે મહારાજા શિવાજીનો રાજ્યાભિષેક થનાર છે. સમારંભની પુષ્કળ તૈયારીઓ ચાલી રહી છે. દ્વાદશીને દિવસે શેલારમામા અને રાયબા શિવાજી મહારાજને મળવા ગયા. વાતમાંથી વાત નીકળતાં શેલારમામાએ રાયબાનો પત્ર હજુરના પાદારવિંદમાં રજુ કર્યો. શિવાજી મહારાજે તે વાંચ્યો અને વિસ્મિત થઇ, વિચાર કરી, ખોખરે સાદે તેમણે કહ્યું: "આ બિચારો બાળક કયાં રહે છે?"

શેલારમામા: "ઉમરાઠેમાં."

શિવાજી: “મારા તાનાજીનીજ જન્મભૂમિમાં?”

શેલારમામા: “હા, મહારાજ”

શિવાજી: “આજે રાતના આઠ વાગે હું, તમે અને રાયબા તેને ત્યાં જઇશું.”

રાયબા સહસા આનંદાવેશમાં આવી જઇ બોલી ઉઠયો: “મહારાજનો કેવો સુંદર નિર્ણય?”

શેલારમામાએ પૂછયું: “આપ જાતેજ તેને ત્યાં પધારશો?”

શિવાજી: “બેશક. એ નાના રોગી અપંગ બાળકના આશીર્વાદ હું તેના મધુર મુખથી સાંભળવા ઇચ્છા રાખું છું. જો એની હું મુલાકાત ન લઉં તો મારૂં રાજ્યારોહણ નિરર્થક છે; મારા સરદારોનો અને મારો વૈભવ ફોકટ છે. આવાં દુઃખી બાળકોની હોંશ જો હું પૂરી નહિ કરૂં તો મને પ્રભુના શાપ લાગે.”

(૪)

રાત્રિના આઠ વાગે ઉમરાઠેમાં બાજીના ઝુંપડામાં રાયબા એકલો દાખલ થયો. બાજીને તે વખતે પુષ્કળ તાવ આવેલો હતો. તેની માતા તેની પાસે બેઠેલી હતી. તાવમાં બાજી બસ એકજ લવારી કરતો: “ઓ પ્રભુ શિવરાય! આપનું કલ્યાણ થાઓ. આપની કીર્તિ વધો. હું ગરીબ છું, અપંગ છું પણ મારી નસેનસમાં મારા પિતાનું લોહી વહે છે. જો હું શરીરે સાજો હોત તો તમારી સેવામાં હાજર થાત અને મારા પિતાના નામને અને મારી માતાની કુખને દીપાવત.”

રાયબાએ ધીરે રહીને બાજીની માતાના કાનમાં કંઇક કહ્યું: તરતજ તે ઉઠીને ઉભી થઇ અને એક પાથરણું લાવીને બિછાના પાસે પાથરીને તે પોતાની ઝુંપડીના અંદરના ખંડના બારણાની આડમાં ઉભી રહી.

રાયબા બહાર ગયો અને મહારાજા શિવાજી તથા શેલારમામાને અંદર લાવ્યો. મહારાજાએ પગ મૂકતાં હૈબતરાવની વિધવાએ અંદરના ખંડમાંથી કહ્યું: “મુજ રંકની ઝુંપડી પ્રભુએ પાવન કરી તેનો બદલો હું અનાથ વિધવા કઇ રીતે વાળી શકીશ?”

શિવાજી મહારાજે કહ્યું: “રાજા બદલા માટે કાંઇ કામ કરતા નથી, પણ પોતાની વિસરાયલી ફરજ અદા કરે છે. મારા અંગરક્ષક હૈબતરાવને હું કોઇ દહાડો ભૂલી શકું નહિ. તેના અવસાન પછી મારે તમારી પાસે જાતે આવીને તમને આશ્વાસન આપવું જોઇતું હતું. આવતી કાલે હું તમને જે જાગીર આપનાર છું તે મારે અત્યાર પહેલાં આપવી જોઇતી હતી. આ રોગી બાળકની સારવાર માટે

મારા રાજવૈદની મદદ અત્યાર પહેલાં મારે તમને પહોંચાડવી જોઇતી હતી. એ બધી વિસરાયલી મારી ફરજો માટે મને માફી આપશો."

અંદરથી અવાજ આવ્યો: "મહારાજ! આવું બોલીને અમને લજ્જિત કરો છો."

રાયબા બોલ્યો: "મહારાજનું કેવું મહાન્ હૃદય!"

એ વખતે બાજીએ તાવની બિમારીમાં લવારી શરૂ કરી. એનાં એ વાક્યો અને એની એ સ્વામીભક્તિની ધગશ તેના શબ્દેશબ્દમાં હતી. શિવાજી મહારાજે તે છોકરાની પાસે બેસી તેના કપાળપર હાથ મૂક્યો અને કહ્યું: "બાજી! મને ઓળખે છે? હું શિવાજી."

એ સાંભળતાંજ બાજીએ આંખ ઉઘાડી અને ખરેખર તેણે જોયું કે પોતાની સામે એજ મહાન્ વીરપુરુષ બેઠો છે. તે બોલ્યો: "હું સ્વપ્નમાં છું કે જાગું છું?"

રાયબાએ કહ્યું: "મિત્ર, તું જાગે છે, મહારાજશ્રીને મેં તારો પત્ર પહોંચાડયો હતો અને તે વાંચીને તેઓ તારી મુલાકાતે આવ્યા છે.

શિવાજી મહારાજે પુન: પ્રશ્ન કર્યો: "બાજી, મને ઓળખે છે? હું શિવાજી."

બાજીએ મહારાજનો હાથ ઝાલીને કહ્યું:

"આપ એકલા શિવાજી નહિ-પ્રેમમૂર્તિ, પરદુ:ખભંજન, સ્વદેશભક્ત, સ્વરાજ્ય સ્થાપનાર, અતુલ પ્રતાપી અને ઉદાર હૃદયવાળા મહારાજા શિવાજીરાજ છો. પ્રભુ! આજે હું કૃતાર્થ થયો. મારૂં જીવવું સાર્થક થયું. મારા પર આપે આવીને મોટી કૃપા કરી. એક નાના અપંગ ગરીબ છોકરાને ત્યાં આપ જેવા સમર્થ અને મહાનૂ રાજવી જાતે પધાર્યા! અહો! કેવી મોટી તસ્દી લીધી? હું કયા વેણુથી આપનો ઉપકાર માનું?"

શિવાજીએ કહ્યું: "બાજી, ઉપકાર માનવાની કાંઇ જરૂર નથી, તેં મારાપર પત્ર લખ્યો તેનો જવાબ હું જાતે આપવા હાજર થયો છું. સાંભળ, તારા અપંગ શરીરમાં તારો મહાન્ આત્મા રાજા પ્રત્યે એટલી બધી ભક્તિ અને વફાદારીથી ભરપૂર છે કે જો તેને ઓળખ્યા પછી રાજા જાતે તારી મુલાકાતે ન આવે તો તેને ધિક્કાર છે. તારા મર્હુમ પિતાની સેવાઓ બદલ તને આવતી કાલના દરબારમાં જાગીર આપવાનું નક્કી થયું છે એટલે તું અને તારી માતા હવે સુખે નિર્વાહ કરી શકશો. કાલથી રાજવૈદને હું તારી દવા કરવા મોકલીશ. કહે, હવે તારી બીજી કોઇ ઇચ્છા છે?"

બાજીની આંખમાંથી કોઈ અજબ તેજ ચમકવા લાગ્યું. તે

શિવાજી મહારાજની પ્રજાવત્સલ મૂર્તિ સામે ટગર ટગર જોઈ રહ્યો. તે બોલ્યોઃ " મારા કહેતા પહેલાં આપે મને એટલો બધો આભારી કરી દીધો છે કે જેનો બદલો હું જન્મોજન્મ પણ વાળી શકવા અસમર્થ છું મહારાજ."

શિવાજીએ કહ્યું: " બાજી, રાજા તારી પાસે મોડો આવ્યો માટે તેને માફ કરજે. રાજાએ પોતાની ફરજ બજાવવા તારી પાસે આથી વહેલાં આવવું જોઈતું હતું."

આ સાંભળીને બાજીના હૃદયમાં કોઇ અવનવી લાગણી ઝણઝણાટ કરી રહી. તે બોલ્યોઃ "શિવાજી મહારાજ શ્રીમુખે મારી માફી માગે છે!" અને એ શબ્દો બોલતાંજ તેના ચહેરા ઉપર અત્યંત તેજસ્વિતા પ્રગટી. તેનો હર્ષ સમાયો નહિ. તાવવાળો આ છોકરો એકદમ હર્ષથી એટલો બધો છલકાઇ ગયો કે હર્ષના આવેશમાં આખા શરીરવડે તેણે ઉછાળો મારીને મહારાજાના ચરણોમાં પોતાનું મસ્તક નમાવવા માંડયું. પણ એ પ્રયાસ તેને ભારે પડી ગયો. અચાનક તે પથારીમાંથી બેઠો થવા જતાં પાછો પટકાઇ પડયો અને તરતજ તેનું હૃદય બંધ થઇ ગયું. "પ્ર·····ભુ! વં...દ...ન" એટલા શબ્દો સહિત તેનું પ્રાણપંખેરૂં તેના દેહપિંજરમાંથી ઉડી ગયું!

શત્રુઓને હંફાવનાર, મર્દને છાજતાં કાર્યો કરનાર, શિવાજીની આંખમાંથી એ વખતે એક અશ્રુબિંદુ ખરી પડયું! ×



× મરાઠી ઉપરથી સૂચિત.

१२-पानवाळानो परोपकार

(લેખકઃ-શ્રી. મકનજી પરમાર)

મિ. રાવના સમાજજીવનના ઉંડામાં ઉંડા પ્રશ્નો ચર્ચતા લેખો તો ઘણાય વાંચેલ, પણ પ્રત્યક્ષ સમાગમ નહિ થયેલ. નસીબયોગે સમય જતાં અમારે એકજ ગામમાં રહેવાનો સંયોગ સાંપડયો અને કુદરતી રીતેજ અમારાં એકબીજાં પ્રત્યે દિલ ખેંચાયાં.

ખૂબજ સહૃદય અને ભાવનાશાળી એ મિત્રનો સંયોગ અમારા ગામમાં આવેલ એક પાનવાળાની દુકાનેથી થયો. સામાન્ય નિયમ મુજબ પાનવાળો એટલે 'એક હલકટ ધંધાદારી માણસ' સિવાય ભાગ્યેજ હું બીજી વ્યાખ્યા કરતો. પણ એવા માણસોનાંય હૃદયો વાંચવાથી કાંઇક મેળવી શકાય છે, તેની પ્રતીતિ મને એ મારા મિત્ર દ્વારા થઇ. ભાવનાઓ અને આદર્શો તો ભણેલાં અને શ્રીમંત મનુષ્યોજ સેવી શકે, એવી મારી કાંઇક માન્યતા હતી; પણ સમાજની દૃષ્ટિએ હલકટ ગણાતા માણસોમાં પણ ભાવનાઓભરી ઉન્નત ઉર્મિઓ ઉછળી રહી હોય છે તે તો મેં પ્રત્યક્ષ અનુભવ્યું ત્યારેજ જાણ્યું.

હું સાત વર્ષથી અહીં રહેતો અને મિ૰ રાવને આવ્યાં હજી ૭ મહિના પણ નહિ થયા હોય ત્યાં તો તેમની શોધક દૃષ્ટિએ કેટલાંય હૃદયો વાંચી લીધેલાં!

“ક્યું મિયાંજી! યાર પાન તો ખિલાવ!” સાધારણ રીતે મિયાંજી સાથે અમે ગુજરાતીમાંજ વાત કરતા અને મિયાંજી તો ધંધાને અંગે ગુજરાતીજ ભાષા વાપરતા; પણ કોઈ વખત લહેરમાં અમે ભાંગીતૂટી મુસલમાની જબાનમાં અડાવ્યે રાખતા.

'ઓ......હો! કોણ રાવ? યાર બેસો તો ખરા, હમણાં બનાવી આપું.'

'નહિ યાર! અભી નહીં ઠેરેંગે, બહોત કામ હૈં!'

'અરે મારા સાહેબ! કામ તો સદાય છે જ ને? થોડો વખત બેસો તો ખરા!'

હું પણ ત્યાંજ ઉભેલો, એટલે મને થયું કે આવા સરસ લેખક એક પાનવાળા સાથે આટલી છૂટ કેમ લેતા હશે? જો કે મિયાંજીનો સ્વભાવ તો ખૂબજ મળતાવડો હતો, પણ તેમની લહેરી લાલા જેવી વર્તણુક જોઇને મને તેમાં સંસ્કારિતાની ગંધ પણ ન આવતી. હું તો તેમને એક પાનવાળાની દૃષ્ટિએજ જોવા ટેવાયેલો, એટલે મને સહેજે આશ્ચર્ય થાયજ.

હું પાન ખાઇને ચાલવાની તૈયારી કરતો હતો, પણ આજે મને મિયાંજી જવા દે તેમ નહોતા, એટલે તેમણે કહ્યું:

'અરે મનુભાઇ! જરા બેસો તો ખરા! આ મિ૦ રાવે તમારા લેખ વાંચ્યા છે હં!'

હું રાવ સામે જોઇ રહ્યો અને રાવ મારી સામે જોઇ રહ્યા. એટલે મેં કહ્યું:

'મિ૦ રાવ! તમે તો અજબ લખો છો. તમારા પરિચયથી મને ખૂબજ આનંદ આવશે.'

'ભાઇ! હું તો એક મહાસાગરમાં બિંદુસમાન છું. મારામાં તે શું હતું? આપણે તો ભાઇઓજ છીએ. મને તો અતડાઇ તરફ ઘૃણા છે.'

'કેમ મિયાંજી સાચું કહું છું ને?'

'અને મિયાંજી! તમે કાલે કેમ નહોતા દેખાયા? શું કોઇ નાજનીનાં નયનોની ભૂરકી તો નહોતી લાગી ને?'

'અરે રાવ સાહેબ! તમે પણ કાં મને અન્યાય કરવા માંડયો?'

તે વખતે અમારી નજર મિયાંજી સામેજ હતી. તેમાં તરવરતી દિલની ઉંડી આહ જોઇ અમે ચમકી ગયા! અમને લાગ્યું કે, જરૂર આ મિયાંજીનું જીવન જાણવા જેવું છે.

એટલે મારા મિત્રે કહ્યું: 'મિયાંજી! ખૂબ દુઃખ લાગ્યું? માફ કરજો હં, એ તો જરા હસવાની વાત હતી.'

'ના ના! જરાય દુઃખ નથી થયું. તમારો દોષ શું? અમારો ધંધોજ એવો છે કે મસ્કરી સહેજેજ થઇ જાય.'

'સલામ મિયાંજી! હવે રાત્રે મળીશું.' કહી હું તથા મારા મિત્ર ઘર તરફ જવા નીકળ્યા. રસ્તામાં નિશ્ચય કર્યો કે, એક વખત તો મિયાંજીનું જીવન જાણવુંજ.

એક બે મહિના તો એમ ને એમ નીકળી ગયા. અમારો પરિચય પણ ખૂબ વધી ગયો. એક દિવસ રસ્તે હું તથા મારા મિત્ર ચાલ્યા જતા હતા ત્યાં મિયાંજી મળી ગયા; એટલે એઓ દુકાન

તરફ જવાનું માંડી વાળી અમને તેમને ઘેર લઇ ગયા. એક નાનકડા ઘરમાં તેઓ એકલાજ રહેતા. સ્વચ્છતા ને સુઘડતા એક સ્ત્રીના હાથે રહે તેના કરતાં પણ સરસ હતાં.

એક નાનકડા કબાટમાં નાનીશી લાયબ્રેરી હોય તેમ ચોપડીઓ ગોઠવેલ હતી. થોડાંક માસિકો ને અઠવાડિકો પણ પડેલ તે તેમની સાહિત્યપ્રિયતા બતાવતાં હતાં.

અમે હજી આ બધું જોતા હતા ત્યાં તો મિયાંજી ત્રણ કપ ચા બનાવીને અમારી પાસે લાવ્યા; એટલે અમે ત્રણે બેસીને ચા પીવા લાગ્યા.

મારા મિત્ર આ તકનો લાભ જવા દે તેવા ન હતા.

'મિયાંજી ! તમે આ ધંધો કેમ પસંદ કર્યો ? તમારૂં ઘર જોતાં તો સંસ્કારિતા તરી આવે છે.'

'ભાઈ રાવ ! તમને શું કહું ! મારૂં જીવન આપ જાણશો તો મારા પ્રત્યેનો સદ્દભાવ પણ ગુમાવી બેસશો; માટે જે છે તે આજ મારૂં જીવન સમજી લ્યો. એમાંજ મજા છે.'

'ના ના મિયાંજી ! આજ તો ભલે તમને દુઃખ થાય; પણ તમારૂં જીવન જણાવોજ !'

"સાંભળો ત્યારે. હું એક લાખોપતિનું ફરજંદ છું. મારા પિતાની દારૂની દુકાન હતી. ખૂબજ ધીકતી ઘરાકી. અડખેપડખેનાં ગામોમાં પણ અમારે ત્યાંથી દારૂ જતો. બિચારી કેટલીયે આશાભરી યુવતીઓના આશાદીપ ઓલવાઇ ગયા, કેટલાય ગરીબોને ધાનને ને દાંતને વેર થઇ ગયાં, એ બધાયના નિસાસાનો પૈસો અમારી તિજોરીમાં ભેગો થવા લાગ્યો.

"પૈસાની તો કંઇ કમી ન હતી, પણ મારા પિતાને એક સવાશેર માટીનીજ ખોટ હતી; પણ એ પાપી ઉપર પ્રભુ કોઇ ઉંડા આદેશથીજ રીઝયા અને મારા પિતાની ત્રીજી વખતની પરણેતરથી મારો જન્મ થયો. પૈસાની કમી નહિ, અને ઉતરતી ઉંમરે મારો જન્મ થયેલો એટલે હું ફૂલની માફક ઉછર્યો. સોળ વર્ષની ઉંમરે તો જગતમાં મારા જેવો કોઇકજ અનાચારી યુવાન હશે એવો હું બની ગયો.

"સત્તરમે વર્ષે એક પરીસુરત નાજની સાથે મારાં લગ્ન થયાં. લગ્ન પછી એક વર્ષ બાદ મારી સ્વચ્છંદતા જોતાં જોતાં લકવાના દર્દથી પીડાઇને મારાં માતા તથા પિતા ગુજરી ગયાં. હું સ્વતંત્ર થયો ! પછી બાકીજ શું ? કોઇ પણ વ્યસન કે દુર્ગુણની મારામાં ખામી ન રહી. સ્ત્રી એટલે હવસની પૂતળી એથી વધારે ઉંડા ઉતરી

એ હૃદયને જાણવાની મને ફુરસદજ ન હતી.

“બિચારૂં એ પુષ્પ અકાળે કર...મા...ઇ ગયું.”

મિયાંજીની આંખમાં આંસુ આવી ગયાં; પણ તેમને તો આજે હૃદયનો ભાર હલકો કરવો હતો એટલે તે લૂછીને પાછું શરૂ કર્યું.

“બીજી બાજુ મારી પાસે રહેલ સર્વ મિલ્કત ફના થઇ ગઇ અને ઉપર દેણું થઇ ગયું; પણ મને હજી સાન ન આવેલ, એટલે મારે રહેવાના બંગલા ઉપર ૧૦,૦૦૦ ઉપાડી મેં પાછું ફરી લગ્ન કર્યું. મારી સ્ત્રી ખૂબજ વ્યવહારૂ અને ભલી હતી. હું કાંઇ કમાતો ન હતો, એટલે બેઠી બેઠી સીવણ-ગૂંથણ કરતી અને ઘર ઉઘાડું ન પડવા દેતી.

“એક વખત હું બહારથી ઘેર આવતો હતો, ત્યાં ઘરમાંથી એક પુરુષને મેં બહાર નીકળતાં જોયો. ખરી રીતે તો તે પુરુષ મારી સ્ત્રીને સીવવા-ગૂંથવાનું કામ આપતો તે હતો, અને પૂરૂં થયેલ કામ લેવા માટે આવેલ; પણ મારૂં શંકિત હૃદય એ કેમ માને? મને થયું કે મારી સ્ત્રી જરૂર એની સાથે ચાલે છે. ‘આંખમાં કમળો હોય તે પીળુંજ દેખે’ એ ન્યાયે મારાં કૃત્યો એટલાં ખરાબ હતાં કે મારી દૃષ્ટિએ કોઇ સ્ત્રીને હું સારી જોઇજ ન શકતો. એમાંય આજે મારાજ ઘરમાંથી પુરુષને નીકળતો જોયો એટલે પછી પૂછવુંજ શું?

“ક્રોધમાં ને ક્રોધમાં રાત તો માંડ માંડ પડી. રાત્રે આ હાથેજ એ કુમળા ફૂલને ગળું દબાવી છૂંદી નાખ્યું. અરે...રે એ વખતની શું તેની દયાર્દ્ર આંખો! રાવ...રાવ...શું કહું...હું બહુ પા...પી છું.”

મિયાંજી આખા શરીરે ધ્રૂજવા લાગ્યા; તેમની આંખોમાંથી તો આંસુઓના ધોધ છૂટયા. અમને લાગ્યું કે, અમે ખરાબ કર્યું છે. બિચારાના જીગરને કેટલું દુઃખી કર્યું! અમે તેમને આશ્વાસન આપ્યું અને જવા માટે ઉભા થયા, પણ મિયાંજી તો આજે અમને જવાજ શેના દે?

“બેસો બેસો! એ દયાર્દ્ર આંખોમાંથીજ મેં મારૂં દર્દ પારખ્યું, મારા જીવનની મને ઝાંખી થઇ, મારા પિતાના પાપના પૈસાની મને યાદ આવી, હું ધરાઇ ધરાઇને રોયો.

“સવારે મારી સ્ત્રીની લાશ લઇને સગાવહાલાં ગયાં, પણ મને એટલો તો આઘાત થયેલો કે ચોવીસ કલાક તો હું ભાનસાન વગરજ પડયો રહ્યો! ખૂબજ ઉપચાર પછી મને શુદ્ધિ આવી. હું ઉઠયો! ગાંડાની માફક હું...તે...નો...ખૂ... બોલવા જાઉં ત્યાં મારા

એક મિત્રે મારૂં મોઢું બંધ કરી દીધું. મને જાણ થઇ કે, એનો મારા એક સગાની લાગવગથી પંચક્યાસ પણ થઇ ગયો છે, અને હૃદયના રોગથી મૃત્યુ નીવડેલ છે, એમ જાહેર પણ કરી દીધું છે. જગતની દૃષ્ટિએ હું નિર્દોષ ઠર્યો, પણ મારૂં હૃદય તો હવે એ દયાર્દ્ર આંખો કેમ ભૂલે! ડગલે ને પગલે એ દૃશ્યમાંથી મને ખરૂં ભાન થયા કર્યું. મારા બંગલાને મેં ૧૨,૦૦૦ માં વેચી નાખ્યો. તેના ઉપર લીધેલ ૧૦,૦૦૦ ના વ્યાજ સહિત ૧૧,૦૦૦ આપી હું છૂટો થયો. ગામમાં બીજાં ઘરો હતાં, તે પણ વેચીને ગામનું દેવું ચૂકવી દીધું.

“બાકી મારી પાસે રૂ. ૫૦૦ રહ્યા. જ્યારે હજારોની છાકમછોળ ઉડતી ત્યારે મિત્રો પણ ખૂબ હતા. અત્યારે એ મિત્રો તો ગેબજ થઇ ગયા અને એ પૂરતો હું પ્રભુનો પાડ માનવા લાગ્યો.

“વધેલા રૂપિયામાંથી અત્યારે ચાલે છે તે પાનની દુકાન અને આ ઘર રાખ્યું. ઇશ્વરકૃપાથી દુકાન સારી ચાલે છે. એમાંથી આવતી આવકમાંથી હું મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરૂં છું.

“હું મારા અધઃપતનનાં કારણો જાણું છું, એટલે શ્રીમંતોના પુત્રોને મારી દુકાને આકર્ષી લહેરીલાલા જેવી પહેલી વાતો કરૂં છું, દિલ જાણું છું અને પછી તેમને સારે રસ્તે વાળવા પ્રયત્ન કરૂં છું.

“ગામના ખરાબ લત્તામાં જઇ દુઃખની મારી પોતાના હૃદયને અકાળે કરમાવવા તૈયાર થતી સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરૂં છું. કેટલાંયનાં જીવન જોડી દઉં છું અને કેટલાંયને મારા ગજા પ્રમાણે આર્થિક મદદ કરી એ દોઝખી આગમાંથી ઉગારવા પ્રયત્ન કરૂં છું.

“જગત મને એક પાનવાળા તરીકે ઓળખે છે અને મારો એવા લત્તામાં અવરજવર રહે છે એટલે હું જગતની દૃષ્ટિએ લહેરીલાલા જેવો જણાઉં છું; પણ મારા એ કાર્યપ્રદેશમાં હું ‘મિયાંબાપુ’ના નામથી ઓળખાઉં છું. મારૂં ને મારા પિતાના પાપનું પ્રાયશ્ચિત્ત હું આ રીતે કરૂં છું. એમાં મારે જગતને શું દેખાડવાનું હોય? જગત ભલે બોલે! અને એમાં એનો દોષ પણ શો? હું આત્મસંતોષ માટે આ કરૂં છું અને મને આથી સંતોષ થાય છે. મારે શું જોઇએ? પ્રભુ મને આ ઝુંપડીમાં અને આવા જીવનમાં બીજું રહેવા દે એથી વધારે મને કાંઇ ન જોઇએ!”

“ઓહ......હો! ત્રણ થઇ ગયા! મિયાંજી! હવે તો જઇશું. તમે તો ખરેખર સરસ કામ કરી રહ્યા છો. પ્રભુ અવશ્ય તમારા પાપની માફી બક્ષશેજ. લ્યો સલામ ત્યારે!’

અમે ઉઠ્યા! મિયાંજીની કરુણ કહાણીએ અમને બંનેને ગંભીર

બનાવી નાખેલા, મારા હૃદયમાં તો આવા સરસ માણસને અત્યાર સુધી ઘૃણાની નજરે જોવા બદલ પશ્ચાત્તાપ થતો હતો.

'કેમ મનુભાઇ! હવે તો સમજ્યાને? હું શા માટે આવા સાથે હળીમળીને વાતો કરૂં છું?'

"ખરેખર ભાઇ રાવ! તમારી લેખનસામગ્રી મેળવવાની રીત જોઇને મને તમારા પ્રત્યે ખૂબ માન ઉપજે છે. અરેરે! આવાં કેટલાંય ભગ્નહૃદયો ઉપર અજાણતાં આળ ચઢાવી જગત રાચતું હશે? બાગબગીચા, મહેલમહોલાતોના મોહમાં આથડતા લેખકો જો આવાં હૃદયોને વાંચવા પ્રયત્ન કરે તો તેમની જીવનકહાણી સમાજને કેટલી ઉપયોગી નીવડે?

ખરેખર રાવ! તમે મને નવીજ દૃષ્ટિ બતાવી છે!"

"ભાઇ! મહેલ અને મહોલાતોમાં રંગરાગ ઉડાવતા શ્રીમંતોને તો સમાજની કાંઇ પડી નથી, એટલે એમાંથી મેળવવાનું પણ શું હોય? પણ બટકું રોટલા માટે રઝળતા ગરીબોના ઝૂંપડામાંથીજ સમાજનું ખરૂં દર્દ નિતારી શકાશે."

મારા હૃદયમાં પડઘો પડયો કે "ખરેખર! બટકું રોટલા માટે રઝળતા ગરીબોનાં ઝુંપડાંમાંથી સમાજનું સાચું દર્દ નિતારી શકાશે!

"અચ્છા સાહેબજી! રાત્રે મિયાંજીની દુકાને ભેગા થઇશું!" કહીને મારો મિત્ર તથા હું છૂટા પડયા.

(સપ્ટેમ્બર-૧૯૩૨ના "નવચેતન"માંથી)

૧૩–હાલની પોલી પ્રતિષ્ઠાનું પોકળ

(લેખિકાઃ–શ્રીમતી બચુબહેન)

(૧)

સુશીલા સ્વતંત્ર વાતાવરણમાં ઉછરી હતી. સ્વભાવે માયાળુ હતી, પણ દંભ અને અહંતાના રંગમાં પૂરેપુરી રંગાએલી હતી. સમાજસેવાનો તેને પાસ લાગ્યો હતો. ચપળતાને લીધે અને પોતાનો રસ્તો કાઢી લેવાની કુનેહને લીધે તે એક સમાજસેવક તરીકે જાણીતી થઇ હતી.

છેલ્લાં ચાર વર્ષથી તેણે મજૂરવર્ગનો પ્રશ્ન હાથ ધર્યો હતો. મજૂરવર્ગની રહેણીકરણી સુધરાવવી, તેમના હક્કો અપાવવા અને સમાજરચનામાં બને તેટલી ક્રાંતિ કરાવવાની તેને ઉમેદ હતી. મજૂરોની ચાલીઓમાં જાતે જઇ સુશીલા તેમને મદદ કરતી, એટલુંજ નહિ પણ તેમનું સંગઠન કરી તેમના હક્કો સમજાવવાનો પ્રયત્ન કરતી.

હમણાં હમણાં તેની નિશાળની બહેનપણી મધુરીએ તેના કામમાં ભાગ લેવા માંડયો હતો, એટલે તેના ઉત્સાહને પ્રોત્સાહન મળ્યું હતું.

મધુરીએ ગયા જૂન મહિનામાંજ બી. એ. ની ડીગ્રી લીધી હતી. મધુરી બીનઅનુભવી હોવા છતાં એટલી ભલી અને સરળ હતી કે સુશીલાને તેની સાથે કામ કરવામાં બહુ મજાહ આવતી હતી. મધુરીને ચાલીએ ચાલીએ લઈ જઇ મજૂરોની કંગાલ સ્થિતિનું તેણે ભાન કરાવ્યું હતું. તેમની દયાજનક સ્થિતિ જોઇ તેમનો ઉદ્ધાર કરવાને તે તત્પર થઈ હતી.

(૨)

નિયમાનુસાર એક દિવસ બપોરે જ્યારે તેઓ મજૂરોની ચાલીની મુલાકાતે ગયાં ત્યારે તેમને નીચેજ ખબર પડી કે પહેલે માળે એક બુઢ્ઢો મરણપથારીએ પડયો છે અને તેને મદદની જરૂર છે. તરતજ બન્ને જણાં તૂટેલા દાદર પરથી ઉપર ગયાં.

પેલા માણસની ઓરડી સુધી પહોંચે તેટલામાં તો તેમને

કમકમાટીભર્યો અનુભવ થયા. દાદરની સામેજ એક ઓરડીમાં દારૂના નીશામાં ચકચૂર થએલો એક માણસ પોતાની સ્ત્રીને ઝૂડતો જણાયો. બીજી ઓરડીમાં ભૂખની કીકિયારી મારતું બાળક નજરે પડયું. ચાલીમાં તો ઠેકાણે ઠેકાણે કચરો પડયો હતો. થુંક, લીંટ અને નાનાં બાળકોનું મેલું જયાં ત્યાં પડેલું તેમણે જોયું. મધુરીને આ બધું નિહાળીને કંપારી છૂટી; પરંતુ તેણે મન પર સંયમ રાખ્યો.

પેલા માંદા માણસની ઓરડી ખોલતાં અંદરથી એવી બદબો નીકળી કે બન્ને જણીને ઉલટી થશે એમ લાગ્યું. ઓરડીમાં ચારે તરફ અંધકાર પ્રસરેલો હતો, પણ દરવાજામાંથી પડતા આછા પ્રકાશમાં તેમને તરફડીઆં મારતો પેલો માણસ જણાયો. એની બાજુમાં ઉલટી પડેલી હતી અને બાજુમાંજ પાણીનું એક ગંદુ વાસણ હતું.

આ બહેનોને જોતાં તેનામાં કંઇક આશાનો સંચાર થયો હોય તેમ તે ધીરે સાદે બોલ્યો: "બહેનો! મને આ દોઝખમાંથી બહાર લઇ જાઓ. મારૂં આ દુનિયામાં કોઈ નથી. બૈરી અને છોકરો મને અહીંઆં અટૂલો મૂકી ચાલી નીકળ્યાં. એ તો આ પિશાચી વાતાવરણમાંથી છૂટયાં, પણ મારૂં તો ન રહ્યું કોઇ વહાલું કે ન રહ્યા ખાવાના પૈસા. ગયા વરસ સુધી મેં મારા શેઠની નિકમહલાલીથી નોકરી કરી, પણ માંદા પડતાં એ નિષ્ઠુર શેઠે મને કોઇ પણ જાતની મદદ વિના ખાલી દુનિયામાં ધકેલી દીધો. મારી ૨૦ વર્ષની નોકરીની તેણે જરા જેટલી કદરે ન કરી. તે દિવસનો હું માંદો છું. જેમ તેમ કરીને થોડાક પૈસા બચાવ્યા હતા તેથી થોડોક વખત ચાલ્યું. એક મહિનાથી તો મારા ભલા પાડોશીઓ પોતાની મુશ્કેલીનો ખ્યાલ કર્યા વગર મને થોડું થોડું આપતા હતા. બહેનો! હવે તો તમે અહીંથી લઇ જશો તો હું તમારો અત્યંત આભાર માનીશ."

બન્ને જણીઓ શું કરવું તેનો વિચાર કરવા લાગી. એને તરત ત્યાંથી ખસેડવો જોઇએ એની તેમને ખાત્રી થઇ. વિચાર કરતાં સુશીલાને નિરાશ્રયીઓને માટે કાઢવામાં આવેલી એક સંસ્થા યાદ આવી અને તરત મધુરીને વાત કરી. તે સંસ્થાની ઑફિસ તરફ તેઓ રવાના થયાં. જતાં જતાં તેમણે પેલા ડોસાને આશ્વાસન આપ્યું.

સંસ્થાની ઑફિસમાંથી તેમને કહેવામાં આવ્યું કે, સંસ્થાના પ્રમુખની પરવાનગી વગર અમારાથી કોઇને દાખલ કરી શકાય નહિ; એટલે પ્રમુખનું શિરનામું લઇ વગર વિલંબે તેઓ તેમને બંગલે ગયાં.

(૩)

બંગલાનાં આરસનાં પગથીઆં ચઢતાંજ મધુરીના મુખ પર

દુ:ખની છાયા તરવરી રહી. તેનાથી આવેશમાં એકદમ બોલી જવાયું કે "ક્યાં આ ધનિક બાઇનો આલીશાન મહેલ અને ક્યાં પેલી માણસરૂપી જાનવરોને રહેવાની ચાલી !" સુશીલા તો ગંભીર થઇને તેની સામે જોઇ રહી, પણ કંઇ બોલી નહિ. કારણ કે એ તો આવા અનેક અનુભવમાંથી પસાર થઇ ચૂકી હતી.

સુશીલાએ પોતાનું કાર્ડ અંદર મોકલ્યું; પણ બાઇ બહાર જાય છે એટલે મળી શકશે નહિ, એવો ઉત્તર આવ્યો. સુશીલાએ લખી મોકલ્યું કે, ઘણાજ અગત્યના કામસર તેઓ આવ્યાં છે અને એક માણસની જીંદગીનો સવાલ છે; છતાંએ શેઠાણી સાહેબનું મન પીગળ્યું નહિ. આમ છતાં બન્ને જણીઓએ જીદ લીધી કે, કોઈ હિસાબે અમે મળ્યા વગર જવાનાં નથી. આખરે જ્યોર્જેટનાં કપડાંમાં સજ્જ થએલી અને હીરામોતીના દાગીનાથી મઢાએલી શેઠાણીએ નછૂટકે તેમને દર્શન દીધાં !

સુશીલાએ તેને ટુંકામાંજ બધું કહી દીધું અને પરવાનગીની ચિઠ્ઠી માગી. આ સાંભળી બાઇસાહેબ એકદમ ગુસ્સે થઇ ગયાં અને બોલ્યાં કે "મારે તો હમણાં ગવર્નર સાહેબની પાર્ટીમાં જવું છે. એવા એક ભિખારડાને માટે ચિઠ્ઠી લખવાનો મને બિલકુલ વખત નથી."

મધુરી તો બિચારી આ ધડાકો સાંભળીને આભીજ બની ગઇ અને એ શ્રીમંત બાઇની દાંભિકતા ઉપર તેને તિરસ્કાર છૂટયો. સુશીલાએ કાલાવાલા કર્યા ત્યારે તે સંસ્થાના સેક્રેટરી કે જે એક તેના જેવી પૈસાદાર સ્ત્રીજ હતી તેને મળવાનું કહીને તે રૂઆબભેર સડસડાટ અંદર ચાલી ગઇ.

સેક્રેટરી સાહેબને મળવાનું નક્કી કરી તેઓ બહાર આવ્યાં. તેઓ બંને એટલાં ખિન્ન થઇને ગાડીમાં બેઠાં કે કોઇને કંઈ બોલવાનું સૂઝયું નહિ. આખરે મધુરીની ધીરજ ખૂટી અને તે બોલી:

"સુશીલાબહેન ! પૈસાદારો આટલાં નિષ્ઠુર અને હલકટ હશે એનો મને આજેજ અનુભવ થયો. શું આ લોકો પોતાનું નામ બહાર લાવવાનેજ આવી સંસ્થાઓનાં પ્રમુખ થતાં હશે ? આટલી બધી દાંભિકતા ! આટલો બધો પૈસાનો દોર ! અને મોજમજાહનો આટલો બધો શોખ કે એક માણસની જીંદગી પણ તેની આગળ તેઓ તુચ્છ લેખે છે !"

"બહેન ! એટલેજ હું કહું છું કે, મનુષ્યજાતિનો ઉદ્ધાર સમાજવાદમાં છે." સુશીલાએ લાગ જોઇ સોગટી મારી.

"હું ક્યાં એની ના પાડું છું? પણ સુશીલાબહેન! આજકાલ સમાજની ક્રાન્તિ કરવાને નામે જેઓ અગ્રગણ્ય ભાગ લઇ રહ્યા છે તે બધાજ એ કામ ખરી લાગણીથી કરે છે તે માનવાની હું ના પાડું છું. તેમાંના કેટલાકમાં આ કારણને માટે જોઇતો આત્મભોગ આપવાની ધગશ નથી કે તાકાતે નથી. મોટી નામના મેળવવા માટે ફક્ત મોટી મોટી વાતો કરી મજૂરસમૂહમાં ઓતપ્રોત થઇ ગયાનો જે ડોળ કરે છે તેમને માટે મને જરાએ માન નથી. કંઇ પણ કામ હાથમાં લેવા પહેલાં તેને માટે ભોગ આપવાની પૂર્ણ તૈયારી હોવી જોઇએ."

"મધુરીબહેન! તમારી આ માન્યતા ખોટી છે, એ થોડાજ વખતમાં હું તમને પૂરવાર કરી આપીશ." એટલુંજ સુશીલા બોલી.

તેટલામાં સેક્રેટરી સાહેબના ઘર આગળ ગાડી ઉભી રહી. બન્ને જલદી જલદી નીચે ઉતર્યાં. બંગલામાં ખબર કાઢતાંજ તેમને માલમ પડયું કે, સેક્રેટરી સાહેબ બે દિવસથી બહારગામ ગયાં હતાં. એટલે બંને નિરાશ વદને પાછાં ફર્યાં.

છેવટે ડોસા પાસે એક માણસ રાખી તેને થોડાઘણા પૈસાની મદદ કરવાનું અંદર અંદર નક્કી કરી તેઓ ચાલી તરફ વળ્યાં; પરંતુ ઓરડી આગળ આવતાંજ તેમની અજાયબી વચ્ચે ડોસાને તેમણે મરેલો જોયો; એટલે તેના અગ્નિસંસ્કાર માટે પાડોશીને પૈસા આપી હતાશ હ્રદયે મૂડીવાદને શાપ દેતાં તેઓ ઘર તરફ વળ્યાં.

મધુરી ફક્ત એટલુંજ બોલી શકી કે "હાય! આ ઉજળિયાત ગણાતા સમાજમાં મૂડીવાદની વેદી પર આવાં તો કેટલાંએ રંકોનાં બલિદાન દેવાતાં હશે!"

("નવયુગ"ના એક અંકમાંથી)

૧૪–શેઠને શબ્દે–

(લેખકઃ–શ્રી. ચીતુભાઇ ડૉકટર)

સાંતીડાં છોડીને ખેડુતો આડાઅવળા થયા. ફક્ત એક રબારી ભેંસોના કુંડાળા વચ્ચે ગોબાને ટેકે ઉભો રહી ઝાડને છાંયે પાવો બજાવતો હતો. સાવજને પણ પડકાર દે તેવી ભેંસો, પાવાના મધુર સંગીતમાં મુગ્ધ થઇ રૈકા રબારીના મોં સામું ક્ષણવાર જોઇ રહી. રૈકાનો નાનો ભાઈ વીરો બોલ્યોઃ “અલ્યા રૈકા! હાંભળ્યું સે કે આ ચરો માના પટેલે રાખી લીધો સે.” રૈકો પાવો બંધ કરી પાસે ઉભેલી પાડીને માથે હાથ ફેરવતાં બોલ્યોઃ “તે ઇમાં આપણે હું; ભલેને રાખ્યું.” બેપરવાઇથી તે પાવો વગાડવા લાગ્યો. વીરાના મોં પર ચિંતાની વાદળી છવાઇ.

“પણ હવે આપણને અહીં ડોબાં ચરાવા નહિ દે તો?” વીરાની આ વાત સાંભળી પાવા પર નાચતી રૈકાની આંગળીઓ એકાએક સ્તંભી ગઇ.

“પટેલના માથામાં ગજ ઘાલ્યા સે ને? આ ચરો તો ભામાશા શેઠે હૈકાઓ થયાં ઢોરાં માટે અલાયદો કાઢ્યો સે. ઇમ માનો પટેલ કહે એટલે કાંય એના બાપનો થઇ ગીયો?” રૈકાએ રાડ પાડી.

“કહે સે કે પટેલે ઉપરી સાહેબને લાંચ આપી કપટથી બધી ભોંય પાણીના મૂલે મફત જેવી લખાવી લીધી સે!”

“અરે! ઇ પટલિયાનાં તો સંધાય કામ કપટથીજ ભરેલાં સે!”

રબારીઓની વાતચીત આગળ વધી. ત્યાં તો ડાબા હાથમાં ઘોડીની લગામ રમાડતો ખુદ માનો પટેલજ ત્યાં આવી પહોંચ્યો. “કેમ અલ્યા રૈકા! મજામાં ને?” રૈકો બેપરવા રહી ગોબાને ટેકેજ ઉભો રહ્યો. વીરો પટેલની નજીક આવી બોલ્યોઃ “આપની કીરપાથી બાપા!”

“અલ્યા હવે કાલથી ડોબાં ચરાવવા ના આવશો હાં! આ જમીન તો મેં વેચાણ રાખી લીધી છે.” પટેલે શબ્દ સંભળાવ્યો.

રૈકો ઠંડા મિજાજે બોલ્યો: "આટલાં વર્ષો પછી અમે ક્યાં જઇએ?"

"તારે ફાવે ત્યાં; કંઈ પારકી માલીકીમાં તો નહિ ચરાવે ને?"

બીજે દિવસે

ગોચર નજીક આવતાંજ રૈકાએ કંઇક નવું દૃશ્ય જોયું. ચારે કોર કાંટાની વાડ ઉભી થઇ ગઇ હતી. રાતની રાતમાં જાદુની માફક એટલી લાંબી વાડ જમીનમાંથી જાણે ફૂટી નીકળી હતી. વાડ જોઇને રૈકાની આંખ લાલઘૂમ બની. ગોચરની જમીન પર વાડ જોતાં રૈકાની પાણીદાર ભેંસોનો પણ મિજાજ ગયો. માથું નીચું કરી સામટી વાડ તરફ ભેંસો ધસી આવી અને શિંગડે ભેરવી ભેરવીને ક્ષણવારમાં વાડને સાફ કરી નાખી.

ભેંસોએ કરેલાં કૃત્યો જોઇ રૈકાના મનમાં જરા આનંદ વ્યાપ્યો. ત્યાં માનો પટેલ ઘોડી પર આવી પહોંચ્યો. પૈસા ખરચી રાતોરાત ઉભી કરાવેલી વાડને વેરણછેરણ થયેલી જોઇ પટેલનું લોહી ઉકળી આવ્યું: "અલ્યા રૈકા! તારા બાપની મતા છે કે? દોડયો દોડયો ડોબાં ચરાવવા આવ્યો છે? અહીં તો પૈસા પડશે—વરસે દા'ડે રૂપિયા દોઢસો. નહિ તો માલ હરામનો નથી આવતો, સમજ્યો ને?"

"પટેલ લૂલી હમી રાખીને વાત કરજો. નીકર ભોડું રંગી નાખ્યું હમજજો! બાકી આ ચરો મૂળ તો ભામાશા શેઠનો. એ દાતાર વાણિયે આ છૂટો મૂકેલો. એમાં સરકારનું હું લાગે કે તમને વેચાણ દઇ દે?"

"એમ? ત્યારે લે ચાખ મજા" કહી પટેલે હોકારો કર્યો.

શેઠને શબ્દે-

બાજુમાંથી પટેલનો હોકારો સંભળાતાંજ એક ભાડુતી પઠાણ ધસી આવ્યો. રૈકાના દેહ ઉપર તેણે ડાંગ મારવા યત્ન કર્યો.

પણ રૈકો સાવધ હતો. તરતજ ત્યાં દ્વંદ્વ જામ્યું. પઠાણ અને રૈકાએ બળનો મુકાબલો આરંભ્યો. ઘડીકમાં તેઓ નીચે પડતા તો ઘડીમાં રૈકો ઉભો થતો. ઘડીમાં પઠાણ ડાંગ વિંઝવા યત્ન કરતો.

આખરે પઠાણ કંટાળ્યો. કમર પરથી છરી કાઢી અને તરતજ રૈકાના દેહમાં ઘોંચી દીધી. ગોચરની ભૂમિ ઉપર રક્ત રેડાયું. રૈકાનું શરીર ક્ષણમાં જડવત્ બની ગયું. ચેતના ચાલી ગઇ.

માના પટેલને પણ એમ નહિ લાગેલું કે, આ પરિણામ આવશે. રૈકાના ઉપર પડેલા ઘાથી પ્રથમ તો પટેલને બીક લાગી. ફાંસીનું

લાકડું તેની નજર સામે દેખાયું, અને પટેલે પઠાણને પડતો મૂકીને દોટ મૂકી. પાછું પણ ન જોયું.

રૈકાને લોહીલુહાણ જોઇ વીરાની આંખે અંધારાં આવ્યાં. બીજા રબારીઓ પણ ત્યાં આવી પહોંચ્યા. રૈકાના શબને ખાટલે ઘાલી અને પઠાણને મુસ્કેટાટ બાંધી વીરો સીધો ફોજદાર પાસે પહોંચ્યો. ફોજદારે પઠાણને હાથકડી કરી પૂરી દીધો. પછી વીરાને એકાંતમાં બોલાવી ફોજદારે ચા-પાણી માગ્યાં: "વીરિયા! બોલ, શું આપે છે?" વીરો આશ્ચર્ય પામી બોલ્યો: "આપે હું?" ફોજદાર તરફથી જવાબ મળ્યો: "ત્યારે ફોજદારી નોંધવા અહીં કોણ નવરું છે?" છેવટે વીરા રબારીએ ફોજદારને રૂપિયા સો બક્ષીસ આપ્યા ત્યારે ફોજદારી નોંધવામાં આવી.

તે પછી ફોજદાર બોલ્યો: "જા, હવે ડૉકટરનું સર્ટિફિકેટ લખાવી લાવ."

ગામમાં ડૉકટર નહોતો, એટલે પાંચ ગાઉ લાશને ઉપાડી રબારીઓ ડૉકટરને ત્યાં પહોંચ્યા અને આ ડૉકટર પણ ફોજદારને આંટી મારે તેવો હતો. હક્કના રૂપિયા દસ લઇ સર્ટિફિકેટ લખી આપવા એણે ચોખ્ખી ના પાડી. વીરાએ છેવટે કબૂલ્યું: "ભલે સા'બ ભલે. તઇણ મણ ઘી દેહું; પણ એવું લખી દેજો કે, એ કમબખ્ત પટેલિયાને ફાંસી મળે!"

લોહીમાં તરબોળ રબારીની લાશ આંખ સામે પડી હતી. કેસ સંગીન લખ્યા વિના ડૉકટરનો છૂટકોજ નહોતો, છતાં પણ ત્રણ મણ ઘીના રૂપિયા સાઠ ટેબલ પર મુકાવ્યા પછીજ ડૉકટરે સર્ટિફિકેટ લખી દીધું.

પટેલને બધી વાતની ખબર પડી, એટલે રાતોરાત ફોજદારને ઘેર પહોંચ્યો અને રૂપિયા એક હજાર આપી ફોજદારનું મોં ભરી દીધું. પટેલને નામે સમન્સ કઢાવ્યા વિના તો ફોજદારનો છૂટકોજ નહોતો, પણ હાથકડી થાય તો પટેલની આબરૂ જાય એટલે માનભેર માના પટેલને પોતાની સાથે તેડી ગયો. અને ફોજદારની અમીદૃષ્ટિથી પટેલ જામીન પર છૂટો થયો.

કોર્ટમાં કેસ ચાલ્યો. પઠાણે ચોખ્ખું કહ્યું કે "સાબ! હમકુ પટેલને રકખા થા. હમેરા કોઇ કસુર નહિ હય." પણ માના પટેલના વકીલે એમ સાબીત કરી દીધું કે, રૈકાના ખૂનમાં માના પટેલનો જરા પણ હાથ હતો નહિ. અને કોર્ટે કહ્યું કે "માના પટેલ નિર્દોષ

છે. પોતાના અંગત વેરને લીધેજ પઠાણે રૈકાનું ખૂન કરેલું છે અને માત્ર પોતાના બચાવ માટે પટેલ જેવા આબરૂદાર ગૃહસ્થને પોતાના નીચ કૃત્યમાં સંડોવવા માગે છે; માટે પઠાણને દેશનિકાલની સજા ફરમાવવામાં આવે છે!"

રૈકાનો કેસ લડવામાં વીરાની એકેએક ભેંસ વેચાઇ ગઇ, અને થોડા વખત પહેલાંનો તાલેવંત રબારી આજ છાલિયું છાશ માટે ઘરઘરનો ભિખારી બન્યો છે.

આજે પણ પટેલ ગામમાં ફરે છે. પટેલ પાછું વળી જોતા તો નથી, એવી ખાત્રી કરીને પછી કોઇ કોઈ પાછળથી શબ્દ ઉચ્ચારે છે કે "રૈકાને મરાવનાર તે આ સાક્ષસ!!"

("નવયુગ"ના એક અંકમાંથી)

१५-एक गुलाम ओछो थयो.

(લેખક:-શ્રી. પી. જે. ભટ્ટ)

(૧)

સંધ્યાના અંધકાર શહેર પર ઉતરતા હતા. દિવસનું અવસાન થયું હતું. કારખાનાની વ્હીસલો વાગતી હતી. સમગ્ર કામદારલત્તામાં આરામનો કાળ પગલાં મૂકતો હતો.

આજે વિઠુ જલદીથી સૂઇ ગયો. સવારથી તેણે કંઇ ખાધું ન હતું. તેનું મોઢું પણ ફિક્કું પડી ગયું હતું. બપોરની ભાખરી પણ વિઠુ પાછી લાવ્યો હતો. તેની પત્નીને આથી ચિંતા થતી હતી. તેણે કહ્યું કે, તેને આજે પેટમાં શૂળ ઉપડયું હતું.

વિઠુને બે પુત્રો હતા. બંને નાના છતાં ઘરના કામકાજ ઉપર તેઓ નજર રાખતા. પહેલા બાળકનું નામ હતું સુખદેવ અને બીજાનું નામ હતું બાલકૃષ્ણ.

સુખદેવ જરા પાતળો, ઉંચો અને તેની આઠ વર્ષની ઉંમરના પ્રમાણમાં મોટો દેખાતો હતો; જ્યારે બાલકૃષ્ણનું શરીર ઘાટીલું હતું.

બંને બાળકો મ્યુનિસીપાલિટીની મફત નિશાળના માસ્તરે આપેલા પાઠો ગોખી રહ્યાં હતાં.

ખૂણામાં ઘાસતેલના દાબડામાંથી ઓરડીમાં પ્રકાશ પડતો હતો, અને એ અજવાળે બાળકો અક્ષરો ઉકેલવાનો યત્ન કરતાં હતાં.

ક્ષણવારમાં ચોખા રંધાઇ ગયા. માએ છોકરાંઓને બૂમ મારી. થાળીઓ પીરસાઇ ગઈ.

છોકરાંઓએ ટપોટપ જમી લીધું. તેમની માતા વિઠુને માટે એક પ્યાલો ચહા કરીને ઉપર ગઇ. ઘાસતેલના દાબડા નજીક પાછા બાલકોએ પાઠ ગોખવા શરૂ કર્યા. પિતાની માંદગી વિષે બાલકોને કંઇ ખાસ લાગતું ન હતું. આવી માંદગીનો અનુભવ તો તેમને સામાન્ય હતો. તેઓ માનતાં કે કાલે સવારે મટી જશે.

(૨)

''પેટમાં દુઃખે છે ?'' અવાજમાં મૃદુતા હતી.

'બહુજ.'

'કયા ભાગમાં ?'

'ડાબા પડખામાં.'

'અરેરે ! પણ કેમ દુઃખવા આવ્યું ?'

'કોને ખબર ! પણ સાંજે સંચો ચલાવતાં એકદમ શૂળ ઉપડયું. હું તો બેસીજ ગયો.' અવાજમાં અસત્ય જણાઇ આવતું હતું.

'ખરેખર !'

'ઓ રે !' વિઠુએ પેટમાં કળતર થતી હોવાથી બૂમ મારી.

'કંઇ ટપાટપી તો નથી થઇને ?'

'ના, ના.'

પત્નીએ પાણી ગરમ કર્યું. ઘાસતેલના શીશામાં પાણી નાખ્યું અને બાટલી પેટ પર મૂકી. શેકથી જરા આરામ થયો. વિઠુને કંઇક સ્વસ્થતા આવી.

'દાક્તર કયાંથી લાવીશું ?' પત્નીએ પ્રશ્ન કર્યો.

'દવાખાને જઇએ ત્યારે !'

'પણ છોકરાંનું શું ?'

'કાલ સવારે જઇશું. રાતના દુઃખ શમી જશે અને કાલ વધારે થશે તો પછી દવાખાનું તો છેજ ને !' વિઠુએ ઉકેલ કાઢયો. પત્નીને પણ જરા શાંતિ થઇ.

'બા ! અમો સૂઇ જઇએ છીએ' સુખદેવનો અવાજ આવ્યો.

'સારૂં.' માતાએ સંમતિ આપી. ગોદડીઓ પથરાઈ ગઇ. થોડી ક્ષણોમાં બાળકો ઘસઘસાટ ઉંઘવા લાગ્યાં.

કામદારગૃહમાં પાછું શાંતિનું જોર જામ્યું. આઘે ટાવરમાંથી ટકોરા સંભળાયા.

'નવ વાગ્યા !' પત્નીએ પતિ સામું જોઇને શબ્દ ઉચ્ચાર્યો.

'ત્યારે તું સૂઈ જા !' વિઠુએ આશ્વાસન આપ્યું.

ઘાસતેલના દાબડાનો દીવો ઓલવાયો. વિઠુએ શેક કરવા માંડયો. રસ્તાના ગેસલાઇટનાં અજવાળાં કંઇક કંઇક ઉતરતાં હતાં.

રસ્તાના દીવાનો પ્રકાશ ઘરમાં કંઇક અજવાળું આપી રહ્યો હતો, અને એ ઓછા અજવાળામાં વિઠુ પોતાના પેટ પર ગરમ પાણીની બાટલી ફેરવી રહ્યો હતો; પણ પીડા ઓછી નહોતી થતી. કોણ જાણે કેમ, પણ વિઠુને પણ લાગી ગયું હતું કે, આ પીડા

બહુ ઉંડી છે.

‘ અરેરે ! ’ વિઠુએ ઉન્હો નિઃશ્વાસ મૂકયો.

‘ દાક્તરને પણ કયાંથી બોલાવીએ ? પાછી તેની ફી ! ’ પત્નીના શબ્દોમાં નિરાશા હતી.

‘ અરે ભગવાન ! અમે ગરીબ કેમ જન્મ્યા ? ’ વિઠુનો અવાજ સંભળાયો.

પત્નીની આંખમાં એક આંસુ આવ્યું. વાતાવરણ વધુ ગમગીન બન્યું. આજુબાજુના લત્તામાં પણ વાત પ્રસરી ગઇ કે, વિઠુ આજે સખત માંદો પડયો છે.

અને એમ રાત્રિ પસાર થઇ ગઇ.

(૩)

પ્રભાતનો પ્રકાશ પરેલ પર પથરાયો. કામદારોને આમંત્રતી કારખાનાની કાળચીસો વાતાવરણમાં દૂર દૂર સંભળાવા લાગી. ‘ચાલો ચાલો, કામ પર ચાલો,’ એ તેની હાકલ હતી.

મિલની બીજી વ્હીસલ વાગી. સંચાઓ સજીવ બન્યા. એકસાથે લાખ્ખો હાથ હેંડલ ઉપર ફર્યા. એકસામટું સેંકડો વાર કાપડ વણાયું.

પણ વિઠ્ઠલનો સંચો ખાલી હતો. સુપરવાઇઝરની આંખ ફરી, જોબરને જરા ચિંતા થઇ.

‘આ સંચો ખાલી કેમ છે ? ’ સુપરવાઇઝરે સવાલ કર્યો.

‘માણસ નથી આવ્યો.’

‘ કેમ ? માંદો છે ? ’

‘ ના સાહેબ ! પણ હું જાણતો નથી કે, કેમ નથી આવ્યો ? ’

‘જુઓ, સંચો બંધ પડી રહે એ ન પાલવે, સમજયા ! તરતજ બીજો માણસ મૂકો.’

‘ સાહેબ ! મારી પાસે માણસો નથી ! ’

‘ તો નવા રાખો, પણ સંચો બંધ...’

‘ સાહેબ ! મને ખબર છે; પણ આ માણસ તો હમેશાં ગેરહાજર રહે છે ! ’

જોબરને લાગ્યું કે, આખરે વિઠુને કઢાવી મૂકવાની તક આવી પહોંચી છે.

‘ ખરેખર ! ’

‘હા, સાહેબ ! એને રજા આપી દેવાની જરૂર છે. બહુ મિજાજી માણસ છે. એણેજ આપણા ખાતામાં હડતાળ પડાવી હતી.’

જોબરે વરાળ કાઢતાં કહ્યું: ‘અને સાહેબ ! કાલે તો એણે મારી

સાથે મારામારી કરી હતી.'

'હેં ?'

'હા, સાહેબ!'

'અને મારાથી તેના પેટ પર જરા મુક્કો વાગી ગયો હતો.

'આવા માણસો નજ જોઇએ' સુપરવાઇઝરે શબ્દ ઉચ્ચાર્યો.

'સાહેબ! તેને રજા આપી દો તો ઠીક!'

'હા બરાબર છે! સાલાને રજાજ આપી દો' સુપરવાઇઝરે સંમતિનો સ્વર ઉચ્ચાર્યો. અને સંધ્યાકાળ પડતાં પહેલાં વિઠ્ઠલના સંચા ઉપર બીજો માણસ નિમાઇ ચૂકવાની પણ વાત ચાલી.

(૪)

"સાહેબ! હું ખરૂં કહું છું કે, જોબરેજ વિઠુના ઉપર હુમલો કર્યો હતો!' સોનામહોરના કામદારે મજૂર સંઘના મંત્રીને કહ્યું. 'જુઓ, વાત એમ બની કે, અમોને ઉંચા કાઉંટનાં સૂતર ઉપર આજ પગારે કામ કરવાને જોબરે કહ્યું; પણ વિઠુએ વાંધો લીધો. તેણે અમને એકત્ર કર્યા, અને અમો મજૂર મહાજનમાં આજે ફરીઆદ નોંધાવવા માટે આવનાર હતા; પણ કાલે બોલાચાલી થયેલી તેમાં વિઠુ અને જોબર આથડી પડેલા. આ અથડામણમાં જોબરે વિઠુને પેટ પર જોરથી મુક્કો માર્યો એટલે તે ત્યાંજ તમ્મર ખાઇને પડી ગયો. કંઇક કળ વળતાં ઘેર ગયો....

"અને આજે તે આવ્યો નથી એટલે એ બહાનાસર જોબરે તેને નોકરી પરથી કઢાવી મૂક્યો." મજૂર સંઘના મંત્રીને ફરિયાદ કરતાં કામદારે પોતાની વાત પૂરી કરી. મંત્રીના કપાળે જરા કરચલીઓ પડી.

"પણ વિઠુને આજે કેમ છે?" મંત્રીએ ચિંતાજનક સ્વરે પૂછ્યું.

"સાહેબ! તેની તો અમને ખબર નથી. આજે તે કામ પર આવ્યો નથી, એટલે શું જાણીએ ?"

"ત્યારે તો ચાલો વિઠુની ખબર કાઢીએ!"

(૫)

પણ તેઓ સર્વ મોડા હતા. વિઠુનો નાશ અનિવાર્ય હતો. પથારી ઉપર વિઠુ છેલ્લો શ્વાસ લઇ રહ્યો હતો. તેની પાસે બેઠેલી પત્ની તેની છેલ્લી ક્ષણોમાં પણ આરામ આપવાનો યત્ન કરી રહી હતી.

દૂર ગોદડા ઉપર બેઠેલાં બે બાળકો આ ઘટના સમજવાનો યત્ન કરતાં હતાં. તેઓ જાણતાં કે, માંદગી સામાન્ય છે. મૃત્યુની તો તેમની કલ્પના પણ ક્યાંથી હોય!

અને આખરે મૃત્યુએ વિઠુના શરીરને સ્પર્શ કર્યો અને ક્ષણવારમાં તેને અંતિમ આલિંગન આપ્યું.

અને બારણા ઉપર ટક્ ટક્ના ટકોરા સંભળાયા.

× × × ×

મજૂર મહાજનની ઑફીસની કોઠી ઉપરનો વાવટો અડધો ઉતારવામાં આવ્યો. વિઠુના શબ ઉપર વિશાળ કામદાર વાવટો તેમણે ઓઢાડ્યો. એ વાવટાની આસપાસ કામદારોએ લાલ ફૂલો વેર્યાં.

શબને અગ્નિદાહ આપવા કામદારો ભેગા થયા. ધીમે ધીમે ગુલાલ છંટાયું. ધીમે ધીમે લાલ રંગ તે મૃતદેહ પર છવાઇ રહ્યો. કેટલાકની આંખમાં આંસુ હતાં, કેટલાક ગમગીન હતા. નિરાશાનું વાતાવરણ જામતું ચાલ્યું.

ધીમે ધીમે કામદારો ગોઠવાયા. મજૂર મહાજને નિર્ણય કર્યો હતો કે, વિઠુને ભવ્ય અંતિમ માન આપવું.

થોડીજ વારમાં વાવટા ફરકયા. સરઘસ ગોઠવાયું. શબને છેલ્લા સંસ્કાર આપવાને માટે સૌ કોઇ નીકળ્યાં. સરઘસ ધીમેથી આગળ વધ્યું. રસ્તા પર જનારાઓની કુતૂહલવૃત્તિ રોકાવી અશકય હતી. કેટલાક સવાલ કરતાં અર્ધા જવાબો મળતા.

સોનામહોર મિલના દરવાજા આગળ સરઘસ સ્તંભ્યું. કામદારનેતાએ સમયોચિત ભાષણ આપ્યું. મૂડીવાદના નાશના પ્રબળ પોકાર કર્યા અને સરઘસ આગળ ચાલ્યું.

× × × ×

"એય, કોણ મરી ગયું ?" મેનેજરે કારકુન સામું જોઇને સવાલ કર્યો.

"સાહેબ! આપણી મિલનો વિઠુ કામદાર!"

"ચાલો, એક ગુલામ ઓછો થયો !" મેનેજરના મુખમાંથી ઉદ્ગાર બહાર પડયા.

કારકુને દાંત કચકચાવ્યા ! એ સિવાય તે બીજું શું કરી શકે તેમ હતો ? ("નવયુગ"ના એક અંકમાંથી)

૧૬—નવું રેલવે સ્ટેશન

(લેખકઃ-શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ)

(૧)

સાંગલપુર ગામના પાધરમાં થઇને રેલવેના પાટા જતા હતા, અને દામુશેઠે ઘણીએ અરજીઓ કરી, પણ રેલવે કંપનીએ સાંગલપુર ગામે નવું સ્ટેશન નાખ્યું નહિ. શેઠને અને ગામના બીજા વાણિયાઓને રૂનો બહોળો વેપાર હતો, એટલે તેમને વીરમગામ અને અમદાવાદ બીજે-ત્રીજે દિવસે જવું-આવવું પડતું. ગામથી સાણંદનું રેલવે સ્ટેશન ત્રણ ગાઉ દૂર પડે, અમદાવાદથી સાંગલપુર સાત ગાઉ દૂર રહ્યું અને વીરમગામ તથા સાંગલપુર વચ્ચેનું છેટું પણ છ સાત ગાઉથી ઓછું નહોતું. આથી મુસાફરીની બહુ તકલીફ પડતી. ગામમાંથી બળદગાડીમાં કે માંદલા ઘોડાના ટાંગામાં બેસીને સ્ટેશન પર જવું પડે અને ત્યાંથી રેલવે ગાડીમાં બેસે તો અમદાવાદ કે વીરમગામ જવાય. પાછા ફરતાં રેલવે સ્ટેશનથી ત્રણ ગાઉની ટાંગાની કે બળદગાડીની મુસાફરી ખરીજ. માલ-થાલ લાવવો હોય તોપણ ભારે અડચણ પડતી. સાંગલપુર ગામ જરા સારૂં રહ્યું, એટલે ગાડીએ રોજ પંદર-વીસ ઉતારૂ ઉતરે, પંદર-વીસ બેસે અને માલનાં ગાડાં તો અમદાવાદ, વીરમગામ કે રેલ્વે સ્ટેશન અને સાંગલપુરની વચ્ચે ફરતાંજ હોય. સાંગલપુરને રેલવે સ્ટેશન વિના નજ ચાલે એવી દામુશેઠની ગણતરી હતી; પરંતુ રેલવે કંપની એવી અવળચંડી હતી કે, અરજીઓ ઉપર તે ધ્યાનજ આપતી નહિ! શેઠે ગામલોકોની અને વાણિયાઓની સહીઓ કરાવીને અરજીઓ કરેલી, પણ કોઈ દાદ દેતું નહોતું. હવે તો શેઠ અરજીઓ કરીને થાક્યા હતા અને પોતાને ગામે નવું રેલવે સ્ટેશન ઉઘડે એવી આશા મૂકી હતી.

શેઠના દીકરા રણછોડને એક યુક્તિ સૂઝી હતી. પાંચ-સાત હજાર રૂપિયા રોકીને બે ત્રણ મોટરના 'ખટારા' લેવા અને અમદાવાદ તથા સાંગલપુરની વચ્ચે ભાડે ફેરવવા; તેથી મુસાફરીનું દુઃખ જાય, ઉતારૂઓ સારી પેઠે મળે, માલ પણ એક કલાકમાં અમદાવાદથી

સાંગલપુર પહોંચે એટલે ગામને પણ સુખ થાય; પણ શેઠને એ વાત ગમી નહિ. "ભાડે ગાડીઓ ફેરવવાનો ધંધો કરવો એ આપણા જેવા મોટા વેપારીને શોભે નહિ" એવો શેઠનો અભિપ્રાય હતો.

એક વાર દામુ શેઠ અને રણછોડ વીરમગામથી આવીને સ્ટેશને ઉતર્યા. સાંગલપુરનો અભરામ પોતાનો ભાડૂતી ટાંગો લઇને આવ્યો હતો, તેને શેઠે ગાડીના ડબામાંથી ઉતરતાંજ વરધી આપી દીધી કે "અલ્યા અભરામ! તારી ગાડીમાં અમે બેસવાના છીએ. બે જણની જગ્યા રાખજે."

સ્ટેશન ઉપર ચાર બળદના એક્કા અને બે ઘોડાના ટાંગા હતા. બધાં વાહન ખડખડ પાંચમ જેવાં હતાં. ઉતારૂઓ વાહનોમાં ગોઠવાયાં અને વાહનો સાંગલપુરની સડકે ચઢ્યાં. અભરામના ટાંગામાં દામુશેઠ અને રણછોડ ઉપરાંત એક બીજો ઉતારૂ બેઠો હતો; તે ઉપરાંત અભરામ તો ખરોજ.

ઘોડો ઘરડો હતો, થાકેલો હતો અને ચાર જણનો ભાર ઉંચકીને ખદક-ખદક ચાલતો હતો. ટાંગાનાં હાડ-પાંસળાં ઠચુક-ઠચુક બોલતાં હતાં. શેઠનું ભારે શરીર ટાંગામાં હચમચતું અને હાંફતું હતું. ઘોડાને ઉતાવળે ચલાવવાને અભરામ મથતો હતો. ઘોડાને ચાબૂક મારે, ચાબૂકની લાકડીને છેડે નાખેલી આર ઘોંચે, ત્યારે પંદર-વીસ ડગલાં ઘોડો ઉતાવળો ચાલે; પણ પાછો ખદક, ખદક, ખદક!

"અલ્યા અભરામ! ઘોડાને ચંદી આપછ કે નહિ?"

"આપું છું બાપા!"

"ત્યારે ઘોડો ધીમો કેમ ચાલે છે?"

"ઘોડો જરા ખોડીલો છે બાપા! માર્ગે પડશે એટલે પછી પવનવેગે ઉડયો સમજો." 'પવનવેગ' એ ઉતારૂઓને માટે અભરામનું રોજનું આશ્વાસન હતું.

અભરામ ટાંગા પરથી ઉતર્યો, ઘોડાને બે-ચાર ચાબૂક લગાવી દીધા. બે-ત્રણ વાર આર ઘોંચી, પાંચ-સાત ગાળો દીધી અને ઘોડાની રેન પકડીને ટાંગાની સાથે થોડું દોડયો. ઘોડો જરા ઉતાવળો ચાલ્યો કે તુરત તે પાછો ટાંગા પર ચઢી બેઠો. ભાર વધ્યો એટલે ઘોડો ધીમો પડયો અને પાછી ફરી અભરામની ચાબૂકબાજી ચાલુ થઈ. ઘોડાએ દોડ જરા વધારી એટલામાં તેને ઠોકર વાગી, ઘોડો ઘુંટણભેર થઈ ગયો, ટાંગો નમી ગયો, ગભરાયેલા દામુશેઠના મોંમાંથી રાડ નીકળી ગઇ; પણ અભરામે તુરત છલંગ મારી ચતુરાઇથી ઘોડાને, ટાંગાને અને ઉતારૂઓને બચાવી લીધા.

"અરરર !" શેઠ ફફડી ઉઠયા: "અભરામ ! બિચારા ઘોડાને એક ફેરામાં તું આટલો માર મારછ, ત્યારે ચાર ફેરામાં તો તું શુંએ કરતો હોઇશ ! જરા દયા રાખતો હોય, તો ખુદાય રાજી રહે."

"પણ બાપા ! મારૂં ને ઘોડાનું બેયનું પેટ તો ભરવું ને !" અભરામે દલીલ કરી.

રણછોડ બોલ્યો: "બાપા ! મોટર હોય તો આવું કશું જોવું પડે નહિ. નહિ ઘોડાને ચાબૂક મારવો કે નહિ બળદને આર ઘોંચવી. સાચું કહો તો ઘોડાની કે બળદની ગાડીમાં બેસવું એજ આપણા જૈન ધર્મ પ્રમાણે પાપનાં પોટલાં છે. આવાં કરમ આપણાથી જોયાં જાય ?"

શેઠને લાગ્યું કે, ઘોડાની ગાડીમાં બેસીને ઘોડાને માર ખવરાવવાનું પાપ કાંઇ જેવું તેવું નથી. મૂંગા પ્રાણીને માર ખવરાવવાનું પાપ મોટરમાં ન લાગે એમ તો શેઠ સમજતાજ હતા.

રણછોડ આગળ બોલ્યો: "હું તો કહું છું કે, સરકારે રેલ ને મોટર કાઢીને આ મૂંગાં જનાવર ઉપર ભારે દયા કરી છે. મોટરનો શોધનારો કોઇ સાચો દયાળુ માણસ હશે."

દામુ શેઠે બળદગાડીમાં અને ઘોડાગાડીમાં બેસીને ઘણીએ વાર ભારવાહી જાનવરોનાં દુઃખ જોયાં હતાં. પેટ્રોલથી ચાલતી મોટર એ જાનવરોને દુઃખમાંથી છોડાવવાનું વાહન હતું, એ મીમાંસા શેઠના અંતરમાં ઉતરી ગઈ.

એક અઠવાડીઆની અંદર દામુ શેઠની માલિકીની ત્રણ ભાડૂતી મોટરો રણછોડની વ્યવસ્થા હેઠળ અમદાવાદ અને સાંગલપુરની વચ્ચે ફરવા લાગી ગઇ. શેઠને લાગ્યું કે, બિચારા બળદ અને ઘોડાની ખાંધેથી ધૂંસરાં છોડવાનું પુણ્ય કર્યું હતું. શેઠને મન તેમાં ધંધા કરતાં વધુ તો ધર્મ માલૂમ પડયો હતો.

(૨)

આજ સુધી સાંગલપુરની સમૃદ્ધિ ઠાવકી અને ગંભીર હતી તે હવે ચમકારા મારવા લાગી. રેલવે સ્ટેશને રોજ સાંગલપુરના પંદર-વીસ ઉતારૂઓ ચઢતા-ઉતરતા, પરંતુ અમદાવાદ અને સાંગલપુરની વચ્ચે આવ-જા હવે ખૂબ વધી પડી હતી. ત્રણે મોટરો ખીચોખીચ ભરાઇને રોજ બે ત્રણ વાર આવ-જા કરતી. સગવડ વધી હતી એટલે ઉતારૂઓ વધ્યા હતા. સ્ટેશને ઉતારૂઓ લાવવા-લઇ જવાનું કામ પણ હવે બળદના એક્કા અને ઘોડાના ટાંગાને બદલે શેઠની મોટરો કરતી હતી. દૂધ ત્રણ પૈસે શેર મળતું તેનો

ભાવ વધીને ૭ પૈસા થયો; ઘી રૂપિયાનું બશેર મળતું તેનું સવાશેર થઈ ગયું; છાશનાં દોણાં પણ મોટરમાં ચઢી ચઢીને અમદાવાદની પોળોમાં ઠલવાવા લાગ્યાં. પશી કણબણ પાડોશણને મલકાતી કહેતી: "બાઇ! રોજ ચાર ડોબાંની છાશ ઉકરડે ઢોળવી પડતી, પણ હવે દામુ શેઠની મોટર થઇ છે એટલે રોજ છાશનોજ દોઢ રૂપિયો ઉપજે છે. દશ આના ભાડાના જાય તોય ચૌદ આના મળે ને!"

સાંગલપુર અને અમદાવાદ વચ્ચે ભાડાની મોટરો ફરવા લાગી. તેની અસર સાંગલપુર ઉપર બે પ્રકારની થઇ. લોકોની મુસાફરીની અગવડ ગઇ; દૂધ-ઘીના વધુ પૈસા ઉપજવા લાગ્યા અને પહેલાં ત્રણ દિવસે મેળવી શકાતી ચીજ હવે સાંગલપુર બે કલાકમાં હાજર થવા લાગી. પશી કણબણનો કરસનીઓ એક વાર માંદો પડયો અને તાવમાંથી ત્રિદોષ થઇ ગયો. ઘરગથ્થુ ઉપચારો કર્યા, પણ તે સાજો થયો નાહ; એટલે અમદાવાદથી મોટરમાં ડૉકટર બોલાવ્યો. પંદર રૂપિયા ડૉકટરને આપ્યા અને દવા તથા મોટરભાડાના બીજા પચીસ રૂપિયા થયા, પણ કરસનિયો મરતો મરતો બચ્યો તેથી પશી કણબણ મોટરવાળા દામુ શેઠ ઉપર આશિષોનો વરસાદ વરસાવતી.

સાંગલપુર ઉપર બીજી અસર થઇ તે સાંગલપુરના લોકોના સમજવામાં આવતી નહોતી. અમદાવાદનો ચેપ સાંગલપુરના ખેડૂતો તથા વાણિયાના જુવાન છોકરાઓ ઉપરજ નહિ, પણ મોટેરાઓ અને ઘરડાઓનેય લાગતો જતો હતો. કરસનિયો છાશ વેચવા રોજ અમદાવાદ જતો અને પૈસા લાવતો; પરંતુ તે સાથે તે રોજ અમવાદની હોટલોની મોજ ચાખતો આવતો તેની, તેની માને ખબર ન હતી. ગામમાં સાંગલપુરના મોચીના સીવેલા દેશી જોડાને બદલે રાતા-કાળા પૉલીશ કરેલા સ્લીપર અને દોરી બાંધવાના શૂઝ થોડે થોડે દેખાતા જતા હતા. એક રૂપિયાની જરૂર જણાતાં અમદાવાદનો ફેરો ખાનારા "ભેગાભેગી" ચાર રૂપિયાની જણસો વહોરી લાવનારા તો સાંગલપુરમાં ખૂબ વધ્યા હતા. દૂધ વેચવા જનારાય અઠવાડિયામાં બે ત્રણ સિનેમાના ખેલો જોયા વિના પાછા આવતા નહિ. દામુ શેઠના રણછોડના અઢારેક વરસના ચંદુને તો ઘરની મોટર હતી, એટલે તેની અમદાવાદની સહેલગાહો ખૂબ વધી પડી હતી. ઘી, દૂધ, છાશ, ઘાસ કે એવી બીજી ચીજોના વધુ પૈસા ઉપજતા તે સાંગલપુરના ખેડૂતોને મીઠા લાગતા, પણ તે પૈસા અમદાવાદના ચેપની પાછળ ઘસડાઇ જતા હતા અને તેમના સાદા સંતોષી જીવનમાં કૃત્રિમતા તથા તૃષ્ણા લાવી મૂકતા હતા. ભરપટ્ટે

દૂધ ખાનારા હવે દૂધ ખાવાનું ઓછું કરતા હતા, ચાહના પ્યાલા ઘેર ઘેર ખખડતા અને મોટર શરૂ થયા પછી છએક માસે તો અમદાવાદના એક કણબીએ સાંગલપુરમાં હોટેલ પણ નાખી દીધી.

(૩)

ચંદુ ત્રણ માસ સુધી મુદતિયા તાવથી પીડાઇને માંડ માંડ સાજો થયો હતો. શેઠને દવા–દાકતર પાછળ પાંચસોક રૂપિયા ખર્ચવા પડયા હતા, પણ તેમ કરતાંય ચંદુ સાજો થયો અને આજે તે જરા ઓસરીમાં આવીને બેઠો તેથી શેઠ આનંદમાં હતા. શેઠે ઉમળકાથી કહ્યું: "બેટા ! જરા દૂધ–ભાત ખાઇને આજ તો દુકાને ચાલ."

ઓરડામાંથી ચંદુની વહુએ ગુમાસ્તા પાસે કહેવડાવ્યું કે "આજે ગાયે દોહવા દીધું નથી, તો ગામમાંથી દૂધ મંગાવી આપો."

"માધા ! જા, પશી કણબણને ત્યાંથી દૂધનો લોટો ભરી આવ." શેઠે ગુમાસ્તાને ફરમાવ્યું. માધો એક કલાકે દૂધ લઇને આવ્યો. શેઠે ચીડાઇને પૂછ્યું: "અલ્યા આટલી બધી વાર ?"

"શું કરૂં બાપા ! પશી ડોશી કહે કે ઘરમાં દૂધ નથી. રાજી ભરવાડણ કહે કે દૂધ અમદાવાદ વેચાવા ગયું છે અને ઢોરાં સીમમાં ગયાં છે. મગન મહારાજ કહે કે મારી ગાય આજ વટકી છે એટલે દૂધ નહિ દે."

શેઠ સ્તબ્ધ થઈ ગયા. "ત્યારે તું દૂધ લાવ્યો ક્યાંથી ?"

"ત્રણ આના આપીને હોટેલમાંથી શેર દૂધ લાવ્યો."

શેઠ વિચારમાં પડી ગયા. દૂધ માટે ત્રણ ઘેરથી નકાર મળ્યા પછી હોટેલમાંથી વેચાતું દૂધ લાવવું પડયું તે તેમને સાલવા લાગ્યું. જમી લઇને શેઠ ચંદુને લઇને દુકાને ચાલ્યા, માર્ગમાં ચાર ચમારને ઘોડાનું મુડદું ઉંચકી જતા જોઇને શેઠે પૂછ્યું: "અલ્યા, આ કોનો ઘોડો મૂઓ ?"

"અભરામ મિયાંનો, બાપા !"

"ગાડીવાળો અભરામ ?"

"હા બાપા !"

દુકાને રણછોડ મોટરના ભાડાની આવકનું નામું લખતો હતો. દુકાનમાં પશી પટલાણી, રામો પટેલ, જગો મોચી અને અભરામ મિયાં બેઠાં હતાં. અભરામની આંખોમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. શેઠ આવતાંવેંત બોલ્યા: "અભરામ ! તારો ઘોડો તો મરી ગયો !"

"હા, બાપા ! તમે મોટર ફેરવવા માંડી, ત્યારથીજ હું એને મૂએલો તો દેખતો'તો; પણ આટલો મોડો મૂઓ અને હું ભીખભેગો થઇ ગયો."

"અલ્યા, એમાં મારો શો વાંક ?"

"તમારો વાંક નહિ, તો મારા નસીબનો તો ખરો. ઘોડો કમાતો'તો ત્યારે હું તેને ખવરાવતો અને મારૂં પેટિયુંય નીકળતું. આ બાર મહિનામાં ઘરનાં વાસણ વેચીને મેં ને ઘોડાએ ખાધું. આજ હવે બે મણ બાજરી આપો, નહિ તો ઘોડાની પાછળ મારૂંએ મોત."

શેઠ અભરામનાં આંસુ જોઇ રહ્યા, અને કશું બોલ્યા નહિ. પશી તરફ નજર કરીને શેઠ બોલ્યા: "પટલાણી! તમે કેમ આવ્યાં છો?"

પટલાણીએ ઘૂમટાની આડેથી કહ્યું: "પચાસ રૂપિયા આપો શેઠ! વ્યાજ જોઇએ તે લેજો."

"તમારે વળી શી ખોટ પડી? હવે તો દૂધ ઘી ને છાશની બહુએ આવક થઈ છે ને?"

"બળી એ આવક! કરસનિયો ત્રણ વાર માંદો પડયો, ને સો રૂપિયા ખરચ થઇ ગયું! તેની વહુને આણું વાળીને લાવવી છે એટલે તમારી પાસે આવીને વેણ નાખ્યું છે, શેઠ!" પટલાણી બોલ્યાં.

"માંદગી આવે તેમાં શું કરીએ? જેવા કરમના લેખ. અમારા ચંદુની માંદગી પાછળ પાંચસો રૂપિયા થયા."

"માંદગી પણ જેવી તેવી? બાપલિયા! પાણીની જેમ પૈસા ખરચ્યા. મારો રડયો રોજ અમદાવાદ જાય ને હૉટેલમાં ભજિયાં ને પૂરી ખાય. અર્ધાં કાચાં ને અર્ધાં પાકાં. ઉપરથી રાતે નાટક જુએ અને ઉજાગરા કરે. ચાહનાં પવાલાંનો તો સુમાર નહિ. પૂછોને તમારા ચંદુને; બેઉ સાથે ફરતા ને ખાતા. પછી માંદા ન પડે તો બીજું શું થાય!"

શેઠે ચંદુ સામે જોયું. ચંદુ શરમાઇને નીચું જોઇ રહ્યો. શેઠ બબડયા: "આપણા ગામને ય અમદાવાદનો ચેપ લાગ્યો."

શેઠે રામા સામે જોયું. તે બોલ્યો: "આપા! દાણા લેવા આવ્યો છું."

"તારે વળી દાણા શું કરવા છે? હજી હમણાંજ ખળાં ભરાયાં છે ને?"

"પણ ખળાંમાંથી મણ દાણો ય ઘેર આવ્યો નહિ. આ વર્ષે ચોમાસે તમારૂં બીજું ય દેણું કરવું પડશે."

"એમ કેમ? તારે વળી દેણું કરવાનું હોય?"

"કોઈ વરસ નહિ ને આ વર્ષે કરવું પડશે શેઠ! ખળાંમાંથી દાણો આવે કે ન આવે, પણ ઉનાળે અમે ભાડાં કરીને સારી રીતે ચલાવતા. હવે તમારી મોટર થઇ એટલે ભાડું મળે નહિ. શું કરૂં શેઠ? મારો બળદ માંદો પડેલો, અને રાજો રબારી કહે કે તેને

ઘી પાઓ. પણ મારે ખાવા દાણો મળે નહિ, ને બળદને ઘી ક્યાંથી પાઉં? એટલે એને પાંજરાપોળે મૂક્યો ને બીજાને વેચી નાખ્યો."

શેઠે રણછોડ સામું જોયું. રણછોડ સરવાળો કરી રહ્યો હતો; તે બોલ્યો: "બાપા! આ મહિને સાડાસાતસોની આવક થઇ અને સવાપાંચસોનું ખર્ચ થયું. સવાબસોનો વધારો વધ્યો."

જગો વચ્ચે બોલ્યો: "બાપા! હું ય પચીસ રૂપિયા લેવા આવ્યો છું.

"અલ્યા, ગામમાં કોઇ જોડા પહેરતું નથી કે શું? તારે વળી શી તાણ પડી?"

"જોડા તો સૌ પહેરતા હશે, શેઠ! પણ આ વર્ષે મારો ધંધો બરાબર ન ચાલ્યો, કોણ જાણે શાથી."

"દાદા! હું જઉં છું, દવા પીવી ભૂલી ગયો છું" એમ કહી ચંદુ ઉઠ્યો. ક્રોમ લેધરના ચકચકિત બૂટ પહેરીને તે દુકાન પરથી ઊતર્યો. શેઠનું ધ્યાન બૂટ તરફ ગયું અને તેમને બહુજ ગ્લાનિ થઇ આવી. શેઠ નિસાસો નાખીને તકિયા પર પડ્યા અને બેઉ હાથે તેમણે મોઢું ઢાંકી દીધું.

(૪)

"ભોં ભોં ભોં" કરતી એક મોટર આવીને શેઠની દુકાન સામે થોભી. માંહેથી એક યુરોપિયન અને પારસી ઊતર્યા. પારસીએ પૂછ્યું: "ડામોડર સેઠ આપનુંજ નામ કે?"

"જી હા. કહો શું કામ છે?"

"તમે સાંગલપુરનું સ્ટેસન ખોલવા રેલ્વે કંપનીને અરજી કરી'તી કે?"

"જી હા, તેનું હવે શું છે?"

"તમારા ગામમાં વાનીઆનાં ઘર કેતલાં?"

"થોડાં."

"થોડાં એતલે કેતલાં?"

"પાંચ–સાત–દસ."

"બીજી ઉંચી કોમોનાં ઘર કેતલાં?"

"ચાર–પાંચ."

"બાકી બઢા ખેડૂટોનો ઢંઢો કરટા હોસે?"

"જી હા."

"સાનંદને સ્ટેસને તમારા ગામના કેતલા ઉતારૂ ચડતા–ઊતરતા હોસે?"

"એક–બે."

"એમ કાંય? તમો અરજીમાં લખો છો કે વીસ–પચીસ ઉતારૂ ઊતરે છે."

"એ દા'ડા વહી ગયા."

"તેનું કારણ શું ?"

"અમારે ગામ મોટર ફરે છે."

"એમ, તો હવે તમારે નવું સ્ટેસન ખોલવાની જરૂર નથી ને?"

"જી, ના."

"પારસીએ પેલા યુરોપિયનને મોટરમાં પાછા બેસતાં કાંઇ અંગ્રેજીમાં સમજાવ્યું અને મોટર પાછી ચાલી ગઈ.

રણછોડ ખુશ થતાં બોલ્યો: "બાપા! તમે ઠીક જવાબ આપી દીધો. વધુ ઉતારૂ કહ્યા હોત, તો હવે કંપની નવું સ્ટેશન ખોલત અને આપણો મોટરનો ધંધો પડી ભાગત."

"પણ મારે તો હવે મોટરેય જોઇતી નથી ને નવું સ્ટેશને જોઇતું નથી. બસ, આજ ને આજ તું અમદાવાદ જા અને ત્રણે મોટર વેચી નાખ." શેઠ આવેશમાં આવી જતાં બોલ્યા.

રણછોડ આ કારમી આજ્ઞાથી સ્તબ્ધ બની ગયો. તેણે પૂછ્યું: "એનું કાંઇ કારણ ?"

"મારે સાંગલપુરની ખરાબી થવા દેવી નથી."

"એમાં વળી ખરાબી શી ?"

"જોતો નથી ? ગામને અમદાવાદનો ચેપ લાગે છે, રોગનાં ઘર ઘલાતાં જાય છે, લોક દેણદાર થાય છે, ગરીબોના ધંધા ભાગી પડે છે, લોકોનાં મન શહેરીઓના જેવાં ચોર થતાં જાય છે. એ બધો તારી ભાડાની મોટરનો પરતાપ."

"બાપા! પણ આપણે મોટરના છ હજાર ખર્ચ્યા છે અને તેના હવે પૂરા ત્રણ હજાર પણ ઉપજશે નહિ."

"એ હજાર કેમ ઉપજતા નથી! મારે હવે એ નજ જોઇએ. શહેરથી દૂર મારૂં સાંગલપુર વધારે સારૂં છે. અને હા, એ મોટરોના જે પૈસા ઉપજે તે પણ ગામમાં વગરવ્યાજે ધીરવાના છે એ ધ્યાનમાં રાખજે."

"તમે ફરીથી બળદની ખાંધે ધૂસરાં નંખાવો છો!"

"અરે, સારૂં છે ભાઇ! બળદની ખાંધે ધૂંસરૂં નહિ હોય ત્યારે બળદ ભૂખે મરશે. એવું મોટું દયાળુપણું મારે નથી જોઇતું. ઉઠ, અમદાવાદ જા!"

રણછોડ બાપની સામે જોઇ રહ્યો. અભરામ આંસુ લૂછીને દોડતો શેઠના ખોળામાં માથું નાખીને પડયો અને બોલ્યો: "બાપા! સાચી દયા આજ મેં તમારામાં જોઈ!" ("પ્રસ્થાન" માસિકમાંથી)

१७-भोग-एक सत्य घटना उपरथी

(લેખકઃ-શ્રી. ચંદ્ર)

(૧)

સુભદ્રાને પરણ્યે પૂરાં બે વર્ષ થયાં હતાં, પણ એકેય ઘડી તેણે સુખની જોઈ નહોતી. જ્યારથી સાસરે આવી હતી ત્યારથી કજીઆ-કંકાસથી આખું ઘર દુઃખી હતું. સુભદ્રાની સાસુ મહાકર્કશા હતી. તેની વિધવા નણંદ બળતામાં ઘી હોમતી. નિશાળમાં સુભદ્રા જ્યારે ભણતી હતી ત્યારે ભવિષ્યના જીવન માટે તેણે ઘણી આશાઓ બાંધી હતી; પણ સાસરે આવ્યા પછી બધી આશાઓ પર પાણી ફરેલું તેણે જોયું.

તેનો પતિ મિલમાં કારકુન હતો. તે ભણેલો અને સમજુ હતો. પણ માતાપિતાની આજ્ઞાને આધીન રહી તે પોતાનું ગાડું ગબડાવી રહ્યો હતો. વહુ કરતાં તે માતાને વધારે માનતો, પરિણામે વહુ બિચારી મહાદુઃખ ભોગવતી. તેની ફરિયાદ સાંભળનાર કોઇજ ન મળે. ભૂલેચૂકે તે પાડોશી સાથે વાત કરતી અથવા કંઇ વાંચી સંભળાવતી તો ગાળોના પ્રહારને પાત્ર બનતી.

એક દિવસ સાંજના પાંચેક વાગ્યાનો સમય થયો હતો. ચોપડી વાંચતાં તે નિદ્રાધીન થઇ ગઇ. એ જોઇ સાસુએ તેનાપર ગાળોનો વરસાદ વરસાવ્યો.

એવામાં રમણભાઇ પોતાની ઑફિસેથી પાછા આવ્યા. તેમણે પોતાની માતાને આવી રીતે વર્તતી જોઇ ત્યારે તેમને મહાદુઃખ થયું. માએ દીકરાને ઉદ્દેશી કહ્યું:

'જોયા તારી વહુના ચાળા! આખો દિવસ વાંચ, વાંચ ને વાંચ-જ કર્યા કરે. ઘરની કે કામની પરવા કોણ કરે છે? જાણે નોકરી નથી કરવાની. આવા ભણતરમાં ધૂળ પડે. ન સૂઝે સાંજ કે ન સૂઝે સવાર. આખો દિવસ ચોપડી કે ચોપાનિયું. હું તો એને બિલકુલ સંઘરવાની નથી. જાય ફાવે ત્યાં અને કરે નોકરી.'

આજ સુધી બધું શાંતચિત્તે સાંભળતી રહેનારી સુભદ્રા પોતાના પતિને જોઇ બોલી:

“બા! તમે મને નકામો ઠપકો આપો છો, તમારૂં અથવા ઘરનું કામ જો અટકી રહેતું હોય અથવા હું પૂરૂં ન કરતી હોઉં ત્યારે કહો તો તે ઠીક. પણ વાતવાતમાં નકામો દોષ કાઢી મને ગાળો ભાંડો તે તમને કેમ શોભે?”

‘ચાલ આવી છે અમને શિખામણ આપવા’ નણંદે ગર્જના કરી.

‘બહુ ભણી એટલે આવ્યું ડહાપણ. ખબરદાર, જો અક્ષર વધુ બોલી તો.’ સાસુના આ શબ્દો સાંભળતી સુભદ્રા પોતાના પતિ સામે જોતી ઉભી હતી. તેનું હૃદય ફાટફાટ થઈ રહ્યું હતું.

રમણભાઇને પણ કંઇ સૂઝતું નહોતું. જીવન કષ્ટપૂર્ણ વસ્તુ છે. આખી જીંદગી સુધી આમ કેવી રીતે જીવન ગાળવું, એ સવાલ થયો. વહુ બિચારી વધુ શું કરી શકે? તેણે પોતાના ભાગ્યનો દોષ કાઢી થોડાં આંસું સારવ્યાં. એવી ઘણી રાત્રિઓ તેણે આવી ગાળી હતી. વારંવાર તેને એજ વિચાર આવતો–મારે જીવવું શા માટે? કોઇ પણ વસ્તુની ઇચ્છા શા માટે કરવી? નાનું સરખું ઘર હું સુધારી શકતી નથી, ત્યારે મારૂં ભણતર શા કામનું? કયાં સુધી હજી મારા ભાગ્યમાં દુઃખ જડાયાં હશે?

(૨)

ચિંતાગ્રસ્ત શરીરમાં રોગ પેઠો. સુભદ્રા દિવસે દિવસે સુકાવા લાગી. રમણલાલ આજે ઑફિસથી વહેલા આવ્યા હતા. તેમની બદલી મિલની ઑફિસેથી મિલની દુકાને બીજે ગામ થઇ હતી. સુભદ્રાને એ હવે કોઇ રીતે સુખી કરી શકશે કે કેમ, એ વિચારોના વમળમાં બહારગામ જવાની તૈયારી કરવા લાગ્યા; પણ સુભદ્રાને પોતાની સાથે તૈયાર થવા કહેવાની હિંમત રમણભાઇમાં ન હતી. તે સાડાચારની ગાડીમાં જનાર હતા. સુભદ્રા તેમની પાસે આવી વિનીતભાવે કહેવા લાગી:

‘તમારા વગર મારાથી આ ઘરમાં એક પળ પણ હવે રહેવાશે નહિ, માટે દયા લાવી મને સાથે લઇ જાવ.’

પેન્શન લઇ રામભજન કરતા પોતાના પિતાને રમણભાઇ એ વાત પૂછવા ગયા. ઠંડે હૃદયે ડોસાએ સાંભળ્યું અને બોલ્યા કે ‘દિકરા! આજે તને ૪૦ રૂપીઆની નોકરી મળી એટલે આટલી ધૃષ્ટતા આવી? વહુને સાથે લઈ જવાની માગણી કરતાં લગારે શરમ ન આવી! જા, પૂછ તારી બાને.’

એ વાત પૂછવાને ભાઇએ ઘણુંએ મન કઠણ કર્યું, પણ તે પોતાની મા સમક્ષ એકેય શબ્દ ઉચ્ચારી શકયો ના. ગાડીનો સમય થયો. તે ઉપડયો. બિચારી સુભદ્રાની એકમાત્ર સાંત્વના તેનાં આંસુ હતાં. તે રડીને થાકી સૂઇ ગઇ, અને આ દુઃખમય સંસાર ક્ષણભરને માટે વિસરાઇ ગયો.

(૩)

તેની સ્થિતિ ઘણી નબળી પડી ગઈ હતી. દિવસો ઝડપથી પસાર થતા હતા. માંદગીથી તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. લોહી ઉડી ગયું હતું. રજા લઇ રમણ ઘેર આવ્યો હતો અને સુભદ્રાને ખાટલે તે લમણે હાથ દઇ બેઠો હતો. આંસુ સરતાં હતાં. તે બોલ્યોઃ

‘સુભદ્રા! તું શ્રીમંત અને ભણેલીની આ સ્થિતિ! મારે લીધેજ તારી આ દશા થઇ? ક્ષમા પણ મને કેમ મળે?’

‘તમે ભૂલો છો. તૂટતા સ્વરે સુભદ્રાએ કહ્યું: ‘‘તમારાથી બનતું તમે કર્યું. ઈશ્વર તમારૂં રક્ષણ કરો. મારા અપરાધ માટે તમારી ક્ષમા માગું છું. એકેય ઘડી હું તમને સુખ દઇ શકી નહિ. લાચાર! તમે ફરી પરણશો, પણ મારી છેલ્લી અરજ સાંભળો. તેને ખોટી લોકલાજ અને મર્યાદામાં રાખી રીબાવતા નહિ. હિંદુસમાજની આ ખોટી ભાવનાઓને ઓ પ્રભુ! તું દૂર કર. દલિત અબલા સ્ત્રીજાતિનો તુંજ રક્ષણહાર છે. મારી બહેનો સાચી આદર્શ ગૃહિણીઓ બને તેવી શક્તિ તું દે. નિર્દયી ભાવનાઓને કચરનારી તે થાય. હે અંધ સમાજ! ઈશ્વર તારૂં કલ્યાણ કરે. મેં આત્મજનોને સુખી રાખવા મારો ભોગ આપ્યો છે. આ બલિદાન ફલસ્વરૂપ થાઓ એજ પ્રાર્થના.’ જોતજોતામાં તેની જીભ અટકી. તેણે પાણી માગ્યું, અને આ ક્રૂર સમાજની મર્યાદાને પદદલિત કરતી હંમેશ માટે તે ચાલી ગઇ.

(‘‘પ્રચારક’’ના એક અંકમાંથી)



१८-कमळा अने शारदा

બે બહેનોનું ઘડતર

(લેખકઃ-શ્રી. પ્રતાપરાય ગિરધરલાલ મહેતા)

[વિવિધ રંગોથી મનોરમ્ય રંગોળી એક બાજઠ ઉપર શારદા પૂરી રહી છે. ત્યાં કમલા પ્રવેશે છે.]

કમલા—શારદા! અલી શારદા!! ક્યારની તને શોધું છું. વળી તું આ શું માંડીને બેઠી છે?

શારદા—આવોને મોટી બહેન! જુઓ આ રંગોળી પૂરૂં છું.

કમલા—(નીરખીને) વાહ! સુંદર કામ કરતી જણાય છે. ચોતરફ વેલબુટ્ટાના મધ્યભાગે આ કોણ બિરાજે છે? આ શું અક્ષરો લખે છે? અને વળી આજે રંગોળી કેવી? રંગોળી તો દિવાળીએ હોય.

શારદા—આજે જ્ઞાનપંચમી છે. વડોદરા રાજ્યના ગામડે ગામડે આજે પુસ્તકાલય પર્વણી ઉજવાશે. સ્થળે સ્થળે સભા ભરાશે અને તેમાં ભાષણો, રાસ અને સંવાદો થશે, જેમાંથી જ્ઞાન અને પ્રેરણા મળશે. ઘણે સ્થળે જ્ઞાનઝોળીમાં ભિક્ષા લેવાશે.

પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રેરક-આદ્યપ્રેરક પુણ્યશ્લોક મહારાજા સયાજીરાવનું ચિત્ર ચિતરૂં છું. જેની સદ્ભાવવંતી આ પુણ્ય પ્રવૃત્તિનો આ આત્મા ઘણે અંશે ઋણી છે. અને...

કમલા—અરે શારદા! પરણી તોયે તું કેવળ ભાવનામયજ રહી! અને આ અક્ષરો વળી શું લખવા બાકી છે?

શારદા—"जयतु जयतु लोके ज्ञानमूर्तिः सयाजिः" એમ લખી રહી છું.

કમલા—કલાની દૃષ્ટિએ આ કામ અદ્ભુત છે; અને સંસ્કારદાતા રાજવી પ્રત્યેની તારી કૃતજ્ઞતા પણ હું સ્વીકારૂં છું. પણ ઘડીયે ને પળે પુસ્તકો અને વાચન એ સ્ત્રીઓ માટે શું કામનું વારૂ? જે જાતની કેળવણી બાપુજીએ તને અને મને આપી છે, તે બસ

નથી ? વાંચવાલખવાની પણ ઉંમર હોય છે. જીવનભર પુસ્તકો પાછળ ગાંડાની માફક સમયનો દુર્વ્યય કરવો, અને દિવસભર એવી ઉપાધિઓ કર્યાજ કરવી એનો અર્થ શો ? આજે સાત દિવસથી હું તારી મહેમાન બની છું; પણ મને તો તારી દયા આવે છે. મારા બનેવીને પણ મેં ઠપકોજ આપ્યો છે. પ્રભુએ અવતાર આપ્યો છે, તે આમ એળે કાઢી નાખવા નહિ. અને વસંતલાલ પણ ચોપડીઓમાંથી નવરાજ થતા નથી. તેને મારા કહેવાની શી અસર થાય? અમારા સુખી જીવન તરફ તો જો. ચોપાટી ને પાલવા; ઝૂલતું ઉદ્યાન કે મહાલક્ષ્મી; કાશ્મીર કે ગોકુલમથુરાં; નાટક કે સિનેમા; ચોપાટ કે ગંજીફો; સ્નેહભોજનો અને મેળાવડા; જલસા અને જલવિહાર–આ બધામાં જીવનની મોજ છે.

શારદા—બહેન ! માફ કરજો. તમે તો મારા કરતાં બે વર્ષે મોટાં છો. જે ભણતર આપણને બાપુજીએ ભણાવ્યું, તેનું ધ્યેય વિલાસી જીવન ન હતું. શાળાનું શિક્ષણ એ ધ્યેય નથી, પરંતુ ખરૂં જીવન જીવવાનું પ્રથમ પગથિયું અને માર્ગસૂચનજ માત્ર છે. નાનાં હોઇએ ત્યારેજ વાંચવું લખવું અને પછી ભૂલી જવું, એનો કંઇ અર્થજ નથી. ‘જીવન માટે કેળવણી અને કેળવણી માટે જીવન’ એ મેં મારૂં ધ્યેય રાખ્યું છે. વિદ્યાર્થી વયના સંસ્કારોનું ઘડતર અહીં આવી પુસ્તકોએ પૂરૂં કર્યું છે, અને તેનો યશ અહીંના મધ્યવર્તી પુસ્તકાલયને ઘટે છે. કમલા બહેન ! આમાં શુષ્કતા નથી, પણ રસિકતા–સજીવતા છે, આનંદ છે. પુસ્તકોના પાને પાને જ્ઞાનનોજ ઉચ્ચ નિષ્કર્ષ ભર્યો છે. તેનું અમૃતપાન કરતાં હું ધરાતીજ નથી.

(શારદાની સખી ઉષા આવે છે)

ઉષા—જય જય કમલાબહેન ! વંદેમાતરમ્ શારદા ! મોટી બહેન સાથે શો વિનોદ ચલાવી રહી છું ?

કમલા—આવ ઉષા ! જો, તારી સખી મને પણ જ્ઞાનામૃતની ભૂરકી નાખી તમારા જેવી પુસ્તકઘેલી કરવા મથી રહી છે.

ઉષા—અહો કમલિની ! એ જ્ઞાનબળે તો તે આજે સ્ત્રીસમાજ ચલાવે છે. તે બળે તે સુધરાઈની સભ્ય બની સફળતાપૂર્વક સ્ત્રીવર્ગની સગવડોના પ્રશ્નો ચર્ચી સેવા બજાવે છે. અને એજ સંસ્કારે તેને ધારાસભાની ચૂંટણી માટે ઉમેદવાર બનાવી છે; જ્યાં જઇ તે સ્ત્રીઓને ઉચિત હકકો અને સ્ત્રીસન્માન માટે લડશે. કદાચ તમારી પેઠે ધનબળે જે. પી. નહિ થઇ શકે, પણ જ્ઞાનબળે પ્રજારત્ન તો અવશ્ય બનશે.

(સ્ટીરીઓસ્કોપ જોતા જોતા કમલાનો પુત્ર ધનંજય અને શારદાનો પુત્ર અરુણ આવે છે)

ધનંજય—અરુણ! આ બાગ કેવો સરસ છે! ક્યાંનો છે?

અરુણ—ધનંજય! એ કમળફૂલોથી શોભીતું અને વનવૃક્ષરાજીથી સુમનોહર-ભારતની સ્વર્ગભૂમિનું નિશાત ઉદ્યાન છે.

ધનંજય—હા, બા! આપણે કાશ્મીર ગયાં હતાં, ત્યારે જોવા ગયાં હતાં, ખરૂં ને? (જોતાં જોતાં) અહો! આ કેટલું બધું સુંદર છે!

(ઉષા અને શારદા સ્મિત કરે છે)

ઉષા—ધનંજય! આવ બેટા! તને હું કંઇક પૂછું. જવાબ આપીશ?

ધનંજય—પૂછોને, માશીબા!

ઉષા—તારા જીવનનો આદર્શ શું છે?

ધનંજય—એટલે?

ઉષા—તું ભણી ગણીને મોટો થઇશ, ત્યારે કેવું જીવન જીવવા માગે છે?

ધનંજય—(ઘડીભર તેની બા સામું જોઇ રહે છે. પછી ઉત્તર વાળવા મથે છે) હું મોટો થઈશ, ને મોટરમાં ફરીશ, મિલોમાં જઇશ, મોટાંઓની સાથે હરીશ ફરીશ, મોટો ઇલ્કાબ મેળવીશ, મોટો માણસ ગણાઇશ.

ઉષા—અને અરુણ, તારૂં ધ્યેય શું?

અરુણ—મારી આંખ આગળ પ્રતાપ અને શિવાજી ઉભા છે. નેપોલિયન, લિંકન, ગાર્ફીલ્ડ, રામ, કૃષ્ણ વગેરે મારો આત્મા વલોવી રહ્યા છે. જીવનચરિત્રનાં પુસ્તકોમાંથી તેના નાયકો ઉઠી ઉઠી મને મહાન-મહાન બનવા કોઇ અજબ પ્રેરણા આપી રહ્યા છે. હું શું થઇ શકીશ તે કહી શકતો નથી, પણ મારી આશાઓ તો અજબ ઉન્નત છે. મનુષ્યમાંથી દેવ સૃજાઇ શકે છે એમ હું માનું તો છુંજ, અને તેવો થવા પ્રયાસ કરૂં છું. પુસ્તકોએ મારી એ મહત્ત્વાકાંક્ષાને સતેજ બનાવી છે. તેને જીવનમાં ઉતરવા અને સિદ્ધ કરવા હું પ્રત્યેક પળે પ્રયાસો કરૂં છું. અત્યારે તો દિવાસ્વપ્ન છે, પણ કોઇ કાળે તે સત્ય બનશે એમ મારૂં અંતર કહે છે. (ઘડિયાળ સામું જોઇ) અહો! આજની પર્વણીની સભાનો સમય થવા આવ્યો. અમે જઇએ કે બા? ચાલ ધનંજય!

(બન્ને જાય છે. કમલા સ્તબ્ધ થઇ જોઇ રહે છે.)

ઉષા—જોયું બહેન! પુસ્તકો જીવનમાં અનેરૂં પરિવર્તન કરે છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત!

કમલા—અદ્‌ભુત ! અદ્‌ભુત ! ! આનું નામજ ઘડતર. આનુંજ નામ સંસ્કાર. આવું ઘડતર જે પુસ્તકો દ્વારા થાય છે તે જરૂર વંચાવાં જોઇએ.

શારદા—ચાલો જઇશું ? પર્વણીના મહોત્સવનો સમય થઇ ગયો છે. કાર્યક્રમની શરૂઆત પહેલાં પહોંચીએ તોજ જવું ઇષ્ટ ગણાય.

કમલા--ચાલો. મારે પણ હવે જરૂર આવવું છે.

(અજવાળી આવે છે)

અજવાળી--ચાલો શારદાબ્હેન! સૌ નીચે આવી ઉભાં છે. (કમલા તરફ ફરી) વંદન છે મોટી બ્હેન !

શારદા--આ અમારા મિલકામદારનાં ધર્મપત્ની છે. અમારી મિલની બાલશાળા સ્નેહ-સેવાભાવે તે ચલાવે છે. અને મિલની પુસ્તકશાળાનાં તે માનદ ગ્રંથપાલ છે. ચાલો હવે આપણે જઇએ. મિલમાંથી આવેલી બીજી બહેનો આપણી રાહ જોતી હશે.

ઉષા—કેવળ થોડાં ભણેલાંનેજ નહિ, પણ દરેક કોટિનાં માણસને જ્ઞાનપ્રદાનની પુસ્તકાલયયોજના દ્વારા ઝુંપડે ઝુંપડે જ્ઞાનજ્યોતિ પ્રકટાવવાની અમારા શ્રીમંત મહારાજાની યોજના છે. અને આ યુગનું પુસ્તકાલય એટલે વાંચનારાઓને સંતોષે એટલુંજ નહિ પણ નવા વાચકો પણ સૃજે.

કમલા—ચાલો આપણે મોડું થાય તે પહેલાં પહોંચવું જોઇએ.

(બધાં જાય છે.)

(જૂન-૧૯૩૨ના "પુસ્તકાલય"માંથી)

१९-वात्सल्य करतां कर्तव्य श्रेष्ठ-एक पत्र

(લેખકઃ-શ્રી. મકનજી પરમાર)

પ્રાયશ્ચિત્ત

પ્રિય અ......!

જ્યારે તને આ પત્ર મળશે ત્યારે તો ઘડીભર તું આશ્ચર્ય પામી જઇશ. દશ દશ વર્ષ પછી અચાનક મારી કલમ તને પત્ર લખવા પ્રેરાય એ વસ્તુજ ખરેખર જરા વિચારમાં તો નાખી દેશે ને?

જીવનની કેટલીએ પ્રવૃત્તિઓએ તને આપણા બાળપણનાં ને વિદ્યાર્થીજીવનનાં કેટલાંય સ્મરણો ભુલાવી દીધાં હશે. આ આક્ષેપ નથી, અનુભવ છે. કારણ કે જો મારા જીવનમાં પલટો ન આવ્યો હોત, તો હું ખાત્રીપૂર્વક કહું છું કે, એ સ્મરણો મને પણ તાજાં ન થાત.

પણ જીવન કોઇનાં એકસરખાં વીત્યાં છે તે આપણાં વીતે? મારી બાપુકી આલીશાન ઈમારતની અટારીએ બેસી આપણે કેવા કિલ્લોલ કરતા? તે વખતે ગરીબાઈનાં સ્વપ્ન પણ હતાં?

એકજ દિવસમાં ચા, પાન અને સીગારેટ પાછળ કેટલા પૈસાનું પાણી કરતા? બજારમાં મિત્રવૃંદ સાથે હું નીકળતો ત્યારે મારી પાછળ કેટલા ભમરાઓ ભટકતા? તે વખતે કંગાલિયતની પ્રતિમૂર્તિ સમા આપણાં કેટલાં ભાઈભાંડુઓ મારી પાસેથી પાઇ-પૈસાની આશા રાખતાં ઉભાં રહેતાં? પણ હું તેમના તરફ દૃષ્ટિ પણ ન કરતો; જ્યારે બીજી તરફ મારી ખુશામત કરનાર અને મને સલામો ભરનારને માટે હું કેટલા પૈસાનું પાણી કરતો!

હું તે વખતે નગરશેઠનો દીકરો! ગામમાં મારા બાપુની હાક બોલાતી. પૈસાની તો છોળો ઉડતી. લક્ષ્મી ચંચળ છે તે ખ્યાલ તો તે વખતે અસ્થાને હતો. મદઝરતા હાથીની માફક હું એ લક્ષ્મીના મદમાં મસ્ત રહેતો.

છતાં એ વખતેય તું મારો રોષ વહોરીને પણ મને સત્ય સુણાવતો, લક્ષ્મીની ક્ષણિકતા પ્રત્યે મારૂં લક્ષ ખેંચતો, અને કુછંદ-

માંથી બચાવવા પ્રયત્ન કરતો. તું ગરીબ હતો છતાં તારી પ્રતિભા અવશ્ય મારા ઉપર અસર કરતી. ખરૂં કહું તો એ તારા શબ્દોથીજ અત્યારે મારા જીવનમાં પલટો આવ્યો છે. સારો સહવાસ કોઇક વખત પણ જીવન ઉપર અસર કરે છેજ, એ હું દૃઢપણે માનતો થયો છું.

મેટ્રીક પછી આપણે હાઇસ્કૂલમાંથી છૂટા પડયા. તારી નબળી સ્થિતિના અંગે તું અભ્યાસ છોડી નોકરી ગોતવામાં પડયો, અને હું બાપના પૈસે તાગડધિન્ના કરતો કૉલેજજીવન ગાળવા ગયો.

તારા જેવા ગરીબો ભલે તેજસ્વી હોય, ભાવનાશાળી અને આદર્શસેવી હોય છતાં આપણા ગુલામ દેશમાં તેઓ માટે કૉલેજની ખર્ચાળ કેળવણી લગભગ અશકયજ હોય છે. તે માણી શકનાર તો ફક્ત શ્રીમંત, અગર કેટલાય શ્રીમંતોની ખુશામત કરી, એટલા ઘસી સ્કૉલરશીપ મેળવનાર વિદ્યાર્થીઓજ હોય છે. બિચારા કેટલાય તો રાજા મહારાજાઓ અને કંપનીઓને ગુલામી ખત લખી આપી પોતાનો અભ્યાસ આગળ વધારે છે. પાસ થયા પછી તે રાજ્ય કે સંસ્થામાંજ નોકરી કરવી પડે છે. આ વસ્તુ કેટલી ભયંકર છે? કારણ કે એ વસ્તુ કેટલાય ભાવનાશાળી યુવાનોને ગુલામ બનાવે છે. બાળપણમાં ને હાઇસ્કૂલમાં સેવેલ સ્વપ્નો અને આદર્શોનો ભૂકો બોલાવી જીવનને એકજ ધ્યેય પાછળ ધકેલવા તૈયાર થાય છે, અને તે 'લક્ષ્મી મેળવવી.' લક્ષ્મી જેટલી ચંચળ છે તેટલીજ ચંચળતા તે તેને મેળવનારમાં રેડે છે. એટલે કે જયાંસુધી તેનો મોહ હોય છે, ત્યાં સુધી જીવનને તે ખાસ કોઇ બીજા આદર્શો તરફ વળવાજ નથી દેતી.

પણ તમે પ્રશ્ન કરશો કે 'મોતીલાલજી અને જવાહીરલાલજી જેવા લક્ષ્મીના લાડીલા પુત્રોએ શું કાંઈ ઓછો ભોગ આપ્યો છે?'

અલબત્ત! પણ એ ભોગ આપવા સમર્થ કયારે થઇ શકયા? પેરિસથી ધોવાઇને આવતાં કપડાં, આનંદભુવન જેવા શાહી મહેલો, અને લાખોની ધીકતી પ્રેકટીસો છોડી, ખાદીનું કૂડતું અને ઢીંચણ સુધીનું પંચિયું પહેરતા થયા ત્યારેજ! લક્ષ્મીનો મોહ છોડી સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી ત્યારેજ આદર્શ અને ધ્યેય ફેરવી શકયા. આથી હું ગરીબાઇને મહત્ત્વ આપી શ્રીમંતાઇને ઉતારી પાડું છું, એમ ના સમજતો! મારો આશય જુદોજ છે અને તે 'શ્રીમંતોએ પોતાની દૃષ્ટિ સમક્ષ ગરીબોનાં દર્દચિત્રો સદાએ ખડાં રાખતા રહેવું, ચંચળ લક્ષ્મીમાં લુબ્ધ બનતા પહેલાં તે ચિત્રોનું પૃથક્કરણ કરતા રહેવું.'

રાતદિવસ ભૂખ્યા પેટે મજૂરી કરી લાખો કમાવી આપનાર કામદારોનો પણ પોતાની લક્ષ્મી ઉપર હક્ક છે, એ ખ્યાલને અળગો ન કરે તેજ સાચો શ્રીમંત! 'ઓલ્ડ એન્ડ યન્ગ બ્લડ' જુદાં પાડતાં પહેલાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરનાર કામદારે વૃદ્ધાવસ્થા મેળવી ક્યાંથી? તે વિચારવું જોઇએ. જીવનની પળે પળ, લોહીનું ટીપે-ટીપું ખર્ચી વૃદ્ધ બનેલને ઉતરેલ ઘોડાની માફક હડધૂત ન કરતાં, શ્રીમંતે તેની શ્રીમંતાઇમાં તેનો પણ ભાગ છે એમ સમજવું જોઇએ.

તું કહેશે કે, આટલો બધો હું કેમ ફેરવાઇ ગયો? તારા શબ્દોની એકદમ મને કેમ યાદ આવી ગઇ? પણ વીસ દહાડા પહેલાંજ એક એવો બનાવ બની ગયો છે, કે જેણે મને પત્ર લખવા પ્રેર્યો છે. તું અમારે ત્યાં કામ કરનાર ડાહ્યાભાઇને તો જાણે છેજ. તે ડાહ્યાભાઇએ મારા બાપુને પણ તેના ખોળામાં ખેલાવેલા, અને મને પણ તેના ખોળાનું સુખ મળેલું. એ ડાહ્યાભાઇની રાતદિવસની સતત મહેનતે અમારી પેઢીમાં કેટલોય નફો કરી આપ્યો હતો. તે સાઠેક વર્ષની ઉંમરે પહોંચેલા હતા. એટલે પહેલાંની માફક કામ કરવાની તો સ્ફૂર્તિ ક્યાંથી હોય? મારા બાપુ કે જેઓ યુવાનોના ચાહક હતા તેઓ આ ડાહ્યાભાઇને જોઇને સુગાતા અને તેમને રજા આપવાની વેતરણ કરી રહ્યા હતા; ભોળા ડાહ્યાભાઇને તો તેઓ બાળક જેવા લાગતા. તેને આ વાતની ખબર પણ ક્યાંથી હોય?

એક દિવસ હું તથા મારા પિતાશ્રી બેઠેલા હતા એટલામાં ડાહ્યાભાઇ આવ્યા. એ વૃદ્ધના મોઢા ઉપર પણ પ્રમાણિકતા અને સચ્ચાઇની રેખાઓ તરી આવતી હતી.

તેઓને પોતાની એક ઉમ્મરલાયક થયેલ દીકરીનાં લગ્ન કરવાં હતાં, અને તે માટે પૈસાની જરૂર હતી. એટલે તેઓએ મારા પિતાશ્રી પાસે તેની માગણી કરી. પિતાશ્રીએ સ્પષ્ટ ના સુણાવી. તે ખૂબ કરગર્યા, પણ બધું 'પથ્થર ઉપર પાણી!' બાપુ એકના બે નજ થયા. તેણે પગાર પેટે રૂપિયા માગ્યા. એટલે તો બાપુએ જરા પણ શરમ વગર રોકડું પરખાવ્યું કે: 'તમારા જેવા બુઢ્ઢાઓનું હવે મારે કામ નથી, તમને હું છૂટા કરૂં છું. પ્રભુભજન કરો.' કેટલી નિર્દય ઠેકડી! શું ગરીબો શ્રીમંતોનાં રમકડાં હશે?

'પ્રભુભજન!' પણ પ્રભુભજન થાય કેવી રીતે? પેટમાં ખાડા પડતા હોય, કુટુંબ ભૂખના દુઃખે ટળવળતું હોય ત્યારે ભજન કરવું કેવી રીતે?

પણ શ્રીમંતાઇના મદમાં મારા પિતાને એ ખ્યાલ ક્યાંથી

હોય! બિચારા ડાહ્યાભાઇ એક પણ શબ્દ બોલ્યા વગર ત્યાંથી ચાલ્યા ગયા. ત્રણજ દિવસ! ફક્ત ત્રણજ દિવસમાં એ વૃદ્ધ અંતરના આઘાતથી પંચત્વ પામ્યા. હું એના મોતનું કારણ જાણતો હતો. મને સખત આઘાત થયો. એ આઘાતેજ મારા જીવનમાં પલટો આણ્યો.

કહેવાય છે કે, બહુ તોફાની મોટો થતાં શાંત થાય છે, તેમજ બહુ સ્વચ્છંદીના જીવનમાં પલટો આવે છે ત્યારે એકદમ આવે છે. આ સિદ્ધાંત મને સ્વાનુભવથી સમજાયો છે.

વૃદ્ધના મૃત્યુદિનની રાત મેં રોઈ રોઇને કાઢી. મારૂં અંતર વલોવાઈ જતું હતું. અંતરમાં કોઇ અગમ્ય વેદના થતી હતી. મનમાં સવાલો ઉઠતા હતાઃ 'શું પિતાના મૃત્યુ બાદ હુંજ આ લક્ષ્મીનો માલીક થઈશ? આ આસુરી લક્ષ્મી મારા જીવનમાં પણ આવી આસુરી વૃત્તિ નહિ રેડે તેની ખાતરી શું? પુત્ર તરીકે મારી ફરજ શી છે? મારા પિતાના પાપનું નિવારણ શું?' છેલ્લા સવાલે તો મારા અંધારે અટવાતા અંતરમાં જ્યોત જગાવી દીધી. હું મક્કમ નિશ્ચયી બની ગયો. 'બસ, એજ પિતાના પાપનું નિવારણ!'

સવાર પડી. મારી રોઇ રોઇને સૂજી ગયેલ આંખો જોઈ પિતા આશ્ચર્ય પામ્યા. તેઓ બોલ્યાઃ

'બેટા! કેમ આજ આંખો આટલી બધી સૂજી ગઇ છે? તું રડયો હોય તેમ લાગે છે. શું કારણ છે?'

પણ પિતાના પ્રશ્નોનો જવાબ આપ્યા વગરજ હું ત્યાંથી સડસડાટ બહાર નીકળી ગયો. સીધો ડાહ્યાભાઇના ઘેર પહોંચ્યો. ત્યાં જઇ તેમની સોળ વર્ષની કુંવારી કન્યા સાથે થોડી વાતચીત કરી. મને તેનામાં સંસ્કારિતા અને સુઘડતા જણાઇ આવી.

અમે એકાંત શોધી થોડીક ખાનગી વાત કરી.

બીજેજ દિવસે પેપરોમાં કોઇ બૉમ્બ પડયો હોય તેવી કુતૂહલતાથી જગતે ને મારા પિતાએ વાંચ્યું કે 'હું ડાહ્યાભાઇની લતા સાથે કોર્ટ દ્વારા પરણ્યો છું.'

મારા પિતા તો આભાજ બની ગયા. તુરતજ તેમણે મને બોલાવ્યો અને એક સિંહની મિસાલ ગર્જી ઉઠયાઃ

'છોકરા! તેં મારૂં નામ વગોવ્યું. એક નાચીઝ નોકરની છોકરી સાથે પરણતા પહેલાં મારા જેવા મિલમાલેકના ફરજંદ તરીકેનું તને કાંઇ ભાન હતું કે નહિ?'

'બાપુ! મને પૂરેપુરૂં ભાન હતું અને હજી છે. મેં જે કર્યું છે

તે યોગ્યજ છે. આપની દૃષ્ટિએ અયોગ્ય લાગતું મારી દૃષ્ટિએ યોગ્યજ છે. મારા જીવનની ચિંતા તમારા કરતાં મને વધારે છે.'

'નિર્લજ્જ! શું તું આ વાતમાં બરાબર મક્કમ રહેવા માગે છે?'

'હાજી!'

'પરિણામ જાણે છે? ભૂખે ક્યાંય રખડીને મરી જઇશ.'

'એ મારે જોવાનું છે. આપ આપને યોગ્ય લાગે તેમ કરજો.' કહી હું સડેડાટ ચાલ્યો ગયો. બીજે દિવસે બાપુના બંગલામાં મારા માટે સ્થાન ન હતું, એટલે તેજ રાત્રે હું તથા લતા કલકત્તા ઉપડયાં. કલકત્તામાં સ્થાયી થઇનેજ આ પત્ર તને લખું છું. અહીં એક નાનકડું ઘર અમે લઇ લીધું છે. હૃદય ઉપરથી સવામણનો પથ્થર ઉંચકાઈ ગયો હોય તેવું શાંત હૃદય થઇ ગયું છે. એક શણની મિલમાં હું રૂપિયા સોના પગારથી નોકર પણ રહી ગયો છું. મેં તથા લતાએ તે સો રૂપિયા કેમ વાપરવા તે પણ નક્કી કરેલ છે.

રૂા. ૨૫-૦-૦ ની દર મહિને ઘરગથ્થુ દવાઓ લાવવી, તથા કામદારોને યોગ્ય પુસ્તકો વસાવવાં.

રૂા. ૧૦-૦-૦ કોઇ અનાજ કે લૂગડાં વગર પીડાતું હોય તેને માટે.

,, ૫-૦-૦ સ્કૉલરશીપ.

,, ૬૦-૦-૦ ઘરખર્ચ માટે રાખવા. દવા તથા પુસ્તકો માટે પડખેજ એક નાનકડું મકાન પણ રાખ્યું છે. તેમાં સવારના આઠથી અગિયાર દવાઓ આપું છું, અને સાંજે છ થી આઠ લાઇબ્રેરી ચાલે છે. નાનકડું કુટુંબ જામતું જાય છે. રાતના પણ ઘણી વખત બેસીએ છીએ. તેમાં કેટલાય પ્રશ્નો ચર્ચાય છે. કામદારો રોજના પોતાના અનુભવ કહે છે. આ આનંદ, આ મજા! હું મારા બાપની મહેલાતોમાંથી ન મેળવી શકત તે જીવનની ખરેખરી મિઠાશ માણું છું. હજી મને આવ્યાને પંદર દહાડા થયા છે; પણ જેમ જેમ વખત જતો જશે, તેમ તેમ હું મારા આદર્શો અને ભાવનાઓને મૂર્ત સ્વરૂપ આપવા મહેનત કરીશજ. જીવનમાં આવેલ આવી અણમોલ તક એળે નહિ જવા દઉં. બાપુકી મિલ્કતની સ્પૃહા એક રતી માત્ર પણ મને નથી રહી; છતાં જો તે મને મળશે તો તેની વ્યવસ્થા માટે મેં એક યોજના ઘડી રાખેલ છે.

એ યોજનાને અમલમાં મૂકી જગતભરના શ્રીમંતો સમક્ષ હું નવોજ દાખલો બેસાડવા માગું છું.

પ્રિય બંધુ! ડાહ્યાભાઇના આત્માને સંતોષવા અને પિતાના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે આ સિવાય મને એકેય રસ્તો નહોતો સૂઝતો. તને આ યોગ્યજ લાગશે એમ ધારૂં છું.

તું કયારે આવીશ? સુલોચના ભાભીને પણ સાથેજ લાવવાનાં છે! નહિતર લતા સવાલો પૂછી દમ કાઢી નાખશે! લતાને મેં જયારથી વાત કરી છે ત્યારથી તે તમો બન્નેને મળવા તલસે છે. તું એ સ્નેહાળ મૂર્તિને એક વખત જોઇશ એટલે તને થશે કે 'રંકને ત્યાં રતન હોય છે.' મારા ગુરુ! અવશ્ય આવજે. વધારે શું?

લિ૦ તારા મ......ના વંદન

(તા. ૧૮-૯-'૩૨ ના "વીસમી સદી"માંથી)



२०–मारा विश्वासे !

(લેખકઃ-શ્રી. મકનજી પરમાર)

'અલ્યા ભિખો છે કે ઘરમાં ?'

'કોણ છે ઈ......'

'એ તો હું.........!'

'કોણ મનહરભાઇ કે? આવો આવો ! શું કાંઇ કામ છે?'

'હા ! કાલે તારો એકો કુડબા લઈ જવો છે. બોલ શું ભાડું લઇશ ?'

'તમારૂં તે હવે કાંઇ વધારે લેવાશે ? જે લેવાતું હશે તે લઈશ ! બોલો, કાલે કયારે જવું છે ?'

'ના ના ! કાંઇક નક્કી કરીએ તો ઠીક ને ? સંબંધીમાં ઝાઝી ઘાલમેલ નહિ સારી !'

'ત્યારે બીજાના તો ઠીક, પણ તમારા બે રૂપિયા લઇશ. લ્યો હવે છે કાંઇ ?'

'અરે ભલા માણસ ! તુંએ ઓળખીતો સિપાઇ બે ધોકા વધારે મારે એવું કરે છે ને ! અહીંથી કુડબા પાંચ ગાઉ થાય છતાં બે રૂપિયા !'

'ભાઇ ! હું ભિખો ભારાડી હો ! બે રૂપિયા તો મારી ચોકીનાજ બેસે, પણ આ તો ઠીક ! નહિતર બીજાને તે વળી ત્રણથી ઓછુંજ કોણ કહે !'

'એ તો ઠીક હવે ! રૂપિયો દોઢ આપીશ. આજે રાત્રે ટાઢા પહોરેજ અહીંથી ઉપડીશું. ઠીક ને ?'

'ના ભાઇ ! એમાં એક પાઇ ઓછી લેવી હરામ છે; નહિતર કહો તો મફત આવું !'

'ઠીક હવે બે તો બે ! પણ આજે ચુકાય નહિ !'

'અરે એ શું બોલ્યા ! કાલે રાત્રે અઢી વાગે ચાલીશું, એટલે સવારમાં ત્યાં !'

ભિખો અમારા ગામમાં બળદનો એકકો હાંકતો. જાતે રજપૂત હતો. સુદૃઢ શરીર અને ધીંગાણામાં પણ એકકો હતો, એટલે ગામમાંથી કોઇને રાતવરત કે જરજોખમ સહિત જવું હોય તો ભિખાનોજ એકો બાંધતા. જાતે ખાનદાન અને વખત આવ્યે પોતાના નોકને ખાતર એકામાં બેઠેલ ભાડુતો માટે માથું પણ આપી દે તેવો.

એક બૈરું તો મરી ગયેલું. બારેક માસ થયાં બીજા બૈરા સાથે ઘરઘરણું કરેલું. કુટુંબમાં તે, તેની બૈરી અને આગલા ઘરની એક દીકરી. એકો હાંકે અને એમાંથી જે કાંઇ આવે તેની રાબ–ઘેંસ રાંધીને ખાય અને સંતોષથી રહે. દીકરી પણ હવે તો ઉંમરલાયક થયેલી તેના માટે મૂરતિયો ગોતવાની અને સગપણ તથા લગ્ન સાથે કરી નાખવાની ભિખાને ચટપટી લાગેલી; એટલે હમણાં હમણાં તેણે એકાનું ભાડુ પણ વધારેલું. છતાં એકો તો તેનોજ લેવા માટે માણસો મરી પડતા. કારણ કે તેની મર્દાઇ અને ખાનદાનીના અંગે ચાર આના વધારે ઓછા આપવા કોઇને ખટકતા નહિ.

બરાબર બેના ટકોરા થયા અને અમારા ગામની નાનકડીશી જેલના ચોકીદારે પોકારેલ 'આલબેલ'ની બાંગનો સૂર હજી હવામાં ગાજતો હતો ત્યાં તો—

'એ મનહર ભાઇ...જાગો છો કે ?'

કહેતોકને ભિખો એકા સાથે આવી પહોંચ્યો.

'ભિખાઃ બહુ વહેલો આવ્યો !'

'અરે ભાઇ ! એ તો એમજ અવાય, હજી તમને તૈયાર થતાંય અડધોક કલાક જશે. એટલે બરાબર અઢી વાગ્યે જ આપણે ઉપડીશું.

આવી તો ભિખાની નિયમિતતા હતી !

અડધા કલાકમાં તો અમે તૈયાર થઇ ગયા. જોખમમાં તો થોડુંક ઘરાણું ગાંઠું અને રૂપિયા હતા; છતાં બીક ન હતી. કારણ કે ભિખો એટલામાં પંકાતો એટલે એના એકાનું જવલ્લેજ કોઇ નામ લેતું. એટલા પૂરતી નિરાંત હતી.

પાંચ ગાઉ, પણ એ તો પાંચાળના !

આ બધું ભિખો જાણતો એટલે એણે તો એક કડિયાળી ડાંગ પણ સાથે લઇ લીધેલી.

ઠંડા પહોરના દુહા લલકારતો લલકારતો ભિખો એકો હાંકયે જાય છે. તેની ચપળ આંખો દૂર દૂરની ભૂમિની ખબર પણ લેતી હોય છે. અમે તો અડધી ઉંઘે ઉઠેલા એટલ ઝોલે ચઢી ગયા. બેએક ગાઉનો પંથ કાપ્યો હશે ત્યાં ભેંસજાળ પાસેના ઉંડા ખાતરા નજીક અમે

પહોંચી ગયા. તેને વટાવતા પહેલાં ભિખો પણ જાણે આગમ જાણતો હોય તેમ તેની ડાંગ સંભાળી અને એકાને ખાતરામાં ઝીકયો.

'અલ્યા કોણ છે એ એકામાં?'

'કાં ભાઇ! તારે શું કામ છે? માટીમારનો દીકરો હો તો આગળ આવ ને?'

'એલ્યા બહુ પાણિયાળીનો દિકરો થવાનું રહેવા દઇને એકો ઉભો રાખ અને દૂર જઈ જોયા કર!'

કહીને બે બુકાની બાંધેલ જુવાનડાઓ હાથમાં કડિયાળી ડાંગો તોળીને આડા ઉભા રહ્યા. અમારી નિંદર પણ ઉડી ગઇ અને હવે શું થશે તે થરથર કાંપતા જોવા લાગ્યા.

'અલ્યા તમે કોઇક અજાણ્યા દેખાવ છો. હું ભિખો ભારાડી. મારા એકાનું નામ લેતાં પહેલાં તો માથાં રંગાઇ જશે. તમારી લોંઠકાઇ બીજે હાંકજો, નહિતર જોવા જેવી થશે હં...!'

પેલા બેઉ શેહ તો ખાઇ ગયા; પણ જુવાન અને ભિખાથી અજાણ્યા એટલે તેમણે કહ્યું:

'ભાઇ! અમારે તારૂં કામ નથી. તું તારે જોયા કર ને, અમારે તો તારા એકા માયલું મધ ખંખેરવું છે. ઘરાણા–રૂપિયા કાઢી આપે એટલે અમે ચાલતા થઇએ!'

'એલ્યા પણ એ તો મારા એકામાં બેઠા છે. મારા વિશ્વાસે બેઠા છે, એના ઉપર તમારી આંગળી મારો દેહ છે ત્યાંસુધી તો નહિ અડે! માટે રસ્તે પડો, રસ્તે!'

તે વખતે આંખ આગળ આવું તોફાન અને જીવનમરણના સોદા થઈ રહ્યા હતા ત્યારે પણ, જ્યારે ભિખો બોલ્યો કે 'મારા વિશ્વાસે બેઠા છે' ત્યારે મારા હૃદયના કોઇ અગમ્ય ઉંડાણમાંથી ધ્વનિ ઉઠયો કે, આ એકાવાળો આપણા સુધરેલ સમાજ કરતાં આદર્શમાં ચઢે કે ઉતરે?

જીવનની ટાપટીપ અને દંભી વાગ્જાળ સિવાય આપણામાં અત્યારે કયો આદર્શ રહ્યો છે? ખરે...ખર.

હું તો હજી વિચારજ કરતો હતો ત્યાં તો ટપાટપી શરૂ થઇ ગઇ. મારાં બાળકો પણ રડવા લાગ્યાં. ભિખો લાકડી ફેરવતો જાય અને 'મનહરભાઇ બીશો માં, હં...' કહીને હિંમત દેતો જાય, અને ઘા પર ઘા ઝીલતો જાય. જોતજોતામાં તો તેણે એમને ઢાળી દીધા. એને પણ પાંચ છ ઘા પડેલા. માથામાંથી લોહી છૂટતું હતું. હોળીના ઘેરૈયા જેવો ભિખો લોહી દેખીને ખરેખરો રંગમાં આવી ગયો.

તેની નસેનસમાં રજપૂતાઇનું ગૌરવ ઝણેણી ઉઠ્યું. એક પડ્યો એટલે બીજામાંથી હિંમત ગઇ. તે નાઠો! પણ નાસતાં નાસતાં ભિખાને એક છાતીનો ઘા કરતો ગયો. ઘડીક તો ભિખાને તમ્મર આવી ગઇ, પણ પડતાં પડતાં શરીરનું સમતોલપણું સાચવી રાખ્યું, અને નાઠેલાની પાછળ પડવા તૈયાર થયો. મેં તેને ઝાલી રાખ્યો. ભાગતા પર ઘા ન કરવા વિનવ્યો. ભિખો રોકાયો ખરો, પણ લોહી શાંત પડ્યું એટલે એ ઢગલો થઇને પડી ગયો.

અમે કુડલા જવાનું માંડી વાળી ભિખાને એકામાં નાખી પાછા ઘર તરફ વળ્યા. રસ્તાની ઠંડી હવાથી ભિખાને કળ વળેલી; દર્દ પણ થતું હતું. એટલે મેં કહ્યું:

'ભિખા! આટલો બધો દાખડો શામાટે તેં કર્યો! હજારોનું ઘરાણું કેમ નથી હોતું છતાં તારા શરીરથી કાંઇ વધારે છે?'

'ભાઇ! આપની ખાનદાની બદલ હું આભાર માનું છું; પણ આમાં પૈસાનો સવાલ કયાં છે? આ તો મારા વિશ્વાસે રહીને આપ આવો અને હું દૂર ઉભો રહી આપને લૂંટાવા દઉં તો મારા જેવો પાપી વિશ્વાસઘાતી કોણ કહેવાય? આ તો મારા નોકનો સવાલ હતો સમજ્યા?'

હું તો અત્યાર સુધી જગતમાં રહી એવા સમાજના સંસર્ગમાં આવેલો કે આ એક એકાવાળાના શબ્દો સાંભળીને મને આશ્ચર્ય થયું, સહેજે મારા મોઢામાંથી નીકળી પડ્યુ કે 'વાહ ભિખા વા...હ!'

ગામમાં આવીને એકાને સીધો દવાખાને લઇ ગયા. માથા ઉપર તથા બીજે જ્યાં જ્યાં ઘા થયેલ ત્યાં પાટાપંટી કરાવી.

પંદરેક દહાડે ઘા તો રૂઝાયો, પણ છાતીનું દર્દ એને ન મટ્યું.

'મનહરભાઇ! તમે બહુ મહેનત લીધી, પણ મને હવે આ છાતીના દર્દ ઉપર ભરોસો નથી. હું કયારે મરીશ તે નક્કી ન કહેવાય. જીવનમાં હવે તો બીજી કાંઇ ઇચ્છા નથી રહી, ફક્ત આ દિકરીને ઠેકાણે પડાય તો મને શાંતિ થાય!'

'મૂરતિયા તો ઘણાય છે ભિખા?'

'પણ મારે મૂરતિયો એવો જોઇએ કે મારા એકાની આબરૂ વધારે!'

'ઠીક, હું પણ તપાસ કરાવીશ! પણ ભિખા! તારો એકો હમણાં બંધ છે એટલે તારે પૈસાની તો જરૂર રહેતી હશે. થોડાક તો રૂપિયા લે?'

'ના ભાઇ! હું કાંઇ તમારી ખાતર નહોતો લડ્યો, એ તો મારા નોકને ખાતર! તમે તો મારા વિશ્વા.........'

'હા......હા! તારા વિશ્વાસેજ અમે નિર્ભય હતા, પણ હું

તને એના બદલાના નથી આપતો. આ તો અત્યારે તારે ભીડ છે એટલે મારે જાણવું તો જોઇએ ને ?'

'ના ભાઇ ! મારે તો એક દિકરી ઠેકાણે પડે એટલે ગંગા નાહ્યા !'

મેં તાણ કરવી છોડી દીધી અને એની દીકરીને ઠેકાણે પાડવા માટે કાંઇ મહેનત કરવી એમ વિચારી ઘેર ગયો.

રોજ સાંજરે સ્ટેશન ઉપર ફરવા જવાની મારે ટેવ હતી. આજે પણ ગયેલો, ત્યાં એક જુવાનને આંટા મારતો જોયો.

'અલ્યા જુવાન ! કેવા છો ?'

'કેમ ભાઇ ! રજપૂત છીએ !'

'એમ ! અહીં કોને ત્યાં આવ્યા છો ?'

'મારા ભાઈની આ સ્ટેશન ઉપર સાંધામાં દશેક દહાડાથી બદલી થઇ છે એટલે અમે આવ્યા છીએ.'

'ઠી...ક. આ ગામમાંય રજપૂતનાં ખોરડાં છે. કોઇને ઓળખો છો?'

'ના ભાઇ ! મારા ભાઇ ઓળખતા હોય તો ! હું તો નથી ઓળખતો !' એ તો ચાલ્યો ગયો, પણ મને થયું કે કે જુવાન છે તો લોંઠકો. જો આની સાથે કાંઇક ટેટો બાઝી જાય તો બિચારા ભિખાની સદ્ગતિ થાય અને મારા કર્તવ્યપૂરતો મને પણ સંતોષ થાય.

રોજ સ્ટેશન ઉપર જવાનું એટલે જરા સાંધાવાળા સાથે ઓળખાણ પણ થયેલી. એક દિવસ તેને ભિખા પાસે તેડતો આવ્યો. તેઓ નાતીલા નીકળ્યા. વાત ઓઠે વાત નીકળતાં તેનો ભાઇ કુંવારો છે એમ પણ જાણી લીધું.

'મનહરભાઇ ! ત્યારે એક વખત એ છોકરાને મહેરબાની કરીને તેડાવોને ભાઇ ! આપ સુંવાળુ માણસ મારા જીવનમાં હમણાં હમણાં બહુ રસ લઇ રહ્યા છો. એ ગણનો બદલો હું હવે કેમ વાળી શકીશ ?'

આવો તો ભિખો નિખાલસ !

અમારા ચાર–ચારે જીવ બચાવ્યા એનું તો એને જાણે કાંઇ નહિ, અને હું જરા તેની પાસે આવું અને ઉંહુ બેસું તેમાંય તેને બિચારાને લાગ્યું કે મને તસ્દી પડતી હશે !

ભિખાની તબિયત બગડતી જતી હતી, એટલે મને પણ ચિંતા થયેલ કે બિચારો આશાભર્યો જશે તો ?

બીજેજ દિવસે એ છોકરાને હું ભિખાને ઘેર તેડતો આવ્યો. એ અડીખમ જુવાનને જોઇ ભિખાને કાંઇક સંતોષ થયો. પણ મોઢું જોઇને ચાંલ્લો કરે એવો ભિખો ન હતો. એણે પૂછવા માંડયું:

'કેમ કાંઇ કામ કરો છો ?'

‘ના’

‘ત્યારે મારો એકો હાંકશો?’

‘હા, શા માટે નહિ? મારા ભાઇને પૂછી જોઇશ.’

‘પણ એકા હાંકવા બહુ કપરા હોય છે સમજ્યા! વખત છે આપણા એકામાં બેઠેલ ઉતારૂઓ ઉપર ભેર આવે તો શું કરો?’

‘બીજું શું! નોકને ખાતરે અને આપણા વિશ્વાસે બેઠેલ ભાડુતોને ખાતર મરી મટીએ! ઓહ...હો! જીવન કાંઇ નોકથી વધારે છે?”

‘હા...શ?’

ભિખાના દિલમાં જાણે ટાઢો શેરડો પડ્યો, પણ તેની સ્થિતિ ઘાયલ માણસના બંધ છૂટી જાય અને જેવી થાય તેવી થઇ ગઇ. અત્યાર સુધી જેને ખાતર જીવન ટકાવેલું તેનું નિરાકરણ થતાં એનું દર્દ વધી પડ્યું. હોલવાતા પહેલાં દીપક જેમ તેજ થાય તેમ તે ખાટલામાંથી બેઠો થઇ ગયો! અમે ગભરાયા!

‘મનહરભાઇ! હવે તમે જાણો ને તમારૂં કામ જાણે, મને બદલામાં મારી દીકરીને ઠેકાણે પાડશો એટલે ઘણું મળ્યું સમજીશ. જો કે બદલો માગવાનો મને હકક નથી, કારણ કે તે વખતે તો તમે મારા વિશ્વા...સે મારો...એ...કો કરેલ હ...!’ થયું! ભિખો છેલ્લા આંચકે તો પ્રભુના ધામમાં પહોંચી ગયો.

સાંધાવાળાને કહીને ભિખાની દિકરીનાં તેનાં ભાઇ સાથે લગ્ન કર્યાં. છોકરાને ત્યાંજ રાખ્યો. તે ભિખાનો એકો હાંકતો ને રાબ-ઘેંસ ખાઇ સંતોષથી રહેતો.

હાલ તો વેપાર અર્થે હું પંજાબ તરફ રહું છું. ભિખાનો એકો કેવોક ચાલે છે તેથી તો અજ્ઞાન છું; પણ અહીં બેઠાંય ભિખાના મરણ વખતના છેલ્યા શબ્દોનો પડઘો મારા હૃદયમાં ગુંજયાજ કરે છે કે ‘મારા વિશ્વાસે.........!’

વિશ્વાસે માથું આપવા તૈયાર થનાર આવા ભોળીઆઓને હાલમાં જગત અને સમાજ મૂર્ખ અને અક્કલહીણા ગણે છે! તેને તો તેની આંખે પાટા બાંધી આદર્શ અને ભાવનાના દંભી પડદા ખડા કરનાર જોઇએ છે! પણ આજનો યુવાન એ પડદા ચીરશે ત્યારેજ તેની નજર સમક્ષ ખરાખોટા તરી આવશે!

(તા. ૧-૫-૧૯૩૨ના “વીસમી સદી”માંથી)

२१-दिलभर दिल

(લેખક:-શ્રી. ધીરસિંહ ગોહેલ)

મણિપુરના રાજા અને પ્રજા વચ્ચે ગાઢો પ્રેમ હતો. જો કોઇ પ્રજાજનને જુએ કે તુરતજ રાજાના નેત્રમાં અમીઝરણાં વહેતાં હતાં. પ્રજાનો આબાલવૃદ્ધ કે ધનિક અથવા ભિખારી જેને જેને રાજા દેખતો તેના ઉપર વાત્સલ્ય ઉભરાઇ જતું. પ્રજાજનો પણ રાજાના દર્શનથી અહોભાગ્ય માનતા. પ્રજાને રાત્રે સુખેથી નિદ્રા લેવાનો સમય હતો, ત્યારે રાજા અંધારપછેડો ઓઢી પ્રજાનાં સુખદુઃખ તપાસવા કોઇ ન જાણે તેમ નગરચર્યા જોતો અને કોઇનું દુઃખ માલમ પડે તો દૂર કરતો.

દિવાળીના તહેવારોમાં બધા પ્રજાજનો રાજાની સલામે આવતા, અને એકબીજાનાં હૃદયો પ્રેમથી ભિંજાઇ જતાં. દરેક પ્રજાજન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થતો. એક ચંદનના કાષ્ઠનો વેપારી ઉમદા પોશાક પહેરી આવ્યો. પોતે શ્રીમંત હતો ને સાથે શહેરમાં આબરૂ પણ સારી હતી. રાજા સારૂં માન આપતા. અમીરઉમરાવોમાં પણ એની સારી પ્રતિષ્ઠા હતી.

અત્યાર સુધી રાજા આ વેપારી ગૃહસ્થને પોતાના શહેરની શોભારૂપ માનતો. ચંદનના વેપારથી દૂર દૂર દેશમાં પણ મણિપુરની ખ્યાતિ વધી હતી, ઉત્તમ જાતિનાં ચંદન લાવી રાજાને ભેટ આપતો અને રાજા તેના બદલામાં સારો પુરસ્કાર આપતો. વળી ચંદનનું દાણ લેવું પણ માફ કર્યું હતું અને દાણીને તાકીદ પણ આપેલી કે, ચંદનનું દાણ ભૂલ્યા ચૂકયા પણ ન લેવાઇ જાય.

આવી રીતે રાજાની મહેરબાની હતી. ચંદનના વેપારમાં વેપારી સારૂં કમાતો હતો. જેમ જેમ વેપાર વધતો ગયો, તેમ તેમ ચંદનનો સંગ્રહ તે વધારે પ્રમાણમાં કરતો ગયો. એક તરફ ચંદનનો સંગ્રહ વધતો ગયો ને બીજી તરફ ચંદનનું વેચાણ ઓછું થવા લાગ્યું. છેવટે સંગ્રહ એટલો બધો વધ્યો કે, આગળ જતાં વધારે

ભાવ આવશે તે લોભે ઘણીખરી મૂડી ચંદનમાં રોકી દીધી, પણ હવે નિકાશ બિલકુલ બંધ થઇ હતી.

ચંદન કોણ ખરીદે ? આ પ્રશ્ન વેપારીને મુંઝવવા લાગ્યો. તેને એવો વિચાર આવ્યો કે, જો રાજા મરે તો ચંદનનું વેચાણ થાય. જેવો આ વિચાર વેપારીના મનમાં આવવા લાગ્યો અને દૃઢ થયો કે તુરત રાજાનો પ્રેમ ઓછો થયો. દરેક પ્રજાજનને જોતાં જે પ્રેમ રાજાના હૃદયમાં ઉભરાઈ જતો, તેમાં થોડી ક્ષતિ થઇ; અને જ્યારે ચંદનનો વેપારી દૃષ્ટિએ ચઢતો કે તુરત તેના ઉપર ક્રોધ ઉત્પન્ન થતો.

દિવાળીના દિવસો આવ્યા, દર વરસની માફક આ વર્ષે પણ બધાં પ્રજાજન સલામે આવ્યાં. બધા ઉપર પ્રેમના ઉભરા આવ્યા, પણ જ્યારે ચંદનનો વેપારી સલામે આવ્યો કે તુરત રાજાના હૃદયમાં અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો તે એટલે સુધી કે, ચંદનના વેપારીને એકદમ ગરદન મારવાનો વિચાર થઇ આવ્યો; પણ રાજા વિચારશીલ અને ધૈર્યવાન હોવાથી તેણે આ વિચારને દાબી દીધો અને તેનો અમલ કરવાના નિશ્ચયને ફેરવી નાખ્યો.

રાજાનો દિવાન બુદ્ધિશાળી અને રાજાપ્રજા બંનેને સરખો હતો. દિવાન ઉપર રાજાની પૂર્ણ શ્રદ્ધા હતી. તેની ચતુરાઇ અને કાર્યકુશળતાથી રાજા પ્રસન્ન રહેતો. રાજાએ પોતાના હૃદયમાં ચંદનના વેપારી પ્રત્યે થએલો વિચાર કહી સંભળાવ્યો. તે સાંભળી દિવાનને આશ્ચર્ય થયું; કારણ કે રાજાનું હૃદય દિવાન જાણતો હતો. કોઇ પણ પ્રજાજન ઉપર વિનાવાંકે રાજા ક્રોધ કરે નહિ તેમ તેના હૃદયમાં પ્રજાજન પ્રત્યે પ્રેમ ઓછો થાય નહિ અને આ વેપારીને કાંઇ પણ ગુન્હા વિના ગરદન મારવાનો વિચાર આવ્યો. વળી તેને દેખતાંજ ક્રોધ ઉત્પન્ન થાય છે તેનું કારણ શું ?

દિવાન વિચારમુગ્ધ બન્યો, એટલે રાજા તેને સંબોધીને કહ્યું કે "દિવાનજી ! ગમે તે કારણ હોય પણ આ વેપારી પ્રત્યે મારો અભાવ ઉત્પન્ન થયો છે. તેને દેખું છું ત્યારે મારા મગજનું સમતોલપણું ગુમાવી દઉં છું; માટે તમે બુદ્ધિશાળી છો, આવાં કારણો શોધવામાં બાહોશ છો; તો આનું ખરૂં કારણ શોધી કાઢીને બીજા પ્રજાજન ઉપર પ્રેમ આવે છે તેવોજ આ વેપારી ઉપર પ્રેમ આવે તેમ કરો. જો આ બાબત નહિ કરવામાં આવે તો કદાચ હું આ નિરપરાધીને દેહાંત દંડની શિક્ષા કરી બેસીશ અને પ્રજાવાત્સલ્યનો મેળવેલો ખેતાબ ખોઇ બેસીશ; માટે આ બાબતમાં યોગ્ય ઉપાય કરો."

દિવાન મુંઝવણમાં પડયો. આનું કારણ શી રીતે શોધવું તે

પ્રથમ તો કાંઇ સૂઝયું નહિ, પણ રાજાની આજ્ઞા માનવી તે વફાદાર નોકરનું કર્તવ્ય સમજી કોઇ પણ ઉપાયે કારણ શોધી તે કારણ દૂર કરવાની હિંમત કરી અને માથું નમાવી બોલ્યો કે "આપ નામદારની ઇચ્છા પ્રમાણે કારણ શોધવા પ્રયત્ન કરીશ અને તેમાં સફળતા મેળવીશ; પણ આ કારણ એટલું બધું ગુહ્ય છે કે, તે સહેજમાં હાથ લાગશે નહિ; માટે આપ મને છ મહિનાની રજા આપો. છ મહિનાની અંદર કારણ શોધી તેને દૂર કરીશ."

રાજાએ છ મહિનાની મહેતલ આપી. દિવાન પોતાના મકાન ઉપર આવ્યો અને વિચારના ઘોડા ઘણા દોડાવ્યા, પણ કોઇ જાતનું કારણ સૂઝયું નહિ.

બીજે દિવસે દિવાન ચંદનના વેપારીની દુકાન પાસે નીકળ્યો. ચંદનના વેપારીએ સલામ કરી એટલે દિવાને પૂછયું કે "શેઠ! કેમ છો?" આટલું કહેતાં તો વેપારી અડધો અડધો થઇ ગયો અને દુકાનમાં પધારવા વિનવવા લાગ્યો. દિવાને બીજે દિવસે જરૂર આવીશ તેમ કહ્યું અને ચાલતો થયો. વેપારીના મુખ ઉપર ઊંડી ચિંતા દેખાઇ, તેથી અનુમાન કર્યું કે વેપારી ચિંતામાં છે. વધારે મુલાકાત કરવાથી કદાચ ફતેહ મળશે ખરી.

બીજે દિવસે નીમેલે વખતે દિવાન ચંદનના વેપારીની દુકાન ઉપર આવ્યા. દિવાનને આવેલા જોઇ તે પોતાને અહોભાગ્ય માનવા લાગ્યો. બીજા વેપારીઓને આશ્ચર્ય થયું કે, દિવાન કોઇને ત્યાં જતા નથી અને અચાનક આ વેપારીની દુકાન ઉપર આવ્યા અને વેપારીનો સત્કાર અંગીકાર કરે છે, એનું કારણ કાંઇ સમજાતું નથી. આવી રીતે આખા બજારમાં આશ્ચર્ય ફેલાયું. દિવાને પ્રેમથી વાતો કરવા માંડી. વેપારીનો સત્કાર સ્વીકાર્યો અને પોતાની પ્રસન્નતા બતાવી. થોડી આડીતેડી વાતો કાઢીને વેપારના સમાચાર પૂછવા માંડયા. એટલે હાયવરાળ કાઢતો વેપારી બોલ્યો કે "વેપારની બાબત તો કાંઇ ન પૂછો. આ વેપારમાં હું ગૃહસ્થ થયો અને હવે પાયમાલ થવાનો સમય આવ્યો છે. ચંદન મોંઘું ખપશે તેમ ધારીને લગભગ બધી મૂડી રોકીને ચંદન ખરીદ્યું, પણ હવે તેનું ગ્રાહક કોઈ નથી. ચંદન જેમનું તેમ પડયું છે. હવે શું કરવું? કોને દેવા જવું! આવી રીતે પોતાના દુ:ખનું કારણ વર્ણવ્યું; એટલે દિવાન સમજયો કે, આ વેપારી પ્રત્યે રાજાને ક્રોધ આવે છે તેનું કારણ ચંદનનો સંગ્રહ તો નહિ હોય ને! વેપારીના મનમાં કદાચ એમ આવ્યું હોય કે, રાજાનું અવસાન થાય તો ચંદન ખપે. આ વિચારથી રાજાનું મરણ ચાહતો

હોય અને તેની અસર રાજાના મન ઉપર થઇ હોય તો ના નહિ.

દિવાને વિચાર કરી રાજાના રસોઇયાને કહ્યું કે, હવેથી રસોઈ ચંદનના કાષ્ટનાં બળતણથી કરવાની છે અને તેના માટે જેટલું ચંદન જોઇએ તેટલું ચંદન પેલા વેપારીને ત્યાંથી દરરોજ લાવવું.

દિવાનના હુકમથી દરરોજ ચંદનના વેપારીને ત્યાંથી ચંદન લાવવા માંડયું અને રસોઇયાએ વેપારીને કહ્યું કે, હવેથી રાજાજીની રસોઈ ચંદનથીજ થવાની છે.

દરરોજ ચંદન ખપવા લાગ્યું; તેથી ચંદનના વેપારીના વિચાર ફરવા લાગ્યા અને રાજાજી દીર્ઘાયુ રહે તેમ અંતઃકરણથી ઇશ્વર-પ્રાર્થના કરવા લાગ્યો. જેમ જેમ દિવસ જવા લાગ્યા, તેમ તેમ રાજા પ્રત્યે પ્રેમ વધવા લાગ્યો અને વધારે જીવે તેમ ઇચ્છવા લાગ્યો.

છ મહિના ચાલ્યા ગયા એટલે રાજાજીનો જન્મદિવસ આવ્યો. પ્રજા સલામે આવી તે સાથે ચંદનનો વેપારી પણ આવ્યો. આ વખતે ચંદનના વેપારીને જોઇને રાજાજીને વધારે પ્રેમ ઉત્પન્ન થયો અને પ્રથમનો ક્રોધ જતો રહ્યો.

રાજા દિવાનની બુદ્ધિને વખાણવા લાગ્યો અને દિવાનને કારણ પૂછવા લાગ્યો. દિવાને ચંદનના સંગ્રહની અને તેનો ગ્રાહક ન હોવાથી રાજાના અનિષ્ટનો થએલો દૃઢ વિચાર ફેરવવા માટે રસોઇની કરેલી ગોઠવણ વગેરે અથથી ઇતિ સુધી હકીકત કહી સંભળાવી. તે સાથે કહ્યું કે, જ્યારે વેપારીના મનમાં અનિષ્ટની ભાવના હતી ત્યારે આપના મનમાં ક્રોધ થતો; અને જ્યારે તેના વિચારમાં પરિવર્તન થયું ત્યારે આપના મનનું પરિવર્તન થયું. પ્રજા ઉપર આપને પ્રેમ આવે છે તેનું કારણ પ્રજાનો આપના ઉપર પ્રેમ છે, તેથીજ આપનો પ્રેમ પ્રજા ઉપર છે.

રાજા હવે સમજ્યો કે, આપણે બીજા ઉપર જેટલી શુભેચ્છા રાખીએ તેટલી શુભેચ્છા બીજા આપણા પ્રત્યે રાખે. આ ઉપરથીજ કહેવત થઈ છે કે "દિલભર દિલ." જેવું આપણાં દિલમાં બીજા પ્રત્યે હોય તેવું બીજાને આપણા પ્રત્યે હોયજ.

("શારદા"ના એક અંકમાંથી)

૨૨–ગરીબ ગોપાળની મજૂરી

(લેખકઃ–શ્રી. મોતીરામ ગિ. વ્યાસ)

તે ચોમાસાની અંધારી રાત્રિ હતી. રસ્તાઓ કાદવથી ખીચોખીચ ભરાઇ ગયા હતા. નાના નાના કેડાઓમાં પાણી ભરેલું હતું. આજુબાજુ ઘાસ ઉગી નીકળેલું હતું. હજુ તો રાત્રિના નવ વાગ્યા છે. પણ આખો દિવસ કામ કરી થાકીને લોથપોથ બની ગએલા દલિત મજૂરો ઘરમાં ભરાઇ ગયા હતા. તેવામાં તો કીચડ ખુંદતા ખુંદતા રામો પટેલ દલિતોના ફળિયામાં આવી પહોંચ્યા. ‘અલ્યા ગોપાળિયા! ઓ ગોપાળિયા! અલ્યા અહીં આવજે!’

‘એ આવ્યો’ કહીને ગોપાળ ફળિયાના નાકામાં આવી ઉભો. ‘જો અલ્યા! આપણે બે દિવસ માટે દશ મજૂર જોઇએ. તમાકુ રોપવાની છે. બોલ આવીશ ને?’

‘હા આવીશું. મજૂરી શું આપશો?’

‘બધા ગામમાં અપાતું હશે એ. પછી શું?’

‘પણ ગામમાં તો મજૂર દીઠ આઠ આના ને બે રોટલા અપાય છે તે જાણો છોને?’

‘હા હા! જાણું છું. પણ જો મારે ઘેર તારી પટલાણીનું શરીરે સારૂં નથી એટલે રોટલા તારે ઘેરથીજ લાવજે. આપણે દશ મજૂરના વીસ રોટલા થયા તેટલું અનાજ પછીથી તને મળશે. અને મરચાં તો હું લેતો આવીશ.’

‘ઠીક, પણ તમે સવારે ખેતરમાં આવજો.’

‘હા, હા! જરૂર આવીશ.’

‘બીજે દિવસે સવારમાં ગોપાળના ઘરનાં પાંચ માણસો ખેતરમાં જવા તૈયાર થયાં. ગોપાળ અને ગોપાળની સ્ત્રી, ગોપાળનો છોકરો દયાળ અને તેની સ્ત્રી અને ગોપાળની દીકરી મોંઘી, આ પ્રમાણે પાંચ મજૂર હતાં.

ખેડુતની પાકી કસોટી કરનારી તમાકુની રોપણી હતી. આકાશ-

માં વાદળાંનું તાંડવ નૃત્ય આરંભાયું હતું. ઝીણો ફરફરિયો વરસાદ તો ચાલુજ હતો. અને ટાઢનું તો પૂછવુંજ શું ? હાથ તો ઠીકરા જેવા થીજી ગયા હતા; પણ આ સખ્ત કામ કર્યા વગર કંઈ મજૂરનો છૂટકો ! તેમનું બાર માસનું અનાજ અને ખોરાકી માત્ર આ ચોમાસાની મજૂરી પરજ હતું. દયાળની સ્ત્રી સુખી માબાપની દીકરી હતી. તેને આ કામ ઘણુંજ કઠણ થઈ પડયું હતું. વળી પાસેજ કામ કરતા સસરાની લાજ રાખવા માટે તે વારે ઘડીએ સાલ્લાનો છેડો સંભાળતી હતી. આથી તે ઘણી વાર પાછળ રહી જતી હતી. તેવામાં તો રામો પટેલ ત્રાડી ઉઠયા: ‘ અલ્યા આ બાયડીને તો કંઈ રોપતાં આવડતુંજ નથી ! એવા હરામના પૈસા ન મળે.’

‘ હશે પટેલ ! કોઈ બે છોડ વધારે રોપે ને કોઇ ઓછા રોપે તેમાં શું ? ’ ગોપાળે બચાવ કર્યો.

છતાં પણ દયાળની સ્ત્રી તો પાછળજ રહી જતી. અને રામા પટેલનો મિજાજ ગયો. તેમણે માટીનું એક ચોસલું ઉપાડીને બિચારી તે સ્ત્રીના વાંસામાં જોરથી માર્યું કે તેણી ઉંધી વળી ગઈ! વાચક ભાઈ! તેં ‘ આફ્રિકાનો વેપાર’ વાંચ્યો છે ? તે ગુલામોમાં અને આ હિંદના દલિતોમાં માત્ર એટલોજ ફેર છે કે, તે ગુલામો શેઠના ઘરમાં રહે અને આ ગુલામો જુદાં ઝુંપડાં બાંધીને રહે !

આ પ્રમાણે આ મજૂરોએ બે દિવસ સુધી સખ્ત મજૂરી કરી અને તેમની મજૂરીના પાંચ રૂપીઆ થયા.

સાંજે ગોપાળનું કુટુંબ થાકીને તાપણી સળગાવી ઘરમાં બેઠું હતું. ગોપાળે દયાર્દ્ર ચહેરે દિલાસો આપતાં કહ્યું: ‘હશે, દુઃખ તો પડયું, પણ પાંચ રૂપિયા પેદા થયાને? દુઃખ વગર સુખ કયાં હોય ?’

રામાપટેલની તમાકુ રોપ્યાને આજે પાંચ દિવસ થઇ ગયા હતા. પણ આ પાંચ દિવસમાં આ શું ? અજબ જેવો ફેરફાર ! જયારે તમાકુ રોપાતી હતી ત્યારે વરસાદ ચાલુ હતો. વાદળાંની જમાવટને કારણે સૂર્ય પણ નહોતો જણાતો, અને આજે વાદળાંનું નામ પણ નહિ. તાપ તો જાણે વૈશાખના દિવસોનો ! જમીન સૂકાઇને ધીકતી હતી. તમાકુના રોપાઓ બળીને ખાખ થઇ ગયા હતા. આ પ્રમાણે લોકોની તમાકુની રોપણી નિષ્ફળ નીવડી હતી; અને પાંચ દિવસ પછી વરસાદ શરૂ થયો અને લોકોએ ફરીથી રોપવાની તૈયારી કરી. પહેલાંની માફક રામો પટેલ ગોપાળને ત્યાં આવ્યા અને ‘દશ મજૂર તમાકુ રોપવા માટે જોઇએ’ એવી માગણી કરી.

અને ગોપાળે કબૂલ કર્યું. પહેલાંની માફક ગોપાળના કુટુંબે

બે દિવસ તેવુંજ કામ કર્યું અને આ વખતની તમાકુ જમીનમાં ચોંટી ગઈ. બીજે ત્રીજે વરસાદ ચાલુજ રહ્યો, અને તમાકુ વધતીજ ગઇ.

અંતે મહા માસની શરૂઆત થઇ. તમાકુ વળાઈ ગઇ. રામા પટેલના ખેતરમાં તમાકુ ખૂબ પાકી હતી.

આજે ગોપાળ કેડિયું પહેરી માથે પટકો બાંધી હાથમાં લાકડી લઇ રામાપટેલના ઘેર રૂા. દશની માગણી કરવા આવ્યો.

‘ જુઓને, હવે તો ઘણા દિવસ થઇ ગયા. અમારે પણ પેટપૂરતું કંઇ ખાવા જોઇએ ને ?’ બે દિવસથી ઘરમાં દાણા ખૂટી ગયા છે; માટે દશ રૂપિયા આપો તો ઉપકાર !” ગોપાળે નરમાશથી કહ્યું.

‘હેં ! શેના દશ રૂપિયા ? મારી પાસે ?’ કંઈ પણ જાણતા ન હોય તેવું મોઢું કરી પટેલ બોલ્યા.

‘શેના કેમ ? આપણા ખેતરમાં તમાકુ રોપી હતી તેના.’

‘ અરે કૂતરાના હાળા ! મારૂં દશ રૂપિયાનું ધરૂં બગાડયું તેનું શું?’

‘કયારે બગાડયું છે પટેલ ! આમ વાંકું શું બોલો છો ?’

‘ હું વાંકુ બોલું છું એમ ? પહેલાં રોપ્યું તે તો તદ્દન બળી ગયું એ ખબર નથી ?’

‘ હા ! પણ એ તો વરસાદ ન થયો અને બગડયું તેમાં અમારો ગરીબનો શું દોષ !’

‘ દોષ ? દોષ કેમ નહિ ? તમે એવું કેવું રોપ્યું કે બળી ગયું ?’

‘ આ બધા લોકોનું બળી ગયું તેમાં કંઇ તમારા એકલાનુંજ ઓછું બળી ગયું છે ?’

‘પણ બધા લોકો મજૂરીના પૈસા નથી આપવાના. આખા ગામે એજ ઠરાવ કર્યો છે. અમારા ઘરમાંથી તો રૂપિયા કાઢવા પડયા છે. અમારા રૂપિયા ગયા અને તમારી મજૂરી ગઇ એમાં શું ? ’

‘પણ ખરેખર આતો અન્યાય કહેવાય !’

‘ હં ! શું બોલ્યો ? જા જા, નહિ તો કંઇ સાંભળીને જઇશ. ગોપાળને ધ્રાસકો પડયો. અરેરે, ઘરમાં ખાવાના દાણા પણ નથી અને આ દશ રૂપિયા ઉપર તો આશા બાંધેલી ! અરે ! દુઃખમય મજૂરી કરેલી તેનો આ બદલો ! જેના માટે દયાળની સ્ત્રીને માર પડેલો તેનું આ ફળ ! ટાઢમાં થરથર ધ્રૂજતાં મજૂરી કરેલી અને તે પણ ઘરના રોટલા ખાઇને તેનું આ પરિણામ ! ડાહ્યાજનો અને કવિઓએ જેના પર ભાર મૂકયો છે તે શું આવાજ પુરુષાર્થ માટે !’

“ ગોપાળને તો ખરેખર મરવા જેવું લાગ્યું અને ખરેખર

“રંકની ભાગી ઠીંકરી’ રાવણનો ગયો ગઢ લંક; બંનેને દુઃખ સરખાં પડયાં, તેમાં કોણ રાય ને રંક” શું કરવું? તેની સૂઝ પડી નહિ. ગોપાળે ઘણાએ કાલાવાલા કર્યાં, પણ તે નિષ્ફળ! આખરે ગોપાળના રૂંવેરૂંવાં ખડાં થયાં, અને તે ચાલતાં ચાલતાં બોલ્યો ‘ઠીક પટેલ! માણસ છો, પણ હૈયું તો નથીજ ને? અરે! તમારા જેવા દગાખોર પાપીઓને ઈશ્વર શું સજા નહિ કરે?’

‘હેં!’ પટેલનો મિજાજ હાથથી ગયો અને ગોપાળ બે ડગલાં ચાલવા જાય ત્યાં તો પરોણાના ફડાકા ગોપાળના ડીલપર પડવા લાગ્યા. ‘હું દગાખોર–લે લેતો જા! ફડાફડ ફડાફડ કરતાં પરોણો ભાંગી ગયો! અરેરે! નિર્દોષ ગોપાળનો વાંસો લોહીલુહાણ થઇ ગયો અને લથડીઆં ખાતો ખાતો તે ઘર તરફ ફર્યો. ઘરનાં માણસો તે દશ રૂપિયાપર મીટ માંડીને બેઠાં હતાં. અરે! આશાના સાગરો ઉલેચતાં હતાં; પણ ત્યાં તો લોહીનીતરતો મરણતોલ ગોપાળ આવીને ધબ દઇને પડયો! આ દશ્ય જોતાંજ ઘરનાં માણસો કંપી ગયાં. રોકકળની શરૂઆત થઈ ચૂકી. મહોલ્લાનાં બીજાં માણસો આવી પહોંચ્યાં, અને વર્ષોથી આ દલિત જાતિના ભક્ષક અરે! ક્રૂર અજગરરૂપી–હિંદુ સમાજની કુલીનશાહીના કરપીણ કૃત્યથી એ તો ધ્રૂજી ગયાં. ભાઈ વાચક! તમને પ્રશ્ન થશે કે, ગોપાળે સરકારમાં ફરિયાદ કેમ નોંધાવી નહિ? કાયદેસર પગલાં કેમ ભર્યાં નહિ? પણ સાંભળો. ખરેખર ‘રક્ષક બને ભક્ષક પછી ફરિયાદ કયાં કરવી?’ રામો પટેલ તો ગામના મુખી હતા. એટલે આ બિચારો દલિત કયાં ફરિયાદ કરે? વળી ઘરમાં સામી ટંકનુંયે ભોજન ન હોય તે કોર્ટમાં કેમ જઈ શકે! અરે જાય, પણ તે કોની સામે? રામો પટેલ તો પૈસાદાર અને મોટા મોટાની મુલાકાત! આખરે પેટ ઢીંચણ તરફ નમે, અને છેવટે તો રામો પટેલ નિર્દોષ ઠરે પછી શું? બિચારા ગોપાળને પછી તે શું ન કરી શકે?

પણ યાદ રાખ! ઓ જાલીમ ઉચ્ચ સમાજ! તારાં આવાં કૃત્યો લખતાં તો ભલભલા કવિની કલમ પણ ઘસાઈ જાય! જમાનો એ આવ્યો છે કે, હવે તારી વર્ષોની મદાંધતા અને સત્તાના ચૂરેચુરા થઇ જશે. શું ઈશ્વર હવે હિંદમાં ધર્મ અને ન્યાયી રાજ્ય પ્રવર્તાવવા માટે આ મદાંધોનો મદ નહિ ઉતારે?

(“સુધારક”ના એક અંકમાંથી)

२३-अलीहुसेन

(લેખકઃ-શ્રી. જયંતકુમાર લક્ષ્મીરામ પાઠક)

અમારા ગામમાં સૌ કોઈ અલીહુસેનને વિચિત્ર વ્યકિત તરીકે માનતા, વૃદ્ધો શંકાની નજરે જોતા, યુવાનો કુતૂહલતાથી નીરખતા, બાળકો બીકની નજરે ભાળતા, ગ્રામ્યજનો તેને અનેક રીતે વર્ણવતા. કેટલાક તેને ગાંડો ગણતા, ઘણા ધૂની ધારતા, અમુક ઑલિયા તરીકે ઓળખતા, તો કોઈ સી. આઇ. ડી. ધારતા. આમ જેને જેમ ફાવ્યું તેમ તેના જીવન વિષે અટકળો બાંધી. સત્ય કોઇને ના સમજાયું.

નાનું સરખું અમારૂં ગામ અને નાનું એટલે સુંદર પણ ખરૂં. ગામના એક છેડે નાની સરખી ટેકરી, ત્યાં અલીહુસેનનો વાસ. ત્યાં તેની ઝુંપડી અને નાનો બગીચો, ગામના ઘણા યુવાનો ત્યાં ફરવા જતા. હું પણ જતો. સૌને અલીહુસેન મમતાભર્યો આવકાર આપતો, સ્વચ્છ પાણી પાતો, કોઇક વખત પાકા એરંડાનાં ફળનો સ્વાદ પણ ચખાડતો. આના બદલામાં એક પાઇ પણ ન લે. કદાચ કોઇ દયા ખાઇ આપતું તો તેને બનાવતો-સખ્ત બનાવતો, ફરી કોઈ દિવસ આપવાનું નામજ ન લે. તે કહેતો: ‘ આ અલીહુસેન પૈસાનો ભૂખ્યો નથી !’ એટલો તે નિઃસ્વાર્થી હતો !

તેણે પોતાની આત્મકથા કોઇના આગળ કહી નથી, કહેવાની ઇચ્છા પણ રાખતો નહિ. કારણ ? ગત પ્રસંગો તેને દુઃખ દેતા. ઘડીભર માટે તેને ગાંડો પણ બનાવી જતા. તે કવચિત્ ગામમાં આવતો. આવે ત્યારે નાના ગામમાં કોઇ ન કળાય તેવી રીતે ખળભળાટ થઇ રહેતો. તેની પાસે થઇને પસાર થતું સૌ કોઈ ટીકી ટીકીને જોઇ રહેતું. ઘણા તેની સામું આંગળી ચાંધતા, અલી હુસેનને આની દરકાર ન હતી. તે તો નીચું મોં રાખી ચાલ્યોજ જતો. ગામમાં વધારે વખત તે ટકી શકતો નહિ. ત્યાંના વાતાવરણથી તે ગભરાઇ જતો-ગુંગળાઇ મરતો. આથી નછૂટકે તે આવતો અને બનતી ત્વરાએ ચાલ્યો જતો.

અલીહુસેનના આવા વિચિત્ર વર્તનથી હું આકર્ષાયો. મને પણ આ દુનિયા કંટાળાભરેલી લાગતી હતી. મનુષ્યમાં માનવપ્રેમ ન દીઠો. પારકાના દુઃખે દુઃખી થનાર લોકો ન દીઠા. પારકાનું દુઃખ જોઇ રાજી થનારા ઘણા દીઠા, હવે હું નિયમિત રીતે અલી હુસેનની ઝુંપડીએ જવા લાગ્યો. હું બેકાર હતો. કામધંધો કાંઇ નહિ. વાચનનો શોખ અને તે શોખનેજ આવા સમયમાં પોષતો હતો. નિયમિત જનાર હું એકલો; એટલે અલી હુસેન મારા ઉપર વધારે પ્યાર રાખતો હતો. હમેશાં મને મીઠો આવકાર આપતો. હું તેનાં હરેક કાર્યોમાં મદદ કરતો. તેના દુઃખમાં ભાગ લેતો. તેની વાતોમાં રસ માણતો. હવે તે ગામમાં જતોજ નહિ. ગામનું સર્વ કાર્ય હું કરતો. મને તેનું ગત જીવન જાણવાની ઇચ્છા થઇ; પણ મને ખબર હતી કે અલી હુસેન તેનું ગત જીવન વર્ણવતાં કંપે છે–દુઃખી થાય છે. મેં પૂછવાની હિંમતજ કરી નહિ. ભવિષ્યમાં કોઇ વખત આપોઆપ કહેશે એમ આશા રાખી હું નિયમિત ત્યાં જતો.

અલી હુસેનની ઝુંપડી સરીઠાંની પણ ઘણીજ સુંદર રીતે બાંધેલી હતી. આમાંજ તે હીમ હેલી કે પ્રખર તાપમાં પોતાના વૃદ્ધ દેહને ટકાવી રાખતો. ઝુંપડીમાં કાંઈ ન હતું. હતું ફક્ત તેનું બાજઠ ઉપર પડેલ પવિત્ર કુરાન અને તૂટેલી ચારપાઇ. તે નિયમિત કુરાનમાંથી કલમો પઢતો, મનન કરતો અને આશ્ચર્યથી ગરકાવ થઇ આકાશ સામે નજર નાખતો. મને પણ ઘણી વખત ઇસ્લામ ધર્મનાં ગૂઢ તત્ત્વો સરળ ભાષામાં સહેલાઇથી સમજાવતો. ન સમજું ત્યાંસુધી તે મારી સાથે માથાકૂટ કરવામાં પાછો નજ પડતો. મારાથી ધર્મમાં વાદવિવાદ ન થઇ શકતો. તે કહે તેજ સાચું છે, એમ હું કબૂલ કરતો. કારણ ? વાદવિવાદ કરતાં કદાચ અલીહુસેન દુઃખી થાય તો ? ખરેખર! તે દુઃખીને રાજી રાખવા હું હા એ હા ભણ્યાજ કરતો.

હવે તેનામાં જુવાનીનું જોસ ન હતું. વૃદ્ધાવસ્થાનાં સર્વ ચિહ્નો તેના ઉપર આલેખાઈ ગયાં હતાં. તેના લાંબા રૂપેરી વાળ હમેશાં તેના ખભા ઉપર લટકાઇ રહેતા. તેની શ્વેત લાંબી દાઢી પવનમાં ઉડ્યાજ કરતી. તેના સર્વ અવયવો જીર્ણ થઇ ગયા હતા, છતાં તેની આંખોમાં તપનું તેજ હતું. તે દિવસમાં એક વાર જમતો. શું ? ફક્ત પોતાના હાથે ઉછેરેલાં ઝાડોનાં ફળોજ. તે કહેતો કે હવે ધનમાં રસ નથી. તેનામાં જીવન ટકાવવાની શક્તિ લોપ થઇ ગઇ છે.

અલીહુસેને એક કૂતરો પાળ્યો હતો. કૂતરો પણ તેના જેવાજ સ્વભાવનો. સાધારણ કૂતરા કરતાં કાંઇક જુદાજ પ્રકારનો. ડુંગરીની

નીચે ઉતરવાનું તો નામજ ન લે. જાણે કે તે દુનિયાનાં માણસો પર ચિઢાઈ ન ગયો હોય! રાતદિવસ અલીહુસેનના નાના બગીચામાં ફર્યાજ કરે. વિશ્રામ લેવા અલીહુસેનની ચારપાઇ નીચે સૂઇ રહેતો. અલીહુસેન ફક્ત ફળો ઉપર રહે, તોપણ કૂતરા માટે હમેશાં રોટી તૈયાર કરતો. રોટીના નાના નાના ટુકડા કરી તે તેને ખવડાવતો.

અલી હુસેનનું દૈનિક કર્તવ્ય કુરાન વાંચવું, નમાજ પઢવી, કૂતરાની રોટી તૈયાર કરવી, બગીચો સ્વચ્છ કરવો, છોડવાઓને પાણી પાવું તથા કોઇ ઝાડ તળે કૂતરાને પડખે બેસાડી ભૂત કે ભવિષ્યના ગહન વિચારોમાં ગરકાવ થઇ જવું વગેરે હતું.

પ્રથમ હું ફક્ત સાંજનાજ આવતો, પણ હવે જમીને આવતાં તે છેક અંધારૂં થતાં ઘેર પાછો ફરતો. મને ત્યાં જવાતું વ્યસનજ પડી ગયું. હું શામાટે જતો? અલી હુસેનની ગત જીંદગી જાણવા ખાતરજ. ગામના લોકો મારૂં આવું વર્તન જોઇ મને ગાંડો ગણવા લાગ્યા. નાનાં છોકરાંઓ મારી પાછળ હુર્રે કરવા લાગ્યાં. મનુષ્ય સમાજથી એટલો બંધાયલો છે કે એમાંથી જરા પણ ખસતાં તરતજ ગાંડામાં ખપી જાય છે. મારા વિષે પણ એમજ બન્યું. હું ગાંડો ગણાયો, પરંતુ ગાંડા તરીકેજ જાહેર થવામાં મને મઝા જણાઇ. આમ હું અલી હુસેનનો ભક્ત બનવાથી તેનો મારા ઉપર પ્યાર વધ્યો. પણ આના બદલામાં તેણે પોતાનો ભૂતકાળનો ઇતિહાસ કહી પોતાનું હૃદય ઠાલવ્યું નહિ.

આજ બપોરથી અલીહુસેન બેચેન છે. મૃત્યુનો પડછાયો તેની ઝૂંપડીમાં પડયો હતો. તેના દુઃખને જોઇ દુઃખી થનાર કોઈ ન હતું. હતું તેમાં હું અને તેનો પ્યારો વૃદ્ધ કૂતરો. તે સમજી ગયો હતો કે, મારૂં જીવન વધારે ટકશે નહિ. હું તો હવે ઘેરજ જતો નહિ. ઘેર જાઉં કે ન જાઉં બધું સરખુંજ હતું. ઘેર મારી રાહ જોઇ બેસી રહેનાર કોઇ ન હતું. હવે તો અલી હુસેનજ મારે સૌ કોઇ હતું.

બીજા દિવસનો સૂર્ય ઉગ્યો. તબિયતમાં જરા પણ આરામ નહિ. મૃત્યુ આવ્યું જાણી તે આનંદ પામ્યો. તેની વાટ જોતોજ તે બેઠો. રાત્રિ આવી. દુનિયા અંધકારમાં ઘેરાવા લાગી. શિયાળાની ઋતુ એટલે બહાર હીમ વરસી રહ્યું હતું. ટાઢનો સામનો કરવા મેં તાપણી ચેતાવી. તાપણીની એક બાજૂ તેનો વૃદ્ધ કૂતરો, આંખનું મટકું પણ માર્યા વગર તેના માલીક તરફ મૂંગી ભાષામાં, શોક દર્શાવતો જોઈ રહ્યો હતો. હું પણ તાપણીમાં છોડિયાં મૂકતો વિચારોના વમળમાં ગુંથાતો બેઠો હતો. અલી હુસેનના મૃત્યુ પહેલાં શું તેનું ભૂતકાળનું જીવન જાણવા નહિ મળે? અરે! તેના ખાતર મેં

દુનિયા છોડી ! ઘરનો ત્યાગ કર્યો ! સમાજમાં પાગલ ગણાયો તેના જેવોજ ફકીર બનીને રહ્યો, છતાં આખરે શું નિરાશા મળશે ? શું તેનો ઇતિહાસ તેના મરણની સાથેજ ઘોરમાં દફનાઇ જશે ? વૃદ્ધ મરવા સૂતો હતો, છતાં હું નજ પૂછી શકયો. મરતી વખતે તેનો આત્મા ગત જીવન સંભાળી શા માટે દુઃખી કરવો ? મૃત્યુ શાંતિમાંજ ભલે થાય.

નીરવ શાંતિ. માનવનો અવાજજ ન મળે, જાણે મનુષ્યોની આ દુનિયાજ ન હોય !

મધ્યરાત્રિ થઇ, અલીહુસેન ભાનમાંજ હતો. એકાએક તેનામાં ચેતનનો સંચાર થયો. સારી હાલતના માણસની માફક તે ચારપાઈમાં બેઠો થયો. પાણી માગી પીધું. રાત હોવાના કારણે કુરાન વાંચી ન શકયો. કુરાન લઈ નમન કરી બાજુ ઉપર મૂકયું. મારા સામે જોયું. કૂતરા સામે નજર નાખી. તેના મુખ પર વિશાદની છાયા ફરી વળી. તેણે મારૂં હૃદય કયારનુંય વાંચી લીધું હતું. તેનું મુખ ખૂલ્યું:

"ભાઇ ! આ મૃત્યુ તો આવીને ઉભું. આ વિચિત્ર અલી હુસેન સવાર થતાં સદાની શાંતિમાં સૂતો હશે. હું સમજું છું તું ગાંડો બન્યો છે મારો ઇતિહાસ જાણવા ખાતર ! દુનિયા તજી ફકીરની સોબત મીઠી ગણી. માફ કરજે ભાઇ ! હું મારૂં જીવન તને કહી શકીશ નહિ. શું તું મને મારા આખરી સમયે દુઃખી બનાવીશ ? ઇતિહાસ લાંબો છે, કાળો છે, ખૂનોથી ખરડાયેલો છે, અધમતાથી ભરપૂર છે ! આ સઘળું મરતી વખતે વર્ણવી મારૂં મોત બગડશે, હું સુખે મરી શકીશ નહિ. માની જા ભાઇ ! મારો એવો ઇતિહાસ મારી પાછળજ ઘોરમાં દટાઇ જવા દે."

"મૃત્યુને બગાડે એવો તમારો ઇતિહાસ મારે નથી સાંભળવો. દફનાઇ જવા દો એને તમારા મૃત્યુની સાથેજ."

થોડી વાર પછી તેની આંખો બંધ થઇ. બંધ કરતાં પહેલાં તેણે કૂતરા તરફ તથા મારા તરફ છેલ્લી અમીભરેલી નજર ફેંકી અને પછી સદાના માટે સૂઇ ગયો.

મેં બગીચાની મધ્યમાંજ તેની ઘોર ખોદી. આખરી ક્રિયા સંપૂર્ણ કરી આંસુની અંજલિ અર્પી. હવે હું દર શુક્રવારે તેની કબર ઉપર ફૂલ ચઢાવું છું, વંદન કરી આંખનાં આંસુ અર્પું છું. મેં મારો વાસજ સદાને માટે અલી હુસેનની ઝૂંપડીમાં કીધો છે. અલી હુસેનનો વૃદ્ધ કૂતરો તેના મૃત્યુ બાદ થોડા દિવસે અલી હુસેનની ઘોર આગળજ સદાની શાંતિમાં પોઢયો. મરતાં પણ માલીકની સેવા ન છોડી.

લોકો પહેલાં અલી હુસેન તરફ ટીકી ટીકીને જોતાં; હવે મારા તરફ જુએ છે. (તા. ૧૪–૮–૧૯૩૨ના "વીસમી સદી"માંથી)

૨૪—ન્યાય

(લેખકઃ-શ્રી. નિરૂ દેસાઇ)

કેસ પૂરો કરતા હોય તેમ આંખ ઉપરથી ચશ્માં ખસેડતાં એક તિરસ્કારભરી દૃષ્ટિ નાખી, કોઇ મહાન વિજેતાની પેઠે ન્યાયાધીશે ત્રંબકને પૂછ્યુંઃ "તારે કાંઈ કહેવું છે ?"

"ના સાહેબ" ત્રંબકે ટુંકો જવાબ આપતાં કહ્યું. એ બોલતો હતો, પરંતુ એના હોઠ બિડાયેલા લાગતા. એના ઉપર એના શેઠનું ખૂન કરવાનું તહોમત હતું.

ન્યાયાધીશ સાહેબને આ જવાબ અધુરો અપૂર્ણ લાગ્યો. જો એ નિર્દોષ હોય તો એણે પોતાની નિર્દોષતા પૂરવાર કરી આપવી જોઇએ. એની સામે જે જુબાની પડી હતી એ ઉપરથી એમ સાબીત થતું હતું કે, આરોપી ગુનેગાર હતો અને રતિલાલ શેઠનું ખૂન એણેજ કર્યું હતું.

ન્યાયાધીશે અદ્દભુત છટાથી આખો કેસ જ્યુરી સામે રજુ કર્યો. જ્યુરીમાં નવ પ્રતિષ્ઠિત ગૃહસ્થો હતા. "આરોપી પોતાનો બચાવ કરવા અશક્તિમાન છે. જે ઓરડામાં શેઠ સૂતા હતા એજ ઓરડામાંથી એ છરી સાથે પકડાયો છે. તમારી નિષ્પક્ષપાત દૃષ્ટિથી આ કેસ તપાસજો" ન્યાયાધીશે જ્યુરીને સંબોધીને કહ્યું. જ્યુરી વિચાર ચલાવવા અંદર ગઇ. મેજીસ્ટ્રેટ સાહેબ પણ અંદર ગયા. ત્રંબક વિચારમાં પડયો.

એની દૃષ્ટિ આગળથી એક પછી એક વિચારો સરવા લાગ્યા. જે સંજોગોમાં એ પોતાનું ગામ છોડીને શહેરમાં આવ્યો, તે કેટલા વિકટ હતા! એની સ્થિતિ કેટલી વિષમ હતી, કેવી દુઃખભરી હતી! વરસાદ થોડો પડયો હતો, જમીનમાં સમૂળગો પાકજ ન થયો, લટકતી તલવારની પેઠે સરકારની મહેસુલ તો ઉભીજ હતી. એ શી રીતે ચૂકવી શકે? માથે બાપીકું શાહુકારનું કરજ ઉભું હતું, એટલે નવું કરજ પણ થઇ શકે તેમ નહોતું. વધારામાં એની સ્ત્રી રેવાનાં આંસુ એનાથી નહોતાં ખમાતાં. એ આંસુ જોઇ એનું હૃદય ચિરાઇ

જતું અને જે સ્ત્રીએ પોતાના પ્રિય બાળક સમા ગામડાનો છૂપી રીતે ત્યાગ કર્યો એ ભયાનક રાત્રિ! ત્રંબકની આંખો જૂની વસ્તુની યાદ આવતાં ભરાઈ આવી. એણે આજુબાજુ જોયું, કેટલાક કારકુનો અંદર અંદર વાતો કરતા હતા. વકીલો બૂમ પાડીને કોઇ કેસ ઉપર ચર્ચા ચલાવતા હતા. કોર્ટની બહાર અસીલો બેઠા બેઠા એમના જેવાજ જૂના કેસોની વાતો કરતા હતા અને શિયાળવાં જેવા ચાલાક વકીલોના ગુમાસ્તાઓ એમને હિંમત આપતા હતા. ત્રંબકને કબજે રાખવા આવેલા પોલીસના માણસો કંટાળ્યા હોય તેમ "ઓ ખુદા" કહીને બગાસાં ખાઈ રહ્યા હતા. નિરાશાભરી દૃષ્ટિએ ત્રંબક આ બધું જોઇ રહ્યો; એની વિચારમાળાના મણકા ફરીથી ગોઠવાયા: એ શહેરમાં આવ્યો. શહેરનાં વિવિધ આકર્ષણો; ઘડીઘડીમા ચમકતા અને બુઝાતા સિનેમાની, માનવાના જીવન જેવા ઇલેક્ટ્રિક લાઇટો; આમથી તેમ ફરતી, એના નસીબ જેવી મોટરો; ઇશ્વરની કૃતિઓને હંફાવવા મથતી મિલો; આ બધું એ જોઇ રહ્યો. એ શહેરમાં આવ્યો અને બધા ખેડુતો જે રસ્તો લે એજ રસ્તે એ વળ્યો. એ મિલમાં જોડાયો, રોજના બાર આના મળે અને દશ કલાક કામ કરવાનું. લોહી ઉકાળવાનું કામ હતું. એનું શરીર ધીમે ધીમે ઓગળતું ગયું. એનું સશકત શરીર કૃશ બની ગયું, મિલની સખ્ત મજૂરી, પગાર ઉપરાંત નફામાં મળતો મિલનો ધૂમાડો, યંત્રવાદની અદ્ભુત અસર એના ઉપર પડી. અધોગતિના ઉંડા ખાડામાં એ સરતો ગયો. મનની શાંતિ મેળવવા એણે દારૂ પીવા માંડયો. ઘડીભર એને જે જોઇતું હતું તે મળતું. રેવાએ એને કેટલીક વાર આ લત છોડવા કહ્યું હતું, આજીજી કરી હતી. ગામડામાં જવાનો આગ્રહ કરતી હતી, છતાયે એની વિનંતિને–એની આજીજીઓની લવલેશ દરકાર એને નહોતી. એ બિચારીનાં ઘર કામ કરી મુસીબતે પૂરું કરતી. એને શી પડી હતી! પંદર દિવસના કચકચાટ પછી–પંદર દિવસના હાડ ઓગાળતા શ્રમ પછી–પંદર દિવસની રેવાની માથાફોડ પછી પગાર આવતો અને એ ક્ષણિક શાંતિ મેળવતો. એ બેભાન અવસ્થામાં આખી રાત પડી રહેતો અને લવરી કર્યા કરતો. રાતમાં શું બનતું એનું એને ભાન નહોતું. એ તો સ્વર્ગીય લહાણુનાં અનુપમ સ્વપ્નાં સેવતો હતો. દારૂમાં પૈસા ન બગાડયા હોત તો? મિલમાંજ ન ગયો હોત અને બીજી મજૂરીજ કરી હોત તો? શહેરમાંજ ન આવ્યો હોત તો? ગામડામાં સુખી જીવન ન મળત?

એની આંખો ફરી ગઇ, એની વિચારમાળા તૂટી ગઈ. એની

નજર સમક્ષ એકધ્યાને સાંભળતી અને પાસે પડેલા કાગળ ઉપર અગત્યની વસ્તુઓ ટપકાવી લેતી જ્યુરી; કોઇ પર્વતમાળાની નાની ટેકરી જેવા અટુલા હીમ જેવા ઠંડા ન્યાયાધીશ અને શાંતિના વખતમાં ક્રોધથી ફરતી એમની કલમનો થરથરાટ, એમનો અવાચ્ય શાંત નદીના જળ જેવો ચહેરો, તીક્ષ્ણ અને થોડાંક પણ મુદ્દાસરનાં અવલોકનો, વકીલનું ગુન્હો પૂરવાર કરવા મથતું તથા અંતઃકરણને ભેદી નાખતું ભાવનામય ભાષણ, ઘડીકમાં ન્યાયાધીશ તરફ ફરીને થોડુંક હાસ્ય વેરવાની તો ઘડીકમાં અર્થપૂર્ણ ગંભીરતા દાખવીને કોઇ નિષ્ણાત તરવારપટુના જેવી અટલ છટાથી કેસ રજૂ કરવાની એમની કળા, કોઇના પણ સામું જોયા વગર શરમાળ વધૂની માફક નીચા મોંએ કામ કર્યે જતો કોર્ટનો કારકુન, તથા કશાનીયે અસર ન થઇ શકે તેવા મજબૂત હૃદયવાળા પોલીસો; આ બધું એક સિનેમા ફિલ્મની માફક તેની દૃષ્ટિમર્યાદા સમીપ તરવા લાગ્યું અને આ બધાંની સામે એક પાંજરામાં પુરાયેલા પશુના જેવો તથા હિમવત્ ગાત્રો અને ભારે આંખો સહિત પોતે—કોર્ટનો ગુન્હેગાર.

એની વિચારમાળામાં એણે ફરીથી પુષ્પો પરોવ્યાં. તે દિવસે મિલમાંથી ધૂમાડા કેવા ગાઢા નીકળતા હતા! કેવા ભયંકર દીસતા હતા! તે દિવસે એ માંદો પડયો હોત તો કેવું સારૂં! એ મિલમાંજ ન ગયો હોત તો કેવું સારૂં! તે દિવસે યંત્રમાં ધબકારા પણ કેટલા જોસથી થતા હતા! જાણે કોઇ ગુનેગાર મનુષ્યનું હૃદય ધબકતું હોય! એ ત્યાં ઉભો હતો, હજી સુધી એનું કામ સીધું ચાલ્યું હતું. કોઇ દિવસ એણે ભૂલ કરી નહોતી. એ દિવસે થઇ ગઇ. તાર ખોટા આવી ગયા, તાકો બગાડી નાખ્યો. મેનેજર ત્યાં ફરવા માટે આવ્યા હતા, પાછળજ શેઠ હતા. જગતનો બધો પૈસો, જગતનું બધું ઐશ્વર્ય, બધો વૈભવ, બધું સુખ એમને ઘેર ઉતરે એવી મહાન આકાંક્ષા એમની હતી. જગતનું સામ્રાજ્ય એમને ઘેર તોળાય તેવી મહદ્ ઇચ્છા તેમની હતી. એમનાથી રજમાત્ર પણ નુકસાન કેમ ખમી શકાય!

"સુવર......જોતો નથી? તારા બાપની મિલ છે? અહીંઆં બગાડ કરવા આવ્યો છે?" શેઠે વચન કાઢયાં.

આ વચન એણે સાંભળી લીધાં હોત તો આજે આ અવસર ન હોત. શેઠની નસોમાં મૂડીવાદનું લોહી હતું, મજૂરોના લોહીના પૈસાના પ્રતાપથી તેમની આંખો ચમકતી હતી. શેઠના શબ્દો સહન ન કરી શકવાથી એ બોલ્યો—વિધિએ તેને ભૂલાવ્યો—તેના-

થી બોલાઇ જવાયું:-

'શેઠ! આવી ભૂલ માટે આવી ગાળો સાંભળવા હું નથી ઇચ્છતો. અમારા પૈસા ઉપર તો જીવો છો. અમારૂં લોહી તો તમારે માટે આપીએ છીએ. તમારા પૈસા એ અમારો પરસેવો છે. અમે ના હોત તો તમે ના હોત.''

આવું ન બોલ્યો હોત તો આજે દુઃખના દહાડા ન આવત, ન્યાયાધીશ સાહેબની ક્રૂર દૃષ્ટિ જોવા ન મળત, વકીલોના તિરસ્કારભર્યા કટાક્ષ અને પોલીસોના ટોણા સાંભળવા ન મળત, ન્યાયની ક્રૂર મશ્કરી કરતા આ કહેવાતા ન્યાયાલયમાં આવવાનું ન હોત! શેઠથી આવું અપમાન સહન થાય ખરૂં! અને તે પણ મજૂરોના હાથે! કોઈ અમલદાર અપમાન કરે તો તો શેઠ પોતાને માન મળેલું સમજે, પરંતુ એ તો મજૂર હતો એટલે શેઠે જોરથી તમાચો માર્યો.

"તારે ઘેરથી મિલકત લાવ્યો હોઇશ નહિ? મિલ તેં બંધાવી હશે એટલે આટલો બધો મિજાજ કરે છે? નીકળ અહીંથી. કાઢો એને લાત મારીને બહાર'' અને તરતજ શેઠના હુકમને માન આપીને આજુબાજુથી જોબરો અને મુકાદમો દોડી આવ્યા, અને ગડદાપાટુ મારીને એને બહાર કાઢી મૂકયો. બસ, થઇ ચૂકયું. એની નોકરી એ દિવસે ગઇ. રેવાને શું મોં બતાવશે એ વિચારે એને ગાંડો કરી મૂકયો હતો. વાંક એનોજ હતો શું? શેઠને મારવાનો શો હક્ક છે? શું શેઠે જીવનમાં કદી ભૂલો કરીજ ન હતી! અને એકજ વાર ભૂલ થઇ માટે એને કાઢી મૂકયો! એનાજ જેવી અવસ્થામાં શેઠ હોત તો શું કરત? એના જેવી દુઃખી, ગરીબ હાલતમાં હોત તો શેઠ શું કરત? એના વાંક માટે મિલમાંથી રજા મળી, પણ શેઠના વાંક માટે કશું નહિ. કારણ કે ત્યાં પૈસાનું જોર હતું. મિલ એમની હતી, ગુનો એનો હતો, શેઠ નિર્દોષ હતા! એ બહાર આવીને એના ઘા નિહાળતો હતો ત્યારે કેવા વિચારતરંગ એના મગજમાં ઉઠતા હતા! હોટલમાં જઇને ચાહનો પ્યાલો પીધો. એની અંદર શું કોઇએ કિન્નો લેવાનાં ઝેરી બિંદુ નહોતાં રેડયાં? અને કિન્નો લેવાનો નિશ્ચય પણ એણે ત્યાંજ કર્યો હતો. ચહાનું દરેક ટીપું એને ખૂન કરવા ઉશ્કેરી રહ્યું હતું, અને કહી રહ્યું હતું કે, શેઠને તને મારવાનો હક્ક કોઇએ આપ્યો નથી, તને કાઢી મૂકવાનો કશો અધિકાર એમને નથી, ભૂલ થઇ હોય તો પગાર કાપી લે. બધાયે માણસો સરખા છે. પૈસાના જોરે વધારે અધિકાર કોઈ ન ભોગવી શકે અને એણે ત્યાંજ નિશ્ચય કરી નાખ્યો હતો કે, આનો

બદલો જરૂર લેવો. એનું મગજ કેવા વિચારોથી ભરાયેલું હતું! શેઠનો એ નોકર હતો. શેઠજ કહે એ સાંખી રહેવું જોઇએ. શેઠ તો મહાન દયાનિધાન હતા, કારણ કે એને નોકરીમાં રાખ્યો હતો. કૃપાળુ હતા, કારણ કે ફક્ત થોડોકજ માર મારી, પોલીસને ન સોંપતાં બહાર કાઢી મૂકયો હતો. પરંતુ આવા વિચાર એ વખતે નહોતા આવ્યા. એ વખતે તો એની આંખ ખુન્નસથી ભરેલી હતી. એણે શેઠને વિદાય કરી દઇ બદલો લેવાનો નિશ્ચય કર્યો. એણે એક પછી એક મજૂરોને બહાર નીકળતા અને ખુશ થતા જોયા. દરેકને આજે પગાર મળ્યો હતો. કોઇ પૈસા લઇને 'સિનેમા જોવા જઇશું,' તો કોઇ 'ભાડાવાળાને પૈસા ચૂકવી દઇશું,' તો કોઇ 'આજે દારૂ પીને ખૂબ મઝા માણીશું' એમ વાત કરતું હતું. ફક્ત એજ દુ:ખી હતો. એનેજ આજે પગાર નહોતો મળ્યો. એ મગજમાં યોજના વિચારતો હતો. એણે શેઠની મોટર ઝાંપા બહાર નીકળતી જોઈ અને એની ઉશ્કેરાયેલી લાગણી વધુ ઉશ્કેરાઇ હતી. એણે શેઠના મકાનની તપાસ કરી અને એ કાળરાત્રિએ શેઠના મકાનમાં એણે પ્રવેશ કર્યો. આજુબાજુનું શાંત અને નિ:સ્તબ્ધ વાતાવરણ, દૂરથી આવતો શેરીના કૂતરાઓ ભસવાનો અવાજ, વચ્ચે લાંબે અંતરે સંભળાતો મોટરના ભૂંગળાનો શબ્દ, એ સર્વ એને વધારે ભયાનક બનાવી રહ્યા હતા-એને વધારે મક્કમ બનાવતા હતા. આકાશ પટમાંના તારકો પણ સૂચક હાસ્ય હસી રહ્યા હતા અને કહેતા હતા કે, સર્જનહારની સૃષ્ટિમાં સૌ સરખા છે, કોઇ કોઇથી મોટું નથી, બધાના અધિકાર સરખા છે. જે કોઇ આ નિયમને ઉથાપે એને શિક્ષા થવી જ જોઇએ. એણે શેઠના ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે કેવી ભયંકરતા ત્યાં ચમકતી હતી! એની છરી ઉપર વિનાશનું છૂપું પણ કાતીલ તેજ હતું! શેઠ નિશ્ચેષ્ટ હતા, શાંત રીતે પથારીમાં સૂતા હતા. એમને શી ખબર કે યમદૂત એમને આંગણે આવીને ઉભો છે, કાળનાં ચોઘડિયાં વાગી રહ્યાં છે અને ત્યાં જવા તૈયારી કરવાનો પણ પૂરતો વખત નથી મળવાનો? એણે છરી ઉગામી ત્યારે શેઠે પાસું ફેરવ્યું હતું. એ ચમકી ઉઠયો હતો. એણે શેઠના પેટમાં છરી હુલાવી દીધી અને શેઠે કારમી ચીસ નાખી. એ ત્યાંજ ઉભો થઇ રહ્યો. એને નાસી જવાની સમજણ ન પડી. આજુબાજુથી લોકો દોડી આવ્યા અને પોલીસે આવીને એને પકડયો. ત્યાંથી થાણા ઉપર લાવ્યા ત્યારેજ એને સમજણ પડી કે, એણે ભયંકર ગુનો કર્યો હતો. બિચારી રેવાનું શું થશે, એનો પણ એણે વિચાર

કર્યો ન હતો. એને લીધે રેવાને કેટલું સહન કરવું પડશે, કેટલી યાતનાઓ વેઠવી પડશે તેનું ભાન એ વખતે એને નહોતું થયું. થયું હોત તો આવું કરત શું કરવા? અટકત નહિ? અને એની વિચારશ્રેણી ફરીથી તૂટી, એની અંદર ડખલગીરી થઇ, એની પાસે ઉભેલા પોલીસ જોડે કોઇ માથાઝીક કરતું હતું એમ એને લાગ્યું.

“ અએ હટી જાને અહીંઆંથી, ખાલી માથું ઝીકે છે! ફોજદાર સાહેબની રજા વિના કેદીને ન મળી શકાય. મોટો ન જોયો તારો ધણી! ખૂન કરીને તો આવ્યો છે.” અપૂર્વ બેદરકારીથી પોલીસ એની જોડે માથાઝીક કરતો હતો.

ત્રંબકની આંખ ઉંચી થઇ અને એણે જોયું તો એજ શાંત પ્રેમની મૂર્તિ રેવા, એજ પ્રેરક મોં, એજ પ્રણયચક્ષુઓ! એ એને મળવા આવી હતી. એની આંખોમાં આંસુ હતાં, એને કોઇ દાદ દેતું ન હતું. એ પોલીસ પાસે આવી અને આજીજી કરવા લાગી. ત્રંબક રેવાની નિરાધાર અવસ્થા જોઈ રહ્યો. આ દશાનું મૂળ કારણ પણ એજ હતો. એનું ભવિષ્ય પણ એણે બગાડયું હતું.

“ ભાઇ એને આવવા દેને! તારૂં શું બગાડવાની છે?” ત્રંબકે વિનવણી કરતાં પોલીસને કહ્યું.

“ એટલે તારે એની જોડે સંતલસ કરીને નાસી જવું છે એમ ને?” પોલીસને મુખ્ય ચિંતા કેદી નાસી ન જાય એ જોવાની છે, એ પોલીસને તરતજ યાદ આવ્યું; એટલે કાયદાના રક્ષણહારની જગ્યાને સહેજ પણ આંચ ન આવે માટે એણે જવાબ ન આપ્યો.

“ ભાઇ! થોડીક વારજ મળવા દે ને!” રેવાએ હાથ જોડી કહ્યું.

“ સાહેબ પાસેથી પરવાનગી લઇ આવો.” પોલીસનું વચન એ શાસ્ત્રનું વચન, બોલે એટલે ફરેજ નહિ. રેવા બિચારી ફોજદારને શોધવા ચાલી. પતિના હાથમાં બેડી જોઇને એનું હૃદય ચીરાઇ ગયું હતું, એને એનું સુખી જીવન યાદ આવ્યું. શહેરનો શાપ—મિલનાં વિનાશકારી યંત્રોનો શાપ—એને યાદ આવ્યાં. એના હૃદયને ખૂબ આઘાત પહોંચ્યો હતો. પતિને શી શિક્ષા થશે તે એ સમજી ગઇ હતી, પતિ સામેનો ગુનો પૂરવાર થયો છે એ વાત તે જાણી ગઇ હતી. તેણે વકીલ પણ નહોતો કર્યો, કે જે બચાવી શકે. તેનું ભવિષ્યનું જીવન કરમાઇ જશે એ વિચારે એ ગભરાઇ ગઇ હતી. એણે આખરે ફોજદારને શોધી કાઢયો. પાન ચાવતો ફોજદાર કોઇની જોડે ટોળટપ્પાં ઉડાવતો હતો. ખૂબ માથાકૂટ પછી થોડા વખત માટે વાતો કરવાની પરવાનગી આપી.

બંને મળ્યાં. ગભરાયેલી હરિણીના જેવી રેવાની આકુળવ્યાકુળ અવસ્થા જોઇને ત્રંબક રડી પડયો. રેવાનું ભવિષ્યનું જીવન ચીંથરા જેવું બનાવવા માટે એ જવાબદાર હતો. રેવાની આંખ રડી રડીને લાલ બની ગઇ હતી. બંનેના મુખમાંથી એક પણ શબ્દ ન નીકળી શકયો. આવેશમય ભાવનામાં એક પણ શબ્દ કયાંથી ઉચ્ચારી શકાય ? સમય પૂરો થઇ જતાં, કેદીને દૂર ખસેડવામાં આવ્યો.

જયુરરો બધાય બહાર આવી ગયા, ન્યાયાધીશ સાહેબ પણ બહાર આવી ગયા અને એમની ખુરશી ઉપર બેસી ગયા. ઉપર પંખો ચાલતો હતો તેના ઉપર સહેજ નજર નાખી, જયુરરો તરફ જોયું. એક યંત્ર ચાલતું હોય, એવી રીતે ન્યાયાધીશ સાહેબ વર્તતા હતા.

“તમારો શો મત છે ?” ન્યાયાધીશે પૂછયું.

“અમે આરોપીને એકમતે ગુનેગાર ઠરાવીએ છીએ.” ફોરમેન આગળ આવીને બોલ્યો.

“સાહેબ! દયા રાખજો!” આંસુ સાથે રેવાએ બૂમ મારી. એ છેક કોર્ટના બારણા પાસે ઉભી હતી.

ન્યાયની આ ક્રૂર મશ્કરી લાગી હોય તેમ ન્યાયાધીશ હસ્યા.

“કોર્ટ આરોપીને ફાંસીની સજા ફરમાવે છે!”

ચુકાદો આપીને ન્યાયાધીશ અંદર ચાલ્યા ગયા.

રેવા ઘૃણાત્મક નજરે એમની પાછળ જોઇ રહી. ત્રંબકની આંખમાંથી થોડાંક ઉનાં આંસુ ધરતીને ભેટવા પડયાં.

પોલીસો એને ત્યાંથી લઇ ગયા. પાછળ કોઇના ડૂસકાનો અવાજ એનું હૃદય વલોવી નાખતો હતો.

(ફેબ્રુઆરી-૧૯૩૨ ના “નવચેતન”માંથી)



૨૫-દારિદ્ર્યનાં દુઃખ

(લેખકઃ-શ્રી. રમાકાન્ત)

"નારાયણ! તારા જેવા આળસુ માણસોનું અહીં કામ નથી. જા.. ચાલ્યો જા." મિલના દરવાજામાં પેસતાંજ અંગ્રેજી પોશાકમાં સજજ દેખાતા સાહેબે કહ્યું.

"સાહેબ! આજનો દિવ..."

એ વાક્ય પૂરૂં થતાં પહેલાંજ સાહેબની આંખ લાલચોળ થઇ ગઇ. નોકર સામો જવાબ આપે તો એ સાહેબ શાના? એટલે લાલચોળ આંખે એમણે જણાવ્યું: "આજનો દિવસ? બેવકૂફ! તને ખબર નથી કે આમ કેટલા દિવસોથી તું મોડોજ આવે છે? અને પાછો આજનો દિવસ?"

સાહેબના આ શબ્દો નારાયણને માટે અસહ્ય હતા, એમ એનું મોઢુંજ કહી આપતું હતું; છતાં એણે સહી લીધા, છતાં હતી તેટલી બધીય હિંમત એકઠી કરી એણે જવાબ દીધો: 'સાહેબ! આજનો દિવસ માફ કરો. વગર કારણે ક્યારેય મોડો થયો છું?"

આ વિનવણી પણ સાહેબને ભારે પડી. "તારે તો રોજ કારણ હોય. રોજ ને રોજ માફ કરવાનું કેવું? નોકરી કરવી છે કે ભાઇબંધી?" સાહેબે રોફમાં ને રોફમાંજ જવાબ આપ્યો.

"પણ બહાનું નથી, ઘરમાં મારો........" પણ સાહેબે એ વાક્ય પૂરૂં પણ થવા ન દીધું. કેમ જાણે બહુ કામમાં ન હોય અથવા નોકર કાંઇ પણ દલીલ કરવાને યોગ્યજ ન હોય તેમ 'જા, આજ તો જવા દઉં છું; પણ હવે પછી જો આમ બનશે, તો દરવાજામાંજ નહિ પેસવા દઉં સમજ્યો?" કહી રોફમાં ને રોફમાં સાહેબ ચાલતા થયા.

નારાયણ તો આ બધું સાંભળીને ઘડીભર સ્તબ્ધજ બની ગયો. એને તો એમજ લાગ્યું કે, જાણે આ બધું શું થઇ ગયું? પછી કેટલીક વારે એ ધીમે પગલે પોતાના ખાતા તરફ ચાલતો થયો.

સામાન્ય રીતે સુખી ગણાતા કુટુંબનું એ સંતાન હતું. એના પિતા ગામડામાં માસિક પચીસ રૂપિયાના પગારે માસ્તરની નોકરી કરતા હતા. સંતાનમાં એમને નારાયણ અને બીજો એક નાનો પુત્ર તથા પુત્રી હતાં. ગામડામાં રહેવાનું અને તેમાંય સંપૂર્ણ સાદાઇ પાળતા હોવાથી એ થોડા ખરચમાં પણ પોતાનો સારી રીતે નિભાવ કરતા, એટલુંજ નહિ પણ નારાયણને અંગ્રેજી કેળવણી આપવામાં પણ યથાશક્તિ ધન ખર્ચતા.

અભ્યાસમાં એ પ્રથમથીજ હોંશિયાર ગણાતો. ગુજરાતી સાત ધોરણ પસાર કર્યા પછીજ એને હાઇસ્કૂલમાં મૂકવામાં આવ્યો. અભ્યાસમાં સંપૂર્ણ કાળજી અને હોશિયારીને લઇને એ પ્રતિવર્ષે પાસજ થતો ગયો. એના શિક્ષકવર્ગને પણ એને માટે સારૂં માન ઉત્પન્ન થયું, પરંતુ એનો એ અભ્યાસ લાંબી મુદત ટકી શક્યો નહિ–આગળ વધારી શક્યો નહિ.

એની બારેક વર્ષની વયેજ ગામમાં ને ગામમાં એક સારા કુટુંબની કન્યા સાથે એનું લગ્ન કરી નાખવામાં આવ્યું હતું. એની પત્ની સુશીલા સર્વગુણસંપન્ન હતી, જૂના જમાનામાં સ્ત્રીઓ મેળવી શકે તેટલીજ કેળવણી એણે મેળવી હતી. ગૃહકાર્યની કેળવણીમાં એને એની માતાએ કુશળ બનાવી દીધી હતી.

મેટ્રિકમાં પાસ થયા પછી નારાયણને કૉલેજમાં મોકલવાની એના પિતાની હિંમત ન ચાલી. આર્થિક સ્થિતિની અમુંઝણનો પ્રશ્ન એમને મૂંઝવતો હતો; તેમાંયે પોતે પેન્શન પર છૂટા થવાની તૈયારીમાં હતા, એ સ્થિતિમાં પુત્ર જો કમાતો હોય તો કરકસરથીયે કુટુંબનું ભરણપોષણ કરવામાં વાંધો ન આવે, એવો એમનો વિચાર થયો. એટલે નારાયણને અભ્યાસ છોડી નોકરી શોધવાની ફરજ પડી.

ઘણા ઘણા પ્રયત્નો–સીપારસો–મુશ્કેલીઓને અંતે અમદાવાદ જેવા શહેરમાં એ એક મિલમાં માસિક ત્રીસ રૂપિયાના પગારની નોકરીએ મેળવી શક્યો. એ જો કે એને અનુકૂળ તો નહોતીજ પરંતુ કરવું શું? અભ્યાસ છોડયા પછી પાંચ-છ માસ તો એમ ને એમ નોકરી શોધવામાંજ વીતી ગયા હતા. ત્યારે મહામહેનતે આટલું હાથમાં આવ્યું. તાત્કાલિક નિર્વાહને માટે એ તક ગુમાવવી એને યોગ્ય ન લાગી અને એ નોકરીમાં જોડાઈ ગયો.

પરદેશમાં પુત્રને ભોજનાદિની મુશ્કેલી ન નડે, અને વીશી કે લૉજનાં ખાણાં ખાઇ પૈસા ખરચી શરીરની બરબાદી ન કરવી પડે એવો વિચાર કરીને એના પિતાએ સુશીલાને પણ તેની સાથે

મોકલી દીધી. છ માસનું બાળક ત્યારે એને ખોળે રમતું હતું.

નારાયણ બિચારો સવારના છ વાગે મિલમાં જતો તે સાંજના છ-સાત વાગે ઘેર આવતો. એના મકાનને અને મિલને બન્ને માઇલનાં છેટાં હતાં. સવારમાં વહેલો જાય અને સાંજે મોડો આવે, થાકીને લોથપોથ બની ગયેલા પતિ પાસે આનંદની બીજી કાંઇ પણ વાત સુશીલા શી રીતે કરી શકે? કેમ જાણે દંપતીજીવનનો આનંદ એમના માટે વિધિએ નિર્મ્યોજ નહિ હોય!

બેએક માસ આ નોકરીને થયા હશે, એવામાં એનું કુમળું બાળક એકાએક બિમાર પડ્યું. પરદેશમાં પોતાનું કોણ હોય? સુશીલા આખો દિવસ એની સંભાળ રાખતી; પરંતુ એની બિમારી દિને દિને એવી વધતી જતી જણાઇ કે માતાનીયે હિંમત રહી નહિ.

એ કારણે રાત્રિના ઉજાગરાયે કરવા પડતા. આખા દિવસના થાકેલા પતિને ઉજાગરો કરાવવાનું સુશીલા જરાય પસંદ કરતી નહિ; તેમ રાતદિવસ સુશીલા જ બાળક પાસે રહે અને ઘડીનોય આરામ ન લે, તે નારાયણને ગમતું નહિ. એને બીક હતી કે, વખતે સુશીલા બિમાર થઇ ગઇ તો? એટલે મોડી રાત સુધી એ બેસી રહી બાળકને સંભાળતો અને એળે બેળે પત્નીને આરામ આપતો. પાછલી રાતે એ જરા સૂતો, પણ નોકરીની કાળજીએ એને વહેલા ઉઠવું પડતું. તોયે મિલ દૂર હોવાના કારણે એ ક્વચિત્ મોડો થઇ જતો, ત્યારે સાહેબના શબ્દો સાંભળી–સહી લેવા પડતા.

અધૂરામાં પૂરૂં ઘેર પણ એના પિતા બિમાર હોવાનો પત્ર એને મળ્યો. એટલે એની ચિંતા વધી. ઘેર જઇ પિતાની તબિયત જોઇ આવવાનું એને ઘણુંય મન થયું; પણ જ્યાં પાંચ મિનિટ મોડા થવાની વાતથીજ સાહેબ ખીજાય ત્યાં રજા માગવાનો તો અવકાશજ ક્યાં?

×

સાહેબના શબ્દો આજ એને ઘણા સાલ્યા. એ પોતાના ખાતામાં ગયો ખરો, પણ કામ ઉપર એનું ચિત્ત ચોંટ્યું નહિ. એને વારંવાર પુત્રની અને પિતાની માંદગીના જ વિચાર આવવા લાગ્યા. પોતે પરદેશમાં નિરાધાર જેવી સ્થિતિમાં હતો, પુત્રને માટે દવા લેવા જવાનોયે એને વખત ન હતો; એનો એક બિચારો ભલો પાડોશી દવા આણી આપતો અને દિવસમાં બે-ચાર વખત ખબર પૂછ્યા કરતો. તેમજ બીજી પણ જરૂરી ચીજો બજારમાંથી આણી આપતો. આખો દિવસ પોતે પુત્રનું-બિમાર પુત્રનુંયે ક્ષણભર મોઢું જોવા પામતો નહિ. આ નોકરી એને ઘણી સાલી. એનું હૃદય

ભરાઇ આવ્યું. એ એક ખૂણામાં બેસીને રોવાય તેટલું રોયોઃ ખરેખર, ચિંતાથી ઘેરાયલો માણસ એકલો પડે ત્યારે બીજું શું કરે ?

બીજી તરફ સુશીલાની પણ એજ દશા હતી. એ બિચારી આખો દિવસ એકલી પડી મુંઝાતી. એને એકાંતમાં સાથ આપનાર એનું બાળક પણ બિમારીને બિછાને હતું. બાળકની માવજત કરવામાં ને રડવામાંજ એનો આખો દિવસ પસાર થતો, પરંતુ ન એની સ્થિતિ નારાયણ જાણતો; ન નારાયણની સ્થિતિ એ જાણતી. સાંજે દંપતી ભેગાં બેસે ત્યારે આનંદીજ જણાય.

× × ×

એ રાત્રે નારાયણે ન ઉંઘવાનો જ નિશ્ચય કર્યો. નોકરીની એને એટલી ગરજ હતી, કે કાલ સવારે શું થશે, તેનીજ ફિકર હતી. તાત્કાલિક બીજી નોકરી મળવી દુર્લભ હતી, અને અહીં તો બીજે દિવસે ખાવાના જ સાંસા. ઘરની સ્થિતિ એવી સદ્ધર ન હતી કે પિતા એને મદદ કરી શકે.

સુશીલાને હમેશની જેમ એણે સુવાડી દીધી, અને પોતે હાથમાં એક પુસ્તક લઇ વાંચવા માંડયું. વચમાં વચમાં બાળકના સહજ ઝીણા રુદનના અવાજમાત્રથી જ સુશીલા સચેત થતી, અને પયપાન કરાવી શાન્ત થતી.

રાત્રિના ત્રણેક વાગ્યા હશે. સુશીલા એકાએક જાગી પડી. નારાયણને વાંચતો જોતાંજ એણે કહ્યુંઃ 'હજી સૂવું નથી ?'

'ના. આજે કોણ જાણે કેમ ઉંઘજ નથી આવતી.'

'આમ શું કરો છો ? જરા સૂઇ જાઓને !'

'પણ ઉંઘ આવ્યા વિના સૂવું શા કામનું ?'

'એ તો સૂશો એટલે ઉંઘ આવી જશે. આમ આખા દિવસની સખત મહેનત પછી જાગરણ કર્યા કરો તો બિમારી ન આવતી હોય તે આવે.'

સુશીલાના આ શબ્દોએ એને સચેત કર્યો. એને જાણે એમ વિચાર થયો કે, પિતા બિમાર છે, બાળક બિમાર છે અને અમારામાંથી એકાદ લથડયું તો પછી શી દશા ?

વળી એ ઉંઘે ઘેરાયેલો તો હતોજ. આખા દિવસના સતત પરિશ્રમ પછી કોને ઉંઘ ન આવે ? એટલે પાંચ વાગ્યે જગાડવાનું કહી એ જરા સૂતો, ને સૂતો એવો જ ઉંઘી ગયો.

સુશીલાની તો શ્વાનનિદ્રા હતી, તેમાંય સોડમાં બિમાર બાળક સૂતું હોય તો તો પછી પૂછવું જ શું ? કોઈ માતા એવી

ન હોય કે ઉંઘણશીની માફક ઘોર્યા કરે. એટલે બરાબર પાંચ વાગતાં જ એની આંખો ઉઘડી તો ખરી, પણ એણે નારાયણને ઉઠાડવવાનું ઉચિત ધાર્યું નહિ.

એના મનમાં એમજ થયું હશે, કે હજુ અડધો કલાક ભલે સૂઇ રહે. ત્રણ વાગે તો સૂતા છે, અને મિલમાં તો સાત વાગે હાજર થવાનું છે, પછી આટલા વહેલા ઉઠાડવાની શી જરૂર? એ બિચારીને ક્યાંથી ખબર હોય કે, પાંચ મિનિટ મોડા થતાં નોકરી જશે, ને ઉપરથી સાહેબનાં સારાં માઠાં વેણ સાંભળવાં પડશે તે જુદાં!

બરાબર સાડાપાંચ વાગે નારાયણ ઉઠ્યો–સુશીલાએ ઉઠાડ્યો. અને છ વાગે એ ઘરમાંથી નીકળ્યો. પરંતુ કોણ જાણે કેમ એના પગ આજ ઘણાજ ધીમા ઉપડતા હતા, એનું હૃદય જાણે એને જવાની ના પાડતું હતું. મગજ પણ જાણે બહેર મારી ગયું હતું. એ વિચારમાં ને વિચારમાં ચાલતો હતો ખરો, પણ એ શા વિચાર કરતો હતો તેનું એને પોતાનેજ ભાન ન હતું, અને એ એટલો શિથિલ બની ગયો હતો કે મિલના દરવાજે પહોંચ્યો ને દરવાને એને અંદર જતાં રોક્યો ત્યારેજ એને ખબર પડી કે પોતે આજ અડધો કલાક મોડો થયો છે!

× × × ×

'કેમ પાછા વળ્યા? અને તમારા મોં પર આ ઉદાશી શી?' ઘરમાં પ્રવેશ કરતાની સાથેજ આશ્ચર્ય પામતાં સુશીલાએ પૂછ્યું.

પરંતુ બિચારો નારાયણ આનો શો જવાબ આપી શકે? આજ સુધી તો જે તે મિલમાંજ થતું ને એકલોજ બધું સહી લેતો. સુશીલાને એની ગંધ સરખીએ આવવા દેતો નહિ. પણ આજ? શું જવાબ આપવો તે ન સૂઝતાં એ મૂક રહ્યો, એટલે સુશીલાની જિજ્ઞાસા વધી.

"કેમ જવાબ નથી આપતા?"

નારાયણ નજ બોલ્યો.

"આમ શું કરો છો? વાત તો કહો? મને યે પારકી ગણો છો? આજ શું થયું છે? બોલતા કેમ નથી? મારા સમ! કહો ને?" સુશીલાએ ઉપરાઉપરી સોગન સાથે વિનવણી કરવા માંડી.

નારાયણથી ન રહેવાયું. અનેક દિવસનાં સારાં–માઠાં વચનો સાંભળ્યા છતાંય નોકરી ગયાથી એને ઘણું લાગી આવ્યું. એનું અંતઃકરણ ઉભરાઇ ગયું–એનાથી રડીજ દેવાયું.

આવું દશ્ય જોઇ કયી પત્નીનું હૃદય ન રડે? સુશીલાને તો

કાંઇ સમજ ન પડી. પતિનું મુખ એણે પોતાની ગોદમાં લીધું. આંખમાંથી આંસુ વહેતાં હોવા છતાં એણે પતિને હિંમત આપવા માંડી-ઘણા ઘણા પ્રયત્ને શાન્ત કર્યો, અને કહ્યું: ‘જવા દો. તમારી વાત મારે નથી સાંભળવી.’

“ના, ના. સુશીલા! તને નહિ કહું તો કોને કહીશ?” મહાપ્રયત્ને ઉંચું માથું કરી એ એકજ વાકય બોલી શકયો.

“ત્યારે આમ રડો છો શું? તમારા જેવાયે આમ રડે ત્યારે પછી અમારી તો વાતજ શી?” પુરુષે તો કઠણુ કાળજુંજ રાખવું જોઇએ એમ જાણે ન કહેતી હોય તેમ સુશીલા બોલી.

કેટલીક વારે નારાયણ શાંત થયો, અને આજ સુધીની બનેલી બધીય વાત સુશીલાને કહી દીધી.

શાંતિથી બધી વાત સાંભળી લીધા પછી સુશીલાએ કહ્યું: “કાંઇ નહિ. નોકરી ગઇ તો ભલે ગઈ, પણ તમારો આટલા દિવસનો પગાર તો લેતા આવવો’તો! તમને શું ખબર કે ઘરમાં પાઇ પણ નથી.”

નારાયણને એ વાત સમજાઇ. અઠ્ઠાવીસમી તારીખે પોતાને છૂટો કરવામાં આવ્યો હતો, એટલે એટલા દિવસનો પગાર તો એ માગેજ ને?

એણે પાછાં કપડાં પહેર્યાં, ને ત્વરાથી મિલ તરફ ચાલવા માંડયું. પ્રથમના કરતાં આ વખતે એના પગ ઘણીજ ઝડપથીજ ઉપડતા હતા. પ્રથમથીજ એટલી ઝડપ હોત તો નોકરી ન જાત. પણ કોને ખબર કે કયારે શું બનવાનું છે?

લગભગ અડધા કલાકમાંજ એ મિલમાં પહોંચી ગયો. દરવાનને પોતાના શેઠને મળવાની ઇચ્છા જણાવી. શેઠની અનુમતી મળતાં વાર ન લાગી. એ સીધો શેઠની પાસે ગયો, અને પોતાની બધીય હકીકત નિવેદન કરી.

ગમે તેવા પણ એ શેઠ હતા. નારાયણ જેવા બધાય નોકરોની હકીકતો એ સાંભળ્યા કરે તો એમને શેઠ કોણ કહે? અને એટલી એમને ફૂરસદે કયાંથી હોય? એમને તો ગમે તેમ થાય, પણ પોતાની ત્રિજોરી ભરાવી જોઇએ. નોકરોની એમને શી ગરજ? એટલે નારાયણની વાત સાંભળી-ન સાંભળી કરી જવાબ આપ્યો:

“ઠીક છે, જોઇશું.”

“પણ સાહેબ! મારો પુત્ર સખત બિમાર છે, દવાનાયે પૈસા નથી.” નારાયણે દીનવદને કહ્યું.

છતાં શેઠ એકના બે થાય તો થૂંકયું ગળી જવા જેવું ગણાય ને? એ તો બોલ્યા તે બોલ્યા. નારાયણનો પુત્ર બિમાર હોય તેમાં એમને શું? ટૂંકો ને ટચ જવાબ એમણે વાળ્યો: "બધાંનો પગાર થાય તે દિવસે લઇ જજો."

આ જવાબ નારાયણને ભારે પડયો. હવે એ મિલનો નોકર ન હતો. પોતાની સતત મહેનતનાં નાણાં લેવા એ આવ્યો હતો. એનો પુત્ર બિમાર હતો, ઘરમાં રાતી પાઇ પણ ન હતી; એટલે પગાર થવાની રાહ એનાથી જોઈ શકાય એમ ન હતું. એનું મગજ ફરતું હતું, છતાં મહાપ્રયત્ને રીસ દબાવી એણે કહ્યું:

"સાહેબ! ઘરમાં રાતી પાઇ પણ હોત તો આજ આપની પાસે ન આવત. મારો પુત્ર બિમાર છે. દવાની ફી કયાંથી લાવવી, એજ પ્રશ્ન છે. કૃપા કરીને મને મારો પગાર આપો, અથવા તો થોડાં નાણાં આપો, બાકીનાં પગારને દિવસે લઇ જઇશ."

પરંતુ આની કંઇ અસર શેઠ પર ન થઇ. "તારો પુત્ર બિમાર હોય તેને હું શું કરૂં?" શેઠ બોલ્યા.

"એ તો આપ મારી જગ્યાએ હો, ને આપનો પુત્ર બિમાર હોય તોજ આપને સમજ પડે." નારાયણે ન સહેવાતાં જવાબ આપ્યો.

પણ આ જવાબે તો શેઠના સર્વાંગને હલાવી મૂકયું. એમને એમજ થયું કે "હું એક મિલમાલિક, મારી સામે બોલનાર કોણ? એને ધક્કા મારી બહાર કાઢવો જોઇએ."

એમને ખબર ન હતી કે, ધક્કા મારી બહાર કાઢતા પહેલાં તો એ કયારનોય ચાલ્યો ગયો છે.

× × × ×

નારાયણ મિલમાંથી નીકળ્યો તો ખરો, પણ હવે પૈસા વગર શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. પુત્રની સ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થતી જતી હતી. દવાને માટે આજ પોતા પાસે કાંઇ ન હતું. પોતાની આ ગરીબાઇ ઉપર તેને ઘણો તિરસ્કાર આવ્યો. પણ એમાં ઇલાજ શો?

વિચારમાં ને વિચારમાં એણે ચાલવા માંડયું. એ કયાં–કયી તરફ જાય છે તેનું એને ભાન ન હતું. એના પગ જયાં લઇ જાય ત્યાં એ જતો હતો. જાણે કોઈ એનું આકર્ષણ ન કરી રહ્યું હોય!

એટલામાં પાછળથી કોઇએ એના ખભા ઉપર હાથ નાખ્યો. એ ચમકયો, પાછું ફરીને જોતાંજ આશ્ચર્ય પામ્યો. 'વિતુ!' એનાથી બોલાઇ ગયું 'તું અહીં કયાંથી?'

× × × ×

વિનાયક એનો મિત્ર હતો. હાઇસ્કૂલમાં બંને સાથે ભણતા

હતા. નારાયણને હોશિયાર વિદ્યાર્થી જાણીનેજ એણે મિત્રતા બાંધી હતી. બેઉએ સાથેજ હાઇસ્કૂલ છોડી હતી. નારાયણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી, જ્યારે વિનાયક નાપાસ થયો હતો એટલોજ માત્ર ફેર.

પિતાની લાગવગથી વિનાયકે રેલ્વેમાં નોકરી મેળવી લીધી હતી. નોકરીનો સમય પૂરો થતાં એ પોતાના મકાન તરફ જઈ રહ્યો હતો. ત્યાં અચાનક નારાયણને જોયો, અને પાછળથી આવી ખભે હાથ નાખ્યો, જૂની મિત્રતા સાંભરી આવી.

× × × ×

વિનુનો હાથ પડ્યો ત્યારેજ નારાયણને ભાન થયું કે, પોતે વિરુદ્ધ દિશામાં જઇ રહ્યો હતો. એના વિચારમગ્ન ચહેરા પરથી વિનુએ જાણી લીધું કે, એ કાંઇ ચિંતામાં છે. બે-અઢી માસથી ઉભય મિત્રો એકજ શહેરમાં રહેતા હોવા છતાં આ તેમનો પ્રથમજ મેળાપ હતો. વિનુએ સ્વાભાવિકજ પૂછ્યું: 'કેમ ભાઇ! કાંઈ ચિંતાતુર જણાઓ છો? અહીં ક્યારના આવ્યા છો? ક્યાં ઉતર્યા છો?'

સાચી વાત કહેવી કે ન કહેવી? એની મદદ માગવી કે ન માગવી? એવા વિચારવમળમાં ગુંથાયલો નારાયણ કાંઇ જવાબ ન આપી શક્યો. એટલે વિનાયકે પુનઃ પ્રશ્ન કર્યો 'જવાબ નહિ આપો?'

'વિનુ!' બોલતાંજ એની આંખો ભરાઇ આવી. ગદ્ગદિત સ્વરે તે બોલ્યો: 'ભાઇ! મારી સાથે આવીશ?'

વિનાયકને તો આમાં સમજજ ન પડી. અને સમજ પડે યે શી રીતે? નારાયણની આંખ ભીની જોતાંજ એને લાગણી થઇ આવી. એની ગરીબાઇ એ જાણતો હતો, પણ આ આંસુનું કારણ પણ એજ હશે તેની એને ક્યાંથી ખબર હોય? એણે નારાયણને આશ્વાસન આપ્યું, અને એની સાથે ચાલવા માંડ્યું.

રસ્તામાં નારાયણનાં વીતક જાણવા કરેલો વિનાયકનો પ્રયાસ નિષ્ફળ ગયો.

ઘરમાં પગ મૂકતાંની સાથેજ નારાયણને માલમ પડી ગયું, કે બાળક છેલ્લી સ્થિતિ પર છે, અને સુશીલાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો છે.

વિનાયક તો આ દશ્ય જોઇ સ્તબ્ધજ બની ગયો, અને એકાએક બોલી ઉઠ્યો: 'આ શું?'

"ગરીબાઇ," નારાયણે આંસુભરી આંખોએ કહ્યું: "વિનુ! જો, બાળકની છેલ્લી ઘડી છે, પાસે રાતી પાઇ નથી; ને ખરી મહેનતનો પગાર પણ શેઠે આપ્યો નહિ. આના કરતાં વિશેષ દુઃખ બીજું શું હોય? શ્રીમંતોને કાંઈ હૃદય છે?"

(જ્યેષ્ઠ-આષાઢ-' ૧૯૮૮ ના "સેવા" માંથી)

२६–समाजना पापे

(લેખકઃ-શ્રી. પંડિત શારદાચરણ)

(૧)

“મોટાભાઇ! આવતી કાલે તો શીતળાસપ્તમી છે. આપણે પણ નદીએ જઇ શીતળામાતાનું પૂજન કરીશું ને? મને પણ સાથે લઈ જશો ને?”

“હા, નાથુ! તું સવારમાં વહેલો ઉઠજે. તને જરૂર સાથે લઈ જઇશ.”

પતરાંની બાંધેલી નાની સરખી એક ઝુંપડીમાં બે અંત્યજ ભાઈઓ વાતચીત કરી રહ્યા હતા. ઝુંપડી ઘણી નાની અને ઉભા થતાંજ માથામાં વાગે એટલી ઉંચી હતી. એ ઝુંપડીમાં બે ભાઇઓ સાથે તેમની એક વૃદ્ધ માતા પણ રહેતી હતી. દિવસે એ ત્રણે મિલમાં કામે જતાં. ડોશીનો મોટો દિકરો માધુ તેમજ ડોશી ઉભય એકજ મિલમાં કામ કરતાં હતાં, અને નાનો નાથુ બીજી મિલમાં જતો હતો. ત્યાં તે બાળકારીગરના કલાક જેટલો વખત કામ કરતો, અને છૂટીને શહેરમાં બૂટપૉલિશની પેટી લઇ ફરતો, જે દ્વારા તેને પાંચ પૈસાની પ્રાપ્તિ થતી. સાંજે કામ પરથી પાછો ફરી માધુ તુલસીકૃત રામાયણ વાંચતો અને પડોશમાંના અન્ય મિત્રો વગેરેને આનંદ ઉપજાવતો. બધાય રામાયણ સાંભળવા ત્યાં એકઠા થતા. એ દરમિયાન એની માતા રસોઇ કરી લેતાં.

રાત્રે સૂતા પહેલાં માધુ નાના નાથાને ભણાવતો. તેને વિવિધ વાતો કહેતો, આંકનાં પલાખાં પૂછતો, જુદાં જુદાં ભજનો શીખવતો અને સદાકાળ નીતિમાન રહેવાના પાઠ પઢાવતો. તેની જ્ઞાતિના જે લોકો દારૂની લતે ચઢેલા હતા તેના તે દાખલા આપતો અને ઘરબારથી તેઓ કેવા ખુવાર થતા હતા અને આખરે નાશને પાટલે તેઓ કેવા જઇ પહોંચ્યા હતા, એ સઘળું તે તેના બાળમગજમાં ઠસાવતો. આમ તેઓ ત્રણેયનો નિત્યક્રમ ચાલતો.

(૨)

આજે શીતળાસાતમનો દિવસ હતો. નદીકિનારે નાનાંમોટાં સ્ત્રીપુરુષોની અગણિત ભીડ ભરાઇ હતી. ક્યાંય પગ મૂકવા સરખી પણ જગ્યા જણાતી ન હતી. ત્યાં જરા આરામથી બેસવાનું તો બનેજ કેમ! કોઈ કોઇ જગ્યાએ બ્રહ્મદેવોએ અગાઉથી આવી જગ્યા રોકી લીધી હતી, જ્યાં તેમણે નદીના કાંપની બનાવેલી શીતળાની મૂર્તિઓ અબીલગુલાલ વગેરેથી ફગાઈ ફૂલહારથી છવાયેલી દર્શન દેતી હતી. બાજુમાંજ કેટલાય લોકોનાં નાહીને પહેરવાનાં કપડાંનો ઢગ પડયો હતો. નદીના પાણીમાં કોઈ કોઇ સ્ત્રીપુરુષો ઊભાં ઊભાં મનમાં સ્તોત્રો બોલી સ્તવન કરતાં હતાં ત્યારે કેટલાંક ગળાબૂડ પાણીમાં બેસી સ્તોત્રોચ્ચાર કરતાં હતાં; જ્યારે આમ બીજી બાજુ નાનાં નાનાં બાળકો નદીના પાણીમાં નાસાનાસ કરી એકબીજા પર પાણી ઉછાળતાં રમતાં હતાં.

નદી પર આ પ્રમાણે પ્રવૃત્તિ ચાલી રહી હતી ત્યાં માધુ અને નાનો નાથો શીતળા પૂજવા કિનારા પર બેઠેલા મહારાજ પાસે આવી પહોંચ્યા. તે બન્ને ભાઈઓની વેષભૂષા જોઇને કોઇને સહજ પણ શંકા ન આવે કે, તેઓ અંત્યજ જાતિના હશે. સૌ કોઈ તેમને કોઇ ઉચ્ચ કોમનાજ માની લે તેવા તે જણાતા હતા. માધુએ મહારાજને કહ્યું:

"મહારાજ! અમારે પણ શીતળામાતાની પૂજા કરવી છે; કહો, અમારાં લૂગડાં અમે ક્યાં મૂકીને નાહવા જઈએ?"

"મૂકોને, આ બધાના ભેગાં." મહારાજે આવકાર આપતાં માધુને જણાવ્યું.

"પણ બાપુજી! અમે હરિજન છીએ." માધુએ મહારાજને પોતાની જાત જણાવી.

"આ બધાય નાહવા આવેલા હરિજનજ છે ને! તમે જરા ભગવાનની વધારે ભક્તિ કરતા હશો તેમાં કહી શું બતાવો છો ભલા!" મહારાજે સમજ્યા વિના ભોળે ભાવે જણાવ્યું.

"અમે ભક્તિ વધારે કરીએ છીએ એવું કંઇ નથી. અમારા કરતાંય વધારે ભક્તિશીલ માણસો કેટલાય હશે. અમે એમાં કંઇ કરતા નથી. પણ......અમે અંત્યજ છીએ! હવે અમે હરિજન કહેવાઇએ છીએ." માધુએ સ્પષ્ટતાપૂર્વક કહ્યું.

"ભલા આદમી! વાતોમાં નકામો વખત શું કામ ગુમાવો છો? તમે તમારે કપડાં મૂકીને જાવ નાહી આવો અને પછી પૂજા કરવા બેસો. જુઓને, મારે અત્યારે વાત કરવાનોય ક્યાં વખત છે!"

મહારાજ હજી પણ માધુની વાત નજ સમજ્યા; કારણ તેઓ થોડું ભણેલા હતા.

પરંતુ માધુ અને મહારાજ વચ્ચે થતી વાતચીત પાસે બેઠેલો બીજો બ્રાહ્મણ સાંભળી રહ્યો હતો. માધુ કપડાં ઉતારી પેલા કપડાંના ઢગ પર મૂકવા જતો હતો તેટલામાંજ તે બોલી ઉઠયો: " અરરર......આ શું ? જરા શરમ આવે છે કે નહિ ? અહીં ઊંચ કોમના માણસો ભેગો આવતાં તને લાજ કેમ નથી આવતી ? તુંયે હવે તો અમારા જેવો બની જવા માગે છે કે શું ?"

"પણ બાપજી ! આમ નકામા ગુસ્સે શામાટે થાઓ છો ? એટલા માટે તો હું આ મહારાજને ક્યારનો કહી રહ્યો છું; મેં કહ્યું ન હોય, મારી જાત છુપાવી હોય તો તો તમે મને કહેવા હકદાર છો. તેમના હા પાડ્યા પછીજ હું મારાં કપડાં મૂકું છું. તેમાં આપ આટલા બધા ચિડાઇ શામાટે જાઓ છો ? લ્યો, હું નહિ મૂકું." માધુએ માર્દવતાપૂર્વક કહ્યું.

" પણ આટલે સુધી આવવાની તારી હિંમતજ કેમ ચાલી ? નફ્ટ માણસ ! દૂર જા અહીંથી. જાય છે કે નહિ ?"

"અરે મહારાજ ! તમેય કેવા માણસ છો ! ઉંચ-નીચની પણ તમને ખબર પડતી નથી ! અરેરે ! આ બધાંય કપડાં અમારે બોળી નાખવાં પડશે. શિવ ! શિવ ! શિવ !"

"ચાલ, જાય છે કે નહિ અહીંઆંથી ? નહિ તો આ જોડો જોયો છે ? તારા માથામાંજ દઈ દઈશ. ચાલવા માંડ." મહારાજની પાસેના માણસોમાંના એકે હાથમાં ખાસડું લઇ ઊગામ્યું.

" પણ ભાઇશાબ ! હું જાઉં છું. મારા ગરીબ માણસ પર આટલો બધો કોપ શું કામ કરો છો ? નાથા ! ચાલ, ભાઇ ! આ ઓવારે નાહવાનું ભગવાને આપણા ભાગ્યમાં નથી લખ્યું. હશે, ભગવાન બેલી છે !" માધુએ નિઃશ્વાસ નાખ્યો.

આટલી બધી વર્ષાઝડી ! અને તેને સહન કરનાર એકલો બિચારો માધુ ! બન્ને ભાઇ ત્યાંથી આગળ ચાલ્યા. નદીના આખા કિનારા પર જ્યાં જાય ત્યાં એટલી ને એટલીજ ભીડ હતી. ક્યાંય માનવી વિનાની જગ્યા નહોતી. આવી જગ્યાએ ફરીને પણ જો તે જાય તો પાછી પૂર્વવત્ પરિસ્થિતિ થાય. તેથી ચાલતાં ચાલતાં તેઓ બન્ને અર્ધોએક માઇલ દૂર ચાલ્યા ગયા. અહીં માણસોની મેદની નહોતી; હતા માત્ર માધુ અને નાનો નાથો ! બંન્ને ભાઇઓએ કપડાં ઉતાર્યાં; કિનારા પરથી કાંપ લાવી તેની શીતળા માતાની મૂર્તિ બનાવી,

પછી બન્ને ભાઈ નાહવા માટે નદીના જળમાં ઊતર્યા. પાણી ત્યાં ઊંડું વધારે હતું. ઉતરતાં વેંતજ નાનો સરખો નાથો તણાયો; પાણીનું વહેણ તેને ઊંડા વમળમાં તાણી ગયું. માધુએ જાણ્યું કે નાથાએ ડૂબકી મારી છે; પરંતુ હાય ! પાંચ મિનિટ બાદ નાથો બહાર ન નીકળ્યો ત્યારેજ તેને સમજાયું કે નાથો ડૂબ્યો છે ! તે પણ ઉંડે ઉંડે જતાં તેની તપાસ કરવા લાગ્યો, પરંતુ ત્યાંથી તે હાથમાં નજ આવ્યો. તેનું હૈયું ભરાઇ આવ્યું, પરંતુ ભરાઇ આવેલા ડૂમાને આ વખતે રોકયેજ છૂટકો હતો; અને હિંમત ધારી નાથાની શોધ કર્યેજ છૂટકો હતો. કપડાં-લત્તાં ત્યાં ને ત્યાં રહેવા દઇ માધુ પાણી ખૂંદતો ખૂંદતો આગળ ચાલ્યો, પરંતુ કયાંય પણ તેને ભાઇનો પત્તો નજ લાગ્યો. હજી તેને આશા હતી કે, તરતો તરતો તે થોડે દૂર નીકળી ગયો હશે. તેથી તેણે પાણીમાં ને પાણીમાં આગળ ચાલવું ચાલુ રાખ્યું. આમ ચાલતાં આગળ એક ધરો આવ્યો. માધુ તેમાં જઇ પડયો, અને ઘણાંય બાથોડિયાં માર્યાં છતાં તેમાંથી બહાર ન નીકળી શકયો. જલદેવતા તેને હજારો હાથ ઊંડે પાણીને તળિયે લઇ ગયા હતા, જાણે ઇહલૌકિક બ્રાહ્મણોથી તિરસ્કૃત થયેલાને આશ્વાસન આપવા ન લઇ ગયા હોય ! અને આમ બન્ને ભાઈઓ પાણીને પલ્લે ગયા.

(૩)

“ભાઇ ચુંથા ! મારો માધુ ને નાથો કયારનાય નદી પર શીતળા પૂજવા ગયા છે; બે વાગવા આવ્યા, પણ હજીય તેઓ આવ્યા નથી ! જોને ભાઇ ! જરા તપાસ ન કરી આવે ? એમને ખબર નહિ હોય કે, મારી મા રાંધીને કયાં સુધી બેસી રહેશે ?” રાહ જોતી માતાએ પડોશના એક જુવાનિયાને જણાવ્યું.

“રૂપાં મા ! આવતા હશે. આજે તો નદી પર મેળો ખરોને તે નાથાને બતાવતા આવતા હશે. એમાં આટલાં બધાં અધીરાં શું કામ થઇ જાવ છો ! બૈરાંમાત્રનો આવો અધીરો સ્વભાવ ભગવાને કેમ ઘડયો હશે ?” ચુંથાએ ડોશીની વાતને દૂર કરવા પ્રયત્ન કર્યો.

“પણ ચુંથા ! મારો જીવ ઝાલ્યો નથી રહેતો. મારી ડાબી આંખ પણ આજે કોણ જાણે કેમ ફરકે છે ! સવારના સાત વાગ્યાના ગયા છે, તે અત્યારે બે વાગ્યા ત્યાંસુધી ન આવે એ બનેજ નહિ. જા, ભાઇ ! જલદી જા. મારૂં ગરીબનું એટલું કહ્યું માન.”

ચુંથાને ડોશીની દયા આવી, એટલે કપડાં પહેરી ઘર બહાર નીકળ્યો. બજારમાં થઈ આજુબાજુ તપાસ કરી તે નદીપર આવ્યો;

પરંતુ માધુનો પત્તો ન લાગ્યો તે નજ લાગ્યો. શોધતાં શોધતાં સાંજ પડી; પણ ચુંથો ઘેર ન આવ્યો તેથી ડોશીને ચિંતા થઇ. રાત્રે દશ વાગ્યે શોધ કરતાં થાકી જઇ ચુંથો પાછો ફર્યો. ડોશીને પોતાની શોધનું પરિણામ જણાવ્યું. આ સમાચારથી રોતી કકળતી ડોશી આખી રાત બેસી રહી. સવાર થયું. ફળિયામાંના બીજા કેટલાકને વિનંતિ કરી એટલે તેઓ મિલમાંથી રજા મેળવી માધુ અને નાથાની શોધમાં નીકળ્યા. સાંજ પડવા આવી તોપણ તેમનો ક્યાંય પત્તો નજ લાગ્યો.

ખોળ કરતા કરતા તેઓ બીજે ગામ જઇ પહોંચ્યા. ત્યાં નદીના કિનારા પર લોકોની ઠઠ જામેલી તેમના જોવામાં આવી. જઇને જુએ છે તો નાથાનું મુડદું તેમના જોવામાં આવ્યું. પાણીથી તરબોળ અને ઘણા દિવસ પાણીમાં રહેવાથી તે ફૂલી ગયેલું હતું છતાં તેઓએ તે ઓળખી કાઢ્યું. શબને લઇ ત્યાં ને ત્યાંજ ગામમાંથી કાઠી વગેરે માગી લાવી નાથાને અગ્નિસંસ્કાર કર્યો.

હવે તેઓ માધુની શોધમાં નીકળ્યા. નાથાના શબ પરથી તેમને લાગ્યું કે, નક્કી માધુ પણ પાણીનોજ ભોગ થઇ પડયો હશે. તેમણે શોધ આગળ ચલાવી. જતાં જતાં નદીના છાછરા પાણીમાં વનસ્પતિનું એક ધુંગુ હતું. તેમાં શબ જેવું કાંઇ ભરાઇ રહેલું તેમના જોવામાં આવ્યું. જઇને જુએ છે તો જણાયું કે તે માધુનું શબ હતું. માછલાંએ સ્થળે સ્થળે તેને કોચી ખાધું હતું. કાગડા પણ કૌ કૌ કરતા ત્યાં ભેગા થતા જતા હતા. ખોળ કરવા નીકળનારાઓમાંનો એક પાસેના ગામમાંથી અગ્નિસંસ્કારનાં સાધનો લઇ આવ્યો. બધાએ મળી તેને અગ્નિસંસ્કાર કર્યો અને ત્યાંથી પાછા ફર્યા.

(૪)

ઘેરથી નીકળ્યે આજે તેઓને પાંચ દિવસ થઈ ગયા હતા. ડોશી જીવતાં મૂવા જેવી જણાતી હતી. રાતદિવસ તેને ઊંઘ આવતી ન હતી. હજી તેણે કંઇજ ખાધું ન હતું. તેના જીવનનું નાવ, તેની હાથલાકડી, તેની બેઉ આંખોના તારા આજે તેની સમક્ષ ન હતા. આજે તે આંધળી ભીંત સમાન અને ગાંડી ઘેલી દીસતી હતી. વારંવાર તેના મુખમાંથી નિઃશ્વાસ નીકળતા હતા. વખતોવખત તે માધુ અને નાના નાથાને યાદ કર્યે જતી હતી; અને રાહ જોઇ રહી હતી કે, મારો વહાલો નાથો કયારે આવી મારી ડોકે વળગી પડશે ? મારો માધુ મને મા કહી કયારે બોલાવશે ?

વૃદ્ધા આમ વિમાસણમાં પડી હતી; અને જાણે નિશ્ચેષ્ટ હોય

તેમ બેઠી હતી. એટલામાં પેલા શોધવા ગયેલા માણસો ઘેર આવ્યા. બેબાકળી બનેલી ડોસીએ દીકરાઓની આતુરતાપૂર્વક ખબર પૂછી; પરંતુ નિરાશા વિના તેને માટે શું હતું? તેમણે બન્ને ભાઇઓના ડૂબી મૂવાના સમાચાર જણાવ્યા. વૃદ્ધા મૂર્ચ્છા ખાઈ ભોંય પર પડી. કલાકેક પછી ચેતના આવતાં પાડોશમાંનાં સઘળાંએ તેની સારવાર કરી. પરંતુ તેની વિમાસણ દૂર ન થઇ તે નજ થઇ.

શહેર આખામાં આ બે અત્યંજ ભાઇઓના ડૂબવાના સમાચાર ફેલાઇ વળ્યા. મહારાજની પાસે ઉભેલા પેલા લોકોને પશ્ચાત્તાપ થયો; અને ફરીથી આવો કોઇ પણ અંત્યજનો તિરસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. માધુ જે મિલમાં કામે જતો હતો તે મિલના માલિકે પણ જાણ્યું કે, મારી મિલનોજ કામદાર આમ ડૂબી ગયો છે. તેણે વૃદ્ધાની તપાસ કરાવી તેના ભરણપોષણનો બંદોબસ્ત કરી આપ્યો; પરંતુ વૃદ્ધા રૂપાંનું જીવનધન માધુ **સમાજના તિરસ્કારે** ગયો તે ગયો; તેનું દર્શન ડોશીને તે પછી કદી ન થયું. અને માધુના મરણ પછીના છઠ્ઠે માસે વૃદ્ધા પણ પુત્રવિયોગ ન સહેવાયાથી તેમની પૂંઠે પરવરી.

એ રીતે સમાજથી તિરસ્કારાયલું આખુંય અંત્યજ કુટુંબ વિનાશના પંથે પરવરી ગયું!

હિંદુ સમાજ આ પાપને ક્યારે દૂર કરશે?

(ચૈત્ર-૧૯૮૮ ના "સેવા"માંથી)



२७–स्मरण–कुंज

(લેખક:-શ્રી. અમૃતરાવ કૃષ્ણરાવ)

પ્રિય કુમુદિની,

ઘણા દિવસે આજ તારો લાંબો પત્ર મળ્યો, બે ત્રણ વખત વાંચ્યો. તમે મને શોધો છો ખરૂંને? કારણ? શું મારે માટે હજુ પણ સંસારનો કડવો અનુભવ ચાખવો બાકી છે? સમાજ–સીતમની ભયાનક ચક્કીમાં પીસાઇ ચૂકી હોવા છતાં હજુયે કંઇ અધૂરૂં છે? જીવન હારી જવા છતાં હજીય એના લહાવા માણવાના બાકી છે? બ્હેન! મારી શોધ શું કામ કરો છો? મને શોધી કાઢીને તમારે 'મરેલીને મારવી છે? દાઝયા પર ડામ દેવા છે?' જીવતર ધૂળ કરવું છે? મૃત્યુલોકમાં તિરસ્કારાયલીને દિવ્યલોકમાંયે તિરસ્કારાવવી છે? બ્હેન, પ્રિય કુમુદ! કહે તો ખરી? અથવા મને શોધીને મારા વૈધવ્યને સૌભાગ્યમાં ફેરવવું છે? પાછો સંસારસાગરમાં પ્રવેશ કરાવવો છે! મારૂં જીવનનાવ પુનઃ ડૂબાડવું છે! સખિ! તને મારા ઉપર લેશમાત્ર પ્રેમ હોય, તો આટલું તો કરજેજ કે મારી શોધ ન કરીશ, મને નિરાંતે મરવા દેજે. આટઆટલું સહ્યા છતાં મારાથી આત્મત્યાગ ન થયો–પણ એ આત્માજ મારો–આ શરીરનો–ત્યાગ કરવા તૈયાર થઇ રહ્યો છે; મને એથી ઘણો આનંદ થાય છે. કારણ કે હું પવિત્રતાથી મરૂં છું. મૃત્યુલોકમાં જે ન મળ્યું તે દિવ્યલોકમાં મેળવવાના વિશ્વાસથી મરૂં છું, અને તેથીજ–છેલ્લું છેલ્લું તારા માગવા મુજબનો વૃત્તાંત તને મોકલતી જાઉં છું. મારી દશાથી તુંયે આનંદ પામજે; પણ પછી તું મને મળી શકીશ કે કેમ, તે સંશયાત્મક છે. અને ઉત્તમ વાત તો એ છે, કે મળવાનો વિચારમાત્ર પણ ન કરવો—

"મીઠી! સુશીલ અને પવિત્ર હિંદુ કુળમાં હું જન્મી, સંસ્કારી માતતાતની છાયા નીચે ઉછરી કેળવણી લીધી, બાર વર્ષની વયે પરણી અને સોળ વર્ષની વયે વિધવા બની! બસ ત્યારથી

જીવનજ જાણે ફેરવાઇ ગયું.

"હિંદુ સંસારમાં વિધવાને જે સ્થાન હોય, તેજ મને પ્રાપ્ત થયું! અંધારો ખૂણો, સાસુ-સસરાનાં કઠોર વચનો વગેરે વગેરે બધાંય કષ્ટો મૂંગેમોઢે મારે સહન કરવાં પડતાં, એમાંથી કયારેક તો રડીને રહેતી અને કયારેક તો એવું થઇ આવતું, કે જાણે વિષપાનથીજ આ જીવનની સમાપ્તિ કરૂં. પણ એવું તો કાંઇ ન થયું, જગન્નિયંતાએ મારે માટે તલવારની ધાર પર ચાલવાનું બાકી રાખ્યું, વિધિએ સળગતા અગ્નિમાંથી પસાર થવાનું મારા ભાગ્યમાં લખ્યું હશે!

"બ્હેન! એક વયોવૃદ્ધ ડોશી હમેશાં મારે ત્યાં આવતાં હતાં. અમારા મકાનથી થોડે દૂર એ રહેતાં હતાં. દૈવયોગે એક દિવસ મારી તેમની સાથે અચાનક મુલાકાત થઇ. મારાથી ન રહેવાયું. હું રડી પડી. મારૂં દુઃખ જોઇ તે પણ દુઃખી થવા લાગ્યાં. તેમણે મને આશ્વાસન આપ્યું. મેં સહજ વાત કરી કે, મારા મામાનો પત્ર આવ્યો હતો. મારી ઇચ્છા ત્યાં જવાની તો છેજ; પણ ઘરનાં બધાં ના પાડે છે એટલે શું કરૂં!

"ડોશીમાને મારા ઉપર દયા આવી, અને એમણે ઘરનાં કોઇ ન જાણે એવી રીતે ચાલ્યા જવા મને સમજાવ્યું; પણ મારા ગામથી મામાનું ગામ દૂર હતું, અને એકલાંજ ચાલ્યા જવાની મારામાં હિંમત નહોતી, એટલે એમણે મને મદદ કરવાનું વચન આપ્યું. મનેયે કોણ જાણે શું સૂઝયું, તે મેં પણ એ વાત કબૂલ કરી. એટલે દિવસ નક્કી કરીને એ ગયાં. આ બાબતની કોઇને ગંધ સરખી પણ ન આવી.

"મધ્યરાત્રિનો સમય હતો. ઘોર અંધકાર અને નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય ચારે તરફ વ્યાપી રહ્યું હતું. જગત નિદ્રાના પાશમાં ઘોરતું હતું, ક્યારેક માત્ર શ્વાનના રુદનનો અવાજ કાન સોંસરો નીકળી જતો, અને ઘડીકમાં પાછી શાંતિ પથરાતી. ઘરનાં બધાંય માણસ નિદ્રાવશ હતાં; હુંજ માત્ર મોસાળ જવાના ધ્યાને જાગતી હતી. એવામાં ડોશીનો સંજ્ઞાસૂચક અવાજ દ્વાર પર સંભળાયો. ચોરગતિથી મેં દ્વાર ખોલ્યું. ડોશીની પાછળ પાછળ ચાલવા માંડયું, અને એક અંધારી ગલી વટાવી અમે ઘોરી રસ્તાપર આવી ગયાં, જ્યાં અગાઉથીજ તૈયાર રખાવેલી ઘોડાગાડીમાં અમે બેઠાં ને ગાડી સપાટાબંધ ચાલવા માંડી.

"આમ ગાડીમાં ને ગાડીમાંજ એક કલાક તો વીતી ગયો. મારાથી ન સમજી શકાયું કે ગાડી ક્યાં જાય છે! મારા હૃદયમાં

અનિષ્ટ શંકા ઉદ્ભવી તો ખરી, પણ વયોવૃદ્ધ ડોશીના સંગાતને લીધે બીજીજ પળે શાંત થઈ ગઇ. તેની સાથેજ કોઇ એક ગલીના નાકા પાસે ગાડી પણ અટકી, અને ડોશીએ નીચે ઉતરી મને ઉતરવાની સંજ્ઞા કરી. ગલીમાં પ્રવેશ કર્યા પછી એમણે મને કહ્યું: 'આજની રાત્રિ મારે ત્યાં ગાળી આવતી કાલે થોડોક સરસામાન લીધા બાદ આપણે સ્ટેશને જઇશું.'

"આમ આગળ ને આગળ ચાલતાં એક મકાનના દ્વાર પાસે અમે આવી ઉભાં. ડોશીએ બારણાં ઉઘડાવ્યાં એટલે અંદરથી ચાળીસેક વરસનો એક પુરુષ બહાર નીકળ્યો. એનો રંગ કાળો હતો, મૂછો ઘણી મોટી હતી. આંખો રાતી હીંગળોક જેવી તેમજ નાક ચપટું હતું. એને જોતાંજ મારા હૃદય પર જાણે પથ્થર પડ્યો હોય એમ મને થયું. મારૂં હૃદય ધડકવા લાગ્યું; છતાં ચિત્રવત્ હું ચાલી ને મેડા ઉપરની એક ઓરડીમાં સ્થાન લીધું.

"એ ઓરડીમાં એક પલંગ અને તેના ઉપર એક બિછાનું બિછાવેલું હતું. એનાં બારણાં બહારથીજ બંધ કરી દેવામાં આવ્યાં હતાં, હવે હું ફસાઇ હોવાનું મને સંપૂર્ણ ભાન આવ્યું. પરંતુ દુર્ભાગ્યને દોષ દઇ રડવા સિવાય બીજો એકે માર્ગ મારે માટે હતો નહિ, અને એજ સ્થિતિમાં આખી રાત મેં પસાર કરી.

"પ્રભાતે દ્વાર ખોલી મને બહાર કાઢવામાં આવી એટલે કેટલીક અભાગિણી સ્ત્રીઓનાં મને દર્શન થયાં. હવે મને સહેજજ સમજાઇ ગયું કે, મારા જેવી અસહાય, અનાથ અને નિરાધાર અબળાઓને ફસાવીને ધન સંપાદન કરવાનો આ એક અડ્ડોજ છે. અનેક સ્ત્રીઓના ક્રય–વિક્રયનું આ એક બજારજ છે. હાય! હવે શું કરવું? આમાંથી શી રીતે મુક્ત થવું? ક્યાં જવું? વગેરે વિચાર મને થવા લાગ્યા.

"હું આમ વિચારસાગરમાં ગોથાં ખાતી હતી ત્યાં તો મને સુવાસિત સાબુ ચોળીને સ્નાન કરવામાં આવ્યું, લાંબા કાળા વાળમાં ઉત્તમ પ્રકારનું સુવાસિત તેલ નાખી અંબોડો ગુંથવામાં આવ્યો. ભારે કિંમતનો એક કસબી સાળુ પહેરાવવામાં આવ્યો, અને ઉત્તમ રીતે શણગારવામાં આવી. બીજી સ્ત્રીઓ મારફત મારા જાણવામાં આવ્યું હતું કે, આવી રીતે તૈયાર ન થનારને મહાન્ દુઃખો સહન કરવાં પડે છે, એટલે હિંમત રાખીને મૂંગે મોંએ એ બધીય ક્રિયા મેં કરવા દીધી.

* * * *

“રાત્રિના દસ વાગી ચૂકયા હતા. મને એક સુશોભિત દિવાનખાનામાં લઇ જવામાં આવી, જે અપૂર્વ શોભાથી શણગારેલું હતું. દેદીપ્યમાન રોશનીના પ્રકાશમાં આંખો અંજાઇ જતી હતી. દિવાલો ઉપર બીભત્સ ચિત્રો ટાંગેલાં હતાં. મારાથી તે તરફ જોઇ શકાયું નહિ. લજ્જાથી હું જમીન તરફ જોઇ રહી. જરા ઉંચું જોતાંજ એક મોટા આઇનામાં મારી નજર પડી. મારૂં અતુલ સૌંદર્ય જોતાંજ મને ચકરી આવી ગઈ. હૂં એક આરામખુરશીમાં બેસી ગઈ. થોડોજ સમય વીત્યો હશે ત્યાં તો એક શોખીન અને શ્રીમંત દેખાતા પુરુષે પ્રવેશ કર્યો. શીઘ્રતાથી દ્વાર બંધ કરી દીધું. ધાસ્તીની મારી હું સહસાજ ઉભી થઇ ગઇ. તે પુરુષ મારી સમીપમાં આવ્યો. મારી આંખોમાંથી આંસુધારા વહેવા લાગી. એ પણ જોઇજ રહ્યો, અને થોડીક મિનિટો પછી પૂછયું: ‘તમે આવ્યાં છો તો સ્વેચ્છાથીજ ને?!’

“આ સાંભળી મને હિંમત આવી. મેં કહ્યું: ‘ના, હું આપને સત્યજ કહું છું કે, મને ફસાવીને અહીં લાવવામાં આવી છે. હું સ્વેચ્છાથી નથી આવી. આપ કોઇ સારા આબરૂદાર સજ્જન દેખાઓ છો. મારી પવિત્રતાના રક્ષણને માટે આપ મને અહીંથી છોડાવશો તો ઉપકાર થશે; નહિ તો મારી આ કટારી તો મારી પવિત્રતાનું રક્ષણ કરશેજ.’

“મારાં વચનોની એ પુરુષ ઉપર સારી અસર થએલી જણાઇ, એણે મને અભયદાન દીધું અને છૂટકારા માટે પ્રતિજ્ઞા કરી.”

× × × ×

“રાત્રિના ત્રણ વાગવાની તૈયારી હતી. રસ્તાપરના એક ઝરૂખામાં હું ઉભી હતી, નીચે ઉતરવાનો માર્ગ શોધતી હતી, એટલામાં પેલો પુરુષ એ ઝરૂખા નીચે આવ્યો. એક વાંસની સાથે દોરડું બાંધી એણે તે વાંસ મારા હાથમાં આપ્યો. સરળતાથી એ દોરડું છોડી એક છેડો બારીના કઠેરા સાથે બાંધી એ દોરડા વાટે હું નીચે ઉતરી ગઇ. પેલો આવનાર પુરુષ તો ચાલ્યો ગયો; પણ મારે કયાં જવું? શરીર ધ્રૂજતું હતું, ગાત્રો શિથિલ હતાં, છતાંય હિંમત રાખ્યા સિવાય છૂટકો નથી એમ માની ત્વરિત ગતિથી મેં રસ્તો કાપવા માંડયો, અને સૂર્યોદય થયો ત્યારે હું એક ધર્મશાળા પાસે આવી રહેલી જણાઇ.

“એ ધર્મશાળાના ઓટલા ઉપર એક દિગંબરકાય ભવ્ય મૂર્તિ વ્યાઘ્રચર્મ ઉપર આસન વાળીને બેઠેલી મારા જોવામાં આવી.

લાંબી સફેદ દાઢી, તેજસ્વી ચહેરો, ભાલમાં ત્રિપુંડ્ર અને કરમાં રુદ્રાક્ષની માળા વગેરે જોઇને મને એ સાધુ પ્રત્યે આદર ઉત્પન્ન થયો. પાસે જઇ મેં નમસ્કાર કર્યા અને મારો વૃત્તાંત દીનતાપૂર્વક વિદિત કર્યો. એણે મને આશ્વાસન આપ્યું અને પોતાની–ધર્મશાળામાં આવેલી એક ઓરડીમાં વિશ્રાંતિ લેવા સૂચવ્યું."

* * * *

"સાયંકાળનો વખત હતો. હું ઓરડીમાં બેઠી બેઠી અનેક પ્રકારના તર્ક વિતર્ક કર્યા કરતી હતી. એટલામાં એક ડોશી હાથમાં થાળ લઇ આવ્યાં, મારી પાસે થાળ મૂકતાંજ મેં જોયું કે તેમાં કેટલાંક ફળો તથા મિઠાઇ વગેરે હતું; પરંતુ દેખાવ પરથી ડોશી કોઇ મુસલમાન કોમની હોય એવું મને જણાયું એટલે મેં એ થાળનો અસ્વીકાર કર્યો. તે ત્યાંથી ચાલી ગઇ. ત્યાર બાદ થોડીજ વારે એક તરુણ મુસલમાન ત્યાં આવ્યો અને તેણે બારણાં બંધ કરી દીધાં.

"હવે મને ભાન થયું કે, હજી પણ હું ફસાયલીજ છું. 'ઓલામાંથી ચુલામાં' પડયા જેવી મારી સ્થિતિ છે. હાય! દૈવનો આ તે કેવો કોપ? હવે શું કરવું? એ દુષ્ટે પોતાની દુષ્ટ વાંચ્છના જાહેર કરી મારો હાથ પકડયો; પરંતુ કોણ જાણે કયાંથી મારામાં નવું જોમ આવ્યું. એકજ ઝાટકે મેં તેનો હાથ તરછોડી નાખ્યો અને જરા દૂર જઇ ઉભી રહી. ક્રોધથી મારૂં સર્વાંગ ધ્રૂજવા લાગ્યું. આત્મરક્ષાની કટારી મારી પાસે તૈયાર હતી. એટલે મારા બળમાં વૃદ્ધિ થઇ. મેં કહ્યું–'એક પણ ડગલું આગળ આવ્યો તો ખબરદાર! તારાં પાપકર્મોનો બદલો દેવા તારે પ્રભુના દરબારમાં હાજર થવું પડશે.' આ સાંભળી એ સ્તબ્ધ બન્યો. ચપળતાથી દ્વાર ખોલી હું બહાર નીકળી ગઇ, અને રસ્તાના એક ખૂણામાં ઉભી ઉભી વિચાર કરવા લાગી.

"પણ હવે હું જીવનથી કંટાળી હતી. શું કરૂં? જ્યાં જાઉં ત્યાં મારે માટે તો દ્વાર બંધજ હતાં. સાસુસસરો તો હવે ઘરમાંયે ન પેસવા દે. માતપિતાની છાયા કાળના મુખમાં હોમાઇ ગઇ હતી, આશ્રય આપનાર દુષ્ટ નીકળ્યા. કયાં જવું? છતાંય પરમાત્મા પર ભરૂંસો રાખી હું આગળ આગળ ચાલવા લાગી, ને એક મનોહર પ્રાસાદના દ્વાર પાસે આવી અટકી. મને લાગ્યું કે, આ દિવ્ય ધામ જણાય છે, એમાં કોઇ સજ્જન રહેતા હશે, એ અવશ્ય મારૂં રક્ષણ કરશે. અને હું અંદર ગઇ.

“ભવ્ય પ્રાસાદના સુશોભિત દિવાનખાનામાં એક રૂપવાન યુવક આરામખુરશી પર બેસી કંઇક વાંચી રહ્યો હતો. દોડીને મેં તેના ચરણોમાં મસ્તક ઝૂકાવ્યું. મને જોતાંજ એ આશ્ચર્ય પામ્યો. મને ડૂમો ભરાઇ આવ્યો. કેટલીક વાર સુધી તો હું કાંઇ બોલી શકી નહિ. યુવકે એક માડીજાયા વીરની માફક મારૂં સાંત્વન કર્યું અને ઘણું પૂછ્યું. છેવટે હૃદય શાંત કરી મેં મારી વીતી કહી. એ આશ્ચર્ય પામ્યો. આપણા સંસાર ને સમાજ ઉપર એમને તિરસ્કાર છૂટયો, અને કહ્યું: ‘બહેન! તું મને તારો માડીજાયો વીર માનજે. આ મકાન તારૂંજ માનીને અત્રે શાંતિથી રહી તારા ધર્મનું રક્ષણ કરજે.”

“ત્યારથી બહેન! હું અહીં રહી છું. આજ ત્રણ વર્ષ વીત્યાં જાહેરમાં આવવાની મેં ઇચ્છા નથી કરી. અને મારે કરવી નથી, ધર્મનું રક્ષણ કરતાં પરમાત્માના સ્મરણમાં અને ગીતાના વાચનમાં હું મારો સમય વ્યતીત કરૂં છું. યુવકે-મારા એ માડીજાયા વીરથીએ પ્રિય બાંધવે-કયારે પણ-સ્વપ્નેયે-મારા તરફ વિકારી દૃષ્ટિ નથી કરી. રાત્રિના અમે બેસીને રામાયણ કે ભાગવતનું અધ્યયન કરીએ છીએ. અને હવે તો આકરા તપની કસોટીએ ચઢી જીવન સમાપ્ત કરી-દિવ્ય ધામની મુસાફરી માટે તૈયાર થઇ રહી છું.

“સખી! આજ મને જીવતર ધન્ય લાગે છે. લોક કાંઇ કાંઇ વાતો ઉડાવતા હશે-ઉડાવશે; પણ હવે તો મને સ્વર્ગમાંયે આનંદ મળશે, એ વાતથી આનંદ થાય છે. હવે તારે મને પત્ર પણ લખવાનો નથી, તું ને તારાં બધાં કુશળ હો. વધારે શું લખું? બહુ લાંબુ લખાયું. મારી દશા વાંચજે અને બે આંસુ સારજે, વિદાય-અંતિમ વિદાય!’*

તારી મૃણાલ.

(ચૈત્ર-૧૯૮૮ ના “સેવા”માંથી)

---

* સૂચિત.

૨૮–નવો ફોજદાર

(લેખકઃ–શ્રી. દામુ સાંગાણી)

દશેક હજારની વસ્તીવાળું એ ગામ છે, એટલે કે ગામડું નહિ ને શહેરે નહિ. એ ગામને પાદરે એક સુંદર ઘાટની નદી સર્પાકારે ખળખળ કરતી વહ્યા કરે છે. ગામની સ્ત્રીઓ એ નદીએ જ્યારે કપડાં ધોતી હોય છે ને નાનાં બાળકો પાણી ઉરાડતાં હોય છે, ત્યારે દૃશ્યની શોભા અનુપમ થઈ રહે છે. ગામની અંદર સ્વચ્છતા ઘણી રહેતી ને લોકોના દિલમાં એથીએ ઘણી સ્વચ્છતા હતી. આજે ગામમાં ઝીણી ઝીણી ચર્ચા ચર્ચાતી હતી.

"જૂના ફોજદારની બદલી થઈ ને આજે નવો ફોજદાર નિમાયો છે. કોણ જાણે કયા ગામનો હશે? મને એનુ મોઢુંજ વિચિત્ર લાગે છે, કાંઇ જૂનો ફોજદાર થાય?"

"ઇ અત્યારથી શી ખબર પડે?" એક પટેલ જેવા લાગતા માણસે વચમાંજ કહ્યું. ને ચર્ચા આટલેથી અટકી. નવા ફોજદાર આજે પહેલો દિ' હોઇ ગામમાં આંટો મારવા કે પછી નિરીક્ષણ કરવા નીકળ્યા હતા. ગામના ભોળા લોકોએ ઝૂકી ઝૂકીને સલામો ભરી. ફોજદાર સાહેબ ગયા ને પછી ચર્ચા ચાલુ થઇ. "બહુ દમામદાર લાગે છે હોં!" ને એમ કેટલીએ વાર સુધી ચર્ચા ચાલુ રહી. કોણ જાણે શાથી આ ફોજદારને જોઇ કોઇને લાગણીજ ન થઇ.

બીજો માસ ચાલતો હતો. નવા ફોજદારની વર્તણુક કોઇને ગમી નહિ. એનો મિજાજ નાના ગામમાં આપખુદ સત્તાથી વધારે ગરમ થયો હતો. નાની નાની બાબતોમાં લોકોને રંજાડવામાં એને મઝા પડતી.

ફોજદાર કુટુંબ સહિત હતા. ઘેર નાની વયના બે બાળકો હતા. ફોજદાર શહેરમાં રહેતા ત્યારે એક ખાસ નોકર રાખ્યો હતો તે રોજ સાંજે બાળકોને ખુલ્લી હવામાં ફરવા લઇ જતો. આ ગામમાં આવ્યા પછી આ બાળકો માટે ફરવાનું બંધ થયું હતું. આથી તેની સ્ત્રી ફોજદારને દરરોજ કહ્યા કરતી કે "ગમે તેમ કરી એક

માણસ રાખી લો, જે બાળકોને હમેશાં ફરવા લઇ જાય."

બાળકો માટે આ ફોજદારને આવશ્યક લાગ્યું. પણ વગર-પૈસાનો નોકર મળ્યો નહિ.

કાનો એક જૂનો પસાયતો હતો. ટુંકા પગારમાં પોતાની સ્ત્રીનું ને એક બાળકનું જેમ તેમ ગુજરાન ચલાવતો. આડવરો નહિ એટલે નભ્યે જતું, છતાં કોઈ કોઇ વખત ખેંચ પડતી. કાનો અહર્નિશ ફોજદારની હજુરમાં રહેતો, ભલા કાના ઉપર ફોજદાર-નાં બાળકોને રમાડવાનું કામ આવી પડયું. પણ એથી કાનાને જરાય ક્ષોભ થયો નહિ. એને ફોજદારની મહેરબાની ઉપર નભવું હતું. દિનપ્રતિદિન કાના ઉપર કામનો બોજો વધતો ગયો. ફોજ-દાર સાહેબના ઘરના તેમજ તેમના અન્ય કામ આડે ઘેર રહેવાનો અવકાશ બિલકુલ મળતો નહિ. આગલા ફોજદારના વખતમાં કાના-ને બહુ મઝા હતી.

સંધ્યાનાં કિરણો જગત ઉપર છેલ્લી વાર પ્રકાશી અદૃશ્ય થતાં ને આકાશમાંથી અંધકાર ઉતરતાં, કાનો ફોજદારનાં બાળકોને ખુલ્લી હવામાં ફેરવી તેને ઘેર મૂકી પોતાને ઘેર જતો. ઘેર આવી ખાટલા પર બેસી પોતાના વહાલા છોકરા દેવલાની કાલી કાલી બોલી સાંભળી ઘડીભર આનંદ પામતો. કોઇ વખત તેના વહાલા છોકરા દેવલાના માથા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં વિચારમાં મગ્ન થઇ જતો. તેના બાળકના અંગ ઉપર પૂરાં લૂગડાં નહોતાં, ત્યારે ફોજદારનાં બાળકોના અંગ ઉપર સુશોભિત કપડાં હતાં, ને તેના પર છાંટેલા અત્તરની મોહક સુગંધ બહેકી રહેતી. તે સ્વગત બોલી ઉઠતો કે "કેટલો બધો તફાવત!"

× × × ×

એક પછી એક દિવસો જવા લાગ્યા. એક દિવસે કાનાના દિકરાએ કહ્યું:-"બાપા! તમે સા'બના છોકરાને ફરવા લઈ જાઓ છો તો સાથે મને કેમ નથી લઇ જતા?"

"બેટા! એ તો બાબાગાડીમાં બેસે છે."

"પણ હું પગે ચાલીશ." નિર્દોષભાવે છોકરાએ કહ્યું, પણ કોણ જાણે શાથી કાનાનું દિલ નિરાશ થતું હતું. તે એક ધીમો નિઃશ્વાસ મૂકી બોલ્યો:-"બેટા! તારાં કપડાં સારાં નથી." પણ કાનાનો છોકરો એમ માને તેમ નહોતો. ફોજદારના છોકરા સાથે ફરવા જવા માટે એને ખૂબ મરજી થઇ હતી. તેણે કહ્યું:-"તો મને સારાં કપડાં લઇ દો, પણ એ બધું પછી. હું તો આજ ફરવા આવીશ."

એમ કહી દેવલો ખુશ થતો ચાલ્યો ગયો. આજ એના હર્ષનો પાર નહોતો, કારણ કે તે આજે ફોજદાર સાહેબના છોકરા સાથે ફરવા જવાનો હતો, ને એ વિચારે એનું નાનું દિલ નાચી ઉઠતું હતું.

સાંજ પડી. સૂર્યનાં કિરણો ઝાંખાં થયાં. કાનો ફોજદારના છોકરાઓને બાબાગાડીમાં બેસાડીને તેના મકાનમાંથી નીકળ્યો તેવામાં તરતજ "બાપા! હું આવું છું" એમ કહેતો દેવલો તેની પાસે દોડી આવ્યો. તે વખતે તેનું હૃદય ખૂબ હર્ષ પામતું હતું. ફોજદાર નાની અગાસીની કોરે બેઠા હતા. તેણે આ જોયું. ફાટેલતૂટેલ કપડાં પહેરેલાં ને દૃષ્ટિએ ગંદા લાગતા છોકરાને જોઇ ફોજદારને અણગમો આવ્યો. તિરસ્કારસૂચક સ્વરે તે બોલ્યા–"કાના! આ તારો દિકરો?"

"હા બાપુ!" કાનાએ પોતાના વહાલા દિકરા પ્રતિ વાત્સલ્યભરી નજરે નિહાળી જવાબ આપ્યો.

"એ ક્યાં આવવાનું કહે છે?"

"એને આજે મારી સાથે ફરવા આવવું છે." નમ્ર સ્વરે કાનો બોલ્યો.

"પણ આવા ગંદા શરીરે ને ફાટેલતૂટેલ પહેરલ કપડાંએ ક્યાં સાથે લઇ ચાલ્યો? જોતો નથી મારાં છોકરાં એને જોઇનેજ સૂગ ચડાવે છે?"

"બેટા દેવલા! ઘેર જા." કાનાએ નિરાશ થઇ કહ્યું. એના સ્વરમાં ઉંડી વેદના હતી.

"ના મારે આવવું છે." બાળસ્વભાવ પ્રમાણે દેવલાએ જરા હઠ પકડી.

"બાપુ આજનો દિ' ભલે આવે. નથી માનતો." કાનાએ કરુણ સ્વરે વિનંતિ કરી. ફોજદારના મોઢા પર સખ્તાઇ આવી. કાનાની વિનંતિ એના ધ્યાનમાં ન આવી. "નથી કેમ માનતો?" કરડાકીભર્યો અવાજે ફોજદાર બોલ્યા. છોકરો ડર્યો. તેને સાહેબની બીક લાગી. દયામણું મુખ કરી ઘર તરફ ધીમાં પગલાં ભરતો તે ચાલતો થયો. તેના નાના હૃદય ઉપર મોટો જખમ થયો હતો. દિલ રડું રડું થઇ રહ્યું. ઘેર ગયો ને માના ખોળામાં પડતું મૂકી મુક્ત કંઠે રડી પડયો.

× × × ×

"સા'બ, મારે તમારી નોકરી નથી કરવી." બીજે દિવસે સવારે કાનો પસાયતો ફોજદાર પાસે જઈ બે હાથ જોડી આર્ત્ત સ્વરે

બોલ્યો. એનો સ્વર કંપતો હતો. જાણે હમણાં ફોજદારનો કોપ માથે ઉતરશે એવી તેને ભીતિ હતી. નોકરી છોડવાનું કારણ એના વહાલા દેવલાનું હતું. ગઇ કાલનું પોતાના પુત્રનું રડતું મુખ એનાથી નહોતું જોઇ શકાયું. એના દિલમાં કારી ઘા વાગ્યો હતો. પોતાના છોકરાને રમાડવા ઘડીની ફુરસદ ન મળે, ને ફોજદાર સાહેબના છોકરાઓને ઉભે પગે સાચવવા! દિકરાનું દિલ દરરોજ તોડવું, તેના કરતાં નોકરી તોડવી એ તેને વધારે પસંદ પડયું.

“કેમ શું થયું ?” ફોજદાર સાહેબે તોછડા અવાજે સખ્તાઇથી પૂછયું.

“મને નથી ફાવતું” કાનાએ નમ્રપણે ટુંકો ઉત્તર આપ્યો. ફોજદારને ગઇ કાલનું કારણ સમજાયું. તેના અંગે અંગમાં ગુસ્સો વ્યાપી ગયો.

“આટલું બધું અભિમાન ? તારાં ને મારાં છોકરાં સરખાં કેમ ?” કઠોર સ્વરે ફોજદાર બરાડયા. એ સ્વરમાં કાનાને કિંચિત્ ભય લાગ્યો; પણ એનો વિચાર દૃઢ હતો. અવાજમાં જેટલી નમ્રતા મૂકી શકાય તેટલી નમ્રતા મૂકી તે બોલ્યો:

“બાપુ! તમારા દિકરા રમાડવા આડે મારા દિકરાને માથે હાથ ફેરવી શકું એટલો વખત મને આખા દિવસમાં જરા પણ મળતો નથી. મોડો જાઉં છું, ત્યારે એ મારી રાહ જોતો સૂઇ ગયો હોય છે, અને સાંજે દયામણે મોઢે દૂર ઉભાં ઉભાં તમારા છોકરાઓને બહાર ફરવા લઇ જતાં જોઇ રહે છે. તેનાં આંસુ મારાથી નથી જોવાતાં.” ફોજદારને આ શબ્દો અસહ્ય થઇ પડયા. એકજ વિચાર તેના મસ્તકમાં ઘૂમી રહ્યો “મારા છોકરા સાથે તેના છોકરાની સરખામણી ?” તેનો મિજાજ હાથથી ગયો, કાનાને એક બે લાફા ચોઢી દેવાની ઇચ્છા થઇ, પણ કાનાનું મજબૂત શરીર જોતાં એ વિચાર માંડી વાળ્યો. “બસ જા, મારે તારી પરવા નથી.” એમ કહેતાં ફોજદાર ઉઠયા. બે ત્રણ ડગલાં આગળ ગયા ને કંઇક યાદ આવતાં પીઠ ફેરવી પુનઃ બોલ્યા: “મારી પાસેથી તેં જે વીસ રૂપિયા ઉપાડયા છે તે કાલેજ આપી જજે.”

કાનાએ આઠેક દિવસ પહેલાં હાથખેંચ વધી જવાથી ફોજદાર સાહેબનું મન મનાવી દર પગારે ત્રણ રૂપીઆ વાળી દેવાની શરતે વીસ રૂપિયા લીધા હતા. ફોજદારના છેલ્લા શબ્દોએ કાનાનું જીગર વિંધી નાખ્યું. ઘરમાં માંડ બે ત્રણ રૂપિયા હતા. ફોજદારે ધાર્યું હતું કે, કાના પાસે પૂરતા પૈસા નહિજ હોય. તેને તો કાનાના

સ્વાભિમાનના ચૂરેચુરા કરવા હતા. કાનો આજીજી કરે કે રૂપિયા થોડા દિવસો પછી આપવાની વિનવણી કરે, તે પહેલાં ફોજદાર રોફમાં ચાલ્યા ગયા.

× × × ×

બીજે દિવસે કાનાનું ઘર વિંખાતું હતું. બાળકો એક ખૂણામાં ભરાઇ રડતાં હતાં. કાનાની સ્ત્રી શું થશે એ વિચારે કંઇક ગભરાતી, કંઇક ધ્રજતી અવાક્ થઇ ઉભી હતી.

ફોજદારના વીસ રૂપિયા માટે કાનાના ઘર ઉપર જપ્તી આવી હતી. તેના ઘર સામે કેટલાક માણસો કાનાને આંખો દ્વારા આશ્વાસન આપતા હોય એમ ઉભા હતા. તેવામાં કોઇએક વૃદ્ધે ઝીણી આંખે જોતાં કહ્યું–"અરે, આ ઘર ઉપર જપ્તી લાવનાર અને કાના પસાયતાને ધમકાવનાર કોણ છે ?"

ટોળામાંથી કોઇનો ધીમો અવાજ આવ્યો–"નવો ફોજદાર."

(" સાહિત્ય " ના એક અંકમાંથી)

२९-सत्यनो साक्षी भगवान

(મૂળલેખક-લિયો ટૉલ્સ્ટૉય. અનુવાદક-શ્રી. કસનજી મણિભાઇ દેશાઇ)

વ્લાડિમિર નગરમાં ઇવાન દિમિત્રચ અક્ષયાનફ નામનો એક યુવાન વેપારી રહેતો હતો. એને એની પોતાની બે દુકાનો અને મકાન હતાં. અક્ષયાનફ હતો સુંદર, સુડોલ, ઘુંઘરાલા વાળવાળો અને વિનોદી સ્વભાવનો. સંગીતમાં તો જાણે એનો પ્રાણ વસતો હતો. ભરયુવાનીમાં તે ખૂબ પીતો, તોફાન કરતો, પરંતુ લગ્ન થયા પછી તે આદત છૂટી ગઇ. પીતો કોઇક વારજ. ગ્રીષ્મઋતુના એક દિવસે નિજનીના મેળામાં જવાનો અક્ષયાનફે વિચાર કર્યો. પરિવાર પાસે વિદાય લેતી વખતે પત્નીએ કહ્યું: "આજે તમે માંડી વાળો. મેં તમારે માટે એક બૂરૂં સ્વપ્ન જોયું છે, માટે આજે ઘર નહિ છોડો."

અક્ષયાનફે હસીને કહ્યું:-"કેમ? તને શું એવો ડર છે કે, હું મેળામાં જઇ મોજશોખ અને સુરાપાનમાં લીન થઇ જઇશ?"

તેની પત્નીએ જવાબ દીધો:-"કંઇ વાતથી હું ભય પામું છું તે કહી શકતી નથી. પણ હા, મેં એક ખરાબ સ્વપ્ન જોયું છે કે તમારા બધા વાળ સફેદ થઇ ગયા છે."

અક્ષયાનફ ફરી હસ્યો. "એ તો શુભ લક્ષણ છે" તેણે કહ્યું. "જોઇ લેજે મારી બધી ચીજો વેચાઇ જશે અને હું તારે માટે એક સુંદર ચીજ લઈ આવીશ."

આમ પોતાના પરિવારની પાસે વિદાય લઇ તે મેળા તરફ ચાલ્યો.

અર્ધો રસ્તો પસાર કર્યા પછી તેને એક પરિચિત વ્યાપારી મળ્યો. બંનેએ એકજ ધર્મશાળામાં રાત ગાળી. સાથેજ ચ્હા પી બંને આજુબાજુના ઓરડામાં સૂવા ચાલ્યા ગયા.

અક્ષયાનફની આદત મળસ્કે ઉઠવાની હતી. સવારની ઠંડીમાં સફર કરવાના ઇરાદે તેણે પ્હો ફાટયા પહેલાંજ ઉઠી ઘોડા જોડવાની આજ્ઞા કરી.

ધર્મશાળાનો માલિક પાછળ એક ઝુંપડામાં રહેતો હતો તેને

દામ ચૂકવી તે આગળ વધ્યો.

પચીસ માઇલ મુસાફરી કરી તેણે ઘોડાને ખવરાવવા પીવરાવવા માટે છોડયા ને પોતે ધર્મશાળામાં આરામ લેવા ગયો. થોડી વાર આરામ લીધા પછી તેણે ચા મૂકવાની આજ્ઞા કરી. આટલો વખત તેણે સિતાર વગાડી વીતાવી દીધો.

સહસા ત્યાં એક બીજી ગાડી આવી પહોંચી તેમાંથી એક પોલિસ અમલદાર ઉતર્યો સાથે બે સિપાઇઓ હતા. અક્ષયાનન્દની પાસે આવીને તે પૂછવા લાગ્યો કે "તમે કોણ છો? કયાંથી આવો છો?" અક્ષયાનન્દે બધી વાતોનો પૂરેપુરો જવાબ આપી કહ્યું: "તમે થોડી ચા લેશો?"

પરંતુ તે સરકારી ઑફિસર તો સવાલ પૂછતોજ રહ્યો: "તમે રાત્રિ કયાં ગાળી? તમે એકલાજ હતા કે સાથે એક બીજો વેપારી પણ હતો? તે વેપારી સાથે આજે સવારે તમારી મુલાકાત થઈ હતી? તમે આટલા વહેલા ધર્મશાળા છોડી કેમ ચાલ્યા આવ્યા?"

અક્ષયાનન્દ અચંબામાં પડી ગયો કે, મને આટલા બધા પ્રશ્ન પૂછવાનું કારણ શું? છતાંયે તેણે બધી વાતો અથ-ઇતિ કહી દીધી. તેણે પૂછયું:-"તમે મને આવા સવાલ ઉપરાઉપરી કેમ પૂછી રહ્યા છો? શું હું કોઇ ચોર યા ડાકુ છું? હું મારા કામને માટે મુસાફરી કરૂં છું. આ પૂછપરછ કરવાનું કારણ શું?"

ઑફિસરે સિપાઇઓને બોલાવી કહ્યું: "હું આ જીલ્લાનો પોલિસ ઑફિસર છું. તમારી સાથેના વ્યાપારીનું ખૂન આજે રાતેજ થઇ ગયું છે. આથી હું તમારી સાથે પૂછપરછ કરૂં છું. હું તમારી જડતી લઇશ."

તે અંદર ઘૂસી આવ્યા. પોલિસ ઑફિસરના સિપાઇઓએ અક્ષયાનન્દની એકેએક ચીજ તપાસી જોઇ. સહસા ઑફિસરે તેના થેલામાંથી એક છરો કાઢયો. છરો નીકળેલો જોઇ અક્ષયાનન્દ ભયભીત થઇ ગયો.

"કહો, છરા પર આ લોહીના ડાઘ કયાંથી પડયા?"

અક્ષયાનન્દે ઉત્તર દેવાનો પ્રયાસ તો કર્યો, પણ કંપિત સ્વરમાં તે કઠિનતાથી એટલુંજ કહી શકયો: "મ...મને ખબર નથી.-મારો તો નથી."

ઑફિસરે કહ્યું: "આજે સવારે તે વ્યાપારી પોતાના બિછાનામાં મરેલો જોવામાં આવ્યો છે, તેનું ગળું કપાયેલું છે. એ કામ તમારૂંજ છે. ઘર અંદરથી બંધ હતું અને ત્રીજું કોઇ અંદર હતું

પણ નહિ. વળી આ ખૂની ખંજર પણ તમારા થેલામાંથીજ મળી આવ્યું છે. તમારા ચહેરાની દશા પણ તમારા મનની હાલત કહી રહી છે. કહો, હવે તમે કેવી રીતે એનું ગળું કાપ્યું ? અને કેટલો માલ કબજે કર્યો ?”

અક્ષયાનફે કસમ ખાઇ કહ્યું: “એ કામ મારૂં નથી. રાતે ચા પીધા પછી મેં તે વેપારીને જોયો પણ નથી. મારા પોતાના આઠ હજાર રૂબલ સિવાય મારી પાસે બીજી કોઇ ચીજ નથી.”

તે ગભરાઇ ગયો હતો અને ભયથી એવો કંપી રહ્યો હતો કે જાણે એજ ખરેખરો ગુનેગાર છે !

ઑફિસરે અક્ષયાનફને ગિરફતાર કરવાનો ને બાંધીને ગાડીમાં નાખવાનો સિપાઇઓને હુકમ કર્યો. જ્યારે તેના હાથપગ બાંધી તેમણે તેને ગાડીમાં નાખ્યો ત્યારે તે ચોધાર આંસુએ રડવા લાગ્યો. એનો બધો માલ અને પૈસા લઈ લેવામાં આવ્યા. એક પાસેના શહેરમાં મોકલી તેને કેદ કર્યો. બ્લાડિમિરમાં એની ચાલચલગતની તપાસ કરી. ત્યાંના વેપારીઓએ અને બીજા ગૃહસ્થોએ કહ્યું: “પહેલાં એને દારૂનું વ્યસન હતું અને તે રઝળતો ફરતો હતો, પરંતુ છે તો એ ભલો માણસ.”

એક વેપારીના ખૂન કર્યાનો એના પર મુકદ્દમો ચાલ્યો તથા તેના વીસહજાર રૂબલ લૂંટી લેવાનો આરોપ તેના પર મૂકવામાં આવ્યો.

તેની પત્ની નિરાશાના સાગરમાં ગોથાં ખાવા લાગી. કઈ વાતનો વિશ્વાસ કરવો તે તે સમજી ન શકી. બાળક હતાં બધાં નાનાં નાનાં. એક તો હજી ગોદમાંજ હતું ! તેને લઇને તે જ્યાં પતિ કેદમાં હતો, તે શહેરમાં ગઇ. પહેલાં તો એ બિચારીને પતિને મળવાની આજ્ઞાજ ન મળી, પરંતુ વારંવાર પગે પડી વિનંતિ કરવાથી ઑફિસરનું હૃદય પીગળ્યું. તેણે આજ્ઞા આપી. કેદીપોશાકમાં, હાથકડી ને પગમાં બેડીઓથી બંધાયેલા પોતાના પતિને ચોર અને ખૂનીઓની સાથે કેદ થયેલ જોઇને તે મૂર્ચ્છિત થઈ પડી ગઇ. ઘણી વારે તે સાવધ થઇ. પોતાનાં બાળકોને છાતી સાથે લગાડી તે એની પાસે બેસી ગઈ. ઘરની સ્થિતિ કહ્યા પછી તેણે પૂછ્યું: “હવે તમારે માટે શું કરવું ?”

“આપણે ઝારને પ્રાર્થના કરીએ. હું તદ્દન નિર્દોષ છું.”

પત્નીએ કહ્યું: “મેં ઝારની સેવામાં પ્રાર્થનાપત્ર ક્યારનોય મોકલી દીધો છે, પણ તે સ્વીકારાયો નથી.”

અક્ષયાનફ ચૂપ રહ્યો. ચુપચૂપ તે જમીન તરફ નેત્રો ઢાળી

જોઇ રહ્યો. પત્નીએ કહ્યું: "સ્વપ્નમાં તમારા બાલોને મેં સફેદ થતા જોયા ન હતા? કેમ? યાદ છે? તે દિવસે તમને મેં ઘર છોડવાનું ના કહ્યું ને?" તેણે પોતાના પતિના બાલોને અંગુલિઓથી પંપાળીને પૂછ્યું: "વહાલા અક્ષયાનન્દ! તમારી પત્નીને તો ખરેખરૂં કહો. શું આ કામ તમારૂં નો'તું?"

"તું પણ સંદેહ કરે છે?" અક્ષયાનન્દે કહ્યું. તે બંને હાથે મોં ઢાંકી આંસુ વહાવવા લાગ્યો. સિપાઇએ આવી કહ્યું 'સમય થઇ ગયો છે, માટે તમે હવે ચાલ્યા જાઓ.'

અક્ષયાનન્દે પોતાની સ્ત્રી અને બાળકની વિદાય લીધી.

તેના ગયા પછી અક્ષયાનન્દે વિચાર્યું: "હાય! મારી સ્ત્રી પણ મારા પર સંદેહ કરી રહી છે?" તેણે મનમાંજ કહ્યું: "માલમ પડે છે કે સત્યનો સાક્ષી એક ભગવાનજ છે માટે. તેનાજ દરબારમાં વિનંતિ કરવી જોઇએ. ત્યાંથીજ દયાની ભિક્ષા મળી શકે છે."

અક્ષયાનન્દે બીજો પ્રાર્થનાપત્ર ન મોકલ્યો. બધી આશાઓને છોડી તે ભગવદ્ભજનમાં લાગી ગયો.

અક્ષયાનન્દને સજા થઇ. કોરડાના મારના ઘા રૂઝાયા પછી તેને બીજા અપરાધીઓની સાથે સાઇબીરિયામાં મોકલી દેવામાં આવ્યો.

સાઇબીરિયામાં કેદીજીવન ગાળતાં છવ્વીસ વરસ વહી ગયાં. તેના કેશ હિમની સમાન શ્વેત થઇ ગયા. દાઢી વધીને લાંબી થઇ ગઇ. એનો બધો આનંદ વિલીન થઇ ગયો. તેની કમર ઝૂકી ગઇ. તે ધીરે ધીરે પગલાં ભરતો, થોડું બોલતો, હસતો કદી નહિ અને બહુધા ભગવદ્ભજનમાં મગ્ન રહેતો.

કેદખાનામાં તે જોડા બનાવતાં શીખ્યો. એમાંથી થોડું કમાઇ તેણે 'સંતોનું જીવન' નામનું પુસ્તક ખરીદ કર્યું. કેદખાનામાં જ્યાં સુધી પ્રકાશ હતો, ત્યાંસુધી તે પુસ્તક વાંચતો. દર રવિવારે તે કેદખાનાના પ્રાર્થનામંદિરમાં જઇ પાઠ વાંચતો અને સમૂહની સાથે ભજન ગાતો.-હૃદય ચોખું એટલે એની વાણીમાં પણ મિઠાશ હતી.

કેદખાનાના વ્યવસ્થાપક અક્ષયાનન્દને એની નમ્રતાને લીધે બહુ ચાહતા. એના સાથી કેદીઓ એને માન આપતા, તેઓ એને દાદા યા સંત કહેતા. કદાચ એમને જેલના અધિકારીઓ સમક્ષ કાંઇ પ્રાર્થના કરવી હોય તો તેમાં તેઓ અક્ષયાનન્દનેજ આગળ કરતા. કેદીઓમાં પરસ્પર ઝઘડો ઉઠતો, તો તેનો નિકાલ કરાવવા માટે તેઓ અક્ષયાનન્દ પાસેજ આવતા.

અક્ષયાનન્દને ઘરની કાંઇ ખબર મળતી ન હતી. એને એ પણ

ખબર ન હતી કે, એની પત્ની અને છોકરાં જીવે છે કે મરી ગયાં ?

એક દિવસ કેદખાનામાં નવા અપરાધીઓની એક ટોળી આવી. સાંજે જૂના કેદીઓ પોતાના નવા સાથીઓને ઘેરીને તેમને પૂછપરછ કરવા લાગ્યાઃ–"ક્યાંથી આવ્યા છો ? કયા ગુન્હાને લીધે સજા થઇ ?" વગેરે. અક્ષયાનફ પણ નવા આવનાર કેદીઓની પાસે બેસીને ગરદન ઝુકાવી વાતો સાંભળી રહ્યો હતો. નવા કેદીઓમાંનો એક જે ૬૦ વરસની ઉંમરનો લાંબો અને મજબૂત સફેદ દાઢીવાળો માણસ હતો તે પોતાની ગિરફતારીની હકીકત બીજાઓને સંભળાવી રહ્યો હતો.

"દોસ્તો," તેણે કહ્યું "મેં તો ફક્ત એક ખૂટેથી બાંધેલા ઘોડાને છોડી મૂક્યો હતો; પણ તેમાં મને ગિરફતાર કરી મારા ઉપર તહોમત મૂક્યું ચોરીનું. મેં બહુએ કહ્યું કે, મારે ઘેર જલદી પહોંચવું હતું. ત્યાં પહોંચતાંજ મેં ઘોડાને છોડી મૂક્યો હતો. એટલુંજ નહિ, ગાડીવાન મારો દોસ્ત પણ છે. મેં કોઇ અનુચિત કામ કર્યું નથી, પરંતુ તેમણે કહ્યું કે નહિ, તમે ચોરી કરી છે.

પણ તેઓ, મેં કેવી રીતે અને શા માટે ચોરી કરી તે બતાવી શક્યા નહિ. હા, એક વાર મેં ખરેખર દુષ્કર્મ કર્યું હતું અને તેને માટે મારે ક્યારનોયે કેદખાનામાં આવવું જોઇતું હતું; પરંતુ તે વખતે તો હું પકડાયોજ નહિ. અને આ મને વિનાકારણજ પકડી કેદ કર્યો છે. હું તો પહેલાં પણ સાઇબીરિયામાં આવી ગયો છું, પરંતુ વધારે દિવસ નહિ."

"ક્યાંથી આવ્યા છો તમે ?" કોઇએ પૂછ્યું.

"વ્લાડિમિરથી, મારૂં કુટુંબ ત્યાં છે. મારૂં નામ સૈમ્યોનીચ."

અક્ષયાનફે માથું ઉંચું કરી કહ્યું: "કહો સૈમ્યોનીચ ! તમે વ્લાડિમિરના અક્ષયાનફ વેપારીને પણ ઓળખો છો ? એના કુટુંબમાં કોઇ હજી જીવતું છે ?"

"ઓળખું છું—જરૂર ઓળખું છું. અક્ષયાનફનું કુટુંબ ઘણું ધનવાન છે. પરંતુ તેનો બાપ મારી પેઠે સાઇબીરિયામાં પોતાનું જીવન ગાળી રહ્યો છે એવી મને ખબર છે અને તમે કહો દાદા ! તમારૂં આવવું અહીં શી રીતે થયું ?"

અક્ષયાનફ પોતાના દુર્ભાગ્યની ગાથા એને કહેવા ઇચ્છતો ન હતો. એક આહ ભરી તેણે કહ્યું: "હું પણ મારા પાપનું ફળ છવીસ વર્ષથી આ બંદીગૃહમાં ભોગવી રહ્યો છું."

"કયું પાપ ?" સૈમ્યોનીચે પૂછ્યું.

કિંતુ અક્ષયાનન્દે કેવળ એટલુંજ કહ્યું: “ખેર! એજ મારા ભાગ્યમાં લખ્યું હતું.” તેણે કાંઇ અધિક ન કહ્યું; પરંતુ તેના સાથીઓએ તે નવાગતને અક્ષયાનન્દને શા કારણે સાઇબીરિયામાં મોકલવામાં આવ્યો તે બધી હકીકત કહી.

આ વાત સાંભળી સૈમ્યોનીચે ધ્યાનપૂર્વક અક્ષયાનન્દ તરફ જોયું. તે એકદમ બોલી ઉઠયો: “વાહ! ઘણી આશ્ચર્યની વાત છે આ! ખરેખરજ આશ્ચર્યની! કેમ દાદા! ઉંમર કેટલી થઇ?”

બીજાએ પૂછ્યું: “તમને આટલી નવાઇ કેમ લાગે છે? તમે એમને કયાંક જોયા છે?” પરંતુ સૈમ્યોનીચે કાંઇ પણ જવાબ આપ્યો નહિ. તેણે ફક્ત એટલુંજ કહ્યું: “અમે બંને અહીં આવીને મળ્યા એ આશ્ચર્યની વાત છે.”

અક્ષયાનન્દ ચેતી ગયો. હો ન હો આ માણસ પેલા વેપારીના ખુનીને જરૂર ઓળખે છે. તેણે પૂછ્યું: “સૈમ્યોનીચ! તમે આ ઘટના વિષે કાંઇ જાણો છો કે શું? તમે મને પહેલાં કદી જોયો છો?”

“જાણું કેમ નહિ? દુનિયામાં અફવાઓ તો ચાલ્યાજ કરે છે; પણ એ તો બહુજ જૂની વાત છે. હમણાં તો હું એ બધું ભૂલી ગયો છું.”

“અરે! પણ એટલું તો સાંભળ્યું હશે કે, એ વેપારીને કોણે માર્યો?” અક્ષયાનન્દે પૂછ્યું.

સૈમ્યોનીચે હસીને ઉત્તર દીધો: “બીજું કોણ? જેના થેલામાંથી ખૂની ખંજર મળ્યું હશે તેજ હશે. જો કોઇ બીજાએ તે છરો થેલામાં કદાચ છુપાવી દીધો હોય, પણ તે ન પકડાય એટલે તે અપરાધી શી રીતે ગણાય? થેલો તો તમારા માથા નીચે હતો. કોઇ બીજો તેમાં છરો છુપાવે પણ શી રીતે? એમ કરવાથી તો તમે જરૂર જાગ્રત થઇ જાઓ.”

તેની આ વાત સાંભળી અક્ષયાનન્દને ખાત્રી થઇ કે, એણેજ તે વેપારીનું ખૂન કર્યું હતું. ત્યાંથી તે ઉઠીને ચાલ્યો ગયો, આખી રાત તેણે ઉંઘ વિનાજ ગાળી. તેના દુઃખનો પાર ન હતો. વિભિન્ન પ્રતિમાઓ એના ધ્યાનમાં આવી રહી હતી. તે જે સમયે પોતે મેળામાં જવા માટે પત્નીની રજા લેતો હતો ત્યારનું દૃશ્ય તેની આંખ આગળ તરવરવા લાગ્યું. તેને માલમ પડયું કે, પોતે પોતાની પત્ની સન્મુખ ઉભો છે. પોતાનું મુખમંડળ અને આંખો ઉઘાડીને તે પોતાની તરફ જોઇ રહી છે—તેને તેની મધુર વાણી અને હાસ્ય સંભળાયાં. ત્યાર પછી તેની નજરે પડયાં તેનાં નાનાં નાનાં બાળકો–

એક નાનકડા કપડામાં લપેટાયલું અને એક પોતાની માની છાતી સાથે વળગેલું. ત્યારે એને પોતાનું યૌવન અને આનંદમય જીવન યાદ આવ્યું. વળી તેને યાદ આવ્યું કે-કેવો આનંદમગ્ન થઇને પોતે ગિરફ્તારીના દિવસે ધર્મશાળાના દ્વાર પર બેસી સિતાર વગાડી રહ્યો હતો. એ દિવસોમાં પોતે કેવો ચિંતાઓથી મુક્ત હતો? ત્યાર પછીની બધી ઘટનાઓ જેમની તેમ એના મન પર અંકિત હતી. આ બધી વાતોના વિચારે તેને એટલો અધમ બનાવી દીધો કે તે આપઘાત કરવાને તૈયાર થઇ ગયો.

"અને આ બધાં કારસ્થાન છે આ દુષ્ટનાં!" અક્ષયાનન્દે વિચાર્યું. સૈમ્યોનીચના પ્રતિ એના ક્રોધનો પાર ન રહ્યો. તે બદલો લેવા માટે આતુર થઇ ઉઠયો. આખી રાત તેણે ભજન ગાયા કર્યાં, પરંતુ શાંતિ વળી નહિ. બીજે દિવસે પણ તે મકાર સૈમ્યોનીચની પાસે ન ગયો—તેની તરફ જોયું સુદ્ધાં નહિ. એક પખવાડીઆ સુધી આ સ્થિતિ રહી. અક્ષયાનન્દને રાત્રે ઉંઘ પણ આવતી ન હતી. તેની સ્થિતિ એટલી દયાજનક થઇ ગઇ હતી કે તે પોતે પણ સમજી શકતો ન હતો કે, તે શું કરે અને શું ન કરે.

એક રાતે જેલમાં ફરતાં તેણે જોયું કે, કેદીઓના સૂવાના એક ઓરડામાંથી ધૂળ ઉડી રહી છે. તે શું થાય છે તે ઉભો રહી જોવા લાગ્યો. સહસા સૈમ્યોનીચે બહારની તરફ મોં કાઢી ભયભીત થઇ અક્ષયાનન્દની તરફ જોયું. અક્ષયાનન્દે અણજોયું કરી ત્યાંથી ચાલી જવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તેણે એનો હાથ પકડી બતાવ્યું કે, પોતે કેદખાનાની દિવાલ નીચે જમીન ખોદી એક રસ્તો બનાવ્યો છે; અને બીજા કેદીઓની સાથે બહાર જતી વેળા પોતાના જોડામાં છુપાવી અંદરની ધૂળ રોજ બહાર ફેંકી આવ્યા કરે છે.

"બુઢ્ઢા દાદા! કોઇને કહેશો નહિ. તમે પણ એ રસ્તેથીજ નાસી જજો. જો તમે જરા પણ જીભ હલાવશો, તો તેઓ કોરડા મારી મારી મને મારી નાખશે; પરંતુ હું પણ તમને જીવતા છોડીશ નહિ."

અક્ષયાનન્દ પોતાના શત્રુને જોઇ ક્રોધથી કંપવા લાગ્યો. તેણે પોતાનો હાથ છોડાવી કહ્યું: "મને નાસી જવાની ઇચ્છા નથી, તેમ તમારે મને મારવાની પણ જરૂર પડશે નહિ. મને તો તમે ક્યારનોયે મારી ચૂક્યા છો, અને તમારી વાત પ્રકટ કરવાની બાબતમાં તો જેમ ભગવાન બુદ્ધિ આપશે તેમ કરીશ."

બીજે દિવસે કેદીઓને બહાર કામપર લઇ જતી વેળાએ પહેરેદાર સિપાઇઓએ જોયું કે, એક કેદીએ ધૂળ કાઢી પોતાનો

જોડો ખાલી કર્યો છે. કેદખાનાની ઝડતી લીધી, ને રસ્તો મળી આવ્યો. કેદખાનાના જેલરે આવી જેણે આ કામ કર્યું હતું, તેનું નામ પૂછ્યું. બધાએ ના કહી દીધી કે, અમને એ વાતની કાંઇજ ખબર નથી. જેઓ જાણતા હતા તેઓ પણ સૈમ્યોનીચને દગો દેવા ઇચ્છતા ન હતા. તેઓ જાણતા હતા કે, ફટકાથી એની ચામડી ઉતારી નાખશે. છેવટે જેલરે અક્ષયાનફને સાચો જાણી પૂછ્યું—

“ બુઢ્ઢા ! તું સાચાબોલો છે. ભગવાનને સાક્ષી રાખી કહે કે આ કામ કોનું છે ?”

સૈમ્યોનીચ એવી રીતે ઉભો હતો, કે જાણે તેને આ વાત સાથે કાંઇ મતલબજ નથી. તે અક્ષયાનફની તરફ ન જોતાં જેલરની તરફજ જોઇ રહ્યો હતો. અક્ષયાનફના ઓઠ ફરકવા લાગ્યા, હાથ કંપવા લાગ્યા. ઘણી વાર સુધી તે એક શબ્દ પણ ન બોલી શક્યો. તેણે વિચાર્યું કે “ જેણે મારા જીવનને નષ્ટ કરી દીધું, તેના પાપ પર હું પરદો શા માટે નાખું ? મારા દુઃખમાં એણે પણ ભાગીદાર થવું જોઇએ; પરંતુ જો હું કહી દઇશ તો એનો મારી મારીને દમ કાઢી નાખશે. કદાચ મારો સંદેહ ગલત પણ હોય ! વળી કહી દેવામાં મારી ભલાઇ પણ શી ?”

“ કેમ બુઢ્ઢા ! ” જેલરે ફરી પૂછ્યું “ સાચેસાચું કહે; કોણે દિવાલમાં આ રસ્તો પાડયો છે ?”

અક્ષયાનફે સૈમ્યોનીચને તીરછી નજરે જોઈ કહ્યું: “ સાહેબ ! હું કહી શકતો નથી; માટે મને માફ કરો. હું એ વાત કહી દઉં, એવી ઈશ્વરની મરજી નથી. તમે મને ચાહો તે સજા કરી શકો છો. હું તમારે તાબે છું.”

જેલરે બહુ પ્રયત્ન કર્યાં, પરંતુ અક્ષયાનફે કાંઈ ન કહ્યું. છેવટે મામલો ત્યાંથીજ બંધ પડી ગયો.

તે રાત્રે અક્ષયાનફ પોતાના બિછાનામાં સૂવાની તૈયારી કરતો હતો, એટલામાં કોઇ ચૂપકીથી આવી તેના બિછાનાપર બેસી ગયું. અંધકાર દૂર કરતાં તેણે સૈમ્યોનીચને ઓળખી લીધો.

“કેમ ! હજી મારી પાસેથી તમે શું ઇચ્છો છો ? અને હમણાં તમે મારી પાસે શામાટે આવ્યા છો ?” અક્ષયાનફે પૂછ્યું. સૈમ્યોનીચ ચૂપ હતો. અક્ષયાનફ બેઠો થઇ બોલ્યો: “કેમ ! શું કામ છે ? અહીંથી ચાલ્યા જાઓ, નહિ તો હું પહેરેગીરને બૂમ મારીશ.”

બદમાશ સૈમ્યોનીચે તેનાં ચરણોમાં મસ્તક નમાવી કહ્યું: “ઇવાન દિમિત્રચ ! મને ક્ષમા કરો.”

"શામાટે ?" અક્ષયાનફે પૂછ્યું.

"તે વેપારીનો ખૂની હું છું. મેંજ તમારા સામાનમાં તે છરો છુપાવી દીધો હતો. મારો ઇરાદો તો તમારૂં પણ ખૂન કરવાનો હતો; પરંતુ બહાર કાંઇ અવાજ થતાં હું છરો તમારા થેલામાં છુપાવી બારીમાંથી નાસી ગયો હતો."

અક્ષયાનફ ચૂપ હતો. શું કહેવું તે કાંઇ સમજમાં આવતું ન હતું. મકાર સૈમ્યોનીચ બિછાના પરથી ઉતરી જમીન પર ઘુંટણ ટેકવી બેસી ગયો. "ઇવાન દિમિત્રચ !" તેણે કહ્યું: "ક્ષમા કરો. ભગવાનના પ્રેમના નામ પર મને ક્ષમા કરો ! હું બધી વાત સાચેસાચી કહી દઈશ. તે વેપારીનો હત્યારો હું છું, એ કહી દઇશ. તમે છૂટી જશો, અને ફરી તમે એક વાર તમારા કુટુંબને મળશો."

અક્ષયાનફે કહ્યું: "વાત કરવી બહુ સહેલ છે. હું તો તમારે લીધે છવ્વીસ વરસથી આ કષ્ટ ભોગવી રહ્યો છું. હવે હું જાઉં પણ ક્યાં ?...મારી પત્ની હવે આ સંસારમાં નથી. બાલબચ્ચાં પણ મને ભૂલી ગયાં હશે. આ જગતમાં હવે મારે માટે કોઇ સ્થાન નથી..."

બદમાશ સૈમ્યોનીચ પોતાની જગ્યાએથી ઉઠ્યો નહિ. તે પસ્તાવો કરવા લાગ્યો. "ઇવાન દિમિત્રચ ! ક્ષમા કરો, મને ક્ષમા કરો !" તેણે જોરથી કહ્યું: "કોરડા ખાવાની પીડા સહન કરવી એ તો સહેલી છે; પણ આ કષ્ટ તો.........ઓહ !! કેટલા દયાળુ છો તમે ! તમે મારી વાત નહિ કહી ! પ્રભુના નામને ખાતર મને ક્ષમા કરો. આ પાપીને ક્ષમા કરો." તે રડવા લાગ્યો.

તેનું રુદન સાંભળી અક્ષયાનફનાં નેત્ર પણ ભરાઇ આવ્યાં.

"ભગવાન તને ક્ષમા કરશે !" તેણે કહ્યું: "હું તો તમારા કરતાં સોગણો વધારે બૂરો છું." આમ કહેવાથી તેનું હૃદય હલકું પડી ગયું. ઘરબાર જોવાની તેની લાલસા તિરોહિત થઇ ગઇ. કેદખાનું છોડવાની અભિલાષા હવે એને રહી નહિ. કેવળ આકાંક્ષા રહી હતી અંતકાલ આવવાની.

અક્ષયાનફના સમજાવ્યા છતાં મકાર સૈમ્યોનીચે પોતાનો ગુનો કબૂલ કરી દીધો; પરંતુ એને છોડી મૂકવાનો હુકમ આવે તે પહેલાંજ અક્ષયાનફનો પ્રાણ દેહપિંજરમાંથી ચાલ્યો ગયો.

(તા. ૩૧-૭-૩૨ના "વીસમી સદી"માંથી)

३०-काळनी साथे कुस्ती करनारो ब्राह्मण

(સંગ્રાહકઃ-શ્રી. ગંગારામ મોહન ઠાકર)

પાણીઆને પાદર બાપુ જીવાવાળાના બગીચામાં દાયરો અકડાઠઠ જામેલ છે. કસુંબાના રંગેડા ધોળાઇ રહેલા છે. હોકાની તાજી ભરેલી ચલમો પોતાની ભરયુવાનીમાં ઠેર ઠેર મહાલી રહેલ છે અને તે બંધાણીઓ સામસામા ‘બા મારા સમ’ અને ‘બા તમારા સમ’ ‘બા સુરજદેવના સમ’ અને વળી ‘બાપુનો હાથ તે કાંઈ ઠેલાય’ ‘બાપુ જેતમાલવાળાની લાણ તો લેવીજ જોઇએ’ આમ બંધાણીઓ સામસામા વાદવિવાદ કરી રહ્યા છે. પાસે વાવમાંથી કોસ પણ કીચડુક કીચડુક ચાલી રહ્યો છે. વસંત ઋતુ એટલે મોગરો પોતાની ભરયુવાનીમાં મંદમંદ બહેકી રહેલ છે. પાસે શેત્રુંજી નદી ખળખળ વહેણે વહી રહી છે, પક્ષીઓ અતિ આનંદથી કલરવ કરી રહ્યાં છે. સૂર્યદેવ પણ અખિલ વિશ્વની મુસાફરીમાંથી નિવૃત્ત થવાની તૈયારી કરી રહ્યા છે; અને એ પોતાનો શ્રમિત ચહેરો ચાંચઇના ડુંગર કે જે આભને પણ ઓથ દે તેની પાછળ છુપાવાની તૈયારી કરી રહેલ છે. આછાં આછાં કિરણો ડુંગર ઉપરથી બગીચાનાં વૃક્ષો ભેદી અંદર છવાઈ રહેલ છે. મંદમંદ પવનના આગમનથી પ્રફુલ્લિત થયેલાં પુષ્પોની સુવાસ સર્વ જગો ઉપર પ્રસરી રહેલી છે. જયારે સૂર્યદેવ અસ્ત થાય છે ત્યારે આ બંધાણીઓમાં કેફનો ઉદય થાય છે. સાથે થોડાં થોડાં ઝોકાં પણ ખાય છે. સરસ્વતીદેવીના પુત્રો (ચારણ) પોતાની જીહ્વાથી બાપુ જીવાવાળાના જશ ગાઇ રહ્યા છે. દરમિયાનમાં વાત નીકળી કે, બાપુ ! આપણે તો હડાળે દાયરા સંહિત વિવાહે પધારવાનું છે. એમનો અતિશય આગ્રહ છે. જો ન જઇએ તો ખોટું લાગે ને ! ત્યાં તો દાયરામાંથી એક જણ બોલી ઉઠયો:-બાપુ ! એ જવાની વાત તો સાચી હો. બાપુ આપણને ખાસ તેડાવે અને ન જઇએ એ તે કાંઇ બને. માટે બાપુ ! આપણે કરીએ સમીસાંજમાં પરિયાણ. ત્યાં બીજા એક બંધાણીએ આંખો ઉંચી કરી બાપુને ઉપદેશ દેતો

હોય તેમ કહેવા લાગ્યો કે, બાપુ! સમીસાંજમાં પરિયાણ કરવાનું કહે છે; પણ આપણું પાણીઆ ગામ, એટલે મોટું ગીર જંગલ, કે જ્યાં ધોળે દિવસે પણ કેસરી સિંહ આપણા બગીચામાં નીડરપણે આંટા મારતા હોય; વળી બહારવટીઆને સંતાવાનું પણ મથક; તો આપણો દરબારગઢ કોને ભળાવીને બધા જાશું? ત્યાં દાયરામાંથી એક જણનો અવાજ આવ્યો કે જ્યારે ચોમાસાની ઋતુ હોય, મેઘલી અંધારી રાત જામી હોય, દુશ્મનોની છાતી ફાટી જાય એવા કડાકા થઇ રહ્યા હોય, વીજળી જાણે વિશ્વને પ્રજળાવવાને પ્રયત્ન કરતી હોય, મેઘરાજા મુસળધારે જગતને સમુદ્રરૂપ બનાવી રહ્યો હોય, કેસરી સિંહની ગર્જનાઓ મેઘની સામે થઈ રહી હોય, ત્યારે પણ આપણા પોપટ મહારાજ ચાંચઇથી પાણીઆ અર્ધી રાત્રે આવતા. રસ્તામાં શેત્રુંજી ગાંડીતૂર બે કાંઠામાં વહી જતી હોય છતાં પણ હિંમતવાન પોપટ મહારાજ, માણેકલાલની ધારીમાં પરશોતમ કામદારનું નાક ખાઇ જનાર એ મહાન વીર, જયશંભુ કહેતાંની સાથે આ કાંઠેથી સામે કાંઠે ગંગાપુત્રની માફક નીકળી આવે એવા શૂરવીર છે તેજ આપણા ગઢની રક્ષા કરશે.

ત્યાં તો આખો દાયરો બોલી ઉઠયો કે, બાપુ! પોપટ મહારાજ એ મહારાજ નથી પણ ગીરનો કેસરી સાવજ છે સાવજ. એ જોખમનું કામ તો એનેજ સોંપવું ઠીક લાગે છે.

બાપુને પણ એમના ઉપર વિશ્વાસ હતો. કેમકે તે ઘણાં વર્ષોથી દરબારના ખાનગી કારભારી તરીકે કામ કરતા. તેથી બાપુને પણ એ વાત ગમી. સર્વે દાયરાને આજ્ઞા કરી કે, આપણે સમી સાંજમાં પરિયાણ કરવાનું છે. આટલું જ્યાં બાપુ બોલે છે ત્યાં તો મસાલ આવી. દાયરો બધો ઉભો થયો. બાપુને નીચા નમી રામ રામ કર્યા, બાપુએ સામા રામ રામ કર્યા. સૌ બેઠા થયા અને દરબારગઢમાં ગયા. જતાં જતાં દોઢીવાળાને પૂછતા ગયા કે કોટડેથી પોપટ મહારાજ આવ્યા છે? દોઢીવાળાએ જવાબમાં ના કહી. બાપુ દિવાનખાનામાં પધાર્યા ત્યાં દોઢીવાળાએ અતિ હર્ષના આવેશમાં આવી બાપુને કહ્યું કે, બાપુ! પોપટ મહારાજ કોટડેથી આવી ગયા છે. 'બહુ સારૂં, તેને અહીં મોકલો.' પોપટ મહારાજ અંદર ગયા ત્યાં આખો દાયરો બોલી ઉઠયો:-આવો પોપટ મહારાજ! આવો, કેસરીસિંહ! આવો. પોપટ મહારાજ એ તો ગીરનો સાવજ કહેવાય સાવજ.' આ શબ્દો સાંભળતાં પોપટ મહારાજની છાતી વેંતવેંત ઉછળવા લાગી અને રૂંવાડે રૂંવાડે શૂર ચઢયું. પોપટ મહારાજ બોલ્યા કે,

બાપુ! હવે આપણે બધાને મોડું થાય છે, હડાળા અહીંથી ઘણું છેટું છે તો હવે આપણે ઉપડવાની તૈયારી કરીએ. ત્યાં તો દાયરામાંથી જવાબ આવ્યો કે, પોપટ મહારાજ ! બાપુ આ દરબારગઢ અને જનાનખાનાની જોખમદારી તમોને સોંપે છે, તો હવે એ આબરૂ તમારા હાથમાં છે. તમો રાજયના નિમકહલાલ માણસ છો, જેથી તમારે ગઢમાં રહેવાનું છે.

પોપટ મહારાજે કહ્યું કે,—ભલે બાપુ! એમ કહેતા હોય તો આ રૂંવાડે રૂંવાડે જીવાવાળાનું લૂણ ભરેલું છે, એમાં હું કાંઇ નવાઇ નથી કરતો.

પોપટ મહારાજ ત્યાં રોકાણા અને આપો વાલેરો અને આપો સુરા તથા આપા સેલાર એવા કેટલાક કાઠી બરકંદાજ યુવાનોએ બગલમાં બારા નંબરની બંદુકો અને ખભે કારતુસની હમેલો આડી નાખી દીધી. સાથે કેટલાક સિંધીઓ જૂની જામગીરી બંદુકો કે જે ધડાકાની સાથે ગીરના ગાળેગાળા ધણધણાવી નાખે તે ખભે લઇને થયા રવાના. બાપુ પધાર્યા જાણી પોપટ મહારાજ ગઢને ચોકી ભરે છે અને વારે વારે એ શબ્દ યાદ કરે છે કે, બાપુ ગયા ત્યારે મને ખાનગીમાં કહેતા ગયા કે, ગઢની આબરૂ તમારા હાથમાં છે. આમ ખડે પગે ગઢની ચોકી કરતાં આખી રાત્રિ વ્યતીત થઇ ગઇ. આવી રીતે ખડે પગે ચાર દિવસ ચોકી કરી અને આજે પાંચમો દિવસ છે. બપોરનો વખત છે. ગઢમાંથી ગોલી આવીને પોપટ મહારાજને કહેવા લાગી કે, રાણીબા સાહેબે કહેવરાવ્યું છે કે કોટડેથી ધોળનાં ગાડાં મંગાવવાં છે તો ચાર પાંચ ગાડાં વેઠે કઢાવી મોકલી દિયો.

પોપટ મહારાજે તુરતજ પસાયતાને બોલાવી ગાડાં વેઠે કઢાવી કોટડે રવાના કરવા હુકમ કર્યો. દરમિયાનમાં પોપટ મહારાજને વિચાર આવ્યો કે, ચાલને કોટડે આંટો દઇ આવું. દિવસ હશે ત્યાં પાછો આવી જઇશ અને ગાઉ એક થાય છે તેથી કાંઇ વાર નહિ લાગે. એમ વિચારીને ગાડામાં બેઠા અને જનાનખાનામાં કહેવરાવ્યું કે, હું કોટડે જાઉં છું. દિવસ હશે ત્યાં આવી જઇશ. અને ગાડાં હંકાર્યાં.

પોપટ મહારાજ કોટડામાં આવ્યા. ચોરા પાસે ગાડાં ઉભાં રખાવ્યાં અને પોતે ઘેર જઇ પોતાના મોટા દીકરા લાલજીને પૂછવા લાગ્યા કે, બેટા! આજે બેડાવાલા ખેતરે કોઇ સાંતી હાંકવા ગયું છે ? આ જ્યાં પૂછે છે ત્યાં તો નાનો છોકરો હાથમાં પરોણો અને શ્વાસભર્યો દોડતો આવી કહેવા લાગ્યો કે, ભાઇ! હમણાં મને દીપડો

ખાઇ જાત. આપણા બળદને તો ખાઈ જશેજ. ખેતરમાં આડફળું બાંધીને બેઠો છે. આ વાત સાંભળતાં પોપટ મહારાજને રૂંવાડે રૂંવાડે શૂર વ્યાપ્યું અને બોલ્યા કે, એ કૂતરાના શા ભાર છે, હમણાંજ મારી નાખું; એમ કહી મેલી દોટ. હાથમાં નહિ કાંઇ હથિયાર કે સાથે ન મળે કોઇ માણસો. માઇલ દોઢ માઇલ આવ્યા. મોટી મોટી નદીઓ અને વચમાં ખેતર તથા પડખે સટકીઓ ડુંગર. શિખર ઉપર મહાન મોટા પથ્થર, કેમ જાણે રાણકદેવીએ થાપો માર્યો હોય એવી રીતે પથરાઓ તોળાઈ રહેલા હતા.

પોપટ મહારાજે ખેતરમાં જઇ પડકાર કર્યો કે, ઉભો રહેજે કૂતરા! અવાજ સાંભળતાંજ દીપડો ઉછળ્યો અને થયો પોપટ મહારાજની સામો. ઝાડનો ઓથ લીધો. ત્યાં તો કેટલીક માલધારીની ભેંશો માથે પૂછડાં લેતીકને કેમ જાણે પોપટ મહારાજની વહારે આવતી હોય તેમ દોડી આવી અને દીપડાને માથાં મારવા લાગી. દીપડો તેમાંથી છટક્યો. આવ્યો પોપટ મહારાજની પાસે. આવ કૂતરા! આવ. તારે મારી સાથે ભેટવું છે? તો થઇ જા મરદનો દીકરો! એમ કરીને નાખી બાથ, આવ્યા બેઉ બાથોબાથ! ઘડીક દીપડો નીચે તો પોપટ મહારાજ ઉપર. એમ અર્ધો કલાક ધિંગાણું ચાલ્યું. જનાવર મોટું હતું અને જ્યાં ફાવે ત્યાં બટકાં ભરવા લાગ્યું. પોપટ મહારાજે વિચાર્યું કે, આ તો તળમાં રોકી દેશે, એમ ધારી હિંમત નહિ હારતાં દીપડાની ગળકી ઝાલી કર્યો ઘા અને ચઢી બેઠા ઉપર. જડબી બે હાથે ફાડી નોખનોખી ખેંચી રાખી. એ વખતનો દેખાવ મહાકાળીએ કેમ જાણે દૈત્યોને મારવા ચંડી સ્વરૂપ ધારણ કરેલ હોય તેમ અંગોઅંગ શૂર ચઢી ગયેલ છે. ભાલ વિશાલ, રૂપેરી વાળ, આકૃતિ મહાન યોદ્ધાને શરમાવે તેવી અને સ્થાન વનનું હતું; પરંતુ શૂરવીરતા યુવાનોને લજાવે તેવી હતી. એણે જોરથી કર્યો સાદ કે છોકરા! હવે દોડ, નકર આ કૂતરો મને ખાઇ જશે. આમ સાંભળી છોકરો દોડી આવ્યો. છોકરાએ મોટો પથ્થર લીધો. પિતાનાં કાંડાં જાળવી દીપડાના માથા ઉપર માર્યો. ત્યાં માથાના ચૂરેચુરા થઇ ગયા.

પોપટ મહારાજ ઉભા થયા. કેમ જાણે કરણ રાજાએ બાણગંગા ઉત્પન્ન કરેલ હોય તેમ કરોડો બાણગંગા પોપટ મહારાજના શરીરમાંથી નીકળવા લાગી, અને આવ્યા ઘેર. પોઢ્યા અમર પથારીએ.

ઉનાળાની ઋતુ હતી. દીપડાની એક એક દાઢ કરોડો વિંછીના ડંખ સમાન વેદના કરતી હતી. તેનું શરીર દિનપ્રતિદિન લેવાતું

ગયું. કયારેક એમ પણ બોલાઇ જતું કે, અરે પ્રભુ! જો હું આ માંદગીમાંથી બચીને બે મહિના પછી મરી જાઉં તો મારે શિર કલંક ન રહે; નહિ તો સમાજ મને કહેશે કે, દીપડાના હાથથી મૃત્યુ થયું. તેની માગણી પ્રમાણે શરીરમાં આરામ થયો, પણ પંદર દિવસ બાદ એકાએક તાવની બિમારી લાગુ પડી અને તેનો અમર આત્મા અમરાપુરીમાં સીધાવી ગયો. પ્રભુ એના આત્માને શાંતિ આપે. એની ક્ષણભંગુર દેહ તો પડી ગઇ, પરંતુ અમર કીર્તિ પૃથ્વીના પટપર છવાઇ રહી છે. હજી પણ એ ઘૂઘવતા વડલા આગળ જ્યાં પોપટ મહારાજનું ખેતર છે ત્યાં ગોવાળીઆઓ બપોરને વખતે માલઢોર બેસાડી બોલે છે કે:—

પડકારો કરી પલકમાં, સાર્યો કાળને ઠાર;
એવા શૂરવીરને રણમહીં, વિધએ કરી ન વાર.
ધીંગાણું ધોડીને આદર્યું, પોપટે કરી પડકાર;
પણ અમર રે'ત આલમ મહીં, જો પાસે હોત કટાર.*

("શારદા"ના એક અંકમાંથી)

---

* આ હકીકત ગાયકવાડી કોટડા ડુંગરમાં ખરેખરી બનેલી છે **સંગ્રાહક**

૩૧–મીઠુ હવાલદાર

(લેખકઃ-શ્રી. મયૂર)

ઘોડાપર બેઠા બેઠાજ સાહેબે ત્રીજી વખત બૂમ મારીઃ "હવાલદાર ક્યાં ગુડાણો ?"

"સાહેબ! હમણાંજ આવી પહોંચશે. આશામીને બોલાવવા ગએલ છે." મેં જવાબ વાળ્યો અને ઉમેર્યુંઃ "આપ જરા આરામ લેશો ?"

"પણ કેટલી વાર ? મારે હજુ ચાર ગાઉ જવું છે. એક એક ગામે આટઆટલું રોકાવાનું થાય તો કામ ક્યારે પૂરૂં થાય ?" સાહેબે બળાપા કાઢ્યા અને ઘોડાપરથી નીચે ઉતરવાની તજવીજ કરી.

બે માણસોએ ઘોડાની લગામ ઝાલી લીધી. એક માણસે પેગડા ઉપર પગ દીધો અને એક માણસે સાહેબની કેડ ફરતો હાથ મૂક્યો. સાહેબ બહાદૂર ઘોડા પરથી નીચે ઉતર્યા. ઉતારાની ઓશરીમાં પલંગ ઢાળેલો હતો, તેના પર શરીરને લંબાવ્યું અને બે હજામો સાહેબની ચાકરીએ વળગ્યા. સાહેબના બળાપાનો કાંઇ જવાબ ન વાળતાં હું રસોડામાં સાહેબને માટે ચા તૈયાર કરાવવામાં રોકાયો.

ચા તૈયાર થઇ, સાહેબને પાવામાં આવી અને તૈયાર રાખેલ પાનસોપારી સાહેબે આરોગ્યાં. દરમિયાન હવાલદાર ડેલીના ખાનામાં દેખાયો. એંશી વર્ષનો બુજર્ગ આદમી પૂરા સાત ફૂટ લાંબો, કસાએલા શરીરને હજુયે જાણે લાકડીને ટેકે ટકાવી રાખવા મથતો હતો. તેની ધોળી દાઢી હવામાં હિલોળા લઇ રહી હતી. ઘણી ઉતાવળથી ચાલતો હોવા છતાં વૃદ્ધાવસ્થાને લીધે તેના પગ પાછા પડતા હતા. ડેલીથી ઉતારાની ઓશરી સુધી આવતાં તેણે ત્રણ ઠેકાણે ઠોકર ખાધી. એક જગ્યાએ તો પડતાં પડતાં રહી ગયો. તેની આંખો સારી દેખાવા છતાં તેજ ઘટી ગયેલું હતું.

સાહેબે પલંગ પર પડ્યા પડ્યા ચોથી વાર બૂમ પાડીઃ "તલાટી ! હવાલદાર ક્યાં છે ?"

હવાલદાર તેની આંખની ઝાંખને લીધે ઓસરી પર બેઠેલા સર્વેને સલામ કરવા લાગી ગયો હોત; પરંતુ સાહેબનો અવાજ તેણે સાંભળ્યો અને તેને ઝાઝી સલામ ભરવાની તકલીફ ન પડી. પલંગ પર પડેલા સાહેબને તેણે ઝૂકીને સલામ ભરીઃ "હાજર છું હજુર!"

"અત્યાર લગી ક્યાં ગુડાણો'તો? આશામી ક્યાં? આટલી બધી વાર?" સાહેબ હવાલદારને જોઈ ત્રાડુકી ઉઠ્યા. તેમના સિદ્ધાંત મુજબ દરેક નાના નોકર પર રોફ માર્યેજ કામ થઇ શકે. સાહેબ તે સિદ્ધાંતને પૂરેપુરો અમલમાં મૂકવા તત્પર રહેતા.

"હજુર! આશામીની પાછળ બહુ રખડ્યો, પરંતુ ગામમાં નથી, ખેતર ગયો છે." તેણે ફરીથી ઝૂકીને સલામ ભરી. જીંદગીભરમાં તેણે અનેક અમલદારોને ખૂબ સલામો ભરી હતી, એટલે તેને તે વ્યસન જેવું ગઇ ગયું હતું.

"આશામીનો પત્તો નથી અને તું ગામમાં પાટક્યા કરે? આશામી વિના મારે અહીં શું કામ કરવું? મારૂં કપાળ? તલાટી!"

"જી." મેં અદબથી જવાબ વાળ્યો.

"હજુરનો હુકમ હોય તો સીમમાંથી બોલાવી લાવું." હવાલદારે વચ્ચે ઝુકાવ્યું.

"વળી પાછો તું સીમમાં રખડવા જા અને મારે બે કલાક અહીં બગાસાં ખાવાં? તલાટી! આવા જઇફ માણસને હવે ક્યાં સુધી નભાવ્યે જશો? તેનાથી બિલકુલ કામ થઇ શકે તેમ નથી. તેને નોકરી પરથી દૂર કરવાનો રિપોર્ટ કરી મોકલો."

સાહેબે અમલદારી દોરમાં હુકમ કર્યો.

"હજૂર..."

હવાલદાર વચમાં બોલવા જતો હતો તેને એકદમ સાહેબે અટકાવ્યો. "અહીં કાંઇ પાંજરાપોળ નથી, સમજ્યોને." અને સાહેબે માણસને ઘોડો તૈયાર કરવા હુકમ આપ્યો. "અહીંનું બધું કામ બાકી રહ્યું. હવે આશામી સહિત તમારે આજ ને આજ સાંજ સુધીમાં રાજગઢ મુકામે હાજર થવું." સાહેબે મને હુકમ કર્યો અને ઘોડો દોડાવી ગયા.

દૂર સુધી સાહેબના ઘોડાની ઉડતી ધૂળ હવાલદાર જોઇ રહ્યો.

(૨)

એ વાતને આઠ દિવસ વીતી ગયા. રોજ મીઠુ હવાલદાર ડેલીએ આવીને બેસતો અને વૃદ્ધાવસ્થાનું નૂર નીચોવીને નોકરી બજાવતો. સાહેબના શબ્દોની તેના પર કાંઇ અસર થઇ ન હતી,

ચૌદ વર્ષની ઉંમરથી શરૂ કરેલી નોકરી તે એંશી વર્ષની અવસ્થાએ પણ એકધારી બજાવ્યે જતો હતો.

તે દિવસે હું ઑફિસમાં બેઠો બેઠો નવી આવેલી ટપાલનાં કાગળિયાં વાંચી રહ્યો હતો. એકાએક મારી આંખ જાણે કામ નથી આપતી તેવો મને ભાસ થયો. મેં ચશ્માં લૂછ્યાં, ફરી ફરીને લૂછ્યાં, અને ફરી ફરીને તે તુમાર વાંચવાનો પ્રયાસ કર્યો. આખરે જે લખાણ હતું તેમાં કાંઇ ફેર ન હતો. મીઠુ હવાલદારની નોકરીના છેલ્લા રામરામનો તેમાં હુકમ હતો. મારી આંખે ઝળઝળિયાં આવ્યાં, ગળે ખરેરી પડી. કેવળ સત્તાના ગાંડપણમાં એક વૃદ્ધ નોકરનો-તેની વૃદ્ધ ઓરતનો-આઠ બાળબચ્ચાંનો રોટલો તૂટી ગયો હતો.

"મીઠુ હવાલદાર!" મેં ખરેરી પડતે અવાજે હવાલદારને બોલાવ્યા.

"બાપુ આવ્યો" હવાલદારે તેના હાથમાં એકધારી કામ કર્યે જતી ઊન કાંતતી તકલી વિંટી લીધી અને તે આવ્યો.

"હવાલદાર! તમારો તુમાર આવ્યો." કેવી રીતે તેને આ દુઃખદ સમાચાર સંભળાવવા તે સૂજ નહિ પડવાથી મેં કહ્યું.

"બાપુ!" તે મારી સામે બેઠો. તેના મુખ પર અશાંતિનું જરાકે ચિહ્ન નહોતું. તેની છાતીના ધડકારામાં કે તેના અવાજમાં જેવો ને તેવોજ વેગ હતો.

"હવાલદાર! તમારી નોકરી તૂટી ગઇ. બહુ ખોટું થયું. સાહેબે તેની જીદ્દ ન છોડી." મારો અવાજ ગુંગળાઇ ગયો.

"બાપુ! માલેકની મરજી!" તેણે ઉંચે આસ્માન તરફ હાથ લંબાવ્યા.

"શું કરૂં? નોકરીને ખાતર આ બધું કહેવું સાંભળવું પડે છે; પરંતુ આ અવસ્થાએ તમારો રોટલો તૂટે તે બહુ વસમું લાગે છે." હું આગળ ન બોલી શક્યો.

"હોય! બાપુ! કિસ્મતની વાત છે. તેમાં અફસોસ શા માટે કરો છો? ઘણા વરસ ધણીનો રોટલો ખાધો." હવાલદાર તેવી ને તેવી સ્વસ્થતાથી બોલી રહ્યા હતા.

"ત્યારે તમારી નોકરી હવે પૂરી થાય છે."

"નહિ, મારો પગાર પૂરો થાય છે. નોકરી તો હજુ જેમની તેમજ રહી છે. બાપુ! ચૌદ પંદર વરસનો હતો ત્યારથી ધણીની નોકરી શરૂ કરી તે આજ સુધી મારી બુદ્ધિ પ્રમાણે કરતો આવ્યો છું. આ શરીરનો માળખો, આ ગામમાં ઝુંપડું કર્યું છે તે અને કાંઇક

માલેકની મહેરબાનીથી પરિવાર વધ્યો છે તે ધણીના રોટલાનેજ આભારી છે. ધણીની રહેમને લીધે આ અવસ્થા ભાળી શકયો છું. હશે, ધણીને મારી જરૂર નથી રહી; પરંતુ મારે હજુ ધણીની જરૂર છે. આજ સુધી ધણીનું લૂણ ખાધું છે તે હવે આ અવસ્થાએ હરામ નહિ કરૂં. ભલે મારો પગાર બંધ થયો, પરંતુ મારી નોકરી ધણીની તહેનાતમાં હજુ જારી છે. બાપુ! આ પંડ અહીંઆં ડેલીના ખાનામાં નાનેથી મોટો થયો અને એકજ ધણીની અદના નોકરી કર્યા કરી છે તેથી હવે તો એજ ધણીની નોકરી બજાવતાં પડશે. આ ડેલીના ખાનામાંજ આ પંડનું આયખું પૂરૂં થવું ખુદાએ નક્કી કર્યું છે તે અહીંજ પડશે. મારા માલેક! ભલે મને પગાર ન મળે, પરંતુ મારી નોકરી કરવાની મને ના ન કહેશો. હું અને મારાં બાલબચ્ચાં આપને આશીર્વાદ દઇશું.” તેણે પોતાની નેકીની વાત કહી નાખી.

હું અવાક્ બની તેની વાત સાંભળી રહ્યો. એક પામર જેવા જણાતા જીવમાં આવો મહાન આત્મા! બસો પાંચસોના પગાર ખાતા અમલદારો પણ ઑફિસ બંધ થયા પછી કાંઇ દરબારના ચોવીસ કલાકના નોકર નથી એવું કહી નાખે, ત્યાં આ અદના હવાલદાર પગાર બંધ થયા પછી પણ પોતાની નોકરીનો એકરાર કરે! મને તેનાં ચરણોમાં લેટી પડવાનું મન થઇ આવ્યું.

હવાલદારે તેની વાત શરૂ રાખીઃ “બાપુ! તમે તો મારી ઉતરતી અવસ્થામાં અહીં આવ્યા. અત્યારે તો મને આંખે સૂઝતું નથી, પગ પણ ચાલતા નથી, શરીર પણ હાથ નથી; પરંતુ બાપુ! આ પગે એકસાથે વીસ વીસ ગાઉની મજલ કરી છે; આ ખંભે પાંચ પાંચ મણના બોજા ઉંચકયા છે; આ શરીરે વીસ વીસ ધાડપાડુઓના સામના કર્યા છે. એ બધી વાત કરી હું મારાં વખાણ કરતો નથી કે આગળની વાત સંભળાવીને હું મારી નોકરીની ફરી અરજ પણ કરતો નથી. મેં મારા ધણીનું લૂણ ખાધું અને તેનું કામ બજાવ્યું, એમાં મેં કયો મોટો પાડ કરી નાખ્યો? પરંતુ હવે હું મારા માલેકની ખરી નોકરી બજાવું ત્યારેજ મારી નેકી ગણાય. બાપુ! આ શરીર તમારૂંજ છે. જ્યારે કામ પડે ત્યારે હુકમ ફરમાવશો.” હવાલદારે ફરી તકલી ફેરવવી શરૂ કરી.

હું આજેજ તેની ઉદારતાનું-તેની નેકીનું માપ કાઢી શકયો. મને મારી નોકરી પ્રત્યે અને અમલદારોની નોકરોની રીત પ્રત્યે દેખીતો તિરસ્કાર ઉત્પન્ન થયો, પરંતુ પેટ!

(૩)

થયું ! હવાલદારની નોકરી બંધ થઇ. મેં સાહેબને ઘણી આજીજી કરી, ઘણી દલીલો કરી, ગામલોકોએ હવાલદારને ફરી બહાલ કરવા ઘણી તડતેવડ કરી, પરંતુ બધું વ્યર્થ ગયું. હવાલદારને ફરી બહાલી ન મળી. તેની જગ્યાએ બીજા માણસની નિમણુક થઇ ગઈ.

હવાલદાર તો હંમેશના કાર્યક્રમ મુજબ ડેલીના ખાનામાં બેઠો બેઠો તકલી પર ઉન કાંત્યે જતો અને સવારસાંજ સલામે આવતો, બે વખત ઘરે જઇ રોટલો ખાઇ આવતો અને ફરી પાછો પહેરા પર ખડો ને ખડો રહેતો. તેના મુખ પર એક પણ ગ્લાનિનું ચિહ્ન ન હતું, તેના પગમાં જરાકે મંદતા ન હતી.

મારી આ સ્થળે બદલી થયાને પાંચ વર્ષ થયાં હતાં, તેટલા વખતમાં હું મીઠું હવાલદારને સાંગોપાંગ ઓળખી શક્યો હતો. દિવસે દિવસે વૃદ્ધાવસ્થા તેના પર જામતી હતી, પરંતુ તેની કામ કરવાની શક્તિ કે તેની નેકીમાં જરાકે ફેર પડયો ન હતો. તંગ સ્થિતિમાં ઉછરેલો અને પ્રથમથીજ હુકમો ઉઠાવવાને ટેવાએલો મીઠુ હવાલદાર મારી આગળના તમામ તલાટીઓનો માનીતો હવાલદાર ગણાતો. બહુ મોટી ઉંમરે અમલદારોની મદદને લીધે તે પરણ્યો અને તેને સંતતિ થઇ. આઠ બાલબચ્ચાંમાં ફક્ત એકજ હવાલદારને તેની વૃદ્ધાવસ્થામાં ટેકો આપે તેવો થયો; પરંતુ પ્રભુને હવાલદારની નોકરીની કસોટી કરવી હશે એટલે તેને પાછો બોલાવી લીધો. હવાલદારના તે બહોળા કુટુંબનો આધાર તેના પગાર પરજ હતો. ટુંક પગારમાં પણ તે સંતોષથી, સાદાઇથી અને સ્વચ્છતાથી રહેતો. તેનું ઘરનું આંગણું ખુદાના નૂર સમું સ્વચ્છ રહેતું અને તેનું ડેલીનું ખાનું તે દિવસમાં ચાર વખત વાળીઝૂડી સાફ કરતો. ઉતારાના વિશાળ ચોગાનમાં એક પણ પાંદડું કે કાગળની ચબરખી પડયાં હોય તે તેને ન ગોઠતું. તેનાં ફાટેલ તૂટેલ લૂગડાં થીગડાં દઇ તે પહેરતો, તેના પર પણ એક ડાઘ તેને ન પરવડતો. ખાનામાં એક તરફ બે માટલાં ભરાવી રાખતો, તે આવ્યા ગયા ખેડુતોને પીવાના ખપમાં આવતાં. સ્થિતિનો તંગ છતાં વિવેકમાં તે ભલભલાને એક કોરે મૂકી દેતો.

આવું તેનું રહનસહન અને તેની નોકરી પ્રત્યેની ચીવટ મારા અંતરમાં વસી ગએલ, એટલે હવાલદાર પ્રત્યે મને ઘણું માન હતું. સાંજને પહોર હું ઉતારાના ચોગાનમાં લીમડા નીચે ખાટલો ઢાળીને બેસતો અને હવાલદાર તકલી ફેરવતો સામે બેસી આપ-

વીતી અને અલકમલકની વાતો કરતો. મારો આખાય દિવસનો થાક તે વખતે ઉતરી જતો.

તેની નોકરી ફરીથી સાંધાય તેવા દરેક પ્રયાસ મેં કરી જોયા, પરંતુ નવા સાહેબને નોકરો પર રોફ બેસાડવો હતો. તેમને જૂના જમાનાની અને જૂના માણસોની જરૂર ન હતી. એટલે મારા પ્રયાસ મિથ્યા ગયા અને હવાલદાર વૃદ્ધાવસ્થામાં આજીવિકાહીન થઇ પડયો, છતાંય તે પ્રથમનીજ માફક નોકરી બજાવ્યે જતો.

(૪)

કેટલાક માણસોનાં નામ પણ સમાજ ઉપર સારી નરસી અસર કરી શકે છે. મીઠુ હવાલદારનું નામ આસપાસના મુલકમાં પંકાતું અને તેની ધાકે ખેડુતોની મોલાત અને માલમત્તા સુરક્ષિત હતાં. કોની દેન કે મીઠુ હવાલદાર જેમાં હોય ત્યાં બાજરાનું એક પણ ડુંડુ ભાંગી શકે? સીમમાં એક ઢોર રેઢું ન ફરી શકે, એવી તેની ધાક હતી.

હવાલદારની નોકરી ગઇ, એટલે હરામખોરોને એક જાતની નિરાંત થઇ. ઘણાયે વરસની તેમની ભૂખ હવે ભાંગશે. તેઓ ખેડૂતોની મોલાતમાં પોતાનાં ઢોર મનમાન્યાં ચરાવી શકશે અને ખેડુતોની માલમત્તા નીરાંતે લૂટશે. હવાલદારની નોકરી તૂટયાના સમાચાર ચારે તરફ ફરી વળ્યા.

તે રાતે ગામમાં સોફો પડી ગયો હતો અને હુંયે સૂઇ જવાની તૈયારી કરી રહ્યો હતો. હવાલદાર ડેલીના ખાનામાં બેઠો બેઠો તકલી ફેરવ્યે જતો હતો. ઝાંખું ફાનસ ધુમાડે ગ્રસાતું બળી રહ્યું હતું. એકાએક ડેલી બહાર બે બંદૂકોના બહાર થયા અને તેની સાથે ડેલીની સાંકળ કોઇએ જોરથી ખખડાવી.

હું સફાળો બહાર આવ્યો અને ડેલી તરફ દોડયો. બીજા પસાયતા અને નવો આવેલો હવાલદાર ઘોરી રહ્યા હતા. હવાલદારે અવાજ સાંભળ્યા અને એકદમ તકલી એક તરફ મૂકી ખીંટીએ લટકાવેલી બંદૂક તરફ દોડયો.

મેં બૂમ મારી “કોણ એ?”

જવાબમાં ડેલીનાં બાર ખૂબજ ખખડાવવામાં આવ્યાં અને જીર્ણ થઇ ગએલાં કમાડ હમણાંજ તૂટી પડશે એમ મને લાગ્યું.

હવાલદારે બંદૂક લીધી અને મારી તરફ ફર્યાઃ “બાપુ! ઓરડામાં સૂઇ જાઓ. એ તો જાન આવી છે.” અને તે સજ્જ થઇને તિજોરીની આડો ઉભો રહી ગયો. બીજા માણસો બેબાકળા

જાગી ઉઠયા અને બહારનો ગોકીરો સાંભળીને ઑફિસના ઓરડામાં ભરાઇ પેઠા. હું પણ મામલો વર્તી ગયો અને ઓરડામાં ભરાયો. બહાર શું થાય છે તે જોવાને ત્રડમાં આંખ લગાડી. કેવળ હવાલદાર તિજોરી આડો બંદૂક તૈયાર રાખી ઉભો હતો.

એકાએક ડેલીનું બારણું કુડુકુ ભુસ કરતું નીચે આવ્યું અને સાત આઠ બુકાનીદાર આદમી ડેલીમાં ધસી આવ્યા. તેઓ વસ્તુસ્થિતિથી વાકેફગાર થાય, તે પહેલાં તો મીઠુ હવાલદારે બૂમ પાડીઃ "ખબરદાર!" અને તેની બંદૂકમાંથી સનનન કરતી ગોળી છૂટી. એક માણસ ચત્તોપાટ પડી ગયો.

વધારે હું જોઇ શકયો નહિ. મારી આંખે કમકમાં આવ્યાં અને મેં આંખો બંધ કરી દીધી. કેવળ ગોળીઓની સનસનાટી અને બંદૂકના ધડાકાજ થોડો વખત મારે કાને પડયા કર્યા.

× × × ×

સવારે હું સ્વસ્થ થયો અને બધું શાંત ભાળ્યું, ત્યારે સાવચેતીથી બહાર આવ્યો. તિજોરી તરફ મારી નજર જતાંજ હું આભો બની ગયો અને આખે શરીરે ચારણીરૂપ થઇ ગએલો મીઠુ હવાલદાર તિજોરી પાસે ચેતનહીણ પડયો હતો. તેનો એક હાથ હજુ પણ બંદૂકના ઘોડા પર હતો. તિજોરીનું સીલ અનામત હતું.

હું એ દશ્ય ન જોઇ શકયો. મારી આંખમાંથી ચોધાર આંસુ સરી પડયાં. ખુદાઇ ફિરિસ્તાના ખુદાઇ નૂર સમું હવાલદારના મુખ ઉપર નેકીનું નૂર પ્રજળી રહ્યું હતું. તેના પર સૂર્યનાં કિરણોએ એક તેજસ્વી વર્તુલ રચ્યું હતું. મૃત્યુદશામાં તે જાણે ધણીની નોકરી બજાવવા તત્પર હોય તેમ પડયો.

× × × ×

સાહેબને જયારે આ હકીકતનો રિપોર્ટ મળ્યો, ત્યારે તેમની મુખમુદ્રામાંથી ફક્ત આટલાજ શબ્દો બહાર પડયાઃ "કેવો માણસ!"

("શારદા" ના વાર્તાઅંકમાંથી)



३२—मांधाता

(લેખકઃ-શ્રી. વરજીવન ગોપાળજી)

[સ્થળ—બેંગાલ જ્યુટ મિલ્સની ડિસ્પેન્સરીનો ઑપરેશન રૂમ. સમય—વહેલી સવાર.]

"ડૉકટર સાહેબ! જલદી ચાલો, મેનેજર સાહેબ બોલાવે છે!"

"કોણ રામુ?"

"જી, હા."

"કેમ શું કામ છે?"

"ઇંદુબહેનને સખ્ત આંચકી આવે છે, અને સરયૂબા તો રડવાજ માંડ્યાં છે. તમે જલદી ચાલો. તમને ખૂબ જલદી બોલાવે છે."

"પરંતુ કહે કે હું નહિ આવી શકું. અને તું સમજાવજે કે, પેલા જ્યુટપ્રેસ પર કામ કરનાર મકનના ઇજા થયેલ પગને હું ઑપરેશન કરૂં છું; એટલે ઑપરેશન પૂરૂં થયા પછીજ હું આવીશ."

(રામુ જાય છે. ડૉકટર એનાં ઓજારો વડે ઑપરેશનની શરૂઆત કરે છે.)

(મકનનો જમણો પગ તદ્દન ભાંગી ગયો છે. જ્યુટ પ્રેસનો એક બહુજ ભારે ભાગ અકસ્માત્ પડવાથી એને ઇજા થયેલી છે. પગનું હાડકું તદ્દન તૂટી ગયું છે, અને ડૉકટરની ઘટતી સારવાર નીચે એને રાખવામાં આવેલ છે.)

"સાહેબ! ડૉકટરસાહેબ આવવાની ના પાડે છે!"

(મોટી મૂછો, ભરાવદાર શરીર, ભર્યું મોઢું, અને ફૂલેલા શરીરનાં મદમસ્ત અંગો, શરીરના રોમેરોમમાં સત્તા, જોહુકમી, આપખુદી અને શ્રીમંતાઇનાં ચિહ્નો—રામુના ઉપર્યુક્ત શબ્દોના શ્રવણમાત્રથી એમનાં ભવાં ઉંચે ચઢે છે. એમની આંખો સહેજ વિકસે છે. એમાં લાલાશ હોય છે.)

"કેમ આવવાની ના પાડે છે?"

"પેલા પ્રેસમેન મકનના પગનું ઑપરેશન કરે છે માટે–"

“અરે! એ બે બદામના મજૂરનું ઑપરેશન જહન્નમમાં જાય! મારી ‘ઈંદુ’નું શું?”

(રોષભર્યા ભાવે ખુરસી પરથી ઉભા થઈ પગ પછાડે છે. હાથમાંનું એક પનીર ખૂબ જોરથી ટેબલ પર પછાડે છે, અને પછી પવનના સૂસવાટામાં રમી રહેલી કાળી મૂછો પર એક આછો હાથ ફેરવે છે.)

(એક મજૂર પ્રવેશ કરે છે)

“સાહેબ! મારૂં બાળક અને બૈરી બંને બિમાર છે, રહેવાની કોટડી તદ્દન તૂટી ગયેલી છે. પાછળની ‘મોરી’ આજ એક માસ થયાં સાફ થઈ નથી. મચ્છરો અને ડાંસ બાળકનાં અને અમારાં શરીર ફોલી ખાય છે; માબાપ! આનો કંઇક બંદોબસ્ત કરો.”

(ખૂબ નિર્બળતાભરી–અને યાચનાયુક્ત ભાષામાં મજૂર ઉપર્યુક્ત શબ્દો ઉચ્ચારે છે. અને પછી એ ગરીબ વદને સાહેબના મુખપર ફેરવાયા કરતી ભાવનાને એકાગ્રચિત્તે નીરખી રહે છે. અસંતુષ્ટ ભાવે કંઇક અણગમારૂપે સાહેબ એનો પ્રત્યુત્તર આપે છે.)

“હર્ષદ! એકથી અનેક પ્રસંગોએ મેં તને સમજાવ્યો છે કે, મફત રહેવું અને મિજાજ રાખવો, એ બન્ને એકીસાથે નહિ પાલવે. ‘મોરી’ સાફ થઇ નથી, તો હાથ શું ભાંગી ગયા છે? અને મચ્છરો અને ડાંસ ફોલી ખાય છે, તો તમને અહીં આવી સ્થિતિમાં રહેવાને કોણ દુરાગ્રહ કરે છે?”

“પણ સાહેબ! આપ પણ મફતજ રહો છો ને? આપની ‘મોરી’ જેમ ઢેડ હમેશ સાફ કરી જાય છે, એજ મુજબ અમારી મજૂરોની મોરીઓ સાફ કરવા એક ‘ઢેડ’ની વ્યવસ્થા ન કરી શકો? દિવસભર શરીરને નીચોવી નીચોવીને તમારી આકરી ચાકરી કરીએ, માંદા બાળક અને બૈરીની સારવાર કરીએ કે મોરી સાફ કરીએ? શું કરીએ સાહેબ! એ જરા કહેશો?”

(હર્ષદ સહેજ ગરમ બને છે. મેનેજર સાહેબ જરા ઉભા થાય છે.)

“તમને ફાવે તેમ કરો. ઠીક છે, મોરીના ઢેડ સાટે શેઠને પૂછી જવાબ આપીશ. કોટડી તૂટેલી હોય તો સરખી કરાવી લેજો. બોલ, હવે તારે છે શું?”

“હું પાંચ રૂપિયા લેવા આવ્યો છું.”

“કેમ?”

“ઘરમાં સ્ત્રી અને બાળક બન્ને બિમાર છે. બાળકને દૂધ પાવા ઘરમાં ફૂટી બદામ પણ નથી. મારા પગાર પેટે રૂ. ૫) માગું છું.”

“પણ ગાંડા! આજ તો મિલ બંધ છે. અહીં કેશ્યર પણ

નથી. તને કોણ આપે ?”

“ તમે. ”

“ભલા માણસ ! મારી પાસે પૈસા ક્યાંથી હોય ? હું પણ જરૂરપૂરતી રકમ રાખું છું. બાકીની બધી રકમ કેશ્યર પાસેજ રહે છે.”

“ તો એ જરૂરપૂરતી રકમમાંથી મને પાંચ રૂપિયા આપો ને કાલે તમે લઇ લેજો. ”

“ એ નથી બની શકે તેવું. તું બીજેથી સગવડ કરી લે. ”

(ઇંદુને આંકડી આવે છે. મજૂર પગે પડે છે)

“ માબાપ ! કોઈ આપે તેવું નથી. આપની ઉપરજ મારો આધાર છે. ”

“ હર્ષદ ! વધુ બકબક કર નહિ. તને ના ન કહી ? ચાલ, બહાર નીકળ, નહિતર મારે નિરર્થક દરવાનને બોલાવવો પડશે.”

“ પરંતુ મારૂં માંદું બાળક મરી જશે, ગરીબપરવર ! ”

(મજૂરની આંખોમાં આંસુઓ ઉભરાય છે. અને નમી નમીને એ સાહેબનાં ચરણોમાં પડે છે. અને સાહેબના રોમના થરમામિટરનો પારો ઉંચે ચઢતો જાય છે.)

“ હર્ષદ ! માથું ના ફોડ; હું ખૂબ દિલગીર છું.”

“ પણ ખાલી માત્ર રૂ. ૨) તો આપો માબાપ ! અમે તમારાજ મજૂરો. બીજે કયે સ્થળે માગવા જઈએ ? ”

સાહેબઃ (સ્વગત) “જહન્નમમાં. ”

“ હર્ષદ ! મારી પાસે હાલ કશું નથી. આવતી કાલે આવજે. હું વ્યવસ્થા કરી આપીશ. આજે બીજે સ્થળેથી લઇ ચલવી લેજે.”

“ના સાહેબ ! હવે મારે કાલે આપના પૈસાની જરૂરજ નથી. મારૂં કામ નિભાવવાવાળો પરમેશ્વર છે ! ”

(કરડી નજરે નિરાશ થઇ હર્ષદ રવાના થાય છે.)

“ રામુ ! જા, દાક્તરને બોલાવ. ”

(અને સાહેબ એમના ઓરડામાં બીડી સળગાવી સહેજ લહેરથી ટહેલે છે)

× × × ×

[સ્થળ—એજ ડિસ્પેન્સરીનો ઑફીસ રૂમ.]

[સમય—વહેલી સવાર (ઑપરેશન પછીનો.)]

“ કેમ હર્ષદ ! કાંતિને કેમ છે ? ”

“અત્યારે બહુજ ગંભીર સ્થિતિ છે. તમે જલદી ચાલો.”

(હર્ષદ ગળગળો થઇ જાય છે. એની આંખમાં આંસુ આવે છે.)

"ચાલ આવું, પરંતુ તું રડે છે કેમ ?"

"સાહેબ ! અમારા ગરીબોના નસીબમાં રડવાનુંજ હોય છે !"

"પરંતુ તું સમજાવ તો ખરો. શું થયેલ છે ?"

"કંઈ નહિ સાહેબ ! તમે જલદી ચાલો."

"ના, તું જરૂર કંઇક મુંઝાય છે, હર્ષદ ! મને ખુલાસો કર; પછી આવું."

(ગરીબોના કુમળા હૈયાનાં આંતરદર્દોને સમજનાર માયાળુ, સેવાભાવી ડૉક્ટર ફરી ફરીને હર્ષદને પ્રશ્નો પૂછે છે. હર્ષદ મેનેજર સાહેબ સાથે થયેલી વાતચીતનો આખોયે પ્રસંગ દર્દભરી ભાષામાં ડૉક્ટર સમક્ષ રજુ કરે છે. એની ગરીબ આંખોમાં દુઃખાશ્રુઓ ઉભરાય છે. એની દયાભરી પરાધીન દશા પર એને ખૂબ ક્ષોભ ઉપજે છે. નીચી દૃષ્ટિએ એ પૃથ્વીમાતા પ્રતિ આંસુભીની આંખોએ નિહાળી રહે છે. જાણે પૃથ્વી માતાને, પોતાને એના ઉદરમાં સમાવી દેવાની પ્રાર્થના ન કરતો હોય ! ગરીબોનાં દર્દોને સમજનાર ડૉક્ટર ખિસ્સામાંથી રૂા. ૫)ની નોટ કાઢે છે, અને નીચી દૃષ્ટિએ નિહાળી રહેલા હર્ષદના હાથમાં મૂકે છે)

"ગાંડા ! એમાં આટલો શું મુંઝાય છે ? લે આ રૂપીઆ, તને સગવડ થાય ત્યારે આપી જજે."

(મૂકભાવે, આભારભર્યા હૈયે, અને હર્ષાશ્રુભીની આંખોએ હર્ષદ એ નોટ લે છે. એની ગરીબ આંતરડી ડૉક્ટરને અંતરના સાચા આશીર્વાદ આપે છે "પ્રભુ તમારૂં ભલું કરશે" એવા શબ્દો એના હોઠે આવે છે. એના હોઠ ફફડે છે.)

"ઠીક હર્ષદ ! ચાલ આપણે કાંતિને જોઇ આવીએ. પછી મારે ઈંદુને જોવા જવું છે."

(રામુ દોડતો દોડતો હાંફ્લો ફાંફ્લો આવે છે.)

"ડૉક્ટરસાહેબ ! જલદી ચાલો. ઈંદુ બહેનને ખૂબ આંકડી આવે છે, જલદી ચાલો. તમે વહેલા આવવા આનાકાની કરી એથી સાહેબ તમારી પર ખૂબ ગુસ્સે થયા છે; માટે જલદી ચાલો."

(પેટ-પીડાને એકસરખી મહત્ત્વ આપતો રામુ ડૉક્ટર સાહેબને મેનેજર સાહેબનું બ્યાન આપે છે. સમજુ ડૉક્ટર રામુના ઉપરોક્ત શબ્દ સાંભળી આછું સ્મિત કરે છે. બીજીજ પળે બિચારા રામુની ગરીબ દયાભરી દશાને લીધે એનું વદન સહેજ ગંભીર બને છે.)

"ભાઇ જા, સાહેબને કહે કે, મેં છેલ્લી દવા આપી છે તેનોજ ડોઝ હમણાં આપે એટલે આંચકી બંધ થશે. અને હમણાંજ

હર્ષદના કાંતિને જોઇને આવું છું, એમ કહેજે."

"પણ પણ સાહેબ! ઇ મારા પર ગુસ્સે થશે. ભાઇસા'બ! તમે જલદી આવોની! કાંતિ કયાં મરી જવાનો છે?"

(હર્ષદના કાને રામુના ઉપરોક્ત શબ્દો અથડાય છે. અને રામુપ્રતિ એ એક વક્ર દૃષ્ટિ ફેરવે છે. બીજી પળે એનો હાથ ઉંચો થાય છે. રામુ પણ હર્ષદને એનો પ્રત્યુત્તર આપવા તૈયાર રહે છે. ડૉકટર બન્નેને અટકાવે છે.)

"કાંતિ કે ઇંદુ કોઇ મરી જવાનું નથી. તું જા, અને મેં કહ્યું તેમ કર."

(ડૉકટર અને હર્ષદ બન્ને જાય છે)

(હર્ષદની ગરીબ ઝુંપડી. માંદુ બાળક અને સ્ત્રી, અધુરાં, મેલાં, ફાટેલાં વસ્ત્રો, નરી સાધનહીનતા અને અણુએ અણુમાં ગરીબાઈ.)

(દાક્તર કાંતિને તપાસે છે. એની માંદગી ગંભીર છે. પળવાર એ સ્થંભે છે અને પછી 'પ્રીસ્ક્રીપશન' લખી આપે છે. બીજી કેટલીએક સૂચનાઓ એની સારવાર માટે આપી ડૉકટર રવાના થાય છે.)

× × × × ×

[સ્થળ—મેનેજર સાહેબના નિવાસસ્થાનમાંનું દિવાનખાનું.]

[સમય—સવારના સાડાઆઠ.]

(રામુ દોડતો આવે છે.)

"સાહેબ! ડાકટરસાહેબ આવ્યા નહિ."

"કેમ?"

'પેલા હર્ષદની સાથે એના માંદા કાંતિને તપાસવા ગયા."

"કેટલો નાલાયક માણસ છે! ત્રણ ત્રણ વખત માણસને દોડાવ્યા છતાં મારી ઇંદુને તપાસવા આવવાની એને ફુરસદ નથી મળતી, અને પેલા બે બદામના હર્ષદના કાંતિ, અને પ્રેસમેન મકનની કિંમત મારી ઇંદુ કરતાં વિશેષ છે?"

"પણ તમે એને શેઠને કહીને રજા અપાવી દ્યોને, એટલે પત્યું. તમને અનેક પ્રસંગોએ એના આવા વર્તન વિષે મેં ફરિયાદો કરેલી, છતાં તમે એ તરફ દુર્લક્ષજ આપેલું. આજે તમારીજ સમક્ષ તમે એ વસ્તુ જુઓ છો"

(મેનેજર સાહેબનાં માંધાતા સમાં સરયૂ પત્ની, તેમની મીઠી, રોષભરી ઝીણી વાણીમાં બોલી ઉઠયાં. અને બોલતાં બોલતાં એમની આંખમાં આંસુ આવી ગયાં—)

"વહાલી! તું ન રડ. હું કાલેજ એ વસ્તુનો નિકાલ કરી નાખીશ."

"જોજો ફરી ન જતા, અને કાલે રજા અપાવવામાં વિલંબ કરશો તો હું કાલથી અનશન આદરીશ. એવા માણસને આપણે શા માટે રાખવો જોઇએ, કે જે આપણાંજ છોકરાં, કે આપણી માંદગી દરમિયાન આપણનેજ ઉપયોગમાં ન આવે ?"

"બરાબર છે-સરયૂ! એને એના વર્તનનો બદલો મળવોજ જોઇએ, હું અવશ્ય કાલે શેઠને વાત કરી એનો ઘાટ ઘડી નાખીશ. તું ના રડ."

(અને મેનેજર સાહેબનાં પત્ની કોઇ મરેલાનું મોં વાળતાં હોય તેમ ડૂસકાં ભરી ભરીને રડે છે. મેનેજર સાહેબ ખૂબ વહાલપૂર્વક એમની સ્નેહભીની સરયૂને આશ્વાસન આપે છે, અને એમ સરયૂનો આક્રંદ મર્યાદા મૂકે છે. મેનેજર સાહેબનું હૃદય આ દૃશ્ય જોઇ સળગી રહે છે. ડૉક્ટરને કોઇ પણ ભોગે રજા આપવા માટે એ એમના મૃતપિતાના આકરા સોગંદ લે છે.)

× × ×

[સ્થળ—જ્યૂટ મિલ્સના મેનેજર સાહેબની ઑફિસ.]

[સમય—મધ્યાહ્ન.]

"ડૉક્ટર સાહેબ! તમને આજથીજ તમારી 'સર્વિસ' પરથી છૂટા કરવામાં આવે છે!"

"મને એકાએક આમ રજા આપવાનું હું પ્રયોજન સમજી શકું?"

"એ વિષે ખાસ તો મને ખબર નથી; પરંતુ મજૂરોની યોગ્ય ચિકિત્સા સામે ફરિયાદો, અને એમની સારવાર સામે અસંતોષ વગેરે વાર્તા શેઠ પાસે ગયેલી અને મને એમના તરફથી તમને વહેલી તકે છૂટા કરવાની સૂચના મળી છે. તે મુજબ મેં ઉપલો હુકમ તમને કર્યો છે."

"તમે એ સંબંધે શેઠને કંઇ કહેલું કે નહિ?"

"ના. મને પણ એ વસ્તુ ઠીક લાગેલી; કારણ એ વિષે કેટલીક ફરિયાદો મારી પાસે પણ આવેલી."

"ભલે ત્યારે, સાહેબજી!"

(ભલા ડૉક્ટરને ઇંદુની આંચકીની માંદગી દરમ્યાન બે બે પ્રસંગે બોલાવ્યા છતાં. હાજરી ન આપવા બદ્દલ "ભળતાજ બહાના" હેઠળ મેનેજર સાહેબ અંતે રજા આપે છે.)

અને એ રીતે મેનેજર સાહેબ એમની "માંધાતા" તરીકેની "મેખ" મારે છે.

અને ભલા ડૉકટરને એની ભલાઇનો બદલો મળે છે.

[આ સ્થળે એટલું નિવેદન આવશ્યક છે કે, કારખાનાંઓમાં જે દવાખાનાની સગવડ રાખવામાં આવે છે તેનો મુખ્ય હિસ્સો મજૂરો માટેજ હોય છે. ગરીબ મજૂરો, જેઓ એમનાં બાળકો અને બૈરાંઓની તેમજ તેમની પોતાની માંદગી દરમિયાન ચિકિત્સા કરાવવા અસમર્થ હોય છે એમને માટેજ ઉપલાં દવાખાનાંઓ યોજવામાં આવે છે. કારખાનાના મેનેજર જેવા શ્રીમંત ગૃહસ્થો માટે એનો ઉપયોગ નજ થવો જોઇએ, એ નિર્વિવાદ વસ્તુ છે. ઉપરાંત આવાં દવાખાનાંઓ મિલને અંગે થતા અકસ્માત વખતે પણ મજૂરો માટે જ રાખેલાં હોય છે.]

(તા. ૧૭-૭-૧૯૩૨ ના "વીસમી સદી"માંથી)

२३-जादुगर

(લેખકઃ-શ્રી. પી. જે. બી.)

સારાયે શહેરમાં ખૂબ ગભરાટ વ્યાપી ગયો. હડતાલનો સૂસવતો પવન વાઈ રહ્યો હતો. મિલઉદ્યોગમાં કામ કરતા લાખ્ખો કામદારોએ પ્રચંડ હડતાલ પાડીને આ અમંગળ પ્રવૃત્તિને આદર આપ્યો હતો! બહુજ અલ્પ સમયમાં હડતાલની વ્યાપક બનતી અસરનો અનુભવ પ્રત્યેકને થઇ રહ્યો.

શહેરના રસ્તાઓ ઉપર 'કાયદો અને વ્યવસ્થા' જાળવવાને માટે પોલીસો ફરતા હતા. કમ્મર પરે રિવોલ્વર રાખી સારજન્ટો ઘૂમી રહ્યા હતા, અને આ જાળવણીમાં ઘોડેસ્વાર પોલીસ પણ હંટર વડે લોકસમૂહને ડારી રહી હતી. સારૂંયે સૈનિકદળ મુખ્ય ચોગાનમાં એકત્ર થયું હતુંઃ યાંત્રિક તોપો પણ ગોઠવાઇ ગઇ હતી. કામદારો તોફાન કરે તો તેમને દાબી દેવાને માટે સરકારતંત્ર સઘળાં સાધનો તૈયાર રાખ્યાં હતાં.

પણ કામદારોએ તદ્દન શાંત રહીને સરકારની સઘળી તૈયારીઓને બીનજરૂરી બનાવી હતી. અથડામણના એક પણ પ્રસંગ વગર હડતાલનો પ્રથમ દિવસ પૂરો થયો અને બીજા દિવસની ઉષા પ્રગટી.

બીજે દિવસે

રસ્તા ઉપર બેકાર કામદારોનાં ટોળાં પાછાં દૃષ્ટિએ પડયાં. આ અસાધારણ અથડામણના રોમાંચ અનુભવતો પ્રજાસમૂહ પણ ગલીએ ગલીએ ભેગો થવા લાગ્યો. પોલીસની ટુકડી આવતાં પ્રજા ગલીઓમાં ભરાઇ જતી. પોલીસો પસાર થતાં પાછાં બધાં બહાર નીકળતાં. ત્રાસ અને જુલ્મના આ નવીન અનુભવમાં પણ એક પ્રકારનો આનંદ હતો.

ઉષા અદૃશ્ય થઇ ગઇ હતી. અને સવારનો સૂર્ય નિષ્પક્ષપાતપણે સ્વાભાવિક ઉગ્રતાથી પોતાનાં કિરણો ફેંકી રહ્યો હતો. આ પ્રચંડ આંદોલનોની જરાયે પરવા ન કરતી હોય તેમ કુદરત

પોતાની પ્રવૃત્તિ કરતી હતી.

કામદારોને મન તો આ આનંદનો અવસર હતો. મૂડીવાદ સામે સંગઠિત સામનો કરવાથી તેમનામાં અજબ આત્મશ્રદ્ધા પ્રગટી હતી. તેમણે શતકોથી સેવેલું સ્વપ્ન આખરે સાચું પડ્યું હતું.

શહેરના સૂના વિભાગ ઉપર એક શ્રીમંત બાઇ અને બાળક જતાં હતાં. બાળકના હાથમાં તેના નવીન કોટનું બંડલ હતું.

'બા! આજે રસ્તા સૂના કેમ છે?'

'અરે, આમ તેમ જોઇશ નહિ. સીધો સીધો ચાલ...'

પણ બાળકે વળી પાછો પ્રશ્ન પૂછ્યો:

'ભાઈ કહે છે કે કામદારોએ હડતાલ પાડી છે!'

'કામદારો?'

'હા'

'શું કામદારોને રસ્તા પર ચાલવાનો પણ હક્ક નથી?'

'પોલીસ કમિશ્નરનો હુકમ છે!'

'કેમ, પોલીસ કમિશ્નરે ના પાડી?'

'જો, મને ત્રાસ ન આપ. મારો હાથ પકડીને સીધો સીધો ચાલ......' બાઇએ કંટાળીને કહ્યું.

'કામદારો ત્યારે ખરેખર ખરાબ છે!'

'કોણ?'

'કામદારો.'

'ના ના તેમ નહિ, પણ કેટલાક ખરાબ છે. તેઓ લોકોને ઉશ્કેરે છે, અને...અરે જલદી ચાલ. વિકટોરિયામાં બેસી જઇએ!"

વિકટોરિયામાં સ્થાન લીધા પછી બાઇને સંતોષ થયો. હવે કામદારોના તોફાનની બીક રહી ન હતી. શહેરના સૂના વિભાગમાં વિકટોરિયા માર્ગ કાપવા લાગી.

'ક્યાં જશો?' ગાડીવાળાએ સવાલ કર્યો.

'ત્યાં સીધાં...જો'

'બાઇ સાહેબ! રૂપિયો આપજો હોં.'

'ત્યારે અમે ટ્રામમાં જઇશું.' બાઇએ જવાબ આપ્યો.

'બાઇ સાહેબ! હવે ટ્રામ પણ રવિવારથી નહિ ચાલે. વારૂ, બેસી રહો.'

'બા! ટ્રામ પણ બંધ પડશે?'

'આ ગાડીવાળો કહે છે!'

'તો હું નિશાળે કેમ જઇશ?'

'તેની તું ચિંતા ન કરીશ. તારા 'ભાઇ' તેને માટે વ્યવસ્થા કરશે.'

રસ્તાની શાંતિ અભંગ હતી. બાળકની મનોવૃત્તિ આવી શાંતિમાં અજબ ખીલી. તેણે ગાડીવાળાનેજ સવાલ કર્યો.

'ગાડીવાળા! તું કામદારોને ઓળખે છે?'

'હું પોતેજ કામદાર છું.'

'ત્યારે તમે કામ કરવાની કેમ ના પાડો છો?'

'ભાઇ! અમારી કંગાલ મજુરી પર આ શેઠીઆઓ કાપ મૂકે છે તેથી. જુઓને, તમારાં માતુશ્રી પણ એક રૂપિયાથી વધુ આપતાં કેટલાં અચકાતાં હતાં?'

'ત્યારે હડતાળ ક્યારે પૂરી થશે?'

'જ્યારે શેઠીઆઓ નમશે ત્યારે.'

'જ્યારે ભૂખ નહિ સહન થાય ત્યારે' બાઇએ વચ્ચે ઉમેર્યું.

'બાઇ સાહેબ! જંગલી પ્રાણીઓને કેળવવામાં ભૂખનો ઉપયોગ માનવી કરે છે; પણ માનવી માનવીના સંબંધમાં પણ આજ આયુધનો ઉપયોગ કરે એ શું માનવતા છે?' વિક્ટોરિયાવાળાએ ક્રોધથી કહ્યું.

બાઇએ જવાબ ન આપ્યો, પણ વિક્ટોરિયાવાળાએ તો પોતાનું ભાષણ ચાલુ રાખ્યું.

"બાઇ સાહેબ! તમારા શરીર પર જે સુંદર સાડી છે, તે કામદારોએ વણી છે. ભાઇએ પહેરેલો કોટ કામદારોએ વણ્યો છે, અને કામદારોએ સીવ્યો છે; છતાં તમારી પાસે આજે મહેલાતો છે અને મારા શરીરને ઢાંકવા માટે એક કપડાનું કૂડતું પણ નથી, એ શું વિચિત્ર નથી? બાઈ સાહેબ! આજે જગતમાં કામદારો દશ દશ કલાક કામ કરી રહ્યા છે, તેઓ જગતમાં સર્વસ્વ ઉત્પન્ન કરી રહ્યા છે, છતાં તેઓ કેમ ભૂખે મરે છે?"

બાઈ સાહેબે જવાબ આપવાની ઇચ્છા જરાયે બતાવી નહિ.

'પણ બા! આ કહે છે તે ખરૂં છે?' બાળકે સવાલ કર્યો.

'તદ્દન ગપ. ન મળે તો તેમનાં નસીબ.'

'સાહેબ! નસીબ બસીબ કંઇ નહિ, આજે તમારા લોક અમારા ઉપર જુલમ વર્ષાવે છે. આજે અમે ઉત્પન્ન કરીએ છીએ અને તમે મોજવિલાસ માણો છો, આજે અમે જહેમત ઉઠાવીએ છીએ...ને"

'બસ, ચૂપ કર; તારૂં ભાષણ અમારે નથી સાંભળવું. ખબરદાર, એક શબ્દ પણ આગળ બોલ્યો છે તો!'

'સાહેબ! ન સાંભળવું હોય તો ન સાંભળો. આવતી કાલથી

વિક્ટોરિયાઓ પણ બંધ થનાર છે. ચાલતાં જવું પડશે ત્યારેજ તમોને ખબર પડશે...’

તેના શબ્દોમાં આવતી કાલનાં એંધાણ હતાં.

કામદાર લત્તામાં

‘બિરાદરો! આ આપણો આખરી સંગ્રામ છે. આ આપણી છેલ્લી લડત છે. મૂડીવાદે આપણા ઉપર આક્રમણ કર્યું છે તેનો આ એક સીધો જવાબ છે.’ અંગાર વરસાવતો હોય તેમ કામદાર-નેતા શબ્દો વરસાવી રહ્યો હતો. તેના શબ્દે શબ્દે ધિક્કાર ભર્યો હતો; તેના અક્ષરે અક્ષરે વેરની ભાવના સળગી રહી હતી.

‘બિરાદરો! જગતમાં કારખાનાં કોણે ચણ્યાં?’

‘કામદારોએ’ સમૂહમાંથી પડઘો પડ્યો.

‘યંત્રો કોણે ગોઠવ્યાં?’

‘કામદારોએ.’

‘ખાણમાંથી લોઢું કોણ કાઢે છે?’

‘કામદારો.’

‘ત્યારે બિરાદરો! આ કામદારોએ બાંધેલાં કારખાનાં, આ કામદારોએ બનાવેલાં યંત્રો, અને ખેડુતોએ ઉત્પન્ન કરેલા કાચા માલના એકીકરણરૂપ આ કાપડ ઉપર ગંજાવર નફો મેળવવાનો માલિકગણને શું અધિકાર છે? હું પૂછું છું કે, નીતિના કયા સિદ્ધાંતથી આ ક્રૂર શોષણ વાજબી ઠરી શકે છે? બિરાદરો! આ આપણે સર્જેલી સંપત્તિ છે. આ આપણી મિલ્કત છે. એનું સ્વામિત્વ આપણુંજ હોવું જોઇએ.’

વક્તાએ પોતાનું ભાષણ ચાલુજ રાખ્યું. કામદારોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. તેના શબ્દે શબ્દે તેમને નવો માર્ગ સૂઝતો ગયો. વક્તાના વ્યાખ્યાનનું વેહેણ આગળ ચાલ્યું:

‘પેલો ઈશ્વર—એ ઈશ્વર નથી. એ તો જીવતું મૂડીવાદી હથિયાર છે. પાપ અને પુણ્ય જેવી વસ્તુજ નથી. બિરાદરો! પ્રાર્થનામંદિર તો મૂડીવાદીઓએ આપણા માટે ઉભી કરેલી ઇંદ્રજાળ છે. આ ઇંદ્રજાળથી આપણે ન ફસાઇએ. જો ખરેખર પ્રભુ હોત તો શા માટે જગતના આમવર્ગને—વિશાળ જનસમુદાયને શિરે આટલાં દુઃખ હોય? તો શા માટે આપણે આટલી ઘૃણાજનક ગરીબાઈ ભોગવીએ? શું આપણે શ્રમ કરતા નથી? શું આપણાં બાળકો અને સ્ત્રીઓ કારખાનાની કાળી મજૂરી નથી કરતાં? જો પ્રભુ હોય તો તે પ્રભુ આજે પૈસાદારની પડખે ઉભો છે......”

અંધારૂં

'બ્હેન ! આજે વીજળીની બત્તી નથી સળગતી ! હું સારાયે ઘરમાં ફરી વળ્યો, દરેક બટન દાબી જોયું; પણ એક પણ દીવો સળગ્યો નહિ.' પેલા બાળકે બહેનને કહ્યું.

'ખરેખર !'

'હા બ્હેન ! એક પણ દીવો સળગતો નથી.'

'ત્યારે શું એ લોકોએ પણ હડતાલ પાડી ?'

'એમજ લાગે છે.'

'બ્હેન ! આ કામદારોને સરકાર કંઇ કરતી નથી. હું હોઉં તો બધાને મારી નાખું ! જુઓને, મારાથી નિશાળે પણ જવાતું નથી !'

'ભાઇ ! એ સરકારથી જરાયે ડરતા નથી.'

'કેમ વારૂ ?'

'સરકાર તેમને કંઇ પણ કરી શકે તેમ નથી.'

'ત્યારે તો એ જબરા જાદુગર હોવા જોઇએ. જયારે સરકાર આવતી હશે ત્યારે તેઓ જાદુથી અદૃશ્ય થઇ જતા હશે ! અને સરકાર જતી રહેતી હશે ત્યારે પાછા બહાર પડતા હશે. બ્હેન ! મને તો લાગે છે કે, કામદારો કંઇ જબરા જાદુગર છે, નહિ તો સરકારથી તે કેવી રીતે છટકી શકે ?'

જગતની આંટીઘુંટીથી અજાણ બાળકે પોતાનો ઉકેલ કાઢયો.

'ભાઇ ! જાદુ બાદુ કંઇ નથી. કામદારોમાં સંપ ઘણો મોટો છે, નહિ તો સરકારે કયારનીયે હડતાલને તોડી નાખી હોત.'

'એ બધું કંઇ નહિ બ્હેન ! હું ખરૂંજ કહું છું કે, તેઓ જબરા જાદુગર છે. જોને, આપણા ઘરમાં કેટલું અંધારૂં થયું ! ફાનસનો પ્રકાશ તે કંઇ વીજળી જેવો આવે ? જો તો ખરી બ્હેન, નથી ચાલતી ટ્રામ, નથી ચાલતી પોસ્ટ ઑફિસ ! છાપું પણ એક પણ બહાર પડતું નથી. દૂધ પણ થોડા દિવસ પછી નહિ આવે. હવે તો મોટર પણ ચાલતી નથી. આ બધું શી રીતે બન્યું ? હું ખરૂં કહું છું કે, કોઇ કામદારે જાદુ કર્યું છે કે બધાં છાપાં બંધ થઇ ગયાં, ટ્રામ અટકી પડી, ટ્રેન ચાલતી નથી અને આપણા આવાસમાં હવે અંધારૂં થઇ ગયું.'

'ભાઇ ! એમ નથી...પણ...'

'નહિ બ્હેન ! હું ખરૂંજ કહું છું કે, કામદારો મોટા જાદુગર છે; નહિ તો પોલીસના હાથથી બચે ખરા ? એ બધા શેના પ્રતાપ ? જાદુ નહિ તો બીજું શું ?”

ધરપકડ

કમિશ્નરે ફરમાન બહાર પાડયું હતું કે, કોઇ પણ કામદાર-નેતાએ જાહેર ભાષણ ન આપવું.

કામદારોએ ખાનગી સભા ભરવાનું નક્કી કર્યું અને કામદાર લત્તાઓમાં ખાનગી સભાઓ ખૂબ ભરાવા લાગી. ત્યાં સરકાર સામે, માલદારશાહી સામે આકરાં વેણો વરસાવવામાં આવ્યાં !

આખરે સરકારે કામદારનેતાની ધરપકડ કરવાનો નિર્ણય કર્યો. જાહેર શાંતિની જાળવણી માટે તેની પાસે જામીન મંગાયા.

કોર્ટ સમક્ષ નિવેદન કરતાં આ નેતાએ કહ્યું કે 'તમે મારી ધરપકડ કરી શકો છો, પણ તેથી તમો ક્ષુધાનો સંહાર નહિ કરી શકો. તમે મને મારી નાખી શકો છો, પણ તેથી આમવર્ગનાં આ ઉદ્દામ આંદોલનોને તમે નહિ કચડી શકો. મારો સંહાર કરવો એ સહેલ છે, પણ જ્યાંસુધી માનવ ઇતિહાસમાંના આ કારમા કલંકરૂપી શોષણનો સંહાર નહિ થાય, જ્યાંસુધી માનવજીવનની આ દારુણ ગરીબાઈ નાશ નહિ પામે, ત્યાંસુધી આ આંદોલનોનો નાશ તમે નહિજ કરી શકો.'

'યાદ રાખો ઓ ન્યાયાધીશ ! જ્યાં સુધી અમારા પેટમાં ક્ષુધાના અંગાર સળગે છે, જ્યાં સુધી અમારી મહેનત ઉપર અન્ય લોકો મોજવિલાસો માણે છે, ત્યાંસુધી આવી હજારો ધરપકડો થાય તોપણ તમે સફળ બનવાના નથી. આજે દુઃખનો દાવાનળ સળગે છે. યુગ અમારી પડખે છે...'

હડતાલ પછી

થોડા દિવસ થયા અને હડતાલ ખુલી ગઇ. કામદાર માગણીઓને સંતોષવામાં આવતાં પ્રકાશ પાછો આવ્યો. ટ્રામો ચાલી. મોટરો ફરવા લાગી.

નિશાળે જતાં પેલા બાળકે બહેનને કહ્યુંઃ 'બહેન ! મેં નહોતું કહ્યું કે, કામદારો જબરા જાદુગર છે ! નહિ તો એકજ દિવસમાં ટ્રામ, ઇલેકટ્રીક, ટ્રેન વગેરે ચાલુ કયાંથી થાય ? તું માનતી નથી, પણ હું ખરૂં કહું છું કે, કામદારો જબરા જાદુગર છે !'

("નવયુગ"ના એક અંકમાંથી)

૩૪–રસ્તા વચ્ચે પડેલો પથ્થર

(અંગ્રેજી ઉપરથી)

એક હતો રાજા. તે એટલો બધો ડાહ્યો, ભલો અને ન્યાયી હતો કે તેની રૈયત બહુજ સુખી રહેતી અને તેની કીર્તિ ચારે તરફ ફેલાઈ રહી હતી.

પણ તેના ગામના લોકોમાં એક મોટી ખોડ એ હતી કે, કંઇ પણ કામ કરવાનું હોય તો પોતે ન કરતાં બીજા લોકો કરશે, એમ ધારીને બેદરકાર રહેતા; ને છેવટે કોઇ પણ માણસ કામ કરતું નહિ ! આ ખોડ ભુલાવીને લોકોને શિખામણ આપવાનો રાજાએ નિશ્ચય કર્યો.

એ ગામમાં આવવાના ઘણા રસ્તા હતા. તેમાંનો એક રસ્તો બહુ સાંકડો હતો અને તેની બે તરફ ઉંચી ટેકરીઓ હતી. એક દહાડો મધરાતે રાજા છાનોમાનો આ સાંકડા રસ્તા ઉપર આવ્યો અને રસ્તા પર પડેલા ગાડાના ચીલાની વચ્ચોવચ એક ઉંડો ખાડો ખોદ્યો. પછી તેમાં થોડા પથ્થર પાથરીને પોતાના ઝભ્ભા તળે સંતાડેલી કંઇક ચીજ તેણે બહાર કાઢીને પેલા ખાડામાં મૂકી અને પછી બાજુની ટેકરી પરથી એક મોટો ભારે વજનદાર પથરો લાવીને પેલો ખાડો બરોબર ઢંકાઇ રહે તેમ તેના પર મૂકી દીધો. આટલું કરીને તે જતો રહ્યો.

બીજે દહાડે સવારે એક ખેડુત હળ લઇને ત્યાં થઇને નીકળ્યો. રસ્તાની વચ્ચોવચ્ચ જ મોટો પથરો પડેલો જોઇને તે બોલ્યો: ‘તોબા ભગવાન ! આ ગામના લોકો એવા આળસુ છે કે ન પૂછો વાત ! આવડો મોટો પથરો અહીં રસ્તા વચ્ચોવચ કોઇ માણસ કે જનાવરને વાગી બેસે એમ પડ્યો છે, પણ એ ખસેડવાની કોઇની દાનતજ નથી ! બધાજ આળસુ ! આવી સાદી બાબત તરફ પણ કોઇ ધ્યાન આપવાની દરકાર કરતું નથી.’ આટલું કહીને તે પોતાના બળદ એક બાજુએથી તારવી લઇને પથ્થર ઉપાડયા વિનાજ રસ્તે પડયો.

થોડી વાર થઇ ત્યાં એક સિપાઇ નીકળ્યો. તોરમાં ને તોરમાં ગાયન લલકારતો લલકારતો એ ચાલ્યો આવતો હતો. ગાયનમાં તે

એટલો મશગૂલ થઇ ગયો હતો કે રસ્તા વચ્ચે પડેલા પથ્થર તરફ તેની નજરજ ન ગઇ અને તેની ઠેસ વાગવાથી તે જમીન પર પડયો: રસ્તા પરથી લૂગડાં ખંખેરતો અને લોકોની આળસ તથા બેદરકારીને ગાળો ભાંડતો તે ઉઠયો અને પથ્થર ખસેડયા વિનાજ પોતાની તલવાર લઇને ચાલવા માંડયું.

એટલામાં વણઝારાની એક પોઠ નીકળી. તેમાંનો એક બોલ્યો: 'આ મુલક કેવો રસાળ અને સરસ છે, પણ લોકો બહુજ બેદરકાર અને આળસુ લાગે છે. આ પથ્થર કોણ જાણે કેટલાયે દહાડા થયાં અહીં રસ્તા વચ્ચે પડયો હશે, પણ કોઇએ ઉપાડવાની તસ્દી જ લેતું નથી!' આમ એકબીજા અંદર અંદર વાતો કરતા ચાલ્યા ગયા, પણ તેમાંના કોઇએ પથ્થર ખસેડયો નહિ.

દિવસો ઉપર દિવસો અને અઠવાડિયાં ઉપર અઠવાડિયાં વીતી ગયાં. હજારો લોકો ત્યાં આગળ થઇને નીકળ્યા હશે અને આવ-જા કરી હશે, પણ કોઇએ તે પથ્થર રસ્તા વચ્ચેથી ખસેડયોજ નહિ.

આમ ત્રણ મહિના થઈ ગયા. પથ્થર હજી ત્યાં ને ત્યાંજ પડયો હતો. છેવટે એક દહાડો રાજાએ ઢંઢેરો પીટાવીને ગામના તમામ માણસોને ટેકરીઓ વચ્ચેના સાંકડા રસ્તા આગળ, જયા પેલો પથ્થર પડયો હતો ત્યાં, ભેગા થવાનું કહ્યું. લોકોની મેદની જામી. થોડી વારે રાજા આગળ આવીને બોલ્યો: 'મારા ભલા અને નિમકહલાલ ભાઇઓ! આ પથ્થર અહીં રસ્તા વચ્ચે મેં પોતેજ મૂકયો હતો. ત્રણ મહિના થયાં તે એજ જગ્યાએ પડયો છે; પણ હજી સુધી કોઇએ પણ તે ખસેડવાની દરકાર કરી નથી.'

આટલું કહીને તે વાંકો વળ્યો અને પેલો પથ્થર ત્યાંથી ખસેડી નાખ્યો. પથ્થર નીચે એક ખાડો હતો. તેણે લોકોને તે ખાડો બતાવ્યો. તેમાં ચામડાની એક મોટી કોથળી પડી હતી અને તે કોથળી ઉપર લખ્યું હતું કે 'જે માણસ આ પથ્થર અહીંથી ખસેડે તેને ભેટ.'

પછી તેણે કોથળીને મોઢે બાંધેલી દોરી છોડીને કોથળી ઊંધી વાળી. ખનનનન કરતો સોનામહોરોનો ઢગલો કોથળીમાંથી રસ્તા પર વેરાઇ પડયો.

પછી રાજા બોલ્યો કે 'ભાઇઓ! આજના આ બનાવ ઉપરથી ધડો લેજો. કંઇ પણ કામ બીજાઓ કરી નાખશે એવી આશા રાખીને બેસી રહેશો નહિ. જે કામ આપણે પોતે કરવાની તસ્દી લેતા નથી, તે કામ બીજાઓ કરશે એવી આશા કદી રાખતા નહિ.'

("કુમાર"ના એક અંકમાંથી)

૩૫–સરસ્વતી મઠનો મહંત

(૧)

સરજુરામ નવા મંદિરના અધિકારી નિમાયા. શૃંગાર, આરતી અને ભોગ, એ સર્વની વિધિ એવી છટાથી થતી કે એ નવું મંદિર ટુંક વખતમાં બધાનું માનીતું થઇ ગયું. બાર મહિનામાં અનેક ઉત્સવો ઉજવાતા. ગરીબ-તવંગર બધાયે તેમાં ભાગ લેતા.

અન્નકોટ, ફૂલહીંડોલ અને રંગોળી, એ સર્વ પહેલે વર્ષે ખૂબ હોંસથી ઉજવાયા. સરજુરામનો હરખ સમાતો ન હતો.

ત્યાં તો પહેલું વર્ષ પૂરું થયું. મંદિરના ભવ્ય ચોકમાં વાર્ષિકોત્સવ ઉજવાયો. લોકોની ભીડ સખત જામી. જુદાં જુદાં ચોઘડીઆંનાં નગારાં વાગ્યાં. સારાય ગામને આંગણે જાણે ઉત્સવ ન આવ્યો હોય તેમ બધામાં નવો ઉત્સાહ દેખાતો હતો.

સંગીતની મિઠાશથી બધાં ખુશ થયાં. મંડપના વાતાવરણથી બધાં ઉત્તેજિત થયાં ત્યાં તો સંવાદોની પરંપરા શરૂ થઇ. જમાનાને અનુકૂળ સંવાદો લોકોને ગમ્યા. એ સંવાદો ભજવવા સરજુરામે મઠના વિદ્યાર્થીઓને બોલાવ્યા હતા. લોકો એ સંવાદોથી અંજાઇ ગયા. સંવાદો ભજવનાર વિદ્યાર્થીઓનાં વખાણ થયાં. ત્યારપછી સરજુરામે ભાષણ કર્યું. પૈસાદારોનાં તેમાં વખાણ હતાં, માટે પૈસાદારોને તે ગમ્યું; સાધારણ જનસમાજની સેવા કરવાના તેમાં કોલ હતા માટે તેમને પણ ગમ્યું.

લોકો તો આ બધાથી ખુશખુશ થઇ ગયા. એ બધું ઘણુંજ સારૂં હતું માટે નહિ, પણ લોકોએ આવું કદી જોયેલું નહિ માટે તેમને વધારે ગમ્યું. લોકોને તેમની ઉન્નતિ થતી દેખાઈ. એ સ્થિતિ તૈયાર કરનાર અનેક તત્ત્વોમાં સરજુરામનું નામ પણ છૂટે મોઢે લેવાતું.

સરજુરામ તો એ ગણત્રી ઉપરજ બેઠો હતો. લોકોની આંખે ચઢવાનો એ મોકો શોધી રહ્યો હતો તે મોકો તેને મળ્યો; પણ લોકો તો ભૂલકણા કહેવાય એટલે ફરી ફરી તેનું નામ લોકોની આંખે ચઢે

તેવો રસ્તો તેણે શોધી કાઢયો.

તે શેઠીઆઓને રીઝવવા માગતો હતો, પણ તે લોકસેવાને નામેજ થઇ શકે તેમ હતું. સરજુરામ પાસે ત્યાગ કરવા જેવું કશું ન હતું, અને ત્યાગ વિના સેવા સંભવે તેમ ન હતી, પણ એને સેવા કરવી ન હતી અને છતાં મોટું તો થવુંજ હતું.

સરજુરામનું પેટ કોઈ પામી શકયું ન હતું.

(૨)

નકુશેઠ સાંજના મંદિરે આવ્યા. સરજુરામ ગાદી ઉપર બેઠા હતા.

"આવો શેઠ! આવો" અધિકારી બોલ્યા. સરજુરામની આજુબાજુ બેઠેલા બીજાઓ ધીમેધીમે ખસી ગયા. નકુશેઠ ત્યાં આવીને બેઠા.

"અધિકારીજી!" નકુશેઠ બોલ્યા.

"કેમ?" સરજુરામ બોલ્યા.

"એક સૂચના કરૂં?"

"શું?"

"તમે જેમ મંદિરને સંભાળ્યું તેમ આ મારો સરસ્વતી મઠ સંભાળો. તમારે લીધે કાંઇક છોકરા સુધરશે!" નકુ શેઠે તેના તરફ જવાબની આશા રાખતાં જોયું.

"હવે બીજા કોઇને શોધી કાઢો. હું તો આ એકને પણ માંડ પહોંચી વળું છું." સરજુરામ બોલ્યો.

"બીજું કોણ કરે તેમ છે? એતો બધું પહોંચી વળાશે. બીજા કરતાં તો તમે જરૂર સારૂં કરશો. તમારામાં એ શકિત છે."

"એ તો ઠીક, પણ કરવું એટલું સારૂં કરવું." સરજુરામ ફુલાયા.

"પણ તમે કહો તે સગવડતા કરી આપીએ. પછી શું?"

"જો તમને આગ્રહજ હોય તો મને શો વાંધો હોય?"

એ મઠ નકુ શેઠે સ્થાપ્યો હતો, પણ તેમાં વ્યવસ્થાનો અભાવ હતો. વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી હતા, પણ તોફાની હતા એમ કહેવાતું. એ બધું સુધારવા આખરે સરજુરામ એ મઠના મહંત નિમાયા.

સરજુરામને તો મનમાં ભાવતું હતું અને વૈદે કહ્યું. તેને થયું કે "ઝાઝા હાથ રળિયામણા. લોકસેવાનો ડોળ હવે સરસ રીતે કરી શકાશે."

સરજુરામ મઠમાં દરરોજ આવતા. તે જુદા જુદા વિદ્યાર્થીઓને મળ્યા. વિદ્યાર્થીઓને આ નવતર ઉપરી તરફ વિચિત્ર ભાવના થઇ. સંવાદ કરાવ્યા તે વખતની ભાવનામાં તેમને ફેરફાર લાગ્યો.

સરજુરામ દિવસે દિવસે શેઠીઆશાહી વાતાવરણમાં ઘસડાતા હતા. મઠને સુધારવાને બદલે શેઠીઆઓને એ કેમ ગમે, એ જોવા તે તલસી રહ્યા હતા.

એક વાર સવારના મોડા તે મઠમાં આવ્યા.

“કેમ ભાઇ! તમારૂં નામ શું? મોડા મોડા નાહવાનું?” નાહવા જતા એક વિદ્યાર્થીને સંબોધીને તે બોલ્યા.

“આજે સહેજ વાંચવાનું વધારે હતું એટલે થયું કે વાંચીને નાહીશ” વિદ્યાર્થીએ વિનયથી જવાબ આપ્યો.

“પણ તમને ખબર છે એ મઠના નિયમથી વિરુદ્ધ છે?” સરજુરામ વિદ્યાર્થી ઉપર પોતાનો કાબુ સ્થાપતાં બોલ્યા.

“હું સમજુ છું. પણ અગવડ સગવડે ફેરફાર તો થઇજ શકે.”

“એનોજ અર્થ સ્વચ્છંદતા. એ મારે મઠમાં ન જોઇએ. તમને ખબર છે, ગામમાં અમે તમારાં કેટલાં વખાણ કરીએ છીએ? પણ આમ તમને અત્યારે કોઇ શેઠ આવીને જુએ તો કેવી ખરાબ અસર થાય?” સરજુરામે જાણે આખીયે સંસ્થા ઉપર અગણિત ઉપકાર કરી નાખ્યો ન હોય તેવી રીતે દબદબાથી બોલ્યા.

શેઠીઆઓ તો જાણે કેમ વિદ્યાર્થીઓના વર્તન ઉપર ચોકીજ કરતા હોય નહિ! અને શેઠીઆઓના છોકરાઓ તો જાણે મોડા કોઇ દહાડો નાહતાજ ન હોય!

(૩)

આમ ને આમ કરતાં પાંચ વર્ષ વીતી ગયાં. અનેક નવા વિદ્યાર્થીઓ આવ્યા અને ગયા. દિવસે દિવસે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં પક્ષપાત થવા લાગ્યો. સરજુરામ પોતાના ગામનાને ચૂંટતા, પછી પોતાની નાતનાને પણ ચૂંટતા. આથી વિદ્યાર્થીઓ નરમ બુદ્ધિના આવવા લાગ્યા. કોઇ તેજ બુદ્ધિના હતા તે પણ નરમ પડ્યા.

સરજુરામ કહેતા: “આપણી નાત એટલે સમાજસેવકોની નાત. આપણો ધર્મ એટલે સેવા; પણ આ વિદ્યાર્થીઓ સ્વતંત્રતાનો કેવો ઉંધો અર્થ કરે છે.”

સરજુરામ વિદ્યાર્થીઓ પાસે મંદિરનું કામ કરાવતા. ઉનાળામાં ફૂલહીન્ડોલના દિવસમાં ફૂલમંડલી ભરવા રોકતા. કેટલાક વિદ્યાર્થીઓ ખુશામત કરવા હોંશથી કામ કરતા તો કેટલાકને કચવાઇ કચવાઇને કામ કરવું પડતું.

સરજુરામ કહેતા: “આ વિદ્યાર્થીઓને લીધેજ મંદિર આગળ

વધ્યું છે અને આ સમાજસેવા પણ એ લોકોને આભારી છે.” આ પ્રમાણે વિદ્યાર્થીઓનાં વખાણ કરે એટલે લોકો સમજતા કે એ કામ વિદ્યાર્થીઓને ગમતું હતું અને વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં પણ તેટલાજ હોંશિયાર હતા.

“સમાજસેવા એજ ખરૂં શિક્ષણ છે. એકલાં પુસ્તકો શું કામનાં? ભણવા સાથે ગણવું પણ જોઇએ.” સરજુરામ વાતવાતમાં કહેતા, પણ એને મઠની પડીજ ન હતી.

“આ પણ નવા જમાનાની રીત છે. પહેલાં અધિકારીઓ કાન ઝાલીને કામ કરાવતા અને હવે ફૂંકી ફૂંકીને કામ કઢાવે છે.” એક વિદ્યાર્થી ટોળમાં બોલ્યો.

વિદ્યાર્થીઓના અભ્યાસને ભોગે અને વિદ્યાર્થીઓની ઉંડી ઉંડી ઇચ્છા વિરુદ્ધ સમાજસેવાનાં દંભી કાર્યો થતાં. અભ્યાસનાં ધ્યેય ભુલાયાં; લોકસેવાનાં કાર્ય મઠમાં પણ લદાયાં; સરસ્વતી મઠ મટી જઇ એ જાહેર કાર્યનું ભારખાનું થયું. અભ્યાસનું શાંત વાતાવરણ પલટી ત્યાં અનેક જાહેર સેવકોનું ખડભડિયું વાતાવરણ થયું.

(૪)

“આપણું કોઈ ખરાબ ન બોલે તો સારૂં” એવી મનોવૃત્તિ ઉપર ચાલતા સમાજસેવક પહેલાં પોતાની સલામતી શોધે છે. બીકે બીકે ડગલાં ભરતો સેવક નથી પોતાનું ભલું કરી શકતો, અને નથી જેની સેવા કરવાંના ડોળ કરે છે તેનું ભલું કરી શકતો; તેમજ બધાને સારૂં લગાડવા જતાં બધાને ખોટું લગાડવાનો પ્રસંગ આવે, એ પણ તે સમજતો નથી.

સરજુરામ વિદ્યાર્થીઓ પાસે તેમના અભ્યાસને ભોગે પણ કામ કરાવતા. વિદ્યાર્થીઓ કચવાય નહિ એટલે તેમની પણ ખુશામત કરતો. એ મઠનો મહંત હતો એટલે મઠ સંબંધી જેટલી સૂચના આવે તેટલી અમલમાં મૂકતો. વિદ્યાર્થીઓ પણ સરજુરામની અસ્થિર મનોવૃત્તિથી થાકયા હતા. પણ કોને કહે?

મોટા માણસોનાં દરેક કાર્ય મોટાં અને સારાંજ ગણવામાં આવે છે; નહિ કે તે હમેશાં તેવાં જ હોય છે. પણ તે ગણનાર વ્યકિતઓની વૃત્તિઓ ક્ષુલ્લક હોય છે. તેના હાથ નીચેના માણસો તેની ટીકા કરે તોપણ કોઇ સાંભળતું નથી; એટલે તે દબાઇ રહે છે. તેનાથી મોટા માણસોએ તેને સત્તા આપી હોય છે અને તેના કાર્યમાં અંધશ્રદ્ધા રાખે છે, એટલે તેઓ એ તરફ જોતા નથી. બાકી

રહ્યા જે ખુશામતખોર મિત્રો, તેઓ એના કાર્યને વખાણે એટલે અંધશ્રદ્ધાળુ સમાજ તે સ્વીકારે.

મઠમાં પણ તેમજ થતું. સરજુરામનું કામ ન કરે તે વિદ્યાર્થી ઉપર સરજુરામ જુલમ ગુજારતા અને પજવતા. એટલે સુધી કે તેના અભ્યાસમાં વિઘ્નો ઉત્પન્ન કરતા; પણ વિદ્યાર્થી કોને કહે ? ગામમાં વાત કરે તો લોકો તે સાંભળે પણ માને નહિ, અને ઉલટા એમ કહે કે "છોકરાંનોજ વાંક હશે." બીજા ઉપરી અધિકારીને વાત કરવાની ઇચ્છા થાય તોપણ ત્યાં સુધી તેને પહોંચવા કોણ દે ? એ ભલા ભોળા શેઠીઆઓ તો સરજુરામને પોતાના જેટલા ભોળા કલ્પતા હોય અને એની ચાલાકી ઉપર ખુશ રહેતા હોય.

જ્યારે સંસ્થાની જવાબદારી અનેક જણ ઉપર નાખવામાં આવે છે અને તેઓ બેદરકાર રહે છે ત્યારે તેમાંનો એક માણસ તેનો એકહથ્થુ ઇજારો લે છે, પોતાના મનનું ધાર્યું કરે છે, પોતાની સત્તાનો દુરૂપયોગ કરે છે, પોતાના દાંભિક ધ્યેય તરફ સંસ્થાને પરાણે ઘસડી જાય છે.

સરજુરામે ઉજળું એટલું દૂધ દીઠું. પોતાની કીર્તિને માટે તે કાળાં ધોળાં કરતાં શીખ્યા. પોતાના યશયજ્ઞમાં તેણે મઠને હોમ્યો. વ્યવસ્થાને નામે અરાજકતા ચાલી. શાંતિનો માર્ગ ગયો. બળજબરીનો માર્ગ સ્વીકારાયો. પાંચ વર્ષમાં મળેલા યશથી તે પ્રમત્ત બન્યો.

દેવની પૂજાને ઠેકાણે પૈસાદારની પૂજા પેઠી. મઠની સેવાને બદલે વિદ્યાર્થીઓની ગુલામી વધી. હવે સરજુરામ ગરીબોની બહુ દરકાર ન કરતા. હવે તે લોકસેવાની બહુ દરકાર ન કરતા. ધારેલું તેને મળી ગયું હતું. મળેલું પોતાના હાથમાં ચાલુ રહે તેટલા પૂરતીજ એ ખટપટ કરતા.

સરજુરામે એક મહાયજ્ઞ યોજ્યો. નકુશેઠ તેમની સાથે હતાજ, કીર્તિભૂખ્યા ખુશામતખોર મળતીયાએ એ કાર્ય વખાણ્યું. ધીમે ધીમે લોકો એ યજ્ઞની ગોઠવણીમાં સરજુરામની કુટીલ નીતિ સમજવા લાગ્યા. વિદ્યાર્થીઓ તો એ યજ્ઞમાં નીચોવાઇ ગયા. અભ્યાસ તો ગયો.

"મારાથી એ નહિ બને" એક વિદ્યાર્થીએ આખરે થાકીને કહ્યું.

"એટલે ?" મહંત ધડૂકયા.

"બીજા કોઇને કહો; હું એકલો તે કેટલુંક કરૂં ?"

"તે તમે કહેનાર કોણ ? જે જ્ઞાતિએ તમારે માટે આટલું કર્યું

તેનું પણ કામ તમારાથી ન થાય!”

“થયું તેટલું કર્યું—થશે તેટલું કરીશું.” બેદરકારીથી તે બોલ્યો.

“એમજ કે?” સરજુરામ હોઠ દાબી ચાલતા થયા.

તે દિવસથી એ વિદ્યાર્થી ઉપર સરજુરામનો ખોફ ઉતર્યો. તેના ખુશામતખોર અનેક વિદ્યાર્થીઓ તેને પજવવા લાગ્યા; પણ વિદ્યાર્થી ગાંજ્યો જાય તેમ ન હતો. તેણે કહ્યું: “હું પણ હવે જોઇશ કે એમ કેટલીક વાર પરાણે સેવા કરાવાય છે. હું એ મહેતાજીનાં પોકળ ખુલ્લાં કરૂં ત્યારેજ ખરો. હું તો દુઃખી થઇશ, પણ બાકીના બધાને એના પંજામાંથી છોડાવીશ.”

હજુ પણ સરજુરામ તેવો જ રહ્યો છે. તેના તરફ હવે અવિશ્વાસ ઉત્પન્ન થયો છે, પણ તેને તેની સ્થિતિનું ભાન કરાવતાં વખત લાગશે.

(તા. ૧૯-૫-૩૨ના “લોહાણા હિતેચ્છુ”માંથી)

३६–द्रव्यना संताप

(લેખકઃ-શ્રી. હસમુખલાલ મ. કાજી બી. એ. એલ. એલ. બી.)

રાવબહાદુર ધનસ્યામદાસ અને એમના ભાઇ રામશરણદાસ સ્મશાનેથી વળતા હતા. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો; ઓચિંતી રાવબહાદુરે છીંક ખાધી અને પછી કફ ભરેલી ઉધરસ આવી.

"હં" રાવબહાદુર બબડી ઉઠયા.

"સરલાએ કહ્યું હતું તેમજ થયું. આ સ્મશાનયાત્રાઓથી પણ તોબા છે."

ભાઇ સાથે સહાનુભૂતિ બતાવવા રામશરણદાસે પણ છીંક ને ઉધરસ ખાધી અને જવાબ વાળ્યો.

"અરે હારે, તદ્દન ખરાબ."

સ્મશાને પહોંચ્યા તે પહેલાંજ બે ભાઇઓને શરદી થઈ આવી હતી એ ચોક્કસ વાત હતી. પોતાથી બને એટલી છીંકો ને ઉધરસો એમણે ખાધી. સ્મશાનથી થોડે દૂર રસ્તા પર ૧૯૩૦ મોડેલની શેવ્રોલેટ કાર ઉભી હતી. આ મોટરના માલીક રાવબહાદૂર હતા. રાવબહાદુરની અને રામશરણદાસની મુખાકૃતિ લગભગ એકસરખી હતી અને અજાણ્યો કહી શકે નહિ કે, રામશરણને રામનું શરણ હતું અને રાવબહાદુરને લક્ષ્મીનું શરણ હતું. રામશરણે બરાબઝારમાં બુકસેલરની એક નાનકડી દુકાન ખોલી હતી અને દુકાનના પાછલા ભાગમાં પોતાની સ્ત્રી અને પાંચ નાનાં છોકરાં જોડે રહેતા. દુકાનમાંથી પેટિયું નીકળતું અને રામને શરણે થયેલાને ઘટતા સંતોષમાં એઓ જીવન ગાળતા.

રાવબહાદુરે જીંદગીની શરૂઆત તો કાપડની દુકાને ગાંસડા ઉંચકવાના અને કાપડની પેટીઓ ઉપાડવાના કામથી કરી હતી અને ધીમે ધીમે ગુમાસ્તાગીરીથી દુકાનમાં આઠ આનાના ભાગે આવ્યા હતા. એમની દુકાન ચાલતી ધમધોકાર અને આખા ગામમાં એમની દ્રવ્યસંપન્ન સ્થિતિ અજાણી નહોતી, તેની ખાત્રી એક તો એમની

ભારેખમ દુકાન અને બીજી એમની ભારેખમ ફાંદ. એમણે સરકારને વીસ પચીસ હજાર રૂપિયા નિશાળ બાંધવાના પરમાર્થમાં આપ્યા અને એ ઉદાર મહાનુભાવનાની કદરરૂપે સરકાર તરફથી રાવબહાદુરનો ઇલ્કાબ મેળવી સ્વાર્થ સાધ્યો હતો. ત્યારથી ઘનશ્યામદાસ રાવબહાદુરને નામે ઓળખાતા.

સ્મશાનથી થોડે દૂર રસ્તા પર મોટર પાસે આવ્યા પછી રાવબહાદુરે રામશરણને નિમંત્રણ આપ્યું: “રામશરણ! ચાલ, રસ્તામાં તને ઉતારી દઇશ.”

મારે થોડી ફિલસૂફી અહીં હાંકવી જરૂરની છે. મોટર ગાડીવાળા પૈસાદારો! લોકોને રસ્તામાં ન ઉતારી મૂકો. કાં તો તેમને ઠેઠ ઘર સુધી પહોંચાડી આવો કે કાં તો એ કરતા હોય તેમ એમને કરવા દો. થોડી વધારે મિનિટો લાગે તેમાં તમને નુકસાન થવાનું નથી અને તમારા અણકાયમના મહેમાનને એથી ઘણો લાભ થશે. એનો ખ્યાલ તમને ક્યાંથી આવે? સુંદર મોટરમાં આનંદથી મુસાફરી કર્યા પછી ખાડા ખડબચડાવાળા, કાદવવાળા, ગંદા રસ્તા પર ઘર સુધી ચાલતા આવવાથી ભોગવેલી મઝા પણ ઉડી જાય છે એ કલ્પના તમને ક્યાંથી હોય?

રાવબહાદુરમાં ઉદારતા હતી, પણ એ ઉદારતા એમના આરામમાં અને સગવડતામાં અંતરાય ન કરે ત્યાં સુધી. તે માયાળુ હૃદયવાળા હતા; શુભેચ્છક થવા ઇચ્છતા અને ઉદારતા લંબાવવા ન ચૂકતા; પણ તે આટલી સીમા સ્વીકાર્યા પછી. તેથી પોતાના ભાઇ રામશરણને હાઇસ્કૂલ આગળ ઉતારી મુકયા અને પછી પોતાના કેમ્પમાં આવેલા આલીશાન બંગલા ભણી મોટરમાં વહેતુ મૂકયું.

આ ઉપરથી એમ તો ધારવાનું નથીજ કે, રાવબહાદુરને રામશરણ માટે ભ્રાતૃભાવ નહોતો. પોતાના ભાઇને એ ચાહતા, પણ અત્યારે તો એમનું બધું ધ્યાન આ છીંકો અને આ ઉધરસોમાં સમાઇ ગયું હતું. માંદગીને અને દુઃખને તેઓ ધિઃકારતા. આ ઉપરાંત મરણના વિચારમાંથી ભય પામતું એમનું મન મરણને ધિક્કારતું એટલે રામશરણને હાઇસ્કૂલ આગળ ઉતારી મૂકયા ત્યારે આપણે એમ કહીએ કે, પોતાના મગજમાંથી પણ થોડા વખત માટે એમને ઉતારી મૂકયા તો કાંઇ ખોટું નહિ. પોતાના બંગલામાં આવી ગયા પછી પોતાનાં વામાંગ સરલાદેવીને બોલાવ્યાં, સરલાદેવી ન દેખાયાં એટલે તાળી પાડી. (આ તાળી પાડવાની ટેવ રસોઇઆ જમનાદાસને નજ ગમતી, પણ હમેશની માંદી સ્ત્રી અને બે નાનાં

છોકરાં હતાં એટલે આ તાળી પાડવાની ટેવનો પ્રત્યક્ષ વિરોધ એ કરી ન શકતો.) ત્યારે સરલાદેવી પધાર્યાં. બહુ સારાં પત્ની હતાં. એમણે રાવબહાદુરને પથારીમાં ઘાલ્યા, ઉના પાણીની એક નહિ પણ બે કોથળી આપી, અને પોતાના ફેમીલી દાકતર રાવબહાદુર ઘોઘારીને ટેલીફોન કર્યો. બે કલાક પછી રાવબહાદુર ઘોઘારી પોતાની બેગમાં સ્ટીરિયોસ્કોપ, નળીઓ અને કાચની કાપલીઓથી સજ્જ થઇને પધાર્યા. એમણે દરદીની નાડી જોઇ, રેસ્પીરેશન ગણ્યા, ટેમ્પરેચર માપી, લોહીનું દબાણ જોયું, અને બીજી પણ વિવિધ નિરીક્ષા કરી. તપાસતાં તપાસતાં ઘણી વાર તેમણે "આહ" અને "હં" કર્યું. પછી તેમણે સરલાદેવીને બોલાવ્યાં અને કહ્યું: "મને લાગે છે કે, રાતને માટે એક નર્સ રાખીએ તો સારૂં. શરદી સખત થઇ છે." અને પછી તેઓ કંઇ બબડયા, જે અંગ્રેજી ભાષામાં હતું. પોતાની માંદગીની ઘણી ચિંતા કરવા પાછળ રાવબહાદુરની રાત ખરાબ ગઇ અને જ્યાં માંડ માંડ ઉંઘ આવવા માંડતી ત્યાં નર્સ આવતી ને એક પડીકી પાઈ જતી. બીજે દિવસે સવારે રાવબહાદુર ઘોઘારી વહેલા પધાર્યા અને દિવસને માટે પણ એક નર્સ રાખવામાં આવી. રાવબહાદુર ઘોઘારીએ ઘણીજ લાંબી વાર સુધી શરીરની તપાસ કરી. તેમનો ચહેરો ભયમિશ્રિત અને રહસ્યભર્યો દેખાવા માંડયો. છેવટે તેમણે કહ્યું: "રાવબહાદુર સાહેબ! ગળાના કાકડાનો દેખાવ મને જરાય ઠીક નથી લાગતો. તમને હરકત ન હોય તો મારા મિત્ર રાવબહાદુર જાનીની સલાહ આ બાબતમાં લઇએ." રાવબહાદુર ઘનશ્યામદાસ કે જેઓ ઘણાજ ગભરાયલા હતા તેમણે ડોકું ધુણાવી "હા હા" કહી. રાવબહાદુર જાની તેજ દિવસે બપોરે આવ્યા તેમણે પણ ઘણીજ સંપૂર્ણ તપાસ કરી, પણ રાવબહાદુર ઘોઘારી સાથે વરંડામાં વાતચીત કર્યા પછી તેઓએ જાહેર કર્યું કે, મુશ્કેલી કાકડાની નહોતી, પણ ગળાની નળીના સોજાની હતી, અને શહેરમાં એકજ માણસ હતો કે જે ગળાની નળીના સોજાનો એકસપર્ટ હતો અને તે રાવબહાદુર છોલાણી. નસીબ પાધરૂં કે રાવબહાદુર છોલાણી ગામમાંજ હતા અને એમણે માંડમાંડ બીજે દિવસે સવારે આવવાનો સમય આપ્યો. એમણે બીજે દિવસે તપાસ કરી લીધા પછી વરંડામાં રાવબહાદુર ઘોઘારી, રાવબહાદુર જાની ને રાવબહાદુર છોલાણીએ "કન્સલ્ટેશન" શરૂ કર્યાં, જે એક કલાક ચાલ્યા પછી રાવબહાદુર ઘોઘારી રાવબહાદુર ઘનશ્યામદાસ પાસે આવ્યા. તેમણે કહ્યું કે, ગળાપર એક નાનું-વ-અ-ણુંજ નાનું ઑપરેશન કરવું સલાહભર્યું છે. ગળાની નળીનો

સોજો દૂર કરવાની ઘણીજ જરૂર હતી. રાવબહાદુર ઘનશ્યામદાસની ભયગ્રસ્ત આંખ “ હા હા ” બોલતાં વધુ ભયગ્રસ્ત થઇ. “ હા હા બધું જોખમ દૂર કરો.” રાવબહાદુર ઘોઘારીએ વળી ચલાવ્યું: “ દરમિયાનમાં ફેફસામાં કેટલી હદે શરદી પેઠી છે તે બાબતમાં અમારી વચ્ચે થોડી અનિશ્ચિતતા છે; તો તેને માટે મારા મિત્ર ડૉ૦ લાલ બટાકાની સલાહ લેવી જરૂરની છે.” રાવબહાદુર ઘનશ્યામદાસ ના પાડી શકે એવી સ્થિતિમાં હતા જ નહિ. એ તપાસ પણ થઇ ને ફેફસાં ઘણાં જ સારાં જણાયાં. પણ બીજે દિવસે રાવબહાદુર છોલાણી, રાવબહાદુર ઘોઘારી અને ડૉ૦ ગંભીર કે જેઓ પણ ગળાવિષયક જ્ઞાનમાં નિપુણ હતા, તેમની સાથે પધાર્યા. નાનું-ઘ-અ-ણુંજ નાનું ઑપરેશન ફતેહમંદ નીવડયું (એ નાના! ઑપરેશનનો નાનો ઘ-અ-ણોજ નાનો આંકડો પણ થોડા દિવસમાં મળ્યો) અને રાવબહાદુર ઘનશ્યામદાસ સુધર્યા અને બેસી શકવા સુધીની સ્થિતિએ આવ્યા; એટલે રાવબહાદુર ઘોઘારીએ એમની સાથે જુદા જુદા સ્થળની હવા વિષે વાતો ચલાવવા માંડી: “ રાવબહાદુર સાહેબ! મને લાગે છે કે, મહિનો દિવસ આપે માથેરાન જવું જોઇએ. ત્યાંની હવાથી આપને એકદમ ફાયદો થઇ જશે.” રાવબહાદુર ઘનશ્યામદાસ એમનાં વહાલાં (સર્વોત્તમ વહાલો એમનો જીવ) પત્ના સરલાદેવી સાથે માથેરાન ગયા અને મહિનો રહ્યા, અને બાલસૂર્યનાં કિરણોમાં આરામખુરશીમાં બહાર બેઠા બેઠા શહેરમાં રહ્યા હોત તો કેટલા પૈસા કમાયા હોત તેનો સખેદ વિચાર કર્યો.

અને પછી એક દિવસ તેઓ પાછા આવ્યા અને બીજે દિવસે સવારે રાત્રબહાદુર દુકાને ગયા. દાકતરની સલાહ પ્રમાણે વહેલા ત્રણેક વાગે ઘેર આવવા નીકળ્યા. ઘેર આવતાં રસ્તામાં એકદમ પોતાનો ભાઇ રામશરણ યાદ આવ્યો. પરમેશ્વર! પરમેશ્વર! પોતાના ભાઇને એ કેમ ભૂલી ગયા? સ્મશાનયાત્રાનો તે દિવસ એમને યાદ આવ્યો ને રામશરણ પણ છીંક ને ઉધરસ ખાતો હતો એ યાદ આવ્યું. તેઓ બન્ને શરીર વિષે એકસરખી સ્થિતિમાં હતા. રામશરણને શું થયું હશે? રાવબહાદુર ઘનશ્યામદાસને ત્યારે જણાયું કે પોતાના ભાઈને તેઓ ચાહે છે. શૉફરને ગાડી ભાઇને ઘેર-દુકાને લઇ જવા કહ્યું. ધારો-ધારો કે રામશરણ મરી ગયો હોય! સારા દાકતરો બોલાવવા જેટલા કે હવાફેર કરવા જવા જેટલા પૈસા એની પાસે હતા નહિ. ઓ પરમેશ્વર! રામશરણને શું થયું હશે? દુકાનમાં ગયા, રામશરણના નોકરે એમને ઓળખ્યા, હસીને આવકાર આપ્યો

અને ઘરમાં લઇ ગયો; અને તેની પાછળ તેની સ્ત્રી રમા આવ્યાં. બંને તંદુરસ્ત હતાં. "કેમ છો મોટાભાઇ!" "કેમ છો રામશરણ!" થોડી વાર સુધી આડીઅવળી વાતો બંને જણાએ કરી અને પછી રાવબહાદુર મુદ્દાની વાત પર આવ્યા.

" તે દિવસે આપણે સ્મશાને ગયા હતા તે યાદ છે? આપણ એને કેવી શરદી થઈ આવી હતી?"

"કેમ ભૂલી જવાય," રામશરણે જવાબ દીધો " ઘેર આવ્યો ત્યારે માથું બહુ ભમતું'તું ને અવાજ પણ ભારેખમ થઇ ગયો હતો. ઘરમાંથી કહ્યું કે તમને તો સળેખમ થયું છે."

"હા! અને પછી તેં શું કર્યું?"

"હું પથારીમાં સૂઇ ગયો. છાતીએ, ગળે, નાકે ને કપાળ પર યુકેલિપ્ટસ ઑઇલ ચોળી દીધું. તીખા મરીમશાલાવાળી ગરમ ગરમ ચા પીધી. બીજે દિવસે ઉપવાસ કર્યો. સળેખમ મટી ગયું."

"ઓ મારા પરમેશ્વર! ઓ શંકર ભોળા! ઓ ગણપતિ દાદા!" રાવબહાદુરે પોતાના જાડા ધોકા જેવા હાથ ઘુંટણપર મૂકયા "સર્વ ઠેકાણે અન્યાય અને અયોગ્ય લાભ! યુકેલિપ્ટસ તેલ અને ઉપવાસને લીધે બીજે દિવસે આરામ! ઓ પરમેશ્વર, ઓ પરમેશ્વર!" ખરચના આંકડાઓ રાવબહાદુરની આંખ સામે નાચવા માંડયા—સ્પેશિયાલિસ્ટો નર્સો, નાનું—ઘ-અ-ણુંજ નાનું ઑપરેશન—માથેરાનની હવાફેર એ બધું યાદ આવ્યું અને સાથે સાથે એ બધામાં ખરચવા પડેલા ત્રણ ચાર હજાર રૂપિયા અને પોતાની ગેરહાજરીમાં વેપારને થયેલ નુકસાન એ બધું છાતીએ લાગ્યું. ચારે કોર અન્યાય અને અયોગ્ય લાભ! યુકેલિપ્ટસ ઑઇલ અને ઉપવાસ કોઇ બોલતું હોય એમ જણાયું. એમણે ઉંચે જોયું. રમાનું હસતું મોં બોલતું હતું.

"હવે ચા પીનેજ જજો."

પોતાનું માથું ઘણીવાર સુધી ઘણા જોરથી એમણે હલાવ્યું. નહિ કે એમને ચા પીવી હતી. ખરાબ દેખાતી એ ચાને એ અડયા જ નહિ, ઓરડામાં રાંધવાની વાસ આવતી હતી. ઉપર છોકરાંઓ ઘોંઘાટ કરી રહ્યાં હતાં; પણ એમને ત્યાંથી જવું નહોતું. એ ક્ષણે તેમને નવું દર્શન લાધ્યું હતું કે, આ લોકો પાસેથી ઘણું શીખવાનું છે.

"યુકેલિપ્ટસ ઑઇલ અને ઉપવાસ અને આરામ! ઓ મારા પરમેશ્વર!"

("શારદા" માસિકમાંથી)

३७–देपाळदे गोहेल

(લેખકઃ-શ્રી. હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી)

આ ઉચ્ચ હૃદયના, કોમળ સૃષ્ટિની ખરી કિંમત કરનાર ગોહીલકુલભૂષણ રાજાથી સૌરાષ્ટ્રનું કોઇકજ ઘર અજાણ હશે. રાજા પરમ ઉદાર હતો. પરાર્થ માથું મૂકવા, જીવન સમર્પણ કરવા તે સદા તૈયાર થતો. તે પોતાની પ્રજાને સુખી જોઇ સદા પ્રસન્ન રહેતો. પ્રજાને સુખે સુખી ને પ્રજાને દુઃખે દુઃખી એ તો તેના હૃદયનો જીવનમંત્ર હતો. જે વખતની વાત થાય છે તે વર્ષ દુકાળનું હતું. આગલે વર્ષે પણ દેશમાં વરસાદ જરાય થયો નહોતો; પણ જેમ તેમ કરી બિચારાં લોકોએ પોતાનો માલ બચાવ્યો હતો. ત્યાં વળી આ વર્ષે પણ તદ્દન અનાવૃષ્ટિ થઇ. ઢોરઢાંખર ખડપાણી વિના હેરાન હેરાન થઇ મરવા લાગ્યાં. મહામહેનતે ખેડુતો જેઠ માસ ભેળા તો થયા. આકાશમાં વાદળાં ચઢવા લાગ્યાં. ખેડુત પોતાના દુર્બળ બળદોથી આછું પાતળું ખેડવા લાગ્યા. આમ ચાલતું હતું ને એક દિવસ રાજા દેપાળદે ભારે હૈયે પોતાના ગરીબ ખેડુતની દશા નિહાળતો નિહાળતો પોતાની રાજધાની પાળિયાદને સીમાડે પહોંચ્યો. રાજા દેશની આ માઠી દશા જોઇ અતિ દુઃખી થતો હતો. કોઇનાં ઢોર પર લોહીનું ટીપું સરખું પણ નહોતું, છતાં બિચારા ખેડુતો વરસાદને માટે પોતાથી બનતી તૈયારી કરી રહ્યા હતા. આ સર્વ જોતો રાજા એક દશ્ય જોઇ હેબક ખાઇ ગયો, ને હૈયામાં ભેદાઇ ગયો. એક ખેડુતે પોતાના સાંતીએ બે બળદને બદલે એક બળદ જોડ્યો હતો ને એક સ્ત્રી જોડી હતી. આમ સ્ત્રી અને બળદ બંને સાથે બળ કરી હળ તાણતાં હતાં ને જમીન આછી પાતળી ખેડતાં હતાં. ખેડુત હળનો હાથો પકડી પાછળ ચાલતો હતો. સ્ત્રીના મુખ પરથી પરસેવો ટપકી રહ્યો હતો. જેઠ માસનો ઉગ્ર તાપ પડતો હતો ને તે સ્ત્રીનું મુખ લાલચોળ થઇ ગયું હતું. તે બિચારી બળદની સાથોસાથ બળ કરતી હાંફતી હતી. આ હૃદયદ્રાવક દેખાવે રાજાના હૈયાને

હચમચવી મૂકયું: "અરેરે ! આ તો દુઃખની હદ વળી ગઇ. આ સ્ત્રી: જગતજનેતા મહાદેવી આ પશુની સાથોસાથ જોડાય !" રાજાએ તે ખેડુત પાસે જઇને કહ્યું: "ભાઇ ! આ ન છાજતું ઢોરનું કામ સ્ત્રી પાસે ?" હજુ તો રાજાના મુખમાંથી આ શબ્દો નીકળે છે ત્યાં તો નસીબ પર રોષ કરતો તે હળખેડુ બોલ્યો: "એમાં કેમ કરવું ? જેવાં જેનાં નસીબ તેવું તેને કામ. પણ તને દયા આવતી હોય તો તું આવીને એને ઠેકાણે જોડાઇ જાને ? અમારે મહેનત કરી પાલી અન્ન તો મેળવવુંજ જોઇએ." બિચારો ખેડુત દુઃખનો માર્યો જેવું હતું તેવું બોલી ગયો. આ રાજા છે એમ તે ઓળખી શકયો નહિ. રાજા પંડે જેવો દિલનો સાદો હતો તેવોજ પહેરવેશમાં પણ સાવ સાદો હતો. પ્રજાજનોમાં ભેળાઇ જઇ તેમનું જીવન જાણવા તે સદા જાતેજ તત્પર રહેતો; અને કોઇને ખબર ન પડે તેમ રાજા એ કામ સાધતો.

ખેડુતનું આ બોલવું સાંભળી રાજા દયાથી પીગળી ગયો. જરા પણ બોલ્યા ચાલ્યા વિના તેણે તે સ્ત્રી પાસે જઈ કહ્યું: "બહેન! બહાર નીકળી જાઓ. હું હવે બાકીનું પૂરૂં કરીશ." બિચારી સ્ત્રી શરમાતી ધોંસરૂં તજી દૂર ઉભી ને રાજાએ પોતાની ઑડ પર ધુંસરૂં લીધું. બળદની સાથોસાથ જોર કરી તે સાંતીડું ખેંચવા લાગ્યો. આમ કરી તેણે બાકીના ચાસ પૂરા કર્યા. પછી રામરામ કરી રાજા ચાલતો થયો. તે ખેડુતે અને તેની સ્ત્રીએ તેના તરફ આભારની મીઠી નજર નાખી સામા રામરામ કર્યાં. બે ત્રણ દિવસમાં તો બધે વાવેલું ઉગી લીલુંછમ થઇ રહ્યું; પણ અજબ જેવું તો એ થયું કે, જેટલી જમીન બળદ સાથોસાથ પેલા માણસે ધુંસરે જોડાઇને ખેડી હતી તેટલી જમીનમાં કશુંય ઉગ્યું નહિ. આ જોઈ ખેડુત ઘણોજ અજબ થયો. પછી તેને સૂઝી આવ્યું કે, પેલા માણસે જેટલામાં ખેડયું છે ત્યાંજ કશું ઉગ્યું નથી એટલે માળો છપરપગો તો ખરો ! જ્યાં જ્યાં ચાલ્યાં ત્યાં જમીન બળી ગઇ. અરે મારૂં એટલું બી પણ ફોકટ ગયું ! અરર, ખડ પણ કાંઇએ ઉગ્યું નથી; હશે જેવી ભગવાનની મરજી." આમ ઘડી બે ઘડી વિચાર કરી બોલી બબડી તેણે મન વાળ્યું. ચોમાસું પૂરૂં થયું. કાપણી શરૂ થઇ. અનાજ કપાઇને ખળાભેળું થયું; પણ જુઓ, જ્યાં ખેતરમાં કંઇ ઉગ્યું નહોતું ત્યાં તો કાંઇ કારણસર ખોદતાં તે ખેડૂતે ભોંયમાં નિર્મળ મોતી ઝળકતાં દીઠાં. તેને ઉપાડી લીધાં ને વધારે આગળ ખોદ્યું ત્યાં વધારે મોતી નીકળવા લાગ્યાં, આમ જેટલી જગ્યા ઉગ્યા વિના

પડતર રહી હતી તે બધી ખોદી જોઈ તો તેમાંથી મોતી વિના બીજું કશુંય હાથ આવ્યું નહિ. 'માળું જેટલામાં પેલા માણસના પગ ફરી ગયા છે તેમાં મોતી વિના બીજું કાંઈ નીકળતું નથી' હર્ષઘેલો ખેડુત મોતીનો સુંડલો ભરી પોતાના ધણીને ચરણે દેવા આવ્યો ત્યાં તો જેણે બળદ સાથે ખેડયું હતું તેજ માણસને રાજગાદી ઉપર બેઠેલો જોયો. તેના ચરણમાં મોતીભર્યો સુંડલો મૂકી ખેડુત બોલ્યોઃ–

જો જાણ્યો જડધાર, કે નિર્મળ મોતી નીપજે;
તો વાવત વડવાર, દિ બધોય દેપાળ દે.

હે રાજા! પ્રભુ શંકરનો તું અવતાર છો; પણ મને જો ખબર હોત કે તારી પાસે ઘોંસરૂં તણાવી વાવતાં નિર્મળ મોતી ખેતરમાં પાકે છે તો તો હું તારીજ પાસે મારૂં આખું ખેતર વવરાવત. આમ આ ભોળા ખેડુતનું ભોળું બોલતું સાંભળી તથા તેની રાજભક્તિ ઉપર પ્રસન્ન થઇ ઉદાર દિલના દેપાળદે રાજાએ તે મોતી તેને પાછાં આપ્યાં ને તેનો વાંસો થાબડી તેના દિલમાં ઉત્સાહ પૂર્યો.

("શારદા"ના એક અંકમાંથી)

३८-चिनाइ मंदिर

ઓકસર યુદ્ધના ભડકા બળતા હતા ત્યારે દક્ષિણ મંચુરીઆના નૌ–રૂડન ગામમાં કંગાલિયતે કેર વર્તાવ્યો હતો. ત્યાંનાં ઘરોમાં નહોતી તેજદીપ્તિ કે નહોતો ધનપ્રકાશ. જૈફ થઇ ગયેલી એક વૃદ્ધ સ્ત્રી પોતાનું કોટડું પાડી કડવા દિવસો કાઢતી હતી. તેના ઘરમાં બારીઓ હતી, પણ તેનાં બારણાં તેલી કાગળનાં હતાં. તેને દિવાલો હતી, પણ તે કાચી માટીની હતી. તેના કાંકરા ખર્યાંજ કરતા હતા. અંદર એક ખાટલા સિવાય બીજી શય્યા નહોતી; એક સ્ટૂલ સિવાય બીજી બેઠક નહોતી; એક ભાંગલા પ્યાલા સિવાય બીજું પાત્ર નહોતું.

એ ડોસીએ દિકરો ગુમાવ્યો હતો, પણ દિકરાની વિધવા વહુ સાસુની ચાકરી કરતી. ઘરમાં પૈસાની જબરી તંગી હતી, એટલે પુત્રે બચાવેલી થોડીક દોલત પણ ઘરખર્ચમાં ઘસડાઇ ગઇ. દિવસે દિવસે ગરીબાઇએ વધારે પંજો પાડયો. ઘરમાં કશું રહ્યું નહિ, મહેનત–મજૂરીએ પણ ઝાઝું આણી આપ્યું નહિ. ડોસીનો જીવ બહાવરો બની ગયો. તેની મુંઝવણનો પાર રહ્યો નહિ. પોતાની દિકરી સમી વહુને તેણે કહ્યું: "બેટા ! તું પરણે તો કેમ ? પાછી લગ્ન કરે તો તું સુખી થાય. આમ દાંત સાથે ક્યાં સુધી વેર રાખશું ?"

"પણ મા ! હું પરણું ? મારા ભરથારની પવિત્ર યાદ ભૂલી જાઉં ? તમેજ તમારા દિકરાને આમ ભુલાવી નાખશો ? મા ! મા ! ઓ મા ! મારે નથી પરણવું. મરીને તો જીવશું ને ?" વહુ રડી પડી. તેનો વેગ અટકાવી શકાય એમ નહોતો. તેની આંખોમાં મૃતપતિની પવિત્ર યાદો ભરી હતી, તેના હૈયામાં વિદેહ સ્વામીના અનેક શપથો સંઘરાયા હતા. બીજે ઘેર જવાનો વિચાર પણ એણે નહોતો વિચાર્યો કે નહોતો કલ્પ્યો. પણ એ દીન મુખે સાસુને જોઇ રહી. ફરી, એણે મીઠા બોલ સાંભળ્યા: "દિકરી ! આમ શીદને કરે છે ? તું જુવાન છે; તું તો બચશે ને ? મને યે ભૂખે મારે ગાડી !"

વહુના વદન પર અનેક ભાવો ઉઠી આવ્યા, એના કપાળની

રેખાઓ વિગ્રહ સૂચવતી હતી. એની આંખોમાં કરુણા નીતરી, એના હાથમાં જોમનો અભાવ આવ્યો, એનું હૈયું બીકથી થડકવા લાગ્યું. સાસુજીની વિષમ સ્થિતિનો એને ઓછો ખ્યાલ નહોતો. મૃત પતિનાં સંભારણાં એ એની પવિત્ર મતા હતી; પણ એણે પૂછ્યું: "હું કોણ? નાથ! તમે ગયા ને તમને અખંડ રાખવા મથનારી તમારી પત્ની ક્યાંથી ડગે? પણ માતાને સારે લીધેજ મરવાનું? હાય! કેવી અભાગિણી!"

"સાસુજી!" તેણે સ્પષ્ટ પણ થડકાતાં કહ્યું: "તમે કહો છો તો પરણીશ. પણ ઓ મારા નાથ, નાથ!" એ બેભાન થઇ પડી.

પછી તો બે દિવસો ચાલ્યા ગયા. વહુની અશાંતિને કામચલાઉ શાંતિ મળી. ત્રીસ વર્ષની ઉંમરનો એક આધેડ પુરુષ તેની સામે આવી ઉભો. તેણે પત્ની ગુમાવી હતી, પણ ત્રણ સંતાનોની સંભાળ તેના એકલા પર હતી. તેનામાં માયા હતી, ને દયા હતી. તે બોલ્યો: "કેમ? મને પરણશો ને? તમારી સાસુએ મને કહાવ્યું છે."

"પરણું?" વહુએ એક કરુણ સાદ કાઢ્યો, ને તે પોક મૂકી રડી પડી.

"પરણશો ને?" પેલા પુરુષે ફરીને પૂછ્યું. તેના બોલવામાં નહોતો અવિનય કે નહોતો ગુસ્સો.

"હા," વહુએ સ્પષ્ટતાથી કહ્યું "મારાં સાસુજી કહે છે એટલે."

બન્ને પરણ્યાં; સાદાઇથી બન્નેનાં લગ્ન ઉજવાયાં. સાસુએ દેવલોકની દિકરીસમી વહુને પરઘેર વળાવી, અને નવા પતિએ પોતાની પત્નીની સાસુને સો રૂપિયાની ભેટ દીધી. પતિપત્ની પોતાને ઘેર વળ્યાં, અને સાસુ વળાવતી વહુને ભાળી બોલી: "મારે અંતરે કાણાં."

એ તૂટેલા કોટડાની પાસે એક નિશાળ હતી. પોતાની વહુને મોકલી સાસુને શાંતા વળી નહિ. સો રૂપિયાની થેલી ઉપાડી એ જોવા લાગી. તેની આંખમાં આંસુ ઉભરાયાં, તેના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. તે ડૂસ્કે ડૂસ્કે બોલી: "દિકરી! તને વળાવી તે મારાથી વિખૂટી થવા? હાય! મારો દિકરો શું કહે છે? હું કેવી અભાગણી! દિકરી! તું અહીં રહી હોત તો કેવું સારું?" પણ એ રુદન સમાપ્ત થયું નહિ. એની આંખોમાં આંસુને બદલે ઘેન આવ્યું. એ એકદમ ઉંઘી ગઇ. પડોશના મકાનમાં ભણતા બાર વિદ્યાર્થીઓએ આ ઘટના જોઇ ને વાર્તા સાંભળી. સો રૂપિયાની થેલી પર તેમની નજર પડી. કમળફૂલો લાવવા માટે એ પૈસા ચોરી લેવાની તેમનામાં વૃત્તિ પ્રગટી. એક વિદ્યાર્થીએ ચોરીની સામે વિરોધ લીધો, પણ બીજા અગિયારે એને લપડાક મારી, ને નરમ બનાવ્યો.

છોકરાઓ ગયા ને રૂપિયા ચોરી લાવ્યા.

તે દિવસ આથમી ગયો, ને ભીષણ રાત્રિ પણ સંકેલાઈ ગઇ. વહાણું વાયું, ને ડોસી ઉઠી. સો રૂપિયાની થેલી શોધવામાં તેણે તેની ઘરડી આંખોને કામે લગાડી. પણ એને હાથે થેલી ચઢી નહિ. કલાકો વહી ગયા, પણ એ પૈસાનો પત્તો લાગ્યો નહિ. નિશાળ શરૂ થઇ ગઇ, અને છોકરાએ આ ડોસીની વિહ્વળતા જોઈ, પણ તેઓ કશું બોલ્યા નહિ; પણ તેમણે કરુણ સાદ સાંભળ્યો. તે અવાજ ડોસીનોજ હતો. પહાડ ફાટે એવી તેની વાણી હતી; તેમાં દયા હતી, કરુણાજનક આક્રંદ હતું.

"હાય! કેવી અભાગણી! મેં મારી વહુ ગુમાવી, વહુ આપી પૈસા મેળવ્યા તે ગુમાવ્યા. મારૂં સર્વસ્વ ગયું, દિકરી! ઓ દિકરી! મારાં પૂર્વજન્મનાં પાપ કે મેં તને અળગી કરી!" ને પછી એણે દોરડું ઝાલ્યું, છજ્જા સાથે બાંધ્યું, ને ફાંસો કરી તે લટકી પડી. મરતાં મરતાં એક સાદ નીકળ્યો: 'દિકરી! ઓ દિકરી!

નવે ઘેર ગયલી પત્ની પોતાનાં બાળકોને ઉછેરતી હતી. તેનો પતિ આ ડોસીને કંઈક મદદ આપવા સુથારી કામે ગયો હતો તે આવ્યો, અને તેણે લાવેલી ભેટો સાથે પત્નીને આગલે ઘેર જવાનું કહ્યું. પત્ની ગઈ. એ કોટડામાં સાસુની ખરી જતી કાયાનું ભ્રમણ નહોતું સંભળાતું. એ અંદર ગઇ ને ફાંસે લટકતી સાસુને જોઇ ચમકી: "હાય, મા! મારી ખાતર તેં કેટલું કર્યું!" ને તે પણ ફાંસો લટકાવી લટકી પડી. સાસુની સેવામાં હાજર થવા તે બોલી: "માડી! આવું છું હો!"

પત્નીને ગયાને બહુ કલાક વીતી ગયા એટલે પેલો સુથાર પોતાના મોટા છોકરાને ઘર સોંપી આ ઝુંપડામાં આવ્યો. પોતાની પત્નીને અને ડોસીને ફાંસે લટકતાં જોઇ એના હૃદયમાં અનેક ભાવો આવ્યા: 'હા' તે બબડયો "હુંજ ગુનેગાર. હું પરણ્યો ત્યારે આ ડોસીએ ફાંસો ખાધો, તેની દિકરી તેની સાથે ગઇ! હું કેવો!" અને તે પણ અત્યંત પવિત્ર ભાવે ફાંસે ચઢી લટકી પડયો. નિશાળના છોકરાઓએ આ ત્રણેને મરેલાં જોયાં. ગામના અધિકારીને આ કિસ્સાની ખબર પડી, ને સાસુની આજ્ઞાની ખાતર ફરી પરણવા કબૂલ થયેલી સ્ત્રી માટે મંદિર નિરધારાયું; તેમાં ત્રણેની પ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું; પણ તેટલામાં નિશાળના મકાન પર વીજળીના ચમકારા પડયા. પેલો બઇ આ વખતે રડતો કકળતો સંતાતો હતો. તેણે માસ્તરને કહ્યું: "સાહેબ! હુંજ ગુનેગાર. હું જાણતો હતો

કે, આ અગિયાર જણાએ ચોરી કરી છે. ચેતાવ્યા તોપણ તેઓએ મારૂં માન્યું નહિ, અને તેમણે ચોરી કરી. આ ડોસી મરી ગઇ તે મારાજ પાપે. માના પર દેવ રૂઠયાજ હોવા જોઇએ." પછી માસ્તર પોતાના વિદ્યાર્થીઓને બહાર લઇ ગયા, વીજળીનો પ્રચંડ કડાકો પડયો, અગિયાર બાળકો નિષ્પ્રાણ બન્યા. માસ્તર ને બઇ બહાર બચી શકયા.

પછી તો ચિનાઇ સરકારે ભવ્ય મંદિર બંધાવ્યું. ફાંસે ઝૂલી મરનારાં ત્રણેની તેમાં પ્રતિષ્ઠા થઇ; અને અગિયાર બાલકો તેમને નમન કરતા ગોઠવાયા. મરી ગયેલા સુથારના છોકરાઓને ગવર્નરે દત્તક લીધા. આજે આ વાતને અનેક વર્ષો થઈ ગયાં છે, તોપણ હજી પવિત્ર વૈધવ્યનું મંદિર પેલા ગામને સીમાડે ઉભું છે. ને અનેક ભાવિક સ્ત્રીપુરુષો એ મંદિરની ભવ્ય આકૃતિઓને સહર્ષ ને સપ્રેમ વંદન કરે છે.

(૧૭-૪-૧૯૨૫ના અઠવાડિક "નવયુગ"માંથી)

३९-आगीयानी चमक

(મૂળલેખકઃ-શ્રી. પ્રેમચંદજી)

(૧)

પંજાબના રાજા રણજિતસિંહ સંસારમાંથી ચાલી નીકળ્યા હતા. રાજ્યના પ્રતિષ્ઠિત પુરુષો, જેમના દ્વારા રાજ્યની ઉત્તમ વ્યવસ્થા થતી હતી તેઓ માંહોમાંહેના દ્વેષ અને અણબનાવને લીધે હતા ન હતા થઇ ગયા હતા. રાજા રણજિતસિંહે બનાવેલું સુંદર ભુવન અત્યારે નષ્ટ થઇ ગયું હતું. કુંવર દલીપસિંહ અત્યારે ઇંગ્લાંડમાં હતા અને રાણી ચંદ્રકુંવરી ચુનારના કિલ્લામાં. રાણી ચંદ્રકુંવરીએ નાશ પામતા રાજ્યને બચાવવાને ઘણો પ્રયત્ન કર્યો; પરંતુ એને રાજ્યકારભારની વ્યવસ્થાની ખબર નહોતી. અને કૂટનીતિ તો ઇર્ષ્યાની આગ ભડકાવવા કરતાં બીજું શું કરવાની હતી?

રાતના બાર વાગી ગયા હતા. રાણી પોતાના નિવાસભવનની અગાશીમાં ઉભી ઉભી ગંગાની તરફ જોઇ રહી હતી અને વિચાર કરતી હતી કે લહેરો આ પ્રમાણે સ્વતંત્ર શાથી છે? તેમણે કેટલાં ગામ અને નગર ડુબાવ્યાં છે અને કેટલાંય જીવજંતુ તથા દ્રવ્યને ગળી ગઇ છે; છતાં તે સ્વતંત્ર છે. એને કોઇ અટકાવતું નથી; એનું કારણ એ નથી કે, એ અટકાવી શકાતી નથી. અટકાવી તો શકાય; પણ એથી તો એ ઉલટી એવી ગર્જના કરે-એવું જોર કરે કે બાંધેલા બંધ ઉપર થઇને પણ વહેવા માંડે અને એ બંધનનેજ નષ્ટ કરી નાખે-પોતાના જોરથી એને પણ વહાવી લઇ જાય."

આ પ્રમાણે વિચારતાં વિચારતાં રાણી ગાદી પર સૂઇ ગઇ. એનાં નેત્રો આગળ પૂર્વાવસ્થાની સ્મૃતિઓ એકાદ મનોહર સ્વપ્નની પેઠે આવવા લાગી. એક સમયે એની પોતાની ભ્રમરની મરોડ તલવારથી પણ વધારે તીવ્ર હતી અને એનું મંદ સ્મિત વસંતના સુગંધિત સમીરથી પણ વધારે પ્રાણપોષક હતું; કિન્તુ હાય, અત્યારે એની શક્તિ એવી હીનાવસ્થાએ પહોંચી છે કે જો રડે તો પણ તે પોતાનેજ સંભળાવવાને માટે હોય અને હસે તો પણ માત્ર

પોતાનુંજ દિલ બહેલાવવા માટે હોય. કારણ કે તે ગુસ્સે થાય તો પણ હવે બીજાનું શું નુકસાન કરી શકવાની છે ? રાણી અને બાંદીમાં કેટલો ફેર છે ? રાણીની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં કે જે એક વખત વિષથી પણ વધારે પ્રાણનાશક અને અમૃતથી પણ મોંઘામૂલાં હતાં. આ પ્રમાણે એ એકલી નિરાશ હૃદયે કેટલીએ વાર રડી હતી કે જયારે તેને આકાશમાંના તારાઓ સિવાય બીજું કોઇ નીરખનાર નહોતું.

(૨)

આ પ્રમાણે રડતાં રડતાં રાણીની આંખ મળી ગઇ. એનો વહાલો કાળજાની કોર જેવો કુંવર દલીપસિંહ જેમાં એના પ્રાણ વસતા હતા, તે ઉદાસ મુખ આવીને સામે ઉભો રહ્યો. જે પ્રમાણે ગાય આખો દિવસ વગડામાં રહ્યા પછી સાંજે ઘેર આવે છે અને પોતાનાં વાછરડાંને જોતાંજ પ્રેમ અને ઉમંગથી મતવાલી, મદવંતી થઇને દૂધભર્યે સ્તને અને ઊભે પૂંછડે દોડે છે તે પ્રમાણે ચંદ્રકુંવરી પોતાના બન્ને હાથ પસારીને પ્યારા કુંવરને છાતીસરસો ચાંપવાને દોડી; પરંતુ આંખ ઉઘડી ગઇ અને જીવનનાં આશાઓની પેઠે એ સ્વપ્ન પણ વિનષ્ટ થઇ ગયું. રાણીએ ગંગાની તરફ જોઇને કહ્યું: ‘મને પણ તારી સાથે લઇ જા.’ ત્યાર પછી રાણી અગાશી પરથી તરત નીચે ઉતરી. ઓરડામાં એક ફાનસ બળતું હતું એના અજવાળામાં તેણે એક મેલી સાડી પહેરી, ઘરેણાં કાઢી નાખ્યાં અને રત્નોની એક નાનકડી પેટી અને તીવ્ર કટાર કમરમાં રાખીને એ બહાર નીકળી ત્યારે નિરાશાપૂર્ણ સાહસની મૂર્તિ હતી.

“કોન હૈ” કરીને સંત્રીએ બૂમ પાડી.

રાણીએ ઉત્તર આપ્યો: “એ તો હું ઝંગી.”

“ કયાં જાય છે ? ”

“ગંગાજળ લેવા. શિરોઇ ફૂટી ગઇ છે. રાણીજી પાણી માગે છે.”

સંત્રી જરાક આગળ આવીને બોલ્યો: “ચાલ હું પણ તારી સાથે આવું છું, જરા ઉભી રહે.”

ઝંગી બોલી: “મારી સાથે આવતા નહિ. રાણી ઉપર છે તે જોઇ જશે.”

સંત્રીને હાથતાળી આપીને ચંદ્રકુંવરી છુપે બારણેથી અંધારામાં કાંટાકાંકરામાં અથડાતી કુટાતી ગંગાને કિનારે આવી પહોંચી.

અર્ધ ઉપર રાત વીતી ગઇ હતી. ગંગાજીમાં સંતોષપ્રદાયિની શાન્તિ વિરાજી રહી હતી. ગંગાતરંગો ચાંદરડાંઓને ગોદમાં લઇને સૂઇ ગયા હતા. ચારે તરફ શાંતિ હતી.

રાણી નદીને કાંઠે કાંઠે ચાલી જતી હતી અને લળી લળીને પાછળ જોતી હતી. એકાએક એક હોડકું ખીલાની સાથે બાંધેલું જોયું. રાણીએ ધ્યાનથી જોયું તો માછી સૂઇ ગયો હતો. એને જગાડવો એ કાળને જગાડવા જેવું હતું. તેણે તરત દોરી છોડી નાખી અને હોડીમાં કૂદી પડી. નાવડું ધીરે ધીરે પવનની મદદથી ચાલવા લાગ્યું, કે જે શોક અને અંધકારમય સ્વપ્નની પેઠે ધ્યાનના તરંગોની સાથે વહ્યું જતું હતું. નાવ હાલવાથી માછી ચોંક્યો, જાગી ઉઠ્યો. આંખો ચોળતાં ચોળતાં તેણે સામે જોયું તો એક સ્ત્રી હાથમાં હલેસાં લઇને બેઠી છે. ગભરાઇ જઇને તેણે પૂછ્યું: “તું કોણ છે? નાવ ક્યાં લઇ જાય છે?” રાણી હસી પડી. ભયના અંતને સાહસ કહે છે. બોલી: “સાચું કહું કે ખોટું?”

માછીમાર કંઇક ભયભીત થઇને બોલ્યો: “સાચું.”

રાણી બોલી: “તો સાંભળ ત્યારે, હું લાહોરની રાણી ચંદ્રકુંવરી છું. આ કિલ્લામાં કેદ હતી, આજ નાસી જાઉં છું. મને જલદી બનારસ પહોંચાડી દે. તને ન્યાલ કરી દઇશ. અને જો આનાકાની કરી તો જો, આ કટારથી તારૂં માથું કાપી નાખીશ. સવાર પડતાં પહેલાં મારે બનારસ પહોંચી જવું જોઇએ.”

આ ધમકીનો ધાર્યો ઉપયોગ થયો. માછીમારે વિનીતભાવે પોતાની કામળી બિછાવી અને જોરથી હલેસાં મારવા લાગ્યો, કાંઠાનાં ઝાડ અને ઉપર ઝગઝગતા તારા સાથેસાથે દોડવા લાગ્યા.

(૩)

સવારે ચુનારના કિલ્લામાં દરેક માણસ અચંબિત અને વ્યાકુલ હતું. સંત્રી ચોકીદાર અને દાસીઓ બધાં શિર ઝુકાવીને કિલ્લાના માલેક આગળ ઉભાં હતાં. તપાસ ચાલી રહી હતી, પણ કશો પત્તો નહોતો લાગતો.

પેલી તરફ રાણી બનારસ પહોંચી, પરંતુ ત્યાં પહેલેથીજ પોલીસ અને સેનાની જાળ બિછાવેલી હતી. નગરનાં નાકાં બંધ હતાં. રાણીને શોધી લાવનારને ખાસ ઇનામ આપવાનું જાહેર થઇ ગયું હતું.

કેદખાનામાંથી નીકળ્યા પછી રાણીને ખબર પડી કે, તે બીજા એક વધારે મજબૂત કારાગારમાં છે. કિલ્લામાં દરેક માણસ તેની આજ્ઞા પ્રમાણે વર્તવાને તૈયાર હતું. કિલ્લાનો માલેક પણ તેને માનભરી નજરે જોતો હતો; કિન્તુ આજ સ્વતંત્ર થયા છતાં તેના હોઠ બંધ હતા. તેને સર્વ ઠેકાણે નર્યા શત્રુજ દેખાતા હતા. પંખરહિત પક્ષીને તો પાંજરાના ખૂણામાંજ સુખ છે.

પોલીસના અધિકારી બધા આવનારા-જનારાઓને ધ્યાનથી જોતા હતા, કિન્તુ એક ભિખારણની તરફ કોઇનું ધ્યાન જતું નહોતું-જે એક ફાટેલી સાડી પહેરીને યાત્રાળુઓની પાછળ પાછળ આસ્તે આસ્તે શિર ઝૂકાવીને ગંગાની તરફથી આવી રહી છે. નથી એ ચોંકતી, નથી ગભરાતી કે નથી બીતી. કેમકે એ ભિખારણની નસોમાં રાણીનું લોહી છે.

અહીંથી ભિખારણે અયોધ્યાનો રસ્તો પકડયો. દિનભર એ વિકટ માર્ગે ચાલતી અને રાતે એકાદા જનશૂન્ય સ્થાનમાં સૂતી. મોં પીળું થઇ ગયું હતું, પગ છોલાઇ ગયા હતા, સુમનસમું શરીર કરમાઇ ગયું હતું.

ગામડાંઓમાં એ ઘણુંખરૂં લાહોરની રાણીની કહાણી ચર્ચાતી સાંભળતી. કયારેક કયારેક પોલીસના લોકો પણ એને રાણીની શોધમાં જણાતા. તેમને જોતાંજ ભિખારણનાં હૃદમાં સૂતેલી રાણી જાગી ઉઠતી. તે ખુલ્લી આંખે તેમને તિરસ્કારની દૃષ્ટિએ જોતી. શોક અને ક્રોધથી એની આંખો બળવા લાગતી. એક દિવસ અયોધ્યા પાસે આવીને રાણી એક વૃક્ષતળે બેઠી હતી. કમરેથી કટાર કાઢીને તેણે સામે રાખી હતી અને વિચાર કરી રહી હતી કે કયાં જાઉં ? મારી યાત્રાનો અંત કયાં છે? શું આ સંસારમાં હવે મારે માટે કયાંય પણ સ્થાન નથી ?

ત્યાંથી જરાક આઘે એક મોટું આંબાવાડિયું હતું ત્યાં મોટમોટા ડેરા તથા તંબુ તાણેલા હતા. કેટલાક સંત્રીઓ ચળકતાં કપડાં અને હથિયાર સજીને આરામથી ફરતા હતા. કેટલાક ઘોડા બાંધેલા હતા. રાણીએ એ રાજવી ઠાઠમાઠને શોકની દૃષ્ટિએ જોયો. એક વખત એ પણ કાશ્મીર ગઇ હતી અને તેનો રસાલો આના કરતાં કેટલોય ચડિયાતો હતો.

બેઠાં બેઠાં સાંજ પડી ગઈ. રાણીએ ત્યાંજ રાત ગાળવાનો વિચાર કર્યો. એટલામાં એક બુઢ્ઢો માણસ ત્યાં ફરતો ફરતો આવ્યો અને એની આગળ ઉભો રહ્યો. લાંબી દાઢી હતી, શરીરમાં તેજના ચમકારા હતા, કમરે તરવાર લટકી રહી હતી. એ માણસને જોતાંજ રાણીએ તરત કટાર કમરમાં ખોસી દીધી. સિપાઇએ તેની તરફ તીક્ષ્ણ નજરે જોઇને પૂછયું: "બેટી ! કયાંથી આવે છે ?"

રાણીએ કહ્યું: "ઘણે દૂરથી."

"કયાં જવું છે ?"

"એ તો કહી નથી શકતી, ઘણે દૂર."

સિપાઇએ રાણીની તરફ એક વખત પાછું તીણી નજરે ધ્યાનથી જોયું અને કહ્યું: "જરા તમારી કટાર મને બતાવો."

રાણી સાવધતાથી ઉભી થઇ ગઇ અને તીવ્ર સ્વરે બોલી: "મિત્ર છે કે શત્રુ ?"

ઠાકુરે કહ્યું: "મિત્ર."

સિપાઇની વાતચીત કરવાની રીત અને ચહેરામાં એવી કંઇક વિલક્ષણતા હતી કે જેથી રાણીને નાછૂટકે વિશ્વાસ રાખવો પડયો.

એણે કહ્યું: "વિશ્વાસઘાત કરશો નહિ; આ લ્યો, જુઓ."

ઠાકુરે કટાર હાથમાં લીધી. એને ફેરવી ફેરવીને જોઇ અને અત્યંત નમ્રભાવથી આંખે લગાડી. પછી રાણીની આગળ વિનીતભાવથી મસ્તક નમાવીને તે બોલ્યો: "મહારાણી ચંદ્રકુંવરી !"

રાણીએ કરુણ સ્વરે કહ્યું: "ના, અનાથ ભિખારણ! તમે કોણ છો?"

સિપાઇએ ઉત્તર આપ્યો: "આપનો એક સેવક."

રાણીએ તેની તરફ નિરાશાપૂર્ણ દૃષ્ટિએ જોયું અને કહ્યું: "દુર્ભાગ્ય સિવાય આ સંસારમાં મારે કોઇ મિત્ર નથી."

સિપાઇએ કહ્યું: "મહારાણીજી ! એમ ન કહેશો. પંજાબના સિંહની રાણીના વચન ઉપર અત્યારે સુદ્ધાં સેંકડો શિર ઝૂકી શકે છે, દેશમાં એવા લોકો હયાત છે કે જેમણે આપનું નમક ખાધું છે અને એ ભૂલ્યા નથી !"

રાણી—"હવે એની ઇચ્છા નથી. કેવળ એક શાન્ત સ્થાન જોઇએ છે, જ્યાં એક ઝૂંપડા સિવાય બીજું કશું ન હોય."

સિપાઇ—"એવું સ્થાન પહાડોમાંજ મળી શકે છે. હિમાલયની ગોદમાં ચાલો, આપ ઉપદ્રવોથી બચી શકશો."

રાણી—(આશ્ચર્યથી) "શત્રુઓમાં જાઉં ? નેપાલ ક્યારે આપણું મિત્ર રહ્યું છે ?"

સિપાઇ—"રાણા જંગબહાદુર દૃઢપ્રતિજ્ઞ રાજપૂત છે."

રાણી—"કિન્તુ એજ જંગબહાદુર છે ને કે જે હમણાં હમણાં આપણી વિરુદ્ધ લોર્ડ ડેલહૌસીને મદદ કરવાને તૈયાર હતો."

સિપાઇ (જરાક શરમાઇને)—"એ વખતે આપ મહારાણી ચંદ્રકુંવરી હતાં, આજ આપ ભિખારણ છો. ઐશ્વર્યનો દ્વેષ કરનારા અને શત્રુઓ ચારે તરફ હોય છે. લોકો બળતી આગ બૂઝવે છે, પણ રાખને માથા પર ચઢાવે છે. આપ જરા પણ વિચાર ન કરશો. નેપાલમાં હજી ધર્મનો લોપ થયો નથી. આપ ભયનો ત્યાગ

કરો અને ચાલો. જોજો, એ આપણું કેવી રીતે સન્માન કરે છે."

રાણીએ આખી રાત વૃક્ષતળે વીતાવી. સિપાઇ પણ ત્યાંજ સૂતો. સવારે ત્યાં બે તીવ્રગામી ઘોડા હાજર થયા. એકના ઉપર સિપાઇ બેઠો અને બીજા ઉપર એક અત્યંત રૂપવાન યુવક. એ યુવકના વેષમાં રાણી ચન્દ્રકુંવરી હતી, જે પોતાના રક્ષણસ્થાનની શોધમાં નેપાળનો પ્રવાસ કરી રહી હતી. થોડીક વાર પછી રાણીએ પૂછ્યું: "આ છાવણી કોની છે?"

સિપાઇએ કહ્યું: "રાણા જંગબહાદુરની. એ તીર્થયાત્રા કરવા આવ્યા છે, કિન્તુ આપણા પહેલાં પહોંચી જશે."

રાણી—"એમની સાથે મારી મુલાકાત તમે અત્યારેજ કેમ ન કરાવી? એમના અંતઃકરણની ખબર પડી જાત."

સિપાઇ--"અહીં એમને મળવાનો સંભવ નહોતો. આપ જાસુસોની નજરમાંથી બચી શકત નહિ."

(૪)

એ વખતે મુસાફરી કરવી એ પ્રાણ અર્પણ કરવા જેવું હતું. બંને મુસાફરોને અનેક વખત લૂંટારાઓની સામે થવું પડયું. એ વખતે રાણીની વીરતા, એનું યુદ્ધકૌશલ તથા સ્ફૂર્તિ જોઇને બુઢ્ઢો સિપાઇ આંગળાં કરડતો હતો. કોઈક વખત એમની તલવાર કામ કરતી તો કોઇક વખત ઘોડાની તેજી.

પ્રવાસ ઘણો લાંબો હતો. જેઠ મહિનો રસ્તામાંજ વીતી ગયો. વર્ષાઋતુ આવી. આકાશમાં ગાઢ આભલાં છવાવા લાગ્યાં. સૂકી ને ઠાલી નદીઓ ભરાઇ ગઈ. પહાડી નાળાં ગરજવા લાગ્યાં. નહોતી નદીઓમાં હોડી કે નહોતાં નાળાંને ઘાટ; કિંતુ ઘોડા કસાએલા હતા. પોતે પાણીમાં કૂદી પડતા અને ડૂબતા તરતા જેમ તેમ કરીને સામે પાર પહોંચી જતા. એક વખત વિંછીએ કાચબાની પીઠપર સ્વાર થઇને નદીમાં મુસાફરી કરી હતી. આ મુસાફરી એનાથી ઓછી ભયદાયક નહોતી.

કયાંક ઉંચા ઉંચા સાગ અને મહુડાનાં જંગલ હતાં તો કયાંક લીલાંછમ જાંબુનાં વન. એની ગોદમાં હાથી અને હરણોનાં ટોળાં કલ્લોલ કરી રહ્યાં હતાં. અનાજના કયારા પાણીથી ભરેલા હતા. ખેડુતોની સ્ત્રીઓ ખેતરમાં કામ કરતાં કરતાં સોહામણાં ગીત ગાતી. કયાંક એ મનોહર અવાજની વચ્ચે વચ્ચે, ખેતરના માળામાં ઝાડના છાંયડા તળે બેઠેલા જમીનદારોના કઠોર શબ્દો કાને પડતા હતા.

આ પ્રમાણે મુસાફરીનાં સંકટો સહન કરતાં કરતાં અનેકા-

નેક વિચિત્ર દશ્યો નીરખતાં બંને મુસાફરોએ નેપાળની ભૂમિમાં પ્રવેશ કર્યો.

(૫)

પ્રાતઃકાળનો સોહામણો સમય હતો. નેપાળના મહારાજા સુરેંદ્ર વિક્રમસિંહનો દરબાર ભરાયો હતો. રાજ્યના પ્રતિષ્ઠિત મંત્રીઓ પોતપોતાના સ્થાને બેઠા હતા. એક મોટી લડાઇ પછી નેપાળે તિબેટ ઉપર વિજય મેળવ્યો હતો. અત્યારે સંધિની શરતો ઉપર વાદવિવાદ ચાલી રહ્યો હતો. કોઇને યુદ્ધમાં થએલું ખર્ચ મેળવવાની ઇચ્છા હતી તો કોઇને વળી રાજ્યના વિસ્તારની. કોઈક વળી વાર્ષિક કર ઉપર જોર દેતા હતા. કેવળ રાણા જંગબહાદુરના આવવાની ખોટ હતી. કેટલાક મહિનાના દેશાટન પછી ગઇ કાલે રાતેજ તે પાછા આવ્યા હતા, અને આ પ્રસંગ જે એમનાજ આગમનની પ્રતીક્ષા કરી રહ્યો હતો, અત્યારે મંત્રીસભામાં ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. તિબેટના મુસાફરો, આશા અને ભયની સ્થિતિમાં પ્રધાન મંત્રીને મુખે છેલ્લો ફેંસલો સાંભળવાને ઉત્સુક થઇ ગયા હતા. ઠરાવેલે વખતે ચોપદારે રાજાના આગમનની છડી પોકારી. દરબારના લોકો એમને માન આપવાને ઉભા થઇ ગયા. મહારાજને પ્રણામ કરીને પાછા પોતાને ઠેકાણે બેસી ગયા. મહારાજે કહ્યું: "રાણાજી! સંધિમાં કયા કયા ઠરાવ કરવાની આપની ઇચ્છા છે?"

રાણાએ નમ્રભાવે કહ્યું: "મારી અલ્પ બુદ્ધિ અનુસાર તો આ વખતે કઠોર થવું યોગ્ય નથી. શોકાકુળ શત્રુ પ્રત્યે દયા દર્શાવવી એ આપણો હમેશનો ઉદ્દેશ છે. શું આ અવસરે સ્વાર્થના મોહમાં ફસાઇને આપણે આપણા બહુમૂલ્ય ઉદ્દેશને ભૂલી જઇશું? આપણે એવી સંધિ જોઇએ છે કે જે આપણાં હૃદય એક કરી નાખે. જો તિબેટના દરબાર આપણને વેપારી સગવડો આપવાને તૈયાર થાય તો આપણે સંધિ કરવાને તૈયાર છીએ.

મંત્રીમંડળમાં વાદવિવાદ આરંભાયો. બધાની ઇચ્છા આ પ્રમાણે દયા દર્શાવવાની નહોતી. મહારાજે રાણાનું સમર્થન કર્યું. ઘણાખરા લોકોને શત્રુની સાથે આટલું નરમાશભર્યું વર્તન પસંદ નહોતું, તથાપિ મહારાજની વિરુદ્ધમાં બોલવાનું સાહસ કોઈ કરી શક્યું નહિ.

તિબેટના લોકો ચાલ્યા ગયા પછી રાણા જંગબહાદુરે ઉભા થઇને કહ્યું: "સભામાં હાજર રહેલા સજ્જનો! આજ નેપાળના ઇતિહાસમાં એક નવી ઘટના થવાની છે, જેને હું આપણી જાતીય

નીતિમત્તાની પરીક્ષા ગણું છું. આજ રાજસભામાં આવતી વખતે મને આ આવેદનપત્ર મળ્યો છે. આપ સજ્જનોની સેવામાં હું એ રજુ કરૂં છું. નિવેદકે તુલસીદાસની કેવળ આ ચોપાઇ લખી છે:-

आपत्काल परखिये चारी । धीरज धर्म मित्र अरु नारी ॥

મહારાજે પૂછ્યું: "આ પત્ર કોણે મોકલ્યો છે?"

"એક ભિખારણે."

"ભિખારણ કોણ છે?"

"મહારાણી ચંદ્રકુંવરી!"

કડખડ ખત્રીએ આશ્ચર્યથી પૂછ્યું: "આપણા મિત્ર અંગ્રેજ સરકારની વિરુદ્ધ નાસી આવી છે એજ ને?"

રાણા જંગ બહાદુરે લજ્જિત થઇને કહ્યું: "જી હા; પણ આપણે એ વિચારને બીજા શબ્દોમાં પ્રકટ કરી શકીએ છીએ."

કડખડ ખત્રી—"અંગ્રેજોની સાથે આપણે મિત્રતા છે અને મિત્રના શત્રુને મદદ કરવી એ મિત્રતાની નીતિની વિરુદ્ધ છે."

જનરલ સમશેરબહાદૂર—"આવી સ્થિતિમાં એ વાતની બીક છે કે અંગ્રેજ સરકાર સાથેનો આપણો સંબંધ તૂટી જાય."

રાજકુમાર રણવીરસિંહ—"અમે એમ માનીએ છીએ કે, અતિથિસત્કાર આપણો ધર્મ છે, પરંતુ જયાંસુધી આપણા મિત્રોને આપણી તરફથી શંકાનું કારણ ન મળે ત્યાંસુધી."

આ વિષય પર એટલો બધો મતભેદ તથા વાદવિવાદ થયો કે એક શોર મચી રહ્યો; કેટલાક પ્રધાનો એમ કહેતા સંભળાયા કે, અત્યારે મહારાણીનું આગમન દેશને કદી પણ મંગલકારી નથી.

એટલે રાણા જંગબહાદૂર ઉઠયા, એમનું મુખ લાલ થઇ ગયું હતું. એમનો સદ્વિચાર ક્રોધને કબજે કરવાનો મિથ્યા પ્રયત્ન કરી રહ્યો હતો. એ બોલ્યા: "ભાઇઓ! જો આ વખતે મારા શબ્દો આપને અત્યંત કટુ લાગે તો મને ક્ષમા કરજો. કેમકે હવે મારામાં વધારે શ્રવણ કરવાની શક્તિ નથી. આપણી રાષ્ટ્રીય સાહસહીનતાનું આ લજ્જાજનક દૃશ્ય હવે મારાથી જોયું જતું નથી. અતિથિસત્કાર અને સહાયતાની નીતિ નિભાવી શકવા જેટલું પણ સાહસ જો નેપાળના દરબારમાં ન હોય તો આ બાબતનો બધો ભાર હું પોતે ઉઠાવી લઉં છું. દરબાર આ બાબતમાં પોતાને નિર્દોષ સમજે અને પ્રજામાં આ બિના જાહેર કરી દે."

કડખડ ખત્રી ગરમ થઇને બોલ્યા: 'કેવળ એમ જાહેર કરવાથી દેશ ભયમાંથી બચી નહિ જાય."

રાણા જંગબહાદુરે ક્રોધના માર્યા હોઠ કરડયો; પણ ક્રોધને તાબામાં રાખીને તે બોલ્યા: "દેશના શાસનનો ભાર પોતાને માથે લેનારાઓ ઉપર આવી સ્થિતિ અનેક વખત આવે છે; એ અનિવાર્ય છે. જે નિયમોનું પાલન કરવું આપણું કર્તવ્ય છે તેનો આપણે ભંગ નથી કરી શકતા. પોતાને શરણે આવેલાની બાંહ્ય પકડવી--એનું રક્ષણ કરવું, એ રાજપૂતોનો ધર્મ હતો. આપણા પૂર્વજો હરહમેશ આ નિયમને ખાતર, આ ધર્મને ખાતર પ્રાણ પાથરવાને તૈયાર રહેતા. પોતે ગ્રહણ કરેલા ધર્મનો ભંગ કરવો એ સ્વતંત્ર રાષ્ટ્રને લજ્જાસ્પદ છે. અંગ્રેજો આપણા મિત્ર છે, અને આનંદની વાત છે કે બુદ્ધિશાળી મિત્ર છે. મહારાણી ચંદ્રકુંવરીને પોતાની નજર તળે રાખવામાં તેમનો હેતુ એટલોજ હતો કે કોઇ સ્થાન ઉપદ્રવી લોકોને અડ્ડો જમાવવાનું સ્થાન બને નહિ. એમના એ ઉદ્દેશનો ભંગ ન થતો હોય તો આપણી તરફ શંકા લેવાને નથી તેમને કંઇ પણ કારણ કે નથી આપણે પણ એમનાથી શરમાવાની કશી આવશ્યકતા."

કડબડ--"મહારાણી ચંદ્રકુંવરી અહીં શામાટે આવી છે?"

રાણા જંગબહાદુર--"કેવળ એક શાંતિપ્રિય સુખસ્થાનની શોધમાં, જ્યાં એને પોતાની દુર્દશાની ચિંતાથી મુક્ત થવાનો અવસર મળે. એ ઐશ્વર્યવંતી રાણી, જે રંગમહેલોમાં સુખ ભોગવતી હતી, જેને પુષ્પશય્યામાં પણ ચેન પડતું નહોતું, તે આજ સેંકડો ગાઉથી અનેક પ્રકારનાં કષ્ટ સહન કરીને નદી, નાળાં, પહાડ, જંગલ શોધતી શોધતી અહીં માત્ર એક સુરક્ષિત સ્થાનની શોધમાં આવી છે. બન્ને કાંઠે આવેલી નદીઓ, મદમસ્ત થએલાં નાળાં અને વરસાદના દહાડા! આ દુઃખોનો આપને પરિચય છે, અને આ બધું શામાટે? એક સુરક્ષિત સ્થાનને માટે! જમીનના એક ટુકડાની આશાથી! પરંતુ આપણે એવા સ્થાનહીન છીએ કે એની આ અભિલાષા પૂર્ણ કરી શકતા નથી. ઉચિત તો એ હતું કે, એટલી જમીનને બદલે આપણે આપણું હૃદય બિછાવી દઇએ. વિચાર કરો, કેટલા અભિમાનની વાત છે કે આપદામાં ફસાએલી એક રાણી પોતાના દુઃખના દિવસોમાં જે દેશને યાદ કરે છે તે આપણો પવિત્ર દેશ છે. મહારાણી ચંદ્રકુંવરીને આપણા આ અભયપ્રદ સ્થાનનો, આપણા શરણાગતોનું રક્ષણ કરવાના ધર્મનો પૂરેપુરો ભરોસો હતો અને એ વિશ્વાસજ એને અહીં સુધી લાવ્યો છે.. અહીં સુધી એ આવી તે એવી આશાથી કે, શ્રીપશુપતિનાથના ચરણે મને શાન્તિ મળશે.

એની આશાને પૂર્ણ કરવી કે માટીમાં મેળવી દેવી એ આપના અધિકારની વાત છે. જોઇએ તો રક્ષકતા–શરણાગતોની સાથે સદાચરણ–ના નિયમોને નિભાવીને ઇતિહાસનાં અમર પૃષ્ઠોમાં આપણાં નામ અમર રાખો, અગર તો રાષ્ટ્રીયત્વ અને સદાચારના નિયમોને નેવે મૂકીને પતિત બનો. મને વિશ્વાસ નથી કે, અહીં એક પણ એવો નિરભિમાન માણસ છે કે જે આ અવસરે શરણાગતપાલનના ધર્મને વિસારી પોતાનું મસ્તક ઉન્નત રાખી શકે. હવે હું છેલ્લા ફેંસલાની રાહ જોઉં છું. બોલો, આપ આપના રાષ્ટ્ર અને દેશનું નામ ઉજ્જવલ કરશો કે હમેશને માટે અપયશથી મસ્તક અવનત રાખશો?"

રાજકુમારે ઉમંગથી કહ્યું: "અમે મહારાણીનાં ચરણ તળે આંખો બિછાવીશું."

કેપ્ટન વિક્રમસિંહ બોલ્યા: "અમે રજપૂત છીએ અને પોતાના ધર્મનો નિર્વાહ કરીશું."

જનરલ બનવીરસિંહ—"અમે એમને એવી ધામધૂમથી લાવીશું કે સમસ્ત સંસાર ચકિત થઇ જશે."

રાણા જંગબહાદુરે કહ્યું: "હું આપણા મિત્ર કડબડ ખત્રીના મુખે એનો ફેંસલો સાંભળવા માગું છું."

કડબડ ખત્રી પ્રભાવશાળી પુરુષ હતા, અને મંત્રીમંડળમાં રાણા જંગબહાદુરની વિરુદ્ધ પક્ષના પ્રધાન હતા. લજ્જાભર્યાં શબ્દોમાં એ બોલ્યા: "યદ્યપિ હું મહારાણીના આગમનને ભયરહિત નથી સમજતો, પરંતુ આ વખતે આપણો ધર્મ એજ છે કે, આપણે મહારાણીજીને આશ્રય આપવો. ધર્મનો ભંગ કરવો, એ કોઈ પણ રાષ્ટ્રને માનદાયક નથી."

કેટલાય અવાજોએ ઉમંગભર્યાં શબ્દોમાં આનું સમર્થન કર્યું.

મહારાજ સુરેન્દ્ર વિક્રમસિંહે વાદવિવાદ ધ્યાનપૂર્વક સાંભળ્યો અને કહ્યું: "ધર્મવીરો! હું તમારા ફેંસલાનું અભિનંદન કરું છું. તમે રાષ્ટ્રનું નામ રાખ્યું છે. શ્રીપશુપતિ તમને આ કામમાં સહાય થાય."

સભા સમાપ્ત થઇ. દુર્ગમાંથી તોપો ફૂટવા લાગી. નગરભરમાં ખબર પડી ગઇ કે, પંજાબની મહારાણી ચંદ્રકુંવરીનું શુભાગમન થયું છે. જનરલ રણવીરસિંહ અને જનરલ સમધાર બહાદુર ૫૦૦૦નું લશ્કર લઇને રાણીના સામા ગયા.

અતિથિભુવન શણગારવા માંડયાં; બજારો અનેક જાતના ઉત્તમોત્તમ શણગારોથી શોભાયમાન થઈ.

ઐશ્વર્યની પ્રતિષ્ઠા અગર સન્માન તો સર્વ ઠેકાણે થાય છે,

પરંતુ કોઇએ ભિખારણને આવું માન મળેલું જાણ્યું છે? સૈન્ય બેંડ વગાડતું અને ધ્વજાઓ ફરકાવતું એકાદી બે કાંઠે આવેલી નદી-સમું ચાલ્યું જતું હતું. નગર સારામાં આનંદજ હતો. બંને બાજુએ સુંદર વસ્ત્રાભૂષણો પહેરેલા લોકોની ઠઠ જામી હતી. સૈન્યના અધિપતિ આગળ ઘોડા પર સ્વાર થઇને ચાલતા હતા. સૌથી આગળ રાણા જંગબહાદુર, રાષ્ટ્રીય અભિમાનના મદથી મસ્ત થઇને, પોતાના સુવર્ણખચિત હોદ્દામાં બેઠા હતા. ઉદારતાનું આ એક પવિત્ર દૃશ્ય હતું. ધર્મશાળાને બારણે સ્વારી અટકી. રાણા હાથી ઉપરથી ઉતર્યા. મહારાણી ચંદ્રકુંવરી ઓરડીમાંથી બહાર આવી. રાણાએ શિર ઝૂકાવીને નમન કર્યું. રાણી એમને આશ્ચર્યથી જોવા લાગી. આ તો એજ મિત્ર--પેલો બુઢ્ઢો સિપાઇ હતો.

આંખો ભરાઇ આવી. સ્મિત કરતાં ખીલેલાં ફૂલ ઉપરથી ઝાકળનાં બિંદુ સરી પડયાં. તે બોલીઃ "મારા બુઢ્ઢા ઠાકુર, મારી નાવ પાર ઉતારવાવાળા! શી રીતે તમારા ગુણ ગાઉં?"

રાણાએ શિર ઝૂકાવીને કહ્યું: "આપના ચરણારવિંદથી અમારો ભાગ્યોદય થઇ ગયો."

નેપાળની રાજસભાએ પચીસ હજાર રૂપિયા ખરચીને મહારાણીને માટે એક ઉત્તમ બંગલો બંધાવી આપ્યો, અને દસ હજાર રૂપિયા માસિક નક્કી કરી દીધા.

એ બંગલો હજી સુધી અસ્તિત્વમાં છે અને નેપાળની શરણાગતપ્રિયતા તથા પ્રણપાલનતત્પરતાનું સ્મારક છે. પંજાબની રાણીને લોકો આજ સુધી યાદ કરે છે.

આ એ દાદરો છે કે જેનાથી રાષ્ટ્રો યશના સોનેરી શિખર સુધી પહોંચી જાય છે.

આજ ઘટનાઓ એવી છે કે જેનાથી રાષ્ટ્રીય ઇતિહાસ પ્રકાશવંતો અને મહત્ત્વનો થાય છે.

પોલિટિકલ રેસીડેન્ટે ગવર્નમેંટને રિપોર્ટ કર્યો. શંકા હતી કે ગવર્નમેંટ ઑફ ઇન્ડિયા અને નેપાળ વચ્ચે કંઇક ખેંચતાણ થઇ જાય; પરંતુ ગવર્નમેંટને રાણા જંગબહાદુરનો પૂર્ણ વિશ્વાસ હતો. અને જ્યારે નેપાળની રાજસભાએ વિશ્વાસ અને સંતોષ આપ્યો કે, મહારાણી ચંદ્રકુંવરીને કોઇ પણ શત્રુભાવના પ્રયત્નનો અવસર નહિ મળે, ત્યારે તો ગવર્નમેંટ ઑફ ઇન્ડિયાને પણ સંતોષ થયો. ખરેખર આ બનાવને ભારતીય ઇતિહાસની અંધારી રાતમાં **'આગિયાની ચમક'** કહેવી જોઇએ. (જૂન-૧૯૨૫ના "ચિત્રમય જગત"માંથી)

૪૦-સ્વાતંત્ર્યનાં મૂલ્ય

(લેખકઃ-શ્રી. શંકરજતી ગોસાંઈ, મંત્રી-વાઙ્મય વાટિકા-વડોદરા.)

તે વખતે નાનાંમોટાં અનેક રજપૂત રાજ્યો અસ્તિત્વમાં હતાં. ઘણાંખરાં રાજ્યો પર મોગલસમ્રાટ અકબરશાહનો ધ્વજ ફરકતો છતાં અજયગઢ, અજીમગઢ ને જોધપુર વગેરે નાનાં છતાં સ્વતંત્ર રાષ્ટ્રો હતાં. એ રાષ્ટ્રોના રાજાઓને પોતાનાં નાનકડાં રાષ્ટ્રો પ્રાણથી પણ અધિક પ્રિય હતાં.

આજે આપણે અજીમગઢના અભેદ્ય દુર્ગમાં પ્રવેશીએ! અજીમગઢના દુર્ગની ત્રણેય બાજુએ ગાઢી વનઝાડી વિંટળાઇ વળી હતી, ને પૂર્વ બાજુએ નાનકડી ડુંગરમાળ દુર્ગને સંરક્ષી રહી હતી. અજીમગઢનો અધિપતિ રાણો રણમલ વીરત્વશાળી ને સ્વાતંત્ર્યપ્રિય હતો. ઘણા રજપૂત રાજાઓ તેની વીરહાકથી કંપી ઉઠતા.

રણમલને સર્વ પ્રકારે સુખ હતું, પરંતુ તેને ત્યાં એક મોટી ખોટ હતી. તેના નાનકડા સમૃદ્ધ રાજયનો ઉત્તરાધિકારી પુત્ર તેને નહોતો. તેને બે કન્યારત્નો હતાં: શશિકલા ને નિર્મળા.

પૂર્ણિમાના પૂર્ણેન્દુ સમું શશિકલાનું મુખ ગૌર હતું. તેના પ્રત્યેક અંગ-ઉપાંગમાંથી જ્યોત્સનાની જ્યોત ઝરતી. બાલ્યનાં આંગણાં ઉલ્લંઘી તેણે યુવાના ઉપવનમાં પ્રથમ પગલું માંડ્યું હતું. યૌવનનો મધુર મેહ તેના દેહે વરસતો હતો. તેના લાવણ્યની પાંદડીઓ ખુલતી જતી હતી અને તેનો પમરાટ રણમલને ખાંડાની ધાર જેમ કાપી રહ્યો હતો. શશિકલાનું ઉઘડતું યૌવન-સુમન રણમલના આત્માને દઝાડતું હતું; કારણ, શશિકલા હવે ઉપવર થઇ હતી.

પ્રસંગોપાત ઇતર રાજાઓ અજીમગઢમાં રણમલના અતિથિ બનતા. રણમલના ગૃહ-ઉપવનમાં સ્વતંત્રતાની પાંખે ઉડતી, ને તેના ગૃહને આનંદના ટહુકારથી ભરતી, મસ્તીભરી કોકિલા સમોવડી શશિકલાને રણમલના રાજયઅતિથિઓ જોતા, ને અંજાતા. તેમના હૈયામાં ઉંડે ઉંડે શશિકલાના ઉઘડતા યૌવનને ઉપભોગવાની વાંચ્છના

ઉદ્ભવતી. ઘણા વયોવૃદ્ધો શશિકલાના અપ્રતિમ સૌંદર્યથી મુગ્ધ બની તેને પોતાની પુત્રવધૂ બનાવવા અંતરમાં અભિલાષ સેવતા. ઘણા રાજાઓએ રણમલ પાસે શશિકલાના હાથની માગણી પણ કરી હતી; પરંતુ તેમાંનો કોઇ પણ શશિકલાને યોગ્ય ન જણાતાં, રણમલે એક યા બીજું કારણ બતાવી, તેમની માગણીનો અસ્વીકાર કર્યો હતો.

રણમલે માગણીનો અસ્વીકાર કરવાથી ઘણા રાજાઓ રણમલના શત્રુ બની ગયા, ને રણમલનો અહંકાર સંહારવા યોગ્ય અવસરની વાટ જોવા લાગ્યા.

રણમલ અંતરના ઉંડાણમાં ચિંતાની અકથ્ય વેદના અનુભવી રહ્યો હતો. તેના પર અનેક ધમકીના પત્રો આવતા, પરંતુ રણમલ એવી ક્ષુલ્લક ધમકીઓથી ડરે તેવો કાયર નહોતો.

શશિકલાના અણુએ અણુમાં રણમલનો પ્રાણ પરોવાયેલ હતો. શશિકલાને તે પુત્ર કરતાં પણ અધિક ચાહતો.

રણમલ અને તેની પત્ની સરલાદેવી શશિકલાના લગ્નની ચિંતામાં પડયાં. શશિકલા વધુ સમય સુધી અવિવાહિત રહે તે રિવાજ વિરુદ્ધ હતું.

અંતે રણમલે અજયગઢના રાજાને શશિકલા પરણાવવાનું યોગ્ય ધાર્યું, ને અજયગઢનરેશે પણ અજીમગઢના નરેશના દુશ્મનોની બાબતનો પૂર્ણ વિચાર કરી શશિકલાનો સ્વીકાર કરવાનું સ્વીકાર્યું.

શશિકલા ને અજયગઢના રાજાના લગ્નની વાત અલ્પ સમયમાંજ રજપૂત રાજ્યોમાં પ્રસરી ગઇ. રણમલના દુશ્મન બની બેઠેલા રાજાઓએ અજીમગઢ પર ચડાઇ કરવાની તૈયારીઓ ચલાવી.

જેઓની માગણીનો અસ્વીકાર કર્યો છે એવા ધુંધવાતા રાજાઓ અજીમગઢ પર ચઢી આવશેજ, એ રણમલે પહેલેથીજ ધારી લીધું હતું. અજયગઢનરેશ પોતાને મદદ કરશેજ, એ તે જાણતો હતો છતાં તે ગભરાયો. તેનાં બે કારણો હતાં: એક એ હતું કે, લગભગ દશેક રાજાઓનાં સૈન્ય અજીમગઢ તરફ આવી રહ્યાં હતાં; ને બીજું કારણ એ હતું કે, કોઇ રાજદ્રોહી આ વાતની ખબર મોગલ શાહ અકબરને આપે તો પોતાને મોગલ સામ્રાજ્યના માંડલિક થઇ રહેવું પડે, ને શશિકલાની શી દશા થાય એ કલ્પવું પણ અશક્ય હતું.

શશિકલા સમજુ હતી. પિતાનું સંકટ તે સમજી ગઈ. પિતાને ને અજીમગઢને સંકટમાંથી ઉગારવા આત્મહત્યા કરવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો. કેવળ પોતાના માટે–એક વ્યક્તિના માટે અજીમગઢનું સ્વાતંત્ર્ય હણાય એ શશિકલાને ન રૂચ્યું. 'સ્વાતંત્ર્યનાં મૂલ્ય' તે સ-

મજી ચૂકી હતી. પોતાના સુખ માટે માતાપિતાની, ને રાષ્ટ્રની કેવી દુર્દશા થશે એ વિચારે તે કંપી ઉઠી. દેશના સ્વાતંત્ર્યને હાનિ થાય તેના કરતાં નશ્વર દેહની આહુતિ આપવી એવો તેણે છેવટનો અચલ નિશ્ચય કર્યો.

તેના મુખપર ગાંભીર્ય વિલસી રહ્યું. તે ઉઠી, ખંડમાં કાંઇક શોધવા લાગી. તે જે વસ્તુ શોધતી હતી તે આખરે જડી. તેનું હૃદય અકથ્ય આનંદથી ઉછળી રહ્યું.

એ વસ્તુ કયી હતી, જેને મેળવ્યે તેને આટલો આનંદ થયો? તે વસ્તુ હલાહલ વિષનું એક પડીકું હતું.

લેખનસામગ્રી લઈ તેણે ત્વરાથી એક પત્ર લખી નાખ્યો. ખંડની બહાર દૂર દૂરની વનઝાડીમાં નજર નાખી. સર્વત્ર અંધકાર હતો. અમાવાસ્યાનાં કાળાં અંધારાં જગતને પોતાની પાંખમાં આવરી રહ્યાં હતાં.

ખંડમાં દીપકની જયોત ઝાંખો પ્રકાશ વેરતી હતી. શશિકલાએ દીપક હોલવી નાખ્યો. પલંગમાં પડી. વિષનું પડીકું છોડી વિષ ગળી ગઇ.

× × × ×

પૂર્વના દિગ્વદને ઉષાનો સ્થિતધ્વજ ફરકી રહ્યો હતો. નક્ષત્રમાલા અગાધ અંતમાં સરી પડી હતી. પૂર્વના ગર્ભદ્વારમાંથી બાલભાસ્કર ધીમે ધીમે આકાશનાં પગથિયાં ચઢતો હતો.

રણમલનું સૈન્ય સજ્જ થઇ ગયું હતું–દુશ્મનો સામે બાથ ભીડવા કૂચ કરવાની તૈયારી હતી. લશ્કરને સજ્જ કરી રણમલ શશિકલાને મળવા તેના ખંડ તરફ ગયો.

તેની સાથે સરલાદેવી અને નિર્મલા પણ હતાં. બારણાને ધક્કો મારતાંજ તે ઉઘડી ગયું. ખંડમાં પ્રવેશતાંજ રણમલે એક પત્ર જોયો.

રણમલે શશિકલાની શય્યા તરફ જોયું. શશિકલાનો નિશ્ચેતન દેહ શય્યાપર પડયો હતો. સરલાદેવીએ પણ એ ભીષણ દશ્ય જોયું! તે આક્રંદ કરવા લાગી. નાની નિર્મલા પણ માતાને રડતી જોઇ રડવા લાગી. રણમલ મૂર્ચ્છિત થઈ જમીન પર ઢળી પડયો.

ખંડમાંથી આક્રોશના ધ્વનિ નીકળવાથી દાસદાસીઓ તથા રાજ્યમંત્રી ત્યાં દોડી ગયા. રણમલને શુદ્ધિમાં આણ્યો. રણમલે મંત્રીને પેલો પત્ર વાંચવા આપ્યો:—

"શ્રી. એકલિંગજી પ્રસન્ન."

પરમપૂજ્ય પિતાજી, તથા માતાજી!

પિતાજી! મને આ પ્રથમનો ને છેવટનો પત્ર લખતાં અત્યંત

આનંદ થાય છે. હું તમને પ્રભુથી પણ અધિક પ્રિય હતી તે હું જાણું છું. તમારા સ્નેહનું ઋણ હું કેવી રીતે ફેડું ?

મારા લગ્નની બાબતમાં તમને કેટલાં સંકટો સહન કરવાં પડે છે તે મારી જાણબહાર નથીજ. મુજ અભાગિનીના ભાગ્યમાં પરિણિત જીવન લખ્યુંજ નહિ હોય, એમાં તમારો શો વાંક ? લગ્નનો અમૂલ્ય લહાવો લેવાના બદલે રક્તપાતનો ભયંકર પ્રસંગ આજે આવી ઉભો છે, એ હું સ્પષ્ટ રીતે જોઇ શકું છું. અને તે કોના માટે ? કેવળ મારા માટે–તમારી અભાગિની આત્મજા માટે ? આવે સમયે મારૂં કર્તવ્ય શું હોઈ શકે ?

પિતાજી ! ગુસ્સે ના થશો ! મારા જીવવાથી હજારોનાં જીવન હણાશે; એટલુંજ નહિ, પણ આપણા અજીમગઢનો નાશ થશે–તેનું સ્વાતંત્ર્ય હણાશે. સ્વાતંત્ર્યનાં મૂલ્ય સર્વથી–જીવન કરતાં પણ–અદકાં છે. મારા મૃત્યુથી આવનારાં સંકટનાં વાદળ આપોઆપ વીખરાઇ જશે, ને સ્વતંત્રતા કાયમ રહેશે. સૌંદર્ય ને જીવન તો ક્ષણજીવી છે. મરણ એ જગતજૂનો અનિવાર્ય પ્રસંગ છે. જન્મે તેને મરવાનું તો છેજઃ તો હું સ્વાતંત્ર્યનાં મૂલ્ય સમજી, આપ સૌનાં–અજીમગઢનાં સંકટદળો વીખેરવા આમ કરૂં તો યોગ્યજ લેખાશે.

પિતાજી ! માતાજી ! તમારી શશિકલાના અંતિમ પ્રણામ સ્વીકારજો ! તમારા જેવાં સ્વાતંત્ર્યપ્રિય માતપિતાને ત્યાં જન્મી, કેવળ સ્વાતંત્ર્ય સંરક્ષવા માટે આવો અણમોલ અવસર પ્રાપ્ત થવા માટે હું મારૂં જીવન ધન્ય માન્યું છું !

મારે ઠેકાણે નાની નિલુ છેજ. તેના તરફ જોઇ મનનું સમાધાન માનશો.

લિ૦ તમારી અભાગી આત્મજા
શશિકલાના સાષ્ટાંગ પ્રણામ.

શશિકલાના મૃતદેહ પર વિલક્ષણ કાન્તિ વિલાસી રહી હતી. સ્વાતંત્ર્યનાં મૂલ્ય શશિકલાને સમજાયાં હતાં. તે કેવળ સ્વાતંત્ર્ય માટે પ્રાણાહુતિ આપનાર વીરકુમારી શશિકલા પાર્થિવ દેહે મૃત છતાં કીર્તિદેહે ચિરાયુજ છે. તેની યશઃસુરભિ હજીયે ચેતન પ્રકટાવતી પમરે છે.

("વિલાસ"ના દિવાળી અંકમાંથી)

૪૧–कमलाकर

(લેખક:-શ્રી. પી. જે. ભટ)

પાલગઢની પેલી પાર પથરાયેલા પહાડો વચ્ચે એક નાનકડું ગામ વસી રહ્યું હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. લોકોમાં વાત ચાલતી કે, વિલાયતનો કોઈ સાહેબ દિવાસળીનું મોટું કારખાનું કાઢવા માટે અઢળક ધન લઇને બે મહિનાથી તંબુ તાણીને પડયો હતો. નારગોલકર ડૉકટરની જમીન પણ તેણેજ ખરીદી હતી, અને આ સાહેબના રહેઠાણ સમીપ પડેલાં મોટાં મોટાં લોખંડનાં ચક્રો પણ ગામલોકોએ જોયાં હતાં.

ગામ અને નવા બંધાતા કારખાના વચ્ચે લગભગ બે માઇલનું અંતર હતું, છતાં સાંજ પડયે સીમમાંથી પાછા ફરતા ગામડિયાઓ કંઈક કુતૂહલતાથી પ્રેરાઇને કારખાના તરફ નજર નાખતા; તેમજ ટેકરીની પેલી પાર સૂર્ય ડૂબવાની તૈયારી કરતો હોય ત્યારે ગામના યુવાનોનાં મોટાં મોટાં જૂથ પણ કારખાનું જોવા ટેકરી પર ચઢતાં. ત્યાં તેઓ આમતેમ ફરતા, મોટાં મોટાં યંત્રો ઉપર એક કુતૂહલતાભરી નજર નાખતા, અને તેનાં ચિત્રવિચિત્ર ચક્રોને સમજવાનો પ્રયત્ન કરતા અને આમ કારખાનું જોવાનો આત્મસંતોષ અનુભવી રાત્રિની શરૂઆત સાથે ગામમાં પાછા ફરતા.

આવા ગામડિયાઓના એક ટોળા સાથે પાલગઢના સ્ટેશન ઉપર કામ કરતો રઘો કામદાર પણ આઠ દહાડે મળતી છૂટીનો લાભ લઇને કારખાનું જોવા આવ્યો હતો. કેબીનમાં કામ કરતાં કરતાં ખડતલ બનેલું તેનું શરીર ઝપાટામાં ચોતરફ યંત્રો ઉપર એક ઉડતી નજર નાખતાં ઘૂમી વળ્યું. તેની આંખમાંના અવનવા ઉલ્લાસ સાથે મીકેનીક તરફ તેણે સવાલ ફેંકયો......

"અહીં કેટલી મજૂરી મળશે ?"

"મને શું ખબર ?" જવાબમાં બેદરકારી જોઇ રઘો જરા ઝંખવાણો પડયો.

"પણ દિ આથમ્યે ૧૦ આના પણ દેખાડશે કે નહિ?"

"દશ આના?"

"કેમ તમોને વધારે લાગે છે?"

"ના, ના, પણ ગામડામાં મજૂરી સસ્તી મળવી જોઇએ!"

"પણ પાલગઢમાંય આઠ આનાનો રોજ અપાય છે!"

"એમ કે?"

"તપાસ કરો એટલે ખબર પડશે."

રઘાએ કંઇક આત્મસંતોષ સાથે પાછાં પગલાં મૂક્યાં. જેવો તે બહાર નીકળતો હતો એટલામાં 'રઘા' 'રઘા!' એવા શબ્દો સંભળાયા. પાછળ જોયું તો સ્ટેશનમાસ્તરનો મોટો છોકરો કમલાકર રઘાને હાંક પાડી રહ્યો હતો.

"કેમ સાહેબ! જોયું ને કારખાનું?"

"ઠીક ઠીક છે."

"ચાલો ત્યારે હવે ઘેર જઇશું?"

"જરૂર."

બન્નેએ પગ ઉપાડયા. જેવા તેઓ કંપાઉંડની બહાર પગ મૂકતા હતા કે ખૂણામાં મુંબાઇથી ચિતરાવી આણેલા પાટિયા પર રઘાની નજર પડી.

"સાહેબ! શું લખ્યું છે પેલા પાટિયા પર?"

"મજૂરો જોઇએ છે."

"કેટલી મજૂરી?"

"તેનો તો કંઇ ઉલ્લેખ નથી!"

કમલાકર મુંબાઇથી સેંટ ઝેવિયર કૉલેજમાં બી. એ. ના વર્ગમાં અભ્યાસ કરતો કૉલેજિયન હતો. ઉનાળાની રજા માણવા પોતાના પિતા પાસે આવ્યો હતો, પણ તેણે ધાર્યા જેટલી મઝા સાંપડી નહિ. એકદમ શાંત વાતાવરણ, ટાઇમ ટેબલનેજ અનુલક્ષીને આવતી આગગાડીઓ, તેમજ કુદરતી નિર્જનતા વચ્ચે તેને જરાય ગોઠયું નહિ. આથી જયારે તેણે જાણ્યું કે, એ માઇલ પર દિવાસળીનું પ્રચંડ કારખાનું ઉભું થાય છે ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહિ. આખરે એક સંધ્યાકાળ કંઇક જુદુંજ જોવામાં જશે, એ કલ્પનાથી તેને ખૂબ આનંદ થયો.

પણ રઘાની બાબતમાં તો વસ્તુ ભિન્નજ હતી. દશ વર્ષથી કેબીનમાં કામ કરતાં તે કંઇ કંટાળી ગયો ન હતો; પણ રેલ્વે ઉપર પગાર ઘટાડવાની વાતો ચાલતી અને ૨૫ રૂપિયામાં પાંચ

રૂપિયા ઓછા થવાની વાત જયારે તેણે જાણી ત્યારથી તેના મનમાં ધ્રાસ્કો પડયો હતો. એટલે જો વધુ મજૂરી મળે તો સ્થાન બદલવાના એકમાત્ર ઉદ્દેશથી તે કારખાનું જોવા તરફ વળ્યો હતો.

પણ બન્ને જણ નિરાશ બન્યા હતા. રઘાને મજૂરી કેટલી મળશે તે જણાયું નહિ અને કમલાકરને નવાં યંત્રો જોવામાં ઝાઝો રસ પડયો નહિ. નિરાશવદને બન્નેએ પાલગઢના સ્ટેશનપર પગલાં મૂકયાં.

(૩)

“સાહેબ ! આજે જઇશું કે કારખાના ભણી ?”

“ એમાં તે શું જોવાનું છે ?”

“ કહે છે કે કારખાનું તો હવે પૂરેપુરૂં બંધાઇ ગયું છે અને પહેલી તારીખથી શરૂ થશે.’’

“ખરેખર ?”

“વાત સાંભળી છે !”

“ચાલો ત્યારે.”

રઘો અને કમલાકર બન્ને કારખાના તરફ ચાલ્યા..... થોડી મિનિટો વહેતા જળની માફક ભૂતકાળમાં સરી પડી.

“પેલું નાનું સરખું ચોકી જેવું શું છે ?”

‘મજૂર નોંધવાની ઑફિસ’ પાટિયું વાંચી કમલાકરે જવાબ આપ્યો.

“ચાલો ત્યારે પહેલા ત્યાં જઇએ !”

થોડી પળમાં તો તેઓ મજૂર નોંધવાની ઑફિસ સમક્ષ આવી પહોંચ્યા. બારીના સળિયાને અઢેલીને કોઈ પાંડુરોગથી પીડાતો હોય એવો પીળો પડી ગયેલો કારકુન બેઠો હતો. બહાર ગામડિયાઓનું નાનું ટોળું હતું.

“સાહેબ ! જઇને પૂછો તો ખરા કે અહીં કેટલી મજૂરી મળે છે?”

કમલાકરે પાટિયા તરફ નજર નાખી. જરા સંભાળપૂર્વક વાંચ્યું.

“દિવસના ચાર આના.”

“કેટલી ?” ચોકકસ થવા ફરીથી સવાલ કર્યો.

“દિવસના ચાર આના.”

“ઓરતને ત્રણ આના.”

“એટલાજ ?”

“લખ્યું છે તે હું તો વાંચું છું !”

“સાહેબ ! આટલી ઓછી મજુરી કેમ ?”

કમલાકર જરા ઝબકયો. આવો સવાલ હજુ સુધી કોઇએ તેને સંભળાવ્યો ન હતો. જવાબ શોધવા તેનું મગજ ખૂબ મથવા

લાગ્યું. ક્ષણભર તો તે સ્તબ્ધ બનીને ઉભો રહ્યો, રઘાએ પાછો પ્રશ્ન કર્યો–

"સાહેબ ! આટલી ઓછી મજુરી કેમ ?"

માથા ઉપર હથોડો પડે અને જેવો આઘાત લાગે તેવી દશા કમલાકરની થઇ રહી. આમ જોયું તેમ જોયું, જવાબ શોધવાને ઘણાએ યત્નો કર્યા, પણ જવાબ જડયો નહિ. આખરે અજ્ઞાન પ્રદર્શન કરવાનો નિશ્ચય કર્યો; પણ અભ્યાસને અભિમાને તેને તેમ કરતાં અટકાવ્યો.

(૪)

આ ઘટના પછી કેટલાંય વર્ષ વીતી ગયાં. કમલાકર તો મુંબાઈના મોહક વાતાવરણમાં રઘાનો સવાલ કયારનોય વિસરી ગયો હતો. પિતાશ્રીની સુંદર લાગવગને પ્રતાપે બેકારીનું દર્દ એક દિવસ પણ સહ્યા વગર સંયુક્ત પ્રાંતમાં નવા સ્થપાયેલા શેરડીના કારખાનામાં મેનેજર તરીકે તેની નિમણુંક થઇ ગઇ હતી, અને કમલાકરે તરતજ પોતાની જગ્યાનો ચાર્જ સંભાળી લીધો હતો.

આ નવી પરિસ્થિતિમાં તેને દરરોજ સેંકડો મજૂરો સાથે કામ લેવાનું હતું. માલિક તરીકેની સર્વ સત્તાઓ કમલાકરનાં હાથમાં મુકાઇ હતી; પણ અત્યાર સુધી અપ્રિય થઇ પડે તેવું, તેણે કંઇજ કર્યું ન હતું. મજૂરોમાં વાત ચાલતી કે 'મેનેજર સાહેબ છે તો ઠીક ઠીક.'

પગાર પણ કમલાકરને ખાસો ૮૦૦ રૂપિયા હતો, અને આથી કમલાકરને પણ લાગતું કે સાંપ્રત સમાજવ્યવસ્થા સામે ફરિયાદ કરી શકાય તેવું જરા પણ નથી. કમલાકરની ખાત્રી થઈ ગઇ હતી કે, આધુનિક સમાજરચનામાં એક પણ દોષ નથી. શકય હોય તેવી સૌથી સારી સમાજરચના આજ છે. આથીજ જ્યારે મજૂરપક્ષનાં ઉદ્દામ પત્રો કવચિત્ કવચિત્ તે જોતો ત્યારે તે મુક્કી ઉગામીને કહેતો કે, અત્યારની સમાજવ્યવસ્થા શું ખોટી છે? સૌ સૌને શક્તિ અનુસાર જરૂર મળી રહે છે!

પણ તેની આ માન્યતા ઝાઝો કાળ ટકી નહિ. અર્ધા વર્ષ બાદ ભરાયેલી ડિરેકટરોની પહેલી મિટિંગમાંજ કમલાકરના કામ પ્રત્યે સહેજસાજ અણગમાના સૂર સંભળાવા લાગ્યા. કારખાનું બહુજ ઓછા નફામાં કામ કરે છે, એ જોઇને કેટલાક ડિરેકટરોના પેટમાં દુઃખવા આવ્યું હતું. કમલાકરને પણ આ વસ્તુની ખબર નહોતી તેમ નહિ. આથીજ જ્યારે મેનેજિંગ ડિરેકટરે કમલાકરને કલકત્તા આવવાનું કહેણ મોકલ્યું ત્યારે આ આમંત્રણના અર્થની તેને કંઇક

કલ્પના આવી હતી. આથીજ જવાબ મનમાં વારંવાર ગોઠવીનેજ કમલાકરે કલકત્તા તરફ પ્રયાણ શરૂ કર્યું.

× × × ×

“જુઓ મિ. કમાલકર,” મેનેજિંગ ડિરેકટરે આંખ ઉપર ચશ્મા ચઢાવતાં કહ્યું: ‘તમારૂં આ વર્ષનું કામ જરાયે સંતોષકારક નથી. કંપનીએ માત્ર વીસ ટકા જેટલો નફો કર્યો છે; પણ આટલા ઓછા નફામાંથી ડિરેકટરોનું કમિશન બાદ કરતાં શેરહોલ્ડરોને ભાગે કંઇજ રહેતું નથી. સમજ્યા મિસ્ટર! આપણી કંપનીના શેરના ભાવો સાવ બેસી ગયા છે, એટલુંજ નહિ પણ મારા પોતાના શેરની બાબતમાં લગભગ ૨૫૦૦૦ ખોટ ખાવી પડી છે. આથી......”

“પણ સાહેબ! આમાં હું દોષપાત્ર શી રીતે? કારખાનાએ તેના સંચાઓની શકયતા પ્રમાણે માલ ઉત્પન્ન કર્યો છે. જો વધારે માલ ઉત્પન્ન કરવો હોય તો નવા સંચાઓ આણો...” કમલાકરે “ગામઠી” અર્થશાસ્ત્ર સમજાવવા માંડયું.

“મિસ્ટર! એ કંઈ નથી. ખાંડના ઉત્પાદનનો ખર્ચ ઘટાડવોજ જોઇએ. જો આવતે વર્ષે કંપની ૫૦ ટકા નફો નહિ કરે તો અમો માર્યા જઇશું! સમજ્યા......”

“૫૦ ટકા? ભાવમાં ઉછાળો આવ્યા સિવાય આટલા ટકા નફો મેળવવો અશકય છે!”

“અશકય છે?”

“હા સાહેબ.”

“જરાયે નહિ. આપણા કારખાનામાં કેટલાં માણસો કામ કરે છે?”

“૬૯૪૮.”

“બધો મળીને પગાર કેટલો વહેંચાય છે?”

“લગભગ બે લાખ.”

“તો વીસ ટકા કાપ મૂકી દો. એટલે પ્રત્યેક માસે ૪૦૦૦ની બચત થશે.”

“સાહેબ! એ સૂચના કંઇક ઠીક છે......પણ”

“પણ ને બણ, મિ. કમલાકર! તમો હજુ તાજા ભણેલા છો. જુઓ, તમે છ મહિના સુધી ૨૫ ટકા પગાર ઓછો લેજો, એટલે એમ દેખાય કે તમોએ પણ તેમના કરતાં વધુ આત્મભોગ આપ્યો છે. અને જુઓ, મિ૦ કમલાકર! તમે ત્યાં જજો, એક સભા મેળવજો, હાલની આર્થિક મંદીની વાત કરજો, અને બધાએ કંપનીના લાભ

માટે ભોગ આપવાની જરૂરિયાત ઉપર ભાર મૂકજો, પછી આ કાપ કરજો. અને જુઓ, તમારા પગારમાં જે બસો રૂપિયાનો ઘટાડો થશે તે તો જુઓને, સારો નફો થશે તો બોનસ આપીને પુરા કરી આપીશું. સમજ્યા? જાવ અને ફતેહ કરો. આ તો તમારા પિતા અને હું ખાસ મિત્રો છીએ એટલે સલાહના બે શબ્દ કહું છું. તમારી જગ્યાએ જો બીજો હોત તો અમોએ ક્યારનુંય બારણું બતાવી દીધું હોત. હં...અને વાત યાદ રાખો...આવતે વર્ષે ગમે તે રસ્તે ૫૦ ટકા નફો થવોજ જોઇએ. જાવ......"

સાહેબની શબ્દધારા અટકી; કમલાકર કંઇક વ્યગ્રચિત્તે બહાર પડ્યો.

* * * *

શેરડીના કારખાનામાં કમલાકરે સાહેબની આજ્ઞાનો અક્ષરે અક્ષર અમલ કરી બતાવ્યો હતો. છટાદાર વાણીમાં કારખાના સાથે આવી પડેલી આપત્તિ તેણે વર્ણવી. આખરે કાપની વાત કરી અને જાહેર કર્યું કે, જ્યાંસુધી કંપની પાછી પગભર થાય નહિ ત્યાંસુધી તે પોતે ૨૫ ટકા પગાર ઓછો લેશે.

યોજના આબાદ સફળ નીવડી. કામદારોને લાગ્યું કે, ઘેર બેસવા કરતાં આવકમાં વીસ ટકાનો કાપ સહન કરવો વધુ સલાહભર્યો છે.

× × × ×

"એ પોરટર, સામાન કાઢ," સેકન્ડ ક્લાસની એક બારીમાંથી અવાજ આવ્યો. પાલગઢ સ્ટેશન પહેલાંની માફકજ હજુ પણ ખુલ્લુંજ હતું. સ્ટેશનમાસ્તરની ઑફિસ અને તેની આજુબાજુ આવેલી બે ઓરડીઓ અને સાથે ત્રીજા વર્ગના ઉતારૂઓને બેસવા માટે વિશ્રાંતિસ્થાન, એ સર્વ વર્ષો સુધી એમનાં એમ રહ્યાં હતાં.

"એય પોરટર, એય પોરટર," તરતજ રવો દોડતો આવ્યો.

"કોણ કમલાકર સાહેબ?"

"કેમ રવા! ઓળખ્યો નહિ?"

"સાહેબ! આમ કંઇ અચાનક?"

"નક્કી ન હતું પણ નાતાલની રજાઓ પડી એટલે વિચાર થયો કે ચાલ પાલગઢ જાઉં!"

"ઠીક કર્યું સાહેબ."

"પેલું કારખાનું ચાલે છે કે?"

"દિવાસળીનું?"

રઘે જવાબમાં માથું ધુણાવ્યું: "ઠીક ઠીક ચાલે છે."

"તને પેલો સવાલ યાદ આવે છે કે?"

"કયો સાહેબ?" રઘાએ સામાન ઉતારતાં યાદ કરવા માંડયું.

"પેલો સવાલ...તેં મને નહોતું પૂછ્યું કે, કામદારોને આટલો ઓછો પગાર કેમ મળે છે?"

"હા...હા...યાદ આવ્યો!"

"મને તેનો જવાબ જડયો છે."

"સાહેબ! તેનો જવાબ તો મને પણ જડયો છે."

"હેં, ખરેખર!"

"હા સાહેબ!"

"શું છે તે?"

"સાહેબ! ક્ષણવાર ઉભા રહો."

કમલાકર તો આ પ્રકારના જવાબથી દિગ્મૂઢ બનીને ઉભો રહ્યો. શું જવાબ હશે તેની કલ્પનાઓ મગજમાં રમવા લાગી. રઘાએ સપાટાબંધ સામાન ઉતારી નાખ્યો. ગાડી ઉપડવાની તૈયારી થઇ. સિગ્નલ મળ્યું. વાતાવરણમાં એન્જીનનો તીણો સૂર સંભળાયો.

"રઘા! ગાડી તો ઉપડી!"

"સાહેબ! પેલા રસ્તાની પેલી પાર જુઓ, શું દેખાય છે?"

"કંઈ કંઈ ગોટા જેવું જણાય છે!"

"સાહેબ! કંઇ સંભળાય છે?"

"હા, હા. સંભળાય છે ખરું!"

"સાહેબ! દિવાસળીના કારખાનાના કામદારોના પગારમાં પાંચ ટકાનો કાપ મૂકવાનો હતો, પણ તેમણે હડતાલ પાડીને સામનો કર્યો. આથી કારખાનાના માલિકને નમવું પડયું છે અને કાપ પાછો ખેંચી લેવામાં આવ્યો છે. આ વિજયને ઉજવવા માટે આ સરઘસ અહીં આવ્યું છે. સાહેબ! આ મારો જવાબ છે."

કમલાકરની આંખો સરઘસ પરજ ચોંટી રહી!

("નવયુગ"ના એક અંકમાંથી)

૪૨-હડતાલ

(લેખકઃ—શ્રી. અજિત મ. ઓઝા)

(૧)

રણછોડ એક મિલમજૂર હતો. પ્રભાતની કર્કશ વ્હીસલ થતાંજ સફાળો ઉઠી, એનાં એ ગંદાં વસ્ત્રોમાં, અર્ધનિદ્રિત અને અર્ધજાગ્રતવસ્થામાં લથડિયાં ખાતો આંખો ચોળતો મિલ તરફ રવાના થતો. ભાસ્કરનાં પ્રથમ કિરણો અંધકાર ભેદી પૃથ્વી પર અજવાળાં પાથરે તે પહેલાં તે પોતાના હજારો કામદાર સાથીઓ સાથે કામે લાગી જતો. સાંચાઓનો અવિરત ખડખડાટ એ તો તેનું નિત્યનું જીવનસંગીત બની ગયું હતું. સારા દિવસની તનતોડ મહેનત પછી જ્યારે તે થાક, ભૂખ અને મિલની ઝેરી હવાથી લગભગ બેહોશ જેવો બહાર નીકળતો ત્યારે તેને જેલમાંથી છૂટયો હોય એટલો આનંદ થતો.

આજે મિલમાં ચારે તરફ એકજ વાત થતી હતી. વ્યાપાર-રોજગારની મંદીને બહાને વણાટખાતાના ૨૫૦ કામદારોને રજા આપવાનું મિલના સત્તાવાળાઓએ જાહેર કર્યું હતું. સમાજવાદ અને વિશ્વબંધુત્વની ભાવનાથી પ્રેરાએલા કામદારો પોતાના સાથીઓ ઉપર આવેલા દુઃખમાં ભાગ લેવા કટિબદ્ધ થયા. સાંજે કામદારોની પ્રચંડ સભા મળી. મજૂરનેતાઓએ કામદારોને એકત્ર અને સંગઠિત બનવા હાકલ કરી, બરતરફ થયેલા કામદારોને પાછા નોકરી પર લેવામાં ન આવે ત્યાં સુધીમાં કોઇ પણ મજૂરે મિલમાં ન જવું, એવો ઠરાવ થયો. બીજે દિવસે મિલના તમામ દરવાજા ઉપર યુનિયનના પિકેટરો ગોઠવાઇ ગયા. એક પણ કામદાર કામે ન ગયો. હડતાળ શાંત અને સંપૂર્ણ બની.

(૨)

“ આજકાલ કરતાં હડતાલને પંદર દિવસ પૂરા થયા. હવે આનો ક્યારે અંત આવશે ? ” રણછોડે પિકેટિંગ કરતા પોતાના સાથીને પૂછ્યું.

“ આપણા નેતાઓ વાટાઘાટ તો કરે છે, પણ મિલવાળા દાદ ક્યાં આપે છે ? ”

“ પણ મિલમાલેકને તો રહેવાને બંગલા છે, ફરવાને મોટર છે, પાસે પુષ્કળ પૈસા છે, છતાં એ ગરીબ માણસોની રોટી શા માટે ઝૂંટવી લેતા હશે ? ”

“ એ સઘળું પણ આપણેજ પરસેવો ઉતારીને પેદા કર્યું છે ને ? શેઠ ક્યાં મહેનત કરવા ગયા હતા ? તે તો આપણા ચઢી ગયેલા પગાર આપવાની પણ ના પાડે છે.”

“ હવે તો ઘરમાં અનાજનો એક દાણો પણ નથી રહ્યો. ” રણછોડે એક દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો.

હડતાળ લંબાતી ચાલી. સમાધાનીનાં કોઇ ચિહ્નો નજરે ન પડતાં બેકારી, ભૂખમરો, નિરાશા અને મૃત્યુ કામદારો તરફ દાંતિયાં કરવા લાગ્યાં. રણછોડ પોતાના ટુંકા પગારમાંથી તેની સ્ત્રી રાધા અને એક બાળકનું મહામહેનતે ગુજરાન ચલાવતો. હડતાળ પડવાથી તેની આવક તદ્દન બંધ થઇ ગઇ, ઘરમાં અનાજ ખૂટી ગયું, અને કુટુંબને ખાવાના સાંસા પડવા લાગ્યા. થોડા દિવસ ઉછીતું માગી લાવી દેવું કરીને ચલાવ્યું, પણ સમય જતાં તે પણ બંધ થયું. હવે તેને કોઇ પાઇ પણ નથી ધીરતું. યુનિયન તરફથી દર સવારે હડતાળીઆઓમાં ચોખા વહેંચાતા. તેમાંથી ત્રણ શરીરનું ભાગ્યેજ પૂરૂં થતું. ભાડાવાળો વારંવાર ઉઘરાણી કરતો, અને જો ભાડું ન ભરાય તો ઘર ખાલી કરાવવાની ધમકી આપતો. પરંતુ રણછોડ મજબૂત મનનો અને દૃઢ વિચારવાળો હતો. સંઘના ઐક્ય તથા ભ્રાતૃભાવને જાળવવા ગમે તેટલાં દુઃખો સહન કરવા તે તૈયાર હતો. તેનો ભોળો આત્મા ચોક્કસ માનતો કે, આ વર્ગવિગ્રહમાં સત્ય મજૂરોના પક્ષમાં હતું, અને અંતિમ વિજય તેમનોજ થવાનો.

પેટપૂરતું ખાવાનું ન મળે તોપણ રણછોડ પિકેટિંગ કરવા જતો, સભા અને સરઘસોમાં ભાગ લેતો, પોતાના કામદાર સાથીઓને મક્કમ રહેવા સમજાવતો, અને ભૂખ તથા દુઃખથી ક્ષીણ થઇ ગએલા અવાજે ‘ લાલ વાવટાની જય’ પુકારતો.

જાણે તેના સંયમ અને નિશ્ચયાત્મક બળની કસોટી થતી હોય તેમ તેનો એકનો એક પુત્ર માંદો પડ્યો. બિમારી વધતી ગઇ, પતિપત્ની ગભરાઇ ગયાં. દાક્તરને બોલાવવાના પાસે પૈસા ન હતા. પુત્રનું જીવન તોળાઇ રહ્યું હતું. માતૃસ્નેહથી વિહ્વલ બનેલી રાધાએ ઘરનાં વાસણો વેચી બે રૂપિયા મેળવ્યા, અને રણછોડને દાક્તરને

બોલાવવા મોકલ્યો.

દાક્તરે છોકરાને તપાસી દવા લખી આપી, દર્દ ભયંકર હોવાનો મત આપ્યો, અને તાવ ઉતરતાંજ છોકરાને કોઈ સારી હવા-પ્રકાશવાળી જગ્યાએ લઇ જઇ ધીરે ધીરે દૂધ અને સાત્ત્વિક ખોરાક આપવાની સલાહ આપી. શ્રીમંતાઇમાં મહાલતા દાક્તરને ભાગ્યેજ ખ્યાલ આવ્યો કે, હવા-પ્રકાશવાળી જગ્યા, દૂધ અને સાત્ત્વિક ખોરાકની સગવડ હોય તો તેમના આગમનની આવશ્યકતાજ ન પડે. છોકરાની માંદગી હઠીલી નીવડી. રણછોડ અને રાધા દિવસરાત જાગી સારવાર કરવા લાગ્યાં; પણ છોકરો તો મૃત્યુ તરફજ ઘસડાતો ગયો. દસ દિવસની દારુણ યાતના ભોગવી દુઃખી માતાપિતાને આંસુ સારતાં મૂકી છેવટે બાળકે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. રણછોડ તદ્દન જડભરત જેવો બની ગયો. રાધાએ હૃદયભેદક વિલાપ કર્યો. રાક્ષસી હડતાળના ક્રૂર ખપ્પરમાં એ કુમળા ફૂલનો ભોગ અપાઇ ચૂક્યો.

(૩)

મિલમાં હજી શ્મશાન સમી શાંતિ હતી. દરવાજા ઉપર ચોકી કરતા પિકેટરો અને આસપાસ રખડતા કોઈ રડયાખડયા બેકાર મજૂરો સિવાય આસપાસ બધું તદ્દન વેરાન બની ગયું હતું. હડતાલનો અંત લાવવા સર્વ દિશામાંથી પ્રયાસો થઇ રહ્યા હતા, પણ હજી સુધી કાંઇ પરિણામ આવ્યું ન હતું. મિલમાલેક મક્કમ હતા, તેમજ કામદારો પણ નમતું આપવા તૈયાર ન હતા. મિલમાલેક સર પ્રતાપરાયને તો થોડાક લાખ રૂપિયાના નુકસાનનોજ પ્રશ્ન હતો; પણ હડતાળીઆને તો જીવન-મરણનો સોદો હતો. તેમનું અસ્તિત્વ ટકાવવા પૂરતાં સાધનો પણ ધીરેધીરે હરાઇ જતાં હતાં, અને જીવ ઉપર આવી ગએલા ઘણા કામદારો તો હડતાલનો સત્વર અંત ન આવે તો લૂંટફાટ ચલાવવાનો પોતાનો મત ખુલ્લો જાહેર કરતા.

સત્તાવાળાએ જાહેર કર્યું હતું કે, આવતી કાલે પહેલી તારીખથી જે હડતાળીઆ કામ ઉપર હાજર નહિ થાય તેની જગ્યાએ કાયમી નવા માણસો રાખી લેવામાં આવશે. મજૂરોમાં ગભરાટ ફેલાયો. કોઇક પોચા મનના કામદારોએ તો કામ ઉપર હાજર થવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો. આ નવી મુસ્કેલી માટે વિચારણા કરવા યુનિયન તરફથી એક તાત્કાલિક સભા બોલાવવામાં આવી. નેતાઓએ મજૂરોને એકત્ર અને મક્કમ રહેવા પડકાર કર્યો. લંબાણ ચર્ચાને અંતે બીજે દિવસે આ નવા માણસો (બ્લેક લેગ્સ)ને

દાખલ થતા અટકાવવા માટે સામુદાયિક પિકેટિંગ કરવાનું નક્કી થયું.

બીજે દિવસે સૂર્યોદય પહેલાં હડતાળીઆઓનું એક પ્રચંડ સરઘસ યુનિયનની ઑફિસ પાસેથી બહાર પડ્યું. દરેક કામદારનો ચહેરો ઉત્સાહ અને નિશ્ચયવંત હતો. સરઘસ મિલની દિશામાં કૂચ કરતું ગાતું હતું કે:-

"એ સમર્થ આપણ સહુના, પૂર્વજના પીસણહાર,
ભૂખ્યાં આપણ શિશુઓની, રોટીના ઝુંટવનાર,
એ જુગ જુગના જુલ્મોના છેદન કાજે આજ પ્રયાણ."

લાલ વાવટાની અને મજૂર સંઘની જય પોકારતું સરઘસ મિલના દરવાજા આગળ શાંત ઉભું. એક માણસ પણ અંદર પ્રવેશી શકે તેટલી જગ્યા ન રહી, નવા માણસો ગભરાઇ ગયા. શું કરવું તેની સૂઝ ન પડતાં એક જગ્યાએ ટોળે મળી ઉભા રહ્યા. સામુદાયિક પિકેટિંગની ખબર પડતાંજ સામ્રાજ્યવાદના કાયદારક્ષકો સાર્જંટો અને પોલીસો જાહેર સુલેહશાંતિનું રક્ષણ કરવા મોટી સંખ્યામાં હાજર થયા. ટેલિફોન દ્વારા ખબર મળતાં સર પ્રતાપરાય પણ ભપકાબંધ મોટરમાં પધાર્યા, અને સત્તાવાદી અવાજે મજૂરોને આઘા ખસી જવા હુકમ કર્યો. પોલીસ અને મિલમાલેકને જોતાંજ મજૂરોએ સામ્યવાદી પોકારોથી મેદાન ગજાવી મૂક્યું. લાલ વાવટાની જયના ગગનભેદી પોકારોથી મજૂરોમાં નવું ચેતન રેડાયું, બધા પોતાની જગ્યાને વળગી રહ્યા, અને ગમે તે થાય પણ નમતું ન આપવાનો નિશ્ચય કરી શું બને છે તેની આતુરતાથી રાહ જોવા લાગ્યા.

મજૂરનેતાઓએ સર પ્રતાપરાયને તેઓનો ઉદ્દેશ સંભળાવ્યો. નવા માણસોને દાખલ ન કરતાં હડતાળનું સમાધાન કરવાનું તે વચન ન આપે ત્યાંસુધી ત્યાંથી હડતાળીઆઓ નહિ ખસે એમ સ્પષ્ટ કહી દીધું. પોલીસ અધિકારી, સર પ્રતાપરાય અને મજૂરોના નેતાઓ ચર્ચા કરતા હતા. ત્યાં એકાએક હડતાળીઆઓની દિશામાંથી એક પથ્થર આવ્યો, અને મોટરના આગળના કાચ સાથે અથડાઈ તેના ચૂરેચુરા કરી નાખ્યા. થઇ ચૂક્યું. પોલીસ અધિકારીની ખાત્રી થઇ ગઇ કે, હડતાળીઆ તોફાને ચઢ્યા છે. તેમણે એકદમ ગોળી છોડી. તેઓને વીખેરી નાખવાને હુકમ કર્યો. ધડ, ધડ, ગોળીઓ છૂટવા લાગી. મજૂરોમાં ભંગાણ પડ્યું. તેઓ ચારે દિશામાં નાસવા લાગ્યા. કેટલાક પડ્યા, કંઇક કચરાયા, કંઇક ઘવાયા. મિલનું ચોગાન રુધિરથી રંગાઇ ગયું.

(૪)

પરેલ હૉસ્પિટલમાં એક ખૂણાના ખાટલા ઉપર છાતી ઉપર પાટો

બાંધી રણછોડ પડયો હતો. તેને ફેફસામાં ગોળી વાગી હતી. તેની બાજુમાં કપાળે હાથ રાખી નિસ્તેજ ચહેરે રાધા બેઠી બેઠી રણછોડના શરીર ઉપર હાથ ફેરવતી હતી. રણછોડ બેભાન અવસ્થામાં બકતો હતો.

“ભૂખ્યાં આપણ શિશુઓની રોટીના,
ઝુંટવનાર.........ગાઓ બળવાનાં ગાન.”

“ખુલી, હડતાળ ખુલી. રાધા! કાલે પગાર મળશે......ભાડું ભરશું......છોકરાની દવા કરશું....જય! લાલ વાવટાની જય! ...રાધા! છોકરો જીવશે...જો જાગ્યો...’

નર્સ વારંવાર ગરમી માપી જતી. તાવ વધતો હતો. શ્વાસોચ્છ્વાસ પણ ધમણની માફક જોરથી ચાલતો હતો. દાકતરે આશા મૂકી દીધી હતી. રણછોડ થોડો વખત શાંત પડી રહેતો. પાછો ઝબકીને બેઠો થતો. ફાવે તેમ બકતો. શ્વાસ ચઢતાં પાછો શ્રમિત થઇ ખાટલામાં પછડાતો.

“રાધા! મજુરોનો અચૂક વિજય છે. જો, મિલ ચાલુ થઇ...” ગરીબ બિચારી રાધા પતિને વારંવાર શાંત રહેવા વિનવતી. તેને ધીરેથી ખાટલામાં સુવાડતી, અને તે શાંત પડતાં મનની વ્યથાને દાબી રાખી શૂન્યવત્ તેના તરફ અનિમેષ નેત્રે જોયા કરતી. પુત્ર ચાલ્યો ગયો, પતિ જતો હતો, ભવિષ્ય ગાઢ અંધકારમય હતું!

સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. આથમતા સૂર્યનાં લાલ કિરણો વાદળાંમાં થઈ ગમગીન પ્રકાશ ફેલાવતાં હતાં. દૂર દૂર હડતાળીઆઓનું સરઘસ ગાતું હતું કેઃ–

“હર સૂર્યાસ્તે સૂર્યાસ્તે ઓરાં આવંત મુકામ
હર સંવત્સર વહી જાતે વહે જાલીમ દળની હામ.”

રણછોડ ઝબકીને જાગી ઉઠયો. “હા, હા, જરૂર વિપ્લવ થશે. મૂડીવાદનો નાશ થશે. મજુરોનો વિજય થશે. જો......જો ...રાધા...જો...ઓ...”

રણછોડ ધબ દઇને નીચે પડયો. શ્વાસ ધીમે ધીમે બંધ થવા લાગ્યો. સવિતાનારાયણ પૃથ્વીની બીજી બાજુને પ્રકાશ આપવા અસ્તાચળે ઉતરી અસ્ત થયા. સાથોસાથ રણછોડનો જીવનદીપક પણ ઓલવાઈ ગયો. સ્થૂળ શરીરને રડતી રાધા સમક્ષ મૂકી તેનો આત્મા પ્રયાણ કરી ગયો. મજૂર અને મૂડીવાદના મહાન વિગ્રહનો એ ભોગ બન્યો. શ્રમજીવીઓના સ્વાતંત્ર્યયજ્ઞમાં એક વધુ બલિ હોમાયો.

અને હડતાળ તો ચાલુજ હતી.

(“નવયુગ”ના એક અંકમાંથી)

४३-बूझातो आशादीप

(લેખકઃ-શ્રી. સીતારામ જે. શર્મા)

દૃશ્ય પહેલું

('ઇંદુભવન'નું વિશાળ દિવાનખાનું જમીનથી છત સુધી વૈભવ-વિલાસની સામગ્રીની સજાવટથી ભરચક છે. ઉત્તરદક્ષિણ દિશાની દિવાલનાં બારણાં બન્ને તરફના શયનખંડમાં પડે છે. પૂર્વ તરફના બારણામાંથી અંદરના ખંડમાં જવાય છે. પશ્ચિમ દિશામાં દિવાનખંડનું પ્રવેશદ્વાર છે. ચારે બારણાં આગળ મનોહર પર્દા લટકે છે. જમીન મોંઘા ગાલીચાથી ઢંકાઇ ગયેલી છે. વચ્ચે વિશાળ ટેબલ અને તેની આસપાસ સોફા, કોચ, ખુરશીઓ ગોઠવેલાં છે. દિવાલો પર જગતના મશહુર ચિત્રકારોનાં ચિત્રો લટકે છે. ખુણીઆઓ પર કુશળ શિલ્પીઓની ઘડેલી પ્રતિમાઓ ગોઠવવામાં આવી છે.)

ઇંદુરાય—(ચાલીસ વર્ષની લગભગના, ચુસ્ત સનાતની ગણાતા લક્ષાધિપતિ દક્ષિણ દિશાના બારણામાંથી દાકતર સાથે દિવાનખંડમાં આવતા દેખાય છે. તેમના વદન પર વિષાદની સ્પષ્ટ રેખાઓ તરવરે છે.) દાકતર! તમને કેમ લાગે છે?

દાકતર (ગંભીર ભાવે)—ઇંદુરાય શેઠ! લોહીનું દબાણ બહુ છે. ઉશ્કેરાટને લીધે તાવ હજી એકેક દિવસ ઘટે તેમ લાગતું નથી. એને ખૂબ શાંતિની જરૂર છે.

ઇંદુરાય-(બાજુના સોફા પર પછડાય છે. ચિંતાથી તેના કપાળ પર કરચલીઓ વળી છે, છતાં મક્કમતાથી હોઠ બિડાયલા છે.) દાકતર! આ નવું તૂતજ છે ને? આજકાલ લોકોને જાણે બીજું કંઇ કામજ નથી, એટલે ધર્મિષ્ઠોને વટલાવવા બેઠા છે.

દાકતર (સમજાવતાં)—શેઠ! હાલ તુરત તમારે શાંતિ રાખવી જોઇએ; નહિ તો કેસ વધારે બગડશે.

ઇંદુરાય (ઉશ્કેરાઇને છતાં ધીમે સ્વરે)—આઠ વર્ષના છોકરાને આટલું બધું ક્યાંથી સૂઝે? જરૂર એને બીજાઓએ ચઢાવ્યો છે;

નહિ તો મારી મેતરાણીના છોકરાને એ ઠેઠ પૂજાની ઓરડીમાં લઇ જાય............

(વહેલી સવારે શયનખંડમાંથી ઓ-ઓ:-ની ચીસો ઉઠતાં તે એકદમ અટકી જાય છે.)

રમા—(લગભગ દોડતી આવીને)-[દાકતર એકદમ ઉઠે છે, રમાની પાછળ તે અંદર જાય છે. ઇંદુરાય વિચારનિમગ્ન બેસી રહે છે.) દાકતર, દાકતર............

કિરણ (ઇંદુરાય અને રમાનો એકનો એક પુત્ર, રેશમી ગાદલાંવાળા મોંઘામૂલા પલંગમાં પડ્યે પડ્યે, બેભાનદશામાં બૂમો મારે છે.)

ઓ!-ઓ!-આ જુઓ બાપાજીએ પેલા બિચારાઓને લાઠીથી મરાવ્યા-ભૈયા કેવા તડોતડ લાકડીઓ મારે છે-બિચારા, બિચારા એમને દર્શન શું કામ કરવા દેતા નથી?-રમા બહેન...!

રમા—(ગમગીન કિરણની પાસે આવી તેને મસ્તકે હાથ મૂકી) કિરણ! બેટા! અહીં કોઇને મારતું નથી. બાપુ! તું સૂઇ જા."

(કિરણ ભાવે દાકતર સામે જુએ છે. દાકતર તેને ઇશારતથી શાંતિ સાચવવાની ભલામણ કરે છે.)

કિરણ (વળી ચમકીને)—બાપુજીએ પેલા બિચારા રતનાને કેવા ધક્કા મરાવ્યા?-બા! આપણા ભગવાનનાં દર્શન કરવાથી તો એ પાવન થાત-એ બિચારો કેવો રડતો હતો?-ભયથી તે બંગલાનાં પગથિયાં પર પડી ગયો, એને વાગ્યું ને લોહી નીકળ્યું, છતાં બાપુજી એને કેવા ધમકાવતા હતા?--બા! તેં પણ બાપુજીને કંઇ કહ્યું નહિ?..."

રમા—(એની આંખોમાંથી આંસુ વહેતાં હોય છે, તે સાફ કરી) ભાઇ! આપણે તારા રતનને બોલાવીશું હોં, તું હમણાં સૂઇ જા. દાકતર કાકા તને ઉંઘી જવાનું કહે છે.

કિરણ—(બેફામ) એમ, એમ, તું રતનને બોલાવીશ? બાપુજી તારા પર ગુસ્સે નહિ થાય? હું રતનને ઘેર ગયો ત્યારે એની બાએ મને ધમકાવ્યો નહોતો, પણ બાપુજીએ તો એને ધક્કે મરાવ્યો.-ના, ના, રમાબહેન! તું એને અહીં બોલાવીશ નહિ. વળી બાપુજી ગુસ્સે થશે, એમના ભગવાન અભડાશે ને આખું ઘર ધોવરાવશે...

દાકતર--(નવો 'ડોઝ તૈયાર કરી) ભાઇ કિરણ! તું આ દવા પી લે. જો તને સારૂં થઇ જશે. તું હમણાં થોડી વાર ઉંઘી જા. પછી હું તારા રતનને અહીં લઇ આવીશ.

કિરણ—એમ, એમ, દાકતર કાકા! ના, ના. પણ તમારી પર

બાપુજી ગુસ્સે થશે. તમે એવું સાહસ ન કરતા.

દાકતર—(સમજાવટથી) તારા બાપુજીએ મને રજા આપી છે; લે આ દવા.

કિરણ—દવા પીઉં તો બાપુજી રતનાને મારી પાસે રમવા દેશે? લાવો, લાવો, મારે રવિવારના સરઘસમાં જવાનું છે. હું હવે નહિ બોલું હોં દાકતર કાકા!

(તે દવા લઇને પીએ છે. થોડી વાર ભીષણ મૌન પથરાય છે.)

રમા—(સચિંત-ધીરે સ્વરે) દાકતર! તમને કેમ લાગે છે?

દાકતર—રમા બહેન! ખાસ ચિંતા જેવું નથી. પણ એ આમ વારંવાર ઉશ્કેરાઇ જાય છે ત્યાંસુધી જરા ગંભીર ખરૂં.

રમા—(સજળ નયને) દાકતર! મારો એકનો એક કિરણ...

(તેનાથી રડી જવાય છે)

દાકતર—રમાબહેન! આમ ન કરો. જરા તો હિંમત રાખો.

રમા—(રડતાં રડતાં) દાકતર! હિંમત શી રીતે રાખું? મારી જીવનજ્યોત બુઝાવા...(તે હોઠ કરડે છે. અમંગલ શબ્દોને હોઠ વચ્ચે દાબી રાખે છે)

દાકતર—જુઓ, દવાની અસરથી એ જરા શાંત થાય છે.

રમા—દાકતર! મને અમંગલના ભણકારા સંભળાય છે.

દાકતર—ધીરજ રાખો બહેન! હમણાં એને સૂવા દો. તમે ઘડીભર બહાર આવો. નર્સ અહીં બેઠી છે.

(બન્ને મંદ પગલે દિવાનખાનામાં આવે છે. ત્યાં ઇંદુરાય વાત કરતા સંભળાય છે)

ઇંદુરાય—નહિ નહિ, જ્યાંસુધી હું ટ્રસ્ટી છું ત્યાંસુધી અમારા મંદિરમાં એ ઢેડ લોકોને આવવા નહિજ દઉં. મિ૦ શાંતિલાલ! મારી તો તમને પણ એ સલાહ છે કે, તમે આ બધાં ધતીંગ છોડી દો અને બીજું કંઇ કામ કરો.

શાંતિલાલ (હરિજનો માટે કામ કરનાર)—શેઠ! આપ તો સ્વરાજની ચળવળમાં આજ સુધી આગળ પડતો ભાગ લેતા હતા, અને ખાદી માટે ભાષણો આપતા હતા......

ઇંદુરાય (ગુસ્સાથી-વચ્ચેજ)—એ શું અમારો ગુનો થયો? અમને સ્વરાજ જોઇએ છે, પણ ધર્મનો નાશ નથી જોઇતો!

શાંતિલાલ—પણ માણસ માણસનો સ્પર્શ કરે તેમાં ધર્મનો...

ઇંદુરાય (પહેલાંનીજ ઢબે)—મિસ્ટર! મારે તમારૂં ભાષણ સાંભળવું નથી. તમે અહીંથી ચાલ્યા જાઓ.

(શાંતિલાલ ચાલવા માંડે છે. ઇંદુરાય ગુસ્સામાં બેસી રહે છે.)

રમા—(ધીરેથી પતિ પાસે આવી મમતાળુ ભાવે)—તમે કિરણની સામે તો જુઓ ! એની ખાતર.........

ઇંદુરાય (વચ્ચેજ)—શું તમે બધાંએ મને ચીડવવાનોજ સંકેત કર્યો છે ?

દાક્તર—શેઠ ! હમણાં કિરણને જરા ઉંઘ આવી છે, પરંતુ જાગે ત્યારે તમે એને આશ્વાસન આપશો તો એને ઠીક થશે.

ઇંદુરાય (જરા સંયમ સાથે)—દાક્તર ! એ તો રતનને બોલાવવાની જીદ પકડે છે.

દાક્તર—અત્યારે દર્દીની સ્થિતિ એવી છે કે જો તમારે એને જલદી સાજો કરવો હોય તો રતનને બોલાવવો જોઇએ.

રમા (કરગરતી)—આપણા એ એકના એક લાડકવાયા માટે તમે એટલું પણ ન કરી શકો ?

ઇંદુરાય—શું મારે વૈષ્ણવના ઘરને અભડાવવું ?

રમા—અત્યારે તો બધાજ એમને અડવા તૈયાર છે.

ઇંદુરાય—એટલે મારે પણ ગાડરીઆ પ્રવાહમાં તણાવું ?

દાક્તર—ચાલો સાહેબ ! હું હવે જઇશ. જો મારી જરૂર પડે તો મને 'ફોન' કરજો; પણ શેઠ ! તમે બીજા કોઇની ખાતર નહિ તો કિરણની ખાતર પણ નમતું મૂકો એવી મારી સલાહ છે.

(દાક્તર જાય છે, રમા કરુણભાવે પતિ સામે જોઇ રહે છે)

(પર્દો પડે છે.)

દૃશ્ય બીજું

(ઇંદુભવનમાં નોકરચાકરોની દોડાદોડ થતી જણાય છે. એક મોટર એકાએક દરવાજા પાસે આવી ઉભી રહે છે, તેમાંથી ઉતરી દાક્તર ઉતાવળે પગલે દિવાનખાનામાં પ્રવેશે છે. બારણા આગળજ ઇંદુરાય દાક્તરને મળે છે.)

દાક્તર—કેમ છે કિરણને ?

ઇંદુરાય (સચિંત)—તમારા ગયા પછી બે કલાક ઠીક ગયા, પણ તે પછી તો તે બહુજ ઉશ્કેરાય છે.

દાક્તર—ચાલો, જોઇએ એને.

(બન્ને કિરણવાળા ઓરડા તરફ જાય છે. દાક્તરને જોતાંજ રમા તેની તરફ ધસે છે. એની બન્ને આંખમાંથી આંસુ દદડતાં હોય છે)

રમા—દાક્તર, દાક્તર! મારા કિરણને બચાવો.

(બધો વખત કિરણનો બડબડાટ ચાલુ હોય છે.)

કિરણ—બાપાજી આવ્યા ?–અરે, એ તો પેલા બિચારાઓને લાઠીએ મરાવશે–તમને પગે લાગું, બાપાજી! એ બિચારો નિર્દોષ છે. રતનને તમે ન ધમકાવો, એને તો હુંજ લઇ આવ્યો છું–તમેજ કહેતા નહોતા કે, માણસમાત્ર ભગવાનનાં બાળક છે અને એનાં દર્શન કરવાથી તો પતિત પણ પાવન થાય–એટલેજ હું રતનાને પાવન કરવા દેવઘર આગળ લઇ આવ્યો. ના, ના, એને ન ધમકાવો; એનો કંઈજ વાંક નથી, વાંક મારો છે; જોઇએ તો મને મારો.

(તે ઉછળીને બેઠો થાય છે, આમ તેમ હાથ વિંઝતો, તે ઇંદુરાય આગળ હાથ જોડે છે)

દાકતર (આગળ જઇ, કિરણને સુવાડતાં)—કિરણ, ભાઇ ! સૂઇ જા. હવે તો રતનને રોજ આવવા દેવાનું બાપાજીએ કહ્યું છે.

કિરણ—એમ, એમ ! વાહ વાહ ! પણ મને વિશ્વાસ નથી બેસતો. બાપાજી એ બાપડાને જરૂર મારશે......

(રડતી આંખે રમા પતિ સામે જુએ છે. ઇંદુરાયની આંખ પહેલીજ વખત નરમ બનેલી જણાય છે.)

રમા (પાસે જઈ)—તમને આ છોકરાનીયે દયા નથી આવતી?

ઈંદુરાય—હું શું કરૂં, કહે ?

રમા—એક વખત તો એની પાસે આવી એને સમજાવો. આ તો પિતૃત્વની કસોટી છે. તમને તમારા એકના એક દિકરા કરતાંયે આભડછેટીઓ ધર્મ વધુ વહાલો છે ?

(ઇંદુરાય ગંભીર બને છે. તેનાથી બોલી શકાતું નથી; પણ એની આંખમાં પિતૃત્વ પ્રગટે છે.)

ઈંદુરાય (છેક તેની પાસે જઈ, એને કપાળે હાથ મૂકી)—બેટા ! કિરણ ! હું તારા રતનને નહિ મારૂં હો.

કિરણ—એમ, એમ–સાચેસાચ !

દાક્તર—કિરણ ! બાપાજી હવે કદી એને નહિ મારે.

ઈંદુરાય (મમતાથી)—હા ભાઈ ! તું શાંતિથી હમણાં સૂઇ જા.

કિરણ—બાપાજી ! હવે મને આનંદ થયો. બસ, હવે તો હું સૂઈ નહિ રહું. મારે રતનાને લઇને સરઘસમાં જવાનું છે–હું હવે એને ગળે ભેટી પડીશ–વાહ વાહ, બાપાજી કેવા ભલા છે ! રતન, રતન, હવે તને આ ઘરમાં કોઇ અટકાવવાનું નથી.

(રતનને જોતો હોય તેમ તે હવામાં હાથ ફેરવે છે.)

દાક્તર (કિરણને સૂવરાવવા મથતો)—ભાઇ ! તું નિરાંતે ઉંઘી જા તો. તને પછી સરઘસમાં મોકલાવીશું હો.

કિરણ—નહિ, નહિ. દાક્તર કાકા! હવે તો હું સુવાનો નથી. હવે તો રતનની સાથેજ રમીશ—વળી પાછા બાપાજી કદાચ ગુસ્સે થાય તો ?-એમણે પેલાઓને કેવો માર મરાવ્યો હતો!

રમા (દાકતરના મોં પરના પલટાતા ભાવ જોઇ તેની પાસે જઇ)—દાકતર! કેમ લાગે છે ?

દાકતર (ગંભીર ભાવે)—હૃદય ખૂબ જોરથી દોડે છે, માથાપર લોહીનું દબાણ વિશેષ છે, છતાં બહુ ચિંતા કરવા જેવું નથી.

રમા—દાકતર! સાચું કહેજો હોં, મારો તો એ એકની એક આશાનો દીપક છે. તમે હમણાં અહીંજ રહેજો. (ઇંદુરાય તરફ જોઇ)—એમને આ શું સૂઝયું ?

(ઇંદુરાય આમતેમ ફરતો હોય છે)

કિરણ (પથારીમાંથી ઉછળતો)—ચાલો, ચાલો સરઘસ આવી પહોંચ્યું-હરિજનોનું સરઘસ ચાલ્યું-(તે ઉભો થવા જાય છે, તેને તેમ કરતાં દાકતર રોકે છે) તમે મને પાછા કેમ રોકો છો ? શું મને સરઘસમાં નથી જવા દેવાના ? બાપાજીએ તમને ધમકાવ્યા ? જુઓ, સાંભળો, એ બધા-ના, ના, મારો રતનો મને બોલાવે છે, મને કોઇ ન રોકશો, જવા દો.

(ફરીથી તે જોસથી ઉછળે છે. દાકતર તેને પકડે છે. તેટલામાં કિરણનું મુખ વક્ર બને છે, તેની આંખો ફાટી જાય છે, તે જોઇ)

રમા (ચીસ પાડીને)—દાકતર! મારો કિરણ, એને બચાવો, બચાવો; ઓહ મારો એકનો એક આશાદીપ બુઝાઇ ચાલ્યો. ઓહ

(તેને મૂર્ચ્છા આવે છે.)

(ઇંદુરાય તેને મદદ કરવા દોડે છે. એટલામાં દાકતરના હાથમાં-જ કિરણનો છેલ્લો શ્વાસ સદાને માટે બંધ થઇ જાય છે.)

દાકતર—શેઠ, શેઠ!

ઇંદુરાય (ચમકીને)—દાકતર!

દાકતર—કિરણ ગયો.

ઇંદુરાય-હેં-એ-એ-(તેનું ગળું ફાટી જાય છે.)

(તે પણ ઢળી પડે છે. એના તૂટક તૂટક શબ્દો સંભળાય છે.)

કિરણ-ગયો-મારી જીદ-રતન તુંજ હવે તો મારો કિ-ર-ણ—

("નવયુગ"ના એક અંકમાંથી)

૪૪-વેઠનો ત્રાસ

(લેખકઃ-શ્રી. મસાલચી)

(૧)

વળીઆ ગામની ચોતરફ લીલી કુંઝારવાડીઓ લહેકા દઇ રહી છે. ગામને ઘસીને લેરખડી નદી મીઠાં ગાન ગાતી, ઘડીમાં વાંકીચૂકી વળી જતી તો ઘડીમાં સીધી સડેડાટ ચાલી જતી, નાચતી કૂદતી વહી જાય છે. છપ્પનીઆ જેવા કળકળતા કાળમાંયે તાણુ ન પડી એવાં નીર ધરતીમાતાએ હૈયાની બખોલમાં ભરી દીધાં છે. આજની ઘડી સુધી ગામમાં એકતાર છે, સૌ મોરલીધરના ઝંડા નીચે કનૈયાલાલની આરતી ઉતારે છે.

એમાં કાળી કઠણાઇના કાળા ઓછાયા ઉતરવા મંડયા. તેના ગણેશ ગોકુળઆઠમ જેવા મંગળ દિ'થી મંડાયા!

જોગ એવો બન્યો કે, લાળીખાં ફોજદારનું અણધાર્યું આવવાનું થયું, હોંશીલા પટેલિયાઓએ ફોજદાર શા'બને આદરમાન દીધાં. અછો અછો વાનાં કર્યાં.

રંગીલો ઢોલીઓ ઢાળી દીધો, મશરૂની તળાઇઓ બિછાવી દીધી અને બગલાની પાંખ જેવા જગન્નાથી ઓછાડના છેડા હવામાં ફરકવા માંડયા.

આજે કાળાં કામ કરનાર કાળમુખા કંસને કાપનારનો જનમદિવસ છે, આજે જુગજૂનાં અંધારાં ટાળનારનું ટાણું છે, અને આજે જેલનાં મજબૂત બારણાં તોડી મલકમલકના માનવીઓને મધુર મોરલીના રણકારે મહાત કરનાર મોરલીધરનું સંભારણું છે. આજના ઓચ્છવે ગામડીઆઓ હર્ષમાં ગાંડાઘેલા થઈ ગયા છે. સારૂંએ ગામ ધજાપતાકાથી શોભી રહ્યું છે. કનૈયાનું ધામ-ચોરો-તો આજે શણગારથી તૂટી પડે છે. આંબા અને આસોપાલવનાં તોરણો ઝૂલી રહ્યાં છે. ધોળેલી ભીંત પર નોખી નોખી ભાતનાં, નોખાં નોખાં ઘરનાં, તોરણચાકળા તગતગી રહ્યાં છે.

નાનુંમોટું નવા લેબાશમાં છે. એક તો ગામ બેપાંદડે છે, અને એમાં આવો ઉજળો દિ, પેટીપટારામાંથી કોરાં ધાકોર લૂગડાં કઢાયાં, શરીર ઉપર સજી દીધાં, ને છોકરાંઓનો હરખ તો ક્યાંએ માતો નથી, કનૈયાના ગોઠીઆ જેવા શોભે છે!

ચપચપતી ચોરણી, ને કડકડતું કડીઉં, મોરપીંછાના ભાતવાળી ઓઢણી ને ફગફગતી ઘાઘરીઃ ને ચચ્ચાર ફૂમતાંવાળી નાડી હવામાં હીંચોળા લે છે.

ફોજદાર લાળીખાં બે દિવસ રહ્યો; પણ બે દિવસમાં આખા ગામને પી ગયો. તરતું ગામ તેની દાઢમાં આવી ગયું. ભગરી ભેંસનાં દૂધ તેની નજર સામે તરવા માંડયાં. માનપાન પામી ફોજદાર શા'બે વિદાય લીધી.

થોડા દિ'માં ફોજદાર શાબનો સંદેશો આવ્યોઃ "એક મણ દૂધ મોકલજો." મેમાન મારવાડના છે. એ તરફ દૂધની બહુ અછત છે. પૈસા માણસ હારે મોકલાવીશું.

પટેલને રૂંવાડે રૂંવાડે ભોળપ ભરી હતી. દુનિયાના કાવાદાવાથી અજાણ હતા. પટેલનો માનમરતબો સારો હતો. ચપટીવારમાં મણને બદલે સવામણ દૂધ જમા થયું. ફીણાળા હાંડા દૂધથી છલકાવા માંડયા. ખેપીઆ મારફત દૂધ રવાના થયું. ફોજદાર શા'બ તો કાગને ડોળે રાહજ જોતા હતા. દૂધ ઓસરીએ ઉતારી માણસ બોઘા જેમ ઉભો રહ્યો. ફોજદાર શા'બ ઉભા રહેવાનું કારણ સમજી ગયા. ઉડાઉ જવાબ આપી ગગડાવવો હતો, પરંતુ ગમ ખાઇ ગયા. અને ઠંડે પેટે બોલ્યાઃ "પટેલને મારા રામરામ કહેજો. અને જ્યારે આવશું ત્યારે સમજશું."

ધોયેલ મૂળા જેવું ડાચું લઇ માણસ પાછો વળ્યો. જઇને પટેલને સ્નાનના સમાચાર દીધા.

ભોળપભરેલા પટેલે ફોજદાર શા'બ પૈસા પોગતા કરશે, એ આશા છોડી નથી.

દિ' ઉપર દિ' જવા માંડયા, ત્યાં તો ફોજદાર શા'બના ઘોડાના ડાબલા ગાજ્યા. બે દિ ગળી દાઢ કરી. જતાં જતાં પટેલને કહી દીધુંઃ "અમારે નીરણની અછત છે. તે બે ભારા નીરણ મોકલજો." અમારા ગામમાં વેચવાનો ઓછો ચાલ. ઘણાખરા ખેડુ સંઘરોજ કરે.' પટેલે પાધરો જવાબ દીધો.

" તે આપણે ક્યાં વેચાતી લેવી છે? તમ સરખા પટેલ પાસેથી ભેગી કરી મોકલાવી આપજો." આમ કહી ઘોડાની લગામ મોકળી

મેલી. ઘોડો થાણાના માર્ગ ભણી વહેતો થયો. શું કરવું તે વિચારતા પટેલનો ડાબો હાથ ગાલમાં ખુતી ગયો.

વાત આ કાનેથી ઓલ્યે કાને, અને ઓલ્યે કાનેથી પેલે કાને ગઇ. અમલદારોએ ગામની નાડ પારખી લીધી. પછી તો બધું ફાવી ગયું. બધા આવીને ગોદાવે, થાણદાર કહે 'છાણાંની ગાડી મોકલજો!' વહીવટદાર કહે 'સરાવ ખડનું ગાડું મોકલજો.' મોટા ફોજદાર આવીને કહે કે 'ગોળની ભેલી ને ઉપર ચાર રાડાં શેરડીનાં મોકલજો.' સૌ લાગીજ પડયું: 'મોકલજો રે ભાઇ મોકલજો. આમ 'મોકલજો'નો બોકાહો ગામમાં બોલવા મંડયો.

(૨)

પટેલને આ બધું વસમું થઇ પડયું છે. ગામને ભોગવવી પડતી હાલાકીથી એનું કાળજું સડસડ બળે છે. એના દિલમાં ધગતા અંગારા મેલાયા છે; પરંતુ શું કરવું તેનો વળકવળ સૂઝતો નથી. પોતે ધોળા ઉપર કાળો ભણ્યા નથી. હાથમાં લેખણ કેમ પકડવી તે જાણતા નથી. કાયદા અને કલમને બાર ગાઉનું છેટું પડી ગયું છે. ગામ તો તેનો પડછાયો છે. મને કમને એ તો આવી પડેલું દુઃખ સહ્યે જાય છે.

એમાં થાણદાર શા'બનો મુકામ થયો. શા'બે આવતાં વેંત પટેલને બકોર્યા. ઉતરી ગયેલ મોંએ પટેલ આવતાં. તરતજ ઉધડા લીધાઃ

"તમારે હવે નાતો રાખવાનો વિચાર મોળો પડી ગયો લાગે છે."

"કેમ શા'બ, આમ બોલો છો?"

"જાણે કારણ ન જાણતા હો એમ બોલો છો!"

"એવું તો કાંઇ નથી બોલતો, તમને લાગતું હશે." પટેલે ચોખવટ કરી.

"તમને ગાડાનો સંદેશો મળ્યો હતો?"

"હા શા'બ."

"અને તમે મોકલ્યા હતા?" શા'બે ભૂલ પકડી.

"હા શા'બ! મોકલ્યા હતા."

"મેં કેટલા મંગાવ્યા હતા?"

"પાંચ."

"અને તમે કેટલા મોકલ્યા હતા?"

"ત્રણ."

"પાંચને બદલે ત્રણ મોકલવા એ મોકલ્યા કહેવાતા હશે કેમ?"

"શા'બ! મોશમનું લેરખું જાય છે. તે આટલાં ગાડાં તો માંડ

મળ્યાં. બીજી વાર વધારે મોકલશું.''

"બીજી વાર શું ગાડાંને મારે ગુડવા છે? કહીએ ત્યારે ન મોકલો ઇ મારે ખપમાં શું આવે?" શા'બે રોફ માર્યો.

"ઠીક લ્યો શા'બ! અમારી ભૂલ થઇ. માફ કરો" પટેલે આજીજી કરતાં કહ્યું.

"આમાં માફ કરવાની વાત નથી. અમારી આબરૂની વાત છે. જો તમારાથી ન થાય તો ચોખ્ખી ના પાડી દેવી. અમારે કાંઇ આ ગામ ઉપરજ છાપ નથી મારી. દરબારનાં તેર ગામ દૂઝે છે."

"શા'બે ડારો છંટકાર્યો.

"હવે અગાઉથી કહેવડાવી દઇશું."

"આ તો ઠીક હતું કે મેં બીજાં બે ગાડાં તરતજ જોડાવી દીધાં; નહિ તો મેમાનમાં મારો વક્કર શું રહેત? મેમાન કહેશે કે મગાવ્યાં ગાડાંએ આવતાં નથી એનાથી થાણદારી કેમ થતી હશે?"

"ઠીક શા'બ, ઇ વાતની પરડ મેલો. બીજી વાર ચૂક પડે તો કાન તાણજો."

આ વાત ઉપર પડદો પડે છે. થોડી વારે શા'બ ચા-પાણી પી બીજી વાત કાઢે છે.

"એક સરાવખડનું ભરોટું મોકલવું છે. હું અહીંઆં છુંજ, ત્યાં પહોંચતું થવું જોઇએ." શા'બે ચાનો ઘુંટડો પીતાં પીતાં કહ્યું.

ઠબકો ખાઇ ઠરી ગયેલા પટેલે વખત ઓળખી લીધો. ગામમાં ભારે અછત હોવાની વાત કહેતાં તેની જીભ ઉપડી નહિ. ચોકીદારને બોલાવી જ્યાંથી ખડ ભાળો ત્યાંથી એક ગાંસડી બાંધી લાવવાનું કહ્યું.

ચોકીદારોએ ઉભડીઆને ખબર આપી દીધા. ઉભડીઆઓ ઘેર-ઘેરથી ગાંસડીઓ બાંધવા મંડયા. ખેડુત મોંઘામૂલું ખડ આપી દેતા હતા. થાણદારની તાજી ધાક સૌના દિલમાં પેસી ગઇ હતી. થોડી વારમાં ખડનો ગંજ ચોરા સામે જમા થઇ ગયો. પાંચા પટેલે ખડ ન આપ્યાની વાત થાણદાર પાસે આવી. થાણદારે આ પટેલની ઓળખાણ માંગી:

"એવો બે માથાનો કયો પટેલ છે?"

"શા'બ! ઓલ્યે ફેરે તમે બોલાવ્યો'તો ને?" પડખે બેઠેલા પટેલિયામાંથી કોઇએ ખુલાસો કર્યો.

"મને કંઈ યાદ આવતું નથી."

"તમને બહુ કરગરતો'તો ને પછી તમે બોરડાના રૂપીઆ

ખમત કર્યા તે." પટેલે એંધાણ બતાવ્યું.

"એમ, ઇ આપવાની ના પાડે છે?"

એમ કહેતા થાણદાર ખાટલામાં ઉંચાનીચા થઇ ગયા. એનો મિજાજ મેથળાને નહેરે ગયો.

"બોલાવો એ ગામના ધરાર પટેલને," થાણદાર બરાડી ઉઠયા.

હુકમ છૂટતાં દરબારી દૂતો છૂટયા. પાંચા પટેલને રજુ કર્યો.

"કેમ પટેલ! નીરણી નથી આપવી?" થાણદારે પાધરી વાત કાઢી.

"મેં નીરણની કયાં ના પાડી છે? ભાઇશા'બ! મેં તો કીધું કે સરાવખડ નહિ આપું–બીજું જે માગે તે આપું." પટેલે ખુલાસો કર્યો.

"સરાવખડ શું કામ નહિ?"

"મેં મારી ગાય સારૂ રાખ્યું છે."

"તારે ગાયને ખવરાવવું હશે, અને મારે ગધેડાને ખવરાવવું હશે, કેમ?"

"શા'બ! એમ કાંઇ હોય? તમારેય ઢોરને ખવરાવવું હશે."

"ત્યારે અમારાં ઢોર સરાવખડ ખાતાં નહિ શીખ્યાં હોય કેમ? જાડીભુંભલી કડબ ખાતાં હશે કેમ?"

થાણદારે બાંધવા માંડયો.

"શા'બ! સૌનાં ઢોર ખાય; પણ મારે ઝાઝું ખડ નથી. એકજ ગાંસડી ઘીની જેમ સંઘરી રાખ્યું છે, અને ગાય સુવાવડી છે એટલે બીજું ખડ માઠું ખાય. નહિ તો કાંઈ શા'બ તમને ના પાડું?" પટેલે બાંધેલા બંધ તોડતાં કહ્યું.

"હવે બહુ અવળાઇ કરો મા. તમને બધાને ઓળખું છું. છાનામાના આપી દો."

"શા'બ! હુકમ કરશો તો આપી દેવું પડશે. પણ..."

"હવે પણુ ને બણુ મૂકવી છે કે નહિ? મારી આટલી શરમ આવે છે કે નહિ?"

"શા'બ! શરમની વાત નથી. પણ..."

"ત્યારે અમારે તમારી એકલાની શરમ રાખવી એમ ને? બોલ્યા રૂપિયાનો રિપોર્ટ કરાવ્યો એ યાદ છે? ન કર્યો હોત તો ઘરે લબાચા વિંખાત, તારૂં મોઢું અમે રાખ્યું. દરબારને આડો અવળો જવાબ દીધો. તારી સાટુ ખોટું બોલ્યા. એનો બદલો આપો છો એમ? જા, તારૂં ખડ મારે નથી જોઈતું."

શા'બ છેલ્લું વેણ કહેતાં હાથનું કાગળિયું ફગાવી દીધું. પછી તો મનામણાં ચાલ્યાં. 'અપરાધ માફ કરો, ભૂલ થઇ' એમ કહેવાયું. પાંચા પટેલ પગે પડયા. છેવટે ખડ સાથે પાંચા પટેલેજ ગાડું જોડવું એ શરતે મનામણાં પાર પડયાં...

પાંચા પટેલ ગાડું જોડી ત્રણ ગાઉ દૂર થાણામાં ખડ નાખી આવ્યા. વાટ બધી એજ વિચાર એને ઘોળાયા કર્યો. રાતે એને પૂરી નિંદર આવતી નથી. ઘડીક આંખ મળી જાય છે, ત્યાં હાઉ-હાઉ કરતો થાણદારનો ઓળો તેની નજર સામે તરે છે. ઝબકીને એ જાગે છે ત્યાં ગમાણે ગરીબડી ગાય દેખાય છે. ગાય તેની સામે જોઇ બરાડા પાડે છે. પાંચા પટેલ એને પંપાળી સૂઇ જાય છે. ફરી ઓશિયાળી ગાય તેના હૈયા પર ચઢી બેસે છે. ભાંભરતી ગાયના હિંહોટા પટેલનાં બોંતેર કરોડ રૂંવાડાં હચમચાવી દે છે.

પટેલ ઉભા થઇ વાડામાં જાય છે. ભુંભલી જેવી જાડી કડબમાંથી ઝીણી કડબ વીણે છે. બથકડબ વીણી પટેલ ગાયને નીરે છે. ગાય ઘડી કડબમાં મોઢું નાખે છે, પણ કડબ ભાવતી નથી એટલે પટેલના પગ ચાટે છે. દયાની દેવી સમી ગાયને ભૂખી રહેતી જોઈ એની આંખમાં ઝળઝળીઆં આવી જાય છે. પટેલના હૈયામાંથી હાય નીકળી જાય છે:–

"આ વેઠથી તો તોબા !"

આજ વખતે પવનનો સૂસવાટો પડઘો પાડે છે:–

"સાચેસાચ, આ વેઠથી તો તોબા !"

(તા. ૩૦-૧૦-૧૯૩૨ ના "પ્રજામિત્ર કેસરી"માંથી)

૪૫–पंडित अने पादरी

(૧)

(લેખકઃ–શ્રી. સીતારામ શર્મા)

[પાદરી કે પંડિત એમાંથી કોઇએ પણ વિશ્વના વિકાસક્રમમાં મદદ કરી નથી; બન્ને ધર્મ અને ભગવાનને નામે અંધશ્રદ્ધા અને વહેમ ફેલાવી માનજાતિના મોટા સમૂહને દબાયલો રાખવામાં મદદગાર બન્યા છે. છતાં માનવતાના સામાન્ય નિયમોના પાળવામાં પાદરી પંડિત કરતાં કેટલાંક ડગલાં આગળ છે.]

રામોલમાં કૃપાશંકર પંડિત ઘણાજ પવિત્ર અને ડાહ્યા પુરુષ ગણાતા. નાના બાળકના પેટમાં ચૂંક આવતી હોય ત્યાંથી માંડીને મરણને કિનારે જઇ ઉભેલા વૃદ્ધની નાડીની ગતિ બંધ થઇ કે નહિ એ જાણવાનો આધાર રામોલની પ્રજાને તો એકલા કૃપાશંકરભાઇ ઉપરજ હતો. જો તેઓ બે દિવસ બહાર ગયા હોય અને કોઈ માણસ મરી જાય તો મરનારનાં સ્વજનોને એવોજ વહેમ રહેતો કે, પંડિતજી જેવા અનુભવીની ગેરહાજરીથી વખતે તેને લોકોએ જીવતોજ બાળી મૂક્યો હશે. ગામમાં વેચાતી કઇ બાજરી કે હળદર સારાં એ એમના કહેવાથીજ લોકો જાણતા. એટલે વ્યાપારીઓને ઇચ્છા–અનિચ્છાએ પણ એમને હસીને બોલાવવા પડતા. જ્યોતિષ અને દોરાધાગાનું કામ એમનાજ બાપતું ગણાતું. સત્યનારાયણની કથા અને સોપારીના હવનથી માંડીને વરકન્યાને પરણાવવાની અને મહારુદ્ર કરાવવાની વિધિઓનો તો એમણે ઇજારોજ રાખ્યો હતો. ગામના શિવાલયમાં સવારે બે કલાક ગાળી, શિવલિંગ ઉપર બે ઘડા પાણી રેડી, કપાળે પાશેર સુખડ ખરડીને નીકળતા ત્યારે રામોલના લોકોને કૈલાસના પવિત્ર શિખરમાંથી સાક્ષાત્ શંકર ઉતરી આવ્યાનું ભાન થતું. લેશમાત્ર પણ એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને કૃપાશંકરભાઇ રૌદ્રાવતારનું ભાન કરાવતા અને આજુબાજુમાં ઉભેલાઓને એમના તાળવામાંથી હમણાં ત્રિનેત્ર ઉઘડી આખા

રામોલ ગામને ભસ્મીભૂત કરી દેશે એવો અનુભવ થતો. કૃપાશંકરભાઇની દયાનો તો પાર નહોતો. કોઇકનું તડકે સૂકવેલું અનાજ રખડતી ગાય ખાઇ જતી હોય તો કૃપાશંકરભાઇ કદી પણ તેને હાંકતા નહિ; પરંતુ તેમની ધાક એટલી બધી કે એમની હાજરીમાં કોઇ બીજું પણ તેને હાંકવાની હિંમત કરી શકતું નહિ; નહિ તો વિનાવિલંબે તેને 'પાપી'ની પદવી પ્રાપ્ત કરાવી દેતા. ગામમાં વિંછી કે સાપ ન થાય તે માટે ચોખ્ખાઇના નિયમો સમજાવવાનું તેમને યાદ નહોતું; પરંતુ ગમે તે ભોગે પણ વિંછી તથા સાપને તો જીવતા પકડી બીજા મહોલ્લાવાળાઓની પછીતે મૂકવામાં તેમનો દયાનો ઝરો વહી જતો દેખાતો. બિલાડીએ ખિસકોલી કે ચકલીને પકડી હોય, તો તે મોટેથી બૂમરાણ પાડી મૂકી આખા મહોલ્લાને એકઠો કરી બિલાડીના મોંમાંથી પેલા નિર્દોષ જનાવર કે પક્ષીને છોડાવી ઉપર ઘડો ભરીને ઠંડુ પાણી રેડી પ્રભુના ઘેરથી તેને પાછું બોલાવવાનો અફળ પ્રયત્ન કરવામાં કાશી ગયાનું પુણ્ય માનતા.

(૨)

રામોલમાં એક વખતે કોંક ગોરો 'વિશવાસી' આવી લોકોને 'ધર્મભ્રષ્ટ' કરી દેતો હતો. કૃપાશંકરભાઇને એ વાતની ખબર થતાંજ એકાએક શિવાલયમાંથી ઉઘાડે માથે બજારમાં દોડી આવ્યા. તુરતજ 'ગોરા વિશવાસી' સામે ધર્મયુદ્ધ આરંભ્યું:-"તમે ત્રિકાળ સંધ્યા કરો છો?" ભાથામાંથી એ પહેલાજ બાણનો પ્રહાર દુશ્મન ઉપર કર્યો.

પ્રહાર કાતીલ નીવડયો. પાદરીએ કહ્યું: "અમે સંદયા બંદયા જાનટા ચે નઠી, અમે લોક કેવલ......"

"હેં! સંધ્યા જાણતા નથી?" પંડિતજીએ ચમકીને પૂછયું: "ત્યારે તો તમે વિમુખ છો. હર હર! હું પવિત્ર સંધ્યામાંથી તો અહીં ઉઠીને આવ્યો. વારૂ, તમારો વેદ શો, ગોત્ર કયું, પ્રવર કયું? ચાલો બોલો; પછી શાસ્ત્રાર્થ કરવા થઇ જાઓ તૈયાર!" કૃપાશંકરભાઈએ પંજાબ મેલની ગતિથી ઉપરાઉપરી પ્રશ્નપરંપરા ચલાવી.

"અમે એ બહું જાનટા નઠી. અમે ટો કેવલ એક વાટ જાનીએ છીએ કે પરમેશ્વર સહુનો પિટા ચે. એના દિલમાં બધાં સરખાં ચે અને જીસસ પ્રભુ, જે એ મહાન સરજનહારનો બેટો ચે, એનામાં વિશ્વાસ રાખવાથી માનસ પાપમાંથી છૂટી જાય ચે." પેલા પાદરીએ કહ્યું.

"ખોટું, ખોટું, ખોટું! એમાં કાંઇ સાચું નહિ. પહેલાં તો

તમને ઉત્પત્તિનીજ ખબર નથી; તો પછી તમારી સાથે શાસ્ત્રાર્થ શા કરવા ? વેરાઇ જાઓ બધા અહીંથી. અહીં ઉભા રહેવાનો ધર્મ નથી. આ તો કોઇ વિમુખ લાગે છે વિમુખ.” કૃપાશંકરભાઇ મોદકના કકડા જેમ ઉપરાઉપરી મુખમાં મૂકતા, તેમ ઉપરાઉપરી વાક્યોના કકડા મુખમાંથી કાઢતાં ટોળાને આજ્ઞા કરી.

ઘણાખરા લોક તુરતજ ત્યાંથી ચાલતા થયા. પંડિતજીએ ઘેર જઇને વિમુખની સાથે વાત કરવાના પ્રાયશ્ચિત્ત માટે સ્નાન કર્યું અને તે દિવસે ભોજનનો ત્યાગ કર્યો.

છતાં પાદરી નિરાશ ન થયો. જે થોડાઘણા લોકો ઉભા હતા તેમની સમક્ષ એને જે કહેવું હતું તે કહીને પછી ગયો; પરંતુ રામોલમાં તે દિવસથી કૃપાશંકરભાઇની કીર્તિમાં એવડો વધારો થયો. ભલભલા ‘ગોરા વિશવાસી’ને એમણે શાસ્ત્રાર્થમાં હરાવી દીધો; એવી વાત વાયુવેગે ગામમાં પ્રસરી ગઈ. તે સાથે પંડિતજીની કીર્તિ રામોલના દિગંતમાં પ્રસરી ગઇ !

(૩)

રામોલમાં બીજે અઠવાડીએ પાદરી ફરીથી આવ્યો; બજારમાં તે ભાષણ કરવાના સ્થાને ગયો તે પહેલાં ત્યાં એક વિચિત્ર ઘટના બની હતી. તોફાન કરતા અને લડતા બે પાડા દોડતા આવતા હતા; તે જોઇ બજારમાં બધા બૂમાબૂમ કરતા દુકાનો ઉપર ચઢી ગયા. તે વખતે રામોલ ગામનોજ એક ઢેડ બજારમાં કંઇ કામસર આવ્યો હતો તે બિચારાએ એકાદ ઓટલા ઉપર ચઢીને આશ્રય લેવાના ઘણાએ પ્રયાસ કર્યા; પરંતુ કીડી અને મંકોડીને બચાવવાની હિમાયત કરનારા જૈન વણીકોએ તેમજ બીજા સનાતની હિંદુઓએ ઢેડના દુકાનના ઓટલે ઉભા રહેવાથી દુકાન અભડાઇ જશે, એ વિચારે એ ‘પ્રભુના બાળકરૂપી મનુષ્યપ્રાણીને’ આશ્રય લેવા ન દીધો. પરિણામે ખૂન પર ચઢેલા પાડાઓએ તે બિચારાને ઘાયલ કરી દીધો અને તે પછી તેઓ તોફાન કરતા આગળ દોડી ગયા.

ગરીબ બિચારો ઢેડ! માત્ર મોઢેથી દયા દયા કરનાર પરંતુ ખરી દયાથી બાર ગાઉ દૂર ભાગનારા હિંદુઓની નજરો આગળ તે ઘવાઇને પડયો હતો. પરંતુ અભડાઈ જવાના ડરથી બધા દૂર ઉભા ઉભા તેની દયા ખાતા હતા. મનુષ્યને અડવાથી અભડાવાની માન્યતા કાયમ રાખીને પણ, કેવળ કપડાં ભીંજાવવાં પડે એટલોયે ભોગ આપવા બે ચાર હિંદુઓ પણ તૈયાર થઇ શકયા નહોતા ! કૃપાશંકરભાઈ જેવા પોતાને ધર્માત્મા ગણાવનાર માણસ પણ આ

દૃશ્ય એક દુકાન ઉપર બેઠા બેઠા જોતા હતા અને 'બિચારાને બહુ વાગ્યું છે, પણ આપણે શું કરીએ? એને મદદ શી રીતે આપી શકીએ?" એટલું વારંવાર બોલ્યા કરતા હતા.

એજ અરસામાં પેલો પાદરી પોતાની ગાડીમાં તે સ્થળે આવી પહોંચ્યો. રસ્તામાં ઘવાઇને પડેલા અત્યંજને જોતાંજ તે ત્યાં ઉતરી પડ્યો, પોતાની સાથેના બે માણસોને પણ ઉતરવા કહ્યું, અને અંત્યજ હોવાના દોષને લીધે હિંદુઓ તેને મદદ કરી શકતા નથી, એ જાણીને તુરતજ પોતાનાં માણસોમાંથી એકને પાણી લેવા મોકલ્યો અને બીજા માણસની મદદ સાથે એને ચતો કરી જે જે સ્થળે વાગ્યું હતું તે વિષે બારીક તપાસ કરવા લાગ્યો; એટલામાં પેલો માણસ પાણી લઇને આવ્યો. પાદરીએ પોતાની ટોપી અને કોટ ઉતારીને ગાડીમાં મૂક્યાં, ખમીસની બાંયો ચઢાવી તેના ઘા ધોઇ નાખ્યા અને બાજુની દુકાનમાંથી મલમલ ખરીદી જ્યાં જ્યાં પાટા બાંધવા ઘટતા હતા ત્યાં બાંધી દીધા. અકસ્માત્ વખતે તાત્કાલિક મદદ કેવી રીતે કરાય તે પોતે જાણતો હતો તથા ગાડીમાંજ એક નાનકડી પેટીમાં કેટલીક દવાઓ અને સાધનો હતાં તેની મદદથી એક બે જગ્યાએ તેને ગંભીર માર વાગ્યો હતો અને એક હાથ તથા પગનાં હાડકાં ભાગી ગયાં હતાં ત્યાં ખાપિયાં બાંધી પોતાની ગાડીમાં બેસાડી વધુ વૈદક મદદ માટે તે પોતાને સ્થાને લઇ ગયો અને માણસદ્વારા એ વાતની ખબર એના ઘેર કરાવી.

× × × ×

સનાતનીઓ કહે છે તેમ ભગવાન ઘટઘટમાં વ્યાપી રહેલો હોય તો તેમની નજરે રામોલના ધર્માત્મા ગણાતા કૃપાશંકર પંડિત પુણ્યશાળી મનાશે કે પાદરી?

(તા. ૩૦-૧૦-૧૯૩૨ ના "પ્રજામિત્ર કેસરી"માંથી)

૪૬–જમાનાની જડીબુટ્ટી

(રજૂ કરનારઃ–શ્રી. અગ્નિકુમાર)

દિવાળીની રાત્રે બાર ઉપર બે વાગી ગયા છે. શેઠના બંગલાના એક વિશાળ ઓરડામાં શેઠ દ્રવ્યદાસ અને શેઠાણી શકરીના સ્પ્રીંગવાળા બે મોટા પલંગ, છેલ્લી ઢબનું ફરનિચર, ખૂણામાં સ્વદેશી બનાવટની તિજોરી, અને પાસે 'રેડિયો સેટ' છે. ભૂરો ગ્લોબ અને લાલ ઢાંકણવાળો વીજળીનો દિવો મિશ્ર પ્રકાશનાં કિરણો ફેંકે છે. આ ઓરડામાં શેઠનાં સંતાન અને ત્રીજા ઓરડામાં ગુરુ અને નોકર નિદ્રાની સત્તામાં ઝડપાયેલાં છે. એવામાં એક દિવાલમાં એકાએક શેઠના ઓરડામાં માનવી દાખલ થાય એવું ભગદાળું પડે છે અને તે વાટે ખાખી પોષાકમાં સજ્જ થયેલી, ચહેરા પર કરપવાળી, વિદ્યુત્ મશાલનાં કિરણો આગળથી ફેંકતી તથા હાથમાં થેલીવાળી આકૃતિ ચપળતાથી કૂદકો મારી, વગર અવાજે ઉનના ઇરાની ગાલીચા પર આવી ઉભી રહે છે. શકરાબાજ જેવી વેધક દૃષ્ટિથી તે આકૃતિ ચારે બાજુ જુએ છે અને તેના શિકારરૂપ તિજોરી તેની નજરે પડે છે. તે વ્યક્તિ દાબીને પગલાં ભરતી, રજમાત્ર પણ અવાજ કર્યા વગર તિજોરી પાસે પહોંચી જાય છે અને તિજોરી તોડતાં અવાજ ન થાય તેટલા માટે તેને રસાયણિક સાધનથી ફોડવા–બાકું પાડવાની માથાકૂટ શરૂ કરે છે.

દ્રવ્યદાસ (ઉંઘમાં બબડે છે)--ભલે, અમને અમારી પાછળ બીજાઓ પડક્ષમપેટા, મોભાગ્ર બુદ્ધિના અને ધૂતી કહે પણ રૂબરૂમાં તો ભલભલા ચમરબંધો અને બી. એ. નાં બીબાંને પણ "સાહેબ, હાજી, જી હુકમ!" કહ્યા વિના છૂટકોજ નથી. ખરેખર, લક્ષ્મીનાં બંધન અનેરાં છે, અને—

આકૃતિ (સ્વગત)--આને તો ઉંઘમાં પણ જંપ નથી. લક્ષ્મીનો દાસ—

શકરી શેઠાણી! (અર્ધનિદ્રિત દશામાં)--પેલો નવો હાર તિજોરીમાં મુકયો છે ને?

શકરી શેઠાણી—(ખાત્રી કરવા બેઠી થતાં, મોટે સાદે) અત્યારે મધ્યરાત્રે તિજોરીનો ખ્યાલ છોડો. સવારે બેસતા વર્ષના દિવસે વહેલા ઉઠવું પડશે, માટે બે ઘડી જંપો.

દ્રવ્યદાસ (સફાળા જાગી)--હું તો અહીં છું ત્યારે ત્યાં કોણ હશે ?

આકૃતિ (થેલીમાંથી 'રિવોલ્વર' કાઢી તેમની સામે ધરી)-ચૂઉઉઉપ! આમાં સાત ગોળીઓ ભરેલી છે. જીવવું હોય તો જીભ ન વાપરશો. થાય તે જોયા કરો અને સાગી મદદ આપો.

શેઠ અને શેઠાણી (સાથે)—પણ તું-તમે-આપ કોણ છો ?

આકૃતિ--હું-હું તમારી પાસેથી દયાથી રાતી પાઇ પણ ન મેળવી શકનાર, ભુજબળથી ભાગ્યપરીક્ષા કરવા માગતો ગણેશ ઘરફાડુ ! !

શકરી—કો…ણ ? ગ-ગ…ણે…શ ? આખા હિંદનો નામચીન લૂંટારો. આજે અત્યારે નવું જોવાનું-જાણવાનું મળ્યું !

ગણેશ—ઘાંટા નહિ; બેજાન થવું હોય તોજ લૂલી હલાવવી.

દ્રવ્યદાસ—બરાબર. સપરમે દિવસે આપણે ત્યાં અણધાર્યા આવેલા અતિથિને જમાડી, બોણી આપી, તૃપ્ત કરી વિદાય કરવો જોઇએ. ના……થુ………અલ્યા……નાથીઆ-આ-આ-આ ! આટલી વહેલી તને ઉંઘ…………

ગણેશ—એક બાજુ કપટ તો બીજી બાજુ સફાચટ (મોત) એ યાદ રાખજો.

શકરી શેઠાણી—અમારે તો તમને શકરપારા, ગાંઠિયા, ઘારી, ઘુઘરા અને શેરડીનો રસ ચખાડી મહેમાનગીરી કરવી છે. પછી ભલે તમે તિજોરી તળિયાઝાટક કરી જાઓ.

દ્રવ્યદાસ—જૂના અને નવા વર્ષના સંયોજક પૂલરૂપ આ ગાળામાં આવેલો આ અતિથિ અમારે ત્યાંથી ભૂખ્યોતરસ્યો જાય તો અમને નાનમ લાગે.

ગણેશ—ત્યારે ઉતાવળ કરો. આમતેમ વાતચીતમાં વખત ગાળી પરોઢમાં મને પકડાવી દેવા તમે પેરવી કરતા હશો એમ મને ખાત્રી થતાંજ આ રિવોલ્વરથી ઉડાડી નાખીશ, પછી ભલે હું ફાંસીને માંચડે લટકું.

(નાથુ આવે છે. તે બૂમ મારવા જાય છે, પણ શેઠ તેના મોં પર હાથ મૂકી, બોલતો અટકાવે છે. તેના પહેલાજ અક્ષરથી જાગી ઉઠેલા ગુરુ સમયાનંદ, બબીબહેન અને ચિરંજીવી ત્યાંસુધી આવે છે. શેઠ ચૂપ રહેવા સંજ્ઞા કરે તે પહેલાં—)

ગણેશ—શત્રુ હો તો બહાર રહો. મિત્ર હો તો ચૂપચાપ અંદર આવો; નહિ તો આ રિવોલ્વર—

દ્રવ્યદાસ—ગણેશ! આ તો આપણાંજ સ્વજન છે. તમે બધાં સીધાં સીધાં ચાલ્યાં આવો. આ ગણેશભાઇ વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધની મદદથી આ તિજોરી તોડે છે. આ પ્રયોગ જોવાની મઝા લૂંટવા તમે બધાં મૌન ધારણ કરી આ ગાલીચા પર સ્વચ્છ બેસી જાઓ. નાથુ! આ ગણુભાઇ માટે ખાવાનું લઇ આવ તો.

ગણેશ—અત્યારે મને મરવાને પણ વખત નથી તો ખાવાની તો વાતજ શી કરવી? શેઠ, તિજોરી ઉઘાડવાનો 'કાયદો' કહો નહિ તો આનાથી—ઑક્સોહાઇડ્રોજન બ્લો પાઇપથી—વજ્ર જેવા લોખંડને પણ વેહ પાડી શકાશે. તમારી તિજોરી રદ ન થાય માટેજ-

સમયાનંદ—ગીતાજીમાં કહ્યા પ્રમાણે સ્વભાવ પર જતા પ્રાણીને રોકાય નહિ.

ગણેશ—આ તો જ્ઞાનનું પૂંછડું લાગે છે. 'કાયદો' કહો, નહિ તો ગોળીબાર કે તિજોરીનો વિમો!

દ્રવ્યદાસ—ગણેશ! મારા ગુરુના બોલ્યા સામું જોશો મા. આ તિજોરી હજી ધનતેરશને દિવસેજ–મુંબઇથી ખરીદી મંગાવી છે. મુનિમ સિવાય એ ઉઘાડવાની તરકીબ કોઇ જાણતું નથી. તમે તમારે ફાવે તેમ તેને ઉઘાડો નહિ તો નથુને મોકલી બોલાવી મંગાવું.

ગણેશ—કોને? પોલીસને? વાહ શેઠિયા, આ ગણેશ ઘરફાડુ એમ કંઇ તમારી ચાલબાજીમાં નહિ ફસાય. ચાલ નાથુ! આ વીજળીનો દીવો ધર.

ચિરંજીવી—અને આ રિવોલ્વર હું પકડી રાખું?

બબીબેન—હું આ સામાનની કોથળી લઉં?

ગણેશ—દૂર! વાહ શેઠ! તમારાં બાળકો પણ કપટકળામાં કાબેલ લાગે છે હોં! એમની માગણી મુજબ હું ગાફેલ રહું એટલે તમે અને સમયાનંદ મને પકડી લો. શકરી શેઠાણી બૂમો મારી આખેનાં પાડોશી બોલાવે, અને નથુ સિપાઇને બોલાવી આવે. મારા ડાબા હાથમાં મારા તકદીર માફક "ઑટોમેટિક" (સ્વયંફૂટતી) રિવોલ્વર આમ રહેશે અને જમણે હાથે 'બ્લો પાઇપ' થી તિજોરી આ પ્રમાણે કાણી થશે!

(બ્લો પાઇપથી ગણેશ તિજોરી કાણી કરે છે. હીરા, મોતી, અને સોનાના ઝગઝગતા અલંકારો બંધનમુક્ત કેદીઓ માફક બહાર ધસી આવે છે.)

ગણેશ (હીરાનો કંઠો હાથમાં લઇ)—આની કિંમત ?

શકરી શેઠાણી—તે તો હજી કાલેજ મુંબાઇથી લાવ્યા છે ? લગભગ સવા લાખ રૂપિયાનો હશે. મેં હજી તેને અંગે અડકાડયો પણ નથી. ભાઇ ગણેશ! તારે પણ બહેન હશેજ. તારી તે બહેન પોતાનો દાગીનો લાડેકોડે પહેર્યા વિના આમ જતો રહેતો જુએ તો તેને કેટલું પારાવાર દુઃખ થાય! સ્ત્રીઓ દાગીના પહેરવાની અને અલંકારથી અલંકૃત સગાં સહિયર વગેરેને દર્શાવવાની અભિલાષાની આશાથી જીવે છે. હું બેન તરીકે તારી પાસે 'પસલી' માગું ?

ગણેશ—તમે! તમે મારી બહેન ? તમારે ત્યાં કામ કરી તૂટી જાય એવા અમ જેવા શ્રમજીવીઓના વસ્તારને પૂરતું ખાવા ન આપો, અમારાં સંતાન રોગે મરતાં હોય તોપણ તેમને અડકવામાં અભડાઈ જાઓ, તે અત્યારે ગરજે બહેનનો સ્વાંગ ભજવવા તૈયાર થયાં છો ને! હશે, તમારૂં શકનતું વેણ પાછું ઠેલું તો મારી સગી બહેનને લાજવું પડે. એને ખાતર આ કંઠો પાછો લ્યો. આ શનિના નંગની વિંટીની શી કિંમત હશે ?

ચિરંજીવી—ચારેક હજાર તેનું દામ છે. પણ મામા! તમે તે ભાણિયાને કંઇ આપો કે તેનું પડાવી લ્યો ?

ગણેશ—હત્તારીની! તું પણ અણી વખતે ભાણિયો થવા આવ્યો છે? લે બાપૂ લઇ લે. પણ આ ચંદન હાર ?

બબી બહેન—એ તો આ તમારી ભાણજીને કન્યાદાનમાં આપવા પાંચેક હજાર રૂપૈડીના ખર્ચે તૈયાર થએલો છે. બે 'મા' અક્ષરથી મા કરતાં પણ વધુ વહાલ દર્શાવતા 'મામા'! ભાણેજાં તે તાણેજાં કહેવાય! લાવો એ ચંદનહાર.

ગણેશ—અધધધ! આ તો સગાંની ફોજ વધતીજ જાય છે. આજે ધંધે નીકળતાં કોણ જાણે શાના શકન થયા લાગે છે? ભલે આજનો ફેરો અફળ જાય, પણ સ્વીકારેલો આપધર્મ કંઇ ચૂકાય? લે બહેન! તારો હાર! પણ હવે આ હીરાની પહોંચી–હેમની કંઠી–અને સોનાનો પાલખો મને મળશે કે પાછાં કોઇ સ્વજનદાવે તેનાં માલિક થશે ?

દ્રવ્યદાસ—એ પોંચી, એ પોંચી તો મારે માટે બની છે. બહેન–ભાણેજાં ઠાર્યાં તો બનેવીને પણ એટલી ભિક્ષા આપવી ઘટે છે.

ગણેશ—બસ મારો પણ વિજય છે. સમયે મારા તરફ નજર પણ ન નાખનાર શેઠ મારી પાસે ભિખ માંગે એ વિશ્વવંદ્ય વિભુ બલિરાજા પાસે યાચવા ગયા એવી દશા સૂચક છે. શ્રીમંતો

સધન છતાં જે ઉદારતા બતાવવા આનાકાની કરે છે, તેજ મનની મોટાઈ અમ જેવા રાંક પાસે ફૂટી કોડી ન હોવા છતાં બતાવી શકીએ છીએ. ઉપરોક્ત કહેવાના પુરાવારૂપે લ્યો આ પહોંચી. નવાણું ભર્યાં તો સો. તમે પણ રાજી થાઓ, હવે આ હેમની કંઠી?

નથુ નોકર—બાપુ! આ ગરીબને દિવાળીની બહોણી તરીકે એ મળી છે, તમે અમ જેવા શ્રમજીવી માટે તો—

ગણેશ--લે ભાઇ! આ કંઠી ઉઠાવી લે. તને તો ના નહિજ પડાય. ગરીબોને ભોગે માલદારો મોટરમાં મહાલે છે અને ફાંકડા થઈ ફરે છે, એ પ્રથાને તોડવાજ આ સેવકે ધરફાડુનો ધંધો શરૂ કર્યો છે. પણ હવે આ સોનાનો પાલખો તો—

ગુરુ સમયાનંદ—એ તો દેવદ્રવ્ય છે. તું તો આસ્તિક છે એટલે શેઠે દેવને પધરાવવા ઘડાવેલો એ પાલખો તો તારે મને ગૌમાંસ બરાબર હોયજ.

ગણેશ—બરાબર છે. એ પણ લઇ લો. બે કલાક મહેનત કરવા છતાં કંઈ પણ મજૂરી ન મળી એ નસીબના ખેલ નહિ તો બીજુ શું? આ ફેરો તો—

(દૂર “દિવાળીની રાત્રે અમાસને વહાણે “સબરસ” “સબરસ” એવા અવાજો સંભળાય છે.)

શકરી શેઠાણી—અફળ નહિ જાય. તમે લોકો શકન ખાતર મીઠાનો ગાંગડો ઘેરથી લો છો તે થેલીમાં હોય તો તપાસ કરો.

ગણેશ—આ ધમાધમમાં પડી ન ગયો હોય તો હોવો જોઈએ, પણ એ હવે શા કામનો? શકન એટલા બધા ફળ્યા કે મારે ખાલી હાથે—

(થેલી તપાસતાં સબરસનો ગાંગડો હાથ આવતાં તે ધરીને)

લ્યો, મીઠાનો ગાંગડો આ રહ્યો.

શકરી—લાવો, સપરમે દહાડે સબરસ ક્યાંથી? લ્યો એના મારા તરફથી સો રૂપિયા.

દ્રવ્યદાસ—અને મારા તરફથી સવાયા સવાસો રૂપિયા.

ચિરંજીવી—મારા આ એકાવન રૂપિયા!

બબી બે'ન—મારી આ એકત્રીસ રૂપીઆની મામુલી ભેટ.

નથુ—મારો 'ફુલ નહિ અને ફૂલની પાંખડી જેવો' સવા રૂપિયો.

સમયાનંદ—મારે તો 'શુભં ભવતુ' નો આશીર્વાદ આપવોજ રહ્યો.

ગણેશ—નથુ! વીરા! તારી ભેટ-બોણી નજ લેવાય. તું

આ મારી રિવૉલ્વર’ યાદગીરી તરીકે લે, તે રમકડું છે અને ખાલીખમ છે!!

(મળેલું સર્વ દ્રવ્ય થેલીમાં ભરે છે. ઓજારો ત્યાં ને ત્યાં રહેવા દે છે) ચાલો ત્યારે હું જાઉં છું. બધાંને સાલ મુબારક.

(ગણેશ જાય છે. તેના ગયા પછી—)

દ્રવ્યદાસ—એ ઘરફાડુ કહેવાય છે, પણ ચારિત્ર્યવાન ભડવીર જણાય છે.

શકરી શેઠાણી—બાપડો! દુઃખમાં પણ પોતે માનેલી નીતિને વળગી રહ્યો.

ચિરંજીવી—અને વળી કેટલી ઉદારતા! આપણે કહેવાતા શ્રીમંતોના માનસ કરતાં ગરીબનાં હૃદય વંદનીય છે.

બચીબે’ન—આ માણસ વખાનો માર્યોજ આવો ધંધો લઈ બેઠો છે. આવાને યોગ્ય કામ મળે તો સજ્જન થાય. મને સગાભાઇ જેવું તેના ઉપર હેત આવે છે.

સમયાનંદ—આ ઉપરથી આ જમાનાની જડીબુટ્ટી, સાહસ, ચાલબાજી, ઉદારતા કે બંધુભાવ એ આપણે તારવી શકીએ.

(દૂર દૂર ગણેશનું ‘અમે હાડરીઓ ગઢ જીત્યા રે આનંદ ભર્યો” ગીત સંભળાય છે અને તે સાથે ‘સપરમે દહાડે સબરસ’ના નાદો ઓતપ્રોત થાય છે.)

સર્વ—ઇષ્ટદેવે ‘સપરમે દહાડે’ શૂળીનું વિઘ્ન કાંટાથી દૂર કર્યું માટે તેનો ઉપકાર. અસ્તુ. (સર્વ પ્રભુપ્રાર્થના કરે છે.)

(તા. ૩૦-૧૦-’૩૨ ના “વીસમીસદી”માંથી)



૪૭-प्रतिज्ञानुं पालन के वीर निर्दलन ?

(લેખકઃ-શ્રી. બાલકવિ)

સંપૂર્ણ રાજસ્થાનમાં મેવાડનું રાજ્ય સર્વશ્રેષ્ઠ ગણાય છે. ઇચ્છાથી કે વગર ઇચ્છાથી બીજા રાજાઓને મેવાડનું રાજશાસન સ્વીકાર્યા વિના બીજો રસ્તોજ નહોતો.

બુંદીના હાડાઓ જોકે વીર હતા તોપણ મેવાડના રાણા આગળ તેમને શિર નમાવવું પડતું હતું. પરંતુ બુંદીના આ વખતના હાડા હામાજીએ આ ચાલતા નિયમને તોડીને મેવાડને ખંડણી આપવાનું બંધ કર્યું અને પોતાના બુંદી રાજ્યને સ્વતંત્ર ગણાવ્યું.

હાડાની આ શિરજોરીથી ચિતોડના રાણાજી ગુસ્સે થયા અને પોતાની વિશાળ ફોજને બુંદી ઉપર રવાના કરી. હાડા હામાજીએ વિચાર્યું કે, રાણાની ફોજ સામે વિજય મેળવવો એ આકાશકુસુમવત્ છે; તેથી તેણે કૂટનીતિનો આશ્રય લીધો. રાત્રિના અંધકારમાં પોતાના પાંચસો વીરોને લઇ તે મેવાડીઓની છાવણી પર કૂદી પડયો અને ક્રૂરતાથી કતલ ચલાવી.

મેવાડની ફોજ આ અણધાર્યા હલ્લાથી ગભરાઇ અને વિચાર કર્યા વિના ચિતોડ તરફ નાઠી. હજારો ભાગતા મેવાડીઓને હાડાની તરવારોના ઝાટકા સહન કરવા પડયા ! આ નહિ બનનારા બનાવથી મહારાણા પોતે નાખુશ થતા, પોતાના સરદાર-સામંતો સાથે નુકસાની ભોગવતા પાછા ફર્યા.

આ અણધાર્યા અપયશથી ચિતોડના મહારાણાને બહુ દુઃખ થયું. બુંદી જેવું સાધારણ રાજ્ય પરાજિત કરે એ તેમને મરણથી પણ વધારે કષ્ટદાયી હતું. આ અભૂતપૂર્વ ઘટનાથી મેવાડની સાચવેલ કીર્તિ-કૌમુદી અસ્તંગત થયાનું તેમને જણાયું. અને એ મર્મવેદનાથી તેમણે કાંઈ પણ વિચાર કર્યા વિના પ્રતિજ્ઞા કરી કે-“જ્યાંસુધી બુંદી ન જીતાય ત્યાંસુધી મારે અન્ન-પાણી હરામ છે!”

(૨)

બુંદીનો કિલ્લો એવો કોઇ ન જીતી શકાય એવો ન હતો.

રાણાજી ઘડીને છઠ્ઠે ભાગે તે સર કરી શકત. કેમકે બુંદીના હાડા કરતાં ચિતોડના રાણાની શક્તિ ઘણી વધારે હતી. જો કે બુંદીનરેશ હામાજી પણ અપૂર્વ નર હતો, અને રાણાના ઘેરા સામે તે વધારે વખત ટકી શકત પણ ખરો, પરંતુ રાણાજીએ તે બુંદીનો કિલ્લો સર કર્યા વિના અનાજપાણી પણ ન લેવું એવીજ પ્રતિજ્ઞા કરી હતી એટલે વગર ખાધે પીધે શી રીતે લડાઇ કરી શકાય ? વળી એકવાર રાજપૂત વીરે પ્રતિજ્ઞા કરી તે પોતાના પ્રાણને ખોઇને પણ પાલન કર્યા વિના રહે નહિ ! ત્યારે કરવું શું ? આ સવાલ બહુ ભારે થઇ પડયો.

એક તરફ રાણાની પ્રતિજ્ઞા અને બીજી તરફ રાણાના કિંમતી પ્રાણ! સઘળા રાજદ્વારી પુરુષો ચિંતામાં નિમગ્ન હતા. બુંદીથી પાછા ફરતાં તેમને એકલા પરાજયનુંજ દુઃખ થતું, પણ હવે તો પોતાના મહારાણાના પ્રાણની તેમને બીજી ચિંતા ઉપસ્થિત થઇ હતી. છેવટે તેમણે વિચાર કરીને તુરતને માટે એક રસ્તો કાઢયો.

તેમણે રાણાને કહ્યું કે "મહારાણાશ્રી ! આપે પ્રતિજ્ઞા કરી છે કે, બુંદી ન જીતી લઉં ત્યાં સુધી અન્નપાણી ન લઉં. તો અમારા વિચાર પ્રમાણે અહીં એક બુંદીનો નકલી કિલ્લો બનાવવો અને તેનો આપ નાશ કરીને પછી અન્ન-પાણી લ્યો. એવી રીતે પ્રતિજ્ઞાથી નિશ્ચિંત થઇને પછી ફોજ સાથે બુંદીપર આક્રમણ કરવું. એટલે પાંચે પંદરે પણ હાડાને આપની આધીનતા સ્વીકારવીજ પડશે; પરંતુ આવી રીતે આપે અન્ન-પાણીનો ત્યાગ કરેલો હોય અને ઉતાવળથી બુંદીપર જવામાં આવે તો વિજય થવો કઠિન છે અને પાછું મહારાજાના જાનનું જોખમ !"

આ યુક્તિ હતી તો ઠીક, પણ રાણાની નજરે પ્રતિજ્ઞાપાલનનો આ એક ફારસ હતો, તેથી દઢપ્રતિજ્ઞ રાજપૂત નરેશ તેને સ્વીકારતાં અચકાતો હતો. પરંતુ મંત્રણાકુશળ અને રાજનીતિજ્ઞ વ્યક્તિઓના વારંવાર સમજાવવાથી નિરૂપાયે તે વાત મહારાણાએ કબૂલ કરી.

તુરત સેંકડો કારીગરોએ ભેળા થઇને બુંદીના જેવો એક નકલી નાનો કિલ્લો બનાવ્યો. બુંદીગઢનાં જે જે નામો હતાં તે તે નામો આ નકલી કિલ્લાના ભાગોને આપવામાં આવ્યાં અને રાણાએ ફરમાવ્યું કે "આપણી ફોજમાં જે હાડા રાજપૂત હોય તેમણે આ કિલ્લાનું રક્ષણ કરવું અને જ્યારે અમો સૈન્ય સાથે કિલ્લાપર આક્રમણ કરીએ ત્યારે આ કિલ્લાના એ હાડારક્ષકોએ

ગોળી વિનાની ખાલી બંદૂકથી અમારી સામે ફેર કરવા, એટલે એ કિલ્લો સર કર્યા પછી અમો અન્ન-જળ લઇશું."

(૩)

મેવાડની વિશાળ ફોજમાં બુંદીના રહીશ કેટલાક હાડાઓ પણ દાખલ થએલા હતા તે સઘળાઓને ભેળા કરીને આ નકલી કિલ્લાના રક્ષણ માટે મોકલવામાં આવ્યા. આ સૈનિકોનો સેનાપતિ કુંભો વેરસી હાડો હતો. જે છાતીદાર વીર પુરુષ હતો. આ બુંદી દુર્ગના વિજયના ફારસને જોતાં તેના હૃદયમાં સ્વદેશભક્તિ જાગ્રત થઇ, તેને સમજાયું કે, અનેક વીર નરોથી શોભા પામતી પોતાની જન્મભૂમિ બુંદીનું અપમાન કરવા માટે આ નકલી કિલ્લો બનાવવામાં આવ્યો છે. અને રાણાજી તેની તુરત દુર્દશા કરવાના છે! પણ જ્યારે આ તુચ્છ કિલ્લાનું નામ બુંદી રાખવામાં આવ્યું છે, ત્યારે તે મારે તો પરમ પૂજ્ય છે. મારી હયાતીમાં રાણાજી તેની કેવી રીતે દુર્દશા કરી શકે ?

કુંભાવેરસી હાડાએ પોતાના આ સ્વદેશપ્રેમના જુસ્સાવાળા વિચાર પોતાના સાથી વીરોને જણાવ્યા એટલે તે સઘળાએ નકલી બુંદીના કિલ્લાનું રક્ષણ પ્રાણાંતે પણ કરવું એવી પ્રતિજ્ઞા કરી.

(૪)

રાણાજીએ પોતાના કેટલાક સૈનિકોને સાથે લઇને કિલ્લાપર ચડાઇ કરી. એટલે કુંભાવેરસી હાડાના સૈનિકોએ ભરેલી બંદૂકોના ફેરથી રાણાની ફોજને વધાવી લેવા માંડી! રાણાજી કિલ્લામાંથી ખાલી બંદૂકોના ફેર થશે એમ માનતા હતા, પરંતુ જ્યારે આવી રીતે એકદમ ખરી ગોળીઓ છૂટીને આવવા લાગી, ત્યારે તેમના કાન ચમકયા. તે પોતે ત્યાંજ અટકી ગયા અને પોતાના એક બે સેવકોને ગોળીઓ આવવાનું કારણ જાણવાને કિલ્લામાં મોકલ્યા.

કુંભાવેરસી હાડાએ રાણાજીને કહેવરાવ્યું કે–"હું સઘળી રીતે રાણાજીનો સેવક છું. તેમની આજ્ઞા મારે વંદ્ય છે; પરંતુ જ્યારે બુંદીના–ભલેને નકલી–કિલ્લાની રક્ષાનો બોજો મારાપર મૂકવામાં આવ્યો છે એટલે રક્ષણ કરવાનો ફારસ નહિ કરતાં મારા જાનના જોખમે પણ તેની રક્ષા કરવી એ મારી ફરજ માનું છું. મારા દેહમાં પ્રાણ હશે ત્યાંસુધી તો રાણાજી આ દુર્ગની દુર્દશા કરી શકશે નહિ."

હવે ખરા યુદ્ધનો આરંભ થયો. બન્ને બાજુથી બરાબર મારો શરૂ

થયો. મહારાણાની વિશાળ ફોજ સામે, કુંભાવેરસીના ગણ્યા ગાંઠયા સાથીઓ અને એ બનાવટી કિલ્લો કયાં સુધી નભી શકે ? થોડા અવકાશમાં વીરનર વેરસી હાડો પોતાના સાથીઓ સાથે રણભૂમિ પર પડયો ! પણ જ્યાં સુધી તેમાંનો એક પણ હયાત હતો ત્યાં સુધી રાણાજી એ બનાવટી કિલ્લાનો વાળ પણ વાંકો ન કરી શકયા !

અહા ! બનાવટી બુંદીના નામની રક્ષા માટે પણ બલિદાન આપનારા કુંભાવેરસી સરખાં રાજપૂત રત્નો ભારતભૂમિ પર પાકયાં છે, ત્યારે ખરા નામની રક્ષા માટે આત્મત્યાગ કરનારા લાખો વીરનરો પ્રકટવા માટે હિંદુસ્થાનનું ગૌરવ ઇતિહાસના સોનેરી પાના પર અંકિત હોય *તેમાં આશ્ચર્ય શું ? સત્ય છે કે—

‘જનની જન્મ ભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસિ’

---

* સસ્તા સાહિત્ય ખાતા તરફથી નીકળેલા રાજસ્થાનના બંને ભાગોમાં આવા તો અનેકાનેક વીરનરો અને વીરાંગનાઓના જુદા જુદા પ્રકારના અસાધારણ પ્રસંગો વર્ણવાયલા જણાશે.

૪૮–ધોળી આઈ

(શ્રી. ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા)

(૧)

સિંધુ રાગ સોહામણો, શૂર મન હરખ ન માય;
શિર પડે ધડ લડે એનાં વધામણાં વૈકુંઠ જાય.”

“વિસણ, સિંધુડો કયાં વાગ્યો ?”

“આઇ ! ઇ તો વડલીચોર આગળ ભંડુરીના હાટીઓએ ધણ પાછું વાળ્યું, એટલે રાયજાદાઓ ધીંગાણે ચઢ્યા છે.”

“ઇ હાટીઓ સાળા બહુ ફાટ્યા છે !”

“ધોળી આઇ ! એના દિ હવે ભરાઇ ગયા લાગે છે. વંથળીના રા’ની આંખ પણ એના પર રાતી થઇ છે.”

“પણ રોજ ઢોરાં હાંકવાં એમાં બહાદુરી શી ? આજ તો એને પણ હાથ બતાવું કે, ચોરવાડનું ધણ પાછું વાળતાં કેટલી વીસે સો થાય છે. વિસણ ! જા, મારી ઘોડી છોડી આવ. આજ ઈહાટિયુંને ઉભા ને ઉભા વાઢી નાખું.” ધોળી આઇને શૂરાતન ચઢ્યું.

“આઇ ! ઇ તો રાયજાદાઓ ધીંગાણે ચઢી ચૂક્યા છે, એટલે એની મેળે ઠેકાણે આવી જશે.” વિસણે ઢીલો જવાબ આપ્યો.

“રાયજાદાઓ ગામની વારે ચડે અને આપણે અહીં નેસડામાં ઉભાં ઉભાં જોયાં કરીએ ? નમાલા ! તારા જેવો ચારણ ચારણિયાણીનું દૂધ લજાવશે. ઝટ...જા...મારી ઘોડી તૈયાર કર.” બોલતાં બોલતાં ચારણિયાણીએ ચંડિકાની માફક જે તરફ ઘુંબિયો ઢોલ વાગતો હતો તે તરફ દૃષ્ટિ ફેંકી.

વિસણ ઘોડી લાવે એ પહેલાં એણે પોતાની દશે આંગળાંએથી આરસી કરડાઓ કાઢી નાખ્યા અને ખીંટીએ લટકતી તલવાર હાથમાં લીધી.

“વિસણ...એ...વિસઅઅ...ણ ! વાર કેમ લાગી ? લાવ. ચારણનો દીકરો ઘુંબિયો ઢોલ વાગતો હોય ત્યારે ઢીલો ન હોય.

લાવ ઘોડી લાવ. તું તારે વહુ સાથે છાશુંના ગોળા ઘૂમરડજે. મારી તરવાર હવે હાથમાં રે'તી નથી. જો ગોકીરો વધી પડયો, ધિંગાણું ટોચે ચડયું, ઝટ વહેલો થા."

આંખો ઉઘડીને બીડાય એટલો વખત પણ ઘોળી આઇને ઉભું રહેવું ગમ્યું નહિ. એનાં આઠે અંગ ધગી ઉઠયાં. એનાં વાંકાં નેણમાં અત્યારે વીરત્વ ચમકારા મારતું હતું.

"આઇ! તમે હાલાં મફતનાં ધિંગાણાં નોતરો છો." વિસણ ઘોડો લાવતો લાવતો બબડયો.

"બસ કર અફીણી નમાલા! તારે બોલણીએ ઘોળીનો નેસડો લાજે છે. શું કરૂં કે તું મારો ભત્રીજો છે, બાકી મારૂં દૂધ પીનારો આમ બોલે તો તો એના એક ઘાએ બે કડકાજ કરી નાખું."

ઓટાપર ઉભી ઘોડીનો તંગ તાણતાં તાણતાં શૌર્યમાં ચકચૂર બનેલી ઘોળી આઇએ ઘોડીને તંગથી બે વખત ખેંચી. જેમ વેપારી છાબડું તોળે તેમ ઉપાડીને તોળી.

વિસણ તો ઘોળી આઇનું બળ જોઇ છક્ક થઇ ગયો. વધુ પડતું અફીણ ખાઇ પોતાની કાયા ગાળી નાખનાર એ વિસણની અજાયબી વચ્ચે આભમાં જેમ વિજળી ઝબુકે તેમ નાગી તલવારે ઘોળી આઇની ઘોડી ઝળકતી ઉડી.

વડલીચોર આગળ હાટીઓ અને રાયજાદાઓ વચ્ચે ઝપાઝપી જામી હતી. હાટીઓની તૈયારી આ વખતે મોટી હતી. આજે બારમી વાર હાટીઓએ ચોરવાડનું ધણ પાછું વાળવાની હિંમત કરી હતી.

પોતાના ગામની ગાયું વાળી જાય એ રજપૂતના દિકરા માથે એક મોટું કલંક ગણાય છે. એને માટે પ્રાણ આપવાને કંઇક મીંઢોળબંધા હરીફાઇ કરી રહ્યા હતા.

ધીંગાણામાં રાયજાદાઓને હાંફતા જોઇ હાટીઓ શૂરપર ચઢયા, એટલામાં તો રણચંડી સરીખી ઘોળી રાયજાદાઓને પડખે આવી ઉભી. "મારો......મારો......હા, મારો બાપો......રણ ચડયો રજપૂત છુપે નહિ......કાપો......મારો," ઘોળીએ પડકારો કર્યો અને જેમ ઘાસની લણણી થાય તેમ ઘોળી હાટીઓનાં માથાં લણવા મંડી.

રાયજાદાઓને પણ આ પડકારથી બમણું બળ મળ્યું. ધીંગાણું હવે ખરેખર મચ્યું. આખરે હાટીઓની ઢાર મરડાઇ. તેઓ ધીમે પગલે પાછા હટયા. ઘોળી ચારણિયાણીની તલવારમાં હાટીઓને

પોતાની સંહારક શક્તિ લાગી. મોતની ઝડપો પોતાપર આવતી જોઇ કેટલાક હાટીઓએ પીઠ ફેરવી.

“હાં...હાં...ખબરદાર...વાંસો દેખાડે એના પર શૂરવીર ઘા ન જ કરે. અને ઘા કરે તો ઇ ઘા લાજે,” ઘોળીએ પડકારો કરી રાયજાદાઓને વાર્યા.

વિજયી રાયજાદાઓ ધણ સહિત ચોરવાડ પાછા ફર્યા. ઘોળી આઇનાં પરાક્રમ માટે રાયજાદાઓએ એકસો એક ગાયો બક્ષીસ તરીકે તેને આપી.

(૨)

ઘોળી આઇનો ધણી રત્નો ચારણ દિલ્હીના દસોંદી તરીકે ઓળખાતો. એ છ મહિના પોતાને નેસડે આવી રહેતો. ઘોળીને પેટે કંઇ સંતાન નહોતું, તેથી પોતાના સાત ભત્રીજાઓને ખોળે બેસાડી નેસડામાં રાખ્યા હતા. નેસડામાં સો ભેંસું અને સાડા ત્રણસો ગાયો ઝૂલતી. ઘરકામમાં ભત્રીજાઓની વહુઓ અને બીજા ચારણ સાથીઓ ધ્યાન આપતા. સૌ ઘોળીને ઘોળી આઈ કહેતા. ચોરવાડના રાયજાદાઓ પણ ઘોળી આઈ તરફ માનભરી નજરે જોતા. બેસતે વરસે ઘોળી આઇને નેસડે આવી રાયજાદાઓ આશિષ લઈ જતા.

પાછલી રાતનાં અજવાળિયાં જામ્યાં હતાં. રાત્રિ વિદાય લેતી હોય તેમ ઝમઝમ કરતી દોડી જતી. નેસડામાં ઘંટીઓનાં ઘરડકાથી અને ચારણિયાણીઓનાં ગીતોના લલકારથી આખોય નેસડો સંગીતમય થઇ ગયો હતો. સવાસો ભેંસોની છાશની ગોળીઓમાં ફરતી રવાઇઓનો ધમધમાટ જ્યાં ત્યાં સંભળાઇ રહ્યો હતો; એ વખતે ઘોળી આઇ ઘોડીપર સ્વાર થઇ પૂર્વ દિશા તરફ ફરવા ચાલી.

ચંદ્રમા હજુ ચારે તરફ તેજ પૂરી રહ્યો હતો. ચંદ્રિકા પોતાની સર્વ કલા સમેટવા તૈયારી કરતી હતી. એ તેજમાં નાઘેરની વનરાઇ વચ્ચે કોઈ વનદેવી ઘોડેસ્વાર થઇ ફરતી હોય એવી ઘોળી આઇ અત્યારે લાગતી હતી. એનું ઘાટીલું મોઢું, એનાં ભરાવદાર અંગ અને એની ચમકારા મારતી આંખો આખાય નાઘેર પ્રદેશમાં અદ્વિતીય હતાં.

ધીમી ગતિએ ઘોડી નાચતી નાચતી ચાલતી હતી. એટલામાં ભોજનધાર તરફથી રાડ સંભળાઇ.

“હે...ઇ...ઘોડ...જો...ઓ.”

રાડ સાંભળી ઘોડી થંભી ગઇ, એના કાન ચમક્યા અને એણે

હણેણાટી નાખી. ઘોળી આઈની પણ આંખો જે દિશા તરફથી રાડ આવી એ તરફ ચોંટી. એણે ઘોડીને એડી મારી. ઘોડી પોતાની અસ્વારને ઓળખતી, એટલે પવનવેગે ઉપડી.

ભોજનધાર ઉપર આવતાં અજવાળિયામાં એણે દશ ઉઘાડી તલવાર વચ્ચે એક માણસને તરફડિયાં મારતો ઘેરાયલો દીઠો. થોડે દૂર એક ઘોડો લોહીના માંદણામાં પડ્યો હતો.

ઘોળીએ એક ક્ષણમાં પ્રસંગ માપી લીધો અને પડકારો કર્યો:

‘ એલા કોણ છે ઇ બાયલાઓ ? દશ જણા હથિયારબંધ ભેગા થઇ એક ઘાયલ થયેલા માણસપર તરવાર લઇ કૂદ્યા છો. એમાં બહાદૂરી શી ? ઇ તો રાંડીરાંડનું કામ છે.”

ટોળીમાંનો નાયક આ સાંભળી પ્રથમ તો બેદરકારીથી હસ્યો; પણ બીજી પળે એણે ઘોળી આઈને ઓળખી.

“તમને લડવાની હોંસ હોય તો છોડી દ્યો એને, આવો મારી સામે; એટલે ખાંડાના ખેલ કેવા થાય છે એની ખબરૂં પડે.” ફરી એણે પડકારો કર્યો.

“ઘોળી આઇ ! અત્યારે તું અહીં શા માટે આવી ? અમારો શિકાર માંડમાંડ આજ હાથમાં આવ્યો છે. આજ અમારા પૂર્વજ પાણી પીશે એવો મોકો મળ્યો છે, એમાં તું આડે આવ મા.” ટોળીના નાયકે શાંત સ્વરે સૂચના આપી.

“ તમે કોણ છો ?” ઘોળીએ સીધો પ્રશ્ન કર્યો.

“અમે ગીરના ગરાસીઆ છીએ. આ વંથળીના રા’એ અમારાં ગામ ઝૂંટવી લીધાં છે. એની સામે અમારૂં બાહારવટું છે. આજે ઇ રા’ માંડમાંડ અમારે હાથે ચડ્યો છે; માટે આજ તો એને રીબાવી રીબાવીને મારવા દ્યો.”

“કોણ ? વંથળીનો રા’ ?” ઘોળીનું રૂંવાડે રૂંવાડું ઉભું થઇ ગયું.

“હા. ઇ જ રા’ કે જેની સામે અમારૂં બહારવટું છે. આજે માંડ માંડ હાથમાં આવ્યો છે.”

“બસ, એને એની શિક્ષા મળી ચૂકી છે. હવે ઘાયલ થયેલાને શામાટે મારો છો ?”

“અરે એનું તો માથું અમારા ગામને ગોંદરે ભલે ચડશે.”

“એ નહિ બને, હું જીવતી હોઉં ત્યાં સુધી એ નહિ બને,” ઘોળીએ હોઠ દાબી ટોળીના નાયક સામું જોયું.

“ઘોળી આઈ ! અમે તને ઓળખીએ છીએ. તારે નેસડે અમે છાશું પી ગયા છીએ. તું કૃપા કરી તારે રસ્તે ચાલી જા. અમને

અમારૂં કામ કરવા દે."

"તમે બાહારવટિયા ભલે હો, પણ તમે રજપૂતના દિકરા છો. રજપુતાણીનું દૂધ ધાવ્યા છો. એક રજપૂત ઘાયલ થયેલા શત્રુને રીબાવીને મારે તો એનું લાંછન આખી રાજપૂતીને લાગે. હું ચારણિયાણી છું. રજપૂત જાતને કલંક લાગે એવું કાર્ય તમારે હાથે હું નહિ થવા દઉં."

"અરે આઇ! તું આ રા'ને ઓળખતી નથી. એણે વંથળીની ગાદીએ આવી કેટકેટલું દુઃખ વસ્તીને આપ્યું! પ્રભાસના જાત્રાળુઓ પર કર નાખ્યો અને જૂલમ..."

"એ બધું મારે સાંભળવું નથી. હું તો ઘાયલ થયેલા માણસનું રક્ષણ કરવું, એ મારો ધર્મ સમજું છું."

આમ કહેતી તે ઘોડી પરથી નીચે ઉતરી અને તરફડતા રા'ને ટેકો દઇ બેઠો કર્યો.

"આઇ! છોડી દે અમારા શિકારને, નહિ તો જોવા જેવી થશે."

"શું કરશો?" ઘોળી આઇ હસી.

"આઇ! હઠ પકડ મા."

"બાયલાઓ! નામર્દની માફક જેના હાથમાં હથિયાર નથી, જેના ઘામાંથી રગત વહે છે એવા દુશ્મનને મારવામાં એટલી બધી આતુરતા!?"

"ઘોળી આઇ! તારા નેસડાની છાશું પીધી છે, એટલે અમે દબાઇએ છીએ. બાકી અમારા શિકારની વચ્ચે આવનાર તું કોણ?" એક જણાએ કડકાઇ બતાવી.

"જોઇ જોઇ તારી બહાદુરી! શરમાતો નથી? પડયાને પાટુ મારવી એ તો હિચકારાનું કામ છે. ખસો આઘા. આ ઘાયલ રા'ને હું મારે નેસડે લઇ જાઉં છું." દમામમાં ઘોળી આઇએ રા'ને ઉપાડી ઘોડી પર મૂકવાની તૈયારી કરી.

"ખબરદાર, ઘોળી આઇ! જોવા જેવી થશે હોં."

"હવે જોયાં જોયાં! તમે શું કરશો? તમારે મારી સાથે તલવાર અજમાવવી છે?" દૃઢતાથી ઘોળીએ પૂર્વ દિશામાં ફૂટતા લાલ રંગના શેરડાઓ તરફ દૃષ્ટિ ફેંકી.

"આઇ! તું હાલી જા. અમારે ઠાલી ફોગટનું ચારણિયાણીનું લોહી રેડવું પડશે, આ રા'ને અમે ઘાયલ કર્યો છે, એટલે હવે એ અમારી મિલ્કત છે."

"જોઇ જોઈ તમારી મિલ્કત! હટો આઘા."

ઘાયલ થઇ પડેલા રા'એ પોતાના દુ:ખમાં પણ પોતાને ઉગારનાર ચારણિયાણી તરફ ઉપકારભરી આંખ ઉઘાડી. પ્રભુએ સાક્ષાત્ જીવનદેવી મોકલી હોય એવી આશા એ આંખમાં પ્રકટી.

દશે જણાએ ધોળી આઇપર તલવારૂં ઉગામી, પણ એ પહેલાં તો ધોળીની આંખ્યોમાંથી શકિત ભભૂકી અને એકસામટા બે જણને ધૂળ ચાટતા કર્યા.

સાક્ષી પૂરતો સોનલાવર્ણો સૂરજ પણ આ ચારણીનાં પરાક્રમ જોતો પોતાનાં રાતાં નેત્રો ઉઘાડી ઉભો.

જોતજોતામાં તો સાત જણા ધોળીના તીખા ઘાથી ભૂમિ પર પડયા. બાકીના ત્રણ જણા મૃત્યુને સામે ઉભેલું જોઇ નાઠા.

તુરત ધોળી આઇએ રા'ને ઘોડી પર નાખી પોતે સ્વાર થઈ નેસડા તરફ ઘોડીને છૂટી મૂકી. દિ રાશવાર ચડયો ન ચડયો તેટલાંગાં તો નેસડા આગળ ઘોડી આવી ઉભી.

"વિસણુ! કયાં ગયો?"

"આઇ ઈ તો ભેંસુંને પાણી પાવા ગયા છે."

"ઠીક રૂખી! લે આ મેમાન છે. ઘાયલ થયેલ છે. એને મારા ખાટલા પર સુવાડી દે અને કોઠી ઉપર ઘાબાજરિયું છે, ઇ ઝડપથી એને માથે ઘામાં લગાડ, અને વિસણુને કહેજે કે, ભોજનધાર પર સાત લાશું પડી છે એને લાકડાં પહોંચાડી ઠેકાણે પાડે."

ધોળી આઇ આમ કહી રા'નું શરીર રૂખીને સોંપી ઘોડી પરથી ઉતરી પોતાને થયેલ નાના ઘા સાફ કરવા બેઠી.

રત્નો ચારણ આજ દિલ્હીથી પોતાને નેસડે આવ્યો. સૌ હળ્યાંમળ્યાં, કુશળ સમાચાર પૂછયા. શૂરવીર ચારણિયાણીયે પતિનું સ્નેહભાવે પૂજન કર્યું અને છ મહિનાની નેસડાની બધી હકીકત ટુંકમાં કહી.

"કોણ? વંથળીનો રા', આપણે ત્યાં પડદે છે?" હકીકતમાં રા'ની વાત આવતાં રત્નો ચારણ કૂદ્યો.

"હા, આજકાલમાં એના ઘાને પૂરી રૂઝ આવી જાય તેમ લાગે છે. વંથળીથી એ એકલો પ્રભાસ છૂપે વેશે જતો હતો, પણ રસ્તામાં ગીરના ગરાસિયા એની સામે બહારવટે છે એણે એને ઓળખી કાઢયો અને એ લોકો તો એને જીવથી મારી નાખત, પણ આયુષ્યનું બળ મોટું!" ધોળીએ પતિ આગળ ખુલાસો કર્યો.

"અરે એને તો જીવથીજ મારી નાખવો જોઇએ. એના પર દયા હોય? ઇ રા' ગ્રાહરિયો એટલે જુલ્મી, નાદાન્ અને અભિમાની

રાજા. તને ખબર તો છે કે એણે મારૂં એક વખત ભયંકર અપમાન કર્યું હતું. લાવ, લાવ મારી તલવારથી આજ હુંજ એનું ડોકું ઉડાવી દઉં અને વેરનો બદલો વેરથી લઉં.” આમ કહેતો કે રત્નો ઘોળી આઈની અજાયબી વચ્ચે તલવાર લઈને ઉભો થયો.

“હાં...હાં...ઇ શું કરો છો? ચારણકુળને એબ લગાડવા જેવું પગલું ઘોળીનો ધણી લેય તો તો દુનિયા ફરી જાય. તમને ખબર છે કે, મેં એને બારવટિયા પાસેથી બચાવી જીવનદાન આપ્યું છે?

વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
પણ શૂરા બોલ્યા નવ ફરે, ભલે પશ્ચિમ ઉગે સૂર.

“અરે ઘોળી! તું આમ આડી શામાટે આવે છે? ઘર આગળ ચાલીને દુશ્મન આવે એને જીવતો મૂકવો, એ તો મૂર્ખાઇ છે.”

“સ્વામી! શરણે આવેલો દુશ્મન હોય તો પણ શું થયું? આપણે આધારે એક માણસ આવી પડે એને બચાવવો એ તો શૂરવીરની શોભા છે. આવી રીતે રા'ને મારવો એને તો હું એક પ્રકારની કાયરતા ગણું છું.”

“ઘોળી! મારૂં અપમાન? મને એ બધું સાંભળવું ગમતું નથી. હું તો એને મારીશ.”

“એ નહિ બને.”

“કેમ?”

“શરણ આવેલને હું મારવા નહિ દઉં.”

“સતીએ પતિનો હુકમ માનવોજ જોઇએ. હું કહું એમ તારે કરવુંજ પડશે.”

“ધણીની સર્વ આજ્ઞા મારા માથા ઉપર છે. પણ રા'ને મારવા નહિ દઉં.”

“ધણી સામે આવો હઠ હોય?”

રત્નાએ ઘોળી સામે મીટ માંડી.

“ધણી અધર્મ આચરે તો એમાંથી ધણીને બચાવવો, એ તો સ્ત્રીમાત્રનો ધર્મ છે.”

“ઘોળી, તારા ધણીનું એણે અપમાન કર્યું છે, એનું તને કંઈ લાગતું નથી?”

“એમાંજ ખાનદાની છે.”

ગણપર ગણ કરે, ઈ તો છે ને છે;
પણ અવગણ ઉપર ગણ કરે, ઇ સાચો મનખા દે.

"મારો ધણી સાચો માણુસ બને એટલાજ ખાતર હું રા'નો વાંકો વાળ થવા નહિ દઉં."

"ત્યારે જેમ તું એને બચાવવા બહારવટિયા સામે વઢી તેમ હું એને મારવા તારી સાથે લડીશ, ચાલ થા તૈયાર."

"ધણી સામે, મારા માથાના મુકુટ સામે હથિયાર ઉઠાવું તો મારી તલવાર લાજે."

"ત્યારે આઘી ખસી જા."

"નહિ, તમે જે તલવારે રા'નું માથું કાપવા માગો છો એ તલવારે પહેલાં મને મારી નાખો," બોલતી બોલતી ઘોળીએ રા' અને પતિ વચ્ચે પોતાનું વીર માથું ધર્યું.

"ઘોળી! ખસી જા, વાયડી થા મા." રત્નાની આંખમાં હવે ખૂન ભરાયું.

"એ કદાપિ નહિ બને."

બીજી પળે એ શબ્દો સાથે રત્નાએ ક્રોધમાં તલવારની અણીથી ઘોળીને વચમાંથી ખસેડવા પ્રયત્ન કર્યો. તલવારનો ધક્કો લાગતાં ઘોળીના લોહીભર્યા શરીરમાંથી ધફ ધફ ધફ લોહીનો ધોધ છૂટયો.

રા'ના ઘા હજી કાચા હતા, છતાં એ ખાટલામાંથી બેઠો થઇ ગયો. પોતાને માટે પ્રાણાર્પણ કરતી ચારણિયાણીના દેહને પડતો જોઇ એ ક્રુજી ઉઠયો.

એટલામાં તો નેસડા બહાર ગડબડ થઇ સંભળાઇ અને જોતજોતામાં રા'ની શોધમાં નીકળેલા પચાસ સૈનિકો રા'ના ખાટલાની આસપાસ આવી ઉભા.

રત્નો આ સ્થિતિ જોઇ ગભરાયો. એની તલવાર રા' તરફ ઉગામેલી એમની એમ રહી ગઇ.

"રામદે ! પકડ એ ચારણને ! " પોતાના માણસોને ઓચિંતા આવેલાં જોઇ રા'એ ત્રાડ પાડી.

આ વખતે ઘાયલ થયેલી ઘોળી આઇ તરફડતી હતી. એણે પોતાના પતિને કેદ થતો જોયો. રા' સામે એણે પોતાની તેજસ્વી આંખો ફેરવી.

"રા'.........રા'... ... ...રા' "

"બહેન બોલ, વંથળીના રા'ને જીવતદાન આપનાર દેવી બોલ." રા'એ ઘોળી સામે ખાટલે બેઠાં બેઠાં સજળ નેત્ર જોયું.

"મારા ધણીને......હું......દેખતાં...કેદ ન હોય......છોડી

દે એને," ઘોળીએ પડયાં પડયાં સઘળી શક્તિ એકઠી કરી ભાગ્યાતૂટયા શબ્દો ઉચ્ચાર્યા.

પોતાને ઘોળીએ કેવી રીતે કટોકટીને પ્રસંગે બચાવ્યો, એ ઉપકાર રા'ના દિલમાં રમી રહ્યા હતા. એટલે ઘોળીની ઇચ્છાનો તુરત અમલ થયો અને રત્નો છૂટો થયો. માત્ર એની તલવાર સૈનિકોએ ઝૂંટવી લીધી.

"રા'...હું...જાઉં છું મને સંતોષ છે કે, લાખોનો પાલણહાર વંથળીના રા'ને મેં આશરો...આપ્યો અને એ પાછો...જીવતો વંથળી જાય છે...માતાજીએ મારી આબરૂ રાખી." હવે ઘોળી છેલ્લા શ્વાસ લેવાની તૈયારી કરી રહી હતી. તેના મુખપર મૃત્યુસમયની તેજરેખા પ્રકટી.

રા'ની આંખોમાં આંસુ આવ્યાં: "ઘોળી આઇ, તેં મને જીવતદાન આપ્યું છે, તો આ મરણની ઘડીએ તારે માગવું હોય તે માગી લે. જરાઇ અચકાઇશ મા, સોરઠનું રાજ્ય પણ તારા જેવી આઇને ચરણે ધરતાં રા' પાછો નહિ હઠે."

"રા' હું શું...માગું ? હા. પણ તું આપતો હો તો મારા ધણી માટે અભયદાન માગું છું...આજથી એને સોરઠના દરબારમાં કવિપદ આપજે."

"જરૂર મારી આઇ, જરૂર," આ પતિભક્ત સતીનાં વચનોથી રા'ને સતીજીવનની પતિભક્તિની મહત્તા સમજાઇ.

"અને બીજું એક રા' માગું છું. આ મારાં ઢોરાં, મારી ગાવડિયું એને માટે આ નેસડા આગળ પાણીની વાવ બંધાવજે. રા' ગાયોનું રક્ષણ એ રાજપૂતોનો મુખ્ય ધર્મ છે. જે દિ રાજપૂતો ગોપાલક મટશે તે દિ એનો માઠો દિ સમજ. માટે ગોપાલક બનજે અને ગાવડિયું માટે ઠામઠામ પાણીની સગવડ કર···જે...જય... ગૌ...મા···નો જ...ય" બોલતાં બોલતાં ઘોળીની આંખ ફરી જરા વારમાં એ આંખ એના પતિ પર ઠેરવી.

"મારા ધણી! મારો ગનો માફ કરજે. હું તારી છેલ્લી આજ્ઞા પાળી શકી નહિ, પણ એ આજ્ઞા એ અધર્મ હતો. આશરે આવેલાને મારવો એ મહાપાપ છે. મારો નાથ એ પાપથી બચી ગયો, એ મારે માટે એક પ્રકારનો સંતોષ છે.. મારા ધણી મને માફ કરીશના ?"

રત્નાની આંખોમાંથી અશ્રુધારા ચાલી. એ આંસુડાં ગણી શકાય એટલી વારમાં તો ઉઘાડી તલવારો વચ્ચે શૂરવીરતાનું મોત મૂકી

સતીનો આત્મા ઉડી ગયો.

રા' ગ્રાહરિયાએ પોતાના દરબારમાં રત્નાને કવિપદ આપ્યું અને ધોળી આઇની યાદમાં જે ઠેકાણે એનો નેસ હતો ત્યાં એક વાવ બંધાવી, જે આજે ધોળી વાવના નામથી ઓળખાય છે. એ વાવની આસપાસ ચાર તળાવ તથા ગાયોને પાણી પીવા માટે સાત અવેડા બંધાવ્યા હતા. આજે એ તળાવોને ઠેકાણે જમીન થઇ ગઇ છે, અવેડાઓની મોટી શિલાઓ અહીંતહીં છૂટી છવાઇ પડી છે અને ધોળી વાવ ચોરવાડ, કુકસવાડા તથા ઘૂમલીને ત્રિભેટે ધોળી આઇ ચારણિયાણીની લોકકથા જીવતી રાખી આજે પણ ધોળધખતા તડકામાં ઢોરોને પાણી પાઇ આશીર્વાદ લેય છે.

(તા. ૧૭-૧૧-૧૯૨૬ ના “ગુજરાતી”માંથી)

४९-कुलीनतामां कचराती गृहलक्ष्मीओ

(લેખકઃ—શ્રી. સુધાકાંત)

(૧)

“અત્યારે તો એ ભલી બાઇ પ્રભુના ધામમાં પહોંચી છે. દુનિયાના મનુષ્યો તરફથી ન મળેલા ન્યાયની એ કદાચ ત્યાં યાચના કરતી હશે. આંખોમાં શ્રાવણ ભાદરવો વરસાવતાં એણે એની કરુણ કથા જ્યારે મને કહી સંભળાવી ત્યારેજ, કુલીનશાહીના સુંદર નામ નીચે જગતના સુંદરીસંઘ ઉપર કેવા અમાનુષી અત્યાચારો થઈ રહ્યા છે, તે હું પહેલવહેલા જાણી શક્યો.”

અમે સામાજિક સુધારાની ચર્ચા કરતા હતા તે વખતે ઉપરના શબ્દોમાં રમાકાંતે મારી આગળ એક અભાગિણી ગુજરાતણની શોકકથા શરૂ કરી.

“ભાઇ સુધાકાંત” તેણે કહ્યું, આપણને કલ્પના પણ નથી એવા કષ્ટની અવળી ઘાણીમાં કુલીન કહેવાતાં કુટુંબોની ગૃહલક્ષ્મીઓ આજે પીલાઈ રહી છે. આપણી દુર્દશા એવી બહેનોના મૂંગા નિઃશ્વાસોનેજ આભારી છે. સમાજના પોલા વાંસાને ઉઘાડીને જોઇએ તો આવાં અનેક પાપી નાટકો હાલની ઘડીએ આપણા સંસારમાં ભજવાતાં આપણે જોઈ શકીએ; અને ત્યારેજ હિંદુસમાજમાં બહુ વખણાયલા ‘લગ્ન’ને નામે જીવતી બહેનોને રહેંસી નાખતા ક્રૂર કસાઇઓનાં કારમાં કુકૃત્યોથી કુલીનશાહીની કહેવાતી સુંદર સંસ્થારૂપી રાક્ષસીનો આપણે પરિચય પામી શકીએ.

(૨)

એ બહેને મને કહેલી કથા આવી છેઃ—

“આજથી પચીસ વર્ષ પહેલાં દશ વર્ષની વયે, છાતી સુધીના ઘુંઘટામાં વિંટાળી મારા મામાએ ગાંસડાની માફક ઉંચકીને મને લગ્નની વેદી આગળ બેસાડી, ત્યાર પહેલાં પરણવાને નામે મલકાતી બાળાઓની માફક હું પણ મનમાં ને મનમાં મલકાતી હતી.

મારાં માબાપે મને કુલીનની પટરાણી બનાવવાના પોતાના કોડ પૂરા કરવા માટે મારા ગામ અને જીલ્લાથી જુદાજ જીલ્લાના એક

છોકરાને મારા વરતરીકે પસંદ કરી પોતાને ધન્યધન્ય માન્યાં હતાં.

જેની સાથે પરણવાનું હતું તેને તો મેં પરણવા બેસતાં સુધી જોયો પણ નહોતો.

પણ લગ્નમંડપમાં મને બેસાડી અને અંતરપટ દૂર કરી, મારા હાથને ગોર મહારાજે એના હાથમાં મૂક્યો તેજ ઘડીએ કુલીનના ફરઝંદનો મને અનુભવ થયો.

મારો હાથ એટલે પોતાની શક્તિનું માપ કરવાનું કશું યંત્ર હોય તેમ નીષ્ઠુરતાથી એણે ભચડવા માંડયો.

મને કષ્ટ થવા લાગ્યું. ઉંચીનીચી થઇ જાઉં તેવું કષ્ટ થવા લાગ્યું, પણ લગ્ન પહેલાં મને પિયરની વાતો ઉપરથી એવું શિક્ષણ મળેલું કે, કુલીન ઘરની પુત્રવધૂ થવું એ મહાન સદ્દભાગ્ય છે, અને તે માટે કેટલાંક કષ્ટ પણ મૂંગેમોઢે વેઠવાં પડે છે.

એથી મેં એ દુઃખને જેમ તેમ કરીને વેઠી લીધું. કુલીનના ઘરની પુત્રવધૂ બનવાના સદ્દભાગ્ય માટેના મારા તપનો એ તો માત્ર આરંભ હતો.

(૩)

પછી હું સાસરે ગઇ. જુદીજ સંસ્કૃતી, ભિન્ન સંસ્કાર ભાષા અને વિચારમાંયે ભેદ એ બધું મને ત્યાં જણાયું. મારે માટે તો એ સાસરવાસ એટલે જેલનિવાસ કરતાંએ ખરાબ થઇ પડયો. નરકયાતના પણ એનાથી વધારે નહિ હોય. પિયરમાં પંખિણી માફક છૂટથી ખેલતી, કૂદતી, રમતી, તે હવે એકદમ કેદ પડી ગઇ.

છાતી સુધી ઘુંઘટો ખેંચવો, દરેક મોટેરા આગળ ભોંય બેસીને પગે પડવું, ઓછું જમવું, જમતાં જમતાં અવાજ ન કરવો, એ બધા રીતરિવાજોનું પાલન કરવું એ મારે માટે એકદમ નવીજ દુનિયા જેવું હતું.

અને હું તો ત્યાં કોઇને ઓળખતી નહિ, મારે તો પતિથી માંડીને ઘરનાં, ન્યાતનાં અને ગામના બધાંજ નવાં હતાં!

અજાણી બાળકીને માથે એકદમ આટલી બધી નવી ફરજો પડે, તે એને કચડી નાખવા કરતાં પણ વધારે છે.

પણ મારે નસીબે તો એથીયે વધુ બોજો પડવા સરજાયો હતો. કુલીનશાહીના ચોકઠા જેવા સાસુ-નણંદના તડાકા ફડાકા પહેલે દિવસથીજ સંભળાવા લાગ્યા.

મારા બાપે મને સાસરવાસા માટે શું શું આપ્યું છે, તેનું પ્રદર્શન કરવું પડતું અને તે જોવા ન્યાતની તમામ સ્ત્રીઓ આવતી.

ગમે તેટલું આપે તો પણ કુલીનશાહીને મન ઓછુંજ પડે! પોતાના ઘરમાં ખાલી તપેલીઓ કુસ્તી કરતી હોય, પણ વહેવાઇ આગળ બાજીરાવ પેશ્વા થઇને ઉભા રહેવું, એ કુલીનોના બાપદાદાનો વારસો છે.

અને મારા પિયરની વસ્તુઓના પ્રદર્શનમાં ઓછું પડેલું તેનો તમામ રોષ સાસુનણંદે મારી ઉપર પહેલા દિવસથીજ ઉતારવા માંડેલો.

“ભિખારડાના ઘરની તે શું લાવે? આવો વહેવાઇ વહોરીને અમારૂં કુળ ત્રણ પગાથયાં નીચું ઉતરી પડ્યું. રા···ક્યાંથી આવી!” આ સૂત્રો સાંભળવાં એ મારે માટે નિત્યનું તપ થઇ પડ્યું!

× × × ×

છતાં સ્ત્રીને એકજ આશ્વાસન હોય છે અને તે પતિનું.

સાસુ અને નણંદ પારકા કુટુંબની છોકરી ઉપર કયા સંબંધને લીધે સ્નેહ દાખવી શકે? ‘દીકરાની વહુ’ કે ‘ભાભી’ એ સગપણથી હૃદયમાં સ્નેહાંકુર ફૂટે નહિ.

તો પણ એ અંકુર ફૂટી ચૂક્યા છે, એવું માની લેવાના વાતાવરણમાં હિંદુ છોકરીઓને ઉતરવું પડે છે.

પતિની વાત તેથી જુદી છે. પતિ–પત્ની વચ્ચેનો સંબંધ અનેરો છે, દૈવી છે. કોઇ પણ જાતના પટ વિનાનો શરીરનો, આત્માનો, વિચારનો સંબંધ છે. એથીજ પતિપત્ની વચ્ચેની પ્રીતિ દૈવી ગણાય છે. પણ મારે માટે તો દુર્ભાગ્યે એ પ્રેમનાં દર્શન પણ અશક્ય થઇ પડયાં.

કુલીનનો દિકરો ખાંસડું ખંખેરતાં સત્તર બાયડીઓ લાવવાના ફાંકામાં નિરંતર રહે છે. ‘પત્ની’ એનો મરમ કદી પણ તેને સમજાવવામાં આવતો નથી–તે સમજતો નથી.

જે સ્ત્રીને તે પોતાની ‘બાયડી’ તરીકે લાવ્યો હોય છે, તે માત્ર ઘરકામની લૂંડી જેવી ગણાય.

‘હું કુળવાન છું, માટે મને તે પોતાની દિકરી અને દોઢિયાં દઇ ગયો! એને કોણ કરગરવા ગયું હતું?’ એજ મનોદશાનું વાતાવરણ એની આસપાસ હોય છે અને એ પણ એજ શીખે છે.

કહેવાતા કુલીનનો બેટો સ્ત્રીને એક પ્રકારનો સંચો માને છે. એને તેની તરફ માન કે મમતા ભાગ્યેજ પેદા થાય છે.

પોતાની માતા, બાપ કે બહેન કહે ત્યારે સ્ત્રીને જોડા, લાત કે તમાચો લગાવવા નિરંતર તૈયાર થવું, એમાં કુલીનનો દિકરો

મરદાઇ માને છે અને સ્ત્રીને ન્યાય આપવો, એનો વાંક હતો કે નહિ એ તપાસવું; એને નામરદાઇ માને છે.

જે સાસુ એક વખત વહુ થઈને આવેલી તે અને જે નણંદ બીજે ઘેર વહુ થઇને ગયેલી હોય તે, પોતાના અનુભવો ભૂલી, નવી આવેલી વહુને તુચ્છ લેખી, તેને દુઃખી કરવામાં ગૌરવ માને, એ કુલીનશાહીનોજ પ્રતાપ!

ચોરીમાંજ જેણે મારા હાથને લોઢું કે લાકડું માનીને કચડી નાખેલો, તેને મારી કેટલી કિંમત હોય?

પોતાની વિષયલાલસા તૃપ્ત કરવાના યંત્ર જેવીજ માત્ર તે મને માનતો. શું કહું ભાઇ! શરમ આવે છે. પણ એની એ માન્યતાને લીધે તેને કદી પણ મારી તરફ સમભાવ થએલો નહિ, તો પછી સાચો પ્રેમ તો સંભવેજ ક્યાંથી?

અજાણ્યા ખારા સાગરમાં પતિ એજ સ્ત્રીને માટે નૌકા હોય છે. તેજ જો આવો હોય તો પછી સ્ત્રીની કેવી દશા થાય એ તમેજ કલ્પી લ્યો.

એમ કહીને એ બ્હેન બિચારી રડી પડેલી.

(૫)

"આ દશામાંયે પછી તો હું ટેવાતી ગઈ. નિરંતર ઝેરમાં રહેવાથી એ પણ સદી જાય છે.

હું પણ પ્રતિકુળ વાતાવરણને અનુકૂળ થઇ અથવા તો પરિચયને લીધે મને તે વાતારણ સદી ગયું.

પણ મારે માથે બીજીજ આપત્તિ આવી પડવાને સરજાયલી હશે તે કેમ મિથ્યા થાય! પ્રભુએ મને સંતાન આપ્યું; પણ તે થોડાક મહિનામાં પાછું લઇ લીધું.

અને જાણે એ મારો ગુનો હોય તેમ મારી સામે સાસુનણંદનાં જીભનાં જુદ્ધ મંડાણાં!

એની અસર મારા પતિ ઉપર પણ થઇ.

બીજે વર્ષે મારે સુવાવડ આવી, પણ તે બાળકનીયે થોડા મહિનામાં પહેલાંના જેવીજ દશા થઇ.

તુરતજ મારી ઉપર શોકય લાવવાની પેરવી થવા લાગી.

મારા પતિ ઉપર સાસુએ દબાણ કરવા માંડયું.

'અમારૂં ઘર ઉઘાડું રાખવા' માટે મારા પતિને બીજાં સગાંવહાલાં સમજાવવા માંડયાં.

મારી ભાગ્યનૌકા તોફાની સાગરમાં ઝોકાં ખાવા લાગી.

છતાં મારે સુભાગ્યે હજી રાહ જોવાનું મારા પૃથ્વી ઉપરના પરમાત્માને કોણ જાણે કેમ ઠીક લાગ્યું.

કારણ કે અમે ધંધાને લીધે બહારગામ રહેતાં અને મારાથી બને તેટલા બધા પ્રયત્ન હું એમની પ્રીતિ સંપાદન કરવા અને અમારૂં સારૂં દેખાડવા માટે કરતી. એકલાં રહેવાથી એમને પણ મારી તરફ કંઇક સમભાવ થવા લાગેલો. પછી તો સાસુ ગુજરી ગયાં, નણંદ એમને સાસરે ગયાં, અને અમારે બહારજ રહેવાનું થયું. મારે તે પછી પાંચ સુવાવડ આવી ગઇ, પણ દુર્ભાગ્યે એક બાળક બચવા પામ્યું નહિ.

કોઇ કહેતાં કે મારે કોઠે રોગ છે; એટલે બાળક જીવશે નહિ.

આથી મેંજ એમને બીજી સ્ત્રી પરણવાનો આગ્રહ કરવા માંડયો, છતાં તેમણે મને નાજ પાડી.

“પ્રભુને જીવાડવાં હોત તો આપ્યાં તેજ ન જીવત!” એમ એમણેજ મારા મનનું સમાધાન કરવા માંડેલું.

આથી મને તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતર્યા જેવું લાગેલું. કુલીનશાહીનું ફરઝંદ થઇને આટલી બધી ઉદારતા બતાવે, એ અમારા જેવી કુલીનશાહીને પનારે પડેલી માટે તો જૂની આંખે નવા તમાસા જેવું હતું.

(૬)

પણ મારી ધારણા કેટલી ખોટી હતી તે આગળ જતાં સમજાયું. એક વખત મને એમણે સમજાવીને પિયર મોકલી. બહુજ મિઠાશથી, હવાબદલાના બહાનાથી તેમણે મને આગ્રહપૂર્વક પિયર વળાવી. એ વખતે અમારા લગ્ન સંબંધને ચોવીસ વર્ષ થઇ ગયેલાં. એટલે મને તો બીજી કલ્પના પણ શાની આવે? પણ પિયર ગયે એક મહિનો થયો નહિ હોય ત્યાં તો મારી ઉપર પચાસ રૂપિયાનું મનીઑરડર આવ્યું!

એ રૂપિયા એમણે મોકલ્યા હતા. મને તે જાણીને શંકા ગઇ કે ‘શું કરવા આ પૈસા મોકલ્યા?’ પિયરવાસો ગયેલીને માટે ખાધાખોરાકીના પૈસા તે હોય? અમારી ન્યાતમાં કુલીનો પરણવા માટે જેની પાસે ચાંલ્લો માગે, તે પૈસા મોકલે! મને વહેમ પડયો. મેં તુરતજ મની ઑરડર લાવનાર ટપાલીને ના પાડી.

ખરેખર એ જાળ હતી. મને પિયરમાં ખાધાખરચ આપીને રાખી છે એવું બતાવવાની એક યુકિત હતી; કારણ કે મનીઑરડર આવી ગયા પછી પૂરા પખવાડીઆમાં તો એમનાં લગ્ન થવાના મને સમાચાર મળ્યા!

"સુધાકાંત, આ વાત યાદ કરતાં તે બિચારી ધ્રૂસકે ને ધ્રૂસકે રડી ગયેલી." મને રમાકાંતે કહ્યું.

અને ભાઇ! એ નિષ્ઠુર કુલહીણને પનારે પડેલી બાઇએ મને કહ્યું કે "ભાઇ! એમણે ફરીથી લગ્ન કર્યાં એનું મને દુઃખ નથી. હું જાતેજ એ માટે એમને વર્ષોથી સમજાવતી હતી, પણ એમણે મને આટલા વર્ષના સંબંધ પછી આમ દગો દીધો એથીજ મને દુઃખ થાય છે.

હું એમની સાથે રહેત. એમની દાસી માફક કામ કરત; પણ આટલે વર્ષે છતે પતિએ મારે આમ પિયરવાસ કરવો પડે તે ઓછો જુલ્મ નથી.

ભાઇ, સ્ત્રીઓના હૃદયની વાત સ્ત્રીઓજ સમજી શકે. મને તેમણે આ રીતે ત્યજી દીધી. તેથી લોકો મારે વિષે શું શું કહેશે? મારા સંબંધમાં કોઇ ગમે તેવી વાત કરે તો તેની જીભ મારાથી શી રીતે ઝલાશે?"

"ભાઇ સુધાકાંત! આ વિચાર એ બિચારી ભોળી બાઇને અતીશય કષ્ટ આપતા હતા. તે એટલે સુધી કે નિરંતર એજ વિચાર કરી કરીને એનું ચિત્ત ભ્રમિત થઇ ગયું અને એના દગાબાજ પતિને લગ્ન કર્યે પૂરા પાંચ મહિનાયે નહિ થયા હોય ત્યાં તો, એ બિચારી બાઇ દુનિયા છોડીને ચાલી ગઇ!"

આમ કહેતાં રમાકાંતની આંખમાં પણ આંસુ આવી ગયાં.

સહેજ સ્વસ્થતા મેળવી તેણે કહેવા માંડયું:

"પેલા નિષ્ઠુરને તો કશીજ પરવા કે શરમ નહોતી. પચીસ પચીસ વર્ષ સુધી જેની સાથે તે રહ્યો, તે એની પત્ની પગનું જૂતું હોય એવી ઢમે એ પાજી, એ દુર્ભાગી બહેનના પિયરમાં આવીને 'મારી સ્ત્રીના દાગીના અને કપડાં આપી દ્યો' એમ કહેતાં શરમાયો નહિ!"

"આવી કુલીનતાનું જડમૂળ ઉખડી જવું જોઇએ." મારાથી બોલાઇ જવાયું.

"ખરૂં છે, પરંતુ શરમની વાત એ છે કે, આવા દુષ્ટ હત્યારાઓને અને એવી દુષ્ટ કુલીનશાહીને સમાજ પોતાના શણગારરૂપ માને છે" રમાકાંતે કહ્યું.

"માટે તો હું તમને હમેશાં કહું છું કે, સમાજમાંથી સડેલો ભાગ કાઢી નાખવા માટે પ્રચંડ સામાજિક ક્રાન્તિની જરૂર છે." મેં કહ્યું.

"સાચી વાત ભાઇ! આજ સુધી હું ધારે ધારે સુધારો થવામાં માનતો હતો, પણ હવે મારીયે ખાત્રી થઇ ચૂકી છે કે, સામાજિક ક્રાન્તિજ આ સડેલા સમાજને સુધારવાનો એકનો એક ઉપાય છે."

(તા. ૧૯-૮-૧૯૨૭ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૫૦—રાષ્ટ્રીય ધ્વજ માટે

(લેખકઃ-શ્રી. કાલીદાસ કૃપાશંકર શેલત)

ઇ. સ. ૧૯૦૪ માં રુશિયા અને જાપાન વચ્ચે ઘોર સંગ્રામ મંડાયો. એ પ્રસંગે પીંગયાંગના રણક્ષેત્રમાં એક જાપાની સુભટ્ટ સરદાર કુરોકી તેના જૂજ યોદ્ધાઓના રસાલા સાથે એક નાજુક તંબુમાં તેના યુદ્ધવિશારદ મંત્રીઓ સાથે મસલત ચલાવી રહ્યો છે. પાસેના ટેબલ ઉપર ભોજનની પીરસેલી થાળ પડી રહી છે, પણ યુદ્ધનો અભિલાષી વીર ભૂખને ભૂલી ગયો છે અને ભાવિ આક્રમણની વ્યૂહરચનાનો નકશો ચીતરી રહ્યો છે.

એક ચોપદાર અંદર દાખલ થયો, અને જમીન સુધી નમીને કુરનસ બજાવીને બોલ્યોઃ “નામવર! યુત્સુ ૧૨ સિપાઇઓ સાથે આપને સરદાર ઓકુના અંતકાળના પરાક્રમનો સંદેશો પહોંચાડવા ઇચ્છે છે.”

કુરોકીના હાથમાંથી કલમ પડી ગઇ. સિંહ જેવા પરાક્રમી ઓકુના મરણના સમાચારથી તેનું તેજસ્વી મુખ ઝંખવાણું પડી ગયું. તેણે વ્યાકુળતાથી કહ્યુંઃ “એકદમ અંદર લાવ.”

તત્કાળ યુત્સુ તેના ડઝન ચુનંદા યોદ્ધાઓ સાથે તંબુમાં દાખલ થયો અને નમન કરીને ઉભો.

કુરોકી—“બોલ, યુત્સુ! તું શા સમાચાર લાવ્યો?”

યુત્સુ—“નામવર! આજે સવારે ૪ વાગ્યાને સુમારે દુશ્મનોની ટુકડીએ એકાએક અમારા મોરચા ઉપર છાપો માર્યો.”

કુરોકી—“પણ તમે તો દક્ષિણ બાજુના મોરચામાં હતા ને?”

યુત્સુ—“જી હાં; પણ અમે ફક્ત ૫૦ જણા હતા, અને દુશ્મનોની સંખ્યા હતી ૨૫૦. અમે જોતજોતામાં ગોળાકાર ગોઠવાઇ ગયા અને ગોળીઓનો સામો મારો ચલાવ્યો.”

કુરોકી—“પણ તમારૂં ભયનું રણશિંગુ સાંભળીને છાવણીમાંથી ૨૫૦ ઘોડેસ્વાર ટુકડી મેં મોકલી હતી. ઠીક; પછી શું થયું?”

યુત્સુ—“નામવર! શું થાય? ૫૦ મરણિયા સુભટ્ટોએ દુશ્મનોના

દળને ગોળાથી વિંધી નાખ્યું. પણ અફસોસ! નામવર! અમારા વિજેતા સરદાર ઓકુ દુશ્મનોના બંદીવાન બની ગયા. મદદ આવી પહોંચી તે વખતે ફક્ત હું અને ઓકુ સાહેબ બેજ જીવતા હતા અને મુડદાંના ઢગને ઓથે રહીને દુશ્મનો ઉપર ગોળી છોડતા હતા, પણ એટલામાં એક દુશ્મન ટુકડીએ અમને ઘેર્યા અને ઓકુ સાહેબને કેદ કરીને ધુમાડાના અંધકારમાં અદૃશ્ય થઇ ગયા!

કુરોકીનું વદન મ્લાન થઇ ગયું, તે ક્ષણભર મૂંગો બની ગયો. થોડી વાર પછી પૂછ્યું-'ઓકુને જીવતોજ પકડી ગયા?'

યુત્સુ-"શત્રુઓને જ્યારે ખાત્રી થઇ કે અમારી સંખ્યા બહુ જૂજ છે, ત્યારે તેમણે નજીક ધસી આવીને સંગીનો અને તલવારો ચલાવી. એ દ્વંદ્વની ઝપાઝપીમાં એક રૂશિયન સરદારનો ઝંડો તેમણે ઝુંટાવી લીધો.

કુરોકી—શાબાશ!

યુત્સુ—"પણ ઓકુ સાહેબના હાથમાં આપણો ઝંડો હતો, તે પેલા અપમાનિત દુશ્મન સરદારે ખુંચાવી લેવાની કોશિષ કરી, પણ ઓકુ સાહેબના હાથમાંથી ઝંડો લેવો એ સિંહના દાંત ગણવા જેટલું ભયંકર હતું. એ સરદારને ઓકુ સાહેબે તલવારને એકજ ઝટકે જમીનદોસ્ત કરી નાખ્યો. છેવટે તેમણે પકડાતા પહેલાં એ રૂશિયન વાવટો મને આપ્યો અને કહ્યું: 'હું જીવતો હોઇશ તો ઠીક છે, નહિતર સરદાર કુરોકી સાહેબની રજા લઇને આ ઝંડો મારી પત્નીને પહોંચાડજો. જ્યારે હું યુદ્ધ કરવા નીકળ્યો, ત્યારે મારા બાહુબળની નિશાની તરીકે મારી પત્નીને દુશ્મનોની પતાકા મોકલવાનું મેં વચન આપ્યું છે."

કુરોકી—(પ્રફુલ્લ વદને) "ક્યાં છે એ પતાકા?"

યુત્સુ—(તંબુ બહાર રાખેલી પતાકા લઇને) "આ રહી, નામવર!"

દુશ્મનનો હોવા છતાં એ રાષ્ટ્રીય ધ્વજને ટોપ ઉતારીને કુરોકીએ નમન કર્યું અને કહ્યું: 'એ બરોબર સંભાળજે; તેં એનું અપમાન તો નથી કર્યું ને?'

યુત્સુ-"નહિ જી, હરગીજ નહિ."

કુરોકી—"રાષ્ટ્રધ્વજ એ અતિ પવિત્ર વસ્તુ છે. એનું અપમાન કરવું એ નીચતા, કાયરતા, જંગલીપણું છે. બહાદૂર ઓકુની પત્નીને લશ્કરી વિધિસર એ પતાકા મોકલવાની છે."

યુત્સુ કુરનસ બજાવી ચાલ્યો ગયો. કુરોકી ઓકુ જેવા શૂરવીરની ખોટ કેમ પૂરવી, તેના વિચારમાં તલ્લીન થઇ ગયો.

સાંજના પાંચના ટકોરા થયા. કુરોકીની છાવણીથી ૧૦ માઈલ દૂર રૂશિયન છાવણી પડેલી છે. રૂશિયન સરદાર પોતાના વિશાળ તંબુના આંગણા આગળ ૫૦ પહેરેગીરો સાથે પૂર દમામમાં એક આરામખુરશી ઉપર પડયો છે. તેની બિહામણી આકૃતિ કોઇ રાક્ષસી ભાવની સાખ પૂરી રહી છે. તેની આંખોમાં રતાશ જણાય છે. એકાએક તેણે ચારપાઇ ઉપર હાથ પછાડયો અને ઘૂરકીને બોલ્યો: “પેલા હરામખોર જાપાનીને હાજર કરો.”

આશરે દસેક સિપાઇઓનું ટોળું નાગી તલવારો સાથે બેડીઓથી લદાયેલા, પિંજરમાં પુરાયેલા સિંહ જેવા ઓકુને પકડી લાવ્યું તેના બેડીવાળા બન્ને હાથમાં જાપાનનો સૂર્યની પ્રતિમાવાળો લાલ ઝંડો હજી ફરકીજ રહ્યો છે.

સેનાપતિની આંખોમાંથી અંગાર ઝરવા લાગ્યો. તેણે મોટી ગર્જના કરીને કહ્યું કે “એ બેવકૂફ! ઝંડો નીચે નાખ, તને ખબર છે કે તું મારો લાચાર કેદી છું?”

ઓકુ—“બરાબર ખબર છે, પણ ઝંડો નીચે શું કામ નાખું? મારી નમ્ર વિનંતિ છે કે મારા આ રાષ્ટ્રદેવને, મારી માતૃભૂમિના પ્રાણ સમા મારા પૂર્વજોના બલિદાનની અને જાપાનના ગૌરવની સાખ પૂરતા મારા આ કીર્તિધ્વજનાં દર્શન કરીને દિલાસો લેવા આ ધ્વજને મારી પાસેજ ભોંયરામાં રાખશો.”

સરદાર—“એ હેવાન! એક કેદીનું ભાષણ સાંભળવા હું નથી માગતો! તારો એ ક્ષુદ્ર ઝંડો મારા ચરણમાં તારે ઝુકાવવો પડશે, તેનું તને ભાન છે?”

ઓકુ—(ક્રોધથી ધ્રૂજતો) “ક્ષુદ્ર! ઝંડો? એ પામર મનુષ્ય! પરરાષ્ટ્રની, છતાં દેવાંશી ભાવનાને કલંક લગાડનારા એ નરાધમ! તારાથી થાય તે કરી લે. આ શરીરમાં લોહીનું ટીપું હશે ત્યાંસુધી તારી તાકાત નથી કે તારી આ આખી ખડી ફોજમાંથી કોઈ પણ આ ઝંડાને આંગળી ચીંધી શકે!”

“વિશ્વવિધાતા”નો ઇલ્કાબ ધરાવનાર રૂશિયાના ઝારનો પ્રતિનિધિ પોતાના કેદીના આ શબ્દોથી ભૂખ્યા વાઘની માફક તલપ્યો અને ઓકુની ગરદન પકડીને તેને ક્ષણભર તો પીંખી નાખ્યો અને કહ્યું: ‘ઝંડો મારા પગમાં ઝુકાવે છે કે નહિ? નહિતર એ ઝંડા સાથે તને તોપને ગોળે ઉરાડી મૂકીશ!’

પળવારમાં ઓકુ તેના પંઝામાંથી છૂટયો અને માતૃભૂમિનું

આરાધન કરતો તેની સામે છાતી કાઢીને નીડરપણે ઉભો.

બ્યુગલ ફૂંકાયું. આખી સેના મેદાનમાં ખડકાઈ ગઈ. ફક્ત એકજ આત્માએ હજારો મનુષ્યોમાં અજબ કુતૂહલ જગાડયું. તત્કાળ તોપખાનું ખોલાયું અને એક ભયંકર તોપ મેદાનની વચ્ચોવચ્ચ ખડી થઇ. જમ જેવા ૧૦ સૈનિકોએ ઓકુને તોપને મોઢે બાંધ્યો. તેના જમણા હાથમાં હજી તેનો તેજ જાપાનનો વાવટો ફરકી રહ્યો છે. જાણે કંઈ પરવા ન હોય, તેમ એક ચક્રવર્તિ વિજેતાસમો ઓકુ તેના પ્રાણ લેવા બાંધેલી તોપના મુખ ઉપર પોતાનો જમણો હાથ ટેકાવીને ઉભો રહ્યો છે અને એ મેદાનમાં ઉભેલી પ્રચંડ સેના ઉપર પોતાની આણ વર્તાવી રહ્યો છે. તોપના મુખ ઉપર આરૂઢ થયેલી જાપાનની એ પતાકા બલિદાનના સર્વોપરિ વિજયનો સંદેશો આપી રહી છે. દેવોને પણ દુર્લભ એ દૃશ્ય જોવા પ્રકૃતિ પણ ક્ષણભર અટકી ગઇ. મેદાન પળવાર નિઃશબ્દ–શૂન્યવત્ દેખાયું, સૂર્યદેવ આ બલિદાનની અનુપમ વિધિ જોવા થોભી ગયા.

સાડાપાંચનો ટકોરો થયો. તોપચીએ તોપ ભરી દીધી છે, પલીતો સળગાવ્યો છે, અને તે ચાંપવાની તૈયારી કરે છે. આરામખુરશીમાંથી પેલો રૂસ સરદાર નજીક આવ્યો. તેના વદન ઉપર તેજવિહોણો ગર્વ છવાઇ રહ્યો છે. એક હાથે ઓકુની કાનપટ્ટી આમળતાં તે હોઠ પીસીને બોલ્યો: “હવે વાવટો નાખી દે છે કે એ ચીંથરાના પુરચા સાથે તારા પણ પુરચા કરવા છે ?”

ઓકુ—(અત્યંત પ્રૌઢ વાણીમાં) “સેનાપતિ સાહેબ ! આ સવાલ મારો અંગત નથી, રાષ્ટ્રનો છે. તેને માટે મરી ફીટવામાં હું ગૌરવ સમજું છું. આપ સાહેબ ક્રોધથી અંધ બની ગયા છો, તેથી બુદ્ધિ ગુમાવી બેઠા છો. આપના વાવટાને જો આપ પવિત્ર ગણતા હો, તો આવી અધમ માગણી કદી ના કરો. ભગવાન બુદ્ધના સોગંદ લઇને અને આ સૂર્યદેવને સાક્ષી રાખીને કહું છું કે, આ દેહમાં આત્મા છે ત્યાં સુધી આ વાવટો હું આપના હાથમાં પણ ન આપી શકું, તો ચરણમાં નાખવાની તો વાતજ શી ? એ માટે આપને જે સજા કરવી હોય તે બેલાશક કરી નાખો.

સેનાપતિ પળવાર મુંઝાયો. તેના અંતરમાં દૈવી અને રાક્ષસી ભાવોનું યુદ્ધ ચાલી રહ્યું. પણ એ “વિશ્વવિધાતાના” પ્રતિનિધિનો શયતાન આખરે જીત્યો અને તેણે તોપચીને હુકમ કર્યો:–“લગાવ !”

તોપચીએ જામગ્રીની રાખ ખંખેરી નાખી અને થોડીક પળો સુધી આખી સેના મુડદાંના જેવી શાંતિથી ઉભી રહી. એ શાંતિમાં

વીર ઓકુના હૃદયમાંથી અને આકાશના ગેબી ઉંડાણમાંથી પડઘો પડયો કે—

જય જય જય જનની જાપાન! અધમ કોણ હશે એવો
જે નિરખે તુજ અપમાન–જય જનની જાપાન.
તન, મન, ધન સહુ તુજને અર્પણ,
અર્પણ આ બલિદાન, જય જય જય જનની જાપાન!

બ્રહ્માંડનાં દિગંતોમાં આ બલિદાનનો સંદેશો પહોંચાડતો એક પ્રચંડ અવાજ થયો. ઓકુના બલિદાનથી જાપાનના વાવટાના ફુરચા પેલા રશિયન સેનાપતિના ચરણને બદલે તેના મસ્તક ઉપર અદ્ધર લટકી રહેલા આકાશમાં ઉડી ગયા અને એ તોપના અવાજના પડઘામાં આખી સેનાનો એકજ રણકાર સંભળાયો કે—

"ઓકુનો જય"

(તા. ૮–૬–૧૯૨૩ ના અઠવાડીક "નવયુગ"માંથી)

७१-लोहीनी इमारत

(લેખક:-શ્રી. છેલશંકર દ૦ વ્યાસ)

[અમદાવાદના શેઠ અમથાલાલ ઉજળાભાઇએ સટ્ટામાં લાખોની કમાણી કરી પાંચ મિલો પર માલેકી મેળવી હતી. એમની છઠ્ઠી મિલ ભાવનગરના મજૂરોનું લોહી ચૂસતી હતી. અમથાલાલ દેશભક્ત હતા અને તેમની સ્ત્રી તેમજ પુત્રીઓએ સ્વદેશીવાદને સારૂ એકેક મહિનાની જેલ સેવી હતી. કોઇ 'દેશદ્રોહી'એ એમનો દંડ ભરી તેમને જેલમાંથી મુક્ત કર્યાં હતાં. એ પછીથી અમથાલાલની મિલોનો માલ દેશાવરમાં સોગણો ખપવા લાગ્યો...ભાવનગરમાં એમણે આરામ માટે મહાલય ઉભો કરવા માંડયો. સેંકડો મજૂરોનાં શરીર એ ઇમારતને ખડી કરવામાં ઘસાયાં. આખરે એને સાતમે મજલે ત્રણ ટનની ટાંકી ચઢતી હતી, ત્યારે અકસ્માતથી ટાંકીનું દોરડું તૂટતાં ટાંકી એક મજૂર પર પડી અને મજૂર ચગદાઇ ખતમ થયો; પણ બે કલાક પછી એજ સ્થળે 'અમથા ભુવન' ખોલવાની ભવ્ય ને આનંદપ્રદ ક્રિયા થઇ! મરનાર મજૂરને સ્ત્રી અને નાની છોકરી હતી. એ સ્ત્રી પાસે શેઠ પર નુકસાનીનો દાવો મંડાવવા મજૂરસંઘના મંત્રીએ ખૂબ મહેનત કરી, પણ સ્ત્રીએ તેમ કરવા સાફ ના સંભળાવી. એ 'ના' કહેવાની ભીતરમાં શું ભેદ હતો, સ્ત્રીને અમથાલાલ શેઠે કેવી ઉદારતાથી આંજી હતી, મજૂરોની ચાલીમાં રહેતાં રહેતાં તે સ્ત્રીની શી દશા થઇ અને આખરે 'અમથા ભુવન'ની કાચની અટારી પર તેની મીટ કેમ મંડાઇ રહી...એ હૃદય હચમચાવનાર હેવાલ જાણવો હોય તો આ વાર્તા જરૂર વાંચો તંત્રી "પ્રજામિત્ર અને કેસરી"]

એકેક દિવસ જતો ને એ ભાવનગર શહેરને છેડે બંધાતું આલીશાન મકાન આકાશની પડોશમાં પહોંચવા ધસતું. રોજ રોજ એના પર સીમેન્ટના થર ચઢતા અને રાત ઉંઘી બીજે દિવસે મકાનની તળેટીમાં એકઠા મળનાર માણસોને લાગતું કે ઇમારત આભની

સાથે બાથ ભીડવા ઉંચે ને ઉંચે જઇ રહી છે. પાંચસો પાંચસો મજૂરો, કડીઆ, સુથાર, લુહાર, ચુનાર, હમાલ, હલકેરી વગેરે-આજ ત્રણ ત્રણ મહિનાથી એના ઉપર અડપ્યા હતા. એક બાજુ કોઇ રાક્ષસી અવાજ કાઢતા સંચામાં રેતી સાથે સીમેન્ટ ભળ્યાજ કરતો અને એમાંથી બહાર પડતા કાળા મિશ્રણમાંથી તગારાં ભરી ભરીને મજૂરો ઉંચે લઇ જતા. બીજી બાજુ લોખંડના સાળખામાં પેસતી શારડીઓના તીણા સૂર આખો દિવસ નીકળ્યા કરતા, ને આખાયે સમૂહની મહેનતમાંથી મૂડીવાદની અબોલ છડી પોકારતી ઇમારત જાણે કે કોઇ જીવંત રાક્ષસની જેમ આગળ ને આગળ વધતી.

હવે તો સાતમો માળ એના ઉપર બંધાવો બાકી હતો. છએ માળની ઉંચાઇને હેઠેથી ઉપર સુધી અડકીને ઉભેલા વાંસડાના બાંધણની ટોચે કામ કરતા મજૂરો હવામાં તરતાં પંખીઓ જેવા લાગતા. નીચેથી પસાર થનારા માણસોના શ્વાસ, એ અદ્ધર લટકીને માત્ર વાંસડાઓને આધારે કામ કરતા કામદારોને જોઇ, થંભી જતા. ઉપરથી હેઠે પડનાર આદમી પાવળું પાણી પણ ન માગે એમ કહી તેઓ છાતી પર હાથ મૂકતા. સૌના મુખમાંથી તારીફનો એકજ ઉચ્ચાર ખરતો:

"આહાહા! અમથાલાલ શેઠની શું સાયબી છે!"

શ્રીયુત અમથાલાલ ઉજળાભાઈ શેઠની પાંચ પાંચ મિલો તો અમદાવાદમાં ચાલતી, અને છઠ્ઠી મિલ એમણે ગઇ સાલજ ભાવનગરમાં બંધાવી હતી. એનો માલ આખા કાઠિયાવાડને પૂરો પડતો. ગામડે ગામડે અને શહેરે શહેરે અમથા શેઠનું નામ મશહુર હતું.

પંદર વર્ષ પહેલાં મિ૦ અમથાલાલ મુંબઇની એક મિલમાં કારકુની કરતા. બીજે વર્ષે વેપારમંદીને લીધે એ મિલમાં માલેકોએ આદરેલી કાપકુપમાં તે આવી ગયો, ત્યારથી એણે એક્ષ્ચેંજમાં જઈ શેરદલાલી અને રૂ-સોનું-ચાંદીનો સટ્ટો આદર્યો. કોઇ મંગળ પ્રભાતે એને ત્રણે સોદામાં લાખો રૂપિયા હાંસલ થઇ ગયા. એ દિવસથી એનું કિસ્મત ફાલતુંજ ગયું. અમથો 'અમથો' મટીને અમથાલાલ શેઠ થયો. એને એ નામે બોલાવવાનું સૌએ છોડી દીધું. બે ત્રણ વર્ષમાં તો તેની પાસે પોણો કરોડ રૂપિયા જમા થયા. આમ અચાનક શેઠ બનેલા શ્રીમાન અમથાલાલ ઉજળાભાઇને અગાઉની જીંદગીમાં મિલવ્યવસ્થાનો અનુભવ હતો, એટલે એમણે મિલમાલેક બનવાનો મનસુબો રચ્યો. મુંબઇમાં મજૂરી અને જીવનપદ્ધતિ મોંઘી છે અને અમદાવાદ મિલ મેનેજમેન્ટમાં સોંઘું

પડે છે એ તેમને ખબર હતી, તેથી અમદાવાદમાંજ એમણે એક મિલ ખરીદી લીધી. એવામાં મહાત્માજીનો સત્યાગ્રહ શરૂ થયો, અને ચોમેર 'બૉયકોટ બ્રિટિશ ગુડસ,' 'સ્વદેશી ઝીન્દાબાદ,' 'દેશના ઉદ્યોગોને મદદ કરો' એવી હાકલો વાગવા માંડી. અમથાલાલ શેઠે આ તકમાં ઉજ્જવળ ભાવી જોયું. એમણે મહાત્માજીને ખાદી ફંડ, સ્વરાજ્ય ફંડ, અસ્પૃશ્યતાનિવારણ ફંડ વગેરેમાં ચાળીસ પચાસ હજાર રૂપિયાની મદદ કરી. વિલાયતી માલની દુકાનો પર પિકેટિંગ કરવા પોતાની સ્ત્રી અને કૉલેજમાં ભણતી પુત્રીઓને મોકલી દેશભરમાં ડંકો બજાવ્યો, અને જ્યારે એ શેઠાણી અને પુત્રીઓની ધરપકડ થઇ ત્યારે તો આખા ઇલાકામાં કહેવાવા લાગ્યું કે, અમથાલાલ શેઠ અને તેનું આખું કુટુંબ મહાન દેશભક્ત છે. અમથાલાલની શેઠાણી અને પુત્રીઓને કાં તો હજાર રૂપિયા દંડ ભરવાની અને નહિ તો ત્રણ ત્રણ માસ જેલ ભોગવવાની સજા થઈ; ત્યારે શરૂ શરૂમાં તો અમથાલાલ શેઠે દંડ ભરવાને બદલે કુટુંબને કારાગારમાં જવા દેવાનું પસંદ કર્યું. જેલમાં એમને 'અ' વર્ગ મળ્યો હતો, છતાં એ તો અમથાલાલ જેવા કરોડપતિનું કુટુંબ એટલે એના જેલનિવાસથી લોકો અંજાઇ ગયા અને કહેવા લાગ્યા કે, અમથાલાલ જેવા ધનાઢ્યને-તેના આખા કુટુંબને-દેશસેવાનો ભારે રંગ લાગ્યો છે! આ એકજ બનાવથી અમથાલાલની મિલનો માલ સોગણા પ્રમાણમાં દેશભરમાં ખપવા માંડયો. 'બાપુજી'ના 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'માં શેઠ અમથાલાલની અને તેના 'સેવાભાવી કુટુંબ'ની તારીફ રોજ રોજ આવવા લાગી. પૂજ્ય ગાંધીજી ઉપર શેઠની પુત્રીઓએ જેલમાંથી લખેલા પત્રો દરેક છાપામાં પ્રસિદ્ધ થવા માંડયા, તેમ તેમ અમથાલાલની મિલને આંગણે સમૃદ્ધિની છોળો વધારે ને વધારે ઉછળવા લાગી. પછી મહિનાની અંદર અમથાલાલ શેઠનું કુટુંબ અચાનક છૂટીને ઘેર આવ્યું, ત્યારે શેઠાણીએ છાપાંઓમાં 'ઇન્ટર્વ્યુ' આપ્યો કે કોઇ દેશદ્રોહી માણસ મારા પતિની જાણ બહાર અમારો સૌનો દંડ ભરી આવ્યો હશે, તેથી અમને અમારી મરજી વિરુદ્ધ જેલ સુપ્રિન્ટેન્ડન્ટે છોડી મૂકયાં.

અને અમથાલાલની ને તેની મિલની ખ્યાતિ અજબ ત્વરાથી એટલી બધી વધી ગઇ કે તેણે અમદાવાદમાંજ આજ દિન સુધીમાં પાંચ મિલો પર માલેકી સ્થાપી અને છઠ્ઠી ભાવનગરમાં ઉભી કરી.

હવે ઉનાળામાં અમદાવાદના ઉકળાટથી અલગ રહેવા અને ગામડી હવાની લિજ્જત માણવા એણે ભાવનગરમાં તખ્તેશ્વર ટેકરી-

ની પેલી મેર મહાલય બંધાવવો શરૂ કર્યો હતો. આભને ઓથ દેતા એના છ છ મજલા, ટેકરી ઉપરના તખ્તેશ્વરના શિવાલયની વિડંબના કરતા, સાતમા મજલા ઉપરથી એક બાજુ સાગરની પેલી મેર ઘોઘાના કિનારા પર નજર નાખવાની અને બીજી પાસ રૂવાપરીની ધાર અને ખાડીનાં આછાં નીર નિહાળવાની અમથાલાલને સ્પૃહા હતી.

સાતમો મજલો એકદમ પૂરો કરવા સારૂ અમથાલાલ શેઠે પોતાની મિલમાંથી અનેક મજૂરોને બોલાવ્યા હતા. દિવાળી આડે ચાર પાંચ દિવસોજ બાકી હતા. ધનતેરસને દિવસે તો એને મહાલયમાં "વાસ્તુ" કરવાનું હતું. એ મંગળ મુહૂર્ત માટે એકજ રાત બાકી રહી ત્યારે કામદારોની એક વધારે ટુકડી રોકીને શેઠે ધમધોકાર કામ ચલાવવા માંડયું.

એ દિવસની રાત પડી અને 'દિવાટાણું' થયું ત્યારે પેટ્રોમેક્ષની સંખ્યાબંધ બત્તીઓના અજવાળામાં છેક સાતમે મજલે સેંકડો કામદારો ને કારીગરો નિશાચરોની પેઠે જહેમત કરી રહ્યાં હતાં.

મહાલયની ડાબી બાજુ સાત મજલા જેટલીજ ઉંચી લોખંડની સીડી પર જંગી પવનચક્કી ખડી કરવામાં આવી હતી. એની નીચે જમીનમાં પચાસ હાથ ઉંડા કૂવામાં અતાળ પાણી હતું. વાતાવરણમાં વિહાર કરતી લોહચક્કી એક મોટા નળવાટે એ પાણીને ઉંચે ચઢાવી મહાલયના સાતમા માળ ઉપરની જંગી ટાંકીઓમાં ઠલવે એવી રચના શેઠે કરાવી હતી.

સવારના ચાર વાગે મહાલયનો સાતમો માળ તો ચણાઇ રહ્યો, પણ તેની ગગનચુંબી ટોચ ઉપર પાણીભંડાર માટે લોખંડની બે રાક્ષસી ટાંકીઓ ચઢાવવી બાકી હતી. એ ટાંકીઓ સવારના છ વાગ્યા સુધીમાં ઉપર સ્થપાઇ જાય, પવનચક્કીએ પ્રેરેલું પાણી તેમાં ઠલવાવા માંડે, અને આખા પ્રાસાદમાં ગોઠવાએલા નળો એ પાણીથી તરબોળ બની દરેક ઓરડાને જળ આપવા માંડે એમ અમથાલાલ નિશ્ચયપૂર્વક ઇચ્છતા હતા. એમની આશાઓ ફળીભૂત થવામાં હવે માત્ર ટાંકીઓનું ઉચ્ચાલન, સ્થાપન અને તેની સાથે સાતમા માળાના મુખ્ય પાઇપોનું જોડાણ બાકી હતું.

રાત્રિનો અંધકાર હજુ તો પ્રભાતના ચાર વાગે અવનીને તજવાની આનાકાની કરી રહ્યો હતો ત્યારે કામદારોએ પંદર મિનિટ માટે 'પોરો' ખાધો.

એટલામાં અમથાલાલ શેઠ ત્યાં આવી પહોંચ્યા. એમને જોઇ

મજૂરોએ જમીન પર પડેલી ત્રણ ટન વજનની ટાંકીને દોરડાંથી શિકરી લીધી. ઉપર સાતમે મજલે ઉભા કરેલા જંગી લાકડાનાં ઘોડામાંથી લટકતી ગરેડીમાં જાડું દોરડું પરોવી મજૂરોએ નીચે ઉતાર્યું અને તેને જમીન પરની ટાંકીના બંધ સાથે ગાંઠથી જડી દીધું. પોણોસો જેટલા કામદારો સાતમા મજલાને મથાળે જમા થયા. નીચે એક મજૂર ટાંકીના મુખમાં ઉભો રહ્યો. એણે હાથમાં જાડો વાંસડો ઝાલ્યો હતો. સાતમે મજલે હલકેરીઓએ ગરેડી માંહેના મજબૂત દોરડાને પકડ્યા પછી, નીચેથી ટાંકી માંહેના મજૂરે હાકલ દીધી અને તુરતજ ઉપરથી એકસામટા દોઢસોથી બસો હાથોએ દોરડાંને ખેંચવા આંચકો માર્યો.

ટાંકી દોઢ હાથ ઉંચી થઇ. ફરી ઉપરથી મજૂરોનો આંચકો લાગ્યો અને લોઢાનો એ માળખો વધારે ઉંચે ચઢ્યો. ધીમે ધીમે એકેક હાથના માપથી આંચકે આંચકે ટાંકી હવાને કાપી અદ્ધર જવા લાગી. તેને મહાલયની ભીંત સાથે અથડાતી અટકાવવા ટાંકી માંહેનો મજૂર ભીંત સામે વાંસડો ભરાવી રાખતો અને એ રીતે તે ઉપર ને ઉપર જતી.

જ્યારે ટાંકીએ ચોથા મજલાને વટાવ્યો, ત્યારે ફરી એક વાર મજૂરોએ પોરો ખાવા ઉપરના દોરડાની ગાંઠ લાકડાના ઘોડાને મારી લીધી. દશેક મિનિટ સુધી ટાંકી હવામાં આરામ લેતી લટકી રહી. સવારના પાંચ વાગ્યાના આછા અંધકાર અને અસ્પષ્ટ ઉજાસમાં તેનો દેખાવ મહાલયને ભરખી જવામાં ઉડતી ને ભીંત પર ઝાપટ મારતી સ્વપ્નસૃષ્ટિની ડાકણ જેવો લાગતો.

થોડી વારમાં ફરી એક વાર સાતમા મજલાના કામદારોએ આંચકાને નિયમબદ્ધ બનાવતા અવાજો આદર્યા. તખ્તેશ્વરની ટેકરી અને તેની ચોમેર પથરાયલી નાની નાની ડુંગર-ધારોમાં મરણ-રાક્ષસની ચીસો જેવી એ ઉચ્ચારમાલા પ્રસરી રહી.

ઉંચે ને ઉંચે ટાંકી અતિ ધીમી ગતિએ ચઢતી હતી અને તે માંહેનો માણસ મરણીઆ પકડથી હાથમાંના વાંસડાને ભીંત પર ટેકવી રાખતો હતો.

પાંચ મિનિટ, દશ મિનિટ, પંદર મિનિટ, એમ સમય વીતતાં પોણાછ વાગ્યા અને ટાંકી સાતમા મજલાના કઠેડા સુધી પહોંચી. દશ વીસ આંચકાસાં તો તે મથાળે આવી જાય એટલી ઓરી આવી ગઇ હતી.

મજૂરોએ તમામ બળ એકઠું કરી જોશથી ખેંચાણ અને

આંચકા શરૂ કર્યા. ત્વરિત ગતિએ ટાંકી છેલ્લા થોડા ફીટનું અંતર વટાવી મથાળા ભણી ચાલી.

મથાળાને હવે ત્રણ ફીટનુંજ અંતર રહ્યું. ટાંકી માંહેનો મજૂર ઢાંકણા આગળનું દોરડું થોભી બહાર નીકળ્યો. બે હાથે દોરડું પકડી તે ટાંકીની સપાટી પર ઉભો રહ્યો. પગ નીચે ટાંકી અને તેની નીચે જમીન સુધીનું ઉંડાણ જોઇ તે પળવાર થરથર્યો. કપાળ પરથી પસીનો લૂછી તેણે ઉપરના આદમીઓને હાકલ મારીઃ

"ચાલો, જલદી કરો. ટાંકીને ઉપર ખેંચી લો."

અને ફરી એક વાર કામદારોના ગળામાંથી શરીરના તંતુઓની જોરદાર ગતિને નિયમ અને એકતાનતા આપતો અવાજ નીકળ્યો. ફરી ટાંકી દોઢ હાથ ઉંચી ચઢી. એકજ આંચકો લાગે એટલામાં તો તે મથાળે પહોંચી જાય તેવી હાલતમાં લટકી રહી.

તાકાતને કેંદ્રિત કરી કામદારોએ સંગીતમય અવાજે છેલ્લો આંચકો માર્યો.

ટાંકી મથાળાની કોર પર તોળાઈ રહી. એને અગાશીની સપાટી પર ખેંચવા મજુરોએ ટાંકીના મુખમાં ભરાવવા સારૂ હુકવાળા સળીઆ લીધા.

એકજ સેકંડની વાર હતી. કામદારોએ ટાંકી તરફ સળીઆ પ્રસાર્યા. ટાંકી ઉપર ઉભેલા માણસે અગાસીપર આવવા પગ લંબાવ્યો.

એકજ પળ, એકથીયે ઓછી પળવાર તેનો પગ અગાશીને અડકયો, અને બીજીજ પળે લાકડાના ઘોડામાં ભીષણ કડાકો થયો.

મજૂરોના મોંમાંથી એકસામટો અવાજ નીકળી ગયોઃ

"માર્યા, માર્યા!"

અને નિમેષમાત્રમાં તો આખોયે લાકડાનો ઘોડો તૂટીને નીચે નમ્યો. ટાંકી પણ તેની સાથે જરા નીચે ગઇ. ટાંકી ઉપરના માણસના હોશકોશ ઉડી ગયા. છેલ્લી વાર તેણે નીચે નજર કરી લીધી. દોઝખ એનું વિકરાળ મોં ખોલતી હોય તેમ તેને લાગ્યું.

આંખ મીંચીને ઉઘાડો, એટલી વારમાં તો ઘોડાના મૂળમાં બીજો કડાકો થયો અને આખોયે માળખો મૂળમાંથી ઉખડીને ધસારાબંધ નીચે ગબડયો. ટાંકી, માણસ અને ઘોડો બધુંજ ભીષણ ગતિએ જમીન ભણી ધસવા લાગ્યું.

ચોથા માળ પાસે ટાંકીનો છેડો કઠેડા સાથે અથડાયો અને ટાંકી ઉંધી વળી. તેના ઢાંકણુને વળગી રહેલો માણસ તુરતજ નીચે આવ્યો, તેના ઉપર ટાંકી, અને તેના ઉપર લાકડાનો ઘોડો એમ

ત્રણે એકાકાર બની સડસડાટ કરતાં તળેટી તરફ ધસ્યાં.

ઉપરના મજુરોના મુખમાંથી "રામ, રામ"ની ચીસ નીકળી પડી.

દશેક સેકંડમાં તો આખો યે અંક ખતમ થયો. છેક જમીન ઉપર ટાંકીમાંથી મજૂર પછડાયો. એના ઉપર, ભયાનક ધડાકા સમેત ટાંકી ચાપટ બેસી ગઇ. લાકડાનો ઘોડો ટુકડે ટુકડા થઇ પચીસ ફીટ દૂર ઉડી ગયો.

અને ઉંચી નીચી ટેકરીઓની હાર પાછળ સર્જન પામતા સૂર્યની લાલાશ ખીલી ઉઠી. એની ટસરે ટસરમાં મજૂરના લોહીનો કસુંબલ રંગ પ્રસરી રહ્યો.

ત્રીજા માળના હૉલની પછીતની બારીએથી, ઉગવા તૈયારી કરતા આફતાબની ગુલાબી ઝાંયમાં આગામી જીવનના ઉલ્લાસ પેખતા અમથાલાલે ટાંકીના પછડાટનો કારમો અવાજ સાંભળ્યો. પળવાર પહેલાં ઉપરના મજૂરોના 'માર્યા માર્યા' અને 'રામ રામ'ના ઉચ્ચારોને મજૂરોનું શ્રમસાધક ગીત ગણી આરામથી ઉભેલા શેઠ ચમકયા. કઠોડા ભણી દોટ મૂકી. એમણે ઉપર જોયું તો ચોથા માળનો રવેશ તૂટેલો દીઠો. નીચે નજર કરતાં ટાંકીને ભોંય પર ભાંગી પડેલી જોઈ.

"મર્યો, મર્યો, મરી ગયો" બોલતા મજૂરો હૉલના બારણા પાસેથી છેક નીચેનો દાદર ઉતરવા લાગ્યા.

એમની પાછળ પાછળ અમથાલાલ શેઠ આરામપૂર્વક હેઠે ઉતર્યા.

કામદારોએ ટાંકી ખસેડી અને જોયું તો તેની નીચેના મજુરની કાયા રોટલો બની ગઈ હતી. ચહેરા જેવો કંઇ આકારજ રહ્યો નહોતો, પણ કેવળ કાળા વાળ, જડબાનાં હાડકાં, બત્રીસ દાંત, સફેદ મગજ અને લાલ લોહીના પચરંગી મિશ્રણનું એક ચીકાશવાળું ચગદું જમીન સાથે જડાઇ ગયું હતું. પાંસળીઓ બધી તૂટીને ખેતર માંહેના 'ઢાંસા'ની જેમ ચામડી અને કપડાંની બહાર નીકળી આવી હતી. કેટલાંક અણીદાર હાડકાં જમીનમાં પેસી ગયાં હતાં. માનવદેહને બદલે માત્ર મસળાઇ, ચગદાઇ, ચંપાઈ ગયેલા કોઇ ચીકણા ને કઠણ પદાર્થની પાપડી જમીનને ચોંટી રહી હતી. મગજને તમ્મર ચઢાવે એવું એ દશ્ય જોઇ મજૂરો "હાય હાય"નું આક્રંદ કરી ઉઠયા.

પણ અમથાલાલ શેઠે જાણે કે કંઇજ ગંભીર બનાવ ન બન્યો હોય તેમ ઠંડાઇથી સત્તાવાહી અવાજે કહ્યું:

"શું થયું છે? એ માણસ કોણ હતો?"

માનપૂર્વક મજૂરોએ શેઠને માર્ગ આપ્યો. બધા અદબ વાળી ઉભા રહ્યા. એક જણે વિવેકથી જવાબ આપ્યો:

“અન્નદાતા! એ તો આપ સાહેબની મિલનો મજૂર રાઘવજી હતો.”

“મજૂરસંઘનો એ સભ્ય હતો?” અમથાલાલે ‘બીઝનેસ’ કુશળ માણસ તરીકે પૂછ્યું.

“એ તો ખબર નથી,” પેલાએ કહ્યું, “પણ એ આપ નામદારની ચાલીમાં રહેતો હતો. એને મોંઘી નામની બૈરી છે અને એક ધાવણી છોકરી છે.”

“વારૂ,” કહી અમથાલાલ શેઠ એક ક્ષણ સુધી વિચારમાં ઉભા રહ્યા અને પછી તુરતજ મોટરમાં બેસી રવાના થયા.

અમથાલાલ શેઠે શું કર્યું, શાં પગલાં લીધાં, રાઘવની સ્ત્રીને શી મદદ આપી, તેની કોઇને એ દિવસે તો ખબર પડી નહિ. ફક્ત મજૂરોએ રાઘવની લાશને ઉંચકી જતા સુધરાઇના માણસોને જોયા, અને કલાક–દોઢ કલાક પછી તો મહાલય આગળ બેન્ડ વાજાંના મધુરા સૂર સાંભળ્યા. થોડી વારમાં તો મહેમાનોની ગીરદી જામી રહી અને પૂરદમામથી ‘અમથા ભુવન’ની ઉદ્‌ઘાટનક્રિયા ઉજવાઈ.

જ્યાં રાઘવનું લોહી છંટાયું હતું ત્યાં ત્રણ કલાક પછી સુગંધી પાણી, ફૂલો અને અત્તરોનો છંટકાવ મહેકી રહ્યો.

× × × ×

બપોરે અમથાલાલ શેઠના મજૂરોની ચાલીમાં રાઘવના મરણની ચર્ચા જોશભેર થવા લાગી. મજૂરો અને મજૂરસ્ત્રીઓએ રાઘવની ખોલી પાસે જઇને તપાસ કરી તો ત્યાં તાળું હતું. કેટલીક સ્ત્રીઓએ મોંઘીને છોકરી સહિત ચાલી બહાર એક મોટરમાં બેસતાં જોઇ હતી, પણ તે કયાં ગઇ તે કોઈજ જાણતું નહોતું.

એ અનાથ સ્ત્રીની આફત ઉપર ચાલીની મજૂરણોએ ખૂબ ખૂબ નિઃશ્વાસ મૂકયા અને રાઘવ જેવો મળતાવડો માણસ મરી ગયો તેથી ચાલીને મોટી ખોટ પડી છે, એમ કહી કંઇક સ્ત્રીપુરુષોએ આંસુ સાર્યાં.

સાંજના ચાર વાગે મજૂરસંઘનો મંત્રી ચાલી પર આવ્યો. એણે પૂછપરછ કરી, પણ રાઘવની ઘરવાળીનો પત્તો લાગ્યો નહિ.

તે પાછો જવાની તૈયારી કરતો હતો એટલામાં ચાલી આગળ મોટરનો અવાજ થયો. રસ્તા પર નજર લંબાવી તેણે અને અન્ય મજૂર-સ્ત્રીઓએ જોયું તો એમણે મોંઘીને મોટરમાંથી ઉતરતી દીઠી.

"આ તો શેઠ અમથાલાલની મોટર છે !" સંઘના મંત્રીએ આશ્ચર્યમાં કહ્યું.

'શેઠજીએ તેને બોલાવી હશે" ચાલીની સ્ત્રીઓએ અનુમાન દોડાવ્યું.

ધીમે પગલે, દુઃખી ચહેરે તે ચાલીમાં આવી. સ્ત્રીઓ તેને વિંટળાઇ વળી, આશ્વાસન આપવા લાગી.

સંઘના મંત્રીએ લાગણીપૂર્વક તેની પાસે જઈ કહ્યું:

"બહેન ! શેઠ ઉપર નુકસાનીનો દાવો તમારે માંડવો પડશે. તમારા ધણીના મરણ બદલ તમને આઠ દશ હજાર રૂપિયા કોર્ટ અપાવશે."

મોંઘી તેના તરફ શંકાની નજરે જોઇ રહી. જાણે કે મંત્રી પર વિશ્વાસ ન હોય તેમ તેણે કહ્યું: "તમારા ચડાવવાથી હું શેઠ જેવા દયાળુ અન્નદાતા ઉપર ફરિયાદ કરવાની નથી."

મંત્રીએ તેને બહુ બહુ સમજાવી, પણ તેણે ફરિયાદ નોંધાવવાની નાજ સંભળાવ્યા કરી શેઠે તેને સો રૂપિયાની નોટ આપી હતી તે બતાવી મોંઘીએ મંત્રીને છેલ્લી નોટીસ આપી:

"જો ભાઇ! તારા જેવા દલાલ અમારા ગરીબ લોકો પાસેથી પૈસા લઇ ખાઇ જાય છે તેના કરતાં શેઠ સાત થોકે સારા છે. એણે તો મને ઘેર બોલાવી દિલાસો આપ્યો. સો રૂપિયા મારા હાથમાં મૂક્યા, અને હજી મદદ દેવા કોલ દીધો છે. શું એની માયા, એની અમીનજરની શી વાત કરું!"

મંત્રીને આખરે નિરાશ થઈ પાછા જવું પડયું. તેણે જતાં જતાં મોંઘીને ચેતવણી આપી:

"બહેન, અમથાલાલ હરામખોરનો હરામખોર છે. એ તમને આ સો રૂપિયાથી મનાવી લેવા માગે છે, પણ થોડાજ રોજમાં તમને લાત લગાવશે ત્યારે તમે મને યાદ કરશો."

પણ મોંઘી એકની બે થઇ નહિ. એણે તો મંત્રીને ગાળો દઇ કાઢી મૂક્યો.

પછી તો મોંઘીએ દિવસો સુધી શેઠની દયા, ઉદારતા અને સાદાઇની વાતો ચાલીની સ્ત્રીઓ પાસે કર્યા કરી. શેઠ કેવા નિખાલસ ભાવથી તેની સાથે બોલ્યા હતા, કેવી કેવી એણે આશા આપી હતી, મજુર સંઘના મોવડીઓના ગોટાળા એણે કેમ સમજાવ્યા હતા અને ફરી શેઠને મળતી વેળા શેઠજી કેવી લાગણી બતાવશે તેનું વર્ણન કરી કરીને મોંઘીએ ધણીના મરણ ઉપર મહિના સુધી આશ્વાસન મેળવ્યું.

મહિનાને અંતે તે શેઠને ઑફિસે મળવા ગઇ, પણ તેને કોઇએ

અંદર પેસવા દીધી નહિ. બહારથીજ પટાવાળાએ જણાવી દીધું કે, શેઠ અમદાવાદ ગયા છે અને પાછા બે મહિના પછી આવવાના છે.

મોંઘી નિઃશ્વાસ મૂકી પાછી ફરી. તે થોડે થોડે અંતરે ઑફિસે ધક્કા ખાઇ આવતી, પણ શેઠનો પત્તો લાગતો નહિ.

તોપણ અમથાલાલની ઉદારતા ઉપર એને અવિચળ શ્રદ્ધા હતી, એટલે તે હમેશાં એનું ભલુંજ બોલતી અને જયારે જયારે સંઘનો મંત્રી આવતો ત્યારે તેને અપમાનભર્યાં વેણ સંભળાવી પાછો કાઢતી.

એક દિવસ મંત્રી વહેલી સવારે મોંઘીની ખોલી પર આવી ચઢયો. મોંઘીએ તેને ચીડાઇ પૂછયુંઃ "શા માટે તું મારી પાછળ લાગ્યો છે?"

મંત્રીએ તેને નરમાશથી સમજાવીઃ "જો બહેન! હું તારા હિતની વાત કહેવા આવ્યો છું. તું મને સાચા જવાબો આપજે."

"બહુ સારૂં" મોંઘીએ કંટાળો બતાવ્યો.

"તમારી પાસે શેઠે કંઇ કાગળ પર સહી કરાવી લીધી હતી?" મંત્રીએ પૂછયું.

"હા" મોંઘીએ ટુંકે પતાવવા પ્રયાસ કર્યો.

"ત્યારે તો ગજબ થયો, બહેન!"

મંત્રીએ નિસાસો મૂકયો, "તમારૂં સત્યાનાશ એ શયતાને કાઢી નાખ્યું."

"કેમ! કેમ!" મોંઘીને ગભરાટ છૂટયો.

"એ નરાધમે તમારી પાસેથી જે દસ્તાવેજ ઉપર સહી લીધી છે, તેમાં એમ લખેલું છે કે તમને એણે બે હજાર રૂપિયા આપી નુકસાનીની ધરમેળે પતાવટ કરી છે." મંત્રીએ પોતાના માથા પર હાથ મૂકયો.

"પણ એ ખોટી વાત છે, એણે મને સો રૂપિયાજ આપ્યા છે," મોંઘીની આંખ લાલ બની.

"હવે બધુંજ થઇ રહ્યું. અમથાલાલે બે સારા માણસોની સાક્ષી તરીકેની સહી પણ એ દસ્તાવેજ પર લીધેલી છે."

મોંઘી ઠૂસકે ઠૂસકે રડવા લાગી. સંઘના મંત્રીએ પોતાને શેઠ તરફથી મળેલા કાગળો તેને વંચાવ્યા. મંત્રીના બધાજ પ્રયાસો નિષ્ફળ નીવડી ચૂકયા હતા. મોંઘીને દિલાસો આપી તે ઉઠયો. હવે કંઇજ ઉપાય રહ્યો ન હતો.

× × × ×

બીજા દિવસનો અળખામણો સૂરજ ઉગ્યો ત્યારે ફરી એક વાર મોંઘીનાં બારણાં પર ટકોરા થયા.

સંઘનો મંત્રી કંઇ મદદ લઇ આવ્યો હશે એમ ધારી તેણે ઉત્સાહભેર બારણાં ઉઘાડયાં, અને તેની સામે ત્રણ ચાર પોલીસ અને શેઠના બે નોકરો કરડે ચહેરે ઉભા રહ્યા.

બીતાં બીતાં મોંઘીએ પૂછયું: “શું કામ આવ્યા છો, ભાઇ!”

“તમારે આ ઓરડી ખાલી કરવાની છે. કચેરીનો હુકમ છે.” શેઠના માણસનો નિર્દય ને ટુંકો જવાબ આવ્યો.

“પણ હું કયાં રહેવા જાઉં?” મોંઘીએ આજીજી કરી.

“જહન્નમમાં કે ફાવે ત્યાં,” પ્રત્યુત્તર મળ્યો.

મોંઘી આનાકાની કરવા મંડી, એટલે તુરતજ પોલીસોએ તેની ઓરડીમાં પેસી જે કંઈ નાનો મોટો સરસામાન હતો તે બહાર ફેંકવા માંડયો.

માટીનાં હાંડલાં ઓસરી પર પછડાતાં ફટોફટ ફૂટી ગયાં અને તે માંહેના દાણા વેરણછેરણ થઈ ગયા.

કોલાહલથી જાગી ઉઠેલી છોકરી કાળી ચીસો નાખવા લાગી.

આશ્ચર્યચકિત ચહેરે એકઠાં મળેલાં ચાલાનાં સ્ત્રીપુરુષો સમક્ષ ઉદાર ને દયાળુ અમથાલાલ શેઠના નોકરોએ ઓરડીને તાળું માર્યું.

મોંઘીએ હૈયાફાટ રુદન કર્યું, તેના જવાબમાં ખડખડાટ હસતી અમથાલાલની ટોળી ચાલી છોડીને રવાના થઇ.

ને પડોશીઓના દિલાસાને ઉવેખતી, ધ્રુસકે ધ્રુસકે રડતી, અમથાલાલને શાપ આપતી મોંઘી છોકરીને કેડમાં લઇ બોર તળાવની દિશામાં ચાલી નીકળી.

દૂર તખ્તેશ્વરની ટોચને ડારતા ‘અમથા ભુવન’ના સાતમા મજલાની કાચની બારીઓ સૂરજનાં કિરણોને ઝીલી, તેના ગુણાકાર કરી મોંઘીની આંખને આંજી રહી.

અને આઘે પથરાયલાં બોર તળાવનાં જળ અવકાશનાં બંધનોને છેદી તેની નજર સમીપજ પ્રલયનાં મહાધમસાણોની જેમ ઉછળવા લાગ્યાં.

(તા. ૬ તથા ૧૩ મી નવેમ્બર ૧૯૩૨ના “પ્રજામિત્ર કેસરી”માંથી)

૫૨—રાજા ક્ષુધાસેન

રશિયાના એક નવલકથાકાર લીઓનીડ એન્ડ્રુએ એક રશિયાની સામાજિક સ્થિતિનો હૃદયભેદક ચિતાર આપનારૂં નાટક લખ્યું છે. તેમાં તેણે દોરેલું કઠોર ચિત્ર રશિયાના બુદ્ધિવાદીઓની દુર્દશાનું સારૂં ભાન કરાવે છે. નાટકના પહેલા દશ્યમાં રાજા ક્ષુધાસેન કારખાનાના ગુલામોને બંડ કરવાની ઉશ્કેરણી કરે છે. બીજા દશ્યમાં રાજા ક્ષુધાસેન સમાજના બહિષ્કૃત મનુષ્યોની એક પરિષદને પ્રમુખપદે બિરાજેલો દેખાય છે. આ પરિષદ્ એક વિશાળ મકાનના ભોંયરામાં મળી છે. તેના ઉપલા ભાગમાં એક વિશાળ દિવાનખાનું છે. તેમાં મદ્યમાંસની એક મિજલસ ચાલી રહી છે. પેલી ગુલામ–પરિષદ્ એ મિજલસના નઠોર નાચનારાઓનું નિકંદન કાઢવાનું કાવત્રું રચી રહેલી દેખાય છે. નીચે આપેલા ત્રીજા–દશ્યમાં રાજા ક્ષુધાસેન પોતાના ભોગ થઇ પડેલા મનુષ્યોને દગો દે છે અને ન્યાયાધીશ બનીને તેમને મોતની સજાઓ ઠોકે જાય છે.

કેટલાક શ્રીમંતો તપાસ જોવાના કુતૂહલથી કચેરી શોભાવી રહ્યા છે. કેટલીક સ્ત્રીઓ ઝવેરાતના દાગીનાથી અને ભભકદાર પોષાકથી લદાયેલી ચુકાદો સાંભળવા આવી છે. પ્રેક્ષક પુરુષવર્ગ હેરકટીંગ સેલુનમાંથી (હજામતખાનામાંથી) તાજા હજામત કરાવીને ઇસ્કીટાઇટ બનીને આવ્યા છે. તપાસ નીચે મુજબ ચાલે છેઃ–

રાજા ક્ષુધાસેન—પહેલો ઉપવાસી હાજર છે ?

(પહેલો ઉપવાસી એક ચીંથરેહાલ લથડતો બુઢ્ઢો દાખલ થાય છે. તેના મોં ઉપર બળદને બાંધવામાં આવે છે તેવો તારનો દાબડો બાંધેલો છે અને તેને તાળું મારેલું છે કે જેથી તે ભૂખનો માર્યો કોઇને બચકાં ન ભરી લે !

રાજા ક્ષુધાસેન—એનું મોઢું ઉઘાડું કરી નાખો. (દાબડો કાઢી લેવામાં આવે છે.)

રાજા ક્ષુધાસેન—કેમ, ઉપવાસી બુઢ્ઢા ! તેં શો ગુન્હો કર્યો છે ?

બુઢ્ઢો—ચ...ચ ચો...રી, મ-હા-રા-જ !

રાજા ક્ષુધાસેન—કેટલી ?

બુઢ્ઢો—(તૂટક તૂટક શબ્દોમાં) મેં એક પાંચ રતલી પાંઉ ઉઠાવી લીધો હતો. મારી પાસેથી તે પાછો ખુંચાવી લીધો હતો; પણ એ ખેંચતાણમાં મેં એક બચકું ભરી લીધું. મહારાજ! નિધા કરો, હવે ફરીથી કદી નહિ.........

રાજા ક્ષુધાસેન—નહિ કેમ કરે ? તને કોઇનો વારસો મળ્યો છે કે હવે પછી લાંઘણ કરવા ધારી છે ?

બુઢ્ઢો—(ધ્રૂજતે સાદે) ના સાહેબ ! એ પાંઉનો તો મેં ફક્ત જરા જેટલો ટુકડોજ ખાધેલો. પાંઉ તો મારી પાસેથી તરતજ ઝુંટાવી લેવામાં આવ્યો હતો.

રાજા—પણ હવે ફરીથી ચોરી નહિ કરે તેની શી ખાત્રી ? તું ભામટો થઇને ફરે છે, ત્યારે મજૂરી કેમ નથી કરતો ?

બુઢ્ઢો—રોજી નથી મળતી, સાહેબ !

રાજા—તારાં છોકરાં કયાં છે ? એ કેમ તારૂં પૂરૂં નથી કરતાં ?

બુઢ્ઢો—બધાં છોકરાં ભૂખે મરી ગયાં સાહેબ !

રાજા—ત્યારે તું કેમ ન મરી ગયો ?

બુઢ્ઢો—એ તો ઇશ્વર જાણે. મને જીવવાની મરજી થયા કરે છે.

રાજા—તારા જેવા કમબખ્ત ઉપવાસીને તે વળી જીવવાની જરૂર શી ? (શ્રીમંત પ્રેક્ષક સ્ત્રીપુરુષોની તાળીઓ અને હર્ષનાદ.)

એક પ્રેક્ષક—આવા લોકો શા માટે જીવતા હશે ?

બીજો—કામ કરવાસ્તો.

ત્રીજો—અરે જીવનના પાઠ શીખવા.

ચોથો—આપડો મરી જાય તો છૂટે !

પાંચમો—અરે ! કેવો સૂગ ચઢે તેવો દેખાવ છે ! એનું ગંધાતું સુંથણું તો જુઓ !

છઠ્ઠો—અરે ભાઇ સાંભળવા દેશો ?

રાજા—(ઉભો થઇને મોટે અવાજે)

ગૃહસ્થો અને સન્નારીઓ ! આ સંબંધમાં ચુકાદો આપતા પહેલાં આપણે દરમિયાનગીરી કરવી પડશે. મારા માનવંતા ન્યાયાધીશોને હું દરમિયાનગીરીનું વાતાવરણ ઉત્પન્ન કરવાની વિનંતિ કરૂં છું.

(ન્યાયાધીશો થોડાક વખતને માટે વિચારમાં તલ્લીન થતા દેખાય છે. તેઓ ભ્રુકુટિઓ ચઢાવે છે, ઉંચે છત સામું તાકીતાકીને જુએ છે, નાક ફુલાવે છે, શ્વાસ નાખે છે, અને વિચાર કરવાના ચાળા કરે

છે; થોડી વારની આ નિઃશબ્દ શાંતિ પછીથી ગંભીર મુખમુદ્રા રાખીને તેઓ એકીસાથે ચુકાદો આપનારા ન્યાયકારી યમરાજ તરફ દૃષ્ટિપાત કરે છે. પછી બધા લસ્કરી કવાયતની માફક, પણ માનપૂર્વક લળીલળીને નીચા નમે છે અને આગળ આવીને ઉભા રહે છે.)

રાજા ક્ષુધાસેન—(માથું નમાવીને) આપની શી મરજી છે?

યમરાજ [એકદમ ઉભા થઇને વિકરાળ દેખાવ કરીને, ટેબલ ઉપર જોરથી હાથ પછાડીને ગર્જના કરતાં]—સેતાનના નામથી ફરમાવું છું કે એને ઠાર કરો!

રાજા—ઉપવાસી બુઢ્ઢા! જા, તને ગરદન મારવામાં આવશે.

બુઢ્ઢો—દયા કરો, સાહેબ!

રાજા—એનો દાબડો ચઢાવો; બીજાને બોલાવો.

(બીજો ગુન્હો કરનારી એક સ્ત્રી છે. એ બાઇ ખાનદાન અને સ્વરૂપવાન છે. પણ એ યુવાન બાળા ભૂખમરાથી હાડપિંજર જેવી થઇ રહી છે. એનો ચહેરો ફિક્કો અને દયાજનક થઇ ગયો છે. તેની કામદેવના ધનુષ સમી કાળી ભ્રમરો બેદરકારીથી થરડાઇ જઇને તેના નાક ઉપર નમી પડી છે. તેના અસ્તવ્યસ્ત વાળ જેમ તેમ બાંધી રાખેલા હોવાથી તે જેમ તેમ ઉડે છે. તેણે ના કોઇને સલામ ભરી કે ના કોઇની સામું જોયું. તેનો અવાજ કર્કશ અને બહેરો થઈ ગયો છે.)

ક્ષુધાસેન—કેમ, ઉપવાસી બાઇ! તેં વળી શો ગુનો કર્યો?

યુવતી—મારા બાળકને મારી નાખ્યું, સાહેબ!

પ્રેક્ષકોમાં ખળભળાટ થાય છે. તેઓ માંહોમાંહે વાદવિવાદ ચલાવે છે—બાપરે! આ તો કોઇ ડાકણ દેખાય છે? એના અંતરમાં માનો પ્રેમજ નહિ હોય?"

એમાં તમને નવાઇ શી લાગે છે?"

અરે, પણ બાઇ તો કેવી સુંદર છે?"

માનો ન માનો પણ કંઈ ગોટાળો છે!"

કેવો ભલો માણુસ! તને બહુ દયા આવતી હોય, તો એની સાથે પરણને!

હવે તમને બહુ ખબર છે! જૂના જમાનામાં છોકરાંને ભૂપીતાં કરવાં એ કંઇ ગુનો નહોતો ગણાતો. માબાપનો એ કુદરતી હક્ક ગણાતો હતો. આ તો દયાએ ઘર ઘાલ્યું અને તેથી આ રિવાજ ઘૂસી ગયો!

બસ કરો, ભાઇ! સાંભળો.

રાજા ક્ષુધાસેન—ઠીક, બાઇ! તેં શી રીતે બાળહત્યા કરી, તે કહે જોઇએ!

યુવતી—(બન્ને હાથ નીચે ફેંકી દઇને ઘોઘરે અવાજે) એક કાળી ઘોર રાત્રે હું મારા બાળક સાથે નદી ઉપરના મોટા પૂલ ઉપર ગઇ. મેં પહેલેથી સંકેત કર્યો હતો, તે પ્રમાણે નદીની વચ્ચોવચ્ચ જઇને મારા બાળકને કહ્યું: "જો, બેટા! નીચે નદીમાં પેલું પાણી કેવું ઉછાળા મારે છે!" મારા બાળકે કહ્યું "પણ બા! એ તો બહુ નીચું. મારાથી કેમ પહોંચાય? આ પૂલ તો બહુ ઉંચો છે!" મેં કહ્યું: "લે હું તને ત્યાં પહોંચાડું." બાળક નીચે જોતું હતું, તેવામાં મેં તેને ઉંચકયું અને એ ઉછળતા પાણીમાં ફેંકી દીધું; બસ, પતી ગયું! હાય!

રાજા—બાળક તને વળગી પડેલું ખરૂં ?

યુવતી—ના.

રાજા—એનું નામ શું ?

યુવતી—હું એને 'બબુ' કહેતી હતી.

રાજા—પણ એનું નામ શું હતું ?

યુવતી—"બબુ."

રાજા—(બે હાથથી મોં ઢાંકીને ગદ્‌ગદ્‌ કંઠે)—માનવંતા ન્યાયાધીશોને હું દરમિયાનગિરીનું વાતાવરણ ફેલાવવાની વિનંતિ કરૂં છું.

ન્યાયાધીશો સફસમારીને ભ્રકુટિ ચડાવીને છત સામું તાકી તાકીને જોવા લાગ્યા; હોઠ ફરકાવવા લાગ્યા અને ઘડીભર શાંતિ ફેલાઇ રહી. પછી તેમણે પહેલાંની માફક યમરાજને નમન કર્યું.

યમરાજ (પહેલાંના જેટલાજ જુસ્સાથી)—સેતાનના નામથી એને ઠાર કરો!

રાજા—(ઉભો થઇને, મોટેથી) એ બાઇ! તને ઠાર કરવામાં આવશે. મોત (યમરાજ) તારી વાટ જુએ છે. યાદ રાખજે કે, રૌરૌ નરકમાં તારા ઉપર પારાવાર જુલ્મો ગુજરશે, અને અખંડ અગ્નિની ધગધગતી જ્વાળાઓ તને બાળીને ભસ્મ કરી નાખશે. રાક્ષસો તેમના તીણા લોખંડી નખ વડે તારૂં કાળજું ફાડી ખાશે! ભયંકર ઝેરી નાગ તારૂં મગજ ફોલી ખાશે અને તને રોમરોમ કરડશે, તારાં આંસુ કોઈ નહિ લૂછે, તારી બૂમ કોઇ નહિ સાંભળે; કેમકે તારી વાણી બંધ થશે, તારા ઉપર શાશ્વત રાત્રિના ઘોર અંધકાર વરસશે. સાંભળ્યું કે ઓ ઉપવાસી ગુનેગાર બાઇ!

યુવતી—જી હા.

રાજા—એને મોઢે દાબડા ચડાવો.

(તરતજ એ બાઇને લઇ જવામાં આવે છે. કચેરીની ગંભીરતા લય પામે છે અને ક્ષુધાસેન આનંદમાં ડોલતા પ્રેક્ષકો સમક્ષ

ભાષણ આપવા મંડી પડે છે.) પછી ક્ષુધાસેન કહે છેઃ—

ગૃહસ્થો અને સન્નારીઓ! હવે હું ટીફીનની રજા આપું છું. ન્યાયકાર્યનું કામ બહુ કંટાળાભરેલું છે. એટલે જરા "સ્ટીમ્યુલંટ"ની (માદક ખાનપાનની) જરૂર છે. (જરા સ્ત્રીસન્માનની છટાથી) અને તેમાં પણ અત્રે પધારેલી મનોરમા માતાઓને અને યુવતીઓને તો ખાસ કરીને જોઇએજ ને! (હર્ષનાદ, તાળીઓ અને વાદવિવાદઃ-)

—અરે! એ તો ખાવાની વાત થઈ!

—ખાવાનો વખત થયો ને?

—બા, બા! મને શકરપારો!

—તારૂં મન તો એમાંજ ભમે છે!

—નામવર! ઉંઘ પૂરી થઈ હોય તો ઉઠજો. ભોજન તૈયાર છે.

—ત્યારે વહેલો કેમ ના ઉઠાડયો?

(એકાએક કચેરી મટીને મિજલસનો ઓરડો બની જાય છે. બધા શ્રીમંતો આનંદથી ફરવા માંડે છે. ન્યાયાધીશો એમના ટોપા ઉતારે છે, ટાલ પડેલાં ખુલ્લાં માથાં ચળકી ઉઠે છે. તેઓ મિજલસમાં ભળી જાય છે; ઘડીકમાં તેઓ હસે છે, ઘડીકમાં ડોળા ફાડે છે, ઘડીકમાં ખાવા મંડી પડે છે, ઘડીકમાં વાતચીતમાં પડે છે. ખાણું પીરસનારાઓ વિવિધ સામગ્રીઓની ભરપૂર થાળથી લદાયેલા આવે છે, સામગ્રીઓમાં એકેએક ચીજના જાણે અંકોટ પૂર્યા છે, પેલા ઉંઘમાંથી ઉઠેલા ભેંશ જેવા ઠીંગા અને જાડા માણસ પાસે એક ટેબલ ઉપર એક ગંજાવર થાળ પીરસવામાં આવે છે. તેમાં એક જાનવરનું બાફેલું અંગ ત્રણ જણ ઉંચકીને લઇ આવે છે. પેલો ઠીંગુજી પેટ જુએ છે અને થાળી સામું જુએ છે.)

ઠીંગુજી—પ્રૉફેસર સાહેબ! જરા મદદ કરશો?

પ્રૉફેસર—ખુશીથી નામવર.

ઠીંગુજી—અને તમે! ન્યાયાધીશ સાહેબ?

ન્યાયાધીશ—કંઇ ભૂખ તો નથી, પણ આપનું વચન કેમ છંડાય? (ચારે જણા પેલી થાળી ઉપર મંડી પડે છે, અને છરી લઇને પેલું જાનવર એળેએળે પેટમાં પધરાવે છે. મોટામોટા કોળિયાથી તેમના ગાલનાં ગફોલાં ફૂલી જાય છે; સર્વત્ર છૂટાંછવાયાં મંડળો બેસી જાય છે. પેલો યમરાજ તેના ખિસામાંથી એક બીસ્કુટનો કટકો કાઢીને એકલોજ ખાઇ જાય છે અને આમ ખાનપાનની ધામધૂમોમાં મંડળી ચકચૂર બની જાય છે.)

(તા. ૮-૬-૧૯૨૩ના અઠવાડીક "નવયુગ"માંથી)

५३-प्रजा-सत्त्वशोषक समाज

(લેખકઃ-શ્રી. ચિકિત્સક)

(૧)

કેમ ? વાચક ! કંઇક કૂતૂહલ થયું. જરા વિચિત્ર શીર્ષક છે એટલે ? સબુર-હમણાંજ ખુલાસો કરૂં છું.

હું ઉપરોક્ત સમાજનો એક રજવાડી શાખાનો ઉપમંત્રી છું. સભાઓના અહેવાલ લખવાની જવાબદારી મારે શિર છે. મેં અમારી શાખા ઉપરાંત બીજી ઘણીએક શાખાઓની મુલાકાત લીધી છે. તેમની સભાઓના અહેવાલોની ટિપ્પણો કરી છે. ક્રમશઃ સઘળા હેવાલો "કચ્છી"ના વાચકો સમક્ષ મૂકીશ.

અમારો સમાજ કંઇ આર્યસમાજ, પ્રાર્થના સમાજ કે સેવા સમાજ જેવો સંકુચિત નથી. આ સમાજમાં હરેક ધર્મના, હરેક મતના હરેક સ્થિતિના સ્ત્રી-પુરુષોને સભ્ય બનવાની છૂટ છે. સભ્ય થવાની શરત બહુ સહેલી અને સરળ છે. દરેક સભ્યે, બની શકે તેટલું પોતાને અનુકૂળ હોય તે રીતે અમારા ઉદ્દેશનું પાલન કરવું. ઉદ્દેશ ફક્ત ત્રણ શબ્દોનો બનેલ, નાનું બાળક પણ સમજી શકે તેવો, માયાદેવીના પૂજારી દરેક માનવને રુચિકર થાય તેવો અને તે માત્ર "પ્રજા-સત્ત્વશોષણ." અમારા સમાજનું કેન્દ્રસ્થળ હજી નિશ્ચિત થયું નથી. દુનિયાના ઘણાખરા દેશોમાં તેની શાખાઓ અસ્તિત્વ ધરાવે છે; પણ ખરી ખૂબી તો એ છે કે એ અસંખ્ય શાખાઓની નિયામક કોઇ સંસ્થા થઇ નથી, અને તે ન થાય તેમાંજ પ્રજાહિત જળવાઇ રહ્યું છે. **સમાજની આટલી પિછાન પૂરતી છે.**

(૨)

આજ અમારી શાખાનો પહેલો વાર્ષિક ઉત્સવ છે. સભા ખાનગી છે. સમાજના સભ્યોને બહાર આમંત્રણ મોકલાયાં નથી, છતાં કોઇ ડહાપણના ભંડાર હોવાનો દાવો કરતી વ્યક્તિ, જાસુસી કરવા કે નિર્માલ્ય કુતૂહલ સંતોષવા ખાતર પ્રવેશ કરવા

પ્રયાસ કરે તો તેને ભડકાવવા દૂરથી આંખે બાઝે એવા અક્ષરે, "ખાનગી" એ શબ્દ લાલ રંગે ચિતરાયો હતો. સભામંડપો બાંધવાનું, શણગારવાનું તથા એવા અનેક તમાશા કરવાનું અમારા સભ્યો પસંદ કરતા નથી. કારણ કે અમારો ઉદ્દેશ, હરેક સભ્યના હૃદયમાં દિનરાત જ્વલંત અગ્નિ પૂર્ણ અક્ષરે કોતરાએલો રહે છે. અને તે ઉદ્દેશ કાર્યની સફળતા યોજવા કાર્યક્રમ નિયત કરવાનું કાર્ય એ પ્રત્યેક સભ્યના સ્વતંત્ર મત તથા કર્તવ્યનો વિષય છે. હમણાં હમણાં મહાત્મા ગાંધી જેવી વિશ્વવિભૂતિને, પ્રભુ જાણે હૃદયની કઈ ઉંડાણમાંથી, વિશ્વના ઇતિહાસના કયા જૂના સડી ગએલ ગ્રંથોમાંથી, કયા કોહી ગએલ અન્નના પ્રાશનથી, "સમાજસેવા"નો ભયંકર રોગ લાગુ પડયો છે. સ્વાર્થત્યાગ, આત્મભોગ, સાદાઇ, સત્યવૃત્તિ, માનસિક શુદ્ધિ, દેશસેવા અને એવા અનેક સજાતીય રોગો, મહાત્માના ચેપથી ભારતવર્ષમાં ફાટી નીકળ્યા છે. ઘણી વાર આ વ્યાધિઓ અમારી સમાજના સભ્યો પર આક્રમણ કરે છે અને પરિણામે સભ્યોની સંખ્યા ઘટતી જાય છે.

ઉપરોક્ત કોઇ પણ મહાવ્યાધિનાં જંતુઓ, આ સભાગૃહમાં દાખલ થઇ, કોઇ નબળા પોચા સભ્યને કષ્ટ ન આપે, એટલા વાસ્તે બાહોશ વૈજ્ઞાનિકોની સલાહ લઇ, સ્વાર્થરૂપી વિષની ઘણી તેજ માત્રાવાળા મિશ્રણથી, અમોએ અમારા સભાગૃહની દિવાલો હમણાંજ ધોળાવી છે.

(૩)

ધોરણ મુજબ સભાનો કાર્યક્રમ શરૂ થયો, ગત વર્ષના અહેવાલો, હિસાબો વગેરે વંચાયાં અને સર્વાનુમતે મંજુર થયાં.

નવા વર્ષ વાસ્તે અધિકારીઓ, અને વ્યવસ્થાપક સમિતિ નીમવાનો વિષય સભાપતિએ (જે અમારા રાજ્યના અમાલદાર છે) જાહેર કર્યો, અને વક્તાઓએ અનુક્રમે બોલવા માંડયું.

એક યુવાન વકીલ હમણાંજ સભ્ય થયા છે. તેઓશ્રીએ પોતાની સુધરેલ ઢપસપથી, અમારા સમાજમાં સારો જેવો પ્રભાવ પાડયો છે. તેઓશ્રીને પણ મહાત્માજીના અનુયાયીઓનો ચેપ લાગેલ. પણ પાછળથી સ્વાર્થવિષના સેવનથી હમણાં વ્યાધિમુક્ત થયા છે અને અસત્ય ભાષણમાં બાહોશ થવા ખાતર વિનાપ્રયોજને પણ જૂઠું બોલવાની ટેવ એમણે કેળવી છે.

એક જાહેરસભાના તેઓ મંત્રીપદે નિમાયા છે, અને ખાસ પ્રભાવ પાડવા ખાતર કંઇક ઉપાધિ લગાડવાની તેમને ઇચ્છા થઇ હતી.

વકીલરાજે મુંબઇમાં (હાઇ કોર્ટ પ્લીડર)ની પરીક્ષામાં પ્રયાસ કરેલો, પણ ભેજું જરા નબળું હોવાના કારણે નિષ્ફળ ગએલા. પણ રજવાડામાં કોણ પૂછે છે!! તરતજ પોતાના નામાભિધાનની પૂંછડીમાં એચ. પી. (હાઇકોર્ટ પ્લીડર)નું ભભકાદાર અક્ષર-યુગલ લગાડી દીધું.

વકીલરાજે પોતાની વ્યવસ્થાને ઘટતી કુનેહથી એક પ્રસ્તાવ રજુ કર્યો:-

"દરેક ઉમેદવારે પોતાની ભૂત અને વર્તમાન કારકિર્દી અને લાયકાત સભા સમક્ષ રજુ કરવી એટલે ચૂંટણીના મતાધિકારીઓને પસંદગી કરવી સહેલ થાય."

કેટલાક વિવાદ પછી વધુ મતે પ્રસ્તાવ મંજુર થયો, અને તે અમલમાં લાવવા સભાજનોને વિજ્ઞપ્તિ કરવા સભાપતિરાજ પોતાની પાઘડી, પીછોડી સમારતા ઉભા થયા.

ઠરાવ મુજબ પોતાના અહેવાલો રજુ કરવા ઉમેદવારોને આજ્ઞા કરી.

અહેવાલો યાદ કરી, વિચારી, સભા સમક્ષ મૂકવા તૈયારી કરવા સમયની માગણી થઇ તે સર્વાનુમતે મંજુર થઇ અને સભાનો કાર્યક્રમ બીજી બેઠક વાસ્તે મુલતવી રહ્યો.

(તા. ૧૭-૬-૧૯૨૩ના "કચ્છી"માંથી)

૫૪-હું સંન્યાસી કેમ થયો ?

(લખનાર:-શ્રી. સજ્જન)

(૧)

પ્રિય વાંચનાર, 'દૌલત અને દરજ્જો જે ધારે તે કરી શકે' સદા એમજ સમજનાર, રંગરાગમાં મસ્ત અને મશગૂલ રહેનાર, અત્તર અને અચ્કન, હીરા અને મોતી, સોનું અને ચાંદી દરેક કિંમતી વસ્તુઓને રમતિયાળ નજરે જોનાર, ઠાઠમાઠ અને સત્તાને પોતાનું જીવન સમજનાર, દુનિયાથી તદ્દન અજાણ, જનાનખાના અને રંગમહેલને બહેસ્ત માનનાર મોગલ રંગમહેલની પરીઓની પ્રેમકથા વાંચવાનો જો તને શોખ હોય તો આ મારી કથની વાંચવામાં તારા સમયને બરબાદ ના કરતો. આ તો કેવળ પ્રેમ, દયા, અનુકંપા તથા સેવાધર્મના અભ્યાસીઓને વાંચવા માટે જગતથી કંટાળી મર્માહત થએલા માનવીના સંન્યાસની કરુણ કહાણી છે.

ઈશ્વરની અકૃપાથી પહેલાંથીજ સંબંધીઓનો અભાવ તથા ગરીબીને લઇને પરદેશમાં વાસ. સંબંધીમાં એક મારી સ્ત્રી અને નાનું બાળક. મિત્રમંડળમાં હું એકજ મારો મિત્ર. મારાથી બધા દૂર રહેતા તેનું કારણ ખુલ્લુંજ છે. એક તો દરિદ્રતા અને બીજી કાંઇક સ્વતંત્રતા. તેથી મારા માટે કેટલાકની માન્યતા એવી હતી કે, કમજોર અને ગુસ્સા બહોત. આટલું છતાં મને અસંતોષ નહોતો. કારણ કે મારા ઘરમાં સંસારસુખના નિર્મળ સરોવરીઆની લહેરો હતી. ગરીબી શાપ છે એવું હું કદી માનતો નહોતો, અને હજુ પણ માનતો નથી.

વાચક ! કોઇ અયત્નવાદી ગરીબને જોઇ તારી ઉસ્તાદીનાં કાટલાં તોળતો નહિ. સાવ નજીકનોજ મોગલ સલ્તનતનો ઇતિહાસ તારી આંખ આગળ ખડો કરજે. ત્યાં શું ખામી હતી ? છતાં તે બેમૂલ ઝવેરાતના તાજ ધરાવતી સલ્તનતની હસ્તી અત્યારે શું મોજુદ છે ? તેના કારણનો જવાબ તારા આત્માને પૂછવાથી મળશે.

આ નિષ્ઠુર સંસારમાં અમિદૃષ્ટિથી મારા પ્રત્યે જોનાર, આ બળતા જીગરનું જલબિંદુ એકમાત્ર સુનંદા અને તેનો બાળક હતાં. થાકયો પાકયો ઑફિસેથી ઘેર આવું ત્યારે બાળકનો નિર્દોષ અને મીઠો કલ્લોલ તથા સુનંદાનું આવી ગરીબીમાં પણ સદા અમી વર્ષાવતું વહાલસોયું નાનું પણ ઘાટીલું મંદ હાસ્ય કરતું મીઠું મુખડું, મને કયાં લઇ જતાં તે હુંજ જાણું, અથવા સંસારને ખરી રીતે ઓળખનાર સાચો ગૃહસ્થાશ્રમી જાણે. પણ હવે આ સ્વર્ગના સુખનો અંત નજીક હતો. એટલે ભૂતકાળનું વર્ણન બળતા હૃદયે કરૂં છું.

એક વખત કચોઘડીએ સુનંદાને તાવ લાગુ પડયો. બે ત્રણ દિવસ તેણે કે મેં તે બાબત ગણકારી નહોતી. બિમારીને નિર્દોષ ઉપર કરપીણતા વાપરવી હતી, અને આખરે તેણે વાપરી. મતલબ કે, સુનંદા બિછાનાવશ થઇ. હું તેની સારવાર કરવા લાગ્યો. એટલે સ્વાભાવિક ઑફિસમાં મારી ગેરહાજરી રહેવા લાગી. મોટા ઑફિસરો કે અમીર માણસોને મન ગરીબોના જીવ અને જીવન, નાનાં જંતુઓ જેવાં; એટલે સુનંદાની બિમારીનું કારણ જાણ્યા છતાં મારી કપાતા પગારની નોકરી પણ ભારે પડી અને મને સદાને વાસ્તે રજા મળી.

દિવસે દિવસે સુનંદાની બિમારી વધવા લાગી. હું પણ મારી સ્થિતિ અનુસાર વૈદ્ય-ડૉકટરોના ચાંપતા ઇલાજ લેવા લાગ્યો. દરેક ચિકિત્સકનો એકજ મત હતો કે, ક્ષય લાગુ પડી ગયો છે અને તે પણ બીજા સ્ટેજમાં છે. મારી સ્થિતિનું વર્ણન પહેલાંજ કરી ચૂકયો છું એટલે જે કાંઇ નાનીશી રોકડ રકમ મારી પાસે હતી તે તો પહેલે માસેજ ખલાસ થઇ. ત્યાર બાદ મારી ગરીબીમાં કરકસરથી કરેલા ધનસંચયનો, સૌભાગ્યવતીના સૌભગ્યને દીપાવે તેટલોજ માત્ર દાગીનો સુનંદાની માંદગીની વેદીમાં આહુતિ અપાઇ ગયો. હવે માત્ર ઉધાર લેવાનો માર્ગ બાકી રહ્યો, પણ ઉધાર કોની પાસે માગું? કોણ આપશે? વગેરે સવાલોથી મન વ્યાકુળ થયું; પરંતુ હિંમત ન હારતાં પ્રથમથીજ મારાથી દૂર નાસતા પાડોશીઓ પાસે હું પોતાને ભૂલી જઇ ઉધારની યાચના કરવા ગયો. કોઇ પાસેથી એક લેતો, કોઇ પાસેથી ચાર; એમ ઘણા દિવસ સુધી દરેક જણ પાસેથી બનતી મદદ લીધી. બિમારી લાંબી ચાલી. હવે કોઇ પાસે ઉધારની યાચના કરવા જવા હિંમત ચાલતી નહોતી. દરેક પાડોશી મારાથી કંટાળી ગયા હતા. હું તેને ત્યાં ન જાઉં તો સારૂં, તેવો ભાવ તેઓની આંખમાં દેખાઇ આવતો હતો. પરંતુ આ વખતે પૈસાની ખાસ જરૂર હતી. મજૂરી કરવા વિચાર થયો, પણ બંને નિર્દોષ જીવોની

સ્થિતિ જોતાં વધારે વખત તેઓને ઘરમાં એકલાં રાખવાની હિંમત ચાલતી નહોતી.

કડકડતી શિયાળાની ઠંડીનો તે દિલ જખમાવનારો વખત મને બરોબર યાદ છે, હજુ ભૂલ્યો નથી. તાવથી સુનંદા બેભાન થઇ બિછાને પડી હતી. દવા ન મળવાથી તેની સ્થિતિ વધારે ખરાબ થઇ હતી. સખત ઠંડીમાં માત્ર એક પુરાણી ચીંથરેહાલ ચાદરમાં તેનું કૃશ શરીર વિંટાળેલું હતું. બેહોશીમાં તેના દાંતની દોઢ વળી ગઈ હતી.

વાચક! જન્મ અને મરણ કુદરતના અબાધિત નિયમ છે. તે મારે વાસ્તે નવીન વસ્તુ નહોતી. મને તેનો શોચ વધારે નહોતો. મને તો મારા તગદીરનો શોચ થતો હતો. જન્મથી તે અદ્યાપિપર્યંત કુદરતે મને જે સંયોગમાં મૂકયો છે તેનોજ અફસોસ થયા કરતો હતો. મને બરોબર યાદ છે કે, મેં મારા નાના કુટુંબના પોષણ અર્થે લોભને વશ થઇ કદી પણ કોઇ જગ્યાએ અપ્રમાણિકપણું કર્યું નથી તેમ મારાથી કોઇના આત્માને પરિતાપ થયો નથી. આ બધી વસ્તુના સંગ્રહના પુણ્યરૂપે મને આ ફળ કેમ મળ્યું, માત્ર તેનોજ વિચાર કરતાં કરતાં હું જાણે ક્યાંય ખોવાઈ ગયો હોઉં તેમ થતું. અંતે નિરાશાથી એકજ ઉદ્‌ગાર નીકળતો કે, કદાચ આ પૂર્વસંસ્કારનું ફળ હશે, એમ બોલી હું ચૂપ રહેતો; પણ હૃદય કેમે કર્યું ચૂપ થતું નહિ. હૃદયની અંદરથી એકજ કારમી ચીસ પડતી કે, હાય! આર્થિક સ્થિતિની નબળાઇને લઇ શું તેનો પ્રાણ જવા દેવો પડશે? પતિ તરીકેની મારી પવિત્ર અને કિંમતી ફરજ આમ પૂરી કરવી પડશે?

અચાનક વિચારમાળા તૂટી. કોટના ખિસ્સામાં હાથ નંખાઈ ગયો. હાથમાં શું આવ્યું? માત્ર સાડાચાર આનાના પૈસા, અને મારી નોકરી તૂટયા પછી એક અન્ય ઑફિસના સાહેબ ઉપર નોકરી મળવાની આશાએ કરેલ અરજીનો જવાબ હતો, જેમાં લખેલ હતું કે તમો બે અઠવાડીઆમાં ઑફિસમાં હાજર થઇ કામ સંભાળો. જ્યારે અરજી કરી હતી ત્યારે મનમાં એકજ આશા હતી કે સુનંદાને તુરત આરામ થઇ જશે; પણ જ્યારે જવાબ ફર્યો ત્યારે મારી નોકરી ઉપર ચઢવાની સ્થિતી નહોતી. કારણ કે સુનંદા મૃત્યુને કિનારે હતી.

હું ધારેધારે સુનંદાના બિછાના પાસે ગયો અને જોયું તો માંદગીમાં ભાવહીન નિસ્તેજ પીળી પડી ગયેલી બેભાન મુખમુદ્રા, દુર્બળતાને લઇ ઉંડી ઉતરી ગયેલી અર્ધમિંચેલી આંખો, કડકડતી ઠંડીને લઇ ધ્રૂજતુ સૂકું હાડપિંજર જેવું શરીર, મુખપર પડતો ઝાંખા

દીપકનો મેલો પ્રકાશ—આ સર્વે વસ્તુ મારી નાનીશી ઓરડીના વાતાવરણને ભયંકર બનાવતી હતી. આ બધું જોઇ હું તેના ઓશીકા પાસે બેઠો અને તેના કપાળ ઉપર હાથ મૂકયો તો ધાણી ફૂટે તેવી તાવની ધગશથી મારો હાથ તપી ગયો. વાચક ! સાધ્વીનું જીવલેણ દુઃખ અને ગરીબીનો કલેજાફાટ ઉદ્વેગ તે કુદરત કે સંસારને મન નવી ચીજ નહોતાં અને નથીજ; આમ સમજી મન ન વાળું તો મને આશ્વાસન આપનાર તે વખતે કોઇ નહોતું.

કપાળે હાથ દઇ એકજ વિચાર થતો હતો કે, હવે આની રક્ષા કેવી રીતે થઈ શકે? જે વિચારો આવતા તે કેટલા ભયાનક હતા તે તો ઇશ્વરજ જાણે. વિચારસાગરમાં જ્યારે કોઇ પણ કિનારો નજરે ન પડયો ત્યારે હૃદયમાં જડતાએ પ્રવેશ કર્યો—અને કાન આગળ એક સેતાન ગણગણ્યો કે, તું ચોરી કર. ઘણા દિવસ સુધી હૃદયમાં સાચવી રાખેલી સચ્ચાઇએ જવાબ આપ્યો કે ચોરી? બુદ્ધિએ કહ્યું—હા, હવે બીજો ઉપાય નથી. માણસો ધનના લોભમાં શું નથી કરતા? કેટલાં ભીષણ પાપ તથા કેટલી હત્યાઓ કરે છે! તારે તેમાંનું કાંઇ કરવાનું નથી. તારે તો ફક્ત એક પતિપરાયણા સાધ્વી અને નિર્દોષ સતી સ્ત્રીનો જાન બચાવવા ખાતર એક દિવસ ચોરી કરવી તેમાં પાપ શું?

હૃદયમાં એકજ વિચારની આલોચના શરૂ થઇ. જેમ વધારે વિચારતો ગયો, તેમ મનમાં સ્પષ્ટ સમજાયું કે, હવે આ સિવાય બીજો ઉપાય નથી. ન તો કોઇને ખબર પડશે, ન તો કોઇ જોઇ શકશે, ન તો કોઇ સાંભળશે. ચોરી કરવાથી પૈસાનો અભાવ ટળશે તો સુનંદાને માંદગીમાં સારવાર કરી બચાવી શકાશે. માટે એજ કરૂં.

(૨)

મધ્યરાત્રિ વીતી ચૂકી હતી. મહાન કલકત્તાના બધા રસ્તા તે વખતે શૂનકાર હતા. મારી ઓરડીનું દ્વાર ખોલી જોયું તો ચારે તરફ ભીષણ શાંતિ હતી. મ્યુનિસિપાલિટીની ઝાંખી બત્તી ભયંકર અંધકારને દૂર નહોતી કરી શકતી, છતાં તે બધું જોઇ શકતી હોય તેવો ભાસ થતો હતો.

હું ઉન્મત્ત થઇ તુરત ઘરની બહાર નીકળ્યો. હૃદયમાં વિચાર થયો કે, મારી પેઠે નિરાશ થએલાઓ જરૂર આમજ ચોર થતા હશે. રસ્તો છોડી હું એક અંધારી ગલીમાં ગયો. બે ત્રણ વખત તે નાની ગલીમાં આમતેમ ચક્કર મારી બધી તપાસ કરી. તપાસને અંતે એક બે મકાનની વચ્ચે આવેલી ગટરની છીતરીમાં ગયો. તે

ઘણીજ સાંકડી હતી. બે માણસ ભાગ્યેજ સાથે ચાલી શકે તેવી હતી. ગંદકીનું તો પૂછવુંજ શું. એક ભીંતને વાંસાનો ટેકો તથા બીજી ભીંતને પગનો ટેકો આપી મારા શરીરનું વજન ઉપાડયું. વાંસાવાળી ભીંતને હાથનો ટેકો તથા સામી ભીંતને પગનો ટેકો દેતાં દેતાં ઉપર ચઢતાં વધારે મહેનત પડી નહિ. પણ હૃદય જોરથી ધડકવા લાગ્યું. મનમાં થયું કે કદાચ પકડાઇ જઇશ તો ? ગરીબ માણસો મને આબરૂદાર સમજે છે, પણ અત્યારે ચોરી કરવા જતાં પકડાઇશ તો મારી શું દશા થશે ? અરે મારી દશા તો ઠીક પણ સુનંદા અને નાના બાળકની દશાનો વિચાર કરતાં શરીરમાં કંપારી છૂટે છે.

મારા મનના ભ્રમિતપણામાં મને તુરતજ ગલીના નાકા ઉપર ઉભેલા પહેરેગીરનો અવાજ સંભળાયો—ખબરદાર ! ચઢતાં ચઢતાં અડધે રસ્તે ભયથી થંભી જવાયું. લોહી ઠંડુ પડી ગયું અને શુદ્ધ બુદ્ધ પણ વિસરી ગયો. હૃદયમાં ભયયુક્ત વિચારોની ભયંકર પરંપરા ચાલતી હતી. મારી સામે મનુષ્યની તિરછી આંખો એકીટસે જોઇ રહી છે. મને ઉપર ચઢતો જોઇ બધા એકસાથે પોકારી રહ્યા છે કે ચોર-ચોર-ચોર ! આવા અનેક બિહામણા વિચારોથી હું પાછો ઉતરવા લાગ્યો; પણ થોડુંક નીચે ઉતર્યા બાદ મને લાગ્યું કે, મારા ખાલી મગજનો એ માત્ર ધખારો હતો. એટલે કાંઇક હિંમત પકડી અને હૃદયે તુરત પલટો ખાધો. સુનંદાનું રોગથી ભયંકર બનેલું મુખ આંખ સામે તરવરવા લાગ્યું. તેનું મૃત્યુ હાથવેંતમાં જોયું અને મૃત્યુ પછી સ્મશાનમાં ચિતા ઉપર સૂતેલી જોઇ. તેની આસપાસ અનેક ચિતાઓ ભડભડાટ કરતી બળી રહી છે. સ્નેહ અને ભયની કલ્પના થતાં પાછી ઉપર ચઢવાની હિંમત આવી. હવે કાંઇ પણ વિચાર ન કરતાં એકશ્વાસે ઉપર ચઢવા લાગ્યો. ક્ષણમાત્રમાં બધો ભય સાહસના તોફાની પવનમાં વિલીન થઇ ગયો. હું તે નાના મકાનની ઉપર આવેલી અગાશી ઉપર ચઢી ગયો.

ચોમાસામાં વરસાદનું પાણી મકાનમાં દાદરથી ન આવે તે માટે અગાસીના દાદર ઉપર એક નાની ઓરડી કરેલી હતી. તેનાં કમાડ બંધ હતાં, પણ તેને આસ્તેથી ધક્કો દેતાં એક હાથ જરા પણ તકલીફ વિના અંદર જઇ શકતો હતો. અંદર હાથ ઘાલી બંધ કરેલી સાંકળ આસ્તેથી ખોલી અને નીચે નજર કરી તો તદ્દન અંધકાર જણાયો. એકદમ આસ્તેથી સંભાળપૂર્વક સીડી ઉપર પગ મૂક્યો અને જરા પણ અવાજ ન થાય તેવો ખ્યાલ રાખી નીચે ઉતરવા લાગ્યો અને સીડી ખલાસ થતાં જમીન પર

ઉભો અને તુરતજ કોટના ખિસ્સામાંથી બાકસ કાઢી દિવાસળી સળગાવી પ્રકાશ થતાં ચારે તરફ શું જોયું ?

હું એક ઓરડામાં ઉભો છું. ઓરડો વિશાળ હોવાથી વચ્ચે એક લાકડાનું ફેન્સી પાર્ટીશન દિવાલની માફ ઉભું હતું. છેડે એક નાનો દરવાજો હતો અને તેમાં બ્લુ રંગના જાડા કપડાનો પડદો ટાંગેલો હતો. મને સમજાયું કે, આ બે ઓરડામાં જવા–આવવાનો રસ્તો છે. પાર્ટીશનની સામી ભીંતે અરિસાનાં બારણાંવાળાં બે મોટાં કબાટ ગોઠવેલાં હતાં. ડાબા હાથ તરફની ભીંત ઉપરની ફેન્સી ખિંટીઓ ઉપર બૈરાંઓને પહેરવાનાં અપટુડેટ ફેશનનાં કિંમતી કપડાં લટકતાં હતાં અને તેની સામેની બાજુએ એક મોટા અરીસાવાળું ડ્રેસીંગ ટેબલ હતું. ટેબલ ઉપર ફેન્સી દાંતીઓ, બ્રશ, પીઅર્સ સોપ, કાચનું અત્તરદાન, રોઝ પાવડરનો ડબો, ઓટો મોહિનીની શીશીઓ, કુંકુમનો ડબો વગેરે સુંદરીના શણગારનાં સાહિત્યો પડેલાં હતાં. નીચે જમીન ઉપર કિંમતી ગાલીચો બિછાવેલો હતો.

આ બધું જોતાં નક્કી થયું કે આ કોઈ રમણીનું શૃંગારભુવન છે. અંધકારમાં ફાંફાં મારતો પ્રકાશમાં જોએલા કબાટ આગળ હાથ લાંબા કરતો ગયો. થોડું ચાલતાં કબાટને હાથ અડયો–હાથ ફેરવી દરેકના ખાનાનાં હેન્ડલો ગોતી ખેંચી જોયાં તો માલૂમ પડયું કે, દરેક બંધ છે. વિચાર થયો કે આટલી મહેનતને અંતે ખાલી હાથે જવું પડશે. તુરત બીજી દિવાસળી સળગાવી આસપાસ નજર ફેરવી તો જણાયું કે, એક ખિંટી ઉપર કેટલીક ચાવીનો ઝૂમખો લટકી રહ્યો છે. જોતાંજ હૃદયમાં આશાએ સંચાર કર્યો. આવું નીચ અને ઘોર કામ કરતાં પણ મારાથી બોલી જવાયું કે, જરૂર આજે ઇશ્વર સારો સહાયક થયો છે.

એક એક ચાવી લગાડતાં લગાડતાં ખાનાને લાગુ થતી ચાવી ગોતી કબાટનું ખાનું ખોલ્યું અને ખાનું ખેંચતાં અવાજ થયો; પણ મારા લાભમાં ગેરફાયદો ન થયો. મેં ફરી એક દિવાસળી સળગાવી ખુલેલા ખાનાની અંદર જોયું તો એક હાર, કેટલીક જોડી બંગડીઓ, ઇયરીંગ વગેરે હતાં. તે દરેક ચીજ હીરા અને માણેકથી જડેલી હતી. મને તેટલી બધી ચીજની જરૂર નહોતી; કારણ કે હું ચોરીને ખાતર ચોરી કરવા નહોતો આવ્યો. હું દરિદ્રતાથી વિવશ બની સુનંદાની દવા તથા સારવારમાં નડતી આર્થિક અડચણ દૂર કરવા તથા કોઇ રીતે તેનો પ્રાણ બચે તે ચિંતાએ આવ્યો હતો.

એવો વિચાર કરી મેં નિશ્ચય કર્યો કે, આમાંની એક બંગડી-

માં મારૂં કામ ચાલશે. કારણ કે તે વધારે કિંમતી છે. હું તેને વેચીશ નહિ. હાલ તો તેને કોઇ જગ્યાએ ગીરવી રાખી મારી જરૂરીઆત મુજબ રૂપિયા ઉપાડી મારૂં કામ ચલાવી લઇશ અને ઈશ્વર જયારે પૈસા આપશે ત્યારે તે ચીજ છોડાવી કોઇ પણ રીતે તેના માલીકને પાછી આપી દઇશ.

આમ વિચાર કરી ધ્રૂજતે હાથે એક ચૂડી ઉપાડી મનમાં કહ્યું કે, હે ઈશ્વર! મને ક્ષમા કર. આ મારૂં પહેલું અને છેલ્લું જીંદગીનું એકજ પાપ છે. અને બીજું પાપ આ જન્મમાં હવે હું નહિ કરૂં. કબાટનું ખાનું બંધ કરતાં કાંઇક ચીજ નીચે પડવાનો અવાજ થયો. તે શું ચીજ હતી તે તો ઈશ્વર જાણે. અવાજથી હું તો એકદમ સડક થઇ જડવત્ ઉભો રહી ગયો. કાન માંડી સાંભળતાં કોઇના કપડાનો ફડફડાટ થતો કાને અથડાયો અને કોઇ આસ્તે આસ્તે કપડું ઉપાડતું મારી તરફ આવતું હોય તેવો ભાસ થયો. ભયથી મુંઝાઇ મારો જીવ તે વખતે મૃત્યુકિનારે હતો. કટ કરતો વીજળીના બટન દબાવવાનો અવાજ કાનને અથડાતાંજ આખા ઓરડામાં વીજળીની ઝગમગતી રોશની ચારે તરફ ફેલાઇ ગઇ. હું આંધળોભીંત બની ગયો.

જરા વારે ભાન આવ્યું, અને જોયું તો મારી સામે એક સ્ત્રી ખમચાઇને ઉભી છે. આશ્ચર્ય અને ભયથી તે રમણી મારી સામે નિશ્ચેષ્ટ ભાવથી જોઇ રહી. આ દૃશ્ય જોતાંજ મારૂં માથું ભયથી ફરવા લાગ્યું. જમીનં પગ નીચેથી સરી જતી માલૂમ પડવા લાગી. પડતાં પડતાં ભીંતને પકડી લીધી અને પડતો બચ્યો.

તે સ્ત્રીના આશ્ચર્યનો વેગ ઓછો થતાં તેની નજર કબાટના ખોલેલા ખાના ઉપર પડી કે તુરતજ ત્યાં ગઇ. બધું જોઇ દરવાજા તરફ પાછી વળી. હવે મને પૂરેપુરૂં ભાન થયું કે તે કોઇને બોલાવવા જાય છે. હું ગાંડાની માફક દોડી દરવાજા પાસે તેના પગમાં લોટી પડયો. તુરતજ તે એક ઝીણી ચીસ પાડી બે ડગલાં પાછી હઠી ગઇ અને મેં દીનભાવે તેને કહ્યું કે "માતા! મારૂં સત્યાનાશ વાળવા કોઇને જગાડશો નહિ."

આટલું સાંભળવા છતાં તે રમણી પથ્થરની મૂર્તિ સમાન ઉભી ઉભી શંકાશીલ દૃષ્ટિથી મને જોતી રહી, એટલે વળી પાછો હું કહેવા લાગ્યો કે "બહેન! હું આબરૂદારનું સંતાન છું. અતિ આફત આવવાથી આજે એક દિવસ વાસ્તે ચોર બન્યો છું. તે સિવાય મારો એક પણ ઉપાય નહોતો. મારો વિશ્વાસ કરો."

પ્રત્યુત્તરની રાહ જોતો હું તેના પગ આગળ માથું નમાવી પડ્યો હતો. મહામહેનતે માથું ઉંચું કરી તેના મુખ તરફ જોયું તો હજુ તો તે પૂર્વવત્ પથ્થરની મૂર્તિ સમી ઉભી હતી; પણ મને તેનું મુખ જોતાં એટલું તો સમજાયું કે, માતા કહેવાથી તથા મારા હૃદયનો વલવલાટ જોવાથી હવે તેનો મારા પ્રત્યેનો ચોર તરીકેનો ભય ચાલ્યો ગયો હતો અને તે સમજી શકી હતી કે, મારાથી તેને જરા પણ નુકસાન થવાનું નથી. કારણ કે નહિ તો ક્યારનીએ તેણે બુમાબૂમ કરી મૂકી હોત. મને સહેજ હિંમત આવી. અને દબાયલા તથા કંપિત સ્વરે મારો બધો હેવાલ બને તેટલી જલદીથી કહી દીધો. અને કહ્યું કે, હવે તમારી દયા સિવાય મારો અત્યારે એક પણ ઉપાય નથી. મારી આટલી કરુણ કથા સાંભળ્યા પછી તેની દૃષ્ટિમાં દયા અને કોમળતા બંને એકસાથે વસી ગયાં અને મને થયું કે, મારી વાતનો તે બાઈએ વિશ્વાસ કર્યો છે તોપણ તે બાઈએ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ એટલે વળી મેં આગળ ચલાવ્યું-"મેં ચોરી કરી છે, પણ ચોર તરીકે નહિ. આપના બધા દાગીનામાંથી ફક્ત મેં આ એકજ બંગડી લીધી છે. કારણ કે મને વધારે જરૂર નહોતી. એક બંગડીમાં મારૂં કામ ચાલ્યું જશે, એજ ધારણાથી લીધી હતી. મારી મૃતપ્રાય સ્ત્રીને વાસ્તે આ કામ કર્યું, પણ અત્યારે હવે મને સમજાય છે કે, ઇશ્વરની તે પણ મરજી નથી. લ્યો બહેન! આ તમારી બંગડી. હું ચોર બનતાં પણ મારી સ્ત્રીને ન બચાવી શક્યો." એટલું બોલી મેં તેની ચોરેલી બંગડી તેના પગ આગળ મૂકી દીધી.

આ વખતે મારી આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકતાં હતાં. પેલી બાઇએ એક વખત બંગડી તરફ અને એક વખત મારી તરફ જોઇ થોડી વાર ચૂપ રહ્યા બાદ અતિ કોમળ સ્વરે કહ્યું કે "ભાઇ! તે બંગડી હવે તું લઈ જા." હું તેના તરફ આશ્ચર્યથી જોઈ રહ્યો અને ગદ્‌ગદ્ કંઠે કહ્યું કે "મા! તમે સાક્ષાત્ જગદંબાનો અવતાર છો. તમારી દયાથી આજ મારી સ્ત્રીના પ્રાણ બચાવવા અર્થે હું કાંઇક કરી શકીશ તો આપનો આ ઉપકાર મારાથી આ જન્મમાં ભૂલી શકાશે નહિ. આપની આ કિંમતી વસ્તુ જેમ બનશે તેમ ગીરવીથી તુરત છોડાવી પાછી આપી જઇશ."

"પાછી આપવાની કાંઇ જરૂર નથી. તું હવે તુરત અહીંથી જા" કહી તે રમણીએ દરવાજા તરફ આંગળી ચીંધી. આસ્તે આસ્તે જે રસ્તેથી આવેલ હતો તે રસ્તે અગાસી ઉપર ગયો, અને ગટર-

ની છીતરીમાંથી ઉતરવાની તજવીજ કરતો હતો ત્યાં તો નીચેથી કોઇએ બૂમ મારી—ચોર, ચોર, ચોર. આ અવાજ સાંભળતાં હું પથ્થર બની ગયો. ઉંચુ જોયું તો અંધારી રાતના તારા પણ મને ચોર ચોર કરી પોકારી રહ્યા હોય તેવો ભાસ થયો અને ચારે તરફથી એકજ અવાજ સંભળાયો કે ચોર—ચોર—ચોર. નીચેથી એકદમ જોરથી ઘણા માણસના ઉપર ચઢવાના ધબકારા સંભળાવા લાગ્યા. તુરત હું અગાસીમાં પાછો ચઢી સીડી ઉતરી ફરી તેજ બાઇના ઓરડામાં ગયો. તે બાઇ પણ ચોર ચોરના શબ્દ સાંભળી ઉદાસ બની, તેજ ઓરડામાં જડવત્ ઉભી હતી. હું એક નાના બાળકની માફક રડતો રડતો તેના પગમાં પડ્યો અને અતિ નિરાશાથી કહ્યું કે "મા! મને બચાવો." તે બાઇએ કાંઇ પણ જવાબ ન દેતાં તુરત વીજળીની બત્તી બુઝાવી દીધી અને જલદી મારો હાથ પકડી બાજુના ઓરડામાં મને લઇ ગઇ. અને ધીરેથી તેણે કહ્યું કે "મારા બિછાનામાં ઓઢીને સૂઇ જા." મેં ભયથી કહ્યું કે "હું પકડાઇ જઇશ તો આપનું શું થશે?" તેણે કહ્યું કે "માણસો પહેલાં આવીને દાદર તપાસશે, ગભરા નહિ. બચવાની મરજી હોય તો જલદી બિછાનામાં જઇ સૂઇ જા."

મારાથી હવે વધારે કાંઇ પણ બોલી ન શકાયું.

બહાર આવેલા માણસો ઓરડાના દરવાજા આગળ ઉભા ઉભા જોરથી બુમાબૂમ કરવા લાગ્યા. એટલે તુરત તે બાઇએ આસ્તેથી ઓરડાનાં દ્વાર ખોલી નાખ્યાં, પણ અંધકારને લીધે કોઇની અંદર આવવા હિંમત ચાલી નહિ. તુરતજ એક માણસ લાલટેન લઇ આવ્યો અને ગભરાટમાં બોલ્યો કે "ભાભી, ભાભી! જુઓ તો? તમારા ઓરડામાં ચોર તો નથી આવ્યો?" નિદ્રામાંથી ઓચિંતુ ઉઠવું પડ્યું હોય તેમ આંખો ચોળતાં ચોળતાં તે રમણીએ જવાબ દીધો: "શું! મારા ઘરમાં ચોર?" એટલું કહી એક બગાસું ખાઇ તેણે કહ્યું: "અર્ધી રાત્રિએ શા માટે કોઇની નિદ્રામાં ખલેલ કરો છો? ભાઈ! અહીંઆં તો કોઇ નથી."

"તમારા સોગન, મેં તમારા ઘરમાં ચોરને આવતો જોયો." તે ભાઇએ ક્ષોભ પામી કહ્યું. .

'આ ઘર પડ્યું. ક્યાંઇ હોય તો જોઇ લ્યો. આવતાં જોયો તો જાય ક્યાં?' તે બાઇએ જવાબ દીધો. 'હું પણ એજ વિચાર કરૂં છું કે આટલી વારમાં તે ગયો ક્યાં? આવડી ભૂલ મારી હોય નહિ' કહી તે વિસ્મિત થયો. અને પાછું કહ્યું કે શું મોટાભાઈ ઉંઘી

ગયા છે ? આટલા શોરબકોરમાં પણ તેની નિદ્રા ઉડી નહિ ? કહી તે જવાબની રાહ જોતો ઉભો. "હવે મહેરબાની કરી વધારે ઘોંઘાટ ન કરો તો સારૂં. કારણ કે તેની તબિયત આજે ઠીક નથી. મોડી રાતના ઉજાગરાને લઇ હમણાંજ જંપીને સુતા છે. કયાંક ઉઠશે તો વળી ગુસ્સે થશે અને નાહક મારે ઠપકો સાંભળવો પડશે; માટે બીજે કયાંઇ તપાસ કરો" તે બાઇએ જવાબમાં કહ્યું.

આ પ્રમાણે રકઝક કરતાં આવેલા માણસો નિરાશ થઇ, 'ચાલો, બીજે માળે તપાસ કરીએ' એમ અંદર વાતો કરતા તુરત ચાલ્યા ગયા.

ત્યાર બાદ હું એક છૂટકારાનો શ્વાસ લઇ બિછાનાથી નીચે ઉતર્યો કે તુરતજ તે બાઇ મારી પાસે આવી. તેને જોતાંજ મારાથી તેને સાષ્ટાંગ દંડવત્ કર્યા વિના ન રહેવાયું. થોડી પળ ચૂપ રહ્યા બાદ હું બોલ્યો કે "માતા! આજ તમોએ જીવસટોસટની બાજી લગાવી મારો પ્રાણ બચાવ્યો છે. હવે કહો, કયાં જાઉં ?"

તે દેવીએ જવાબ આપ્યો કે "ભાઇ! થોડો વખત ધીરજ ધર–બધાને સૂઇ જવા દે." "કદાચ આપના સ્વામી આવી ચઢે તો ?" શંકાશીલ અને ભયભીત બની મેં સવાલ કર્યો.

નીચી દૃષ્ટિ કરી કરુણ સ્વરથી તે બાઇએ ઉત્તર દીધો કે "તેઓ રાત્રે ઘેર આવતા નથી." આશ્ચર્ય અને અફસોસ સાથે હું વિચાર કરવા લાગ્યો કે, આવી દયામયી અને સાધ્વી સ્ત્રીના કર્મમાં આવું દુઃખ હશે? તે વખતે તે પણ વિચારમાં લીન બની ઉભી હતી. બહુજ ધીમેથી અકસ્માત્ તેનાથી બોલી જવાયું કે, "પત્નીને વાસ્તે પતિ ચોર પણ થવા તૈયાર થાય છે; પણ–મારા સ્વામી ? મારા સ્વામી..............."

ઉપરની બાબતનો ખુલાસો પૂછવા મારી હિંમત ન ચાલી. હું તે બાઇને ફરી પગે પડયો અને કહ્યું કે "મા ! આ જન્મમાં હું આપનો ઉપકાર કદી પણ ભૂલી શકીશ નહિ." જવાબમાં તે દેવીમૂર્તિ મને સદર દરવાજા સુધી મૂકી ગઇ. તેને પ્રણામ કરી હું મકાનની બહાર નીકળ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં મને એકજ વિચાર થયા કરતો હતો કે, જગતમાં માણસો જેને દેવ કહે છે તે આનાથી વધારે ચડિયાતા હશે ? કોમળતામાં જેનું હૃદય ગુલાબની કલિઓથી અધિક કોમળ અને દયામય છે, પવિત્રતામાં જે મહાન ઋષિઓને હાથે જગતના કલ્યાણ અર્થે થતા યજ્ઞોની વેદી સમાન છે તેવી સ્ત્રીને જગતજનની કહેવામાં અતિશયોક્તિનો દોષ રહેતો નથી.

આ પ્રમાણે અનેક વિચાર કરતો ત્વરિત ગતિથી માર્ગ કાપતો ઘેર પહોંચતાં ટનટન ટનટન એમ ચાર ટકોરા થયા. હજુ રાત્રિનો અંધકાર તેવોજ હતો. આસ્તેથી મારી નાની ઓરડીનું અડકાવી રાખેલ કમાડ ખોલ્યું–અને અંદર જઇ સુનંદાના બિછાના પાસે બેઠો. જરા વાર મનમાં થયું કે, તેને નિદ્રા આવી ગઈ છે; પણ જ્યારે કપાળ ઉપર હાથ મૂક્યો ત્યારે સર્વાંગ શીતળ જણાયું. તેના ચહેરા સામું વધારે ધ્યાનથી જોતાં માલૂમ પડયું કે, સુનંદા આ સંસારમાંથી સદાને વાસ્તે ક્યારનીએ પ્રયાણ કરી ગઇ છે.

મારા જેવા દરિદ્રના ઘરમાં તે દેવીને દુ:ખથી પીડાતી ભગવાન પણ ન જોઇ શક્યા. સ્ત્રીઓને ગુલામ ગણી પોતાની સ્વાર્થી લાગણીઓને તૃપ્ત કરનારા પુરુષો વચ્ચે, આવી સાધ્વી સ્ત્રીઓનું સ્થાન નહોતું. તેઓનું સ્થાન તો દયામય પ્રભુની સોડમાં હતું અને તે પવિત્ર સોડમાં મારી સુનંદાએ સ્થાન કર્યું. આ વહાલા જીવને ગુમાવ્યા પછી, આ નિષ્ઠુર જગતનાં નિર્દય મનુષ્યો પ્રત્યે મને ધિક્કાર ઉત્પન્ન થયો. હું મારી સુનંદાના મૃતદેહ પર પડી લોહીનાંજ આંસુઓથી રડયો. પાસેના નાના બિછાના ઉપર બાળક ઇંદુ ખુલ્લે શરીરે પડયો હતો તેની ઉપર નજર પડતાં, ઠંડીમાં તેને કાંઇ ઓઢાડવા ઇચ્છા થઇ. પાસે જતાં માલૂમ પડયું કે, માતા તથા પુત્રની મારા જેવા દરિદ્રના ઘરમાં એકજ દશા થઇ–આ દશ્યો જોયા પછી શું બન્યું તેની મને ખબર નથી.

જ્યારે મને ભાન આવ્યું ત્યારે જોયું તો એક પાડોશીની ઓરડીમાં હું બિછાના ઉપર પડયો હતો. તુરતજ બેઠો થયો અને મારી ઓરડીએ ગયો. એક પછી એક બનેલા બનાવનું ભાન થયું કે તુરતજ મેં શ્મશાન તરફનો રસ્તો લીધો. શ્મશાને પહોંચ્યો ત્યાં સુનંદાની ચિતા બળતી હતી. પાસે ત્રણ ચાર પાડોશીઓ બેઠા હતા અને બાળકને પણ મારા પહોંચ્યા પહેલાં ભૂમિસમાધિ અપાઇ ચૂકી હતી.

અગ્નિસંસ્કારની પૂર્ણાહુતિ સાથે મારાં સુખની પણ પૂર્ણાહુતિ થઇ. ગંગાસ્નાન કરી અમો બધા ઘેર આવ્યા. પાડોશીઓ મને દિલાસો આપી જમવાનું અમારે ત્યાં છે કહી સૌ પોતપોતાને ઘેર ગયા.

હું મારી નરકાગાર જેવી ઓરડીમાં કિંકર્તવ્યવિમૂઢ બની થોડી વાર ચૂપ બેઠો. અચાનક કાંઇ સ્મરણ થતાં કોટ પહેર્યો અને ઘેરથી રવાના થયો; અને જે બાઇને ત્યાં ચોરી કરવા ગએલ હતો તેને ત્યાં જઇ તેના તરફથી મળેલ બંગડી તેને અવનત મુખે પાછી

આપતાં મારાથી રડતાં રડતાં બોલી જવાયું કે "જેને વાસ્તે ચોરી કરી હતી તે હવે આ સંસારમાં નથી; પણ આ જન્મમાં હું આપને કદી પણ ભૂલીશ નહિ. જેને સગાંઓએ તરછોડયો-જેને દોસ્તોએ દૂર કીધો-તેને તમારા દયાળુ જીગરે દાદ આપી. સ્ત્રી દયા અને સ્નેહની પ્રતિમા છે. મારા જીવનમાં એક સ્ત્રીએ મારી અર્ધાંગના થઇને દુઃખ સહન કર્યું અને બીજી સ્ત્રીએ સાચા સ્નેહી તરીકે સ્થાન આપ્યું. ઈશ્વર તમારૂં કલ્યાણ કરો.

ઊંચે નજર કરતાં જણાયું કે, તે બાઇની આંખો આંસુથી છલોછલ ભરી હતી. તે બાઇ સાથે હવે વધારે કાંઇ પણ ન બોલતાં મેં ત્યાંથી સીધો જંગલનો રસ્તો લીધો. ભૂખ અને તરસથી જંગલમાં બેભાન અવસ્થામાં પડયો હતો ત્યાંથી એક મહાત્મા પોતાની પર્ણકુટીમાં મને લઇ આવ્યા, જેઓ આજ મારા પરમપૂજ્ય ગુરુ છે અને હું તેમની અહર્નિશ સેવા કર્યા કરૂં છું. સંસારની માયાને ભૂલી જવાને બનતો પ્રયત્ન કરૂં છું, છતાં પેલી બંગડીવાળી બાઇ હજુ યાદ આવ્યા સિવાય રહેતી નથી.

(તા. ૯-૧૧-૧૯૨૩ ના "નવરોઝ"માંથી)

૫૫–કુરબાનીની કથા

(લેખકઃ—શ્રી. કાલિદાસ શેલત)

(૧)

૧૯૦૪ ની સાલની એક ખુશનૂમા રાત્રિની સફેદ દૂધ જેવી ચાંદનીમાં એક યુવાન એકાંતમાં ચાલ્યો જાય છે. તેના વિચાર અને ગતિ વચ્ચે અંતર પડી ગયું છે. કેમકે તેને ખબર નથી કે તે ક્યાં જાય છે. તેના માથા ઉપરના વાળ પવનની લહરિઓમાં ઝોલાં ખાય છે. તેની પ્રભાવશાળી મુખમુદ્રા ચાંદનીના પ્રકાશમાં ઓર ખીલી ઉઠી છે. તેની કમ્મરે તલવાર ઝૂલી રહી છે, અને તેનું નીકલનું મ્યાન ચાંદનીમાં ઝઘઝઘી રહ્યું છે. પાસેજ વહેતા નિર્મળ ઝરાના જલતરંગોમાં તેનું પ્રતિબિંબ આહ્‌લાદક દેખાય છે.

પેલો યુવાન થોડેક દૂર ગયો એટલામાં સામેથી આવતી એક ભવ્ય આકૃતિના અવાજથી તેની વિચારસરણી તૂટી ગઇ. અત્યાર સુધી નીચે જમીન ઉપર મીટ માંડી રહેલાં તેનાં નયનો ઉંચકાયાં અને તેણે પોતાની સામે આવી ઉભેલા ધર્મગુરુને વંદન કર્યાં. ધર્મગુરુએ તેને માથે હાથ ફેરવ્યો, આશિષ દીધી અને મોડી રાત્રે એકાંત શોધવાનું કારણ પૂછ્યું.

યુવાન—મહારાજ! મારી શંકાનું સમાધાન કરશો?

ગુરુ—શી શંકા છે, બચ્ચા!

યુવાન—મનુષ્યજાતિના કલ્યાણનું સ્વર્ગદ્વાર ક્યાં?

ગુરુ—સ્વદેશસેવામાં.

યુવાન—મહત્ પુણ્યકાર્ય કયું?

ગુરુ—દેશદ્રોહીઓનું દમન.

યુવાન—સૌથી મોટું સુખ કયું?

ગુરુ—માતૃભૂમિનું ગૌરવ જાળવવા માટે આ દેહનું બલિદાન ચઢાવી દેવાનું.

યુવાન—ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ બધાનો સમાવેશ 'સ્વદેશ'માં

આવી ગયો ? ત્યારે શું ધર્મગ્રંથો નકામા ?

ગુરુ—બચ્ચા ! મેં તને ધર્મગ્રંથ બહારની વાત નથી કરી; બધા ધર્મોનો પાયો સ્વદેશસેવા છે. બધા ધર્મોએ માતૃભૂમિની સેવા સર્વોપરિ ગણી છે. અને માતૃભૂમિને અર્થે અપાતાં બલિદાનમાં ધર્મ, અર્થ, મોક્ષ અને કામ, એ ચારેનો સમાવેશ અચૂક થઇ જાય છે. જે દેશમાં જન્મ્યા, જે દેશનાં હવાપાણીથી પોષાયા, જે દેશનાં અનાજથી આપણો દેહ ટકી શકે છે, જે દેશની સુરમ્ય પ્રકૃતિને ખોળે બેસીને મનુષ્યમાત્ર પોતાનું દુઃખ ઘડીભર વિસરી શકે, એ દેશ કરતાં—માતૃભૂમિ કરતાં વધારે બીજો કયો દેવ ? અને તેની પૂજા, તેના ઉપર આવી પડેલી આફત ફેડવા માટેના બલિદાન કરતાં કયો ધર્મ અધિકતર ગણાય ?

યુવાન મૂંગો થઇ ગયો. ગુરુજીની સચોટ વાણીએ તેના ઉછળતા હૃદયને નમાવ્યું અને ઉપદેશનું સામ્રાજ્ય તેના ડહોળાઇ ગયેલા અંતરમાં સ્થપાઈ ચૂક્યું. ગુરુજી આશીર્વાદ આપીને ચાલ્યા ગયા.

ઉપર જણાવેલો યુવાન રુશિયાના લશ્કરનો એક સૈનિક હતો, તેનું નામ વસીલી લાયવફ. ૧૯૦૪ માં રુશિયા અને જાપાન વચ્ચે યુદ્ધ ચાલતું હતું તે વખતે શેનવોલસ્કી રેજિમેંટનો તે એક સૈનિક હતો. તે સેંટપીટર્સબર્ગ પાસે એક નાનકડા જર્જરિત પણ સ્વચ્છ મકાનમાં રહેતો હતો. લડાઇ હજી શરૂ થઇ નહોતી પણ તેને માટેનું વાતાવરણ તૈયાર થતું હતું. ધર્મગુરુ સાથે વાતચીત થયા પછીથી પેલા યુવાનના જીવનમાં મોટો ફેરફાર થયેલો દેખાતો હતો. એક વખત રસમય લાગતું તેનું જીવન અત્યારે તેને રસવિહોણું લાગવા માંડ્યું. તેના અંતરમાં એકજ ધ્વનિ ઉઠતો કે "બલિદાન !"

(૨)

લાયવફ તેના ઉચ્ચ આદર્શથી રૂશિયાના સમાજમાં જાણીતો હતો. ઘણી યુવતીઓ તેના ઉપર મુગ્ધ હતી; પણ લાયવફ કોઇને રીઝવી શક્યો નહિ. અંતે એક રુશિયન ઉમરાવની બાલિકા સાથે તેને અચાનક મૈત્રી થઇ અને જેમ જેમ તેના સંબંધમાં આવવા લાગ્યો, તેમ તેમ તેને પોતાના આદર્શનું પાત્ર એ બાલિકા—રોઝીના ઉમદા હૃદયમાં દેખાવા લાગ્યું અને રોઝી તે ખરેખર રોઝ—ગુલાબના ફૂલની ફોરમ હતી. નિખાલસ પ્રેમના પરિમલથી તેણે લાયવફનું જીવન સુવાસિત કરી મૂક્યું. તેના રૂંવેરૂંવે નિર્દોષતા ઝરતી. તેના શબ્દે શબ્દે સ્નેહના સોહાગ ભભૂકતા. લાયવફની ઉદાત્ત ભાવનાને તેણે ઝીલી લીધી અને આ પ્રેમાળ—રસભીનું યુગ્મ વનનાં નિર્દોષ પંખીઓ-

સમું કલ્લોલ કરવા લાગ્યું.

માનવજાતિને ઇશ્વરે કોણ જાણે કયે ફુરસદને વખતે ઘડી હશે કે તેને તો આકરા તાપની ભઠ્ઠીઓમાં શેકાવાનુંજ રહ્યું; રુશિયાને ખૂણેખાચરે એકજ ચર્ચા ચાલી રહી અને તે જાપાન સામે જાહેર થયેલા સંગ્રામની. રોઝી તો બાપડી કૂદતું ખેલતું બાલક હતી. તેને એ માનવભક્ષી વિપ્લવોની શી ખબર કે કાળજી ? પણ રુશિયાને માટે જેનું હૈયું ઉછળતું હતું, માતૃભૂમિના ગરવા નામથી જેનાં રોમાંચ ખડાં થતાં હતાં, યુદ્ધના નામથી જેની નસોમાં લોહી તરી આવતું હતું, એ પરાક્રમી વીર લાયવફ કંઇ યુદ્ધની વાત વિસરી જાય તેમ નહોતું. થોડાજ દિવસ ઉપરના ધર્મગુરુના ઉપદેશથી તેનું મન સ્વદેશસેવા માટે તલપાપડ થઇ રહ્યું હતું, એટલે આ યુદ્ધના સમાચારથી તે બીજું બધું ભૂલીજ ગયો. રોઝીએ તેની પાસે આવીને તેને ઢંઢોળ્યો અને કાનમાં કંઈક કહીને બોલી: “ખરૂંને ?”

લાયવફ—“એ બનીજ ન શકે.”

રોઝી—(અપમાનિત મુદ્રા સાથે) આવી નજીવી વાત ન થાય ? એ શું બોલ્યા ? આજે હું તમને છટકવા દેવાની નથી !

લાયવફ—એમ ?

રોઝી—હા, હા.

લાયવફ—પણ મારે તો આજે યુદ્ધમાં જવું છે.

રોઝી—તમને મારા કરતાં યુદ્ધ વધારે ગમે ? (લાયવફ વિચારમાં પડી જાય છે, ઘડીમાં આકાશ સામે જુએ છે, ઘડીમાં પોતાની સામે શાંતિ અને પ્રેમની વૃષ્ટિ રેલાવતી ગુલાબમુખી રોઝી સામું જુએ છે. એક બાજુ તેને યુદ્ધનું વિકરાળ દશ્ય સાંભરે છે, બીજી બાજુ તેનું ભાવિ મધુરૂં જીવન તેને યાદ આવે છે; તેનું હૈયું ભરાઇ આવે છે.)

રોઝી—નહિ બોલો ? ત્યારે હું આ ચાલી.

લાયવફ—રોઝી ! તારા અને મારી માતૃભૂમિ પ્રત્યેના પ્રેમથીજ હું જીવું છું. એ બેમાંથી અધિક શું, એ મને પૂછીશ નહિ.

રોઝી—મારે એ ભાષણ નથી સાંભળવું; મને કહી દો કે હું વધારે કે તમારો દેશ ?

લાયવફ—રોઝી ! મને અકળાવીશ નહિ. તું મારા હૃદયના અંધકારને ફેડનારી કૌમુદી છે; તારાં શાંત કિરણો મારા અંતરના તાપનું નિવારણ કરે છે, સ્વર્ગીય સુખના આનંદથી મારૂં જીવન પ્રફુલ્લિત થતું હું અનુભવી શકું છું. પણ...પણ.....

રેઝી--પણ શું ? ઝટ બોલી નાખો !

લાયવફ્--પણ આ વિશાલ દેશ, મારી માતૃભૂમિ મને પ્રભાત જેવી સુરમ્ય અને આહ્લાદક છે. પ્રભાતની એ સુવર્ણમાલા મને કદાચ રાત્રિની રૂપેરી શોભા ભુલાવી દઇ શકે.

રેઝી--(આવેશમાં) એટલે આ ઉજજડ, ભયંકર પહાડ અને ખીણોથી ભરેલો, ભયંકર જંગલી પશુઓવાળો આ દેશ મારા કરતાં વધારે ?

લાયવફ્--અલબત્ત.

રેઝી—ઠીક ત્યારે હવે રામ રામ. આપણું લગ્ન હવે નહિ બની શકે. જાઓ રશિયાને માટે મરવા. હું તો આ ચાલી.

લાયવફ્નો આત્મા જાણે ચાલ્યો ગયો હોય તેવો તેને ભાસ થયો. ઘડીભર તેને તેનો દેહ જૂઠો લાગ્યો. રેઝીને બોલાવવાની તેની હિંમત ના ચાલી. તેણે એક ઉંડો નિસાસો નાખ્યો.

(૩)

લાયવફ્ને ચિંતાતુર જોઇ તેનો મિત્ર રેવસ્કી તેને દિલાસો આપવા આવ્યો છે. તે તેને ખળખળ વહી રહેલાં નિર્મળ ઝરણાંમાં, ચોપાસ ખીલી રહેલા ઉપવનમાં ફેરવે છે. છેવટે એક શિલા ઉપર બન્ને મિત્ર બેઠા.

રેવસ્કી—ત્યારે તું લશ્કરમાં શા માટે જોડાયો ?

લાયવફ્—મરવા !

રેવસ્કી—તો પછી સંતાપ શાનો ?

લાયવફ્—મારા કપાળનો.

રેવસ્કી--તારા કપાળનો નહિ, પણ ચંદ્રને લોભાવનારા પેલા ગુલાબી મુખારવિંદના કપાળનો ! (લાયવફ્ ચૂપ રહે છે)

રેવસ્કી--ત્યારે લડવાની વાતો છોડી દે ને ?

લાયવફ્--કેમ ?

રેવસ્કી--રેઝીની ખાતર.

લાયવફ્--જા, જા, બેવકૂફ ! મારી માતૃભૂમિનો સાદ શું મેં નથી સાંભળ્યો ? મારા સ્વદેશને આંગણે જ્યારે સંગ્રામ ખેલાતા હોય, જ્યારે મારા દેશબંધુઓનાં લોહીની નદીઓ વહેતી હોય, તે વખતે હું રેઝી પાસે ઘરમાં બેસી રહું તો હું રેઝીનો હાથ પકડવા લાયકજ નથી.

રેવસ્કી—ત્યારે રેઝી તને યાદ નથી આવતી ?

લાયવફ્—બહુએ આવે છે. મારા લોહીના ધબકારા રેઝીનું

નામ પોકારે છે. મારી માતૃભૂમિ મને રોઝીમય ભાસે છે. મારૂં લોહી એ માતૃભૂમિને ચઢાવું એથી વધુ રોઝીના પ્રેમી તરીકેની લાયકાત માટે બીજું શું હોય?

રોવશ્કી—પણ રોઝીનું લગ્ન બીજે થશે તો તારી જીંદગી રદ નહિ થાય?

લાયવફ઼—હું જીવતો હોઇશ તો ને? તને ખબર નથી કે દુશ્મનોનાં દળ નજીક આવ્યાં છે. તેમના લોહીથી આ સમશેર ધોવાની તને ઇચ્છા નથી થતી? (રોવશ્કી મૂઢ જેવો બનીને સાંભળે છે—લાયવફ઼ કહે છે:) શું તું એમ માને છે કે રોઝી મને ભૂલી જશે? કદી નહિ; મારા શબ ઉપર, મારા દેહના ટુકડાને સમરાંગણમાંથી વીણી લાવીને તે ઉપર જો અશ્રુનું બિંદુ કોઇ સેરવનારૂં હોય તો તે મારી પ્રિય રોઝી છે, એ યાદ રાખજે.

(૪)

(કોરિયા) લિયાવયાંગની પહાડની ખીણોમાં રૂસ સેનાપતિ પોતાના જાસુસોને એકત્ર કરીને કહે છે:—

આપણને છેલ્લા હુમલામાં ગંભીર નુકસાન થયું છે, શત્રુઓની બાજીના આપણે ભોગ બનીએ છીએ. તેમની વ્યૂહરચનાનો ભેદ લાવવાનું બીડું ઝડપે એવો કોઇ માતૃભૂમિને માથું આપનાર આ મંડળીમાં છે? તેણે જાપાની વેશ પહેરીને શત્રુઓનો ભેદ માથું વેગળું મૂકીને લાવવો જોઇશે. છે કોઇ એવો?

બધા જાસુસોએ અને પ્રેક્ષક સુભટોએ નીચું ઘાલ્યું. થોડીક પળો ન થઇ, એટલામાં એક યુવાન કુરનિસ બજાવી ઉભો.

સેનાપતિ—તારૂં નામ?

યુવાન—વસીલી લાયવફ઼.

સેનાપતિ—તું મરવા તૈયાર છે?

યુવાન—આ ક્ષણે માથું કાપી દઉં નામવર!

સેનાપતિ—સમશેરને સાક્ષી રાખીને પ્રતિજ્ઞા લે. (લાયવફ઼ પ્રચંડ ગર્જના સાથે તેમ કરે છે, અને તે વખતે તેનું શરીર કંપી ઉઠે છે.)

(૫)

લાયવફ઼ હવે ચીનનો શાહુકાર બની ગયો. પૂરા દમામથી તેણે જાપાની સેનાપતિને મળવાનું કહેણુ મોકલ્યું અને સેનાપતિનો મિત્ર બની ગયો. ધીરે ધીરે સેનાપતિના માણસોને ફોડયા અને વ્યૂહરચનાનો બધો ભેદ લઇ લીધો. ઉપરાંત લડાઈના નકશા, લશ્કરી ખરીતા, કેટલાંક અગત્યના ઠરાવો વગેરે મેળવ્યું અને દરેકે દરેક હૂમલામાં

જાપાનીઓને સજ્જડ માર પડવા લાગ્યો.

× × × ×

જાપાની સેનાપતિ માથે હાથ દઇને બેઠો છે. એકાએક તેણે ગુપ્તચરને બોલાવ્યો.

સેનાપતિ—આપણી છાવણીમાં દુશ્મનનો કોઇ જાસુસ હોવો જોઇએ; આજે બપોર પહેલાં મને પત્તો નહિ મળે તો તારૂં માથું ધડથી જુદું કરીશ, જા.

ગુપ્તચરના તો હોશજ ઉડી ગયા; પણ તેણે ધીરજ રાખીને તપાસ ચલાવી. તેને પેલા ચીનના શાહુકાર ઉપર શંકા આવી. અને છેવટે લાયવફ પકડાયો! લાયવફ ઉપર સેનાપતિનો ભૂખ્યા વાઘના જેટલો કોપ વરસી રહ્યો. તેણે ત્યાં ને ત્યાંજ તેનું કાટલું કરી નાખ્યું હોત, પણ એક વિચારે તેને અટકાવ્યો. તેણે ગુસ્સો શમાવી દીધો અને કેદી લાયવફને કહ્યું:-

"બચ્ચા! હવે તારૂં આવી બન્યું છે. તારો તારણહાર અત્યારે હું છું. એકજ ઇશારો કરતાં તારૂં મોત નક્કી છે, પણ મારે તને એક બે વાત પૂછવી છે."

લાયવફ—પૂછો સરદાર સાહેબ!

સેનાપતિ—તું અહીં કેમ આવ્યો?

લાયવફ—ભેદ લેવા.

સેનાપતિ—તને ખબર નથી કે તને ગરદન મારવાની સજા થાય?

લાયવફ—બરાબર ખબર છે, સરદાર સાહેબ!

સેનાપતિ—જો તું રૂસ લશ્કરનો ભેદ બતાવે તો તને જીવતો મૂકું.

લાયવફ—હા-હા-હા-હા! તમે તે મને કોઇ ઘરફોડું ધાર્યો? સાહેબ, મને મરતાં આવડે છે!

સેનાપતિ—(જરા અકળાઇને) પ્રતિજ્ઞા લઇને ભેદ જણાવી દે, અને તને શિરપાવ અપાવું.

લાયવફ—મને શરીરની પરવા નથી, તો શિરપાવને લઇને શું કરૂં? મારો દેહ તો મેં મારી માતૃભૂમિને ભેટ ધર્યો છે. સ્વાર્થને ખાતર, આ તુચ્છ જીવનને ખાતર, વૈભવવિલાસને ખાતર જે દેશનો દ્રોહ કરે, તેને હું ગમાર સમજું છું, પાપી સમજું છું, રાક્ષસ ગણું છું. એવું નીચ કર્મ મારાથી નહિ થાય, સમજ્યા સરદાર સાહેબ!

(૬)

સેનાપતિના તંબુ પાસેના નોટીસ બોર્ડ ઉપર લખાયું:—

“ ૩૦ ડિસેમ્બરે બપોરે ૧ વાગ્યે વસીલી લાયવફને ગરદન મારવામાં આવશે. ” લાયવફે તે હસતે મોઢે વાંચ્યું અને ૩૦ મીના બપોરની રાહ જોવા લાગ્યો.

૩૦ મી ડિસેમ્બરની સવાર પડી, બપોરના બારના ટકોરા થયા. ફાંસીનો માંચડો ખડકાયો. લશ્કરની દોડધામ શરૂ થઇ. ૧૨॥ વાગ્યે લાયવફને એક મોટી ફોજ સાથે ખડો કરવામાં આવ્યો.

સેનાપતિ—તારે કંઇ કહેવું છે ?

લાયવફ—ના જી.

સેનાપતિ—તારે કંઇ સંતતિ છે?

લાયવફ—ના જી.

સેનાપતિ—તારે સ્ત્રી છે? તેને કંઇ કહેવું છે ?

લાયવફ—હાજી–ના–ના–હા. (સ્ત્રી છે કે નહિ તેની તેને ગમ ના પડી. તેની આંખમાં આંસુ આવી ગયાં. રોઝીનું ગુલાબી વદન તેને દેખાયું. ગુરુનો ઉપદેશ યાદ આવ્યો. તેણે આંખો લૂછી ખોંખારો કર્યો અને ભગવાન ઇસુ ખ્રિસ્તના વધનો પ્રસંગ યાદ કર્યો. આકાશ સામે જોયું. જાણે ભગવાન ઈશુ તેને બોલાવી રહ્યા છે!

૧ નો ટકોરો થયો, ફાંસીના દોરડાની વિજયમાળા તેના ગળામાં પડી! પાટિયું ઉંચકાયું. લાયવફનો આત્મા માતૃભૂમિના જાપ જપતો ચાલ્યો ગયો!

* * * *

લાયવફની કબર ઉપર રોઝી ફૂલહાર ચઢાવે છે. એ ફૂલની એકએક ગ્રંથિએ અશ્રુબિંદુનાં મોતી ગુંથાયાં છે. એ ફૂલહાર સાથે રોઝીનાં આંસુનો અર્ઘ્ય કબર ઉપર રેલાયો. થોડાજ દિવસો પછી રોઝીનાં માતપિતાએ એજ કબર પાસે રોઝીનું પ્રાણવિનાનું શબ જોયું! માતૃભૂમિની આશિષો મેળવીને આ પ્રેમી યુગ્મ સ્વર્ગના ચિરંજીવ આનંદો ભોગવવા ચાલ્યું ગયું.*

(તા. ૨૨–૬–૧૯૨૩ના અઠવાડીક “નવયુગ”માંથી)



---

* હિંદી ઉપરથી સૂચિત

५६-पाठकवाडीनो भाणो

(લેખકઃ-શ્રી. દોલત દેશાઇ)

પાઠકવાડીમાં એક કણબી રહેતો હતો. લોકો તેને ભાણો કહી બોલાવતા. તેનો બાપ તેને પરણાવ્યા પછી મરણ પામ્યો હતો. ઢોરઢાંખરમાં ચાર જોડ બળદ, છ સાત ગાયો અને ત્રણ ભેંસો હતી. નહિ જેવી જરજમીન તે મૂકી ગયો હતો. મૂળથીજ ભાણો કાબેલ અને કસરી હતો. કણીમાંથી મણિ તે કરતો. ધીમે ધીમે તેણે ઠીક પૈસો એકઠો કરવા માંડયો. સવારથી સાંજ સુધી પોતાની સ્ત્રી સાથે કામમાં મચ્યો રહેતો. સવારે સૌથી વહેલો ઉઠતો. બધાં સૂતા પછી તે સૂતો. તેની માલમિલકતમાં તેણે ઠીક વધારો કર્યો. પાંત્રીસ વર્ષની સખત મહેનત પછી તે પૈસાદાર લેખાવા લાગ્યો.

હવે તેની પાસે વીસ જોડ બળદ, પચીસ ગાયો અને દશબાર ભેંસો થઇ હતી. જમીન પણ ઠીક મેળવી લીધી. સારૂં સરખું ઘર બંધાવ્યું. ઘેર ગોવાળીઓ રાખ્યો. ઘરકામ માટે કામવાળી રાખી. ગાયો અને ભેંસો માટે બે માણસો રાખ્યાં. વલોવી ઘી બનાવવાનું કામ તેમને સોંપ્યું. તેણે આમ સારી સરખી પુંજી એકઠી કરી. સૌ કો તેની અદેખાઇ કરવા લાગ્યાં.

“કેવો ભાગ્યશાળી !” લોકો કહેતા “એને શું ઓછું છે ! મરવાની બીક એણે શા સારૂ રાખવી જોઇએ ?”

પૈસાદારને ત્યાં બને છે તેમ ભાણાને ત્યાં ‘લીલા વનના સુડાઓ’ ઉભરાવા લાગ્યા. દેશ-પરદેશથી મહેમાનો આવવા લાગ્યા; સાધારણ ઓળખાણવાળાઓ પણ ભાણા પટેલને પૂછતા આવતા. સૌની તે સરભરા કરતો. પરોણાગતમાં લેશમાત્ર પણ કચાશ આવવા દેતો નહિ. ચા-પાણી તો હમેશાં હોયજ. મિષ્ટાન્ન વિના તો કોઇકજ દિવસ ખાલી જતો. સંતાનમાં તેને બે છોકરા અને એક છોકરી હતી. તેમને પરણાવેલાં હતાં. નાનો છોકરો કુંવારો હતો. પહેલાં આ બધાં ભાણા પટેલને કામમાં મદદ કરતાં. હવે પૈસો થયો એટલે સૌ આળસુ બન્યાં. મોટો છોકરો દારૂડીઓ નીકળ્યો. સોબત-શરાબે

મળી અનેક અપલક્ષણો વળગ્યાં. શરીરની પાયમાલી કરી. નછૂટકે તેણે મરણ વહાલું કર્યું. તેની સ્ત્રી પણ આ દુઃખ ન સહન થવાથી મરી ગઈ. પુત્રી સુવાવડમાં ન જીવી. નાનો છોકરો ભાણાની મરજી વિરુદ્ધ પરણી જુદો રહ્યો. તેનો ભાગ તેણે તેને કાઢી આપ્યો.

ભાણો પટેલ બિચારો દુઃખી થયો. હજી કાંઇક બાકી હશે એટલે રોગ ફાટી નીકળ્યો. નાનો છોકરો અને તેની સ્ત્રી પણ તેનાં ભોગ થઇ પડયાં. ઢોરઢાંખરમાં પણ તે ફેલાયો. ઘણાં ઢોર તેનાં મરી ગયાં. પછી તો દુષ્કાળ પડયો. ઘાસચારા વિના કેટલાંક મરી ગયાં. બળદો ચોરાઈ ગયા.

આ સ્થિતિમાં સુડાઓ ઉડી ગયા. મિલ્કત તેની ઓછી થતી ગઇ. ગરીબાઇનો તેને ભેટો થવા માંડયો. ફિકર-ચિંતામાં શરીર દુબળું થતું ગયું. અડતાળીસ વર્ષની વયે તેને સજળ નેત્રે ઘરતું રાચરચીલું વેચવું પડયું, તે દિવસે દિવસે ગરીબ થતો ગયો.

અચાનક આ સ્થિતિ આવી. તેણે આ નહોતું કલ્પ્યું. તેની પાસે હવે ફૂટી બદામ પણ ન હતી. મજૂરી કરવા સિવાય બીજો રસ્તો ન હતો.

'नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण'-કવિ કાલિદાસની આ ઉક્તિ પ્રમાણે પહેરેલે કપડે તે નીકળ્યો. તેની સ્ત્રીની પણ એજ દશા હતી. સંતાનના સુખથી તે પરવાર્યો હતો. આ અવસ્થાએ તેમને મદદ કરનાર કોઇ ન હતું. **'मामेकं शरणं व्रज'** એ સૂત્ર તેમણે સ્વીકાર્યું.

તેઓ અનાવલ આવ્યાં. મહમદશાહ નામે શેઠીઓ અહીં રહેતો હતો. તેની પેઢીઓ દેશદેશાવર હતી. સાદુ જીવન તે ગાળતો. સ્વભાવે તે ભલો હતો. ભાણા પટેલની કીર્તિથી તે અજાણ ન હતો. ભાણો તેને મળ્યો ત્યારે તે દિલગીર થયો. તેની તેને દયા આવી. તેણે કહ્યું કે "ભાઇ! તારી સ્ત્રી સંગાથે મારે ત્યાં રહે. તારાથી બને તે કામ મારી વાડીમાં કરજે. તારી સ્ત્રી દુઝાણું કરશે. તારો ખર્ચ હું પૂરો પાડીશ."

ભાણાની આંખમાં આંસુ આવ્યાં. તેણે મહમદશાહનો ઉપકાર માન્યો. વાડીમાં ઝૂંપડું બાંધી ભાણો પોતાની સ્ત્રી સાથે રહ્યો. પહેલાં તો તેમને કામ કરવું આકરૂં લાગ્યું. ધીમે ધીમે તેઓ ટેવાઇ ગયાં. દિવસ આખરે તેઓ ઘણાં કામોનો ઉકેલ કરતાં.

મહમદશાહને મહેનતુ માણસો મળ્યાં. તેઓ પોતાનુંજ કામ છે, એમ ધારી તનતોડ મહેનત કરતાં. મહમદશાહની આવક હતી તેના

કરતાં વધી. તેમને કોઇ બાબતમાં કહેવું નહોતું પડતું. કામ કરતાં તેમને આળસ નહોતી આવતી. મહમદશાહને તેમની દયા આવતી. તે તેમને આરામ લેવા કહેતો; પરંતુ તેઓ ખંતીલાં હતાં. કંઇ નહિ ને કંઇ કોતરકોતર કર્યાજ કરતાં. કયાં તેમની આગલી જાહોજલાલી અને કયાં આ કામ! એમ મહમદશાહને થયાજ કરતું.

દૂર દેશથી મહમદશાહને ત્યાં પરોણા આવ્યા. બબરચી કયાંક ગયો હતો. ભાણાની સ્ત્રીને રસોઇ કરવા બોલાવી હતી. જમવાની તૈયારી થઇ. બધા જમવા બેઠા. ભાણો રસોડાના બારણા આગળથી પસાર થયો એટલે વાત નીકળી: "પેલો ગયો તેને જોયોને?" પરોણાઓએ કહ્યું: "હા, એ કોણ છે?"

"એ તો પાઠકવાડીનો ભાણો. એને ત્યાં એટલો પૈસો હતો કે ન પૂછો વાત. તમે કદાચ એના વિષે સાંભળ્યું પણ હશે."

બધાંના વતી મલેકશાહેજ વાત ચાલુ રાખી: "હા, સાંભળ્યું તો છે; અમે માત્ર એને જોયો ન હતો. ગામેગામ એના તો ગુણો ગવાય છે."

હવે એ બિચારા પાસે એક ફૂટી બદામ પણ નથી. કોઇ એતું છેયે નહિ. મારે ત્યાં વાડીમાં ખાધા પેટે કામ કરે છે. મારૂં દુઝાણું કરે છે.

પરોણાઓને આશ્ચર્ય લાગ્યું. તેઓ અવાચક બેસી રહ્યા. કેટલાકનો કોળીઓ હાથમાં રહી ગયો. મલેકશાહથી ન રહેવાયું: "ભાગ્ય ચક્રના જેવું છે. એકને ઉંચે ચઢાવે છે અને બીજાને હેઠો પછાડે છે. બિચારાને દુઃખ તો થતું હશે."

"અલ્લાહને માલૂમ. એ તો કાંઇ બોલતોજ નથી. કામ ઠીક કરે છે."

"હું એને કાંઇક પૂછું?"

"હા, ખુશીથી પૂછો."

ભાણાને મહમદશાહે બોલાવ્યો. તેનું ભાણું પીરસાવ્યું. ભાણો આવ્યો. સૌને વંદન કર્યાં. પલાંઠી વાળીને બેઠો. વાતોના ગપાટા મારતાં સૌ થોડી વારે જમી ઉઠયા. મુખવાસ કરી સૌ રવેશમાં ગાદીતકિયે ગોઠવાયા. ભાણાને પણ ત્યાં બેસવા કહ્યું.

મલેકશાહે વાત શરૂ કરી: "ભાણા! તારા સુખના દિવસો તને નથી સાંભરતા? મને પૂછવાની જિજ્ઞાસા થઇ છે. ખોટું ન લગાડીશ. તું ત્યારે કેટલો સુખી હતો! આ દુઃખ નથી સાલતું?"

ભાણો હસ્યો. ગાલે શરમના શેરડા પડયા. તે બોલ્યો: "મારી

વાત તમારે ગળે નહિ ઉતરે. મારી સ્ત્રીને પૂછશો તો તમને ખાત્રી થશે. તેને તો 'હૈયે તેવું હોઠે છે! તમને સાચેસાચું કહી દેશે.'

ભાણાએ તેને બોલાવી. નીચું જોઇને ઉભી રહી.

મલેકશાહે ધીમે સાદે કહ્યું: "બહેન! તમારાં આગલાં સુખ સાંભરી તમને કાંઈ ઓછું નથી આવતું?"

શરમાતાં શરમાતાં તેણે જવાબ આપ્યો: "હું તો આમાં કાંઇ સમજતી નથી, પરંતુ પૂછો છો ત્યારે કહું છું કે અડતાળીસ વર્ષ અમે સુખની શોધમાં ગાળ્યાં, પણ લગીરે સુખ લાધ્યું નહિ. આજે ભિખારી છીએ. મજૂરીએ જીવીએ છીએ. કંઇક સુખની હવે ઝાંખી થવા માંડી છે. અમારે બીજું શું જોઇએ? અમો સુખી છીએ."

પરોણાઓ આ સાંભળી આશ્ચર્ય પામ્યા. મહમદશાહ પણ ચકિત થયો. સૌએ તે સ્ત્રી તરફ જોયાજ કર્યું. તે તો હસતી હતી. તેની નજર ભાણા તરફ ઢળી. તે પણ હસ્યો. વળી તે બોલી: "હું સાચુંજ કહું છું. મશ્કરી નથી કરતી. અર્ધી સદી લગભગ સુખના શોધમાં કાઢી. પૈસાના પડળમાં અમને તે જરાયે ન મળ્યું, પરંતુ અત્યારે એ આવરણ બેસી ગયું એટલે અમને અનેરૂં સુખ છે."

"તમારૂં સુખ શેમાં છે ત્યારે?"

"સાંભળો ત્યારે, કહું. સાક્ષાત્ લક્ષ્મીજી અમારે ત્યાં વસ્યાં હતાં. એક ઘડીની અમારે નિરાંત ન હતી. અમે બન્નેએ સાથે બેસી કોઇ દિવસ વાત સરખીએ નથી કરી. દિલ તો ક્યાંથી ઠાલવ્યાં હોય! આત્માનું કલ્યાણ નહોતું થતું. પ્રભુભકિત અમારે માટે અમારા ગોર કરી લેતા. અમારી ચિંતાનો પાર ન હતો. મહેમાનો પુષ્કળ આવતા એટલે એમની ત્રેવડમાંજ અમારો સઘળો વખત પૂરો થતો. અમારી પરોણાગતમાં કચાસ ન આવે એ તરફજ અમારૂં લક્ષ હતું. વળી મજુરોની દેખરેખ રાખવી પડતી. તેમના ઉપર નજર ન રાખીએ તો ખાઇ-પી ઉંઘ્યા કરે. મજૂરી આપીએ તેના પ્રમાણમાં કામ તો કઢાવવું જોઇએ તે તેમને દુઃખ દેવાનું અમે આમ પાપ વહોરતાં. જનાવરો તરફ પણ અમારે જોવું પડતું. માંદુ હોય તો દવાદારૂ કરવાં પડતાં. અમે નિરાંતે ઉંઘતાં પણ નહિ. કોઇ ને કોઈ ઢોર ઘણી વેળા છૂટી જતું. તેને ઉઠી બાંધવું પડતું. વળી ઘાસચારાની ફિકર તો ઉભીજ રહેતી. અમારાં મન પણ ઘણી વેળા ઉંચાં થતાં. એ એક કામ સોંપે તો હું બીજુંજ કાઢી ઉભી રહેતી. આમ તકરાર ઉભી થતી. આયે પાપજ તો! આ અમારૂં જીવન-ચિંતાભર્યું, પાપપૂર્ણ. સુખ તો ક્યાંય ન જોયું."

"હવે કેમ ?"

"હવે અમે મરઘડા બોલતાં પહેલાં ઉઠીએ છીએ. આગળ બેસી નિરાંતે વાત કરીએ છીએ. અમારી વચ્ચે તકરાર હવે નથી ઉભી થતી. અમારી ફિકર માત્ર હવે શેઠને કેમ ઉપયોગી થવું એજ છે. વિચાર પણ એનાજ કર્યા કરીએ છીએ. અમારી મરજી પ્રમાણેજ કામ કરીએ છીએ. ન વધારે કે ન ઓછું. શેઠને કેમ ફાયદો થાય એ તરફજ અમારૂં લક્ષ છે. કામથી પરવારી રસોઇ બનાવી આનંદથી જમીએ છીએ. અમારે કોઇ જાતની ફિકર નથી. અમારી ફિકર અમારા શેઠને. આત્માની ઉન્નતિ અમો કરી રહ્યાં છીએ. પ્રભુભકિતમાં લીન થઇ રહીએ છીએ. અડધી સદી વીત્યે આજ સુખની કંઇક ઝાંખી થઇ છે. અમને આનંદ થઇ રહ્યો છે."

સૌ કો હસ્યા.

ભાણો ઠાવકે મોંએ બોલ્યો: "હસવાનું કાંઇ પણ કારણ નથી. એ લવારો ન ધારશો. જીવનના ખેલ એવાજ હોય. આપણે પાસા નાખી જોઇએ છીએ. દાવ દેવો હરિહાથ છે." મૂર્ખતાની મહેમાનીએ અમો હતાં. ગરીબ થઇ ગયાં. પૈસો પરવાર્યો. આખરે સત્ય દાખવ્યું. તમને અમે તે કહ્યું. તમને સંતોષવા ખાતર આ બધું નથી કહ્યું. તમનેએ કાંઇક પ્રભુનું ભાન થાય એટલા પૂરંતુજ કહી નાખ્યું."

મલેકશાહે કહ્યું: "આના શબ્દે શબ્દમાં ડહાપણ રહ્યું છે. ભાણો સાચુંજ કહે છે. આપણાં ધર્મપુસ્તકો પણ પુકારી પુકારીને એજ કહે છે."

અતિથિઓને આનંદ થયો. સૌ કોને એનું સત્યજ જણાયું. અતિથિઓ ચાલ્યા ગયા. ભાણો પટેલ અને તેની સ્ત્રી મહમદશાને ત્યાં રહી પોતાનું શેષ જીવન વીતાવે છે.

(તા. ૨૯-૫-૧૯૨૫ના "સમાચાર"માંથી)

૫૭-ગાડીવાળો શાહજાદો

(લેખકઃ-શ્રી. ઉદયચંદ વૈદ્ય)

(૧)

સને ૧૯૧૧ ઇસ્વીના દિલ્હી દરબારમાં દિલ્હીના દિવસો ફર્યા. નવું નગર વસાવવાની તૈયારીઓ શરૂ થઇ. નકશાઓ બન્યા. શિલ્પશાસ્ત્રીઓ (ઇંજીનીઅરો) પોતાના મગજનો પ્રભાવ દેખાડવા લાગ્યા. અવધ દેશના વજીરોના વડવા મનસૂરઅલીખાં સફદરજંગના મકબરા-(સમાધિ-મંદિર)ની આસપાસ ઇંટો બનાવવાનાં અને પકવવાનાં કારખાનાંઓ શરૂ થઇ ગયાં. હજારો ગરીબોની રોજી ચાલુ થઇ. પાકી ગએલી ઇંટો રેલગાડી અને બળદગાડીઓમાં સવાર થઈ થઇને બાદશાહી શહેરના નિર્માણ માટે આવવા લાગી.

તા. ૧૧ મી મેના દિવસની વાત છે. બરાબર બપોરના બાર વાગ્યાનો તડકો અને બેહોશ કરી નાખનારી ગરમીમાં એક ઘરડો ગાડીવાન, ખાનબહાદુર શેઠ મહમ્મદ હારૂનની ભઠ્ઠી ઉપરથી પોતાના ગાડામાં ઈંટો લઇને દિલ્હી આવવા નીકળ્યો. એના માથા ઉપર સૂર્યનાં તેજસ્વી કિરણો પડતાં હતાં. તેની સફેદ રૂપેરી દાઢી અને મૂછો પર ઝીણાં ઝીણાં રજકણો ચમકતાં હતાં. માથા પર પરસેવો હતો, જેમાં ઇંટોની લાલાશ જામી ગઇ હતી.

તેના ગાડાની પાછળ-ઘણું કરીને કુતુબમિનારથી-એક મોટરકાર આવતી હતી. મોટર ડ્રાઇવરે ખૂબ જોર જોરથી બિગુલ વગાડયું, પરંતુ ઘરડા અને બહેરા ગાડીવાળાના સાંભળવામાં તે આવ્યું નહિ. તેણે પોતાનું ગાડું એક તરફ વાળી ન લીધું. પરિણામ એ આવ્યું કે, જોસબંધ આવતી મોટર ગાડા સાથે અથડાઇ. મોટર ડ્રાઇવર ઘણોજ હોંશિયાર હતો. તેણે તરતજ મોટરકારને થોભાવી અને કંઇ પણ નુકસાન ન થવા દીધું.

એ મોટરકારમાં પંજાબનો એક જુવાની અને દારૂના નશામાં ચકચૂર થએલો જુવાન વેશ્યાને સાથે લઇને બેઠો હતો. ગાડીવાનને

ગરીબ બુઢ્ઢો અને શક્તિહીણ જોઇ તે બહુજ ગુસ્સામાં આવી ગયો. ફેશન તરીકે તેના હાથમાં એક ચાબુક હતો. તેને ફેરવતો તે મોટરમાંથી બહાર આવ્યો અને બિચારા ગાડીવાળાને મારવા લાગ્યો, ગાડીવાળો અશક્ત અને એકલો હતો. સૌથી વધારે તો તે ગરીબ હતો–મુફલીસ હતો. પરંતુ તેનામાં અજબ જેવી હિંમત હતી. તેણે ચાર ચાબુકનો માર ગુપચૂપ સહન કરી લીધો. ત્યાર પછી તેણે પણ બળદ હાંકવાનો પોતાના ચાબખો લઈ તે યુવક ઉપર હુમલો કર્યો. તે યુવકના માથા પર પોતાનો ચાબખાનો દંડો એવા જોરથી માર્યો કે જેથી તે યુવકનું માથું ફાટી ગયું. મોટર ડ્રાઇવરે ચાહ્યું કે, તે ડોસાને સજા કરવા પોતે પણ આગળ વધે; પરંતુ તે પગ ઉપાડે તે પહેલાંજ ચાબખાની લાકડી તેના માથા ઉપર એવા તો જોસથી લાગી કે જેથી તેનો ચહેરો પણ લોહીથી લાલચોળ થઇ ગયો. એ બનાવ જોઇ મોટરમાં બેઠેલી વેશ્યા ગભરાઇ ગઇ અને તેણે રાડ પાડી કે “ખુદાને માટે તમે મોટરમાં ચાલ્યા આવો, નહિ તો એ ગામડીઓ ગમાર તમને જાનથી મારી નાખશે.”

એ સાંભળી યુવક અને ડ્રાઇવર બંને મોટરમાં આવીને બેસી ગયા. પછી તેઓ ગાડીવાળાને ગાળો ભાંડવા લાગ્યા. ડોસો ગુપચૂપ ઉભો ઉભો જરા જરા હસતો હતો અને બબડી રહ્યો હતો કે–

“બસ, એકજ વારમાં ભાગી ગયા! તૈમુરી તમાચો સહન કરવો, એ કાંઇ સહેલું નથી!”

ગાડીવાળો એટલો તો બહેરો હતો કે તેણે મોટરડ્રાઇવરે અને યુવકે તેને દીધેલી ગાળો, તે જરા પણ સાંભળી શકયો નહિ. તે ફરી પોતાના ગાડા ઉપર આવી બેઠો. મોટર દિલ્હી તરફ ચાલી ગઇ અને ગાડીવાળો રાયસીના તરફ ચાલ્યો ગયો.

(૨)

બીજે દિવસે રાયસીનાની પોલિસ ચોકીમાં બે જખમી માણસો અને કેટલાક ગાડીવાળા ઉભા હતા. એમાં પેલો બુઢ્ઢો ગાડીવાળો પણ હતો. જમાદારે પૂછયું:

“શું તમેજ એમને જખમી કર્યાં હતા?” ડોસો ચૂપચાપ ઉભોજ રહ્યો. જમાદારે ગુસ્સામાં આવી ફરી કહ્યું કે “બોલતો કેમ નથી?” એ સાંભળી બીજા ગાડીવાળા બોલી ઉઠયા કે “સાહેબ! એ બહેરો હોવાથી સાંભળી શકતો નથી.” ત્યારે એક સિપાઇએ તેની પાસે જઇ તેના કાનમાં જમાદારનો સવાલ કહી સંભળાવ્યો. તે સાંભળી ડોસાએ જવાબ આપ્યો કે “હા, એને મેં મારેલ છે.

એણે પહેલાં મારી ઉપર હુમલો કર્યો અને મને ચાર ચાબુક માર્યા. ત્યારે મેં પણ પથ્થરનો જવાબ પથ્થરથીજ વાળ્યો. આ અમીર લોકો ગરીબોને ઘાસના તણખલા જેવા સમજે છે. આજથી સાઠ વરસ પહેલાં એમનાં મા-બાપ મારા ગુલામ હતા, એટલુંજ નહિ પણ આખોએ હિંદ મારો તાબેદાર દેશ હતો.”

એ સાંભળી પોલિસનો જમાદાર હસ્યો અને બોલ્યો કે, આ બુઢ્ઢો પાગલ છે કે શું? ઘડપણે એની અક્કલને ખોઇ નાખી છે. ઠીક છે, આને હવાલાતમાં લઇ જાઓ. કાલે એને કોર્ટમાં મોકલીશું. આવા દિવાનાઓને પાગલખાનામાં મોકલી દેવા જોઇએ.

(૩)

દિલ્હીના સીટી મેજીસ્ટ્રેટની અદાલતમાં ઘરડો ગાડીવાન અને બન્ને ફરિયાદીઓ હાજર હતા. કોર્ટના ઇન્સ્પેકટરે બનેલો બનાવ કોર્ટને કહી સંભળાવ્યો. તે સાંભળી કોર્ટે ગુનેગારની તપાસ કરવાની પોતાની ખ્વાહિશ જાહેર કરી. તે બહેરો છે, એ જાણી લીધા બાદ ચપરાસીએ જોર જોરથી બૂમો પાડીને તેની તપાસ લીધી. ડોસાએ કહ્યું:

“મારૂં નામ જફર સુલ્તાન છે. હું મિરજા બાબરનો દીકરો છું. એ મિરજા બાબર બાદશાહ બહાદૂરશાહના સગા ભાઈ હતા. મારા દાદા હિંદુસ્થાનના શહેનશાહ મુઇનુદ્દીન અકબરશાહ શાની હતા. ’૫૭ ના ગદર-બંડ પછી મેં હજારો મુશીબતો સહન કરી. દેશમાં ખૂબ ફરી રખડી પાછો દિલ્હીમાં આવ્યો. હું ગાડીવાનનો ધંધો કરવા લાગ્યો. તા. ૧૧ મી મે સને ૧૯૧૭ ની વાત છે. એ દિવસ સને ૧૮૫૭ ના જેવોજ ગરમ અને સખ્ત હતો, કે જે દિવસે (તા. ૧૧ મે ૧૯૧૭) સદરહુ બનાવ બન્યો. હું કાને બહેરો છું. મેં મોટરના ભુંગળાનો અવાજ સાંભળ્યો નહિ. મોટરવાળાઓએ મારી જઈફી અને ઉંમર પર રહેમ કરી નહિ. મને ચાર ચાબુક ફટકાવી કાઢ્યા. મારા શરીરમાં જે ખૂન-રક્ત-વહી રહ્યું છે, તેને હવે જુલ્મ સહન કરવાની અને માર ખાવાની ટેવ પડી ગઈ છે. એવી એને પહેલાં આદત નહોતી. જે જગ્યા ઉપર અદાલતની ખુરશી છે, એજ જગ્યાએ બંડની પહેલાં મારા હુકમથી કેટલીએ વાર ઘણા બદમાશોને સજાઓ કરવામાં આવી છે. મારૂં દિલ અને દિમાગ તે આદતોને ભૂલી શકયાં નથી. હા, એટલી વાત છે કે, હવે મારી આંખોએ ઘણી મુદ્દત થઇ તે નજારાઓને જોવાનું છોડી દીધું છે. હું કેવી રીતે ચાર ચાબુકો બરદાસ્ત (સહન)

કરી શકું? બેશક! મેં બદલો લીધો છે. આ બંને બહાદુરોનાં માથાં ભાગી નાખ્યાં છે. અગર આપ શરીફ લોકોનો ઇન્સાફ કરવા ચાહતા હો તો હું આપના ફેંસલાની સામે મારૂં શિર ઝુકાવવા તૈયાર છું.”

બુઢ્ઢાની વાતો સાંભળી અદાલતમાં સ્તબ્ધતા છવાઇ ગઇ. યુરોપિયન મેજીસ્ટ્રેટ સાહેબ મોંમાં હોલ્ડર દબાવી એ ગાડીવાન ડોસાને જોવા લાગ્યો. તેના આસિસ્ટંટની આંખો આંસુથી છલોછલ ભરાઇ આવી. બંને ફરિયાદીઓ પણ ડોસાની વાત સાંભળી બેહોશ જેવા થઇ ગયા.

અદાલતે હુકમ કર્યો કે “તમને (ગાડીવાનને) છોડી મૂકવામાં આવે છે અને ફરિયાદીઓ ઉપર દશ દશ રૂપિયાનો દંડ કરવામાં આવે છે. કારણ કે તેઓએ જે જુબાની આપી છે તે ઉપરથી સાબીત થાય છે કે, તેઓએ નશાની હાલતમાં-કેફમાં ગાડીવાન ઉપર હુમલો કર્યો હતો.”

ત્યાર બાદ મેજીસ્ટ્રેટે સિપાઇને કહી ડોસાને પુછાવ્યું કે “શું સરકાર તરફથી તમારે માટે પેન્શન નક્કી નથી થયું? તમે ગાડીવાનનો ધંધો શા માટે કરો છો?”

બુઢ્ઢા પણ ગાડીવાન શાહજાદાએ જવાબ આપ્યો કે—

“હું જાણું છું કે, અમારા ખાનદાન(કુટુંબ)વાળાઓ માટે સરકારે પાંચ પાંચ રૂપિયાનું માસિક પેન્શન નક્કી કરેલ છે. પહેલી વાત તો એ કે, કેટલાંએ વર્ષો થયાં હું દિલ્હીમાં નહોતો. ઉપરાંત જ્યાં સુધી હાથ-પગ ચાલે છે ત્યાંસુધી ગુજરાન માટે પોતેજ કંઇ મેળવી લેવું એ હું મારી ફરજ સમજું છું. સાહેબ! મને ગાડીવાનના ધંધામાં રોજના ત્રણ ચાર રૂપિયા મળી જાય છે. બે રૂપિયા બળદોને માટે રોજના ખરચ થઇ જાય છે; જેમાં મકાનનું ભાડું પણ આવી જાય છે. મારે માટે રોજના બે રૂપિયા બચી જાય છે. એવી હાલતમાં હું પાંચ રૂપિયા લઇને શું કરત? આજકાલ હું ઘણોજ આનંદમાં છું. બધી રીતે મને આઝાદી (સ્વતંત્રતા) છે. હું બેફિકર છું. જે લોકો તમારી કોર્ટોમાં નોકરીની તપાસ કરતા ફરે છે, બી. એ. અને એમ. એ. પાસ કરવામાં પોતાની ઉંમર બરબાદ કરી નાખે છે, તેમના કરતાં મારી એક ગાડીવાન તરીકેની હાલત લાખ દરજ્જે સારી છે. ગાડી હાંકવામાં કોઇ પણ જાતની નામોશી નથી. કારણ કે હું બળદો ઉપર હકુમત કરૂં છું-પણ હું પોતે બળદિયો બનીને કોઇને મારા ઉપર હકુમત

ચલાવવા નથી દેતો. કોઇનો પણ હુકમ ઉઠાવનાર બંદો હું નથી."

(૪)

ગાડીવાળો શાહજાદો પહાડગંજની મસ્જિદમાં નમાજ પઢી રહ્યો હતો. એજ મસ્જિદની પાસે એનું મકાન હતું. જ્યારે તે નમાજ પઢી રહ્યો ત્યારે તેની પાસે એક શખ્સ ગયો અને બોલ્યો કે—

"આજે હું અદાલતમાં હાજર હતો. આપે આપેલ જુબાની મેં સાંભળી છે. શું આપ મને બંડની કંઇક હકીકત સંભળાવી શકશો? ત્યારપછી આપ ક્યાં ક્યાં રહ્યા અને આપે કેવી કેવી તથા કઇ કઈ મુશીબતો વેઠી?"

એ વાત સાંભળી તે જઇફ શાહજાદો જરા હસ્યો. તેણે પોતાની રૂપેરી દાઢી ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું—

"શું તે હાલત તમે સાંભળી શકશો? શું આપને એ જૂઠી વાતો પર યકીન આવી શકશે? હું માનું છું કે, જે વાત કે બનાવ બની જાય, પછી તે ખુશીથી ભરેલો હોય કે ગમથી ભરેલો હોય, પણ તે બધું જૂઠું છે. તેનું બયાન કરવું જૂઠું બોલવા બરાબર છે. અને વીતી ગયેલો વખત જૂઠો છે. હું માનું છું કે, જે સમય નજર સામે છે તેની ઉપર યકીન કરૂં અને તે હસી-ખુશીથી વીતાવી દઉં! વીતી ગએલા વખતને યાદ પણ ન આવવા દઉં અને આવનાર વખતની જરા પણ ફિકર ન કરૂં. બસ, મારે જે કાંઈ સમજવું હોય તે વર્તમાન વખતનેજ સમજું કે જે આંખોથી દેખાય છે."

સવાલ કરનારે કહ્યું—

"એ તો તમારા પોતાના વ્યક્તિગત અનુભવની વાત છે. આપના દિલને તકલીફો અને સદમાંઓએ દુનિયાથી ઉદાસ કરી દીધેલ છે. પરંતુ હું તો બંડના વખતે બનેલા બનાવોને એકઠા કરવા માગું છું. અને એથીજ એ વાતો આપને પૂછું છું. એવી રીતે મેં કેટલીએ વાતો એકઠી કરેલી છે. કેટલાએ શાહજાદાઓને તેમની આપવીતી વાતો પૂછી પૂછીને લખી છે."

એ સાંભળી શાહજાદો જોરથી હસ્યો અને બોલ્યો—

"ઘણું કરી તમે છાપાવાળા છો. હું છાપાવાળાઓથી હેરાન હેરાન થઇ ગયો છું. એ લોકો બહુજ જૂઠું બકયા કરે છે. ઠીક છે, હું તમને નિરાશ નહિ કરૂં. મારે ઘેર ચાલો. હું તમને બધુંએ કહી સંભળાવીશ."

ત્યારપછી સવાલ પૂછનારને શાહજાદો પોતાને ઘેર લઈ ગયો. તે છાપરાવાળું એક મકાન હતું. આંગણામાં બે બળદ અને

એક ખૂણામાં ગાય બાંધેલી હતી. અંદરના ભાગમાં એક મોટો પાટ હતો. તેની ઉપર એક સાફ ચાદર પાથરેલી હતી. તેની પાસેજ એક પલંગ હતો તેના ઉપર એક પથારી પાથરેલી હતી. અને તેની ઉપર પણ એક સફેદ દૂધ જેવી ચાદર પાથરેલી હતી. આ બંને વાતોથી જાહેર થતું હતું કે, ગાડીવાન સાફ-સૂફ રહેવાનું પસંદ કરનાર માણસ હતો. સવાલ પૂછનારને તેણે પાટ ઉપર બેસાડયો. પછી પોતેજ બબરચીખાનામાં જઇ ખાણું લઇ આવ્યો અને બોલ્યો-"આવો, પહેલાં આપણે ખાણું ખાઇ લઇએ. ત્યાર પછી વાતચીત કરીશું." ખાણું પણ સારૂં અને મજેનું હતું. બે શાક, દાળ, ચટણી અને મિઠાઇ તેમાં હતી. એ બધી ચીજો જોનારને જણાવી દેતી હતી કે, શાહજાદો પોતાની કફોડી હાલતમાં પણ સુખેથી જીંદગી વીતાવી રહ્યો હતો. સવાલ પૂછનારે ખાણું ખાવાની ના પાડી, પણ શાહજાદાએ તેની વાત ગણકારી નહિ. આખરે ઘણી રકઝક થયા બાદ બન્નેએ ખાણાને ઇન્સાફ આપ્યો. પછી શાહજાદાએ હુકો ભરીને રાખી દીધો. બે ચાર ફૂંકો હુક્કાની લીધા બાદ તેણે નીચે પ્રમાણે પોતાની આપવીતી કહી સંભળાવી, જેનો સારાંશ આ પ્રમાણ છેઃ—

"જનાબ! હું મિરજા બાબરનો દિકરો છું. મારા વાલિદ દિલ્હીના બાદશાહ-શહેનશાહ બહાદૂરશાહના સગા ભાઇ હતા. સન '૫૭ ના ગદરની પહેલાં બહાદુરશાહની હકુમત તો હિંદુસ્થાન પર નહોતી, છતાં એ ઇજ્જત અને ઠાઠમાઠ બાદશાહી હતો ખરો.

હું મારા મુરબ્બી પિતાજીનો પ્યારો પુત્ર હતો. મારા એ પ્યારા પિતાજી ગદર પહેલાંજ આ દુનિયાથી કૂચ કરી ગયા હતા-ગુજરી ગયા હતા. જયારે ગદર શરૂ થયું અને બળવાખોરોની ફોજ દિલ્હીમાં દાખલ થઇ ત્યારે તેઓએ અંગ્રેજો, તેઓની ઓરતો અને બાળબચ્ચાંઓની ઉપર જે જુલમ ગુજાર્યો તેનું બયાન કરતાં કલેજું કંપી જાય છે. એ પછી અંગ્રેજો પંજાબની મદદ લઇ આવ્યા, તેમણે બળવાખોરોને હરાવ્યા. ત્યારપછી બાદશાહ અને સાથે સાથેજ આખા શહેરના લોકો નાસી ગયા. મારી વાલદા (માતા) આંખે આંધળી હતી અને તે બિમારીઓથી ઘણી કમજોર થઇ ગઇ હતી. તેને રથમાં બેસવાનું પણ મુશ્કેલ થઇ પડયું હતું. પણ બે સ્ત્રીઓની મદદ લઇ મેં તેમને રથમાં બેસાડયાં અને હું પોતે પણ રથમાં બેસી દિલ્હીથી નાસી છૂટયો. બાદશાહ વગેરે તો મર્હૂમ શહેનશાહ હુમાયુના મકબરા તરફ ગયા હતા, પણ મેં કરનાલનો

રસ્તો પકડયો. કારણ કે ત્યાં મારો એક દોસ્ત રહેતો હતો અને કરનાલનો તે એક સારો માતબર જમીનદાર પણ હતો.

અમારો રથ અજમેરી દરવાજાની બહાર નીકળ્યો. ખરો રસ્તો તો લાહોરી દરવાજે થઇને હતો, પણ તે તરફ અંગ્રેજી ફોજોની જબરદસ્ત બીક હતી. અજમેરી દરવાજાની બહાર નીકળીને જોયું તો દેખાયું કે, હજારો મનુષ્યો-ઓરતો-બાળકો-બુઢ્ઢાઓ પોતાને માથે પોટલીઓ મૂકી હેરાન-પરેશાન થતા દિલ્હી છોડી ચાલી જતા હતા. ત્યાં રથ હાંકનારે કહ્યું-'ગુડગાંવા થઇને કરનાલ જવું જોઇએ, જેથી આપણે અંગ્રેજી ફોજના હાથમાં ગિરફતાર ન થઇ શકીએ. ગુડગાંવા સુધી તો અમે આરામથી પહોંચી ગયા. રસ્તામાં અમને ગુજર લોકો મળ્યા. તેમની ખૂબ ખુશામત કરી અમે તેમના પંજામાંથી છૂટી ગયા; પણ જયારે અમે ગુડગાંવાથી કરનાલ તરફ વળ્યા કે એક ફોજે અમને લૂંટવા ચાહ્યું. હજુ તો તેઓ અમારા રથને હાથ લગાડે એટલામાંજ સામેથી એક અંગ્રેજ ફોજ આવતી દેખાઇ. એ ફોજમાં તમામ ગોરા લોકોજ હતા. તેને જોઇને ગુજર લોકો તો નાસી ગયા, પરંતુ તે ફોજે અમને ઘેરી લીધા. તે ફોજના લોકો અંગ્રેજી જબાનમાં અમારી મશ્કરી કરવા લાગ્યા. આપસ આપસમાં બોલીને અમને હીણવવા લાગ્યા; પણ એમાં હું કાંઈ સમજી શકયો નહિ. એક ગોરાએ રથનો પડદો ઉઘાડીને જોયું અને મારી વાલદાને જઈફ અને આંધળી જોઇને જોરથી હસ્યો. ત્યાર પછી તે લોકો ચાલી ગયા. અમે પણ આગળ વધ્યા. સાંજ સુધી ચાલ્યા કર્યું. કોઇ અડચણ અમને નડી નહિ. રાત્રે એક નાના ગામડામાં રોકાયા. અર્ધી રાતે કોઇ ચોર લોકો આવી અમારા બળદ ચોરી ગયા અને રથ હાંકનાર પણ ગાયબ થઇ ગયો. સવારે હું બહુજ ફિકરમાં પડી ગયો. એ ગામ જાટ લોકોનું હતું. તેમની પાસે જઇને મેં ભાડેથી એક ગાડીની માગણી કરી. તેઓનો ચોધરી મારી પાસે આવ્યો અને બોલ્યો કે “ગાડી તો અમારે ત્યાં છે નહિ. તમે તમારી માતાને અમારે ત્યાં રાખો. આવતી કાલે બીજા ગામથી તમને ગાડી મંગાવી આપીશું!” મેં એનેજ ગનીમત સમજી લીધી. માતાને લઈ હું ચોધરીને ઘેર ગયો. અમારી પાસે એક પેટી હતી અને એક નાનકડો ડબ્બો પણ હતો. બંનેમાં કેટલીક અશરફીઓ (સોનાની મહોરો) અને હીરા-મોતી વગેરેથી જડેલાં ઘરેણાં હતાં.

ચોધરીએ અમને એક ઘરમાં ઉતારો આપ્યો. તમામ સામાન તે ઘરમાં મૂકી ગાડી લાવવા માટે એક માણસને બીજે ગામ

મોકલવામાં આવ્યો. થોડીજ વારમાં ગામવાળાઓએ અફવા ફેલાવી કે, અંગ્રેજી ફોજ આવે છે. તે સાંભળી ચોધરી મારી પાસે આવ્યો અને બોલ્યો કે "તમે અત્યારે ને અત્યારે નાસી જાઓ; નહિ તો તમારી સાથે અમે પણ માર્યા જઇશું!" એથી હું બહુજ ગભરાયો. મેં ચોધરીને કહ્યું-"ભલા માણસ! હું મારી આંધળી માને લઇ કયાં જાઉં? શું તમને મારી હાલત પર દયા નથી આવી શકતી?" એ સાંભળી ચોધરીએ મને એક ગડદો માર્યો અને બોલ્યો: "શું તમારે માટે અમે અમારી ગર્દન કપાવીએ?" સારૂં શાહી ખૂન તપી આવ્યું. મેં પણ સારી પેઠે તે ચોધરીને મેથીપાક જમાડયો. તે જોઇ ગામના તમામ જાટ લોકો ભેગા થઇ ગયા. તેઓએ ભેગા થઇ મને ખૂબ માર માર્યો. હું બેહોશ થઇ ગયો. જયારે હું હોશમાં આવ્યો ત્યારે જણાયું કે, હું એક જંગલમાં પડયો છું. વાલદા મારી પાસે બેઠી બેઠી રોતી હતી. તેમણે કહ્યું કે, જાટ લોકો તમને અને મને એક ખાટલામાં ઉપાડી લાવી અહીં નાખી ગયા છે. જણાય છે કે, તેમણે આપણો સામાન લૂંટી લેવા માટે બહાનું કાઢયું હતું. ફોજ-બોજ કોઇ પણ નહોતી આવી.

એ વખત અમારે માટે બહુજ વસમો હતો. બિયાબાં જંગલ, માથું ફાડી નાખે તેવો સખત તડકો, તેમાં હું, મારી આંધળી માતા અને ચારે તરફ ઉજડ તથા શૂન્યતા હતાં. તેમાં પણ દુશ્મનોની બીક અને મારથી થએલા જખમોની તકલીફ અને અજાણ્યો રસ્તો તથા પ્રદેશ! એવી હાલતમાં અમે મા-બેટા આવી પડયાં. અમારી કારમી મુશીબતોનો તમે ખ્યાલજ કરી લો. તેથી કોઈ પણ સંગદિલ માણસના જીગરને પણ રહેમ આવી જાય. એ બાબતમાં હું વધારે લંબાણ કરીશ નહિ. મતલબ કે, એનું વર્ણન થઇ શકે તેમ નથી. મારી માતાએ કહ્યું કે "બેટા! ચાલો. હિંમત કરીને આગળ વધો. અહીં જંગલમાં પડી રહેવાથી કાંઈ પણ ફાયદો નથી." બહુજ મુશીબતે હું ઉભો થઇ ગયો. માથે તથા હાથે ઘાવ હતા અને પગ ઉપર પણ માર પડયો હતો; છતાં આંધળી માતાનો હાથ પકડી હું ચાલવા લાગ્યો. કાંટાવાળી ઝાડીઓ આખા મેદાનમાં ફેલાએલી હતી. એણે અમારાં બદન પરનાં કપડાં ફાડી નાખ્યાં. પગ લોહીલુહાણ થઇ ગયા. મારાં માજી ઠોકરો ખાઇ ખાઇને પડી જતાં અને હું તેમને સંભાળી લેતો; પરંતુ શરીરપરના ઘાવોને લીધે મારામાં અશકિત આવી ગઇ હતી અને ચાલવાની શક્તિ કે હિંમત પણ નહોતી. એવો વખત પરવરદેગાર અલ્લાહ-તઆલા કોઇને ન દેખાડે.

જ્યારે બપોરનો વખત થયો અને તડકો સખત પડવા લાગ્યો ત્યારે મારા માથા પરના ઘાવમાં એવી તો પીડા .થવા લાગી કે જેથી હું ચક્કર ખાઇને જમીન ઉપર પછડાઇ પડયો. મારી આંખે તમ્મર આવી ગયાં. મારામાં શુદ્ધિ હતી, પણ ઉઠીને ચાલવાની તાકાત નહોતી. માતાએ મારૂં માથું ઉંચકીને પોતાના ખોળામાં લઇ લીધું અને ખુદા-એ-તઆલા પાસે દુઆ માગવા લાગી કે—"ઓ રહેમદિલ ઇલાહી! મારી ઉપર દયા કરો-રહેમ કરો. મારા ગુનાહો માફ કરી દ્યો અને મારા માસૂમ બચ્ચાની જાન બચાવો. ઓ ખુદા! આ આંધળી શાહજાદી તારી આગળ હાથ ધરે છે તેને મહરૂમ (વિમુખ) ન કરો. તારા સિવાય અમારૂં કોઇ નથી. જમીં અને આસ્માં અમારાં દુશ્મન થયાં છે. તારા સિવાય હું કોને કહું અને કોને યાચું? તું જેને ચાહે છે તેને ઇજ્જત બક્ષે છે અને તું ચાહે તેને જીલ્લત આપે છે. ગઇ કાલેજ અમે મુલ્કના અને હાથી-ઘોડા તથા ગુલામ-બાંદીઓના માલિક હતા અને આજે તેમાંનું અમારી પાસે કાંઇ પણ નથી. શા ઉપર આ દુનિયાવાળાઓ જાને ફાની (અસાર સંસાર)માં જીવવાની ખ્વાહિશ રાખે છે? તૌબાહ છે. ગુનાહોની તૌબાહ છે. રહમ એ ખુદા! રહમ-રહમ-રહમ.

મારી અમ્મા દુઆ માગી રહી હતી એટલામાં ત્યાંથી એક ગામડીઓ ગમાર પસાર થતો હતો. તેણે કહ્યું-"ઓ બુઢ્ઢી! તારી પાસે જે કાંઇ હોય તે નાખી દે." અમ્માએ કહ્યું-"દિકરા! મારી પાસે તો મારા આ બિમાર બચ્ચા સિવાય કાંઇ પણ છે નહિ." એ સાંભળતાંજ તે ગમારે અમ્માના માથા ઉપર જોરથી એક લાકડી મારી. તે લાગતાંજ તેણે એક કારમી ચીસ પાડી અને કહ્યું કે "અય જાલિમ! મારા બચ્ચાને ન મારીશ." આ બનાવ જોઇને હું હિંમત કરી ઉઠયો; પણ અફસોસ કે ચક્કર ખાઇને ફરી પાછો પડી ગયો અને બેહોશ બની ગયો. જ્યારે હું હોશમાં આવ્યો ત્યારે તે ગમાર ચાલી ગયો હતો. અમે બન્ને મા-દિકરા તદ્દન.........પડયા હતા. મેં પૂછ્યું-"અમ્મા! કેમ છે?" તેમણે કહ્યું-"દિકરા! હવે હું મરૂં છું. મેં તને ખુદાને સોંપ્યો છે. હાય, હાય! હું એક શહેનાશાહે-હિંદની ભાભી છું, છતાં કફન પણ મને ન મળ્યું અને કબ્ર પણ મળશે નહિ. ઓ ખુદા! મારા ગુનાહોની માફી આપજો." ત્યાર બાદ તેણે પાક કલમા પઢયા અને તે મરી ગઇ. હું માંડ માંડ ઉઠયો અને ચારે તરફથી માટી ભેગી કરી તેમાં તેને છુપાવી દીધી.

ઘણીજ મુશ્કેલીથી હું સરકતો સરકતો એક ઝાડની નીચે

જઇ પડયો. થોડી વારે ત્યાંથી એક ફોજી ઘોડેસ્વાર નીકળ્યો. મને ઝાડ નીચે પડેલો જોઇ તે મારી પાસે આવ્યો. મેં તેને મારી આપવીતી તમામ હકીકત સંભળાવી. તેણે પોતાની કમરેથી રૂમાલ છોડીને મને આપ્યો. મેં તેને તહેમતની જેમ બાંધી લીધો. ત્યારબાદ એ ઘોડેસ્વાર મને પોતાની પલટનમાં લઇ ગયો. ત્યાં ઘાવોની દવા કરાવી. એ ઈલાજથી મારા જખમ ભરાઇ આવ્યા. હું સારો-સાજો અને તંદુરસ્ત થઇ ગયો. પછી હું તે સ્વારની ચાકરી કરવા લાગ્યો. એ સ્વાર મુસલમાન હતો અને સ્વભાવે બહુજ ભલો હતો. તે પતિયાળાનો રહેવાસી હતો. તે ઘણોજ નેક તથા દયાળુ હતો. તેની સાથે પતિયાળામાં હું કેટલાક દિવસ રહ્યો. ત્યાર પછી ફકીર થઇને શહેરે શહેર ફરવા લાગ્યો. જયારે હું મુંબઇ પહોંચ્યો ત્યારે એક ધાર્મિક કાફલો મક્કાશરીફ જવાનો હતો તેની સાથે હું પણ મક્કા-મુઅજજમા ચાલ્યો ગયો. ત્યાં મેં દશ વર્ષ વીતાવ્યાં. પછી મદીના-શરીફમાં હાજરી આપી. ત્યાં પાંચ વર્ષ ગુજારી દીધાં. ત્યાર બાદ રૂમ-શામ અને બૈત-ઉલ-મુકદ્દસની જિયારતો (તીર્થયાત્રાઓ) કરી. પછી બલખ થઇને બગદાદ જઇ પહોંચ્યો. બગદાદથી એક શખ્સની સાથે કરાંચી આવ્યો અને કરાંચીથી પાછો દિલ્હી આવી પહોંચ્યો. દિલ્હીની યાદ મને દરેક જગ્યાએ સતાવતી હતી. એથી હું દિલ્હી આવ્યો અને ઠરી ઠામ થયો.

અહીં આવીને રેલ્વે પર મેં મજૂર તરીકે કામ શરૂ કર્યું. એથી ખાવાપીવા ઉપરાંત મારી પાસે થોડા થોડા પૈસા ભેગા થવા લાગ્યા. બે વરસમાં મારી પાસે ત્રણસો રૂપિયા ભેગા થઇ ગયા. ત્યારે મેં એક ગાડીવાનના ભાગમાં એક ગાડી કરી લીધી. એ રીતે મને જે આવક થતી તેમાંથી ધીમે ધીમે મેં મારા ભાગીદારનાં નાણાં ચૂકવી આપ્યાં અને મારી પોતાની માલેકીની ગાડી બનાવી લીધી. હવે હું એની ઉપરજ મારૂં ગુજરાન કર્યા કરૂં છું."

સવાલ કરનારે ફરી સવાલ કર્યો કે "તમે બહેરા કયારથી થયા? આપને એથી બહુજ તકલીફ થતી હશે નહિ વારૂ?"

"શુક્ર છે તે ખુદા-એ-તઆલા-ના કે જેથી મને કોઇ પણ જાતની તકલીફ નથી થતી. આખી દુનિયાની ખરાબ વાતો ન સંભળાય તે માટે કાન બંધ છે. ગામડામાં જયારે જાટ લોકોએ મને માર્યો હતો તે વખતે મગજ ઉપર એવો માર લાગ્યો હતો કે જેથી જમણો કાન તો તદ્દન બહેરો થઇ ગયો. હવે ફક્ત ડાબા કાનથી કાંઇક સાંભળી શકું છું. એ કાને જે કાંઇ થોડુંઘણું સાંભળી

શકાય છે તેથી મારું કામ મજેથી ચાલી શકે છે."

પ્રશ્ન પૂછનારે પૂછ્યું—"હું આપનું આ દુઃખદાયક દાસ્તાન (કથાનક) પુસ્તકમાં લખી દઉં?"

"જરૂર, જરૂર લખી દેજો. પણ તેમાં સાથે એ પણ લખી દેજો કે-

"વીતી જનારી દરેકે દરેક વાત, વીતી ગએલો દરેક વખત અને વીતી ગએલું સુખ અને દુઃખ અસ્સલ-સાચાં-નથી, પણ એ બધાંએ જૂઠાં છે! પરંતુ એ બધાંઓમાં ઉપદેશ અને બોધ અવશ્ય છે. તથા અંતે તો-

ફિતરતહી ફિતરત યહાં છાઇ હુઇ,
કજા ઢૂંઢતી ફિરતી હૈ ઘર તેરા આઇ હુઈ!
દેખના હોગા તુઝે જાલિમ નતીજા જોરકા;
ભૂલા હૈ કયા તખ્ત પર કર લે ઠિકાના ગોરકા!

(જફર)

અને વાચક!

અમે બન્ને છૂટા પડયા. અહીં આ કરુણાજનક કર્મકથા પૂરી થઈ. ×

(ડિસેમ્બર-૧૯૨૪ના "ચિત્રમય જગત"માંથી)

× ખ્વાજા હસન નિઝામીના 'દેહલી ગદરકે અફસાને' નામના પુસ્તકમાંથી હિંદી મનોરંજનમાં પ્રકટ થએલ વાર્તા પરથી.

૫૮-ધનદાસ

(અનુવાદકઃ-શ્રી. છગલાલ હરિલાલ પંડયા)

પહેલું દૃશ્ય

(સ્થાનઃ-ધનદાસનો ખૂબ શણગારેલો ઓરડો. સમયઃ-ચાર વાગ્યા પછી સંધ્યાકાળનો. ધનદાસ મિત્રોની સાથે જલપાન કરી રહ્યા છે. કેટલેક દૂર બેઠેલા ગવૈયાઓનું સંગીત ચાલુ છે. એક અપરિચિત પુરુષ પ્રવેશે છે. શરીર બહુ બલિષ્ઠ; ચહેરા પર શૌર્ય; નેત્રોમાં વિકરાળ તેજ છે.)

ધનદાસ (મનમાં)—આ અસભ્ય કોણ આવે છે? શું દરવાજા પર કોઇ પહેરો ભરનાર નહિ હોય? (નોકરને) જુઓ, પહેરાપર કોણ છે?

આવનાર પુરુષ--(નોકરને) તું ઉભો રહે. પહેરેદારની તરફથી ધનદાસને હુંજ જવાબ દઇશ.

(નોકર ઉભો રહી જઇ ધનદાસના મોં સામે જુએ છે.)

ધનદાસ—(ક્રોધથી વિહ્વળ બનીને) કોણ છો તમે? પહેલેથી સૂચના આપ્યા વિના કોઇના ઘરમાં આમ ઘૂસી આવવું એ શું શિષ્ટાચાર કહેવાય?

પુરુષ—(દૃઢતાપૂર્ણ સ્વરે) હું કાળ છું. મારે માટે ક્યાંય રૂકાવટ છેજ નહિ. મને કોઇ રોકી શકતુંજ નથી. હું મનુષ્યોના શિષ્ટાચારને વશ નથી; એટલે તમને સૂચના આપવાની મારે કંઇ આવશ્યકતા ન હતી.

ધનદાસ—(કાળનું નામ સાંભળી ગર્વ ગળી જતાં નરમાશથી) ઠીક. સૂચના આપવાની આપને આવશ્યકતા નહિ હોય, પણ આપને આવવાનો આ કંઇ યોગ્ય સમય કહેવાય? હું મિત્રોની સાથે જીવનસુખ અનુભવી રહ્યો છું તેમાં આપ વિઘ્ન નાખવા કેમ આવ્યા છો?

કાળ—હું તમને પહેલેથીજ કહી ચૂક્યો છું કે, મારાપર કોઈનો અધિકાર નથી. હું તો ચાહું ત્યાં અને ચાહું ત્યારે જવાને પૂર્ણ

સ્વતંત્ર છું. હું તમને લેવાને આવ્યો છું, ચાલો.

ધનદાસ (ભયભીત બનીને)—મને લઇ જવા ? ભલા, કાલે તો મારો વિવાહ થયો છે. હજી મિત્રોને મેં વિદાય પણ કર્યા નથી. જીવનનું સુખ કેવું છે તે મેં સારી રીતે જાણ્યું પણ નથી. કંઇ દાનપુણ્ય પણ કરી નથી શકયો. એટલામાં આપ મને લેવા આવ્યા છો ? આપ સ્વતંત્ર છો તેમ નિષ્ઠુર પણ છો, એ પ્રસિદ્ધ છે. પણ એટલી શિષ્ટતા તો આપનામાં હોવી જોઇએ કે કોઇને પહેલી સૂચના આપ્યા વિના તેના મકાનમાં ન અવાય.

કાળ—ઠીક લ્યો, જીવનનું સુખ ભોગવવા હું તમને થોડો અવસર આપું છું. હવે હું તમને પાંચ સૂચનાઓ આપીનેજ આવીશ.

ધનદાસ (પ્રસન્ન થઇને)—ધન્યવાદ ! (કાળનું પ્રસ્થાન)

ધનદાસ—(મિત્રોને) વાતોમાં ને વાતોમાં મેં કાળને પણ કેવો ઉલ્લુ બનાવ્યો ?

મિત્રગણ—આજ તો આપે કાળનેએ જીતી લીધો. આપના સમાન બુદ્ધિમાન મનુષ્ય ભૂમંડલ પર કોઇ છેજ નહિ. (ઉત્સવની સમાપ્તિ)

બીજું દૃશ્ય

(સમય:-પ્રાતઃકાળ. ધનદાસ પોતાની બેઠકમાં આરામખુરશી પર બેઠા છે, સામેનું દ્વાર ખુલ્લું છે, ઇશ્વર અત્યંત દુર્બળ તથા કંગાલના સ્વરૂપમાં બારણા પાસે આવે છે.)

કંગાલ—શેઠજીનું કલ્યાણ થાઓ. આજ ત્રણ ઉપવાસ થયા. હું રોગ તથા ભૂખથી પીડિત છું. કંઇ ખાવાનું અપાવશો ?

ધનદાસ—પહેરા પર કોણ છે ?

પહેરેદાર—હાજર, સરકાર !

ધનદાસ—તમે બેઠા રહો છો અને આવા લફંગા અહીં સુધી ચાલ્યા આવે છે એ કેવી વાત ? ઘડીએ આરામથી બેસવા દેતા નથી. જાઓ, તમને નોકરીથી દૂર કરવામાં આવે છે. (બીજા પહેરેગીરને) આ ભિખારીને ધક્કો મારીને બહાર કાઢી મૂકો.

કંગાલ—શેઠજી ! ભગવાને તમને ધન આપ્યું છે. તમે જો ગરીબોની દાદ નહિ સાંભળો તો કોણ સાંભળશે ?

ધનદાસ—ભગવાને મને ધન આપ્યું છે તે સુખ ભોગવવાને; તમારા જેવા નવરાને વહેંચવા નહિ.

કંગાળ—ઠીક, ત્યારે ભલે ભોગવો.

ધનદાસ—(ક્રોધાવેશમાં)—કાઢી મૂકો આ દોઢ ડાહ્યાને.

(કંગાલ જાય છે.)

ત્રીજું દૃશ્ય

(સ્થાનઃ—ગરીબોનો સમૂહ. ધનદાસની ઘોષણાનો પ્રભાવ)

ધનદાસ—હું ફૂલોની પાસે મારૂં નાક લઈ જઇને સુંઘવાનું કષ્ટ ઉઠાવનાર નથી. ફૂલોની સુગંધે મારા નાક પાસે આવવું જોઇએ.

કોઇ ગરીબો—અરે સાહેબ! ફૂલોમાંથી અમે તરેહ તરેહનાં અત્તર બનાવી લાવીશું તેથી આપને ઘેર બેઠેજ તેની મોજ મળશે.

ધનદાસ—આંખોને માટે રૂપ જોઇએ.

કેટલાક ગરીબો—અમે આપને માટે સુંદર ચિતરી લાવીશું.

કેટલીક ગરીબ સ્ત્રીઓ (વેશ્યાઓ)—જુઓ સાહેબ! અમારા રૂપ સામે નજર કરો. અમે હાજર છીએ.

ધનદાસ—કાનને માટે મધુર સ્વર જોઇએ.

કેટલાક ગરીબો—અમે ગાઇ-વગાડીને આપને પ્રસન્ન કરીશું.

ધનદાસ—ભોગ માટે સ્ત્રીઓ જોઇએ.

કેટલીક ગરીબ સ્ત્રીઓ (મનમાં)—હાય! આ પાપી પેટ ભરવાને બધુંએ કરવું પડશે. (પ્રકટ) શરીર વેચવાને અમે તૈયાર છીએ.

ધનદાસ—જીભને માટે સ્વાદિષ્ટ ભોજન જોઇશે.

કેટલાક ગરીબો—અમે આપને માટે તરેહ તરેહનાં મિષ્ટાન્ન બનાવી આપીશું.

ધનદાસ—શરીરને માટે સુંદર વસ્ત્ર જોઇએ તેનું કેમ?

કેટલાક ગરીબ—અમે આપને માટે સૂતર કાંતીને કપડાં વણીશું ને આપ પાસે હાજર કરીશું.

ધનદાસ—પગને માટે સ્વારી જોઇએ.

કેટલાક ગરીબો—અમે આપની ઘોડાગાડી હાંકીશું અને પાલખી ઉઠાવીશું.

ધનદાસ—મનના સુખને માટે મારે શિકાર રમવા જવું પડશે.

કેટલાક ગરીબો—અમે આપને જંગલી જાનવરોનો પત્તો બતાવી દઈશું.

ધનદાસ—મોજ માટે શરાબ જોઇએ.

કેટલાક ગરીબો—સાહેબ! અમે તે બનાવવાની તજવીજ કરીશું.

× × × ×

ધનદાસ—મને મારી પ્રશંસા બહુ સારી લાગે છે.

કેટલાક ગરીબો—અમે ઘણાજ મધુર શબ્દોમાં આપની પ્રશંસા ગાવાનો પ્રયત્ન આદરીશું.

ધનદાસ—કેટલાક ભિખારી મારૂં ધન લૂંટવા ચાહે છે.

કેટલાક ગરીબો—સાહેબ! અમે રાતદિવસ આપના મકાનની આગળ પાછળ પહેરો ભરીશું.

ધનદાસ—મારે તો સીવેલાં કપડાં પહેરવાં છે.

કેટલાક ગરીબો—સાહેબ! અમે સીવી લાવીશું.

ધનદાસ—મારા પગને ધૂળ તથા ઠંડકથી બચાવવાને જૂતાં જોઇએ.

કેટલાક ગરીબો—સાહેબ! ચામડું તૈયાર કરીને અમે જૂતાં બનાવી લાવીશું.

× × × ×

ધનદાસ—હવે મારી અવસ્થા પચાસ ઉપર પહોંચી છે. સુખ ભોગવતે ભોગવતે શરીર શિથિલ બની ગયું છે, પણ લાલસા હજી પ્રબળ છે. તેને કોઇ પૂર્ણ કરી શકે છે?

કેટલાક ગરીબો—(વૈદ્યના રૂપમાં) અમે તરેહ તરેહની ઔષધિઓથી આપના શરીરને સબળ બનાવીશું; તેથી વળી નવી નવી લાલસાઓ ઉત્પન્ન થતી જશે.

ધનદાસ—આવો, આપને સ્વાગત છે!

× × × ×

(મનમાં) સર્વ પ્રકારે હું સુખી છું. આ તો બધું મારાજ ભાગ્યમાં હતું ને!

ચોથું દૃશ્ય

(કેટલાંક વર્ષ વીત્યા બાદ)

(સડક પર ધનદાસ સંધ્યાસમયે ધીમે ધીમે ભ્રમણ કરી રહ્યા છે, એક બાજુ ઈશ્વર કોઢીઆના રૂપમાં એમના ભણી જોતા ઉભા છે.)

કોઢીઓ—ગરીબો પર દયા કરો.

ધનદાસ—સુખમાં વ્યાઘાત લાવનાર આવાં દૃશ્યને સડક ઉપર કેમ રહેવા દેવામાં આવે છે? આજેજ પોલીસ અમલદારને ચિઠ્ઠી લખીને રસ્તા ઉપર આવા કોઢી, લૂલા, લંગડા, કોઇ ન ફરે એવો બંદોબસ્ત કરાવું છું. આથી તો નાગરિકોને મહાન કલેશ ઉત્પન્ન થાય છે.

કોઢી—શેઠજી! દયા કરો.

ધનદાસ—અરે મારા પર દયા તુંજ કર ને? તારૂં કમકમાટ ઉપજાવતું દૃશ્ય દેખાડીને મારા સુખને શા માટે ફિક્કું પાડી દે છે?

કોઢી—સાહેબ! હું કમાઇ શકતો નથી.

ધનદાસ—ગરીબોએ મને કંઇ ઓછુંજ આપ્યું છે કે હું તેમને આપું?

કોઢી—ગરીબો પાસેથી તો આપને સર્વે સુખ મળે છે.

ધનદાસ—ચૂપ રહો, બકબક ન કરો. (ધનદાસ ચાલ્યા જાય છે.)

પાંચમું દશ્ય

(ધનદાસ વૃદ્ધ થઇ ગયા છે. ઉપવનમાં સંધ્યાસમયે વાયુ સેવન કરી રહ્યા છે ત્યાં કાળ પ્રવેશ કરે છે.)

કાળ—કહો મિત્ર ધનદાસ! સુખી તો છો ને?

ધનદાસ (ચકિત બનીને)—કોણ? કાળ? વળી તમે આવી પહોંચ્યા?

કાળ—હા, હવે જીવનસુખ ભોગવી લીધું ને?

ધનદાસ—અરે! હજી તો થોડુંજ શરીરસુખ ભોગવ્યું છે. પરલોકને માટે તો આજસુધી કંઇ કર્યુંએ નથી. દયાધર્મ માટે તો અવસરે મળ્યો નથી.

કાળ—ઈશ્વરે તો તમને ઘણાએ અવસર આપ્યા હતા.

ધનદાસ—ક્યારે?

કાળ—એક ગરીબ કેટલાએ દિવસનો ભૂખ્યો તમારી પાસે આવ્યો હતો તેને તમે ધૂતકારી કાઢયો હતો; એટલુંજ નહિ પણ બીજા એક ગરીબ પહેરેગીરની આજીવિકા તમે છીનવી લીધી હતી. એક વાર એક કોઢીએ તમારી પાસેથી સહાયતા માગી હતી. તમે તો તમામ દુઃખીઓની વિરુદ્ધ પોલીસને લખી દીધું કે, એવા તમારી આંખો આગળ ઉભા પણ ન રહે. તમારા સુખમાં વ્યાઘાત પહોંચતો હતો. એક ગરીબ વિધવા બાઈ બચ્ચાંને લઇને તમારી પાસે આવી હતી તેને તમે ધક્કો મારીને કાઢી મુકાવી હતી.

ધનદાસ—ત્યારે શું મારે એની પૂજા કરવી જોઇતી હતી?

કાળ—પૂજા કરી હોત તો તો ઈશ્વરનું દર્શન થઇ જાત!

ધનદાસ—ઈશ્વર ક્યાં એમ રખડતા ફરે છે?

કાળ—તમારા જેવાના ઉદ્ધારને માટે તો એ તરેહ તરેહનાં રૂપ ધારણ કરીને દયાધર્મ કરવા માટે તમને ઉત્સાહિત બનાવે છે.

ધનદાસ (કંઇક ચિંતાકુળ બનીને)—અરે! મને તો એ કંઇ માલમ પણ ન હતું.

કાળ—ખેર, હવે ચાલો; હું તમને લેવા આવ્યો છું.

ધનદાસ—(અત્યંત વિસ્મય સહિત) ભલા હજી તો મેં કંઇ કર્યુંએ નથી-નથી તીર્થયાત્રા કરી-નથી વ્રત કર્યું-નથી કોઇને કંઇ દાન આપ્યું-નથી કોઈના કામમાં હું આવ્યો, (એટલામાં કંઇક સ્મરણ થઈ આવવાથી જરા ઉત્તેજિત બનીને ઘોખો કરતા બોલ્યા.) "અરે કાળ! તમે નિષ્ઠુર તો જાણે પ્રસિદ્ધ છોજ; પણ તેની સાથે

જુઠાએ લાગો છો! એ તો હું આજસુધી જાણતોએ ન હતો."

કાળ—કેમ ?

ધનદાસ—તમે વચન આપ્યું હતું ને કે, પાંચ સૂચનાઓ આપ્યા પછી આવીશ? તે શું ભૂલી ગયા ?

કાળ (હસતાં હસતાં)—(જાણે વિષય બદલીને બોલતા હોય તેમ)—અરે ધનદાસ! તમારા વાળ તો બિલકુલ સફેદ થઇ ગયા છે ને શું ?

ધનદાસ—(સમજ્યા કે વળી એને વાતમાં ઉડાવી દેવાશે તેથી પ્રસન્નતા થતા કહેવા લાગ્યા) હા, મિત્ર! પચાસ વર્ષની ઉંમર થઇ ત્યાં તો વાળ સફેદ થવા લાગ્યા. હવે તો એકે કાળો રહ્યોજ નથી.

કાળ—ચશ્માં કયારથી ચઢાવો છો ?

ધનદાસ—બાલ સફેદ થવા લાગ્યા તેની સાથે આંખોમાંએ ઝાંખ આવવા લાગી.

કાળ—કાનથી પણ કંઇક ઓછું સંભળાય છે, નહિ ?

ધનદાસ—જી હા, કેટલાંક વર્ષોથી તેમ થયું છે ખરૂં.

કાળ—મોંમાંથી દાંત બધા કયાં ગયા ?

ધનદાસ—એકે એકે બધાએ પડી ગયા.

કાળ—પગના શા હાલ છે ?

ધનદાસ—અરે યાર! હવે તો શરીરનો ભાર પગ ઝીલી પણ શકતા નથી. તમે કંઇ દવા ન બતાવો ?

કાળ—દવા લઇને તો આવ્યો છું; ચાલો મારી સાથે.

ધનદાસ—પણ પેલી પાંચ સૂચનાઓ કયાં ?

કાળ—તમે હમણાંજ સ્વીકાર કરી ચૂકયા છોને કે, એ પાંચે તમને મળી ચૂકી છે. બાલ સફેદ થઇ ગયા, આંખોમાં ઝાંખ આવી, કાન બહેરા થઇ ગયા, દાંત પડી ગયા અને પગ નિર્બળ થઇ ગયા. એ પાંચ સૂચનાઓ ખરી કે નહિ? લ્યો હવે વાર ન કરો, ચાલો.

ધનદાસ—(કરગરતો) અરે યાર! થોડા દિવસ તો વધારે રહેવા દો! આ બધી દોલત કોઇને આપું. હાય! હું તો ધોખામાંજ રહ્યો—અરે! બેટા–બેટી–સ્ત્રી! દોડો દોડો, હું જાઉં છું.

(ધનદાસનું શરીર નિર્જીવ થઇને નીચે પડે છે.)

अंगं गलितं पलितं मुंडं दशनविहीनं जातं तुंडम् ।
वृद्धो याति गृहित्वा दंडं तदपि न मुंचत्याशापिंडम् ॥
भज गोविंदं भज गोविंदं गोविंदं भज मूढमते ॥

("સંદેશ"ના દીપોત્સવી અંકમાંથી. મૂળલેખક શ્રી. રામનરેશજી ત્રિપાઠી)



૫૯–જગના ક્ષુધાર્ત જાગો !

(લેખક:–શ્રી. મકનજી પરમાર)

આજે દીપોત્સવીનું પર્વ છે. ઘેર ઘેર દીપમાળાઓ પ્રકટી રહી છે. અમાવાસ્યાના ઘોર અંધકારને સ્થાને જાણે પૂર્ણિમાનો પ્રકાશ પથરાઇ રહ્યો છે.

પણ એ દીપમાળાઓ, એ પ્રકાશ કૃત્રિમ છે. આજના માનવીઓને અનુરૂપ એ કૃત્રિમ છે. દીપોત્સવીનું ખરૂં હાર્દ તો અંતરમાં દયા, જ્ઞાનની દીપમાળાઓ પ્રકટાવવાનું છે. વર્ષભરના પાપપુણ્યનો સરવાળો મૂકી, કાંચન સરીખડા શુદ્ધ બની આવતા વર્ષની પહેલી પરોઢે સ્નેહીમિત્રોને મળવાનું છે.

એવું અમોલ મહત્ત્વપૂર્ણ પર્વ આજે પણ ઉજવાઇ રહ્યું હતું. શ્રીમંતોને ત્યાં ગાનતાન અને રંગરાગ ઉડી રહ્યા હતા. દેવમંદિરોમાં દીપમાળાઓ પ્રકટી રહી હતી.

ભદ્રાવતીનાં આછેરાં નીરના યૌવનમદ ઓસરી ગયા હતા. તે સ્થિર ગંભીર રીતે વહી રહી હતી. એ એના નીરમાં કેટલાય સ્નેહભીના, દુખિયારા ને પીડિત હૃદયોની આંખલડીઓનાં આંસુ સમાવતી હતી, છતાં એ તો એની એજ રીતે વહ્યે જતી હતી. એનું હૃદય યુગયુગથી એવાં દુખિયારાંઓનાં આંસુઓ પી પીને રીઢું થઈ ગયું હતું.

ભદ્રાવતીના કાંઠેજ એક દેવમંદિર આવેલ હતું. તેના ઘુમટ ઉપર પ્રકાશદાતા પણ ગરીબાઇ ઉપર જાણે હસતો હોય તેમ ભાદ્રવતીના નીરમાં પ્રતિબિંબ પાડતો પ્રકાશી રહ્યો હતો. મંદિરમાં દીપમાળાથી ઝાકમઝોળ થઇ રહી હતી. પ્રભુપ્રતિમા ઉપર હીરામાણીકનાં જવાહીર શોભી રહ્યાં હતાં. સુગંધિત ધૂપની ફોરમ સર્વત્ર પ્રસરી રહી હતી. પ્રભુ પોતેજ શ્રીમંતાઇની પ્રતિમૂર્તિ થઇ બેઠેલા હતા. તેના દ્વારે અત્યારે હૈયેહૈયાં દળાતાં હતાં. જાતજાત ને ભાત ભાતની સાડીઓથી, અને ઘરેણુંગાંઠાંથી લચી પડતી સ્ત્રીઓ, શાલ–દુશાલાથી શોભતા પુરુષો, અને અત્તરથી મહેકતી એ

હવામાં ક્યાંય ગરીબાઇનું અસ્તિત્વ દેખાતું ન હતું.

રડયો ખડયો કોઇ ગરીબ ત્યાં જઈ ચડતો તો 'શેઠ સાહેબને, શેઠાણી સાહેબને જગ્યા દ્યો, એય બુડથલ! નથી સાંભળતો?' એવા પ્રભુસાર્થીતોના અવાજો સંભળાતા હતા.

બિચારા ગરીબો જાણે અછૂત હોય તેમ એ માંધાતાઓ માટે રસ્તો સાફ કરી આપતા હતા, 'પ્રભુદ્વારે સર્વ સરખા' એ ભાવના ભુલાઈ જતી હતી.

મહેલાતો અને મંદિરોમાં જ્યારે આવી ધમાલ થઇ રહી હતી, ત્યારે એજ મંદિરની સામે આવેલ, એજ પ્રભુની છાયામાં એક નાનકડા ઘરમાં એક નાનકડું કુટુંબ ગરીબાઇના ભરડામાં ભીંસાતું પડયું હતું.

ત્યાં નહોતી દીપમાળા કે નહોતી દિવાળી! ત્યાં તો દિવાળીના દિવસનું મૂળસ્વરૂપ આસોની અમાવાસ્યા ઘરમાં ને દિલમાં વ્યાપી હતી.

નાનકડા પતરાના ડબામાં ટમટમ કરતો દિવો બળી રહ્યો હતો. એક ખૂણામાં તૂટેલ ખાટલામાં એક પંદર–સોળ વર્ષનો કુમાર પડયો હતો. દર્દના દુઃખથી કણસી રહ્યો હતો, અને વખતે વખતે ઉભો થઇને નાસવા પ્રયત્ન કરતો હતો. પણ તેની પાસે બેઠેલ ચાળીસેક વર્ષનો આધેડ પુરુષ અને એક સ્ત્રી તેને રોકી સમજાવી સુવરાવી દેતાં તેને માથે મીઠો હાથ ફેરવતાં હતાં.

સ્ત્રી ત્રીસેક વર્ષની હશે, પણ કાસ કરી કરીને ઘસાઇ ગયેલી તેની કાયામાં આ પુત્રના મંદવાડે વધારે ચિંતા ભરેલ હતી, એટલે તે પચાસ વર્ષ જેટલી લાગતી હતી. તે ઉપરાંત એક સાત વર્ષનું ભૂલકું પણ ફરતું હતું. તેના શરીર ઉપર એક ફાટેલ કબજા સિવાય બીજું કાંઇ ન હતું, છતાં એ નિર્દોષ બાળક આનંદથી આંટા મારતું હતું, અને એની બાને કહેતું હતું:

"બા, એ...બા! બહાર તો દીવે દીવા! અને બધાય નવાં નવાં લૂગડાં પહેરીને દર્શને આવે છે. પેલા મથુરે તો નવાં કોટ-પાટલૂન પહેર્યાં છે. બા! મને એવું નહિ સીવડાવી આપે?"

"બેટા! તનેય સીવડાવી દઇશ. જો ને, આ ભાઇ માંદો છે એ સાજો થશે ને, ત્યારે તારે સારૂ મજાનાં કપડાં લઇ આવશે. પછી એ પહેરી તું નિશા—'

આટલું બોલતાં તો તેનો કંઠ રૂંધાઇ ગયો.

'હા...હા...હા જગુ! હું...હું તને લાવી...' એટલું કહેતાં તો પેલો દર્દી ઉભો થવા લાગ્યો, તેને સુવડાવવાની તડામારીમાં પતિ-

પત્ની પડયાં, એટલે જગુ બહાર દીપમાળા જોવા માટે ચાલ્યો ગયો.

'તમને પાંચ રૂપિયાની એ ઑફિસમાંથી ના પાડી ?'

'હા, કહે છે કે તું પચીસ રૂપિયા લઇ ગયો છું એટલે હમણાં નહિ મળે !'

'તમે દેવજીની માંદગીનું કહ્યું હતું ?'

'હા હા, પણ એ બધું પથ્થર ઉપર પાણી ! ગરીબોની કોને પડી છે ! દેવજી આપણે મન દેવજી, બીજાંને શું ? જો ને, ધર્માદા દવાખાનાનો દાક્તર છે, તોપણ રાત્રે આવવાના ફીના રૂપિયા માગ્યા ને ?'

'ધનનંદન શેઠ તો બહુ દયાળુ કહેવાય છે, છતાં આવા કઠોર હૃદયનાને કેમ રાખતા હશે ?'

'એ દયાળુ ફયાળુ તો માત્ર કહેવાના, બાકી બધાય પૈસાના જોરે વાહ વાહ કહેવરાવવા ઇચ્છે છે. તું એમ ન સમજતી કે, તેમને ગરીબોની પડી હોય !'

'ના ના, એવું તે હોય ! દુનિયામાં કોઇક તો ગરીબનો બેલી હોય ને ? હશે, પણ હવે આપણે શું કરીશું ? અત્યારે ઘરમાં તો ફક્ત બે આના છે, અને દેવજી તો બિચારો લેવાતો જાય છે, તેને માટે કાલે પેલો લેપ અને મોસં—'

સ્ત્રીના શબ્દો હજી પૂરા થાય એટલામાં તો કોઇનો બહારથી સાદ સંભળાયો: 'એય...એ...ય મગન ! અરે દોડ, તારો જગુ ધનનંદન શેઠની મોટરમાં આવી ગયો ! ઘુવડ જેવા સાળાઓ પોતાના છોકરાનેય સાચવી શકે છે ?'

'શું...શું...!' કહેતો મગન ગાંડાની માફક બહાર દોડયો. ત્યાં જઇ તેણે જોયું તો માણસોના ટોળા વચ્ચે જગુ પડયો હતો.

ધનનંદન શેઠ ઓટલે ચડતા ચડતા: 'છોકરાને ઇસ્પિતાલે લઇ જાઓ' એવો હુકમ આપતા હતા. સ્વરમાં નહોતી ધ્રુજારી કે નહોતી અનુકંપા. એક સામાન્ય સળેકડું પીસાયું હોય તેવી બેદરકારી એ સ્વરમાં ગાજતી હતી.

પણ મગન તો ત્યારે ગાંડો બન્યો હતો. તેણે ઓટલે ચઢી શેઠને પકડયા:

'સાહેબ ! મારો જગુ પીલાઇ ગયો, અરે તમારે આંખો છે કે નહિ ? તમે...ત...મે કયાં જાઓ છો ? મારો જગુ લા...'

મગનના શબ્દોને રોકતા શેઠ બોલ્યા: 'ભાઇ ! એ હું જાણું છું, એને ઇસ્પિતાલે મોકલું છું. આમ છોકરાઓને રખડતા ન મૂકીએ. આ લે પચાસ રૂપિયા. એની સારવાર કરજે.'

'સાહેબ ! તમારે આંખો નહોતી ? તમારા ડ્રાઇવરને આંખો નહોતી ? અને તમે શું મારા જગુની કિંમત રૂપિયા પચાસનીજ આંકો—'

'ચાલ દૂર ખસ ! મારે દર્શનનું મોડું થાય છે !'

'અરે દર્શનવાળી ધર્મની પૂંછ—'

'એય કોણ છે, આને અહીંથી દૂર કરો. સાલા પચાસ રૂપિયા પણ હવે નહિ મળે.' કહી ધનનંદન શેઠ પ્રભુના દર્શને ગયા.

'જય ગરીબનિવાજ ! જય અનાથના નાથ ! વાહ વાહ ! મારા પ્રભુ ! દુખિયાના બેલી !' એ શ્રીમંત, શ્રીમંત પ્રભુને વંદના કરવા લાગ્યો. પ્રભુ અને ધનનંદન બન્નેને અત્યારે પેલા જગુની તો પડીજ ન હતી. ધનનંદન અને પ્રભુનાં જવાહીરો સામસામા પ્રકાશ ફેંકી ધનનંદન અને પ્રભુને એકાકાર કરી દેતા હતા.

બન્ને મગનની મૂર્ખતા ઉપર મંદ મંદ હસતા હતા ! ધનનંદનના કાનમાં પ્રભુ શબ્દો પાડતા હતા: 'ધનનંદન ! એમાં તારો શું દોષ ! સાલાઓ છોકરાઓને પણ એટલા ન સાચવી શકે ? અને તારા જેવાની મોટરમાં આવી એક છોકરો મરી જશે તોપણ શું ? તારી ઇસ્પિતાલમાં ઘણાય દર્દીઓ તને આશીર્વાદ દેતા પડયા છે. શોક મા કર !'

આવી રીતે ધનનંદન પ્રાર્થના કરી પ્રભુ તરફથી મનકલ્પિત આશ્વાસન મેળવી રહ્યો હતો, ત્યારે મગન ગાંડાની માફક પોલીસ ચોકીએ દોડયો જતો હતો. ત્યાં જઇ તેણે ફોજદારને કહ્યું:

"સાહેબ ! મારા દીકરા જગુને ધનનંદન શેઠે તેમની મોટરમાં કચરી નાખ્યો. સાહેબ ! હું ગરીબ છું, મને મદદ કરો. મારો ન્યાય."

'ચાલ બક બક ન કર, હું આવું છું' કહી ફોજદાર જગુ કચરાયો હતો ત્યાં ગયા.

ડ્રાઇવર ઉપર જરા ધુંવા ફુંવા થયા અને સીધા મંદિરમાં ધનનંદન શેઠ પાસે ગયા.

મગનને કાંઇક આશા આવી.

પણ ફોજદાર સાહેબે તો મંદિરમાંથી બહાર આવી પગથીએથીજ મગનને ચોપડવા માંડી.

'સાલાઓ ! એક તો આવી ભીડમાં છોકરાઓ રખડતા મૂકે અને પાછા શેઠ સાહેબનો વાંક કાઢવા આવે.'

'પણ સાહેબ ! મારો મોટો દિકરો માંદો છે, તેની સારવારમાં અમે રહેલ એટલે ધ્યાન ન રહ્યું, અને બિચારું બાળક એટલે

બહાર ની—'

"જહન્નમમાં જાય તારા દિકરાઓ ને તું! ચાલ, લે હવે આ સો રૂપિયા શેઠ સાહેબે આપ્યા છે તે, અને તેને ઠે..."

"સાહેબ તમે..."

"ચૂપ કર, સાલા! સો રૂપિયા નહિ મળે, જો ઝાઝી ગડબડ કરી છે તો!"

'સાહેબ! મારે એ સો રૂપિયા નથી જોઇતા. હું સુપરિંટેન્ડન્ટ સાહેબ પાસે જઇ–'

'જા, તારે જવું હોય ત્યાં જા! હું જોઉં છું કે, તું શેઠ સાહેબને શું કરી શકે છે.'

અને ખરેખર, મગનને કયાંયથી દાદ નજ મળી. સર્વેએ તેનોજ દોષ કાઢયો. પેલો ગરીબનો બેલી પણ મંદિરમાં બેઠો બેઠો મગનની દોડધામ જોતો જોતો હસતો હતો. મગન પાછો આવ્યો. તેનું હૃદય અત્યારે રડતું ન હતું. તે અત્યારે લાગણીશૂન્ય માનવી બની ગયો હતો. એટલામાં તેના કાનમાં કોઇકે કહ્યું:

"મગન! મૂર્ખાઈ છોડી દે, બધેય ધનનંદન શેઠના હાથ લંબાઇ ગયા છે. તારું કોણ? તું જરા જો તો ખરો, મંદિરમાં બેઠેલો પેલો દીનદયાળ પણ તારી દોડધામ જોઇ હસી રહ્યો છે! મૂર્ખા, ગરીબ શા માટે થયો? ધનનંદન શેઠનો દિકરો તારા જગુ જેવોજ છે, તે તારી હડફટમાં આવ્યો હોત અને પડી ગયો હોત તો? માટે આ બધો તફાવત સમજી જા અને ડાહ્યો થઇ જગુને ઠેકાણે પાડ!"

'હા...હા...હા...હા, બરાબર છે! બરાબર છે! હું મૂર્ખો! ના ના, હું ગરીબ છું એટલે મૂ......'કહી તેણે જગુને ખભે નાખ્યો, અને દોટ મૂકી ઘરમાં ઘુસ્યો.

મગનની પત્ની મોંઘી વિહ્વળતાથી સામે દોડી.

'શું થયું? જગુને કેમ છે? અરે પણ તમે આમ કે–'

એટલામાં તો મગને જગુના શરીરને નીચે મૂકયું. મોંઘી ફાટી આંખે લોહી નિંગળતું જગુનું શરીર જોઇ રહી. જગુના શરીરમાં રહ્યોસહ્યો પ્રાણ નીચે મૂકતાંજ છેલ્લા ડચકે ઉડી ગયો. મોંઘીએ જગુને હાથમાં લીધો. એ ઠંડા દેહને છાતી સરખો ચાંપ્યો, તેની આંખોનાં આંસુઓ થીજી ગયાં. તે અનિમેષ નયને તેને જોઇ રહી. તેમાંથી ઝરતી આગનો તમને ખ્યાલ છે? એ આગ જગતને ભસ્મીભૂત કરવા મથતી હતી. મગન પણ કોઈક પૂતળાની પેઠે સ્થિર થઇ એક ખૂણે ઉભો હતો.

એટલામાં તોઃ

'જગુ ભા...ઇ તને હું...લાવી દઉં...'

કહેતો દેવજી સનેપાતના જોરે પથારીમાં ઉઠયો. મગન તેને સંભાળે તે પહેલાં તો તે દ્વાર સુધી ચાલ્યો ગયો. ઉઘાડા બારણા સાથે ભટકાયો. બારણાનો નિર્જીવ ખૂણો તેના કપાળમાં ગરી ગયો. એક, બસ એકજ ધબાકો ને દેવજી પડયો. પડતાંજ તેનો પ્રાણપંખેરૂં ઉડી ગયો!

મોંઘી દેવજી તરફ દોડી, પણ તે મોડી પડી. ઘરમાં કોઇ ભૂતાવળ જાગી હોય અને તેનાથી બીતો હોય તેમ પ્રકાશ વેરતો પેલો ટમટમ બળતો દીવડો પણ હોલવાઇ ગયો.

મગન અને મોંઘીએ દેવજીના દેહને ઉંચકી જગુના દેહ પાસે સુવાડયો.

મોંઘીના મુખમાંથી એકજ શબ્દ નીકળ્યોઃ

'ઓહ...ઓહ!' આકાશના ઘુમટને તોડતો અને સારા જગત ઉપર પ્રલયકાળનાં પાથરણાં પાથરતો એ શબ્દ સમાયો અને સાથોસાથ મોંઘીના જર્જરિત, ગરીબ દેહમાં રહેવામાં નાનપ સમજતો હોય તેમ એ નિષ્ઠુર શ્વાસ પણ છેલ્લો ધબકારો કરી બંધ પડયો.

મગન સ્થિર અને અચલ દૃષ્ટિએ ઘડીભર એ ત્રણેય સ્વજનોના દેહ સામે જોઇ રહ્યો. અત્યારે તેનામાં નહોતો થરથરાટ કે નહોતો જરાય કંપ! તે કોઇ પિશાચના પંજામાં સપડાયેલ પ્રાણી જેવો ઉભો હતો. અત્યારે તે પોતેજ પિશાચ હતો!

તેણે તેની દૃષ્ટિ ઉઠાવી, ઘરના ચારે ખૂણે જોયું અને પછીઃ

'હા...હા...હા' એક વિકટ હાસ્ય કર્યું. એ હાસ્યમાં જગતને સળગાવતી જ્વાલા ઉઠતી હતી. એ માનવહાસ્ય ન હતું, પણ કોઈ તાંડવનૃત્યનો રણકાર હતો.

બીજીજ ક્ષણે મગને મોંઘીને તેની ખાંધે નાખી. ભદ્રાવતીના આઘેરા નીરમાં હજી પણ પેલો મંદિરના ઘુમટ ઉપરનો દીવો પ્રકાશ ફેંકતો હસી રહ્યો હતો. ભદ્રાવતી પણ એની એજ ગંભીરતાથી વહી રહી હતી. મગને મોંઘીના શબને એક ઠેકાણે મૂકયું અને પાછો ઉપડયો. દેવજીના શબને ઉપાડી આવ્યો અને ત્યારપછી જગુના શબને લઇ આવ્યો.

છેવટે ઘરમાં પડેલ થોડાં લાકડાં ને છાણાં ઉપાડી આવ્યો. નદીના સામે કાંઠેથી જાળાં-ઝાંખરાં, અને લાકડાં વીણી આવ્યો.

ભદ્રાવતીનાં નીર થોડી જગ્યા ઉપર છાંટી લાકડાં ગોઠવ્યાં.

બધાંયને તે ઉપર સુવાડયાં. ઉપર લાકડાં ને છાણાં ગોઠવ્યાં. પ્રદક્ષિણા ફરી મગને આગ મૂકી. મંદિરના દીવાનું તેજ એ જ્વાળામાં સમાઇ ગયું. પ્રભુની પ્રતિષ્ઠા ને ગૌરવના ધ્વજ સરીખડા એ દીવડાએ પણ એ જ્વાલામાં સમાઇ જવાનું વધારે ઉચિત ધાર્યું.

મગનનો પણ જીવનપ્રકાશ એ જ્વાળા સાથેજ સળગી ગયો.

ચિતા ઠંડી પડી. અમાવાસ્યાનો ઘોર અંધકાર એ નિર્જન નદીમાં પથરાઇ રહ્યો. તેવુંજ ઘોર પ્રકાશશૂન્ય હૃદય લઈ મગન ઉઠયો. ચિતામાં આળોટયો, અને પછી એ ઘોર અંધકારમાં ગેબ થયો. મગન કયાં ગયો, અંધકારમાં કયાં ગુમ થયો તેની જગતને કાંઇ નહોતી પડી.

પ્રભુના ઓચ્છવમાં સર્વ મસ્ત હતા. એ ગરીબનવાજ, એ નોધારાનો આધાર! પણ એ ભવ્ય દીપમાળાઓથી શોભતા આવાસમાં, ધનનંદન જેવા ભક્તોની બિરદાવલિઓ સાંભળવામાં મસ્ત હતો.*

તેનાં હીરા–માણેકનાં આભૂષણો અત્યારે પણ ગરીબાઇ ઉપર મંદમંદ હસતાં ઝળકી રહ્યાં હતાં.

ઝાંઝ પખાજ અને ગવૈયાઓના ગુલતાનથી ભક્તિભીનાં હૃદયો મસ્ત હતાં. અને વચ્ચે વચ્ચે 'વાહ મારા પ્રભુ! વાહ ગરીબનવાજ' કહી તાલ દેતા હતા.

ધનનંદન શેઠ જેવા ધનવાનોની અને તેમનાજ જેવા તેમના પ્રભુની આજે દિવાળી હતી, પણ મગન જેવા ગરીબોની તો હતી– **'આસોની અમાવાસ્યા'**

("એ ઘડી મોજ"ના દીપોત્સવી અંકમાંથી)

* * *

---

* ખરૂં જોતાં હવે એવી મૂર્તિને પ્રભુને નામે પૂજવા યોગ્ય નહિ, પણ મંદિરવાળા ભ્રષ્ટાચારોના સાધનરૂપ બનાવેલી ખરાબ વસ્તુ તરીકે સાવ ખોદી કાઢવા જેવીજ ગણાય. અને એવા પ્રભુને પટાવવા ફરતા જડ પૂજકને–એવા મૂડીવાદના અધમ ઉપાસકને તો સાક્ષાત્ શિવ ભગવાન સમાજવાદરૂપે પ્રકટીને પાંશરો કરે તોજ બને!

ખરાબ ભિક્ષુ–અખંડાનંદ

૬૦-ગાંડી

(લેખક:-શ્રી. કિસનસિંહ ચાવડા)

(૧)

‘ગાંડી! ઓ ગાંડી! એ……ગાંડી જાય!’ કહેતાં છોકરાંઓનું ટોળું એક સ્ત્રીની પાછળ દોડતું હતું.

થોડે છેટે જઇને ગાંડી એક ઠેકાણે ઉભી રહી. એક તોફાની છોકરાએ દૂરથીજ એના તરફ જોરથી પથ્થર ફેંક્યો, અને ‘લેતી જા ગાંડી’ની બૂમ પાડીને નાઠો.

ગાંડીને પથ્થર વાગ્યો એટલે એના ચહેરા ઉપર એક જાતની ભયંકર રેખાઓ અંકાઇ ગઇ, આંખોમાં દર્દ અને ખુન્નસ એકીસાથે ઝબકી ઊઠયાં. જોરથી ત્રાડ પાડીને તે બોલી: “દૂર હઠો! દૂર હઠો!” અને બાળકોની પાછળ દોડી. છોકરાઓ નાસી ગયા.

વળી પાછી ફરી એટલે છોકરાંઓ પાછળ પડયાં. છોકરાંઓને કોણ વારે? આ ત્રાસમાંથી બચવા ગાંડી એક ઘરમાં ભરાઇ ગઇ. ઘરમાંથી કોઇનો કર્કશ અવાજ આવ્યો: ‘મારો મારો, ગાંડી આવી.’ એક માણસે ગાંડીની પીઠમાં જોરથી લાકડીનો સપાટો લગાવી તેને બહાર હડસેલી મૂકી.

ગાંડીના બરડામાં સખત વેદના થતી હતી, પણ એની અસહ્ય જીવનવેદના આગળ એનો હિસાબ નહોતો. બહાર આવીને એણે આકાશની તરફ જોઇને મોટેથી બૂમ પાડી: ‘ઓ! ઓ! જુઓ આકાશ ફાટી જાય છે! પૃથ્વી બળે છે! ચારે બાજુ દાવાનળ સળગ્યો છે! ઓ રે આગ–આગ!’

બેભાનપણામાં દોડતી ગાંડી એક વિશાળ ભવન પાસે ઊભી રહી. કોઇ શ્રીમંતની અભિલાષા જેવા મહાલયને જોઇને તે બોલી ઉઠી: ‘આ મોટો મહેલ પણ એક દિવસ હતો ન હતો થઇ જશે’ અને જોરથી હસી પડી. હાસ્ય ક્યારેક તો ભયંકર લાગે છે. પાગલોનું હાસ્ય ક્યારેક તો મૃત્યુથી પણ વધારે કારમું લાગે છે. મહેલ-

ને જોઇને ગાંડીએ નાચવા માંડયું. બેતાલ નાચતી જાય, ભયાનક હસતી જાય અને જોરથી કાતિલ સ્વરે બોલતી જાય: ‘ એક દિવસ હું આ જગતની રાણી બનીશ. આવા આવા હજારો મહેલ પણ બનાવીશ. એમાં હિંચકા મઢાવીશ અને પછી હસતી હસતી ઝૂલીશ, ખૂબ ઝૂલીશ. હા ! હા ! હા ! ખૂબ ઝૂલીશ. અને એક દિવસ એ મારો મહેલ પણ તૂટી પડશે. પછી ?’

(૨)

ગાંડીની અવસ્થા ૫૦ વર્ષની હશે. એના શરીરનું લોહીમાંસ સુકાઇ ગયું હતું. શરીરનાં હાડકાં ચામડીને તોડીને બહાર નીકળવાનો પ્રયત્ન કરતાં હતાં. એનું કદ્રૂપું શરીર જોઇનેજ ઘણા ડરી જતા. પરંતુ એના પર કોઇ ભલા અને પરગજુ માણસની સદ્‌ભાવના જેવું સૌમ્ય તેજ પણ વિલસતું હતું. કયારેક તો એની ઉંડી પેસી ગયેલી આંખોમાંથી આંસુ બળ કરીને પણ સરી પડતાં.

એક દિવસ ગાંડી રસ્તે ગુપચૂપ જતી હતી. એક રસ્તે જનારે એનો હાથ પકડીને પૂછયું કે ‘આજે કેમ આ તરફ આવી ?’

ગાંડીએ હાથ તરછોડીને કહ્યું: ‘હટ, મારે તો દૂર–ઘણે દૂર જવું છે.’ અને પછી જોરથી હસી પડી.

પેલા માણસે પૂછયું: ‘ગાંડી! ખાવું છે ?’ ગાંડીએ પાછું વિલક્ષણ હસતાં હસતાં કહ્યું: ‘ભૂખ, ભૂખ, ભૂખ.’

પેલા રાહદારીએ દુકાનમાંથી ખાવાનું અપાવ્યું. ગાંડીએ ઊભાં ઉભાંજ થોડું ખાધું અને થોડું પાસે ઉભેલા કૂતરાને નાખી દીધું.

ગાંડીએ પાછું ચાલવા માંડયું. એજ રસ્તે પાંચ સાત વખત ગઇ ને આવી એટલે થાકી ગઇ. પછી તે રસ્તામાંજ એક બાજુએ પડી અને સૂઇ ગઇ.

બીજો કોઇ તુમાખીખોર આવ્યો. તેણે રસ્તે ચાલતાં ગાંડીને લાત મારવાનો ડોળ કર્યો. ગાંડીએ ઉભી થઇ આગળ ચાલવા માંડયું.

(૩)

ઘણા દિવસો વીતી ગયા. ગાંડીનું રૂપ દિવસે દિવસે ખુનીના હૃદય જેવું ભયાનક બનતું જતું હતું. લોકો હવે એનાથી ખૂબ બીતા હતા.

એક દિવસ ગાંડી રસ્તે આવતી હતી. એક મિઠાઇવાળાની દુકાન આગળ તે થોભી અને ઝડપ દઇને એક થાળમાંથી થોડી મિઠાઇ લઇ ચાલવા માંડયું. દુકાનદારે પાછળ દોડીને ગાંડીના બરડામાં લાકડીના ચારપાંચ સપાટા લગાવ્યા. ગાંડી નીચે ઢળી પડી.

મિઠાઇ હાથમાંજ રહી ગઇ. થોડી વારે શુદ્ધિ આવી, પાછી ઉઠી અને હાથમાંની મિઠાઇ લોકો તરફ ફેંકીને ચાલતી થઇ.

લોકોએ અંદર અંદર વાતો કરી: 'આ ગાંડીને ગાંડાની હૉસ્પિટલમાં મોકલી દેવી જોઇએ.'

એક માસ પાછો વીત્યો. હવે ગાંડીથી ચલાતું નહોતું. માર ખાઇખાઇને અને દર્દની કારમી પીડાથી એનું જીવનબળ ક્ષીણ થઇ ગયું હતું. એક દિવસ અનહદ તાવની પીડાથી તે એક ફૂટપાથ ઉપર બેભાન પડી હતી. થોડી થોડી વારે વેદનાનો દયાજનક અવાજ આપોઆપ નીકળતો અને રસ્તામાં થતા કોલાહલમાં મળી જતો.

થોડી વારે એ ગાંડીની આસપાસ માણસોનું જૂથ જામ્યું. એક જણે ભીડમાંથી કહ્યું: 'ગાંડી! રામનામ લે.' ગાંડી દુ:ખમાં પણ હસી પડી. અને હસતાં હસતાં સૌની સામે આંખો મીંચી દીધી.

એજ વખતે પોલિસનો જમાદાર બે સિપાઇઓને લઇને ગાંડીને હૉસ્પિટલમાં મોકલવા આવ્યો, પણ એના પહેલાંજ એ ગાંડીનો આત્મા આ ગાંડા સંસારને છોડી ક્યાંક બીજે ચાલ્યો ગયો હતો!

એ ગાંડપણ શું હશે? જીવનની વાસ્તવિક અવસ્થા કે પોતાની જાતને ઓળખવાનો રોગ?

("કૌમુદી"ના એક અંકમાંથી)





૬૧-વીર કાસુનો જંતરડો

(લેખકઃ-શ્રી. ગોકુલદાસ રાયચુરા)

(૧)

"કાસુભાઇ ! આજ તમારૂં કામ પડયું છે."

"બોલો, જ્યાં જવું હોય ત્યાં ગાડું તૈયારજ છે."

"જાવું છે તો કુતિયાણા, પણ જરા જોખમ જેવું છે."

"ગલાલચંદભાઇ ! ગમે તેટલું જોખમ હોય પણ કાસુ ખોજાનું ગાડું એટલે રામરાજ્ય."

"ઇ તો મને ખાત્રી છે એટલે તો તમારી પાસે આવ્યો છું."

" ત્યારે બેસી જાઓ. બળદ ઉધે લગાડું એટલી વાર."

" ભાડું શું લેશો, કાસુભાઈ ! "

"આટલા વર્ષથી કામ પાડો છો એમાં કોઈ દિ ભાડું ઠરાવ્યું નથી અને આજ ભાડું ઠરાવું ?" કાસુએ હસતાં હસતાં પોતાની દાઢીના વાળ પર હાથ ફેરવ્યો.

" મારે આવવું હોય તો ઠરાવુંજ નહિ, પણ આ મહેમાનને જાવું છે. "

ગલાલચંદે પંદર વર્ષનો એક છોકરો કાસુને બતાવ્યો.

" બસ એકજ છે ? "

" એકજ. "

"તમારી મરજી પડે ઇ આપજો. હું તો નાસ નહિ પાડું."

"કાસુભાઇ ! એમ નહિ ચાલે. આજ તો તમારે બોલવુંજ પડશે. ઠેઠ કુતિયાણે જવું છે-લાંબો પંથ છે અને તેમાંય તમારૂં ગાડુ હું કહું એટલે મને અનેક રીતે નિરાંત રહે."

"એમાં તમારે કંઇ ફિકર નહિ. તમારા મહેમાનનો વાળ વાંકો થાય તો એનો ખોળાધર હું. "

" કાસુભાઇ ! વખત ખરાબ રહ્યા અને તેમાંય આ છોકરા પાસે જોખમ વિશેષ છે. "

" ક્યાંથી આવે છે ? " કાસુ ગાડાવાળાએ છોકરાને પગથી

માથા સુધી નીરખી જોયો.

“ આદતથી આવે છે. ”

“ આદતથી આવનારને કુતિયાણે જવું હોય તો તો પોરબંદર પાંસરૂં પડે.”

“ ઇ વાત સાચી, પણ વેરાવળના એક શેઠનો સથવારો હતો. પાસે જોખમ હોવાથી એ સથવારાની સાથે વેરાવળ ઉતર્યો અને ત્યાંથી અહીં કેશોદ આવી કુતિયાણે જવાનું એના પિતાએ ઠેઠ આદતથી નક્કી કરી દીધેલ છે.”

“ ભલે, ખુશીથી ગાડે બેસી જાય. ગલાલચંદભાઇના મહેમાન ઇ મારા પણ મહેમાન. ”

“એમ ન ચાલે, ભાડાનું નામ પાડો તો ઠીક.”

કાસુ ખોજો ગલાલચંદનો હાથ પકડી કેશોદ સ્ટેશનના દરવાજા પાસેના એક મોટા વડલા નીચે તેડી ગયો.

“ગલાલચંદભાઇ! છોકરા પાસે જોખમ કેટલુંક હશે?”

“વીસેક હજાર રૂપિયાનું જોખમ હોવું જોઇએ.”

“ત્યારે ભાડાની વીસ કોરી આપજો, એટલે ઘણી.”

ગલાલચંદને આ વીસ કોરી વધુ લાગી નહિ; કારણ કે કાસુ જેવો વિશ્વાસુ ગાડાવાળો આ આખાય પંથકમાં નહોતો. બાલાગામના કાસુ ખોજાનું ગાડું હોય પછી મધરાત્રે હજારોનું જોખમ લઇને જનારના પેટનું પાણી પણ ન હાલે એવી કાસુની આંટ હતી.

ત્રીસ વર્ષનો કાસુ ભેટમાં જંતરડો હમેશાં રાખતો. તલવાર, જમૈયો અને કડિયાળી ડાંગ રાખનારા અનેકને કાસુના આ જંતરડાની પ્રતીતિ થઇ ચૂકી હતી.

કાસુના ખેતરમાં ઉનાળુ મોલ ઝકુંબી રહ્યા હતા. બાલાગામ એટલે ઘેડ પ્રદેશનો હરિયાળો ભાગ. ઓઝતના એ રમણીય કાંઠા પર ઉનાળુ જુવાર કાસુના ખેતરમાં માથોડું માથોડું ઉંચે ઉભી હતી. જુવારના ખેતરમાંથી ઉભા ને ઉભા સાંઢિયા ચાલ્યા જાય તોય ન દેખાય એવો કસદાર એ મોલ હતો. કાસુ ખેતરની વચમાં માંચડો નાખી મોલનું રખોલું કરી રહ્યો હતો. બરાબર મધરાતે મોલના એક ખૂણામાંથી કંઇક અવાજ થયો. કાસુની ચપળ દૃષ્ટિએ રાતના અંધારામાં પણ એ મોલમાં કોઇ માટી છે એમ પારખી લીધું. કંઇ પણ બોલ્યા વિના કે અવાજ કાઢ્યા વિના માંચડા પર એકઠા કરેલા પહાણામાંથી એક પહાણો જંતરડામાં ચઢાવી તે ફેરવ્યો. જે દિશામાંથી અવાજ આવ્યો હતો, એ દિશા તરફ લક્ષવેધી તીરંદાજ-

ની માફક જંતરડાને જોરથી ફેરવીને ઘા કર્યો. સમ...મ...સમમ... કરતો પહાણો મોલમાં સંતાઇને ઉભેલા એક માટીના કપાળમાં લાગતાં એ ઉથલી પડયો. સવારે કાસુએ એ ખૂણા પર આવીને જોયું તો જંતરડાના ઘાથી એક વાઘરી ત્યાં ને ત્યાંજ મૃત્યુ પામ્યો હતો.

બીજા એક પ્રસંગે એક કણબણને લઇને ચાર જણ ભાગ્યા. કાસુને ખબર પડતાં એ એની પાછળ પડયો. એક ખેતરવા અંતર પડતાં કાસુએ એ ભાગતા ચારે જણને પડકાર્યા. એ ચારે જણા પાસે તલવારો હતી એટલે કાસુની રાહ જોતા એ ઉભા અને પાસે આવે એટલે પૂરો કરવાનો નિશ્ચય કર્યો; પણ કાસુએ તો દૂરથીજ ભેઠે ભરાવેલા પહાણા જંતરડે ચઢાવ્યા અને બરાબર લમણાનો લાગ લઈ એક પછી એક એ ચારેને પૂરા કર્યા.

કાસુનાં આ પરાક્રમોથી ગલાલચંદ માહિતગાર હતો એટલે આદતથી રૂપિયા લઇને આવેલ આ છોકરાને સહિસલામત પહોંચાડવા માટે કાસુ સિવાય બીજા કોઈ ઉપર એની નજર ઠરી નહિ. એ વખતે કુતિયાણે જવા માટે રેલગાડી નહોતી. પગરસ્તે શાપુરથી જવાતું. પહેલાં ગલાલચંદને એવી ઇચ્છા થયેલી કે, શાપુર સુધી રેલગાડીમાં મોકલાવી પછી ત્યાંથી કોઈ ગાડું કરી લેવું, પણ કાસુ ખોજા જેવો કોઇ વિશ્વાસુ ગાડાવાળો શાપુરમાં નહોતો.

" ત્યારે કાસુભાઈ ! થાઓ તૈયાર. "

"રોટલો ખાઇ લઉં એ દરમિયાન તમે મહેમાનને તૈયાર કરી લ્યો."

"કાસુભાઇ ! જંતરડો પાસે છે ના ? "

"આજ સાથે નથી રાખ્યો; કારણ કે હમણાં કંઈ જોખમ જેવું ગામડામાં નથી એટલે એમ ને એમ આવ્યો હતો."

"ત્યારે શું કરશો ? જંતરડો તો તમારે ચોવીસે કલાક તમારી પાસે રાખવો જોઇએ. "

" ગાડું બાલાગામ થઇને જશે, એટલે ઝાંપે ઉભું રાખી ઘેર જઇને લઇ આવીશ. "

"જરૂર એમ કરજો. જંતરડા વિના બધુંય ખોટું."

" પણ હું કેવો છું ? જીવતો જંતરડો હોય પછી શું વાંધો છે ?" કાસુ ખડખડાટ હસ્યો.

(૨)

બરાબર વાળુટાણું થતાં કાસુનું ગાડું બાલાગામ આવી પહોંચ્યું.

"જરા આરામ લેવો છે જગુભાઇ ? " કાસુએ પાદરમાં ગાડું ઉભું રાખી ગાડામાં બેઠેલ એ પંદર વર્ષના છોકરાની સામે ચાંદ-

રડાના અજવાળામાં જોયું.

"જેમ તમારી મરજી."

"હું તો એમ ઇચ્છું છું કે, તમે મારા આજે મહેમાન થાઓ. બ્રાહ્મણને બોલાવી રસોઇ કરૂં અને તમે અત્યારે ગરમ ગરમ રસોઇ જમો."

"જમવા જેટલો વખત હોત તો તો કેશોદ ગલાલચંદ કાકાને ત્યાં રોકાત."

"પણ હવે અહીંથી કુતિયાણા બાર ગાઉ રહ્યું. આપણે ચંદરમા ઉગે ચાલશું તોય સવારના ખુશીથી પહોંચી જશું."

"મારે બરાબર વખતસર પહોંચવું જોઇએ."

"વખતસરજ પહોંચશો. આજે બારશ ને કાલે ધનતેરશ."

કાસુ ગાડાવાળાએ પોતાને ત્યાં આ મહેમાનને જમાડવા બહુ આગ્રહ કર્યો, પણ જગુભાઇએ રસોઈ કરાવવાની ના પાડી અને પોતાની પાસે જે મિઠાઇ હતી તે પોતે ખાધી તથા કાસુના ઘરમાં પણ છોકરાંઓને આપી.

કાસુએ ફળિયામાં ખાટલો નાખી આપ્યો અને એક નવું ગાદલું પાથરી આપી જગુને થોડો વખત આરામ લેવાનું કહ્યું.

"કાસુભાઇ! બહુ મોડું કરશો મા હો. પાછો રસ્તો પણ ખરાબ છે."

"રસ્તો ખરાબ બરાબ તો ઠીક. જ્યાંસુધી ભગવાન અને જંતરડો એ પાસે હોય ત્યાં સુધી કાસુને કાંટાળો રસ્તો પણ ફૂલ જેવો લાગે છે." બોલતો બોલતો કાસુ હસ્યો.

"જગુભાઇ! આ બળદને નીરણ નાખી છે એ ખાઇ લે પછી તુરત ગાડું જોડીશ."

ફળિયામાં ખાટલા પર ઠંડા પવનની લહેરીમાં જગુની આંખ મળી ગઇ. કાસુ બળદને તૈયાર કરી ખાટલા પાસે આવ્યો ત્યાં જગુને એણે ઉંઘમાં દીઠો, ઉંઘમાં ને ઉંઘમાં બે કલાક થઇ ગયા. મધરાત થવા આવી. શિયાળિયાંનો અવાજ સંભળાતાં જગુ ચોંકીને જાગ્યો.

"કાસુભાઇ! તૈયાર છોની?"

"હા, તમે ઉઠો એટલી વાર."

"મને તો ઉંઘ ચઢી ગઇ."

"કંઇ ફિકર નહિ."

કાસુએ ગાડું જોડયું અને મધરાત પછી કુતિયાણાને રસ્તે આ એકલ ગાડું ચાલ્યું.

ગાડાના ઠાંઠામાં કાસુએ પહાણાનો ઢગલો ભરી દીધો હતો.

"આટલા બધા પહાણા શા માટે ભર્યા ?" જગુએ પૂછયું.

"એનો કેવો ઉપયોગ થશે એ તમે જોશો ત્યારે રાજી થશો."

ઓઝત નદી ઉતરી ગાડું આગળ વધ્યું એટલે જગુને તો પાછી ઉંઘ ચઢી ગઈ.

કાસુ ઠંડે કલેજે ગાડું હાંકતો હાંકતો ચંદ્રાવળા લલકારતો હતો.

ગાડું આંબલિયાના પાદરમાં આવ્યું એટલે ચાર માણસો તાપણું કરીને તાપતા હતા.

"કીજો ગાડો ?" એક બુકાની બાંધેલાએ પડકાર કર્યો.

"ગાડો તો બાલાગામના કાસુ ખોજેજો આય" કાસુએ નિરાંતે જવાબ આપ્યો. ગાડું છોડી બળદને પાણી પાયું.

તાપણે તાપતા ચારે જણે મોઢા પર બુકાની બાંધી હતી એટલે કાસુ એ લોકોને ઓળખી શકયો નહિ, પણ એ સમજી ગયો કે એ ચારે શકમંદ માણસો છે.

જાણે કંઇ પણ બન્યું ન હોય તેવી શાન્તિથી કાસુએ બળદને પાણી પાઇ ગાડું જોડયું. હજુ સુધી જગુ તો ઉંઘમાંજ હતો. ગાડું થોડે દૂર ગયું એટલે કાસુએ જગુને જગાડયો.

"કેમ કાસુભાઇ! કયાં સુધી પહોંચ્યા ?"

"હજુ તો કુતિયાણા ઘણું છેટે છે. આપણે આંબલિયા અને નાનડિયા વચ્ચે છીએ. આ સામે દેખાય તે જંગલી પીર." જગુએ આંખો ચોળતાં ચોળતાં એ જગ્યા તરફ ચંદ્રમાના અજવાળામાં જોયું.

"જગુભાઇ! તમારા ભાતામાં મિઠાઇ છે ખરી ના ?"

"હા. કેમ આપું ? ભૂખ લાગી છે ?"

"મને તો ભૂખ લાગી નથી, પણ કોઇ મુસાફર ભૂખ્યો દેખાય તો જરૂર પડે એ માટે પૂછું છું."

વાત કરતાં કરતાં કાસુની નજર ગાડા પાછળ દોડયા આવતા પેલા ચાર જણ પર પડી.

"જગુભાઇ! તમારૂં જોખમ કયાં છે ? મને આપો."

જગુએ શંકાપૂર્વક કાસુ સામે જોયું.

"જગુભાઇ! વાર કરો માં. કઇ પેટી જોખમની છે એ મને બતાવો."

જગુનું દિલ હજી આનાકાની કરતું હતું.

"જગુભાઇ! પાછળ જુઓ. ચાર સિંધી તમને લૂંટવા પાછળ પડયા છે."

"હવે શું થશે ?" જગુ બેબાકળો થઇ ગયો.

"જરા પણ ગભરાઓ માં. કાસુનું ગાડું લૂંટવું એટલે કંઈ

રમત વાત નથી ! હાં, પણ તમે મને જોખમની પેટી બતાવો.”

“જગુએ ડરતાં ડરતાં જોખમવાળી પેટી કાસુને બતાવી. કાસુએ ચાલતે ગાડે એ પેટીને પોતાના જૂના ગોદડામાં વીંટી લીધી.

“જગુભાઇ ! પ્રાણ જશે તોય આ પેટી કોઇના હાથમાં નહિ જાય સમજ્યા ! ”

કાસુ પેટી વીંટતો હતો તેટલામાં તો પાછળથી પડકારા થયા.

કાસુએ બળદને ઉપાડયા. હમેશના ટેવાયલા બળદ કાસુને ડચકારે ભાગ્યા. એમ લગભગ અર્ધો ગાઉ તો પેલા દોડયા આવતા ચાર માટીને કાસુએ પહોંચવા દીધા નહિ.

જગુના દિલમાં તો ઉત્પાત થઇ રહ્યો હતો. કઇ પળે એ સિંધીઓ આવીને લૂંટી લેશે એ મુંઝવણમાં એ મૂંગો થઇ ગયો હતો.

હવે એ ચારે માણસ ગાડાની લગભગ પહોંચી ગયા.

કાસુએ ગાડું ઉભું રાખ્યું અને ઉધ પર ઉભા રહી જંતરડો ભેઠમાંથી કાઢયો. એક પાણો ચઢાવી ફેરવી હવામાં વિંઝયો. જંતરડામાંથી છૂટેલો પહાણો સમસમમમ......મ...મ કરતો હવામાં ગયો.

“એલા ગાડાખેડુ ! ગાડું કેમ ઉભું રાખતો નથી ? ” ચારમાંથી એક જણે દૂરથી પડકાર કર્યો.

“ત્યાંજ ઉભા રહેજો–નહિ તો કાસુનો જંતરડો તૈયાર છે.”

કાસુનું નામ પડતાં એ ચારે જણા ત્યાં ઉભા રહી ગયા.

“એક પગલું આગળ વધ્યા છો તો જંતરડામાંથી પહાણો છૂટયો તો ચારમાંથી એક ઓછો થશે એ હું તમને ચેતવી દઉં છું.” કાસુએ ઉધપર ઉભા ઉભા પડકારો કર્યો.

“કાસુ ! અલ્લાના સોગન–તારો ગાડો તારી રજા વિના નહિ લૂંટીએ; પણ ભલા માણસ ! આજ તો ભાગીઓ થા.” એક જણે કાસુને વિનવ્યો.

“શેમાં ભાગીઓ થાઉં ? ”

“તારા ગાડામાં જે કંઇ માલ હોય એમાંથી ચોથો ભાગ અમારો અને ત્રણ ભાગ તારા; પણ આજ તો મોકો સારો છે.”

“એ કાસુ ! આ બે દિ પછી દિવાળી આવે છે. એ દિવાળીમાં આ સિંધીઓનાં છોકરાંઓ ભલે ગળચોખા ખાય. ઉતરી જા ઉધ ઉપરથી અને આજ તો લૂંટવા દે” બોલતા બોલતા એ લોકો ગાડા તરફ આવ્યા.

“ ખબરદાર ! એક પગલું વધ્યા તો જંતરડો તમારો બાપ નહિ થાય ! ”

“કાસુ! દિવાળી સરખી રીતે ઉજવવા દે.”

“કાસુ જીવતો હોય ત્યાં સુધી તમે લૂંટીને દિવાળી ઉજવો, એ કદાપિ નહિ બને.”

કાસુએ જંતરડામાં પહાણો ચઢાવ્યો અને ફરી પાછો ફેરવીને હવામાં એક ઘા કર્યો.

“કાસુ................”

“બસ, હવે એક પણ શબ્દ બોલશો નહિ. જુઓ, આ કટોદાનમાં મિઠાઇ છે એ હું તમને આપું છું. દિવાળીમાં છોકરાંઓને ખવરાવજો.”

કાસુએ જગુ પાસેથી મિઠાઇનું કટોદાન લઇ નીચે મૂક્યું.

“તમે ત્યાંજ ઉભા રહેજો. અમે અહીંથી ખેતરવા જઈએ પછીજ આ કટોદાન લેજો. જુઓ, પાસે આવ્યા તો જંતરડો......”

× × × ×

કુતિયાણામાં જગુના પિતાએ જ્યારે કાસુના જંતરડાની બહાદુરી જગુને મોઢેથી સાંભળી ત્યારે વીસ કોરી ઉપરાંત એ જંતરડો સોને મઢાય એટલું સોનું કાસુને એની પ્રમાણિકતા માટે ઇનામમાં આપ્યું.

× × × ×

એંશી દિવાળી વટાવી ગયેલો એ વીર કાસુ ખોજો આજે પણ એના જંતરડાનાં પરાક્રમો સ્વમુખે કહેવા હયાત છે. વંદન હો એ વીર પુરુષને!

(તા. ૨૩-૧૦-૧૯૨૩ના “બે ઘડી મોજ”માંથી)



૬૨–સાડીપર પડછાયો

(લેખિકાઃ-સૌ. ગંગાબ્હેન પટેલ)

(અસ્પૃશ્ય શામલીનો પડછાયો પડવાથી શેઠાણીની સાડી અભડાઇ, શેઠાણીએ રોષે ભરાઇ શામલીને કાઢી મૂકી અને એક દિવસ એજ શામલી “દયાની દેવી” બની શેઠાણીના ઘરમાં દાખલ થઇ.)

“અલી શામલી! આ શું કર્યું? મારી સાડી ઉપર તારો પડછાયો પડ્યો! રાંડ! આંધળી છે? હવે કયો તારો બાપ મારી પાંચ રૂપિયાની સાડીના પૈસા આપશે? આટલા વર્ષથી આવે છે, તોય કેમ સાચવવું એ તો જાણતીજ નથી. તારી સાસુ વાડીમાં પેસતાંજ બૂમ પાડી ચેતાવતી, એટલે લૂગડાં હોય તો લઇ લેતાં; પણ તું તો મોટી નવાબજાદી થઇને આવી છે, જાણે કોઇ હિસાબમાંજ નથી.” મણિબાનો આવડો મોટો ધડાકો સાંભળી શામલીના સાંધા ગગડી ગયા. તે ત...ત ત પ...પ કરતી કહેવા લાગી: “બા! હું શું જાણું કે મારો પડછાયો પડશે? નહિ તો ત્યાંથી ન જાત, માફ કરો બા! તમારી છોરૂ છું.”

“શું કહ્યું? માફ કરૂં? અને એ સાડીનું શું કરૂં? એ સાડીના પૈસા તારા પગારમાંથી વાળીશ. હજુ તો કાલેજ પહેલી ધોઇ છે, સમજી! તે તારે માટે નથી જાણ્યું ને?” ગર્જતી સિંહણને પણ વિસરાવે તેવાં મણિબા બોલ્યાં.

“બા! મારો પગાર એક રૂપિયો અને તેમાં પાંચ કાપો તો મારૂં અર્ધું વર્ષ જાય. બા! દયા કરો, મારો પડછાયો તો પૂરો પડ્યો પણ નથી.” આંખ લૂછતી શામલી કરગરવા લાગી. તે જોઇ મણિબાનો પાવર છેક ઊંચે ગયો: “એક તો સાડી અભડાવી અને ઉપરથી રડીને ઢોંગ કરે છે? જા નીકળ મારે ત્યાંથી.”

“તારૂં મારે કામ નથી! ક્યાં ગયો માળી? કાઢ એને વાડીમાંથી. લઇ જા એ સાડી. અને તારો બે મહિનાનો પગાર છે તે અને આ મહિનાનો મળીને ત્રણ રૂપિયા વાળી લઇશ, અને તારી સાસુને કહેજે કે બીજા બે આપી જાય. મારે તારૂંએ કામ નથી અને તારી સાસુનુંએ કામ નથી.”

“પણ બા! આજ પગાર લઇને જવાનું મારી સાસુએ કહ્યું

છે, નહિ તો મને મારશે! બા! દયા કરો, હવે એવી ભૂલ નહિ કરૂં બા! આટલો ગુનો માફ કરો, હું તમારૂં છોરૂં છું.'' કહેતી શામલી ચોધાર આંસુએ રડવા લાગી. એનું કોમળ મુખ આંસુઓથી ધોવાઇ રહ્યું હતું. તેર વર્ષની નાદાન શામલીને સાસુ અને ધણીની વિકરાળ મૂર્તિઓ વિચારસૃષ્ટિમાં દેખાવા લાગી અને જાણે હમણાંજ ધણીની લાતો અને સાસુના ગડદાથી પોતે ઘેરાઇ હોય તેમ બેબાકળી બની ગઇ. પણ મણિબા એમ થોડાંજ ડરવાનાં હતાં. તેમણે છોડેલું "બ્રહ્માસ્ત્ર" પાછું ન વળ્યું તે નજ વળ્યું.

આખરે રડતી ગભરાતી શામલી ચાલી ગઇ અને માળીએ ઝાંપો બંધ કર્યો.

શામલીના હાથમાં સાડી જોઇ જીવલી ખુશી ખુશી થઇ ગઇ. એ તો શેઠાણીબાની સાડી વહુને આપી હશે, એમ મનમાં વિચાર કરતી ઝુંપડીમાંથી બહાર આવી. શામલીના હાથમાંથી સાડી સમડીની ઝડપે લઇ લીધી: "વાહ! વાહ! શી સાડી છે! આ તો હુંજ પહેરીશ; તારે તો હમણાં બહુ છે." એમ કહેતાં તેણે શામલી સામે મીટ માંડી તો શામલીની આંખોમાં ભય અને આંસુ જોયાં. તેણે સાડી મૂકી દીધી અને શામલીને પૂછ્યું: "હું થયું? સાડી ચોરીને લાવી છે?" ના કહેવાને જીભ તો અશક્ત હતી. એટલે માથું ધુણાવી તેણે ના કહી. "ત્યારે થયું હું? કેમ રૂએ છે? પગાર લાવી?" પગારનું નામ સાંભળતાંજ શામલી જોશથી રડી પડી. ઘણી મહેનતે એણે રડતાં રડતાં સાસુને વાત કરી. આખીયે વાત સાંભળતાં જીવલીએ "ચંડિકા"નું રૂપ ધારણ કર્યું. "રાંડ કર્કશા! મારી વર્ષોની નોકરીમાં આગ મૂકી. રાંડ અકર્મણ! તારા બાપનું સત્યાનાશ જાય! મારી સોના જેવી નોકરી ટાળી! 'એઠું જૂઠું'' મળતું, પગાર અને દિવાળીની બોણી બધુંજ ટળ્યું. તારૂં સત્યાનાશ જાય તારૂં!" ગાળોના વરસાદ સાથે માર પણ શરૂ થયો. એટલામાં રૂડિયો બહારથી આવ્યો અને મા, પોતાની વહુને મારે છે, એ જોઇ બોલ્યો કે "કેમ મા! વળી આજે એ હરામજાદીએ શું કર્યું છે?"

"એ બીજું હું કરવાની હતી? અકર્મણે મારો વર્ષોનો રોટલો ખોયો. હજુ તો તારા વિવાહમાંજ શેઠાણીબાએ એક રૂપિયો આપ્યો હતો." એવી પ્રસ્તાવના સાથે જીવલીએ બધી વિગત રૂડિયાને કહી. કહેતાં કહેતાં પણ શામલી ઉપર લત્તા પ્રહાર ને વાક્પ્રહાર ચાલુજ હતાં. પગાર નહિ મળે જાણી ભૂખે મરતા રૂડિયાને પણ રીસ ચઢી અને શામલીનાં કુમળાં હાડકાં બંને રાક્ષસી સ્વભાવનાં મા–દિકરાએ કચરી નાખ્યાં. મારના દુઃખથી રીબાતી શામલી ઝુંપડાના એક ખૂણામાં

લોચો વળીને પડી રહી. એ દિવસ એને અન્ન ન મળ્યું. બીજે દિવસે એનો સૂર્ય તો એમ ને એમજ આથમ્યો. ત્રીજા દિવસની સવારમાં રૂડિયાએ જાગીને જોયું તો શામલીને ખૂણામાં જોઇ નહિ. બહાર કુદરતે ગઇ હશે, એવી આશામાં એક કલાક ગયો પણ શામલી પાછી ન ફરી. રૂડિયાએ અને જીવલીએ ઘણી તપાસ કરી. કૂવા-વાવ જોયાં, પણ શામલી જાણે દુનિયામાં હોયજ નહિ એમ થયું. સાથે પેલી સાડીયે ગઇ.

× × × ×

"નર્સ! તમને શું લાગે છે? શું મારી શારદા જીવશે? ખરેખરૂં કહો! બહેન! ઈશ્વર તમારૂં ભલું કરશે. તમારો ઉપકાર કોઇ દિવસ નહિ ભૂલું. તમે મારી શારદાને જીવાડવામાં મદદ કરી છે તો પ્રભુ તમારાં બાળકોને જીવાડશે." આંખમાં આંસુ સાથે કરગરતાં મણિબા નર્સને પૂછતાં હતાં. આજકાલ કરતાં એક મહિનાથી એમની એકની એક દિકરી શારદાને ટાઇફોઇડ લાગુ પડયો હતો તેથી એમનો જીવ પડીકે બંધાયો હતો. ચિકિત્સા માટે મોટા મોટા ડૉકટરો રોકવામાં આવ્યા હતા અને સારવાર માટે ખાસ મુંબઇની કામા હૉસ્પિટલમાંથી નર્સ બોલાવવામાં આવી હતી. નર્સને આવ્યે લગભગ દશ દિવસ થયા હતા, પણ જાણે ઘણાં વર્ષની જાણીતી હોય એમ લાગતું હતું. તેનું નાનું શરીર રૂપાની આર્તિની જેમ ચારે બાજુમાં ફરી વળતું. તેણે શારદાની સારવારમાં ઉંઘ, ભૂખ બધુંયે વિસાર્યું હતું. તેની ચાકરીથી કહો કે ડૉકટરોની દવાથી કહો કે પછી મણિબાના નસીબથી કહો પણ આજે શારદાને તાવ ઉતરવાનાં નિશાન જણાતાં હતાં અને તેને લીધે તે જરા શુદ્ધિમાં આવવા માંડતી હોવાથી કંઇક બેચેન દેખાતી હતી, એ જોઇ મણિબા ગભરાયાં હતાં.

નર્સ શાન્તાએ સ્મિત સાથે મણિબા સામે જોયું અને નરમ અવાજે બોલી કે "બહેન! તમારી દિકરીને હવે આરામ થવાનાં ચિહ્ન જણાય છે. અને ઈશ્વર કરશે તો થોડાજ સમયમાં સારી થઇ જશે." નર્સના મીઠા શબ્દોથી અને તેની માયાળુ નરમ આંખથી મણિબા પોતાનું અર્ધું દુઃખ ભૂલી ગયાં.

× × × ×

આજે શારદા મંદવાડમાંથી ઉઠી તે નિમિત્તે મણિબાએ એક જલસો ગોઠવ્યો છે. સગાંસંબંધી મિત્રો ભેગાં થયાં છે. ઘણા દિવસથી છૂટી થવા માગતી નર્સ શાન્તાને પણ મણિબાએ અત્યંત આગ્રહથી રોકી છે. શાન્તાના ગુણ અને આવડત ઉપરાંત તેની નમ્રતાએ મણિબાને મુગ્ધ કર્યાં છે. કોઇનો છાંટો પણ લેતાં અભડાઇ જતાં મણિબા

શાન્તાને પોતાની પાસે પાટલે બેસાડી જમાડતાં, એને હાથે મોસંબીનો રસ કઢાવી ઠાકોરજીને ધરાવતાં, એનો કાપેલો સીવેલો ‘‘વાઘો’’ પ્રભુને પહેરાવતાં, અને શાન્તાની આવડતને વખાણતાં.

પૂરઠાઠમાં દિવાનખાનું શણગારવામાં આવ્યું હતું. વચમાંજ એક મોટી આરામચેરમાં શારદાને સુવાડી હતી, પાસેજ શાન્તાબાઇ નર્સ બેસી હારમોનિયમ વગાડતી હતી. થોડીક શારદાની બહેનપણીઓ વારાફરતી ગાતી હતી. તેમાંથી એકે ગાયું.

‘‘સૃજેલાં શ્રીપ્રભુજીએ મનુષ્યો સર્વ સરખાં છે.’’

એટલામાં મણિબાએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો. તેમના એક હાથમાં સુંદર બાકસ હતું. બીજા હાથમાં ફૂલહાર હતો. તેઓ સીધાં શાન્તા પાસે આવ્યાં અને એના ગળામાં ફૂલહાર પહેરાવી બૉકસમાંથી એક સોનાની સાંકળ અને ચાર બંગડી તેના હાથમાં મૂકતાં ગળગળાં થતાં બોલ્યાં: ‘‘શાન્તાબાઇ ! તમારો ઉપકાર અમારાથી ભૂલાય તેમ નથી. તમે આટલી ખંતથી ચાકરી કરી ન હોત તો મારી શારદા બચવાની ન હતી. અમારાથી તમારો શો બદલો વળાવાનો છે! તમે તો આ દયાનો પંથ પકડી તમારા જીવનનું સાર્થક કર્યું છે. અમારાથી શું થવાનું છે!’’ શાન્તાબાઇ પોતાનાં વખાણ સાંભળી નીચું જોઇ રહી, બીજાં બધાંએ વખાણમાં પૂરવણી કરી. થોડી ક્ષણમાં સ્વસ્થતા મેળવી શાન્તાબાઇએ ઉભાં થઇ મણિબાનો ઉપકાર માન્યો અને ઉન્નતિમાં મણિબાઇ સહાયભૂત થયાં છે એમ કહ્યું ત્યારે મણિબા તો ફુલાઇંજ ગયાં. શાન્તાબાઇએ કહ્યું: ‘‘મનુષ્ય, નરમાંથી નારાયણ થાય છે. તેનામાં આત્મવિશ્વાસ હોવો જોઇએ અને સારા મનુષ્યોનો સહવાસ પણ હોવો જોઇએ. શેઠાણી ન હોત તો આજ શાન્તાબાઇના નામથી ખ્યાતિ વધી ન હોત. અને જે ‘‘દયાળુપણા’’ ને મણિબાએ વખાણ્યું એ ‘‘દયાળુત્વ’’ એમણે રાખ્યું હત તો આજ હું આ સ્થિતિએ પહોંતી ન હોત. અજાણતાં ઘણી વખત કોઇનું બૂરૂં કરી જવાય છે. તેનો જીવંત દાખલો હું છું. છેવટમાં શેઠાણીએ જે મારા તરફ માયા દેખાડીને મને ભેટ આપી છે તે ઉપકાર સાથે હું સ્વીકારૂં છું. અને હું ગરીબ નર્સ એક નજીવી ભેટ આપું છું તે મણિબા સ્વીકારી મને આભારી કરશે તો મારી સેવા સફળ થયેલી માનીશ.’’ એટલું બોલી તેણે એક બંડલ શેઠાણીના હાથમાં આપ્યું. સહર્ષ મલકાતાં મલકાતાં શેઠાણીએ એ છોડયું તો ઘણા વર્ષ પહેલાં શામલીનો પડછાયો જેના ઉપર પડયો હતો તે પાં...ચ...રૂ...પી...આ...ની સાડી હતી.

(‘‘હિંદુસ્થાન—પ્રજામિત્ર’’ના દીપોત્સવી અંકમાંથી)

६३–वीरात्माओनो 'नरमेध यज्ञ'

(લેખકઃ–શ્રી. હીરાલાલ આર. ડૉક્ટર)

બોલ્શેવિઝમ! અને **રશિયન ક્રાન્તિ!** એ તો ઇતિહાસોનો પણ ઇતિહાસ છે. જગતનો એ અજોડ અને આદ્વતીય કથાભાગ છે. કચડાએલી–ત્રાસ, દુઃખ, ભૂખમરો અને સીતમોથી પીસાએલી પ્રજાના ધુંધવાતા જીગરમાં જ્યારે પ્રજાસ્વાતંત્ર્યની પ્રથમ ચીણગારી સળગી ત્યારે જોહુકમી **ઝારશાહીના** જુલ્મી શાહીવાદે સત્તાનાં તમામ અચૂક સાધનોથી તેને ફેંદી ફેંકી દેવાની તમામ અધમ યોજનાઓ શરૂ કરી દીધી. પરંતુ પીલાઇ ગયેલી પ્રજાના પરાધીનતાના અવશેષમાત્રને પ્રજાળી નાખનારો પ્રચંડ જ્વાલામુખી સમસ્ત જનતાનાં દિલેદિલમાં હવે તો ધખધખી ઉઠયો હતો. ઝારશાહીની જુલ્મી રમતો જરા મોડી પડી. પ્રજાના રક્ત સાથે રમાએલી એ રમતોનાં ખેલનમાં કુટુંબકબીલા સાથે ઝારશાહીના ભુક્કા ઉડી ગયા. જગતના તખ્તા પર **'ઝારવંશો'** જાણે ભૂતકાળનાં આશ્ચર્ય ના હોય એમ થઇ ગયાં. ખરેખર! પીસાઇ પીસાઇને દુભાએલી સમસ્ત પ્રજાનો પ્રકોપ જ્યારે ફાટી ઉઠે છે ત્યારે એના ભયંકર ક્રોધાગ્નિજ્વાળાઓમાં, સત્તામદમાં છકેલી સલ્તનતનાં નામોનિશાન પણ નાબુદ થઇ જાય છે. ભૂતકાળના ભીતરમાં આવા જીવંત અનુભવોના બોધપાઠો ભર્યા હોવા છતાં મદોન્મત સત્તા સારાસાર અને શાણપણથી કયારે પણ સુધર્યાનું જાણમાં નથી અને ત્યારેજ એ પ્રજાસ્વાતંત્ર્યના સળગી ઉઠતા યજ્ઞમાં આખરે આખીએ હોમાઇ જાય છે. ભાવિનો કદાચ એવોજ ક્રમ હશે!

'બોલ્શેવિક ક્રાન્તિ' ના કટ્ટા શત્રુ જેને **'વ્હાઈટ ગાર્ડસ'** અથવા તો **'કાઉન્ટર રેવોલ્યુશન પાર્ટી'** (પ્રતિક્રાંતિકારી) તરીકે ઓળખવામાં આવતા હતા તેઓ પકડાએલાઓ પર કેવા ભીષણ અત્યાચારો કરતા હતા છતાં ક્રાન્તિ દ્વારા સ્વતંત્રતા માટે તલસતા મર્દો તેને પડકારી પોતાના કરપીણ મોતને પણ કેવા હસી ખુશીથી ભેટતા હતા એનો રોમાંચક એક કિસ્સો આ રહ્યોઃ

સન ૧૯૧૯ ની ૭ મી ડિસેમ્બરે 'ડેર-ટેગ' નામના બોલ્શેવિક વિરોધી પત્રમાં આ બિના પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

"બોલ્શેવિક લોકો પુરાણી સત્તાઓનાં નામજ બદલી નાખતા હતા. મૉસ્કોની 'લાલ' બોલ્શેવિક સેનાના સ્કંધ પર જે પટા બાંધવામાં આવતા હતા તેના પર "કે-એલ" છપાએલું હતું. આ 'કાર્લ લિબને ક્રૂ' નામના જર્મન બોલ્શેવિકનું સંક્ષિપ્ત સ્મરણચિહ્ન હતું. આવી સેનાઓમાંની એક 'રેજીમેન્ટ' જાસુસ ખાતા તરફથી પકડી લેવામાં આવી અને 'વ્હાઇટ' ન્યાયાલયમાં તેનો મુકદ્દમો ચાલ્યો. આવા મુકદ્દમા ચલાવવાની રીતો પણ શાસકોએ કઢંગી અને અમાનુષી ઢબની શોધી રાખી હતી. 'લાલ' સેનાના પ્રત્યેક સિપાઇને પૂછવામાં આવતું કે 'તું શું સામ્યવાદી છે ?' જો ઉત્તર હકારમાં મળતો તો તેને તરતજ 'ફાંસી' દેવામાં આવતી અગર તેને 'ગોળી'થી વિંધી નાખવામાં આવતો.

ઓહો સત્તા ! તારો છાક ! ખરેખર કેટલીક વખતે સત્તામદમાં સ્વાર્થાંધ બનેલો મનુષ્ય જંગલી હિસંક પ્રાણીઓને પણ ભુલાવી દે એવું વિકરાળ વનચરપણું ધારણ કરે છે. અરે, મનુષ્યો !

પકડાતા તમામ સિપાઇઓને આવી સજાઓ માલૂમ હતીજ, અને એને ઝીલવાની તમામ તાકાત કેળવીનેજ તેઓએ સ્વતંત્રતાના આ સમરમાં ઝુકાવ્યું હતું.

પકડાએલી 'બોલ્શેવિક રેજીમેન્ટ'ને એક લાઇનમાં ઉભી રાખવામાં આવી. 'વ્હાઇટ ગાર્ડના લશ્કરી અફસરે તેમને ઉદ્દેશીને કહ્યું:

"તમારામાંના જે સાચા સામ્યવાદીઓ હોય તે આગળ આવવાનું સાહસ ખેડે." થોડીક ક્ષણોની અવાચક સ્તબ્ધતા પછી તમામ સેનાનીઓ આગળ ધસી આવ્યા અને મોતને તુચ્છકારતી મર્દાઇની પ્રકાશિત રોશનીભર્યા મસ્ત ચહેરાથી સેનાપતિને પડકારી એ તમામે કહ્યું કે: "અમે પકકા અને સાચા સામ્યવાદીઓ છીએ."

અને પછી નજીક આવતા આકરા પરિણામને સત્કારવા તેઓ તત્પર બન્યા અને એકમેકને જોઇ સહેજ હસ્યા. મર્દાઇભર્યા મરણની આખરી પળે એક શૂરવીર પોતાના પ્યારા શૂરવીર ભાઇને જે ઉમળકાથી હસે તેમ તેઓ સહેજ સહેજ હસતા હતા. સાથે જીવેલા તેઓ સાથેજ મરવાના આવા અણમોલ અવસરને ધન્ય માની ઉમંગી દીસવા લાગ્યા. તેમના આવા ઉલ્લાસિત વફાદાર સમર્પણમાંથી ઝારશાહીના ધસ્યા આવતા પરાજયની સ્પષ્ટ છાયા તરી આવતી હતી.

આવી ભરચક ઇમાનદાર બહાદુરીથી સેનાપતિ પણ ક્ષણભર

અવાક્ થઇ ગયો, આફ્રીન થઇ ગયો; પરંતુ બીજીજ ક્ષણે તેને પોતાની કડક ફરજનું ભાન આવ્યું. ક્રુદ્ધ બની તેણે કઠોર સજા ફરમાવી.

'તમો સર્વેને આજ રાત્રે ગોળીથી વિંધી નાખવામાં આવશે.'

ભીષણ શાંતિથી જાણે કેમ આ સજા તેમને મન મામુલી હોય એવી અણનમ સ્વસ્થતાથી સર્વેએ પોતપોતાના ખભા સહેજ હલાવી સ્મિત કર્યું. છાતી કાઢી વધુ ટટાર બન્યા. એમની એ ગૌરવભરી અકડાઇમાં એમનો એ આખરી વિજય હતો.

અને એ શીતળ અને મનોહર ચંદ્રની રાત્રે જ્યારે ઠંડી કડકડીને પડતી હતી, ત્યારે ચંદ્રનાં સ્નિગ્ધ કિરણો એ શહેરના મિનારને જાણે દૂધથી ધોઇ ઉજમાળો બનાવી દીધો હોય એમ લાગતું હતું. મઘમઘતાં ફૂલોની સુવાસ ચોપાસ ફેલાઇ મધુર સુગંધ વેરી રહી હતી અને જ્યારે સર્વત્ર નીરવ અનંત શાંતિ ફેલાઇ રહી હતી ત્યારે પ્રાણદંડ અપાયેલા યોદ્ધાઓને હુકમ ફરમાવવામાં આવ્યો કે "તમામ વસ્ત્રો ઉતારી એક બાજુ મૂકી દો." આ કઢંગા ફરમાનને તાબે થવા તેઓ સહેજ અચકાયા, છતાં અન્યોન્યને જોઇ ધરાતાં વળી તેઓ હસી પડયા અને ત્વરાથી વસ્ત્રો ઉતારી એક બાજુ ઢગલો કરી દીધો. તદ્દન નવસ્ત્ર—નગ્ન—તેઓ મસ્તીભર્યા બીજી યાતના માટે સાવધ બની ઉભા રહ્યા.

નીલ આકાશ નીચે પથરાયેલા ઠંડા મીઠા અજવાળિયામાં આ નગ્ન સામ્યવાદી સેનાનીઓ મર્દોને છાજે એવી સહનશીલતાથી ઉભા હતા. કઠોર શીતથી એમનાં બદન બરફની માફક જામતાં જતાં હતાં. એમનાં કસાએલાં શ્વેત શરીરો કાચની માફક ચમક મારી રહ્યાં હતાં. દરેક ક્ષણે નજીક આવતા મોતને ચૂંથવાની યુક્તિ ખેલવામાં આવે છે એવું જાણવા છતાં, ઘોર અરણ્યમાં ભયાનક વાવાઝોડા સાથે વારંવાર અથડાવા છતાં, અડગ રહેતા કોઇ નિશ્ચલ ખડકની માફક તેઓ પહાડી સ્થિરતાથી નિશ્ચિંત ઉભા હતા.

ભરેલી 'રાઇફલો' તેમને દરેકને ઘેરી વળી હતી. તેમને દરેકને એક એક કોદાળી આપવામાં આવી. દૃઢતાથી તેઓએ લીધી અને સ્વસ્થ ચિત્તે બીજા ફરમાનની રાહ જોતા થોભ્યા.

"દરેક જણ પોતપોતાની કબ્ર જલદી ખોદી લ્યો" બીજો નાલાયક હુકમ છૂટયો.

ઘેરા આકાશ, પ્રકાશિત ચંદ્રમા અને ઉંઘતા જગત તરફ તેઓમાંના દરેકે એક નજર નાખી લીધી, અને પછી જે ભૂમિના તેઓ ગર્વિષ્ઠ સંતાન હતા તે ભૂમિને ખાતર અને આબોહવાથી તેમના

દેહ પોષાઇ સશક્ત બન્યા હતા તે પ્યારી જનનીના ઉદરમાં જગત્‌ના ભ્રમિત અને ત્રાસિત ઉલ્કાપાતોમાંથી વિરક્ત બની અનંત શાંતિથી સમાઈ જવા તેઓએ પોતાની આખરી સફર માટે ગંભીર દૃઢતાથી મજબૂત હાથે ખોદકામ ચાલુ કર્યું. ધડાધડ ફટકાઓથી જમીન ફાટવા લાગી. આકાશમાંથી નીતરતાં ઉસનાં બુંદો તેમનાં યુદ્ધમાં ઘવાએલાં ઉઘાડાં શ્વેત શરીર પર પડી પડી ઉજળાં મોતીઓ માફક ચમકી રહ્યાં હતાં અને શ્રમિત થએલા તેઓ દાંત પીસીને જમીન ફોડવામાં તલ્લીન બની ઇચ્છાપૂર્વક અકાળે આમંત્રેલા મોતનું સંપૂર્ણ સ્વાગત કરી રહ્યા હતા. પહેરેગીર પ્રેક્ષકોનાં નેત્રો સ્વમાન અને સ્વતંત્રતાની ફરતી બરદાસ્ત કરી રહેલા આ વફાદારોની અણનમ અડગતા જોઇ કરુણાથી ભરાઇ ગયાં. વિરોધી અફસર પણ આ અલૌકિક જવાંમર્દી જોઇ મુગ્ધ થઈ ગયો. આમ બની તેણે તેઓમાંના મુખ્યને જરા થોભાવી પૂછ્યું:

"શાથી તમો બધા સામ્યવાદી બની ગયા ?" તે સૈનિક થોભ્યો. તેણે સાંભળ્યું. તે વધુ ટટાર થયો. તેની શ્રમિત મુદ્રા પર તેજ પથરાયું. તેણે ખોંખાર ખાઇ સખ્ત અવાજે સંભળાવ્યું:

"તમારી વ્યવસ્થિત ઝારશાહીથી અને મૂડીવાદની અમર્યાદ ચૂસણનીતિનાં અનેકાનેક કષ્ટોથી અમારા પીડિત અને પતિત આમવર્ગને હવે ઉગારી સંસારને ઉદ્ધારવા" કહી તે ખડખડાટ હસ્યો. અને બેપરવાભર્યો ફરી કામે લાગી ગયો. જગતના કચડાએલા જે વિશાળ આમવર્ગના એકલા પ્રતિનિધિ તરીકે પોતાની ઘોર ખોદતાં ખોદતાં ખુલ્લાં ચોગાનમાં સખ્ત લશ્કરી પહેરા હેઠળ પેલા લશ્કરી અમલદારને બેધડક જડબાંતોડ જવાબ આપી પોતાના મોત સમક્ષ એ મરણુયો જે રીતે 'ખડખડાટ' હસ્યો હતો એવું હાસ્ય જગત જવલ્લેજ જુએ છે.

એના એ ખુલ્લા હાસ્યમાં જાલીમ ઝારશાહી અને અનિષ્ટ મૂડીવાદ પ્રત્યે ક્રુદ્ધ બનેલા આમવર્ગનો, ઉકળી રહેલા લાવાના રસ જેવો ભયંકર અણગમો ભર્યો હતો. તુચ્છકાર અને તિરસ્કારનાં ખીચોખીચ પડ એમાં ભર્યાં હતાં—દુઃખ, દર્દો અને ત્રાસોની પીડિત યાતનાઓની વ્યથાથી હાલહવાલ કરી નાખેલા અસહ્ય ગુંગળાઇ રહેલા સમસ્ત સંસારના ચગદાએલા આમવર્ગની—તેમના આબાલવૃદ્ધ સર્વની ચીરાઇ છિન્નભિન્ન બનેલા જીગરની કારમી આહ એમાં છલોછલ ભરી હતી. ઝારના નઠોર શાહીવાદ અને નિષ્ઠુર મૂડીવાદના નજીક ધસ્યા આવતા કડકડતા નાશની નોબતના આખરી સાદ એમાં ભર્યા હતા—

આ એ શાપિત વાદ સામે ઉકળી ઉઠેલા આમવર્ગના ઉલટેલા પ્રલયકાળનાં ધસમસ્યાં આવતાં પૂર ભર્યાં હતાં. સ્મશાન સમા એ વાતાવરણમાં—મર્દોનાં મોતથી ઝાંખી થતી એ સુસ્ત રાત્રિની જડ રોશનીમાં—ઘડી એ ઘડીમાં એ નરવીરોને ભેટનારા મૃત્યુ વખતની મૃત્યુ સમી અઘોર શાંતિમાં, સમસમાકાર ફેલાવી વિલીન થએલું એ મુક્ત હાસ્ય! એ શહીદનું એ વખતનું એ શિરોમણિ હાસ્ય! ખરેખર દુર્જેય હતું, અભેદ હતું, અદ્ભુત હતું.

પુનરુદ્ધાર પછીના પુનર્વિધાન થએલા આજના રૂશિયાના સામ્યવાદી ઇતિહાસના પાને એ અટ્ટહાસ્યની સદાએ અમર તારીફ અંકિત રહેશેજ. ઓહો! એ દેવદુર્લભ હાસ્ય!

અંતે કબરો ખોદાઇ રહી. જરા થોભી થાકેલા વીરોએ વિશ્રાંતિનો એક ધારો શ્વાસ લીધો. લશ્કરી અમલદારે ફરી એમને એક હાર બનવા હુકમ આપ્યો. દઢતાથી—શાંતિથી તેઓ સર્વ એક હારમાં ગોઠવાઇ ગયા. ગોળી મારવાવાળી 'વ્હાઇટ' સિપાઇ સેના 'રાયફલો' સમારી સામે તૈયાર થઇ ઉભી.

'તમારી અંતિમ ઇચ્છા શી છે?' લેફટેનન્ટે તેમને પૂછ્યું.

તેઓમાંના દરેકે ભૂરા આકાશની અનંતતાને છેલ્લે છેલ્લે જોઇ. સમસ્ત સંસારના સંભ્રમોને ત્યજી દઇ ખુદાના ખીદમતગાર તરીકે પોતાની આખરી મજલ વખતે તેઓમાંના દરેકે ફક્ત છેલ્લો ઉંડો અને ઉન્હો એક વધુ શ્વાસ ખેંચ્યો અને એક હર્ફ પણ બોલ્યા સિવાય વિરક્તિ પામેલા યોગીની માફક તેઓ અટલ ઉભા.

ઝાંખી થએલી ચંદ્રરજનીમાં આ ત્યાગી નરવીરોની લાંબી હાર એક સફેદ દિવાલની માફક ઝબકી રહી હતી.

'રેડી'—(તૈયાર!) અમલદારે ફરમાન છોડયું. અને ભરેલી બંદુકોની નાળોએ દરેક બોલ્શેવિક બહાદુરના બદનમાં નિશાન નોંધ્યાં. તેઓ ઉભા હતા તેમના પેદા કરનાર કિરતારનું માત્ર આખરી સ્મરણ કરીને; શાંત નિશ્ચલ—અને અડગ!

'ફાયર' બીજો હુકમ છૂટયો. અને ધડાધડ ગોળીઓથી આ બહાદુરોનાં બદનો વિંધાવા લાગ્યાં, રક્તથી ભીંજાવા લાગ્યાં, છતાં ખુલ્લી આંખે અને ખુલ્લી છાતીએ તેઓ ઉભા હતા. શાંત નિશ્ચલ અને અડગ!

'ફાયર અગેઇન'—ના એક વધુ હુકમથી વળી સડેડાટ ગોળીઓ ચાલી અને રક્તથી તરબોળ તેમનાં બદનો ધવાવા લાગ્યાં. થોડાક લથડયા, થોડાક પડયા. જરા પણ હર્ફ કાઢયા સિવાય—જરા પણ

અરેરાટ કર્યા સિવાય આ નરકેસરીઓ પડયા-જેમ વિંધાઇ ગએલો વનકેસરી પડે તેમ.

લોહીતરસ્યા માનવવરૂઓની સંહારક વૃત્તિના રકતપાનનો એ ઘોર અમાનુષી પ્રસંગ હતો. વિકરાળ વનચરો માફક આજની સદીનો કેળવાએલો કહેવાતો મનુષ્ય પણ પોતાના બીજા ભાઇબંધ મનુષ્યના ખૂન માટે આવો જીવલેણ થઇ તલસતો હશે એ ખ્યાલ-એ અનુભવ માનવઇતિહાસના કલંકોમાંનું ખરેજ એક ઘોર કલંક છે. અરે મનુષ્યો! તમો પિશાચલીલા કરતાં કયારે અટકશો?

'ગો ઑન ફાયરિંગ'—

અર્ધપડયા—અર્ધમર્યા મર્દોની જીવનલીલાને ત્વરાથી સંકેલી લેવાની અધીરાઈથી અમલદારે ગુસ્સે થઇ છેલ્લો હુકમ છોડયો.

અને એકસરખી ધાણીની માફક ગોળીઓ છૂટી—ફૂટી અને એ જવાંમર્દોનાં શરીરોને તોડી ફોડી કોરી નાખ્યાં. બધાજ પડયા છતાં બધાજ ના મર્યા. ઘણા ઘાયલો દારુણ કષ્ટથી રીબાઇ રહ્યા હતા. તેઓમાંના કેટલાક પોકારી ઉઠયાઃ 'અરે યાર! નિશાન સાધીને ગોળી તો ઠીક માર' કારણ કઢંગી ગોળીઓ લાગવાથી તેઓ અસહ્ય પીડાતા હોવા છતાં પ્રાણમુક્ત થતા નહોતા. એક અતિ જખમી સૈનિક અર્ધમૃત અવસ્થામાં મુશ્કેલીથી ઘુંટણ પર ટટાર થતાં પોતાની છાતી બતાવી બોલ્યોઃ

“જુવાન! ગોળી અહીં લગાવ—અહીં માર!” ફરી ગોળીઓ ચાલી અને છેવટે તેઓ તમામ આમંત્રિત મૃત્યુને ખોળે આરામથી પોઢી ગયા. ભયભીત બનેલું મૃત્યુ પણ આ મર્દોને પોતાની પાંખમાં ખેંચતાં ખંચાઈ ઘણી વાર થંભી ઉભું હતું. આવા નરવીરોને પોતાની શાંત આરામગાહમાં સત્કારતાં મૃત્યુ પોતાને ધન્ય સમજ્યું. ખરેખર! જે પાણીદાર ભૂમિના મર્દો સહર્ષ મોતને ભેટે છે તે ભૂમિના ગર્ભમાં બહુમૂલાં રત્નો પાકે છે.

ઇતિહાસમાં આવાં અનુપમ બલિદાન કવચિતજ જડે છે, જેમાં એકજ માનેલા ધ્યેયને ખાતર એક નહિ પણ અનેક જવાંમર્દો કારમા મોતના આખરી અંજામ સુધી મૂળ સિદ્ધાંતમાં જરા પણ ચસ્યા સિવાય સહર્ષ ખભે ખભો અડાવી ગૌરવપૂર્વક ગોળીઓથી ચવાઇ જઇ સામટા સ્વર્ગારોહણ કરી ગયા હોય.

નરસંહારના આવા ક્રૂર હત્યાકાંડથી 'બોલ્શેવિક' પ્રવૃત્તિને રૂશિયામાંથી ઉખેડી નાખવાની 'ઝારશાહી' અને 'વ્હાઇટ ગાર્ડ્સ'ની તીવ્ર તમન્ના અંશમાત્ર પણ ફળિભૂત ના થઇ, બલ્કે જે ક્રાન્તિના

ઉલટેલા વેગને તેઓ વ્યર્થ અનુરોધવા મથતા હતા તેની અનંત તાણમાં જાલીમ ઝારશાહી ખેંચાઈ જઇ ક્યાંએ ખોરંભે પડી ગઇ અને 'વ્હાઇટ ગાર્ડસ'ના નાશ પછી આખરે આજના સમગ્ર સોવિયેટ રશિયામાં સમાનતા--શાંતિ અને સંતોષતું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે.

પણ એ સમાનતા, એ શાંતિ, અને સામ્યવાદનો એ સંતોષ! રશિયાને સ્વતંત્રતાના સંહારયજ્ઞમાં કેટકેટલા બત્રીસલક્ષણાઓનાં બલિદાનો ચઢાવ્યા પછી સાંપડયાં ?

ખરેખર ! 'સ્વતંત્રતા અને મુક્તિ' એ ભીષણ સંગ્રામોમાંથી પસાર થતાં મૃત્યુના ગંજ પર ગંજ ગોઠવ્યા પછીજ સાંપડતી બહુમૂલ્ય મોંઘેરી વસ્તુ છે—પ્રાણદાતા જડીબુટ્ટી છે.

પરંતુ મૃત્યુને પડકારી—સામે ધસી જઇ એને ખેંચી ભેટનારા એ મર્દો ક્યાં ? એ મર્દાઇ ક્યાં ?

("મુંબઇ સમાચાર"ના દીપોત્સવી અંકમાંથી)

६४–शापित हीरो

(લેખક:-શ્રી. પ્રાણલાલ કીરપારામ દેસાઇ બી. એ.)

દેવની મૂર્તિ ઉપરથી આભૂષણની ચોરી કરવી, એ અધમમાં અધમ પાપ છે અને એવું પાપ કરનારને દેવ શાપ દે છે તથા ભયંકર સજા કરે છે, એ વાત આજના સુધરેલા જમાનામાં ઘણાને હાસ્યજનક લાગશે; પરંતુ નીચેની ખરી બનેલી વાત ઉપરથી આપણને સમજાશે કે, જનસમૂહના વહેમની પાછળ કોઈ કોઇ વાર સત્ય પણ રહેલું હોય છે; અને જૂના જમાનાના લોકોની વાતોને માત્ર વહેમ સમજી તેમની અવગણના કરવી કે તેમને હસી કાઢવી એ યોગ્ય નથી.

દિલ્હીનો બાદશાહ શાહજહાં અત્યંત વૈભવી અને વિલાસી હતો. તેને હીરા, માણેક, મોતી, લીલમ વગેરે જવાહીરોનો બહુ શોખ હતો. આ કારણથી ફ્રાન્સના પ્રખ્યાત મુસાફર અને હીરાપારખુ બાહોશ ઝવેરી જોન બેપ્ટિસ્ટ તેવેરનીએર સાથે તેને ગાઢી મિત્રાચારી બંધાઇ હતી. તેવેરનીઅરે બાદશાહને પોતાની પાસેના કેટલાક કિંમતી હીરાઓ બતાવ્યા હતા. કેટલાક બાદશાહને ભેટ પણ આપ્યા હતા, તેમ બાદશાહે તેની પાસેથી કેટલાક કિંમતી હીરાઓ વેચાતા પણ લીધા હતા. બાદશાહે પણ પોતાની પાસેનો જવાહીરોનો અમૂલ્ય ખજાનો તેવેરનીઅરને બતાવ્યો હતો અને દરેક જવાહીરની તેની પાસે કિંમત કરાવી હતી. બાદશાહ આ ફ્રેંચ મુસાફરને પોતાની સાથે હિમાલય પર્વત ઉપરની હીરાની ખાણ બતાવવા પણ લઇ ગયો હતો. આ ખાણમાંના કેટલાક હીરાઓ જોઇ તેવેરનીઅર તાજુબ થઇ ગયો. બાદશાહે તેને કહ્યું કે "બ્રહ્મદેશમાં આવેલા પેગુ નગરમાં રામ–સીતાનું એક ભવ્ય મંદિર છે. આ મંદિરમાં રામ–સીતાની એકત્ર એક સુંદર મૂર્તિ છે. એ મૂર્તિની છાતી ઉપર અને ગળે ભાવિક ભકતોએ મૂર્તિને ભેટ ધરેલાં કેટલાંક કિંમતી જવાહીરો છે. એ જવાહીરોમાં એક મહામૂલ્યવાન હીરો છે. એ હીરો અજોડ છે. એના જેવો હીરો જગતમાં બીજે કોઇ પણ સ્થળે નહિ હોય. મેં તો એવો સુશોભિત હીરો કદી

જોયો નથી અને હું ધારું છું કે, તમે પણ એના જેવો હીરો કદી જોયો નહિ હોય.”

બાદશાહે કહેલી આ અદ્દ્ભુત હીરાની કથા સાંભળી તેવેરની-એરની જિજ્ઞાસા જાગ્રત થઇ. તેણે બાદશાહ પાસેથી એ હીરા સંબંધી જેટલી મેળવી શકાય તેટલી માહિતી મેળવવા પ્રયત્ન કરવા માંડયો. બાદશાહે તેને કહ્યું કે “એ હીરો બે હજાર વર્ષ થયાં રામસીતાની મૂર્તિના અંગ ઉપર છે. ત્યારપહેલાં બ્રહ્મદેશની એક રાજકુંવરી બીસબનના અંગ ઉપર તે શોભતો હતો. લોકોની માન્યતા એવી હતી કે, આવો અમૂલ્ય હીરો તો દેવના અંગ ઉપર-જ શોભે. કોઇ મનુષ્યના શરીરને શોભાવવા તે સરજાયલો હોયજ નહિ. તેથી લોકોએ આવેશમાં આવી જઇ બિચારી રાજકુંવરી બીસબનનું ખૂન કર્યું. તેના અંગ ઉપરથી એ હીરો લઇ લોકોએ તે રામસીતાને અંગે ધર્યો.

આ અદ્દ્ભુત હીરાની કથા સાંભળી સાહસિક ફ્રેંચ ઝવેરીને એ હીરો પ્રાપ્ત કરવાનું મન થયું. બાદશાહને તેની મનોવૃત્તિ કળી જતાં બિલકુલ વાર લાગી નહિ. તેણે તેવેરનીઅરને ચેતાવ્યો કે “હે પરદેશી મુસાફર! એ હીરો પ્રાપ્ત કરવાની તારી લાલસાનો તું ત્યાગ કર. મંદિરના પૂજારીઓ એ હીરો તને કદી વેચાતો આપશે નહિ. વળી એ હીરાના સંબંધમાં એક એવી દંતકથા પ્રચલિત છે કે, એ હીરો તો દેવને માટેજ સરજાયલો છે. જો કોઇ મનુષ્ય પોતાના અંગ ઉપર તેને અડકાડશે તો તેને માથે મોટી આફત આવશે અને તે દુઃખી થશે.” નાસ્તિક તેવેરનીઅરે એ દંતકથા હસી કાઢી. તેણે તો ગમે તે ભોગે એ હીરો પ્રાપ્ત કરવાનું પોતાના મન સાથે નક્કી કરી દીધું.

તેવેરનીએર ધનાઢ્ય હતો. તેની પાસે એ હીરો ખરીદ કરવા જેટલું ધન હતું અને જો તે હીરો વેચાતો મળી શકે એમ હોત તો જરૂર પૈસા આપી તેવેરનીએર એ હીરો ખરીદ કરત. પરંતુ ભાવિક પૂજારીઓ એ હીરો તેને કદી પણ વેચાતો નહિ આપે, એ તે સમજી ગયો. તેથી મૂર્તિના અંગ ઉપરથી એ હીરો ચોરી લેવાનું તેણે નક્કી કરી દીધું.

બાદશાહ પાસેથી મુસાફરી માટેનો પરવાનો તથા ભલામણ-પત્રો લઇ તે એકદમ પેગુ જવા નીકળી પડયો. તેવેરનીએર બહાદુર અને સાહસિક હતો. તેણે અનેક જાતનાં જોખમો ખેડી ઘણી ઘણી મુસાફરીઓ કરી હતી; પણ આ વખતે તેણે જે કાર્ય કરવા

ધાર્યું હતું તે અત્યાર અગાઉ તેણે કરેલાં કાર્યો કરતાં વધારે જોખમભરેલું અને વધારે સાહસિક હતું. પણ જોખમથી બિલકુલ ગભરાયા વગર તે પોતાની મુસાફરીએ નીકળી પડ્યો. તેનો ઠાઠ અપૂર્વ હતો. વળી તે શાહજહાં બાદશાહનો ખાસ માનીતો મિત્ર હતો, એવી વાત ચોતરફ ફેલાયલી હોવાથી જ્યાં જ્યાં તે ગયો ત્યાં ત્યાં એને સાધન-સગવડો મળવા લાગ્યાં અને તેનો સત્કાર થવા લાગ્યો. તે મેંડેલે નગરમાં આવી પહોંચ્યો અને પેગુ નગર તરફ જવા નીકળી પડ્યો. હવે તેણે બહુ ઉદારતાથી પુણ્યદાન કરવા માંડ્યું. તેની ઉદારતાનાં ચોતરફ વખાણ થવા લાગ્યાં અને બ્રહ્મદેશના લોકો તેને એક દૂરના દેશનો બાદશાહ સમજવા લાગ્યા.

તેવેરનીઅર શાહજહાં બાદશાહનો ભલામણપત્ર લાવેલો હોવાથી તેને મંદિરમાં પ્રવેશ કરતાં બિલકુલ અડચણ નડી નહિ. મંદિરમાં પેસતાંજ એક શ્રદ્ધાળુ અને ભાવિક ભક્તની માફક તે લાંબો થઇ મૂર્તિને પગે પડ્યો, પછી બેઠો થઇ પોતાની આંખો ઉપર હાથ મૂકી તે એકચિત્તે મૂર્તિની સામે ધ્યાન ધરી મનમાં ને મનમાં પ્રાર્થના કરવા મંડી પડ્યો. આમ કરવાનો તેનો હેતુ તો માત્ર એટલોજ હતો કે, આજુબાજુના લોકોને તેમ પૂજારીઓને બિલકુલ વહેમ પડે નહિ એવી રીતે અત્યંત બારીકાઇથી તે મૂર્તિનું નિરીક્ષણ કરી શકે અને મૂર્તિના અંગ ઉપરનો હીરો કેવી રીતે ચોરી શકાય તેની ગોઠવણ કરી શકે.

તેવેરનીએર પેગુ નગરમાં એક યાત્રાળુ માફક પાંચ દિવસ રહ્યો. દિવસમાં ત્રણ વાર સવારે, બપોરે ને રાત્રે તે મંદિરે જઇ મૂર્તિનાં દર્શન કરતો હતો, લાંબો થઇ મૂર્તિને પગે પડતો હતો, મૂર્તિની પાસે બેસી એકચિત્તથી ધ્યાન ધરી પ્રાર્થના કરતો હતો અને દરેક વખતે પોતાની પાસેથી કિંમતી જવાહીર મૂર્તિને ચરણે ભેટ ધરતો હતો. આથી પૂજારીઓ તથા બીજા લોકોની પૂરેપુરી ખાત્રી થઇ કે, આ ગોરો બાદશાહ રામસીતાનો અત્યંત ભાવિક ભક્ત છે. મૂર્તિ ઉપરના મહામૂલ્યવાન હીરાની ચોરી કરવાના ઇરાદાથી તે મંદિરમાં આવે છે, એવો ખ્યાલ સરખોએ કોઇને આવ્યો નહિ.

પાંચમે દિવસે અમાસ હતી. મોડી રાત્રે તેણે પોતાના નોકરોને એકાએક હુકમ આપ્યો કે, આજે રાતમાં ને રાતમાં આપણે આ નગર છોડી દિલ્હી તરફ પાછા જવું છે; માટે મુસાફરીને માટે એકદમ બધી તૈયારીઓ કરી દો.

મધ્યરાત વીતી ગઇ હતી. સર્વત્ર સંપૂર્ણ શાંતિ વ્યાપી રહી

હતી. તેવેરનીએરના માવતો પોતાના હાથીઓને લઇ ગામબહાર તેવેરનીએરના આવી પહોંચવાની રાહ જોઇ ઉભા રહ્યા હતા. તેનો સરસામાન લઇ ઉંટો તો કયારનાંએ વિદાય થઇ ગયાં હતાં. હવે તેવેરનીએર માત્ર પોતાના વિશ્વાસુ યુરોપીઅન નોકરોને લઇ અત્યંત ચૂપકીદીથી પોતાના ઉતારામાંથી બહાર નીકળ્યો. તેણે તથા તેના માણસોએ મંદિર તરફનો રસ્તો લીધો. ઘોર અંધારી રાતે કાળાં કપડાં પહેરી તેમણે ચૂપકીથી મંદિરપ્રવેશ કર્યો. મંદિરના ચોગાનમાં મંદિરના કેટલાક નોકરો નિશ્ચિંતપણે ઉંઘતા હતા. તેવેરનીઅરના યુરોપિયન નોકરોએ મંદિરના ઉંઘતા નોકરોના મોંમાં ડૂચા ઘાલી દીધા. આ રીતે તેમને બોલતા કે બૂમો પાડતા અટકાવી દઇ તેમના હાથપગ બાંધી દીધા.

બિલકુલ પણ અવાજ કર્યા વગર તેમણે દેવની મૂર્તિની ઓરડીનું તાળું તોડયું અને રામસીતાનો અમૂલ્ય હીરો ઉપાડી લીધો. જેટલી ચુપકીથી તેમણે મંદિરમાં પ્રવેશ કર્યો હતો તેટલીજ ચૂપકીથી તેઓ હવે મંદિરની બહાર નીકળી પડયા અને હાથીઓ તથા ઘોડાઓ ઉપર સ્વાર થઇ તેમણે દિલ્હીને રસ્તે ચાલવા માંડયું.

આખી રાત આ ભયંકર અત્યાચારની કોઈને કાંઇ પણ ખબર પડી નહિ. સવાર થતાં મંદિરના નોકરોની રાતમાં કોઇએ કરેલી દુર્દશાની બધાને ખબર પડી. તેમના મોંમાંથી ડૂચા કાઢી નાખવામાં આવ્યા, તેમનાં બંધનો છોડી નાખવામાં આવ્યાં. મંદિરના પવિત્ર પૂજારીઓને હવેજ ખબર પડી કે, રાતમાં મૂર્તિ ઉપરનો અમૂલ્ય હીરો કોઇ ચોરી ગયું છે. આખા નગરમાં શોરબકોર અને ખળભળાટ થઇ રહ્યો. આવું ભયંકર પાપ કોણે કર્યું હશે, તેને માટે અનેક જાતના તર્કવિતર્કો થવા લાગ્યા. ગોરો બાદશાહ રાતમાં ને રાતમાં નગર છોડી જતો રહ્યો છે એવી વાત પણ ગામમાં ફેલાઈ ગઇ; પરંતુ આ ગોરો બાદશાહ, શાહજહાં બાદશાહનો ખાસ મિત્ર, આવો શ્રદ્ધાળુ અને ભાવિક ભક્ત આવું ઘોર પાપ કરે એવો વહેમ પૂજારીઓને તેમ નગરજનોને એકદમ આવ્યો નહિ. આવું ઘોર પાપ કરનારાઓનું સત્યાનાશ જશે, એવો શાપ દઇ તથા રડી કકળીને પૂજારીઓ બિચારા બેસી રહ્યા.

(૨)

જોન બેપ્ટિસ્ટ તેવેરનીએરને હવે હિંદુસ્તાનમાં રહેવાનું કાંઇ ખાસ પ્રયોજન રહ્યું નહોતું. પોતાના મિત્ર શાહજહાં બાદશાહની પણ રજા લીધા વગર તેણે બ્રહ્મદેશથી બારોબાર ફ્રાન્સનો રસ્તો

લીધો. ફ્રાન્સ પહોંચી તેણે પોતાના દેશબંધુઓને પોતાના આ મહાપરાક્રમની કથા કહી ચકિત કરી દીધા. તેવેરનીએર મહાધનાઢ્ય વેપારી હતો. તેને પૈસાની બિલકુલ પરવા નહોતી, તેથી રામસીતાની મૂર્તિ ઉપરથી ચોરી આણેલો હીરો વેચવાનો તેનો વિચાર નહોતો; પરંતુ ફ્રાન્સના રાજા લૂઇ ચૌદમાને કાને તેવેરનીએરના આ પરાક્રમની વાત પહોંચી ગઇ. રાજાએ તેવેરનીએરને પોતાના દરબારમાં આવવાનું આમંત્રણ મોકલ્યું. રાજાને નજરાણામાં આપવાને કેટલાંક કિંમતી જવાહીરો પોતાની સાથે લઇ તેવેરનીએર ચૌદમા લૂઈના દરબારમાં ગયો. રાજાને સલામ ભરી તેને ચરણે નજરાણું ધર્યું, પણ રાજાને એ નજરાણાથી સંતોષ થયો નહિ. તેણે તેવેરનીએરને એકાંતમાં બોલાવી તેની પાસે રામસીતાનો હીરો વેચાતો માગ્યો. તેવેરનીએરે એ હીરો વેચવાની સાફ ના પાડી. રાજાએ સામ, દામ અને ભેદ બધું અજમાવ્યું. છેવટે નમતું આપ્યા વગર તેવેરનીએરને છૂટકો નહોતો. એક લાખ પાઉન્ડ અને ઉમરાવપદ લઇ તેવેરનીએરે એ હીરો લૂઈ ચૌદમાને વેચ્યો.

હીરો વેચી તેવેરનીએર ઘેર ગયો કે તરતજ એને ખબર પડી કે, તેના દીકરાએ પુષ્કળ દેવું કર્યું છે અને દેવા પેટે બાપની બધી મિલ્કત લખી આપી છે. તેવેરનીએરના હૃદયને આથી સખત આઘાત થયો. પોતાના કુટુંબની આબરૂ રાખવાને તેણે પોતાની બધીજ મિલ્કતનો ભોગ આપી દીકરાએ કરેલું દેવું પતાવ્યું. વધારે કમાવાની લાલસાથી આ વીર અને સાહસિક વેપારી ફરી પાછો એશિયાની મુસાફરીએ નીકળી પડયો; પણ રામસીતાની મૂર્તિ ઉપરના હીરાના ચોરને રામસીતાના પૂજારીઓનો શાપ હતો તેથી તે હવે વધારે વખત જીવવા પામ્યો નહિ. મુસાફરીમાં તેને ઝેરી તાવ આવ્યો. તેના સાથીઓ તથા નોકરચાકરો તેને ત્યજીને નાસી ગયા અને તેના માંદા શરીરને જંગલી કૂતરાઓએ ફાડી ખાધું. આ રીતે મૂર્તિના હીરાના ચોરનો અતિ હૃદયભેદક અને કરુણ અંત આવ્યો.

હવે હીરાનો ઉપભોગ કરનારાઓની શી વલે થાય છે તે આપણે જોઇએ. ફ્રાન્સનો મહાન રાજા ચૌદમો લૂઇ હીરાના સુશોભિત રંગ અને તેના અદ્ભુત ચળકાટથી મુગ્ધ થઇ ગયો. તેની પાસે ઘણાં કિંમતી જવાહીરો હતાં; પણ તેના જવાહીરોના સંગ્રહમાં રામસીતાના આ હીરાનું સ્થાન તો અનુપમ હતું. રાજાના દરબારીઓને કાને પણ આ હીરાની અદ્ભુત કથા પહોંચી હતી; તેથી તેઓ પણ આ હીરાનાં દર્શન કરવાને અધીરા બની ગયા હતા. આ હીરો પહેરી

લૂઇ ચૌદમો પહેલવહેલો દરબારમાં આવ્યો ત્યારે આખા દરબારમાં ખળભળાટ થઇ ગયો. હીરાના સૌંદર્યે, તેના અસાધારણ ચળકાટે, તેમ તેના અદ્ભુત રંગે બધાને આશ્ચર્યચકિત કરી દીધા.

ઇરાનના શાહનો એલચી ફ્રાંસમાં આવ્યો હતો. તેના માનમાં રાજા ચૌદમા લૂઇએ એક ભવ્ય દરબાર ભર્યો હતો. પરદેશી એલચીને પોતાના ઠાઠમાઠથી આંજી નાખવાના હેતુથી આ ફૂલણજી રાજાએ આ પ્રસંગે પોતાના શરીરને સુશોભિત વસ્ત્રાલંકારથી શણગાર્યું હતું. આ પ્રસંગે પણ રાજાએ રામસીતાનો હીરો પોતાના અંગ ઉપર પહેર્યો હતો.

રાજા ચૌદમા લૂઇને રામસીતાના મંદિરના પૂજારીઓનો શાપ લાગ્યો કે કેમ તે તો ઇતિહાસ આપણને કહેતો નથી; પણ ચૌદમા લૂઈ સિવાય બીજા જે જે મનુષ્યોએ આ હીરાને પોતાના અંગ ઉપર અડકાડ્યો છે, તે બધાને પૂજારીઓનો શાપ લાગ્યો છે એમ ઇતિહાસ આપણને સ્પષ્ટ કહે છે.

રાજાની એક માનીતી રખાત સ્ત્રી મેડમ મોંટેસ પેનને રાજાએ એક વખત બાદશાહી નૃત્યના પ્રસંગે આ હીરો પહેરવા આપ્યો હતો. આ સુશોભિત હીરો પહેરવાનો આનંદ ભોગવી રહ્યા પછી તરતજ રાજાની તેના ઉપર અકૃપા થઇ. તે હમેશને માટે રાજાનો પ્રેમ ગુમાવી બેઠી.

નીકોલસ ફુકેટ નામના રાજાના એક પ્રધાને એક ઉત્સવ-પ્રસંગે રાજા પાસેથી એ હીરો પહેરવા માગી લીધો હતો. ઉત્સવમાં તેણે એ હીરો પહેરી આનંદ ભોગવ્યો તો ખરો, પણ ત્યાર પછી તરતજ રાજાની તેના ઉપર ઇતરાજી થઇ. તેને પ્રધાનના પદ ઉપરથી દૂર કરી કેદમાં પૂરવામાં આવ્યો. પાછળથી કેદખાનામાંજ તેને મારી નાખવામાં આવ્યો. હવે ધીમે ધીમે પારીસમાં વાત ચાલવા લાગી કે, આ હીરો તો શાપિત છે અને જે એનો ઉપભોગ કરશે તેના ઉપર આફત આવશે. એક માણસે તો છાતી ઠોકી જાહેર કર્યું કે, તેવેરનીઅરે પોતેજ મને કહ્યું હતું કે, આ હીરો શાપિત છે અને જે મનુષ્ય પોતાના શરીર ઉપર એ પહેરશે તેને માથે દુઃખના ડુંગરો ઊગશે.

લૂઇ ચૌદમાના મરણ પછી એનો પુત્ર પંદરમો લૂઇ ગાદીએ બેઠો. લૂઇ પંદરમાની પુત્રવધૂ મેરી ઍંટવાનેટ ઇતિહાસમાં તેના સૌંદર્ય તેમ તેના વૈભવ તથા વિલાસપ્રિયતાને માટે સુપ્રસિદ્ધ છે. પોતાના સૌંદર્યમાં વધારો કરવાને માટે ફ્રાંસની આ સુપ્રસિદ્ધ રાણી

આ રામસીતાના હીરાને ઘણી વાર પોતાને ગળે પહેરતી હતી. એ બિચારીને માથે શી શી આફતો આવી અને તેને કેવાં કેવાં ભયંકર દુઃખો વેઠવાં પડયાં તે તો ઇતિહાસમાં જાણીતી વાત છે તેથી, તે સંબંધીં અહીં વિવેચન કરવું જરૂરનું નથી.

હવે ફ્રાંસના જગવિખ્યાત મહાન વિપ્લવનો સમય આવ્યો. ઇ. સ. ૧૭૯૨ ની સાલમાં રાજ્યનાં જવાહીરોની ચોરી થઇ તેમાં આ હીરો પણ ચોરાઇ ગયો. આ ચોરી કરનારાઓ તો પાછળથી પકડાયા. તેમને સજા પણ થઇ અને ચોરાયલાં કેટલાંક જવાહીરો પાછાં પણ મળ્યાં; પણ આ રામસીતાના હીરાનો તે વખતે કાંઇ પત્તો લાગ્યો નહિ.

(૩)

હવે આ હીરો એકાએક હોલંડની રાજ્યધાની આમસ્ટર્ડામમાં દેખા દે છે. ફાલ્સ નામના એ શહેરના એક પ્રખ્યાત ઝવેરીને હાથે તે ચઢે છે. એક અજાણ્યા પરદેશીએ એ હીરો કાપવાને માટે તેમ તેના ઉપર પહેલ પાડવાને માટે તેને આપ્યો હતો, એમ તે કહે છે. આ ઝવેરીએ એ હીરાને કાપી તેના બે કકડા કરી તેમના ઉપર પહેલ પાડી પોતાના ગ્રાહકને બીજે દિવસે સોંપવા બે કકડાઓ તૈયાર રાખ્યા હતા; પણ રાતમાં ઝવેરીના છોકરાએ બે કકડામાંથી એક કકડો ચોરી લીધો, અને તેને વેચી નાખ્યો. હીરો વેચતાં જે ઉપજ્યું તે લઇ તે છોકરો નાસી ગયો. હીરો વેચી પોતાની પાસે આવેલા બધા પૈસા તેણે સ્વચ્છંદમાં, મોજમજાહમાં, તેમ હલકી જાતના ભોગવિલાસમાં ખરચી નાખ્યા; અને છેવટે તે આપઘાત કરી મરી ગયો. આ છોકરા પાસેથી બોલો નામના ફ્રાન્સના એક વતનીએ એ હીરો વેચાતો લીધો હતો. ચતુર બોલો એકદમ સમજી ગયો કે, આ હીરો ચોરીનો માલ છે તેથી તેણે ઝવેરીના છોકરાને હીરાની કિંમતનો દસમો ભાગ પણ નહિ આપ્યો હોય. પોતાની પાસે ચોરીનો માલ છે એમ સમજી એ હીરો જાહેરમાં વેચવાની બોલોની હિંમત ચાલી નહિ; તેથી તે છાનોમાનો પારીસના એક ઝવેરીની પાસે ગયો. આખી વાત ગુપ્ત રાખવાના તેની પાસે સોગંદ ખવડાવ્યા, પછી બોલોએ તેને હીરો બતાવ્યો અને તેમાંથી એક નાનો કકડો કપાવી એ ઝવેરી મારફતે એ કકડો તેણે વેચ્યો. એ કકડો વેચતાં જે ઉપજ્યું એ ઝવેરી તથા બોલોએ સરખેભાગે વહેંચી લીધું. આ પ્રમાણે મળેલા પૈસા લઇ બોલો હીરાનો મોટો કકડો પોતાની સાથે લઇ ઇંગ્લંડ નાસી ગયો. પોતાના પગના બૂટ નીચે તે હીરો

સંતાડી રાખતો હતો અને લાગ મળે એ હીરો મોટી કિંમતે વેચવાનું તેણે નક્કી કર્યું હતું. પોતાની પાસેની ખરચી ખૂટી પડી એટલે બોલોએ મજૂરી કરી ઇંગ્લંડમાં પોતાનું પેટ ભરવા માંડયું. વિધિની કેવી ઘટના! એક મોટી જાગીર ખરીદી શકાય એટલી કિંમતનો હીરો પોતાના કબજામાં હોવા છતાં બોલોને સખત મજૂરી કરી પોતાનું પેટ ભરવું પડતું હતું. તેને હવે પેટપૂરતું ખાવાનું પણ મળી શકતું નહોતું અને ભૂખે મરવું પડતું હતું; એટલે છેવટે તેણે હિંમત ધરી લંડનના એક પ્રખ્યાત યાહુદી ઝવેરી એલીસનને પોતાને ઘેર બોલાવ્યો, તેને હીરો બતાવ્યો અને એ હીરો વેચવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. ચતુર યાહુદી ઝવેરી સમજી ગયો કે, આ હીરો ચોરીનો માલ છે એટલે તેણે કિંમતને માટે પુષ્કળ રકઝક કરવા માંડી. છેવટે પાંચ હજાર પાઉંડ રોકડા આપી યાહુદી ઝવેરી એલીસને હીરો ખરીદ કરવાનું કબૂલ કર્યું. બોલોએ પણ એ કિંમત કબૂલ રાખી. બીજે દિવસે સવારે યાહુદીએ બોલોને ઘેર આવી તેને રોકડા પાંચ હજાર પાઉંડ આપી તેની પાસેથી હીરો લઇ જવો, એમ નક્કી કરી બંને છૂટા પડયા. બીજે દિવસે સવારે યાહુદી ઝવેરી એલીસન પાંચ હજાર પાઉંડ રોકડા લઇ બોલોને ઘેર હીરો લેવા ગયો ત્યારે તેને તેની પથારીમાં મરી ગયેલો જોયો. બોલોને ડૉકટરની તપાસમાં એમ જણાયું કે, તે માત્ર ભૂખથી મરણ પામ્યો છે! યાહુદી ઝવેરી એલીસનને આ રીતે એ હીરો મફત મળી ગયો.

તેવેરનીએર પેગુથી હીરો ચોરી લાવ્યો ત્યારપછી એ હીરાના ત્રણ કકડાઓ થયા હતા. આમસ્ટર્ડામના ઝવેરીએ આખા હીરાના બે કકડા કર્યા હતા. તેમાંનો એક કડકો એ ઝવેરીના દીકરાએ બોલોને વેચ્યો હતો. બોલોએ તેમાંથી એક નાનો કડકો પારીસના ઝવેરી પાસે કપાવ્યો હતો. પારીસના ઝવેરીએ માત્ર ત્રણસો પાઉંડ લઈ તે ઈંગ્લાંડના એક ઝવેરીને વેચી દીધો હતો. બોલો પાસેથી યાહુદી ઝવેરી એલીસનને મળેલો હીરાનો કડકો તેણે ઇંગ્લંડના એક ઉમરાવ લૉર્ડ ફ્રાન્સિસ હોપને ત્રીસ હજાર પાઉંડ લઇ વેચાતો આપ્યો હતો. આ હીરો ખરીદ કર્યા પછી થોડા વખતમાં લૉર્ડ ફ્રાન્સીસ હોપે મેયો હે નામની એક નટી સાથે લગ્ન કર્યાં. આ મેયો હે કે લેડી ફ્રાન્સીસ હોપ ઘણી વાર આ હીરો પહેરતી હતી. એકાએક લેડી ફ્રાન્સીસ હોપ પોતાના પરણેલા પતિને તજી બીજા કોઇ પુરુષ સાથે નાસી ગઈ. આથી લૉર્ડ ફ્રાન્સિસ હોપે છૂટાછેડા મેળવી દીધા. આ રીતે આ શાપિત હીરો પહેરનાર સ્ત્રીના સંસારનો કરુણ

અંત આવ્યો. લૉર્ડ ફ્રાન્સીસ હોપ પણ હવે દેવાદાર થવા લાગ્યો. તેનું દેવું વધી પડવાથી તેણે રામસીતાનો હીરો વેચી દીધો. સને ૧૯૦૮ ની સાલમાં રૂશિયાના એક લક્ષાધિપતિ ઉમરાવ પ્રિન્સ કાંતિ વોસ્કીએ લૉર્ડ ફ્રાન્સિસ હોપ પાસેથી એ હીરો ખરીદ કર્યો. આ રૂશીઅન ઉમરાવ ફ્રાન્સની એક નટી લાદયુ સાથે પ્રેમમાં પડયો હતો. તેણે એક વખત પોતાની પ્રિયતમાને એ હીરો પહેરવા આપ્યો હતો. આ હીરો પહેરી લાદયુ રંગભૂમિ ઉપર પોતાનો વેશ ભજવવા આવી એટલે પ્રેક્ષકો તેણે પહેરેલા સુશોભિત હીરાના ચળકાટથી આશ્ચર્યચકિત થઇ ગયા. પણ એવામાં ઓચિંતો તેનો પ્રિયતમ પ્રિન્સ કાંતિ વૉસ્કી રંગભૂમિ ઉપર ધસી આવ્યો અને તેને કોણ જાણે શું ધૂન ભરાઇ આવી કે એકાએક રંગભૂમિ ઉપરજ તેણે પોતાની પ્રિયતમાનું ખૂન કરી દીધું. પોતાની પ્રિયતમાનું ખૂન કરી તેના શરીર ઉપરથી આ શાપિત હીરો લઈ એક ગાંડા માણસની માફક તે નાઠો. બે દિવસ પછી પારીસના એક મહોલ્લામાં આ રૂશીઅન ઉમરાવનું પણ કોઇએ ખૂન કર્યું. આ રીતે આ શાપિત હીરાના માલિકનો તથા તેનો ઉપભોગ કરનાર સ્ત્રીનો અતિ કરુણ અંત આવ્યો !

હવે આ હીરો એક ગ્રીક ઝવેરીને હાથ જાય છે. એ ગ્રીક ઝવેરીએ આ હીરો તુર્કસ્તાનના સુલ્તાન અબ્દુલ હમીદને વેચ્યો. હીરો વેચી તેની કિંમતનાં નાણાં લઇ આ ગ્રીક ઝવેરી પોતાની સ્ત્રી સાથે એક ઘોડાગાડીમાં બેસી રાજમહેલથી પોતાને ઉતારે જવા નીકળી પડયો. રસ્તામાં ગાડીના ઘોડા ભડકયા અને તોફાને ચઢયા. તેમણે ખૂબ જોરથી નાસવા માંડયું. નાસતાં નાસતાં તેઓ એક ઉંડા ખાડામાં પડયા. ગાડીના ચૂરેચુરા થઇ ગયા. ઘોડાઓ, ગાડી હાંકનારો તેમ ગાડીમાં બેઠેલાં સ્ત્રીપુરુષ બધાં મરણનો ભોગ થઇ પડયાં. સુલ્તાન અબ્દુલ હમીદે પોતાના એક વિશ્વાસુ ખજાનચીને એ હીરો સોંપ્યો.

એ ખજાનચી ઉપર થોડા સમયમાં સુલતાનની અકૃપા થઈ. તેને પકડી કેદમાં પૂરી દેવામાં આવ્યો. કેદમાં તે બિચારો ગાંડો થઈ મરણ પામ્યો. પછી સુલ્તાને આ હીરો પોતાના એક માનીતા ખોજા કુલુબને રાખવા આપ્યો. બે-ચાર દિવસમાં આ કુલુબ ખોજાને મહેલમાં કોઇએ ગળે ફાંસો દઇ મારી નાખ્યો. તુર્કસ્તાનમાં તરતજ મહાન રાજકીય વિપ્લવ થયો. યુવાન તુર્કોએ સુલ્તાન અબ્દુલ હમીદને પદભ્રષ્ટ કરી મારી નાખ્યો, એ તો જાણીતી ઐતિહાસિક વાત છે.

હવે આ હીરો અમેરિકા જાય છે. મિસીસ એડવર્ડ બી. મેકલીન નામની એક ધનાઢ્ય અમેરિકન સ્ત્રી બાવન હજાર પાઉન્ડ આપી એ હીરો એક જાણીતી ઝવેરીની પેઢી પાસેથી ખરીદ કરે છે. રૂશીઅન એલચીના માનમાં યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રમુખ સને ૧૯૧૧ ની સાલમાં એક ભવ્ય મેળાવડો કરે છે. આ મેળાવડામાં મિસીસ મેકિલન આ સુશોભિત હીરો પહેરીને જાય છે. બીજે દિવસે સવારે તેનો એકનો એક દિકરો, તેની અઢળક મિલ્કતનો વારસ, ઓચિંતો તેની આયાનો હાથ છોડાવી દોડી જાય છે. સામેથી ધબધબ કરતી મોટરકાર આવે છે અને પળવારમાં તો આ બાળકને ચગદી નાખે છે.

આ રામસીતાના હીરાની કથા જેવી અદ્‌ભુત પણ ભયંકર, રસિક, કરુણ કથા ભાગ્યેજ આપણા સાંભળવામાં આવી હશે.×

(“શારદા”ના એક અંકમાંથી)

× રીચર્ડ મેક મિલનના અંગ્રેજી લેખ ઉપરથી.

૬૫-ગુન્હેગાર કોણ?

(લેખકઃ-શ્રી. પંડિત ઉદયચંદ વૈદ્ય)

(૧)

" જાઓ, ગુન્હેગારને હાજર કરો ! "

" જી હજૂર ! " ન્યાયાધીશના હુકમની સામે માથું ઝુકાવી કૉન્સ્ટેબલે કહ્યું અને તે ગુન્હેગારને લઇ આવવા માટે જેલ તરફ ચાલ્યો ગયો.

વહાલા વાચક ! અમેરિકાના પાટનગર ન્યુયૉર્ક શહેરની હાઇ-કૉર્ટમાં આજે બહુજ ભીડ છે. ક્યાંયે ખાલી જગ્યા જોવામાં નથી આવતી. આસપાસનાં ગામો અને નગરોમાંથી પણ કેટલાએ લોકો ન્યુયૉર્કની વડી અદાલતમાં આવ્યા છે. જે કેસમાં સ્ત્રી ગુન્હેગાર હોય, એવો અમેરિકામાં આ પહેલોજ કેસ છે. ત્યાં અંગ્રેજોની સત્તા શરૂ થઇ ચૂકી છે અને લોકો એઓના ન્યાયનું ધોરણ જાણી લેવા માટે આવ્યા છે. મિ. રૉબર્ટ જૉસફ ન્યાયાધીશના જબરદસ્ત જોખમદાર આસન ઉપર બેઠેલો છે. લોકો આપસઆપસમાં વાતો કરી રહ્યા છે. કોઇ કહે છે કે " એક સ્ત્રી પર કેસ ચલાવવો, એ કાંઇ સભ્યતા કે શિષ્ટતા નથી. " કોઇ કહે છે કે " જુઓ, હમણાંજ ન્યાયની ખબર પડી જશે. શી ખબર કે એક સ્ત્રીને ન્યાયાધીશે શામાટે પકડી મંગાવી છે ? "

આ બનાવ ઇ. સ. ૧૭૦૭ માં બનેલો છે. આજની જબરદસ્ત ભીડ જોઇ અંગ્રેજી સત્તાએ પોલીસની એક ટુકડી બોલાવી અદાલતની આસપાસ ગોઠવી દીધેલ છે. સરકારને ડર છે કે, ક્યાંએ બળવો ન થઇ જાય; કારણ કે અહીં પણ સ્ત્રીઓને ભારે સન્માન આપવામાં આવે છે.

ગુન્હેગાર એક સ્ત્રી છે. કેટલાકોની—સાક્ષીઓની જુબાની ઉપરથી જાણવામાં આવ્યું છે કે, એ સ્ત્રીએ કેટલાંએ બચ્ચાંઓનાં ખૂન કર્યાં છે ! અને તે એક તળાવને કિનારે તેમ કરતાં પકડાઇ છે;

જુઓ, વાત ખરી છે કે ખોટી, તે હમણાંજ જાણવામાં આવી જશે.

"સિપાઇ ! જુઓ કે, ગુન્હેગાર આવે છે કે નહિ ?" જડ્જ રૉબર્ટ જૉસફે કહ્યું.

"હજૂર ! એ જુઓ એ આવે છે." સિપાઇએ કહ્યું.

સામેથી મહામહેનતે ભીડને હઠાવતો કૉન્સ્ટેબલ એક શાન્ત-મૂર્તિ નારીને લઇ ચાલ્યો આવે છે. એ કોર્ટમાં આવ્યો. સિપાઇએ જડ્જ સાહેબને નીચે ઝૂકી સલામ કરી અને ગુન્હેગારને તેમની સામે ઉભો કરી દીધો. ન્યાયાધીશે એ ગુન્હેગાર સ્ત્રીને ઉદ્દેશીને કહ્યું:-

"મિસિસ એરંડેલ ! તમારા ઉપર ગુન્હો સાબીત થઇ ગયો. એ તમારે જાણી લેવું જોઇએ."

"હા, તે મેં જાણી લીધું છે" ગુન્હેગાર સ્ત્રીએ કહ્યું.

"તો પછી કહો, તમારે કાંઇ કહેવું છે ?"

"કાંઇ નથી કહેવું !"

"એટલે એમ કે, તમે તમારો ગુન્હો કબૂલ કરો છો એમજ ને ?"

"એ પૂછો છો શા માટે ? શું અત્યાર સુધી તે કબૂલ નથી કર્યો ?"

"કોર્ટ જે કાંઈ પૂછે છે તેનોજ જવાબ આપો." આ ફેંસલા-ને દિવસે ફરીને સારી રીતે પૂછી જોવાનો રિવાજ છે.

"તો મારે ગુન્હો કબૂલજ છે !"

"જે બચ્ચાંઓને તમે ક્રૂરતાથી નિર્દયપણે રહેંસી નાખ્યાં તે બચ્ચાં કોનાં હતાં ?"

"માફ કરો ! એ હું નથી કહી શકતી."

"ઓ ગુન્હેગાર ઓરત ! સાંભળ. જો તું શરૂઆતમાંજ તારા અપરાધો છુપાવી લેત તો કદાચ બચી પણ જાત. કારણ કે એ નિર્દય કામ તેંજ કર્યું છે, એનો પ્રત્યક્ષ પુરાવોજ નહોતો. પણ જ્યારે તેં બધો અપરાધ તારા પોતાનાજ માથે ઉઠાવી લીધો છે તો પછી શામાટે ડરે છે ? આ રિવાજ પ્રમાણે પણ વર્ત !"

જડ્જ સાહેબની વાત સાંભળી મિસિસ એરંડેલ કેટલીક વાર ચૂપ રહી. એ અપરાધી અબળાના અંતઃકરણમાં જબરી ગડમથલ થતી હતી. એના અંતરમાં એક જાતની ચળવળે જબરં જુદ્ધ મચાવ્યું હતું. આખરે એણે માથું ઉંચું કર્યું અને તે કહેવા લાગી:—

"નામવર જડ્જ સાહેબ ! તો હવે આપ મારા પહેલાંના શબ્દો કે જુબાનીને ફેંકી દો અને આજે મારી જુબાની આદિથી અંતસુધી લખી લ્યો. આજે હું બધી વાતો સાફ સાફ અને સાવ સાચેસાચીજ કહીશ. લખો, શરૂ કરો. જે બાળકોનાં ખૂન થયાં છે

તે મારાં પોતાનાંજ બચ્ચાં હતાં, કોઇ બીજાનાં નહિ. લખ્યું કે સાહેબ ?"

આ શબ્દોનો ઉચ્ચાર કરતાં એ સ્ત્રી જરા પણ અચકાઇ નહિ કે ગભરાઈ પણ નહિ. એ મહિલાના મુખમંડળપર તરવરતા ભાવો, એની સત્યતા પૂરવાર કરતા હતા; છતાં જડ્જે કહ્યું:—

"મને વિશ્વાસજ નથી આવતો કે, કોઇ પોતાનાંજ બાળકોનાં ખૂન કરી શકે ?"

"હા, મારી શકે છે. ખૂન પણ કરી શકે છે ! મેં તેમ કર્યું છે ખરૂં ! તમે મારી જુબાની લખતા જાઓ. છેવટે તમને પોતાનેજ વિશ્વાસ આવી જશે !"

(૨)

"જડ્જ સાહેબ ! મારા નામ ઉપરથીજ આપને જણાઇ આવ્યું હશે કે, હું એરંડેલ વંશની એક છોકરી છું. મારાં લગ્ન એક ગરીબ ખેડુત સાથે થયાં હતાં; કારણ કે હું કાંઇ પૈસો, વૈભવ કે સુખવાસનાની ભૂખી નહોતી. હું મારા નાનકડા ને ટુંકા જીવનને શાંતિમય જીવન બનાવવા માગતી હતી."

"એજ સુખસ્વપ્નના સ્મરણમાં મેં ધન-વૈભવની પરવા કરી નહિ. શાંતિ-શાંતિ, એ તો ભીંત ઉપર પડેલો પડછાયો છે. તે જોઇને નાનું બચ્ચું તેને પકડી લેવા દોડી જાય છે; પણ તેનું માથું એ ભીંત સાથે અફળાઇને એ રોવા માંડે છે. નામવર ! મારાં લગ્ન થયા પછી હું કેટલાક દિવસો સુધી બહુજ સુખી રહી. આખો દિવસ મહેનત કરી આવી મારા પતિદેવ બચ્ચાંઓને રાજા કહી ઉંચકી લેતા હતા. રાત્રે એ સાદા ઓરડામાં હજુ પણ મને યાદ છે કે, તેઓ મને ઘણાજ પ્રેમથી છાતીએ ચાંપતા. એ સુખોથી હું મને પોતાને બહુજ ભાગ્યશાળી સમજતી. અંગ્રેજોના રાજ્યને પણ હું બહુજ શાંતિમય રાજ્ય માનતી હતી."

"તમારા (સરકારના) રાજ્યમાં જમીનદારોએ એક જુલ્મી નિયમ કરી રાખ્યો છે. ખેડુતને જરૂરને વખતે પૈસા તેઓજ આપે છે. બીજાઓને શાહુકાર બનવા નથી દેતા; છતાં પણ વ્યાજ બીજાઓ કરતાં ઘણુંજ વધારે પડતું લે છે. બાપડા ખેડુતો પોતાના કિંમતી લોહીનું પાણી કરી મહામહેનતે એ કરજમાંથી છૂટી શકે છે. મારા પતિ પણ કરજ લેતાં બહુજ ગભરાતા. બીજો કોઇ ઉપાયંજ નહોતો. અમને બહુજ થોડા રૂપિયાની જરૂર હતી. એક દીકરો, એક દીકરી, એઓ અને હું. એ અમારૂં કુટુંબ ! મારા પતિ વર્ષ

પૂરું થતાં થતાં તો કરજ ચૂકવી દેતા અને શાંતિમય શ્વાસ લઇ ફરી પોતાને કામે લાગી જતા.”

“પણ નિષ્ઠુર અને વિકટ વિધાતાથી મારી આ શાંતિમય ક્રિયા-ક્રીડા જોઇ શકાઇ નહિ. એણે એમાં ફેરફાર કરી નાખ્યો. આનંદની જગ્યાએ વિષાદનું રુદન છવાઇ ગયું. ખેડુતોની ઉપર આપત્તિઓનાં આભ તૂટી પડયાં. અચાનક દુષ્કાળ પડયો; એટલા માટે કરજ લેવું પડયું. બીજે વર્ષે પણ કાળ પડવાથી અમે કરજ ભરી શકયાં નહિ. ફરી વાર કરજ કરવું પડયું. ત્રીજે વર્ષે પણ એમજ બન્યું—કાળ પડયો. અમે લૂંટાઇ-લેવાઇ ગયાં. માથા પર બે વર્ષનું કરજ ! ખાવા માટે અનાજનો એક પણ દાણો નહિ. અમે ભયંકરથી પણ ભયંકર હાલતમાં આવી પડયાં. અમારા જીવનમાં જબરૂં અંધારૂં છવાઈ ગયું.”

“જમીનદાર-શાહૂકારની પાસે જતાં મારા પતિ અચકાતા-ગભરાતા. ત્યાં જવાથી તેમને પાછલું કરજ આપવું પડત અને તેમની પાસે હતું પણ શું કે જે આપે ? એ તો ફરી કરજજ લેવા માગતા હતા. મને-કમને મારા પતિ જમીનદારની પાસે ગયા. કામ કઠણ હતું. આ વખતે એણે રૂપિયા આપ્યા નહિ. એ અમારી જમીનનો લાલચુ હતો અને કરજને બદલે જમીન જપ્ત કરી લેવા માગતો હતો. મારા શાંતિપ્રિય પતિએ જમીનદારને કહ્યું—સાહેબ ! ગરીબ ઉપર દયા કરો. આ વખતે જેમ બનશે તેમ રૂપિયા ભરી દઇશ. ગમે તેમ થાય તોપણ ખેતી તો કરવીજ પડશે સાહેબ ! ”

“જમીનદારે રૂપિયા આપવાનું કબૂલ કર્યું; પણ એવી શરતે કે, એકના બે પાછા આપવા. અહીં તો જીવન-મરણનો સવાલ હતો. પતિએ તે મુજબ લખી આપ્યું, રૂપિયા મળ્યા. ખેતીનું કામ શરૂ થઇ ગયું.”

“આ વર્ષે પણ મારા પતિ ચિંતાતુરજ હતા. તે કહેતા કે, જો આ વર્ષે પણ દુકાળ પડયો તો...”

“હું એમને વચમાંજ અટકાવી દઇ કહેતી કે શું વારે વારે દુકાળ પડે છે ? નહિ. એ બનવાજોગજ નથી.”

“અમે બન્ને અંતઃકરણપૂર્વક તે દયાળુ પરમાત્માની પ્રાર્થના કરતાં. અમને આશા હતી કે, આ વર્ષ મજાનું જશે ! અમારી મહેનત એળે નહિ જાય. એ બહુજ ઉમેદથી અને આશાભર્યા અંતરે કામ કરવામાં લાગી ગયા હતા. વેળાસર વરસાદ પણ આવ્યો. બધાં ખેતરો લીલાંછમ થઇ ગયાં. મોલ મજાના ઉગી નીકળ્યા. અનાજ

પણ પાકી ગયું અને પાક પણ ઘણોજ સારો ને સરસ હતો. આ વર્ષે મારા પતિદેવ બહુજ આનંદમાં હતા—ખુશી હતા અને સાથે સાથે હતા પણ સંતોષી! જાણે કે તેમને આ બધુંએ વગરમહેનતે મળી રહ્યું હોયની!”

“નામવર! હું પહેલાંજ કહી ચૂકી છું કે, નસીબ અમારી વિરુદ્ધ હતું. અમે અભાગીઆં હતાં. એક દિવસે ખેડુતોએ ખેતરોમાં જઇને જોયું તો હાય...! પાક બધોએ સૂકાઇ ગયો હતો, અનાજ બળી ગયું હતું. આ બધું એ રાત્રે પડેલા જબરદસ્ત હીમનું પરિણામ હતું. હાય! ખેડુતોનો રોટલો વળી ગયો–સત્યાનાશ થઇ ગયું. હીમને લીધે પાક બળી જવાથી ખેડુતોનાં હૃદયો ફાટી પડયાં. હવે તો મારા પતિદેવ આ જીવનને તદ્દન નકામું ગણવા—માનવા લાગ્યા.”

“જમીનદારને રૂપિયા ભરવાજ જોઇતા હતા. રૂપિયા ભર્યા વિના એ ગામમાં રહેવું બહુજ મુસ્કેલ હતું. રૂપિયા આપવા ક્યાંથી? પાસે કાંઇ નહોતું. ખાવાના સાંસા હતા. કાંઇ સૂઝતું નહોતું. આખરે નક્કી કર્યું કે, બળદ વેચીને કરજ ભરવું! બળદો મને બહુજ પ્રિય હતા. એ અમારા દોહ્યલા દુઃખદાયક દિવસોમાં સોબતે રહેનારા બહાદૂરો હતા. જે વખતે એ બળદ ખુંટેથી છોડી વેચવા માટે લઇ જવા લાગ્યા ત્યારે હું રોતી હતી. એ બળદોનો વિયોગ મને ગમતો નહોતો; છતાં પણ હું લાચાર હતી. હાય રે કરજ...અફસોસ!”

“એ બળદો અમારા મિત્રો હતા, સહચર હતા, નોકર હતા. અમારા આનંદદાયક દિવસોના સાચા સાથી હતા! અમારી દશા પલટાઇ ગઇ. અમે કંગાલ બની ગયાં; છતાં પણ અમે અમારા એ બળદોનો ત્યાગ નહોતો કર્યો. એ એવા બળદ હતા કે બોલાવતાંજ એકદમ દોડીને પાસે આવી જતા. હું જે કાંઇ ખવરાવતી તે ખાઇ લેતા અને ગુપચૂપ પોતાની જગ્યાએજ ઉભા રહી જતા. ધનવાનને જેમ ધનનું અભિમાન હોય છે, તેમ એ બળદો ઉપર મને પણ જબરૂં અભિમાન હતું. એ બળદો મને મારા પોતાના પ્યારામાં પ્યારા પુત્ર જેટલા પ્રિય હતા. આ બળદો નહોતા વેચાતા, પણ આત્મા અને સહૃદયતાનાં વેચાણ હતાં. હું એમને બળદ લઇ જવા નહોતી દેતી, પણ હાય! જમીનદાર શાહૂકારનું કરજ...યમરાજનું દેવું! શરીર ધ્રૂજી ઉઠે છે અને અંતઃકરણ ભયભીત થઇ પીડા પામે છે.”

“મારા પતિ પણ રોતા હતા; આંખેથી નહિ પણ હૃદયથી રોતા હતા. આખરે તેઓ બળદો વેચવા બજારમાં ચાલ્યા ગયા. એ બળદો વેચીને કરજ ભરવામાં આવ્યું; હૃદયનું રક્ત વેચીને કરજ આપી

દેવામાં આવ્યું હતું.

કેમ જડ્જ સાહેબ! તમે શા માટે માથું નીચું ઘાલી દીધું છે? લખો, એને બીજેજ દિવસે જમીનનો કર વસૂલ કરવાની શરૂઆત થઇ. બધાએ ખેડુતો પાયમાલ થઇ ગયા હતા; પરંતુ જમીનદારનો ભય સર્વને ભયભીત કરી રહ્યો હતો. લોકોએ ઘરનાં રાચરચીલાં, વાસણ-કૂસણ, ઢોરઢાંખર વેચી સાટીને કર ચૂકવ્યા. જમીનમહેસૂલ વસૂલ કરવા માટે જમીનદારના સિપાઇઓ અમારે ત્યાં આવ્યા; પણ પાસે હતું શું? કાંઇજ નહિ! જ્યાં ખાવાના સાંસા ત્યાં જમીનમહેસૂલના રૂપિયા અમારી પાસે ક્યાંથી હોય? એક સિપાઈ હંટર લઇ અમારા ઘર તરફ આવ્યો. મેં મારા પતિને સમજાવી કહ્યું કે, એ સિપાઇને કહી દો કે, થોડા દિવસ થોભી જાવ. કાંઇક ધીરજ રાખો. રૂપિયા થોડા દિ પછી આપીશું. ઘણા ઘણા કાલાવાલા કર્યા પછી સિપાઇ ચાલી ગયો. મને પાકો વિશ્વાસ હતો કે, જમીનદાર ચૂપચાપ નહિ બેસે. એ જરૂર રૂપિયા વસૂલ કરશે અને પછી ઝંપીને બેસશે."

"બીજે દિવસે જમીનદારનો એક જમાદાર રૂપિયા લેવા આવ્યો. મેં રડી રડીને તેને મારી તમામ હકીકત કહી સંભળાવી. એ જમાદાર આવ્યો તો હતો રૂપિયા વસૂલ કરવા, પણ એના અંતઃકરણમાં દયા હતી, મનુષ્યત્વ હતું, ઉદારતા હતી અને સહાનુભૂતિ તેમજ દુઃખિયાંઓની દાઝ પણ હતી. એની સામેજ મારાં વહાલાં ભૂલકાંઓ રોટલીના ટુકડા માટે ટળવળતાં ટળવળતાં રડતાં હતાં. એ જોઇ જમાદારને દયા આવી ગઇ, એનું હૃદય પીગળી ગયું અને અમને ૨૦ ડૉલર આપ્યા. ડૂબતાને આધાર મળી ગયો. અંતરનું આંદોલન શાન્ત થયું; પરંતુ શાંતિ, શાંતિ તો આવનારા તોફાનની શરૂઆતજ હોય છે. એથી હું પૂરેપુરી બેફિકર નહોતી."

"એ દિવસને વીત્યે આશરે ચાર મહિના થઇ ગયા હશે. એ નિર્દય જમીનદારે મારા પતિને બોલાવ્યા; તેઓ ગયા. થોડી વાર પછી કેટલાક સિપાઇઓ મારે ઘેર આવ્યા. અનાજ વગેરે તમામ સામાન ઉઠાવી ગયા. પછી મને ખબર પડી કે, એ જમીનદારનુંજ કામ હતું. હૃદયમાં તોફાન મચી ગયું કે, મારા પતિદેવનું શું થયું હશે? એઓ કેમ હશે? કેવી હાલતમાં હશે?"

"એક કલાક પછી પતિદેવ ઘેર આવ્યા. એમનું મોં ઉતરેલું હતું-હૃદય ઉદાસ હતું. તેઓ દુઃખી દેખાતા હતા. એઓ લથડિયાં ખાઇ રહ્યા હતા. જોયું તો જણાઇ આવ્યું કે, એમના શરીરમાંથી રક્ત ટપકી રહ્યું છે. પીઠ ઉપર ચાબૂકનો ખૂબ માર પડ્યો હતો.

હાય! શું મનુષ્ય મનુષ્યને આવું રાક્ષસી નરપિશાચ જેવું દુઃખ દઇ શકે છે? આટઆટલી નિષ્ઠુરતા કરી શકે છે? હાય! અરે એ પાપિયા! આ તેં શું કરી નાખ્યું? આમ મારૂં અંતઃકરણ ક્રોધથી ભરાઇ ગયું; પણ ગરીબના ક્રોધનો ઉપયોગ શો? તે તો ફક્ત આંસુઓના રૂપમાંજ દેખાઇ શકે છે-ઢળી પડે છે! હું રોવા લાગી. એ આવીને ગુપચૂપ બેસી ગયા. હું એમની પીઠે પાટા બાંધવા લાગી.”

“પતિએ જબરો ને લાંબો નિસાસો નાખી કહ્યું—‘એ દુષ્ટે ૨૦ ડૉલર પણ ઝૂંટવી લીધા.’”

“એને એમ કરવાનો શો હક્ક હતો? તમે કેમ આપી દીધા? મેં લથડતી જીભે પૂછયું.”

“‘હું કદીએ ન આપત, પણ મને ચાબુકના મારે વ્યાકુળ બનાવી દીધો. એ મારથી હું બેભાન થઇ જમીન ઉપર ઢળી પડયો. એ વખતે એ રાક્ષસોએ મારી કમરમાંથી ૨૦ ડૉલર કાઢી લીધા. વહાલી! મને બહુજ પીડા થઇ રહી છે. મને તમારા ખોળામાં માથું મૂકીને સૂઇ રહેવા દો.’”

“મેં એમને સૂવાડયા. એ કરાંઝવા લાગ્યા. જો કોઇ પૈસાવાળાને આવું દુઃખ હોત તો દવાઓના ઢગલેઢગલા થઈ જાત; પણ નિષ્ઠુર ને ક્રૂર નિર્દયતા! તું કોઇને પણ નથી ચાહી શકતી? કોણ જાણે છે કે, એ વખતે મારી ઉપર શું શું વીતક વીતી રહ્યાં હશે?” હાય! અંગ્રેજી રાજ્યમાં આ એક સ્વતંત્રતાનું જાજ્વલ્યમાન ઉદાહરણ હતું.

“ન્યાયી પદવીના અધિકારી પુરુષ! શામાટે નિઃસ્તબ્ધ થઇ જાઓ છો?”

જડ્જ—“ત્યાર પછી શું થયું?”

“ત્રણ દિવસ જેમ તેમ નભ્યું. પછી તો ઘરમાં અનાજનો એક પણ દાણો રહ્યો નહિ. પતિદેવ નોકરી માટે ઘેરથી નીકળી પડ્યા. એમને ગયે ત્રણ દિવસ થઇ ગયા, પણ એ પાછા આવ્યા નહિ. એ ત્રણ દિવસ અમે સાવ ભૂખ્યાં હતાં. જેમ તેમ કરી બચ્ચાંઓને ખાવાનું આપી દેવાતું. આખરે મેં અને મારી ઘરડી સાસુએ મજૂરી કરવાનું શરૂ કર્યું! પતિ તો ન આવ્યા તે નજ આવ્યા. તેઓ સુખેથી ઘેર આવી જાય એટલા માટે હું દરરોજ પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરતી. હું નથી જાણતી કે, મારી પ્રાર્થના પરમાત્મા સાંભળતો હતો કે નહિ! હું માનું છું કે, કદાચ ગરીબોને માટે તેના પણ દરવાજા બંધજ હશે.”

"મને ઉંઘ આવતી નહોતી. અંતઃકરણમાં શંકાઓ અને ચિંતાઓ ભરેલી હતી. કોઇ કોઇ વાર હું હાથ જોડીને આકાશ તરફ જોતી-ઈશ્વરની દયા માટે યાચના કરતી. બહાર આવીને વારે વારે જોતી કે, તેઓ કદાચ આવીને દરવાજે ઉભા હશે અને અમને જગાડવા નહિ માગતા હોય. આમ કેટલીએ રાત્રિઓ મેં મારા મનમોહનના સંભાલ માટે વ્યતીત કરી. આખરે હું બહુજ-બેહદ-ચિંતાતુર થઇ ગઇ. એ ચિંતા ભવિષ્યમાં આવનાર આફતની અગાઉથી સૂચના હતી."

"એક દિવસ મેં સાંભળ્યું કે, મારા પતિદેવ એક મોટરની નીચે કચરાઇ-ચગદાઇ જઇ પરલોકે પહોંચી ગયા ! હાય ! ઓ જડ્જ સાહેબ ! જરા વિચાર કરો કે, તે વખતે મારી ઉપર શું શું નહિ વીત્યું હોય ? મોટર ! રાક્ષસી મોટર ! ! માનવશરીરની ઉપર થઇને નીકળી ગઇ ! કોઇએ એને અટકાવી નહિ. કચરાઈ જવા બાદ મારા પતિને દવાખાને મોકલવામાં આવ્યા હતા કે કેમ ? એ વિચારવાજોગ સવાલ છે. ધનવાન અમીરોના વિલાસનો દંડ ગરીબોની ઉપર પડે છે. ન્યાયાધીશ ! કહો-કહો કે, આ કેવો અજબ ગજબનો ન્યાય છે વારૂ ! ખરેખર, હવે એ કહેવાતા પરમકૃપાળુ પરમાત્માપરથી મારો વિશ્વાસ ઉડી ગયો. ગરીબોને કુટુંબસ્નેહ-પારિવારિક પ્રેમ-પૈસાદારોથી કેટલોએ વધારે હોય છે. મારી સાસુએ, મારા પતિના મોતની ખબર સાંભળીને પોતાનું માથું એક પથ્થર ઉપર પછાડી દીધું. એ જરા જરા ટળવળ્યાં અને શાંત થઇ ગયાં-આ દુનિયાથી તેઓ દૂર થઇ ગયાં. મને પણ આ જીંદગીની ઉપર જબરદસ્ત કંટાળો આવી ગયો. હું આત્મહત્યા કરવા માગતી હતી, પણ મારી પાછળ બિચારાં બે નિર્દોષ ભૂલકાં હતાં-એક દિકરો અને એક દિકરી ! મેં રડતાં રડતાં છાતી પર પથ્થર મૂકીને સાસુજીની ઉત્તરક્રિયા કરી. એ કામ પણ ભીખ માગીને મેં કર્યું."

"ન્યાયાધીશ ! શામાટે તમે આંસુ લૂછી રહ્યા છો ? શા સારૂ આંસુ ખેરવી રહ્યા છો ? જ્યારે દુનિયાની સહાનુભૂતિ ગરીબો તરફ નથી તો શામાટે તમે મારી સ્થિતિ ઉપર રડો છો ?"

ન્યાયાધીશે બહુજ દુઃખથી માથું ઉંચું કર્યું અને કહ્યું—
"વારૂ ત્યાર પછી શું ?"

"ત્યાર પછી બાળકો રડવા લાગ્યાં, ખાવાનું માગવા લાગ્યાં. હું એમને ખાવાનું આપું ક્યાંથી ? મારી પાસે છે શું અને હતું પણ શું ? ન્યાયાધીશ ! મારાં ભાગ્ય ફૂટી ગયાં હતાં. બાળકો રોતાં

હતાં અને મારૂં હૃદય ટળવળતું ને કપાઇ જતું હતું. કોઇ ઉપાયજ નહોતો. આખા દિવસ બાદ રાત્રે બાળકોનાં મોં ઉતરી ગયાં. એમને એક કોળિયો પણ ખાવાનું નહોતું મળ્યું."

"નાનકડી મેરીએ કહ્યું—'બા ! ખાવાનું આપ.' વહાલા દિકરા જેકસે કહ્યું—'બા ! મારા પિતાજીને બોલાવ; તે અમને જરૂર જરૂર ખાવાનું આપશે. તું તો નથી આપતી.' "

"જડજ સાહેબ! તમારે કોઇ બચ્ચાં છે ખરાં કે? જો હોય તો તમો પોતે મારા જેવી હાલતમાં તમને પોતાને મૂકી જુઓ અને પછી કાંઇક કલ્પના કરો એટલે તમને મારા દુઃખની કલ્પના આવી શકશે. ન્યાયાધીશ—ઓ ન્યાયાધીશ! એજ વખતે મારૂં ભાવી ઘોર અંધકારમય બની ગયું. જીવનમાં રસ રહ્યો નહિ—સુખની કલ્પના પણ બાકી રહી નહિ. બાળકોએ ફરી કહ્યું—'બા! રોટલી-ખાવાનું-આપ!' "

" 'ચાલો, હું તમને તે આપું.' એમ કહી હું બન્ને બાળકોને બહાર લઇ ગઇ. થોડે દૂર ગયા પછી જેકસે કહ્યું—'બા! ક્યાં છે ખાવાનું?' "

" 'ચાલ મારા બાલુડા—ચાલ, આગળ વધ. હું તને ખાવાનું આપીશ.' કહી અમે આગળ ચાલ્યાં."

"ચાલતાં ચાલતાં અમે એક તળાવની પાળે જઇ પહોંચ્યાં. મેં એક વખત બચ્ચાંઓને પ્રેમભરી નજરે જોયાં. એ વખતે ખાવાનું મળશે, એ આશાએ તેઓ પ્રફુલ્લિત થઇ ગયાં હતાં. આશાનો અનેરો ચમકાર તેમની આંખોમાં થનગન કરતો નાચી રહ્યો હતો. એ જોઇ હું રડી પડી. જડ્જ! હું એ બાળકોની હતભાગિની માતા હતી-માતા!"

"એ વખતે જેકસે ફરી કહ્યું—'બા! ખાવાનું આપને!' "

" 'આપું છું!' એટલું કહી મેં આસપાસ આમતેમ જોયું. કોઇ ત્યાં નહોતું. મેં જેકસનું ગળું પકડી લીધું. એ જોર જોરથી બૂમો પાડે તે પહેલાંજ મેં એને ભૂ-પીતો કરી નાખ્યો. એ શાન્ત થઇ ગયો, એનો જીવનદીપક બૂઝાઇ ગયો અને આખરે મેં એને તળાવના પાણીમાં ફેંકી દીધો."

"અણસમજુ બાલિકા મેરી સમજી કે, જેકસને બાએ ખાવાનું આપ્યું અને તેથી તે શાંત થઈ ગયો—મૂંગો રહ્યો. દર્દભર્યા અવાજે દયામણું મોં કરી મેરી બોલી—'બા! મને ખાવાનું આપને?' "

"એ બાલિકાને એના ભાઇની પાસે પહોંચાડી દેવા મેં મારા

હૃદયને મજબૂત બનાવ્યું. મેરીનું સુંદર ગળું મેં એકદમ દબાવી દીધું અને તે એટલા જોરથી કે બિચારી બાલિકાના સુકોમળ શરીરમાંથી તત્કાળ પ્રાણજ્યોતિ નીકળી ગઇ—રહી ગઈ ફક્ત તેની ચેતનહીન કાયા ! તેના મડદાને પણ મેં તળાવમાં પધરાવી દીધું. મારી આંખોમાંથી બે આંસુઓ ટપકી પડયાં. ત્યારપછી હું એજ તળાવમાં જળસમાધિ લેવા—મારાં બચ્ચાંઓને મળવા—કૂદી પડતી હતી એટલામાંજ મને પકડી લેવામાં આવી. ઓ જડ્જ સાહેબ ! આ મારી પાપકથા છે-કષ્ટમય કરુણ કહાણી છે. ”

ન્યાયાધીશ બોલ્યો—“એરંડેલ ! આ તમારાં બાળકોના જીવન ઉપર બલાત્કાર હતો. શું તમારા સિવાય બીજા ખેડુતો અહીં નહોતા ? ”

એ સાંભળી એરંડેલ બોલી—“નહિ, નહિ” તે ગર્જના કરવા લાગી—“હા, હતા અને અત્યારે પણ છે ખરા ! કદાચ સ્નેહમયી માતાઓમાં તમે મને નિર્દયી-નિષ્ઠુર સમજતા હશો.”

“હા, તેમજ છે !”

“પણ એ તમારી જબરી ભૂલ છે.”

“ કેવી રીતે ? જરા સમજાવ તો ! ”

“ન્યાયાધીશ ! તમે ગામડાંઓમાં જઇને જુઓ. ખેડુતોની સ્ત્રીઓ ભૂખથી દિવાની થઈ રહી છે. અન્નવિના તેઓ તથા તેમનાં બાળબચ્ચાંઓ ટળવળી રહ્યાં છે. તેઓને પોતાનીજ ફિકર છે-બચ્ચાંઓની નહિ. એઓ પોતાનાજ રક્તમાંસના પિંડોને ચીરી ચીરીને અને રાંધીરાંધીને ખાઇ રહી છે. તેઓ અંગ્રેજોને-જે જાતિના તમો પોતે પણ એક ગૌરવવાન પુરુષ છો તે જાતિને-લાખો લાખો ધિક્કાર દઇ રહી છે. તેઓની ફિટકાર અને કદુઆઓના શાપનો તમો લોકો ઉપર વરસાદ વરસાવી રહી છે—ચોધાર આંસુડે રોઇ રહી છે. શું એજ તમારો ન્યાય છે ? શું એજ સામ્રાજ્યસુખ છે ? કહો, ન્યાયાધીશ ! સાફસાફ કહો-સ્પષ્ટ કહો કે, આ તે તમારો કેવો વિચિત્ર જવાબ છે ? અજબ ઇન્સાફ છે ? ”

કેવી વિષાદમય કરુણ કહાણી છે ! ન્યાયના શાસનના ભયંકર પરિણામનો વિચાર કરી ન્યાયાધીશની આંખોમાંથી ટપટપ આંસુડાંઓ ખરવા લાગ્યાં; પરંતુ ન્યાયાધીશનું આસન કાંઇ ભાવનાઓ પ્રદર્શિત કરવાનું આસન કે સ્થાન નહોતું. એ તો ન્યાયાસન હતું—ન્યાયમંદિર હતું. એ દંડનુ સ્થાન હતું. અહીં કોમળ ભાવોનું સામ્રાજ્ય નહોતું. અહીં તો પ્રમાણોની જિત હતી-પરિસ્થિતિની નહિ. જડ્જ જૉસફનું હૃદય પીગળી જવા છતાં પણ તે એરંડેલને કાંઇ પણ

સહાયતા કરી શકયો નહિ.

તેણે કહ્યું—"મિસિસ એરંડેલ! કોઇ પણ રીતે કોર્ટ તમારી સહાયતા નથી કરી શકતી. એને માટે મને બહુજ દુઃખ થાય છે–પશ્ચાત્તાપ પણ થાય છે, પરંતુ હું શું કરૂં? પરાધીન પ્રાણી સ્વતંત્ર વિચારોની સાથે નથી રહી શકતો. તમે પોતેજ તમારો ગુન્હો કબૂલ કરી લીધો છે. તેથી તમારા ઉપર બાળહત્યાનો ગુન્હો લાગી ચૂકયો છે. બોલો, તમને કયી સજા વધારે સુખ અને શાંતિદાયક છે?"

"હું મોત સિવાય બીજું કાંઇ પણ નથી માગતી કે નથી ચાહતી. મૃત્યુદંડજ મારે માટે સુખકારક અને શાંતિદાયક છે–હું પણ તેજ ચાહું છું–માગું છું. હવે મને જીવતા રહેવાની લાલચ નથી અને આશા કે અભિલાષા પણ નથી."

જડ્જ—"તમારે જીવવુંજ પડશે. ન્યાય કહે છે કે, તમને જીંદગી સુધી દેશનિકાલની સજા થવી જોઇએ."

"કેમ વારૂ?"

"તમે એક ભયંકર પાપ કર્યું છે. તમે કાળે પાણીએ જશો ને ત્યાં રહીને તમારાં પોતાનાં વહાલાં બચ્ચાંઓ માટે પશ્ચાત્તાપ કરતાં રહેશો. તમને એજ સજા કરવામાં આવે છે."

"એ સજા હું નથી કબૂલ કરતી. કાળેપાણીએ મને કોઇ પણ લઇ જઇ શકે તેમ નથી. હું હવે સ્વતંત્ર છું. મારી ઉપર કોઇની પણ સત્તા નથી."

જ જ—"તારે જવુંજ પડશે. સિપાઇઓ! તમારે ગુન્હેગારને લઇ જવા પડશે. આની ઉપર તમારે સખ્તાઇ પણ કરવી પડશે. જાઓ, એને લઈ જાઓ. લેડી એરંડેલ—"

"હું જાઉં છું મિ. જૉસફ! પરંતુ તમે પણ સાંભળી લ્યો. (સિપાઇઓને પોતાની તરફ ધસી આવતા જોઇને) સિપાઇઓ! જરાક થોભી જાઓ. તમારે મારી ઉપર શક્તિપ્રયોગ કરવાની જરૂરજ નથી. વારૂ મિ૰ જડ્જ! હું તો જાઉં છું, પણ તમને એ જણાવવા માગું છું કે, આ ખૂનની સજા તમે નથી કરી. આ તો ગરીબાઇ માટેની સજા છે. શું એ તમે સમજી શકો છો? મારી ઉપર બાળહત્યાનો ગુન્હો છેજ નહિ; પણ વર્તમાન—નીચ ને સ્વાર્થી લોકોના ક્રૂર કુરાજય...નો અપરાધ છે. સરકાર દરવર્ષે વગર ઉપકાર કર્યે પ્રજાની પાસેથી જમીનમહેસૂલ વગેરેના રૂપમાં કરોડો ડૉલર વસુલ કરે છે, તે સરકારે આપત્તિને વખતે-વસમી વેળાએ ગરીબ બિચારી રાંકડી રૈયતની સહાયતા ન કરવી જોઇએ? શું

એ એનો ધર્મ નથી ? શું એ તેમની ન્યાયી ને યોગ્ય ફરજ નથી ? મિ૦ જડ્જ ! સાંભળી લ્યો અને એ સ્મરણમાં રાખો કે, આ અન્યાયી સત્તા વધારે દિવસ ટકી રહેશે નહિ. તરતમાં તમારી જાતિનું સત્યાનાશ થઇ જશે—તમારો રોટલો વળી જશે ! એ પણ ન ભૂલશો કે, આ અમેરિકામાં થોડાજ સમયમાં એવો તો જબરદસ્ત ને દારુણ દાવાનળ સળગી ઉઠશે કે જે તમને બાળીને રાખખાખ બનાવી દેશે અને આ પ્રાંત સ્વતંત્ર થઇ જશે. તમારૂં પોતાનુંજ રક્ત તમારો જબરો શત્રુ થઇ પડશે. તમારાંજ અંગો ફાટી જશે અને તમને પીડા દેવા લાગશે. આખરે એક દિવસ એવો આવશે કે જ્યારે તમારૂં નામજ નહિ રહે. દુષ્ટો ! ગરીબોને સતાવી સતાવીને રાજી થનારા શયતાનો ! તમારો થોડાજ સમય બાદ નાશ થઇ જશે. તમારી સંઘશક્તિ કાંઇપણ કામ નહિ લાગે. કાયરો ! કુટિલ નીતિજ્ઞો ! તમારા કાયદાઓ અને ન્યાયની ઉપર દુનિયા ખડખડ હસશે. ભાઇ ભાઇ જુદા જુદા પક્ષોમાં સામેલ થશે. તમારૂં ભયાનક પતન થશે. દુનિયામાંથી તમારૂં નામનિશાન પણ મટી જશે. જો રહી જશો તો હાથ ચોળી ચોળીને રડશો અને સડી સડીને મરી જશો. મિ૦ જડ્જ ! મારાં આ વચનો તમારાપ્રત્યેની મારી શત્રુતાનાં નથી, પણ મારા દારુણ દુઃખમય અંતઃકરણનો ખરેખરો અને ભયંકર શાપ છે ને તે જરૂર ફળશેજ ! મિ૦ જૉસેફ ન્યાયાધીશ ! જુઓ, આકાશ તરફ નજર કરી જુઓ ! પરલોક—સ્વર્ગ–તમારી ઉપર થુંકે છે. તમને દુનિયામાંથી ઉઠાવી લઇ જવા માટે શયતાન તૈયાર થઇ ગયો છે–ઉભો છે. તમે ક્રોધના પાત્ર નહિ પણ પતિત થનારા ને દયાને પાત્ર છો. પરમાત્મા તમને ક્ષમા કરે. સિપાઇઓ ! મને જલદી લઇ ચાલો. આ ન્યાયાધીશ છતાં પણ અંગ્રેજજ છે ને પામર છે. એને હૃદય નથી. હૃદય હોય તોપણ તે નિષ્ઠુર છે, નિર્દય છે. એ મનુષ્યત્વહીન પામરનું મોં પણ હું નથી જોવા માગતી. ચાલો, ભાઇઓ ચાલો ! મિ૦ જડ્જ ! તમને આ મારી આખરી સલામ છે.”

અદાલતની ભીડમાંથી “હિયર, હિયર” ને “બ્રેવો, બ્રેવો” ના અવાજો નીકળવાથી અદાલત ગર્જના કરવા લાગી. ગુન્હેગાર સ્ત્રી સિપાઇઓની સાથે કેદખાના તરફ ચાલી નીકળી. મિસિસ એરંડેલના મુખ ઉપર કાંતિ હતી, શૌર્યનાં ચિહ્નો હતાં અને શોકના તરંગો–ભાવો તે ઉપર તરવરી રહ્યા હતા.

આજે આખી દુનિયા શાંત જણાય છે. સંધ્યાનો સમય હોવાથી આકાશમાં ભગવાન સૂર્યનારાયણ પણ શાંત લાગે છે.

સ્વચ્છ આકાશમાં વાદળના બે ચાર ટુકડાઓ આમતેમ ફેલાઇ ગયા છે. એ ટુકડાઓ સૂર્યની મનોહર રતાશને લીધે બહુજ રૂપાળા લાગે છે. વિશાળ સમુદ્ર પણ બધી રીતે શાંત છે. ફક્ત જળના બે ચાર તરંગો ઉત્પન્ન થઇ આમતેમ મઝેથી નાચે છે એટલુંજ! એ સાગરના વિશાળ પટ ઉપર બ્રિટિશ કેમ્બલેટ નામની સ્ટીમર વેગથી ચાલી જાય છે. એમાંના મુસાફરો કોઇ વખતે જમવા જાય છે તો કોઇ વખતે સમુદ્ર અને આકાશના મનમોહક દેખાવો જોવા માટે ડેક ઉપર આવીને ઉભા રહે છે. કોઇ કોઇ તો આગબોટનાં મશીનો જોવા માટે તેમાં નીચે ઉતરી જાય છે. એ આગબોટના એક ઓરડામાં એક અબળા સ્ત્રી ગુપચૂપ બેઠી છે. વહાલા વાચક! એજ સ્ત્રી મિસિસ એરંડેલ છે. આજે એ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી રહી છે. એનું આપત્તિમય અંતઃકરણ ઉદાસ થઇ ગયું છે. દુઃખોથી બળી ગયેલી અબળાના અંતઃકરણમાં આત્મવેદના સિવાય બીજું શું રહી શકે તેમ છે વારૂ? એનો સંસાર નષ્ટભ્રષ્ટ થઇ ગયો છે. માળામાંથી પક્ષીઓ પોતાની પાંખો પહોળી કરીને ઉડી ગયાં છે અને સ્વતંત્રતાની પ્રેમી પંખિણીને જબરદસ્તીથી પરાધીનતાનાં પાશવિક બંધનોથી બાંધી લેવામાં આવી છે. આજે—અત્યારેજ મિસિસ એરંડેલ વિચાર કરી રહી છે કે "ખરેખર હું ગુન્હેગારજ હતી. મારે મારાં બાળકોનાં ખૂન કરવાની શી જરૂર હતી? શું મજૂરી કરવાથી પેટનો ખાડો પૂરવા પૂરતું નજ મળી શકત? ના, મજૂરી મળતીજ નહોતી. એવી હાલતમાં ખરેખર મારાં વહાલાં બાળકોનું ભરણપોષણ કરવાનું મારે માટે બધી રીતે અસંભવિત હતું—મારાથી ન બનવા જોગ કામ હતું! વહાલા દીકરા જેકસ! મેં તને અને તારી બહેન મેરીને પોતાના સ્વાર્થમય યજ્ઞકુંડમાં હોમી દીધાં, આહુતિ બનાવી બલિદાનની વેદી ઉપર વધેરી નાખ્યાં, છૂંદીછૂંદીને ચગદી પણ નાખ્યાં! તે વખતે તમે અજ્ઞાન બાળકો હતાં; પણ હવે પરલોકમાં, મારાં વહાલાં ભૂલકાંઓ! તમે અજ્ઞાન નહિજ રહી શકો! હાય, પ્યારા પુત્ર જેકસ—ઓ મેરી! આજે તમારૂં સ્મરણ મને વિહ્વલ બનાવી દે છે. મને માફ કરજો. મારાં વહાલાં ભૂલકાંઓ! અરે...પણ આ શું?..."

એ અબલા ઓરતે જોયું કે, સમુદ્રના ચંચલ તરંગો ઉપર બે દિવ્ય બાળકો તરી રહ્યાં છે. આહ! સૌ શાંત થઇ ગયું. જાણે કે આગબોટ ઉભી રહી ગઇ હોયની! તરંગોપર રમતાં બાળકો જેક્સ અને મેરી છે, તેમનું મુખમંડળ મધુર મધુર હાસ્યની ઝાંખી-

થી ચમકી રહ્યું છે. કદાચ, હવે તેઓ ભૂખ્યાં નહિ હોય! એકાએક સમુદ્રનાં હાથીસમાં મોજાંઓ શાંત થઈ ગયાં. એ બાળકો સાગરના તરંગો ઉપર ઉભાં રહી ગયાં. ધીમે ધીમે પછી તેઓ પોતાની પાસેજ જાણે આવી ઉભાં હોયની, એવો મિસિસ એરંડેલને ભાસ થઇ આવ્યો. એ બાળકોનાં મુખ ઉપર તિરસ્કાર અને ઘૃણાના ભાવો ચમકી રહ્યા હતા. જેકસ જાણે પોતાની સ્નેહમયી માતાને કહી રહ્યો હતો કે "બા, બા! તું આ પાપી લોકોના પંજામાં કેમ આવી ગઇ છે? બા! આ ન્યાય નથી. આવ, અમે તને બચાવી લઇશું."

મેરીએ પણ જાણે કહ્યું કે "બા! ચાલી આવ. તારી દયાકૃપાથી અમે સુખી છીએ માડી!"

"અહા! મારી દયાનું સ્મરણ કરાવી મને તિરસ્કારમય શબ્દોનું લક્ષ્ય બનાવી રહી છે—મને તરછોડી રહી છે." એણે તે તરફથી આંખો ફેરવી લીધી. આંખો ફેરવી લેતાંજ તે જે ઓરડામાં હતી તેના એક ખૂણામાં ફરી બાળકોનાં મધુર મુખ દેખાવા લાગ્યાં. બારીમાંથી બીજી તરફ જોયું તો ત્યાં પણ બાળકો ઉભાં ઉભાં કહી રહ્યાં છે કે:—

"માતા-માતા! આ ન્યાય નથી."

હવે આ નારીને નિરાંત ક્યાં મળી શકે? ખરેખર અહીં ન્યાય નથી. શું મારો એજ ન્યાય હતો? ઓ પરમાત્મા! શું દુનિયામાં તારી હસ્તી છેજ નહિ? અને જો હોય તો તું શું સૂઇ રહ્યો છે? શું તું નહિ જાગે? સારૂં, હવે હું પોતેજ તમારી નિદ્રા, તમારી પાસે આવી દૂર કરવાની કોશીશો કરીશ. તમામ દુનિયા સુખમાં છે તો પછી મનેજ શા માટે દુઃખની ભયંકર જવાલામાં નાખી દીધી–રે હોમી દીધી? મોતજ મારી માતાની પવિત્ર સોડ છે અને તેજ મને આરામ આપી શકશે. થોભો, ઓ વહાલાં બચ્ચાંઓ! જરાક થોભી જાઓ, આવું છું. ખરેખર અહીં ન્યાય છેજ નહિ!

એણે ફરી બારીમાંથી જોયું તો બાળકો અદૃશ્ય થઇ ગયાં હતાં.

હવે ગુન્હેગારને જીવનનો મોહ થવા લાગ્યો. ઓહો! જીવન કેટલું બધું સુંદર અને કેટલું મોહક છે! એની સૌંદર્યમય સુંદરતામાં મૃત્યુને કાંઠે પહોંચી ગયેલો માણસ પણ મોહિત થઇ જાય છે, મુગ્ધ બની જાય છે, જીવનની તરફ તે લાલસામય તરંગોવડે જોવા મંડી જાય છે; નહિ તો જીવનને વેડફી દેવાની જરૂરજ શી છે? એવો વિચાર કરી એરંડેલે આંખો ઉઘાડી તો તેને ફરી પણ પોતાનાં બાળકો દેખાયાં. તેમનાં મુખ ઉપર તિરસ્કારમય ભાવો ઉછળતા

હતા અને આંખો પણ તેવાજ ભાવોથી ભરેલી હતી અને તેઓ તેની તરફ જોઇ જોઇ ધ્રુસ્કે ધ્રૂસ્કે રડી રહ્યાં હતાં.

હવે એનાથી રહી શકાયું નહિ. હવે એણે નિશ્ચય કરી લીધો કે, જ્યાંસુધી આ જીવન છે ત્યાંસુધી આ ભયંકર દેખાવ દેખાતો બંધ થશે નહિ. હું જીવતી રહું પણ શામાટે? શું એજ અન્યાયી અધિકારીના અન્યાય સહન કરવા માટે? એ નહિ બને. અને બની શકશે પણ નહિ. એવો વિચાર કરીને તેણે મરવાનો નિશ્ચય કરી લીધો.

ઓરડીનો દરવાજો બંધ હતો. એ બહાર આવવા માગતી હતી, પણ આવી શકી નહિ. હવે એવો સમય હતો, કે જ્યારે તે મરવા માગતી હતી પણ સાધન નહોતું. ફક્ત બારીએ લોઢાના ગજ બેસાડેલા હતા.

મરનાર આખરે મરવાનું સાધન ખોળીજ કાઢે છે. એરંડેલે ગુપચૂપ એક ભોંયરાનો દરવાજો ઉઘાડયો અને તે રસ્તે તે એક નીચેના ઓરડામાં પહોંચી ગઈ. અહીં સ્વચ્છ પાણી ભેગું કરવાનો ઓરડો હતો. પાણી છોડવા માટે ત્યાં એક ચક્કર લગાડેલું હતું.

મિસિસ એરંડેલે-દુઃખી અભાગિણીએ-એક વાર આમ તેમ જોયું. પછી આકાશ તરફ જોયું. થોડી વાર તે તે તરફજ જોતી રહી. એ દઢનિશ્ચયથી ઉઠીને એક સિંહણની જેમ ઉભી થઇ ગઈ. એનામાં જેટલી શક્તિ હતી તે બધી એકઠી કરી તેણે જોરથી-ખૂબ જોરથી લોઢાના ચક્કર ઉપર એક નારિયેળની જેમ-માથું પછાડયું! ચક્કરે અટ્ટહાસ્ય કર્યું અને ગુન્હેગાર સ્ત્રી મિસિસ એરંડેલ હમેશને માટે શાન્ત થઈ ગઇ. એનાં કાર્યોનો અંત આવી ગયો.

એ અપરાધી સ્ત્રીનાં અધિકારીઓ પ્રત્યે નીકળેલાં શાપવચનો ઘણા કાળ સુધી આકાશમાં ગર્જના કરતાં રહ્યાં. કોણ કહી શકે છે કે, મિસિસ એરંડેલનો એ ભયંકર શાપ સફળ થયો કે નહિ?

અમે પણ અમારા વાચકોને નમ્રતાથી પૂછીએ છીએ કે— આપ પોતેજ કહો કે, આમાં અપરાધી-ગુન્હેગાર-હતું કોણ?

("ચિત્રમય જગત" ના એક અંકમાંથી)

૬૬–સિંહણની છાતી

એ જુલમી રાજાનો મદ તોડવા એણે શસ્ત્ર ઉપાડયાં. જેની છાંય હેઠળ શીતળ શાંતિ પામવાને બદલે લોકોના હૈયામાં ભડભડ દ્વેષ સળગતો, તેની સત્તાને ધૂળમાં રગદોળવાને શિરને સાટે એણે રણઘેલા પ્રજાજનોની સરદારી સ્વીકારી અને ચીનના એ મહાજાલિમ સમ્રાટને યુદ્ધનાં કહેણ કહાવ્યાં, સમ્રાટે દરબાર ભર્યો. “કોણ છે આ પત્રનું લખનાર મગતરૂં ? ચીનના સાર્વભૌમ સત્તાધારી શહેનશાહ સામે ઉંચી આંખો કરનાર કોણ છે આ કે જેને માથે કાળ ભમી રહ્યો છે ? યમરાજનાં એને તેડાં આવ્યાં છે કે શું ?”

સેનાપતિએ પડકાર કર્યો: “મહારાજ ! એની માતા તો આપણા કેદખાનામાં સબડે છે. હુકમ કરો, કે તેનું ધડ શિરથી જુદું પડે.”

સમ્રાટે ફરમાન કાઢયું: “જણાવો એ ડોશીને કે તારા પુત્રને તરવાર મ્યાન કરવાનું ફરમાવ, નહિ તો તારૂં ડોકું ધડથી જુદું થશે.”

હાથમાં ખંજર લઈ સેનાપતિ ડોશીના કેદખાનામાં ચાલ્યો.

× × × ×

નાનકડી કોટડીમાં એક ખૂણે એ બેઠી હતી. ગાત્ર એનાં ગળવા લાગ્યાં હતાં. શરીર હાડચામનો માળો થયું હતું; પણ એ હાડચામના માળા પાછળ બ્રહ્માંડને ડોલાવે તેવો આત્મા ભભૂકતો હતો. બાર ઉઘડયાં ને ખંજરસહિત સેનાપતિએ આવી સમ્રાટનો સંદેશો કહ્યો.

“તરવાર મ્યાન કરવાનું ફરમાવ તારા પુત્રને ઓ ડોશીમા ! નહિ તો, આ ખંજર તારી છાતીમાં ભોંકાઇ તને પળવારમાં હતી ન હતી કરશે.”

પણ જગતના ઇતિહાસે જેનાં નામ જાણ્યાં નથી એવી એ તો એક સિંહણ હતી ! એ નનામી વીરાંગનાની ગગનભેદી ગર્જના ચીનના ઇતિહાસમાં સદાયે સુવર્ણાક્ષરે રહેશે.

“નરાધમોના સરદાર ! તારા સમ્રાટને કહેજે કે, સિંહણનાં

બાળક સિંહજ નીવડે છે. સમશેરની ધારે તું મને ડરાવવા ઇચ્છે છે ? મારા રુધિરની નીક મારા દેશને કાજે ભલે વહો !" આટલું કહીને તરતજ એ વૃદ્ધ વીરાંગનાએ સેનાપતિના હાથમાંથી ખંજર ઝૂંટવી લીધું અને તે પોતાની છાતીમાં આરપાર ભોંકી દીધું.

"નીચ ! તારામાં કંઇ પણ હૈયું હોય, તો લઇ જજે આ રક્તગળતું ખંજર, ને સંભળાવજે મારો છેલ્લો બોલ મારા સપુતને કે "બેટા ! જાલિમને કાજે તારી સમશેર સદા ભભૂકતી રહો. તારી માતાના દેહની તને બીક હતી તે હવે ટળી છે. પ્રજાનાં દુઃખ-દર્દમાં તારી ભાગીદારી સદાય અવિચળ રહો અને પુત્ર ! સુખી કરો મારૂં જન્મસ્થાન, મારી માતૃભૂમિને સ્વતંત્ર કરો !"

(તા. ૧-૯-૧૯૨૬ ના "રાષ્ટ્રશક્તિ"માંથી)

६७–धर्मनी अंतिम परीक्षा*

મુગલસરાયના સ્ટેશન ઉપર અસંખ્ય મનુષ્યોથી ભીડ જામી હતી. સૂર્યગ્રહણ–સ્નાનનું મહાપુણ્ય મેળવવાના હેતુથી સેંકડો ગામના યાત્રાળુઓ દૂર દૂરથી આવેલા હતા. અર્ધી રાત્રિના સમયે મુગલસરાયના સ્ટેશનનું પ્લેટફૉર્મ મધમાખોની પેઠે યાત્રાળુઓથી ઉભરાઈ ગયું હતું. એટલી બધી ભીડ હતી કે નબળા પોચા માણસને તેમાંથી સુરક્ષિત બહાર નીકળવું મુશ્કેલ હતું. શોરબકોર પણ એટલો હતો કે, કોઇ કોઇની વાત સ્પષ્ટ સાંભળી શકાતી નહોતી. કેટલાક એકબીજાનો હાથ પકડીને કંપાઉંડ બહાર જવા માટે પ્રયત્ન કરતા હતા. કેટલાક એક સ્થળે ઉભા રહી ભીડ ઓછી થવાની રાહ જોઈ રહ્યા હતા. કેટલાક ગભરાયેલી હાલતમાં પોતાનાથી છૂટા પડી ગયેલાને બૂમો પાડી રહ્યા હતા.

આ ભયંકર ભીડમાંથી એક બાળા છૂટી પડી જવાથી પ્લેટફૉર્મના એક ખૂણા ઉપર ઉભી ઉભી કાંપતી હતી. તેનું વય આશરે ૨૨ વર્ષનું હશે. તેણે બે–ત્રણ વર્ષનું એક નાનું બાળક તેડેલું હતું. તેનાં વસ્ત્ર વગેરે જોઇ તે કોઇ કુલીન ઘરની વિધવા હશે, એમ સહજ અનુમાન થઇ શકતું હતું; અને ખરેખર તે વિધવાજ હતી. તેનું નામ શાંતા. ૧૮ વર્ષની ભરયુવાનીમાં સગર્ભાવસ્થામાં પ્રભુએ તેને વૈધવ્ય આપ્યું હતું. ઉગતી જુવાનીમાં પતિવિહીન બનેલી શાંતા પોતાના નાના બાળકનું મુખ જોઇ વૈધવ્યદુઃખને વિસરી જવા મથતી હતી. આ બાળકને તે પોતાનું સર્વસ્વ સમજતી હતી. તેનાં સાસુ–સસરા તેના ઉપર ઘણીજ માયા રાખતાં હતાં. પોતાની પુત્રી પ્રમાણે પુત્રવધૂ પ્રત્યે વર્તતાં હતાં, અત્યંત ધાર્મિક હતાં. તેઓ આજે સૂર્યગ્રહણપ્રસંગે નદીસ્નાન કરવા માટે શાંતાને લઇને મુગલસરાય આવ્યાં હતાં. અત્યંત ભીડમાં શાંતા તેમનાથી છૂટી પડી જવાથી પ્લેટફૉર્મના એક ખૂણામાં ઉભી રહી સાસુ–સસરાને શોધી રહી હતી.

---

* હિંદી ઉપરથી ભાવાનુવાદિત

અર્ધી રાત્રે અજાણ્યા સ્થળે આમ એકાએક વડીલોથી જુદી પડી જવાથી તે ગભરાઇ ગઇ હતી. તેણે બે હાથમાં ગોપાલને (તેનો પુત્ર) તેડયો હતો. સાસુ-સસરાને જોવા માટે તે વ્યાકુળ હૃદયે ઉંચી થઇ થઇને ચારે બાજુ દૃષ્ટિ ફેરવી રહી હતી. એવામાં એક આધેડ વયની સ્ત્રી તેની બાજુમાં આવીને ઉભી. થોડી વારે તેણે શાંતાને પૂછયું-'બહેન! કયાં જવાનાં છો?' શાંતા તેના સામું જોઇ રહી. કંઇ બોલી નહિ. થોડી વારે વળી પેલી સ્ત્રીએ અતિનમ્રતા અને મીઠાશથી પૂછયું:-

'તમે કયાં જવાનાં છો? કોઇ તમારી સાથે છે કે એકલાં છો?'

શાંતાએ કહ્યું: 'મારી સાથે મારાં વડીલો છે. તેઓ મારાથી છૂટાં પડી ગયાં છે. તેમની શોધમાં હું અહીં ઉભી છું.'

પેલી સ્ત્રીએ કહ્યું:-"બહેન! તમે ગભરાશો નહિ. હમણાં તેઓ આવી પહોંચશે, નહિ તો હું તેમને શોધી કાઢીશ."

શાંતા:-"પણ આટલી ભારી ભીડમાં તેઓ શી રીતે હાથ લાગશે?"

પેલી સ્ત્રીએ કહ્યું:-"હાં, ભીડ તો ઘણી છે. મને લાગે છે કે કદાચ તેઓ સ્ટેશનની બહાર પણ નીકળી ગયાં હોય! તમે મારી સાથે ચાલો. આપણે બહાર નીકળીને તેમની તપાસ કરીએ!"

કદી પણ ઘરની બહાર નહિ નીકળેલી ભોળી શાંતા ગભરાયેલી હાલતમાં ગોપાલસહિત તે અજાણીની પાછળ પાછળ ચાલવા લાગી. સ્ટેશનની બહાર ઘોર અંધારૂં હતું. અહીં તો નજીક ઉભેલું માણસ પણ હાથ લાગે તેમ નહોતું. પેલી અજાણી સ્ત્રીએ શાંતાને કહ્યું કે, અહીંથી થોડે દૂર સામે એક મોટી ધર્મશાળા છે. ત્યાં સઘળા જાત્રાળુઓ એકઠા થાય છે, માટે આપણે ત્યાં જઇશું તો જરૂર તમારાં વડીલો મળી જશે.

શાંતાની બુદ્ધિ ગુમ થઇ ગઇ હતી. તેને આ સૂચના ઠીક લાગી. આગળ પેલી સ્ત્રી અને પાછળ બાળકને તેડી શાંતા ચાલવા લાગી. અર્ધી રાત્રિ વીતી ગઇ હતી. સ્ટેશન સામેના જનશૂન્ય મેદાનમાં થોડુંક આગળ ચાલ્યાં તેટલામાં એક મોટા વૃક્ષ પાછળથી ત્રણ પુરુષો નીકળી આવ્યા. તેમાંના એકે પૂછયું "કોણ અમીના?"

પેલી અજાણી સ્ત્રીએ ઉત્તર આપ્યો:-"જી હાં, હજુર! હું છું. આજે તો એક કાફર ગુલામડીને આપની સેવા માટે પકડી લાવી છું."

શાંતા આ અણધારી ઘટનાથી અત્યંત ગભરાઈ ગઇ. ભયભીત બનીને ધ્રૂજવા લાગી.

અમીનાએ તેને કહ્યું:-"અત્યારે રાત્રિ ઘણી વીતી ગઇ છે,

માટે હમણાં મારી સાથે સામેના મકાનમાં ચાલો અને થોડી વાર વિશ્રાંતિ લ્યો. સવારે ધર્મશાળામાં જઈ, તમારાં વડીલોને મળીશું !”

શાંતાએ કંઇ જવાબ આપ્યો નહિ. શું કરવું તે વિચારવા લાગી ! નાસીને અજાણ્યા સ્થળે કયાં જવું ? બૂમ મારૂં તો કોણ સાંભળે ? વગેરે તર્ક-વિતર્કથી તેનું મગજ ભમી ગયું. તેને ચક્કર આવતા હતા, તોપણ એક વસ્તુનું તેને પૂર્ણ ભાન હતું, તેનું શિયળ ભયમાં હતું. તેણે દૃઢતાથી પેલી કુલટાને ઉત્તર આપ્યો: “મારે કોઇ ઠેકાણે આવવું નથી. મને પાછી સ્ટેશન ઉપર પહોંચાડી દ્યો.”

આ વાકય તેના મુખમાંથી નીકળતાંજ પાછળથી એક દુષ્ટ મુસલમાને તેને બાથમાં પકડી લીધી, બીજાએ મુખ ઉપર લૂગડાનો ડૂચો દબાવી દીધો, ત્રીજાએ તેના બાળકને ઉપાડી લીધો. શાંતાને પણ ઉંચકી લીધી. શાંતાએ પાપીઓના હાથમાંથી છૂટવા માટે અનેક પ્રયત્નો કર્યા, પણ યમદૂત જેવા ગુંડાના બળ આગળ તે વ્યર્થ હતું.

આ દુષ્ટોની એક ટોળી હતી. તેમાં અમીના પણ મળેલી હતી. તે નિત્ય સ્ટેશન ઉપર પ્રત્યેક ગાડીના સમય ઉપર હાજર રહેતી અને કોઈ અજાણી ભૂલેલી હિંદુ અબળા હાથ લાગી જાય તો તેને ફસાવીને આ ટોળીવાળાને સોંપી દેતી. ટોળીવાળા પાપી ગુંડાઓ તે સ્ત્રીનું સતીત્વ નષ્ટ કરી બળાત્કારે વટલાવી દેતા. અહીં સપડાયેલી કોઇ સ્ત્રી ભાગ્યેજ પોતાના મૂળ ઠેકાણે જવા યત્ન કરતી. કારણ કે આવા સ્થળમાંથી પાછી ફરેલી સ્ત્રીનો તેના કુટુંબમાં સ્વીકાર થવો પણ અસંભવિત હતો.

શાંતાને આ દુષ્ટો એક ઘરમાં ગુપચૂપ લઇ ગયા. ત્યાં એકાંત ઓરડામાં તેને તથા તેના ગોપાલને પૂરવામાં આવ્યાં ! તે પછી બાજુના ઓરડામાં સઘળા યવનો એકઠા થયા અને શાંતાનું શિયળ ભંગ કરી તેને મુસલમાન બનાવવાનો વિચાર કરવા લાગ્યા. પેલી દુષ્ટ અમીના બહારના દરવાજે ચોકી કરતી બેઠી.

અહીં કેદ પકડાયેલી શાંતા અજાણ્યા એકાંત સ્થળમાં ભયભીત હાલતમાં ગોપાલને ખોળામાં લઇને મુક્ત થવા માટે અનેક તર્ક-વિતર્ક કરવા લાગી. તેને કોઈ માર્ગ સૂઝતો નહોતો. નાનકડા ગોપાલ અને પોતાનું ભવિષ્ય અતિભયંકર જણાવા લાગ્યું. તેને એક વિચાર સૂઝી આવ્યો. જાજરૂ જવાનું બહાનું કાઢી નાસી છૂટવું; પણ પોતાના પ્રાણાધિક પુત્રનું શું થાય ? પુત્રને લઇને જાજરૂ જવાનું બહાનું કાઢી શકાય નહિ. જો નાસી છૂટાય નહિ, તો જેના માટે ભારતની રમણીઓ ભડભડતી આગમાં ઝુકાવીને પોતાના જીવનનું

બલિદાન આપી દેતી, તે મહામૂલા શિયળનો સંપૂર્ણ નાશ થવાનો સંભવ હતો. પવિત્ર આર્યકુળનું ધાવણ ધાવેલી શાંતા પણ સર્વસ્વનો-એકના એક પુત્રનો નાશ થાય તોપણ ધર્મભ્રષ્ટ થવા તૈયાર નહોતી. શિયળ માટે પુત્રપ્રેમને તુચ્છ સમજનારી આર્યજનની આ પૃથ્વીમાં એકજ અને અજોડ છે. શાંતાએ પુત્રને છાતીસરસો ચાંપી આંસુભરી આંખે તેને પ્રભુના ખોળે મૂકી ઓરડાના દ્વાર પાસે જઇ, “ઓ બાઇ! ઓ બાઇ!” એમ કહી પેલી દુષ્ટા અમીનાને બોલાવવા લાગી. તેનો અવાજ સાંભળી અમીના અને બે-ત્રણ ગુંડાઓ બારણું ઉઘાડી અંદર આવ્યા. શાંતાએ તેમને નમ્રતાથી જાજરૂ જવાની ઇચ્છા દર્શાવી. પ્રથમ તો આ પાપીઓ વહેમાયા, પરંતુ શાંતાનો બાળક ઓરડામાંજ હતો, એટલે તેને છોડીને તે નાસી નહિ જાય એમ જાણીને અમીના સાથે તેને ઘરબહાર જાજરૂ જવાની રજા આપી. શાંતાએ કઠોર હૈયું કરીને પુત્રને છેવટનો નીરખી લીધો. તેનાં નેત્રોમાં આંસુ છલકાઈ ગયાં. નીચું મુખ કરીને તે અમીના સાથે ઓરડા બહાર નીકળી. પેલા પાપીઓ પાછા પોતાના ઓરડામાં જઇ બેઠા.

શાંતાએ હવે ચંડિકાનું રૂપ ધારણ કર્યું. તેના રોમરોમમાં પવિત્રતા-સતીત્વના જોશથી ઉષ્ણ રુધિર વહેવા લાગ્યું. પેલા પાપી યવનો પોતાના ખાનગી ઓરડામાં જઇ બેઠા કે તરતજ શાંતાએ તે ઓરડાનાં અંદરથી બંધ કરેલાં દ્વારને બહારની સાંકળ ચઢાવી દીધી અને વિકરાળ વાઘણની પેઠે કૂદીને નીચ અમીના ઉપર તૂટી પડી! અમીના આ પ્રસંગમાટે બિલકુલ તૈયાર નહોતી. તે બિલકુલ અસાવધ હોવાથી શાંતાએ કંઇ પણ હરકતવગર તેનો ચોટલો પકડી જમીન ઉપર ચત્તાપાટ પછાડી અને છાતી ઉપર ચઢી બેઠી! અમીના બૂમો મારવા લાગી. પેલા યવનો તેની બૂમ સાંભળી એકદમ બહાર આવવા માટે ઉઠયા; પરંતુ ઓરડાના દ્વારની બહારથી સાંકળ વાસેલી હતી. ઘણા આંચકા મારવા લાગ્યા, પરંતુ મજબૂત દ્વાર અને મજબૂત સાંકળ જરા પણ મચક આપે તેમ નહોતું. તેઓ દ્વાર તોડવા માટે અંદરથી લાઠીઓના પ્રહાર કરવા લાગ્યા. બહાર શાંતા અને અમીનાનું દ્વંદ્વયુદ્ધ થઇ રહ્યું હતું. અમીનાની છાતી ઉપર ચઢી બેઠેલી શાંતાને એકદમ કંઇ પ્રેરણા થઈ આવી હોય તેમ તેણે મહાકાળીનું રૂપ ધારણ કરી પાપિણી અમીનાના કંઠ ઉપર બંને હાથના અંગુઠા જોરથી દબાવી દીધા. અમીનાનો પ્રાણ રૂંધાવા લાગ્યો અને તેના હાથપગ તરફડવા લાગ્યા.

આ બાજુ લાકડીના પ્રહારથી ઓરડાનું મજબૂત દ્વાર તૂટે એમ નહિ લાગવાથી યવનોએ એક યુક્તિ શોધી કાઢી. તેમણે જોરથી બૂમ મારી શાંતાને ધમકી આપી કે "જો દ્વાર નહિ ઉઘાડે તો તારા છોકરાને કાપી નાખીશું!" શાંતા તો ગાંડી બની ગઇ હતી, તેને દેહનું પણ પૂરૂં ભાન નહોતું; તે તો અમીનાના કંઠમાં બંને અંગુઠા ઘુસાડી દેવામાટે જોર કરી કરીને આંચકા દઇ રહી હતી. યવનોએ શાંતાના બાળકને સોટી વડે મારવા માંડયો. બાળક બૂમેબૂમ પાડવા લાગ્યો. શાંતા આ કંઇ સાંભળતી નહોતી. થોડી વારમાં તો પાપીએ દરવાજા ઉપરની જાળીમાંથી બાળકનો કાંડામાંથી કાપી નાખેલો પંજો બહાર ફેંકયો. રુધિરથી લાલચોળ રંગાઇ ગયેલો પંજો બરાબર શાંતાની સમક્ષ આવી પડયો. પડતાંજ તેના રુધિરના છાંટા શાંતાના મુખ ઉપર પડયા. શાંતા ચમકી. આંખો ફાડીને પંજા સામું જોઇ રહી. કુમળી કળી જેવી પુત્રની આંગળીઓ ઓળખી. કાન ફાડી નાખે તેવી ચીસ પાડીને તેણે અમીનાનો કંઠ દબાવી દીધો! અમીનાની આંખો ફાટી ગઇ. અંતે જીંદગીભર કરેલાં પાપોનો હિસાબ આપવા તેનો અધમ આત્મા કિરતારના દરબારમાં ઉડી ગયો!

શાંતા અર્ધઘેલી જેવી હાલતમાં તે દુષ્ટાની છાતી ઉપરથી ઉઠીને બહાર માર્ગ ઉપર દોડી આવી, બૂમો મારવા લાગી. થોડીવારમાં પાંચ-પચીસ માણસોનું ટોળું તેની આસપાસ ફરી વળ્યું. પોલીસના બે-ત્રણ સિપાઇઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેમણે શાંતાને શાંત પાડી, વસ્તુસ્થિતિ જાણી બીજા વધારે પોલીસોને બોલાવીને તેઓએ દરવાજો ઉઘાડયો. સર્વને પકડી લીધા. બહાર અમીનાનું મુડદું પડયું હતું. શાંતા "મારો પુત્ર કયાં?" એવી બૂમ પાડી જયાં પોતાને પૂરવામાં આવી હતી તે ઓરડામાં દોડી. પાપીઓએ તેના પુત્રનું માથું ધડથી જુદું કરી નાખ્યું હતું. તેણે છાતી-માથું કૂટયાં નહિ. તેની માનસિક અવસ્થા દિવ્ય બની ગઈ હતી. પુત્રના મસ્તકને હાથમાં ઉપાડી લીધું અને છાતી સરસું ચાંપીને નાચવા લાગી–ગાવા લાગી.

"મેં તો દીકરો વેચી સત લીધું રે, મેં તો ધન્ય જીવન આજ કીધું રે."

પેલા પાપી ગુંડાઓને પ્રાણદંડ મળ્યો, તેમાંના માત્ર બે જણ કાળા પાણીની સજા પામ્યા. શાંતાને સરકારે શાબાશી આપીને સાસરાને ઘેર પહોંચાડી દીધી. તેના માટે ગામમાં વાત ચાલીઃ—

"દીકરો ગુમાવ્યો, પણ શિયળ-ધર્મ ન સાચવ્યો!"

(તા. ૨૫-૯-૧૯૨૭ ના "આર્યપ્રકાશ"માંથી)



६८–एक श्रेष्ठ कर्मयोगीनी कथा

(કીર્તિપ્રેમી કાંઇ કર્મયોગી નથી; પણ એ તો એક પ્રકારના લૌકિક વિષયનો ભોગી છે અને કેવો પૂર્ણ નિઃસ્પૃહી તથા ત્યાગી હોય તો કર્મયોગી એટલે કે માત્ર પરમાત્મ સાક્ષાત્કાર માટે કર્મ કરનારો ગણાય, તે સમજવા માટે આ લેખ ઉપયોગી હોવાથી તે 'સુવર્ણમાળા' માંથી લીધો છે. લેખકનું નામ મળ્યું નથી.)

તેને સૌ પાગલ કહેતાં. તે કોણ હતો ને ક્યાંથી આવ્યો હતો, તે કોઈ જાણતું નહિ; પણ દીઠે સૌ તેને ઓળખતા. તેને માટે જાતજાતની વાતો ચાલતી હતી. કોઈ કહેતું કે, એ જાદુગર છે. કોઇનો મત પડતો કે, વહાલાના વિયોગમાં એનું મગજ સાવ ગયું છે. કેટલાક એમ કહેતા કે, તે શ્રીમંત છે અને ગરીબીનો ઢોંગ કરે છે; તો વળી કેટલાક તેને તદ્દન મુફલીસ માનતા. ઘણાની નજરે એ ઉસ્તાદ ઉઠાવગીર લાગતો ને ગામના એક બે પોલીસ સિપાઇઓ તો તેના પર નજર પણ રાખતા. કોઇનો મત એવો હતો કે એ તરંગી છે; પણ તેની ઉદારતાની ઘણાને પિછાન થઈ હતી. ગામમાં બાળકો તો તેની પછવાડેજ ભમતાં હતાં. કેમકે તેઓને પીપરમીંટ, અખરોટ, કાજૂ કે એવુંજ કંઇક મળ્યા કરતું. પાગલનાં ખિસ્સાં આ વસ્તુઓથી સદાએ ભરેલાંજ રહેતાં.

પણ એક વાત તો હું કહેતાંજ ભૂલી ગયો. કોઇ કોઇ વખત શ્મશાનમાંથી કે નદીકિનારેથી કે એવીજ કોઇ એકાંત જગાએથી મધ્યરાત્રિની શમશમાકાર નીરવ શાંતિમાં દિલના તાર હલાવે ને મૃત આત્માઓ પણ અનંત નિદ્રા ત્યાગે એવું અદ્ભુત સંગીત સંભળાતું. બીકણ લોકો એ ગાન યક્ષિણીઓ ને ડાકિનીઓ ગાય છે, એમ કહી ફફડી ઉઠતાં. માત્ર કોઇક કોઇક હિંમતવાન ગામડીઆઓજ જાણતા કે એ ગાન ગાનાર તો આ પાગલ હતો.

× × × ×

એક સાંજે હું ફરવા નીકળ્યો. રાસ રમવા નીકળનાર બાળા-

ઓની માફક સમીરલહરિઓ સ્વચ્છંદે વિહરવા લાગી હતી. ગામબહાર થોડે છેટે ઉભેલા કોઇ ભૂતપૂર્વ વીરના સ્મારકચિહ્નસમા એકાદ પાળિયા પાસે કેટલાક મોટા પથ્થરો પડયા હતા, એમાંના એક પર હું બેઠો અને વિચારવા લાગ્યો કે, પાગલ દેખાવ નીચે છુપાયલું એવું મનુષ્યજાતનું કોઇ બેમૂલું રત્ન તો આ નહિ હોય! સંભવ છે કે કદાચ એ ખરેખરો બદમાસ પણ હોય. માટે તપાસ તો કરવીજ જોઇએ. આમ નિશ્ચય કરીને મેં આસપાસ નજર ફેરવી. ખેતરથી પાછા વળતાં એક ખેડુતપર મારી દષ્ટિ પડી.

"એલા હે...એ...ય અહીં આવ તો." મેં હાંક મારી. ખેડુ પાસે આવ્યો.

"આ ગામમાં એક પાગલ રહે છે, તેને તું ઓળખે છે?" મેં પૂછયું.

"પાગલ! હા, હા, ઓલ્યો ગાંડીઓ. એને કોણ ન ઓળખે! એવું કામ પડયું!" કહેતાંની સાથેજ તેના મોઢાપર હાસ્ય છવાયું; પણ મારા સભ્ય દેખાવ પર નજર પડતાંજ તે પાછો ગંભીર થઇ ગયો.

"ખાસ કામ તો નહિજ, પણ એ કયાં રહે છે તે મારે જાણવું છે. તને ખબર છે?" મેં કહ્યું.

"હા, જુઓ આ પાછળ નદીની પેલી તરફ વડલો છે તેની પાછળ જે ઝૂંપડી જેવું દેખાય છે ત્યાં રહે છે, પણ........આ એજ આવે." એમ કહી ખેડુતે ગામ તરફ દષ્ટિ કરી અને પછી ચાલતો થયો.

જે તરફ એણે દષ્ટિ કરી તે તરફથી એક માણસ ચાલ્યો આવતો હતો. એક-બે છોકરાં તેની પછવાડે આવતાં હતાં. મુઠી ભરી કાંઇક આપી તેમને વિદાય કરીને એ પાળિયાની દિશામાં ચાલ્યો આવ્યો. પાસે આવ્યા પછી મેં તેને ધારીને જોયો. તેણે માથા પર એક પટકો જેમ તેમ બાંધ્યો હતો. શરીરે ધોળી કફની પહેરી હતી. તેનું મોઢું લંબગોળ ને આકર્ષક હતું. બે બાબત એકદમ ધ્યાન ખેંચે તેવી હતી. એક તો તેના હોઠ આસપાસ રમી રહેલું સ્મિત ને બીજી તેની દૂર-સુદૂર કાંઇક જોયાં કરતી હોય તેવી ઘેનઘેરી આંખો. તે સ્મિત બેજ માણસોમાં હોય છે. કાં કોઇ ગાંડામાં અથવા તો કોઇ અવધૂતમાં.

તે ઝપાટાબંધ મારી પાસેથી પસાર થઇ ગયો. હું પણ તેની પાછળ ચાલ્યો. થોડી વારે ઝુંપડી આવી. તેમાં એ પેઠો.

"હું અંદર આવું?" મેં વિવેકથી પ્રશ્ન કર્યો.

"આવો ને ભાઇ" જવાબ મળ્યો.

હું અંદર ગયો. અંદર ઝાઝો સામાન નહોતો. ખૂણામાં એક પાણીનો ગોળો; થોડાંક ઠામ; વચમાં એક સાદડી ને એક તરફ એક જૂની પુરાણી દિલરૂબા; બસ આટલુંજ રાચરચીલું હતું.

"કંઇ કામકાજ" તેણે મારા સામે જોઇ પૂછ્યું.

"કામકાજ તો ઘણુંએ હતું; પણ તમે કાંઇક ઉતાવળમાં છો એટલે હવે પછીજ વાત" મેં કહ્યું.

"હા, મારે ઉતાવળથી એક ઠેકાણે જવું છે." તેણે કહ્યું.

"હું સાથે આવું ?" મારાથી પૂછાઇ ગયું.

તે એક ક્ષણ મારી તરફ જોઇ રહ્યો, પછી કહ્યું: "મારી સાથે? મને બધાય શું કહે છે તે જાણો છો ને? મારી સાથે આવવામાં શો લાભ મળશે? મારા માર્ગ ન્યારા છે."

"ન્યારા ભલે બીજાને માટે રહ્યા. મને એ એવા નહિ લાગે; પણ તમને ખાસ વાંધો ન હોય તો મારી એટલી વિનંતિ સ્વીકારશો."

"ઠીક ચાલો" કહી તેણે એક કપડામાં દિલરૂબા વિંટાળીને બગલમાં મારી. અમે બે નદીને માર્ગે ચાલ્યા. પાએક કલાક ચાલ્યા પછી એક જીર્ણ થયેલું મકાન આવ્યું. ધીમેથી બારણું ઉઘાડી અમે અંદર ગયા. એકજ ઓરડો હતો, અંદરના ભાગમાં એક અર્ધ-તૂટેલી ખાટલીમાં એક ડોશીમા સૂતાં હતાં.

"કાં મા! આજ કેમ છે?" કહી પાગલે તેને કપાળે હાથ અરાડયો.

"બેટા! કાલ કરતાં કાંઇક ઠીક છે." ડોશીમાએ ક્ષીણ સ્વરે જવાબ આપ્યો.

"મા! આજ એવી દવા આપું છું, કે જેથી તાવ નહિ રહે." એમ કહી પાગલ ખાટલી પાસે બેઠો અને દિલરૂબા કાઢી, તાર મેળવ્યા ને એક ભજન ઉપાડયું. હું સંગીતશાસ્ત્રથી સાવ અજાણ્યો નહોતો. નાનપણમાં કેટલાએ તાનપલટા મારી લીધા હતા. અનેક ઉસ્તાદોના પણ સમાગમમાં હું આવ્યો હતો, પણ આ ભાવ મેં કદી પણ જોયો નહોતો. પાગલે એકતાન થઇ ભજન છેડવા માંડયું. વાતાવરણમાં ભક્તિરસની છોળો ઉડવા માંડી. મકાનની બહાર હાલતાં વૃક્ષો સ્થિર થઇ ગયાં. અનીલ પણ થંભી ગયો હોય તેમ લાગ્યું. ભજન અર્ધે પહોંચ્યું ત્યાં ડોશીમાને કપાળે આછો આછો પરસેવો થવા માંડયો. ભરસભામાં દ્રૌપદીજીએ ચીર ખેંચાતી વખતે કરેલી પ્રાર્થના કે નરસિંહ મહેતાએ કટોકટીને પ્રસંગે કરેલું સ્તવન કયી

જાતનાં હશે તેનો કાંઇક ખ્યાલ મને પહેલવહેલો આવ્યો. એ તો દિલના તાર પરબારા પરમશક્તિ સાથેજ જોડાતા હોય તેમ લાગ્યું. થોડી વારે ભજન પૂરૂં થયું, પણ આ શું ? ડોશીમા ખાટલીમાં એકદમ બેઠાં થઇ ગયાં!

“વાહ પ્રભુજી વાહ, બેટા! મારો તાવ ગયો. દીનોનાથ તારૂં ભલું કરે” કહેતાંની સાથેજ મા ઉભાં થઇ ગયાં અને દીવાસળી માટે થોડી શોધ કરી દીવો પ્રકટાવ્યો. પછી પાગલ પાસે આવી તેનું મોઢું ધારી ધારીને જોયું. આંખમાં આંસુ ઉભરાણાં. ગદ્દગદ્દ કંઠે તેણે કહ્યું:—“પેટનો દીકરોએ ન કરે એવું તેં કર્યું. આપું પણ શું ? મારી પાસે કાંઇ ન મળે. થોડીક મીઠી રાબ કરી આપું ?”

“ના મા! મારે કાંઇ ન જોઇએ. મોડું થયું છે એટલે જશું” કહી પાગલ ઉપડયો. હું પણ બહાર પડયો. થોડેક ચાલ્યા પછી પાગલે મને કહ્યું:—

“બિચારીની સંભાળ રાખનાર કોઇજ નથી.” હું તો ત્રણ બાબતોથી અજાયબીમાં ગરકાવજ થઇ ગયો હતો. પાગલની સહૃદયતા, તેણે સાધેલી અદ્દભુત કલા ને સંગીતનો દર્દ પર પ્રભાવ. થોડી વાર રહીને મેં કહ્યું:—

“તમારી પાસે આવી કળા છે તો કોઇ અમીરઉમરાવ......” હજી હું વાકય પૂરૂં કરૂં તે પહેલાંજ એ બોલી ઉઠયો:—

“શું ? એ તમારા ઉમરાવોની વાતજ કરશો નહિ. પચીસ વર્ષ એ સાધનમાં ગાળ્યાં તે મુઠ્ઠીભર નિષ્ઠુર અમીરોને ખુશ કરવા નહિ, પણ ગરીબ નિરાધારોની સેવાર્થે.”

“પણ કયાં બિમારી ને કયાં સંગીત ?” મેં પૂછયું.

“સંગીતની દરદોપર શું અસર થાય છે, એ વાત તો પશ્ચિમના વિદ્વાનો તમને જણાવશે ત્યારેજ તમે માનશો. મેં જે જાણ્યું ને અનુભવ્યું, તે તમે નહિજ માનો. બાકી જગતભરના કળાભકતોને કહેજો કે, તમારૂં લક્ષ્યબિંદુ કળા નહિ પણ તે દ્વારા સેવા ધર્મ છે.” તેણે કહ્યું.

ત્યાં તો પાછી ઝુંપડી આવી. હું તેનાથી છૂટો પડયો. મારા મનમાં એકજ વિચાર ઘૂમતો રહ્યો: “કળાનો ઉપયોગ સેવા, માત્ર રંજન નહિ.” અરેરે, શાસ્ત્રોમાં ને ઇતિહાસમાં આપણી સમક્ષજ પડેલા દાખલાઓ આપણે કાં ન સમજીએ ?

લોકો ગમે તે કહે પણ પાગલની સાચી પ્રવૃત્તિઓ થોડી ને ટુંકમાં કહેવાય એવી હતી. કોઇ અત્યંત કંગાળ કે નિરાધાર આદમી

બિમાર હોય ત્યાં તો આ પાગલ પોતાની દિલરૂબા લઇ પહોંચ્યોજ હોય. આઠજ પૈસા ખિસ્સામાં હોય તો તે પણ આપી દેતાં અચકાતો નહિ. કોઇ દુબળી ગાય કે એવુંજ કોઇ પ્રાણી જુએ તો તે તેને ગળે હેતથી હાથ ફેરવી કાંઇક વાત કરવા લાગી જતો. તે હમેશાં શ્રીમંત, ભપકાદાર કે અધિકારી જેવા માણસોથી તો ભડકતો હોય તેમ દૂરનો દૂરજ નાસતો. કોઇ કોઇ વખત તો ખેતરોમાં પણ જઇ બુલંદ સૂરે દુહા પર દુહા લલકારી ખેડુઓ કે કણબણોનાં મોઢાં હસતાં કરી આવતો. બાકી તેને વધારેમાં વધારે આનંદ ત્યારેજ મળતો કે જ્યારે એ કોઇ ગરીબ દરદીની મેલી પથારી પાસે બેસી કોઇ ધૂળીઆં મકાનમાંથી આભ સાથે હાથતાળી લેતી ભૈરવી કે કલ્યાણની તાન ઉપર તાન લેતો હોય.

તરંગ ચઢે તો કોઇ કોઇ વખત સામેથી હાંફળાં હાંફળાં ચાલ્યાં આવતાં કોઇ મજૂર કે મજૂરણના માથાપરનો બોજો પોતાને માથે થોડો વખત લઈ પાગલ તેઓને રાહત આપતો. આમ જ્યારે થાય ત્યારે બોજો ઉપાડનાર વ્યક્તિ આ અણધાર્યા સહાયક તરફ ડોળા ફાડી જોઇ રહે ને પાછળથી "સાવ પાગલ" કહે તો એમાં એનો શું વાંક? પણ આવી બાબતો કયાં ગણાવવા બેસું?

તેનું મૂળનામ અમૃતપ્રસાદ હતું. ઉત્તરહિંદુસ્થાનમાં કોઇ શહેરમાં તેનો જન્મ શ્રીમંત માબાપને ત્યાં થયો હતો. નાનપણથીજ તેને સંગીતનો શોખ હતો. તેના પિતા એને વેપારી બનાવવા માગતા હતા; પણ વેપારમાં પ્રસાદનું ચિત્ત બિલકુલ લાગતું નહિ. જન્મથીજ તેની મનોવૃત્તિ નોખી હતી. જે મોજશોખના વાતાવરણમાં એ ઉછર્યો તેનેજ એ અંતઃકરણથી ધિક્કારવા લાગ્યો. બારજ વર્ષની વયે કોઇ ઉસ્તાદ સાથે એ ભાગી ગયો. તેના પિતાએ બહુએ શોધખોળ કરી, પણ પત્તો નજ લાગ્યો. એ ઉસ્તાદજી પાસે પચીસ વર્ષસુધી રહી તેણે સંગીતશાસ્ત્રનાં મૂળતત્ત્વો ઘુંટી ઘુંટીને પીધાં. ઉસ્તાદજી પણ શિષ્યની તેજસ્વી બુદ્ધિથી તાજ્જુબ થયો. ત્યારપછી ઉસ્તાદજીએ પોતાના માનીતા શિષ્યના લાહોરમાં જલસાઓ કરાવ્યા ત્યારે શ્રોતાજનો એનો અદ્દભુત કાબુ જોઇ દિંગમૂઢ થયા, ચારે તરફ વાહવાહ થઇ રહી.

પછી કોઇ અમીરે તેની દિકરીને સંગીત શીખવવા પ્રસાદને રાખી લીધો. પાછળથી ઘણીએ વાર્તાઓમાં બને છે તેમ એ બાળા પ્રસાદની સાથે પ્રેમમાં પડી—ના, ના, મોહમાં પડી એમ મારે કહેવું જોઇએ. કારણ કે પ્રેમ શબ્દ તો બહુજ પવિત્ર છે. પ્રસાદ તેને બેટી

કહીનેજ બોલાવતો. જ્યારે જ્યારે પ્રેમ આપવા–લેવાની હમેશની જાણીતી વાત નીકળતી, ત્યારે પ્રસાદ આટલુંજ કહેતો કે–“બહેન! કળાને અભડાવાય નહિ, કળાનો સાચો ભક્ત બીજા માણસનું ભાન ભૂલાવે છે, પણ ધિક્કાર હજો જે કળાભક્ત માણસ પાછળ પોતાનું ભાન ભૂલે તેને! તું તો મારી દિકરી જેવીજ છે ને રહેવાની. બહેન! તારે પૂજાજ કરવી હોય તો કળાના શુદ્ધ સ્વરૂપની કર, તેના ભક્તની નહિ.” જેને મોહજ થયો હોય તે પ્રસાદના સિદ્ધાંતો ક્યાંથી સમજે? પરિણામ એ આવ્યું કે, એ બાળાએ ઝેર ખાઇ આત્મહત્યા કરી. પ્રસાદ તેને એક પિતાના જેવા નિર્મળ પ્રેમથી હૃદયપૂર્વક ચાહતો હતો. તેના આવી રીતના અવસાન પછી પ્રસાદ પલટાઇ ગયો. તેણે ભપકાદાર વસ્ત્રો ત્યાગ્યાં. એક સાદી કફની ને માથે જેમ તેમ વિંટાળેલો પટકો, આ એનો પહેરવેશ બન્યો. અમીરઉમરાવો કે રાજામહારાજાઓને ત્યાં થતા જલસાઓમાં જવાનું તેણે માંડી વાળ્યું. આગલા જલસાઓને લીધે તેની પાસે જે કાંઇ નાણું થયેલું તે તેણે છૂટે હાથે ગરીબ ને દુ:ખી લોકોને વહેંચવા માંડ્યું. બસ, તેણે પોતાની રાજીખુશીથીજ મુફલીસ હાલત પસંદ કરી લીધી.

એ પછી તે કોઇ પણ એક સ્થળે લાંબો વખત રહેતો નહિ. કોઇ કોઇ વખત તો એ સાવ ફના થઇ જતો; છતાં ખુબી એ હતી કે, એવી મુફલીસીમાં પણ દેવી અન્નપૂર્ણા તેના પર કૃપા રાખતી.

એક પ્રભાતે ખબર મળી કે, એ ઓચિંતોજ આ ગામમાંથી ક્યાંય ઉપડી ગયો હતો. એ ક્યાં ગયો તેની કોઇને ખબર પડીએ નથી ને પડવાનીએ નથી.

હજુએ કોઇ કોઇ વાર એકાંતમાં એ વિચિત્ર મૂર્ત નજરસમક્ષ તરે છે અને સારી સૃષ્ટિમાં પડઘા પાડતો સ્વર સંભળાય છે કે “કળા એટલે સેવા!”



૬૯–સાચા માળીની પરબ

(લેખકઃ–શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ)

સાચો નામનો એક માળી હતો. તે અને તેની સ્ત્રી વૃદ્ધ થયાં. તેમને પેટે કાંઇ સંતાન નહોતું અને જીંદગીસુધી ખાઇ શકાય તેટલું ધન તેમની પાસે હતું.

એક વર્ષે પૂરો વરસાદ પડયો નહિ અને દેશમાં દુકાળ પડયો. સાચાએ વિચાર્યું કે, પોતે વૃદ્ધ થયો છે અને કાંઇ ધન રળવાની હવે જરૂર નથી; તો આ દુકાળના વખતમાં લોકોનું કાંઇ ભલું પોતાને હાથે થાય તો ઠીક.

આ વિચારથી તેણે પોતાના ગામથી દૂર ત્રણેક ગાઉ પર એક કૂવાને કાંઠે પરબ બાંધી અને તે તથા તેની સ્ત્રી રાતદિવસ ત્યાં રહીને વટેમાર્ગુઓને તથા ઢોરઢાંખરને પાણી પાવા લાગ્યાં. સાચાની સ્ત્રીએ સ્વામીના ઇરાદાને અનુકૂળ મત આપ્યો હતો, એટલે તે પણ રાતદિવસ પરબમાં સ્વામીની સાથે રહેવા લાગી.

તે કૂવામાંથી પાણી ખેંચતી અને માટલાં ભરતી. સાચો પણ પાણી ભરતો અને પાતો; પરંતુ જેવી બુદ્ધિ સાચામાં હતી, તેવી તેની સ્ત્રીમાં નહોતી. કોઇ ઢેડનો છોકરો પરબે પાણી પીવા આવે તો સ્ત્રીના નાકનું ટીચકું ચઢતું. પરબથી દૂર પાણી પાવા જવું પડતું. પોતાના ગામનો કોઇ વટેમાર્ગુ પાણી પીવા આવતો અને તેની સાથે સાચાની સ્ત્રીને કાંઈ અણબનાવ ભૂતકાળમાં થયેલો હોય, તો તે પાણી પાવા ઉઠતીજ નહિ; અને સાચો સ્ત્રીના સ્વભાવને સમજી યાદ કરી પોતાનેજ હાથે પ્રેમભાવથી પાણી પાવા ઉઠતો.

તેના ગામનો કોઇ શેઠ કે ગરાસીઓ પાણી પીવા આવતો ત્યારે સ્ત્રી ખુશામત કરતી અને કોઇ તરસ્યાં ઢોર આવતાં ત્યારે તેની મોજમાં આવે તો પાણી પાતી અને નહિ તો ચોખ્ખી ના કહેતી. સાચા માળીને પોતાની સ્ત્રીનો આ સ્વભાવ ગમતો ન હતો; પણ કંકાસ ન થવા ખાતર તે ચૂપ રહી પોતાથી બનતી સેવા સર્વ કોઇની કરતો.

એક વાર એક કુંભારનાં દશ ગધેડાં ઈંટો લાધેલાં નીકળ્યાં. કુંભારે પરબે આવીને ગધેડાને થોડું પાણી પાવા માગણી કરી. ત્યાં સ્ત્રી બોલી ઉઠી: 'હજુ માણસોને પાણી પહોંચતું નથી ત્યાં ગધેડાને પાણી શાનું પાઇએ? તારે ગામ જઇને પાજે.' કુંભારે કહ્યું કે, ગધેડાં બહુ તરસ્યાં છે; ને પાણી પાશો તોજ ગામભેગાં થશે, નહિ તો મરી જશે.

પણ સ્ત્રીએ માન્યું નહિ. સાચાને દયા આવી અને તે પાણી પાવા ઉઠયો; પણ તેની સ્ત્રી ખૂબ ચીઢાઇ. તેણે પાણીનાં માટલાં ઝૂંટવી લીધાં અને સ્વામીને ઠપકો દીધો. સાચો બહુ દુઃખી થયો. તે તુરતજ કૂવાપર ગયો અને પાણી ખેંચી ખેંચીને ગધેડાંને પાવા લાગ્યો. ગધેડાં બહુ તરસ્યાં હતાં. પાણી ખેંચતાં ખેંચતાં તે થાકયો, પરંતુ તેની સેવાબુદ્ધિ એ એવા થાકને ગણકાર્યો નહિ.

સાચો પાણી પાઇ રહ્યો ને પાછો પરબમાં આવી આરામ લેવાને સૂતો. તુરતજ તેને તાવ ચઢયો અને રાતે તો તે મરણ પામ્યો !

બીજી બાજુએ તેની ક્રોધી સ્ત્રીએ પરબની ચોકડીમાં જઇને ફાંસો ખાધો હતો. પોતાની ના ઉપર થઇને સ્વામીએ ગધેડાંને પાણી પાવા માડયું તેથી તે અભિમાની સ્ત્રીને બહુજ ગુસ્સો ચઢયો હતો અને તેથીજ તેણે એ કુકર્મ કર્યું હતું !

સાચાની સ્થૂળ સેવા, તેની પાછળ રહેલી સેવાબુદ્ધિ કે જેમાં મૈત્રી તથા કરુણા રહેલાં હતાં અને તેથી ઉલટું તેની સ્ત્રીની વૈતરારૂપ સેવા, કે જેની પાછળ સેવાબુદ્ધિ તથા તેને અનુકૂળ સદ્‌ગુણો નહોતા, તે બેઉનું સ્વરૂપ બીજા દિવસના પ્રભાતમાં વટેમાર્ગુઓના સમજવામાં હવે આવ્યું. સાચો માળી ગરીબ કે તવંગર, નાના કે મોટા, ઢેડ કે બ્રાહ્મણ, ગાય કે કૂતરૂં, ગમે તેવા પ્રાણીપરત્વે કેવી સેવાબુદ્ધિ ધરાવતો હતો અને તેમને પાણી પાઇ સંતોષ આપતો હતો; તેમજ તેની સ્ત્રી પાણી પાતી હતી છતાં તેની સેવાની પાછળ કેવી કટુતા, ભાવહીનતા વગેરે અવગુણો હતા; તે લોકો તો જાણતાજ હતા; પરંતુ એકજ કામ કરનાર બેઉ જણની સેવાનાં બે જુદાં જુદાં પરિણામો આવેલાં જોઇને તેમનું હૃદય દ્રવ્યું.

ગામલોકોએ એકઠા થઇને બેઉનો અગ્નિસંસ્કાર કર્યો અને સાચાની પરબ જ્યાં હતી, ત્યાંજ પાકી પરબ બંધાવી 'સાચા માળીની પરબ' ને નામે તેનું નામ અમર કર્યું.

(નવેમ્બર-૧૯૨૬ના "બાલજીવન"માંથી)

७०–महत्तानां माप

(લેખકઃ–શ્રી. "કુમુદકાન્ત")

લોકો કહેતા કે "કેવો મૂર્ખ ! આટઆટલું દુઃખ પડયું છતાં તેની અસર તેને કૈંએ છે? વળી કહે છે 'ભલુ' થયું ભાગી જંજાળ, તેને તેના પરિવારની પરવા છે ?"

સોમપુરનું વાતાવરણ જ્યારે આમ ચકડોળે ચઢયું હતું, ત્યારે જગદીશનું હૃદય આત્માના અવ્યક્ત ગાનમાં લીન થયું હતું.

× × ×

ગરીબ માબાપનો જગદીશ જન્મથીજ દુઃખી હતો. માબાપના સુખની તો તેનેજ ઝાંખી થઇ નહોતી, અને દુઃખ એ તો ગરીબાઇની પ્રકૃતિજ હોય તેમ તેની સ્ત્રી ચાર બાળકોને મૂકી ગુજરી ગઇ હતી. આથી તેની ગરીબાઇ બેવડાઇ હતી; પણ એ બેવડી ગરીબાઇમાંય જગદીશ આનંદ માનતો. સગાંઓના હાથમાં ઉછરેલ જગદીશ બાળ–ઉછેરના નિયમોથી અજાણ હતો, એટલે તે પોતાનાં બાળકોની પૂરતી સંભાળ લઇ શકતો નહિ.

પોતાના પડોશીને દુઃખી જોઇ પોતાને સુખી માનવો, એ માનવજીવનની પ્રથા પડી રહી છે; અને એ મુજબ ગરીબ જગદીશ જ્યારે પોતાનાં દુઃખી બાળકોની પૂરતી સંભાળ લઇ શકતો નહિ, ત્યારે સગાંઓ તેનાથી દૂર રહી તેનું દુઃખ જોઈ પોતાને સુખી ગણતાં. અહા ! માનવજીવનની મહત્તા ન સમજાય તો મનુષ્ય કેટલો અધમ બને છે, તે કહેવું મુશ્કેલ છે.

જગદીશને હમેશાં સવારના ત્રણ કલાક ને સાંજના પણ તેટલાજ કલાક ઈશ્વરસ્મરણમાં ગાળવાનો નિયમ હતો અને તે છ કલાક દરમિયાન તે કોઇને જવાબ દેતો નહિ.

લોકો પૂછતા–"જગદીશ ! એ છ કલાક તું શું કરે છે ?"

જગદીશ કહેતો–"ઈશ્વરસ્મરણ ને જીંદગીનું સાર્થક."

અને લોકો હસી પડતા ને કહેતાઃ "કેવો મૂર્ખ ! એમ ઈશ્વર મળી જશે !"

લોકોની એ નિંદાનો જવાબ જગદીશ નિર્દોષ હાસ્યથીજ વાળતો અને તે હાસ્યમાં તેના આધ્યાત્મિક-અભ્યાસના પડઘા પડતા.

× × ×

આજે જગદીશનાં ચારેય બાળકો બિમાર હતાં, તે બનતી સંભાળ લેતો ને ઈશ્વરસ્મરણ ન ચૂકતો.

લોકો કહેતા કે "કેવો મૂર્ખ ! બાળકો બિમાર હોય ત્યારે ઈશ્વરસ્મરણ ન થાય તોય શું ? એમ ઈશ્વર મળી જશે ?"

દુઃખ કેટલીકવાર ભયંકર હોય છે આ પ્રસંગે જગદીશનાં બાળકોની બિમારી વધી પડી અને તેણે પોતાનાં બાળકોને પોતાના હાથે એક એક દિવસને અંતરે ચિતામાં સુવાડયાં.

જગદીશે પોતાનું ચોથું બાળક ચિતામાં સુવાડયું ત્યારે આકાશ વાદળાંથી ઘેરાઇ ગયું હતું, જાણે કુદરત પણ તેનું દુઃખ જોઇ રડતી હતી. તે દિવસે આખા ગામનું હૃદય કકળી ઉઠયું. "ગજબ થયો, પ્રભુએ પડતાને પાટુ મારી !"

લોકો ખરખરો કરતાઃ " ભાઈ ! બાળકોવિના ઘર સૂનું થયું !"

જગદીશ કહેતોઃ " એ સૂનકારમાં ઇશ્વર જેટલો નજીક છે, તેટલો આ જંજાળમાં નથી. ભલું થયું, ઈશ્વરે મારો માર્ગ સરળ કર્યો."

લોકો કહેતાઃ—" કેવો મૂર્ખ ! કહે છે 'ભલું થયું.' તેને તેના પરિવારનીય પરવા છે !"

ને જગતની નરી આંખે દેખાતી એ મૂર્ખાઇ પાછળ જગદીશની ઈશ્વરી પ્રેમગાથાનાં ગહન ગાન હતાં. (**સ્તુતિ નિંદા જગતકી, દોનોં કે સિર ધૂળ.** એમાં કહ્યું છે તેમ) લોકનિંદાને ન ગણકારતાં તે આધ્યાત્મિક ગૂઢ પ્રશ્નોના ઉકેલમાં મશગૂલ રહેતો.

જગદીશે પોતાને આંગણે રોવાકૂટવાની મના કરી. સગાંએ તેને સમજાવી કહ્યું કે "એમાં ચાલેજ નહિ. આ તો તારૂં જીવ્યું ધૂળ થયું, તારે લોકાચાર તો કરવોજ જોઇએ. ફૂલ જેવાં બાળકો આમ નજર સામેથી દૂર થાય ત્યારે લોકરૂઢિને અનુસરવું જોઇએ."

જગદીશે કહ્યુંઃ " પ્રભુ ન્યાયી છે, તેણે જેમ ધાર્યું હોય તેમજ થાય છે; માટે તેના એ ન્યાયમાટે આપણે શોક કરવાનો નજ હોય. તમે કોઇ એમ ન ધારશો કે, બાળકો માટે મને લાગણી નહોતી. તમે જેઓ રોવાકૂટવાની સલાહ દેવા આવ્યાં છો તેઓના કરતાં

તો બાળકો માટે મને બહુ વધારે લાગે છે."

તેજ વખતે જગદીશની આંખમાંથી પહેલીજ વાર આંસુનું એક ટીપું પડ્યું.

જગદીશનું હૃદય પિતાહૃદય બન્યું હતું અને તેને સાંસારિક માયાના આછા રંગ લાગ્યા હતા, એટલે તે ક્ષણભર દ્રવ્યું. જગદીશે તરતજ લાગણીઓ કબજે કરીને સગાંઓને રીતરિવાજ માટે મના કરી વિદાય કર્યાં.

સગાંએ કહ્યું: "રોવાકૂટવાની મનાઇ! કેવો મૂર્ખ!"

હવે તો આખું ગામ કહેતું કે "મૂર્ખનો સરદાર!" ગામમાં કોઇ મૂર્ખ નીકળતો તો લોકો કહેતા કે "આ મૂર્ખ પણ જગદીશથી તો સારો!" ઘેર ઘેર, શેરીએ શેરીએ ને ચૌટે ચૌટે એજ ગવાતું કે "ઓ જગદીશ! કેવો મૂર્ખ!"

સગાં વીખેરાયાં ને જગદીશ એકલો પડ્યો ત્યારે સંધ્યામાં નીલવર્ણા આછા રંગ પૂરાતા હતા. જગદીશ ઇશ્વરસ્મરણમાં બેઠો તે પહેલાં તેને વિચાર આવ્યો કે "હજીય આ હૃદયમાં સંસારમાટે મમતા છે ને આંખમાં તેની માયા ભરી છે; નહિ તો હૃદય દ્રવે નહિ, આંખમાંથી આંસુ સરે નહિ. તે સર્વ જ્યારે તૂટી જશે ત્યારે ઓ પ્રભો! તું દૂર નથી!" ને ઇશ્વરી પ્રેમે જગદીશને ગળગળો કર્યો. જાણે કે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરતો હોય!

જગદીશ હવે દિવસોના દિવસ ઇશ્વરસ્મરણમાંજ ગાળતો. જગતની દૃષ્ટિએ મૂર્ખ ગણાતો જગદીશ હવે આત્માના ઉંડાણમાંથી ઉઠતા અવાજનો અટલ અભ્યાસી બન્યો અને તેમાંજ તેને જીંદગીનું સાર્થક લાગ્યું–આધ્યાત્મિક અભ્યાસ તેનાં ખાનપાન બન્યાં.

કોઈ પૂછતું કે "જગદીશ ક્યાં?" તો લોકો કહેતા કે "એ તો ઈશ્વરસ્મરણ ને જીંદગીનું સાર્થક કરે છે." પૂછનાર જવાબ દેનારની ઢબથીજ હસી પડતો.

કોઇ અજાણ્યો પૂછે: "એ જગદીશ કોણ?" તો લોકો કહેતા: "ચાર ચાર બાળકોને ચિતામાં સુવાડનાર લાગણીહીન નરપશુ!"

અજાણ્યો થરથરી બોલી ઉઠતો કે "કેવો મૂર્ખ!"

× × × ×

આજે જગદીશનું ઘર લોકોનાં ટોળાંથી ભરાઇ ગયું હતું ને જગદીશનું નિર્જીવ શરીર એક ખૂણામાં પાટલા ઉપર આસન વાળી બેઠું હતું. આંખોમાં તેજ, ચહેરા ઉપર હાસ્યમિશ્રિત ગુલાબી આછી

છાયા ને શરીરના દરેક અવયવનું સામ્ય, એકઠા થયેલા સર્વ લોકોને શોક અને આશ્ચર્યમાં ડૂબાડવાને બસ હતાં. તે શોક ને આશ્ચર્યમાં જગદીશની કહેવાતી મૂર્ખાઇ માટે ધિક્કાર તરી આવતો હતો.

દરેક માણસના મરણ પછી એક સમય એવો આવે છે, કે જ્યારે સર્વ કોઇ તેના દુર્ગુણો ભૂલી જઇ તેના મરણમાટે શોક દર્શાવે છે અને તેના સદ્ગુણો ગાય છે; પણ જગદીશનું તેમાં સ્થાન ન હતું, તેની કહેવાતી મૂર્ખાઈથી સોમપુરનું બાળક પણ અજાણ ન હતું. હજીય લોકોએ કહ્યું:–"કેવો મૂર્ખ ! અંતે જીવ ખોયો !"

ને મહત્તાને મંદિરીએ પગલાં માંડનાર મહાન આત્માની પાછળ જગબત્રીસીનું અટ્ટહાસ્ય હોય છે; પણ એને **ન ગણકારનારો આગળ વધે છે અને ગણકારનારો અધમતાના ઉંડાણમાં ગબડે છે.**

("શારદા" માસિકમાંથી)

७१—रे हिन्दु संसार ! चेत ! चेत !!

(બાળલગ્નની ચિતામાં બળીને ભસ્મીભૂત બનેલા એક ગુજરાતી હિંદુ નવજુવાને આપઘાત કરતાં છેલ્લી ઘડીએ કરેલા નિવેદનમાંથી કાળજાં કોરી નાખે તેવા ફકરા આજના હિંદુસમાજને અમે ભેટ કરીએ છીએ. **અધિપતિ ગાંડીવ.**)

મારી સાત વરસની વય હતી. ઢીંગલાઢીંગલીના ખેલ ખેલતો હતો, આછા ઝાંખા એકડા પાટી પર આલેખતો હતો. અરે ! ગુલઝારના ગુલ જેવો હતો. હૈયે તેવું હોઠે ઉચ્ચરનારો બાળક હતો. કવિશબ્દોમાં કહું તો પ્રભુવિહોણા સંસારમાં પ્રભુનો પયગંબર હતો. દેશનું નાનું જવાહીર હતો. દેશના ઉદયની દોરી મારા હસ્તમાં હતી. ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, ઢીંગલાઢીંગલીની રમત રમનાર પોતેજ ઢીંગલાઢીંગલીના સ્વરૂપમાં મુકાશે, ગુલના ગુલબદનપર વજ્રનો બોજો મુકાશે. આછા ઝાંખા એકડા ઘુંટનારને પ્રેમના પાઠો શીખવવા શરૂ થશે ! અફસોસ ! એકાદ સાંજે આવી બાપાએ મોંમાં ગોળ ખવરાવ્યો—રે, ઝેર ખવરાવ્યું અને કહ્યું કે 'બેટા ! તારૂં વેવિશાળ કર્યું છે !' આમ કહી બાપાએ પોતે મારા નખોદના નગારા પર પહેલી દાંડી પછાડી !!

× × × ×

મારી બા મને અને મારી બાળકપત્નીને ઉભેલાં કે હસતાં દેખી હાસ્ય સાથે—રુદનમય હાસ્ય સાથે—કહેતી કે 'બેટા ! આ તારી નાની વહુ થાય !' અહા ! ત્યારે તે કેવી હરખાતી ! એ જૂઠા હરખમાં મારી મા મારી પાયમાલીનીજ પિપૂડી વગાડતી; થોડા દિવસ ગયા. દશ વરસની ઉંમરે પહોંચ્યો. બીજી ચોપડી પૂરી કરી હતી. એક સાંજે ચાર વાગે ઘરમાં મંગળ મંગળ વર્તી રહ્યું. બંદા વરરાજા બન્યા ! લગન—અરે વણભડકે ને વણધૂમાડે બાળી નાખનારી અગન આવી. કપાળમાં મોટો ચાંદલો ને અક્ષત ચોઢી ગધેડાની માફક ડોકમાં ઘરેણાંનો જબરો બોજો લાદી ઘોડલે ચઢયો. હું પરણ્યો !

હું વાંચવા બેસતો ત્યાં તે આવી મારી ચોપડી ખુંચવી લેતી અને મને વાતોમાં કે અડપલે વળગાડતી. જે બાપાનું ધ્યાન દીકરાને ઘોડે બેસાડી ગીત ગવડાવીને વાજાં વગડાવવામાં પડ્યું–જે બાપાનું ધ્યાન ન્યાતવરામાં પડ્યું; તે મારી નિશાળની સ્થિતિની તપાસમાં ક્યાંથી પડે? નિશાળ ગઈ. વિદ્યાર્થીજીવન તૂટ્યું. મારા નખોદના નગારા પર ફરી મેંજ દાંડી લગાવી.

× × × ×

થોડા દિવસ વીત્યા. બાપ ગયો, મા ગઇ. જીંદગીના સંગ્રામની ઘંટીમાં હું પીસાવા લાગ્યો. અધુરામાં પૂરૂં દેશનું દારિદ્ર વધારનાર એકાદ બે બાળકનો પિતા થયો. એ સંતતિ! પહેલો પુત્ર જન્મથીજ આંધળો અને પાંગળો હતો! હાય રે, ગુલામ દેશનાં ગુલામ સંતાન!

× × × ×

મારી સ્ત્રી પણ કાચના વાસણ જેવી નાજુક હતી. સંતોષથી કદી હું કેમ ખાઇ શકું? બિમારીનો મેં ઇજારો રાખેલો! બાપીકી મૂડીનો અર્ધો ભાગ ડૉકટરો ખાઇ ગયા. પૂલ પરના પથરા દિવસે દિવસે લાંબે વખતે ઘસાઇ જાય, તેમ મારી સ્થિતિ પણ દિવસે દિવસે ઘસાતી હતી! હાય! અત્યારે મારા ઘરમાં ચારે ખૂણે ભૂખજ ડોકીઆં કરે છે. જોવી હોય તો આવો, બતાવું. ક્ષયરાજની સવારી પત્ની પાસે ક્યારનીય આવી પહોંચી છે. પ્રભુ! દુઃખનો પાસીરીક તેં મારા પરજ ઢોળ્યો! ના, ના! મારા હિતેચ્છુઓએજ. હવે તો જીવન અકારૂં છે!

× × × ×

પિતા, પિતા! તારા લાડલ્હાવાનો ભોગ થઈ પડેલો પુત્ર હવે તમને ત્યાંજ રડાવવા આવે છે! હાય દુનિયા! હું તો જાઉં છું! ચેતજો, ચેતજો! ઓ બચ્ચાંના પિતાઓ! ઓ વડીલો! મારાં આ લોહીનાં આંસુથી ચેતજો!

પ્રભો! તારે શરણે. (આત્મઘાત)

("જાગૃતિ" માસિક પરથી)

૭૨-કુલીનતાનો કાળો નાગ

એક બળતી બાળાની સાચી કરુણ કથા

(લેખકઃ-શ્રી. સુધાકાન્ત ભટ્ટ)

(૧)

(કુલીનતાને નામે સમાજમાં ચાલી રહેલાં પારાવાર પાપની હવે અવધિ થતી જાય છે. નીચેની કરુણ આત્મકથા ગુજરાતના હિંદુસમાજમાં ખરેખરી બનેલી છે. ઓ હિંદુસમાજ! મૃત્યુશય્યા-પર સૂતેલી બાઇના રડતા હૃદયની કારમી ચીસ સાંભળ અને સાવધ થા!)

''બા, પુષ્પાકાકી, ચંપાભાભી! તમે બધાં અહીં આવો, બહાર બીજું જે કોઈ બેઠું હોય તેને પણ લેતાં આવો. ભલે મારી બા ગમે તે કહે. હવે હું તમારી ઘડી બે ઘડીની મહેમાન છું.''

''શ્રદ્ધા! તારું સો વર્ષનું આયુષ્ય હો. એવું અમંગળ ન બોલીએ.'' પુષ્પા કાકીએ તેની પાસે જતાં કહ્યું.

''બેટા! ડૉક્ટરે કહ્યું છે કે, તું વધારે બોલીશ તો મગજ ઉપર દબાણ વધશે, માટે આજનો દહાડો શાંત રહે.'' શ્રદ્ધાની બા વિદ્યાએ દયામણું મોઢું કરીને કહ્યું.

''બા! મારે આજેજ બોલવું છે, કાલે તો પછી હું અહીં બોલવા કે તને સતાવવા રહેવાની નથી.'' મંદસ્વરે શ્રદ્ધાએ શ્વાસ ખાતાં ખાતાં કહ્યું.

ગુલાબની ખીલતી કળીને ભઠ્ઠીમાં નાખી હોય તેવી શ્રદ્ધાની દશા હતી. એના શરીરનું વાન, એના ચહેરાનો ડોળ, એનું સપ્રમાણ નાક અને એનાં દીર્ઘ ભ્રૂકુટીવાળાં નેત્રો જોઇને કોઇ પણ કહી શકે કે, તંદુરસ્ત હાલતમાં શ્રદ્ધા ખૂબસુરત ગણાતી કન્યાઓમાંની એક હશે; પરંતુ સુકોમળ વેલીને વિદ્યુતના આછા આછા તાપે કરમાવી નાખવામાં આવી હોય, તેવી તેની દેહલતા કરમાઇ ગઇ હતી. માંદગીએ તેના શરીરને જેટલું નહોતું તાવી નાખ્યું તેટલું માનસિક વ્યથાએ તાવી નાખ્યું હતું.

પુત્રીનાં કરુણ વચન સાંભળીને વિદ્યાનાં નેત્રોમાંથી મોતી જેવાં અશ્રુઓ ટપકી રહ્યાં. તેણે સાડી પાછળ મુખને ઢાંકવાના ઘણાએ પ્રયત્ન કર્યાં; પરંતુ ચતુર શ્રદ્ધા તે જોઇ ગઇ. માતાને આશ્વાસન આપતાં તેણે કહ્યું:—"બા! આમ શોક કર્યે શું વળવાનું છે? જો હું તને વહાલી હોઉં તો મારી મૃત્યુશય્યા ઉપરની છેલ્લી ઇચ્છા તું પૂર્ણ કર-બધાંને અંદર આવવા દે."

શ્રદ્ધાના શબ્દોથી સર્વેને દયા આવી. પુત્રીના આગ્રહ આગળ ડૉકટરની આજ્ઞા માતાને માલવિનાની લાગી. તેણે બહાર બેઠેલાં સર્વને માનપૂર્વક અંદર બોલાવ્યાં.

માંદા માણસની પાસે આવી, તેને અનેક તરેહના પ્રશ્નો પૂછી કંટાળો આપી, માંદગીમાં વધારો કરવા જેવું હિંદુસંસારમાં નિત્ય બને છે. ડૉકટરોની ગમે તેવી સલાહ હોય કે દરદીને ખુલ્લામાં રાખવો, તેની પાસે વધારે ગરદી થવા ન દેવી, તેની સાથે તો કોઇને પણ વાતસરખીએ ન કરવા દેવી; પરંતુ હિંદુસમાજમાં સોમાં પંચાણું ઠેકાણે તેનાથી ઉલટુંજ વર્તન કરવામાં આવે છે.

પરંતુ વિદ્યાએ આજસુધી ડૉકટરની દરેક સૂચનાઓનો કડક અમલ કર્યો હતો. આજે પુત્રીનાં કરુણ વચનોએ તેની એ દઢતાને પીગળાવી દીધી.

(૨)

બહારથી બધાં અંદર ગયાં. શ્રદ્ધાએ ધારે રહીને પડખું બદલ્યું. સૌનો સત્કાર કરતાં તેણે કહ્યું:—"આવો."

તેને લાગુ પડેલી ખાંસીથી તેનો અવાજ બદલાઇ ગયો હતો, છતાં પણ એક વખતે એના ગળામાં કોયલ કે બુલબુલનો વાસો હશે, એવું જણાતું હતું. વિનય અને વિવેકની તો તે સાક્ષાત્મૂર્તિજ હશે એવું અત્યારે પણ તેની વાતચીતની ઢબ ઉપરથી લાગતું હતું; અને હતું પણ તેમજ.

"બ્હેન! બધાં આવ્યાં છે, પણ હવે તું વધારે ન બોલે તો સારૂં." પુષ્પાએ સૌની વતીથી કહ્યું.

"પુષ્પા કાકી! તમારી મારા ઉપરની મમતા એમ કહેવડાવે છે; પરંતુ મારો અંતરાત્મા કહે છે કે, હવે હું બહુ બહુ તો એકાદ દિવસનીજ મહેમાન છું. હું પણ સમજું છું કે, વધારે બોલવાથી મારી પ્રકૃતિ બગડશે; પરંતુ હવે મને જીવાડવાના તમારા બધા ઉપાયો વ્યર્થ જવાના છે. મારી બા, બાપુ, ભાઇ તથા ભાભીએ મારે માટે થાય તેટલું બધું કર્યું છે, પરંતુ એ બધું પાણી વહી

જવા પછીથી પાળ બાંધવા જેવું છે."

શ્રદ્ધા ચઢેલા શ્રમને લીધે લગાર વિસામો લેવા થોભી. તે વખતે તેણે જોયું તો સાંભળનારાંમાંથી કોઇની પણ આંખ કોરી નહોતી.

ધીરે રહીને વળી શ્રદ્ધા બોલી:–"મારે આજે તમને સર્વને આ મૃત્યુશય્યા ઉપરથી એક શિખામણ આપવી છે. એ મારો જાતિ-અનુભવ છે, મારા ટુંકા જીવનની એ કરુણ કથા છે. હું ઇચ્છું છું કે, એ કથા સાંભળી તમારાં હૃદય દ્રવો! તમે બધાં અત્યારે મારી કાળજી રાખો છો, તેટલી કાળજી મારાં લગ્ન ગોઠવતાં કેમ ન રાખી? બા! પુષ્પા કાકી! માફ કરજો. જીવનસુધી તમારી શરમ પાળી છે, હવે મરણને કાંઠે આવી પહોંચી છું, એટલે જેટલું કહેવું છે તે કહેવા દો. કદાચ એમાં મર્યાદાનું ઉલ્લંઘન થતું જણાય તો માફ કરજો."

"શ્રદ્ધા! એ શું બોલી? તારા જેવી દીકરીઓ બહુ ઓછી થશે." સજળ નયને વિદ્યાએ કહ્યું.

"મારા પિતાજીએ મોટાઇ મેળવવા માટે મારાં લગ્ન સરખાં સરખાંઓમાં નહિ કરતાં, પોતે માની લીધેલા કુળવાનને ઘેર કર્યાં, એ તો તમે સૌ જાણે છો. મારા સસરા આખી નાતને સુધારવાનો મોટો બોજો માથે લઇને ફરે છે. મારાં સાસુ દેશમાંથી ચાની બદી દૂર કરાવવા જાહેર ભાષણો કરે છે. મારા પતિ કૉલેજનું ઉચ્ચ શિક્ષણ મેળવે છે. તમે બધાં એમને કુલીન માનો છો. એ લોકો પણ પોતાને કુલીન ગણાવે છે; પરંતુ અનુભવે મને શીખવ્યું છે કે, તેમનામાં સાચી કુલીનતાનો છાંટો પણ નથી. તેમનું હૃદય કુલીનને છાજતા સદ્ગુણોથી વિભૂષિત નથી; પરંતુ નાતમાં એમનું ગામ કુલીન ગણાય છે, એનું માત્ર મિથ્યાભિમાન છે. મારાં માબાપે એ મિથ્યા મોટાઇના યજ્ઞમાં મારૂં બલિદાન આપ્યું છે. મારૂં અકાળ મરણ મિથ્યા કુલીનતાનેજ આભારી છે. તમે બધાં એ સમજો અને તમારી બાળાઓને એવા ઉંડે કૂવે ન ઉતારો માટેજ હું આ બધું કહી લઉં છું."

વિદ્યાથી ન રહેવાયું. તેનાથી મોટેથી ધ્રુસ્કેધ્રુસ્કે રડી જવાયું. સૌ તેને આશ્વાસન આપવા લાગ્યાં.

વિસામો ખાઇને માંદી શ્રદ્ધા બોલી:–"બા! હવે બધો શોક નકામો છે. કુલીનને ઘેર દીકરી દઇ ખોટી મોટાઇ મેળવવાની તમારી લાલસાએ તમારી દીકરીનો ભોગ લીધો છે. કુલીનતાને પગથિયું બનાવી મોટાઇના મંદિરે ચઢવાની કલ્પના તમારો ભ્રમમાત્ર હતી. ત્યાં તો પેલો કૂવો હતો, તમારી દીકરીને તમે એમાં ધકેલી મૂકી હતી. બા! માફ

કરજે. તારા ગુણોનો પાર નથી, હું ભવોભવની તમારી ઋણી છું; પરંતુ હવે સત્ય વાત કહેવામાં શામાટે અચકાઉં ?”

“દીકરી ! અરેરે, અમે તે વખતે આમ જાણ્યું નહોતું.” વિદ્યાએ રડતાં રડતાં કહ્યું.

“બા ! બેશરમી માફ કરજે, પરંતુ આ તારી અઢાર વર્ષની પુત્રી બે વર્ષની પરણેતર જીંદગી ગાળવા છતાં અખંડ બ્રહ્મચર્ય સાથેજ ચિતાએ ચઢશે. તારો જમાઇ દુનિયાની નજરમાં ભણેલો ગણાતો હોવા છતાં મારી તેને લગારે કિંમત નહોતી. એનાં માબાપ એના કાનમાં એજ વિષ રેડતાં કે, આપણે કુલીનને તે વળી સ્ત્રીઓનાં માન શાં ? બા ! મારી સામે ઉભા રહીને તે કદી હસ્યા પણ નથી. મારી સાથે કદી વાત પણ કરી નથી. જ્ઞાતિનો ઉદ્ધાર કરવાનો દંભ કરનારા મારા સસરા અને દેશને સુધારવાનો દાવો કરનાર સાસુ આ પુત્રવધૂને સદૈવ નળ, ઘંટી અને એઠવાડમાંજ દાટી રાખતાં; અને ખાવાનું પણ ઠંડુ, વાસી અને ઠરેલું. છસો રૂપિયા તમે આપો તોજ સાસુ મને રસોડું બતાવે કે પરણ્યાને મારી સાથે વાત કરવાની પરવાનગી આપે ! ઓ પુષ્પાકાકી ! ચંપાભાભી ! જોજો, આ તમારાં કુલીન સગાંની કુલીનતા ! ડૉકટર કહે કે ન કહે, પરંતુ મને ક્ષયરોગ લાગુ પડયો છે. જેને પૂરેપુરૂં ઓઢવા–પાથરવા કે ખાવા ન મળે અને હમેશાં દળણાં દળવાં, એકલે હાથે આખા ઘરનાં પાણી ભરવાં, એઠવાડ કાઢવા, કપડાં ધોવાં એમાંજ રોકાઇ રહેવું પડે અને રાત્રિઓના અખંડ ઉજાગરા થાય, સાસરવાસમાં વિધવાથી પણ વધારે ખરાબ જીવન છતાં સૌભાગ્ય ગાળવાનું થાય, તેને ક્ષયરોગ ન થાય તો બીજું શું થાય ? કુલીન સસરાજીની પણ મેં કેટલીએ ગાળો સહી છે, ખાનદાન સાસુજીના હાથના મીઠા મેથીપાક પણ આરોગ્યા છે ! વધારે કેટલું કહું ?”

શ્રદ્ધાની વીતક વાતો સાંભળી સૌ રડી રહ્યું હતું. તેના પિતા તથા ભાઇ પણ તે દરમિયાન બહારથી આવી વાત સાંભળી રહ્યા હતા અને પોતાને મનમાં ધિક્કારી રહ્યા હતા.

શ્રદ્ધાએ તો આજે બોલવાનો નિરધારજ કર્યો હતો, તે ફરીથી બોલવા લાગી. આ વખતે તેનાં નેત્રોમાં અનેરૂં તેજ–મુખમંડળ ઉપર દૈવી ઓજસ–ચમકી રહ્યું હતું. કો યોગિની મૈયાસમી તે દીપી રહી હતી. “શું કામ રડો છો ? હાથનાં કર્યાં હૈયે વાગ્યાં છે, પણ તમારી દીકરી દુઃખી થાય તેમાંએ દૈવી હેતુજ રહ્યો છે. જે ઘેર પારકી પુત્રીઓ દુઃખી થઇ હોય, તે ઘરની પુત્રીઓને સ્વપ્ને પણ

સુખ નજ મળે. પિતાજી ! બોલો, તમારાજ કુટુંબમાં પુત્રવધૂઓને હિંચકાની સાંકળે ચોટલાઓ બાંધી હીંચકવામાં આવી નથી ? તેમને ઘોડાઓની ચાણુકે ફટકાવવામાં આવેલ નથી ? તેમના મુખમાં શ્વાનવિ...ભરવામાં આવેલ નથી ? નરકયાતના આથી વધારે શું હશે ? જગતના લોકો ! કાન હોય તો આ મૃત્યુશય્યામાં પડેલી સ્ત્રીનાં વચનો સાંભળજો. જે ઘરની પુત્રવધૂઓ ઉપર ત્રાસ પડે છે, તે ઘરની દીકરીઓ કદી સુખી નહિ થાય. જે ઘરમાં પુત્રવધૂઓ પીડાય છે, તે ઘરની લક્ષ્મી, સુખ, ઉન્નતિ, વિદ્યા, સદાચાર સઘળું હરાય છે ! આ ખોટી મોટાઇ માટે મરતાં, સાચી ખાનદાની સિવાયના કહેવાતા કુલીનોને ઘેર રહેંસાવા માટે તમારી દીકરીઓ દેનારાં માબાપો ! આંખો હોય તો જુઓ, કુલીન કુટુંબનો ભોગ થઇ પડેલ આ સ્ત્રીને !”

(૩)

શ્રદ્ધાની જ્ઞાતિમાં એક વર્ગ પોતાને કુલીન મનાવતો હતો, બીજા વર્ગને તેઓ પોતાનાથી ઉતરતા ગણતા. તેમને પોતાની દીકરીઓ દેતા નહિ; પરંતુ જેમને તેઓ ઉતરતા માનતા તેમની દીકરીઓ ચાંલ્લાવિના લેતા પણ નહિ. બીજા વર્ગમાં પોતાની જાતને માટે શ્રદ્ધા અને આત્મભાન કશુંએ નહોતું. ધીરે ધીરે બધું લુપ્ત થઇ ગયું હતું, એટલે એવું અપમામ પણ રાજી થઇને કબૂલ કરવામાંજ પોતાને મોટાઇ મળેલી ગણતા. પરિણામે કુલીનો એમની દીકરીઓ(પોતાની સ્ત્રીઓ)ને અપાર કષ્ટ આપતાં. તેમને પેટપૂરતું ખાવા કે પહેરવા વસ્ત્રો પણ આપતા નહિ. વસ્ત્રો તો એના બાપેજ પૂરાં પાડવાં જોઇએ, એટલુંજ નહિ પરંતુ રસોડાપ્રવેશ માટે તથા બીજી વિધિઓ માટે પણ કન્યાના પિતાએ મોટી રકમ આપવીજ જોઇએ, એવો હક્ક એ વર્ગે સ્થાપિત કરી દીધો હતો.

ન્યાયની ખાતર કહેવું જોઇએ કે, નોકરશાહીનો ખરાબમાં ખરાબ સભ્ય પણ એ કહેવાતા કુળવાનો જેવો સંગદિલ નથી હોતો; જનરલ ડાયરની ક્રરતા પણ એમની ક્રૂરતા આગળ કુચ્છ બિસાતમાં ન ગણાય. જેની પુત્રીને તેઓ પત્નીતરીકે સ્વીકારે, તે માણસે એમનું તમામ ખર્ચ નિભાવવુંજ જોઇએ, એવી તેમની માન્યતા હતી. એ વર્ગના શિક્ષિત યુવકો સુદ્ધાં એજ મતને માનનારા અને સ્ત્રીઓને ઘરની ઉંદરડી કરતાં પણ તુચ્છ ગણનારા હતા. આમ છતાં શ્રદ્ધાના પિતા જેવા અનેક પિતાઓ એમની ન્યાતમાં હતા, કે જેઓ કરગરીને પણ તેમને કન્યાઓ આપતા અને એથી પોતાના કુળને આકાશમાં ચઢા-

વેલું ગણતા ! જે વર્ગમાંથી સારાસારનો વિચાર કરવાની શક્તિ, સ્વાભિમાન અને વિવેકબુદ્ધિનો નાશ થયો હોય, તે વર્ગની શ્રદ્ધા જેવી નિર્દોષ બાળાઓ અકાળે મૃત્યુમુખે પડે તેમાં શી નવાઈ ? એ વર્ગનો ઉદ્ધાર શી રીતે થાય ?

શ્રદ્ધા જન્મથીજ કોમળ હૃદયની, સંસ્કારી આત્માવાળી અને દુશ્મનને પણ વહાલી લાગે તેવા સ્વભાવવાળી હતી. એનાં માતા-પિતાની તે એકની એક પુત્રી હોવાથી કુટુંબની લાડકી હતી. એ લાડને પરિણામે તેના વિદ્યાભ્યાસમાં કે ગૃહવ્યવહારના શિક્ષણમાં લગારે ક્ષતિ આવવા દીધી નહોતી.

શ્રદ્ધાના પિતા એના ગામમાં ડાહ્યા પુરુષ ગણાતા, પાંચ પૈસે સુખી અને પોતાના વિભાગમાં કુલીન ગણાતા; એટલે શ્રદ્ધાને કહેવાતા કુલીનને ઘેર દેવામાંજ તેઓ મોટાઇ માનતા હતા. એને લીધેજ તેમણે પોતાના કુટુંબના રિવાજની સામે થઇને, ન્યાતમાં વધારે ખાનદાન ગણાતા કુટુંબમાં શ્રદ્ધાને દીધી; પરંતુ એમની ન્યાતમાં ચારિત્ર્ય કે વિદ્યાની કસોટીથી ખાનદાની નહોતી અંકાતી. અમુક ગામમાં અને તેમાં પણ અમુક કુટુંબમાં જન્મે તે–પછી ભલે ચોરી કરતો હોય, ગરીબોનાં ગળાં રહેંસતો હોય, ખરાબ કર્મો કરી જેલ સેવી આવ્યો હોય, કે ભીખ માગતો હોય છતાં પણ તે–ખાનદાન ગણાતો. પોતાને હલકા ગણાવનારાઓ એ રીતે ખાનદાનીની કસોટી કરતા; એટલે એ કહેવાતા કુલીનો વધારે મક્કમ બની પોતાની જોહુકમી વધાર્યેજ જતા. એ ન્યાતનો યુવકવર્ગ આ નીતિની સામે થતો, પરંતુ શ્રદ્ધાના પિતા જેવાઓ તેમને હસી કાઢતા. પરિણામે કુલીનો વધારે ખાંડ ખાતા. પણ આજે પુત્રીની વાત સાંભળી એજ પિતા પસ્તાઇ રહ્યો હતો !

(૪)

“બહેન ! શાંત થા, તારી વાત ખરી છે; અમે હવે અમારી ભૂલ જોઇ શકીએ છીએ. પ્રભુ તને આરામ કરશે.” શ્રદ્ધાના પિતાએ એની શય્યા આગળ આવીને કહ્યું.

બાજુમાંજ શ્રદ્ધાનો જુવાન ભાઇ અવનીશ ચોધાર આંસુ વરસાવી રહ્યો હતો. પોતાની બહેનની વીતક વાર્તા આજે તેણે પહેલીજ વખત સાંભળી હતી. તેનો આત્મા હિંદુસમાજ અને ખાસ કરીને કહેવાતા કુલીનો સામે બંડ ઉઠાવવા કકળી રહ્યો હતો.

“પિતાજી! હવે આરામ તો પ્રભુ પોતાની પાસે બોલાવીનેજ આપશે, પરંતુ તમે મારા દૃષ્ટાંતને ભૂલશો નહિ. મારા ભોગે પણ

ન્યાતમાં આટલો સુધારો થાય કે બીજી બાળાઓના ભોગો લેવાતા બચે તોપણ ક્યાં ?"

શ્રદ્ધા વધુ બોલવા ઇચ્છતી હતી, પરંતુ શ્રમ એટલો જણાતો હતો કે બોલી શકાતું નહોતું.

એના પિતાએ કપાળ પર સ્નેહથી હાથ ફેરવતાં કહ્યું:-"બહેન ! વિશ્રાંતિ લે, હવે બહુ બોલવા જતાં તબિયત બગડશે."

શ્રદ્ધાના મુખમંડળ ઉપર દિવ્ય તેજ પ્રકાશી ઉઠ્યું, કોઇક અકલ્પ્ય બળે તે બેઠી થઈ ગઇ. તેને ભાન નહોતું, હવામાં હાથ ફેરવતાં તે પોકારી ઉઠી:-"હિંદુસમાજ ! મૃત્યુશય્યામાં પડેલી સૂનારીનાં વચનો સાંભળી લે ! હજી જો તારા પિશાચી યંત્રમાં સ્ત્રીવર્ગને આમજ છુંદાવા દઇશ તો હાલના કરતાં પણ તારો વધુ અધઃપાત થશે ! પ્રભુની નજરમાં પણ હવે આ જુલ્મ ખુંચી રહ્યો છે. નિર્દોષ બાળાઓની ચિતામાં બળી ન મરવું હોય તો ઓ સમાજ ! ચેત."

છેલ્લા શબ્દો બોલતાંજ શ્રદ્ધા ગબડી પડી, તેનાં નેત્રો વિકસિત થઇ ગયાં, મોં સહેજ પહોળું થઇ ગયું અને હમેશને માટે ગઇ.

(તા. ૧૨-૮-૧૯૨૭ના "હિંદુસ્થાન"માંથી)



७३-दीनबंधु

(લેખકઃ-શ્રી. મૂ. સો. ભટ્ટ)

બહારનો દેખાવ કાંઇ સાધુસંન્યાસી જેવો નહોતો, છતાં તેની રહેણીકરણી ઉપરથી લોકો કહેતાં કે 'વાહ! સાધુ હો તો આવાજ હોજો!' નાના એવા એક ગામડાના પાદરમાં સુંદર મઢી બનાવીને ત્યાં રહેતો. આવ્યાને બે ત્રણ વર્ષ થઈ ગયા છતાં કોઇએ તેને પૂછ્યું સરખુંયે નહોતું કે "તમારૂં નામ શું? તમે રહેવાસી ક્યાંના?" તેની ભાવપૂર્ણ દૃષ્ટિ, મોઢા પરની મધુર કાન્તિ અને સરળ સીધી વાતચીતનો સૌને સરખો પરિચય થતો. ખરૂં કહીએ તો તેનું નામઠામ કે ઓળખાણ પૂછવાનો કોઇને વિચારજ થતો નહિ. સૌના મનમાં તેને નિહાળીને એકજ ભાવ ઉભરાતો કે "આવો સુપાત્ર સાધુ અમારા ભાગ્યમાં ક્યાંથી હોય? એને તો ભગવાનેજ મોકલ્યો છે."

પહેલાંનું નામ તો ગમે તે હોય, ગામલોકો તેને દીનબંધુ કહી બોલાવતા. અમારૂં એકજ ગામ નહિ પણ ફરતાં બધાં ગામનો તે સાચો દીનબંધુ કહી શકાય. તેનું કામ બસ સેવા કરવાનું. ગામનાં ધણ અને ગોવાળોને માટે સીમમાં કૂવા ગળાવ્યા; તળાવ બંધાવ્યાં; ગામના પાણીઆરાનો કૂવો જૂનો હતો, તેની આસપાસ પાણી ઢોળાઇને પુષ્કળ કાદવ કીચડ થતો ત્યાં રેતી નંખાવી; ગામના સમજુ માણસોને સાથે મળીને કામ કરતા કર્યા; પંચાયતો સ્થાપી; ગામમાં જ્યાં ત્યાં ઉકરડાના ઢગલા થતા અને કેટલીક શેરીમાં ચાલતાં સૂગ ચઢે એવી ગંદકી થતી તે પંચાયત પાસે સાફ રખાવવાની ગોઠવણ કરાવી. મઢીમાં ભલેને એક ટંકનું પણ ખાવાનું ન હોય, છતાં દુઃખિયાંનાં દુઃખ ટાળવા માટે જરૂરની દવાઓ તો હોયજ.

આવા સેવાભાવ અને આદર્શ વિશ્વબંધુત્વનો પ્રભાવ ગામલોકો ઉપર બહુ પડતો. ઉનાળાની નવરાશની મોસમ હોય ત્યારે કે ચોમાસામાં આઠ દશ દિવસની વરસાદની હેલી મંડાઇ હોય ત્યારે, ચોકમાં અથવા ચોરામાં દીનબંધુની ભલાઇઓની વાત નીકળતી ત્યારે

બધાના મનમાં ઘડીભર એમજ થઇ જતું કે, આપણે કદી બુરાઇ ન કરવી. નિર્મળ ચારિત્ર્યના આવા પ્રભાવથી અમારા ગામમાં અંદર અંદરના ઝઘડાઓ નાબૂદ થઇ ગયા. કોઇ વખતે તકરારનું સમાધાન આપમેળે કે બીજા મોટેરાઓની સમજાવટથી ન થાય તો પોતાની નમ્રતા, મીઠી વાણી અને નિષ્પક્ષ લાગવગથી એકેય પક્ષને કોર્ટમાં તો દીનબંધુ નજ જવા દે. અમારી ખાત્રી હોય કે, અમુક કંકાસ તો કોઇ રીતે શમવાનો નથી એવા કિસ્સામાં પણ સુલેહશાન્તિ જોઇને ‘સમાધાન શાથી થયુ” એમ પૂછતાં એકજ ઉત્તર મળતો કે “શું કરીએ ભાઇ ! કાંઈ દીનબંધુનું મોઢું તરછોડાય છે ?”

આમ સૌ સાથે હળીમળીને રહેનાર કે પારકાં દુઃખે દુખાનાર સાધુચરિત માણસો ઘણા મળે; પણ દીનબંધુને તો કુદરત સાથે પણ એવોજ ગાઢ સંબંધ. ફૂલ-વેલોનો તો એવો શોખ કે સવારસાંજ સિંચી સિંચીને પાણી પાયા કરે. મઢીનું આંગણું વેલો અને ઝાડોથી એવું રળિયામણું લાગતું કે ઉનાળામાં ઘેર જવાનું મનજ ન થાય. ઓશરીની કોરે બે પાંજરાં લટકતાં. એકમાં તેના કોઇ આગલા મિત્રે જંગબારી પોપટ મોકલાવેલો તે અને બીજામાં એક મેનાં. એક મોર હળી ગયેલો, તે પણ સવારસાંજ ફળીઆમાં ટહેલતો હોયજ. દીનબંધુના ઘરનાં આ બધાં સ્વજન. માણસને માણસના સહવાસનો થાક લાગતો હશે ? કોણ જાણે કેમ, પણ કોઇ કોઇ વાર ખડકી બંધ કરીને દીનબંધુને આ મેનાંપોપટ કે મોર અથવા ફૂલ-વેલો સાથે ગેલ કરતો અમે બારણાંની તડમાંથી જોતા ત્યારે જાણે તે નર્યો બાળક જેવો આનંદમાં લાગતો.

રાત્રે ભારે મઝા જામતી. વાળુપાણી કરીને પટેલીઆઓ, પસાયતા, વેપારી, કારીગર, બધા મઢીએ બેસવા આવે. મઢીની ઓસરીમાં બેઠક જામે, અને એક પછી એક નવી નવી વાતો નીકળે. દિવસે તો કામ સિવાય કોઇ સાથે ઝાઝું બોલવાની દીનબંધુને ટેવ નહિ; પણ રાતે તો બોલતાં કે વાતો કરતાં થાકેજ નહિ. ક્યારેક તો રાતના બાર પણ વાગે. સૌથી પહેલી શરૂઆત છાપામાં આવેલા નવા તાજા સમાચાર કહેવાથી થાય. પછી અઠવાડીક કે માસિકમાંથી એકાદ સારો લેખ વંચાય અને વિચારવાનું મળે. એક વાર છાપામાં એવા સમાચાર આવ્યા કે, સુન-યાટ-સેન મરી ગયા. દીનબંધુ આવ્યા પહેલાં અમારા ગામમાં છાપુંજ આવતું નહિ. ત્યાં આ ભાઇશાબ કોણ હતા અને શું કામ, કેમ મરી ગયા અને મરી ગયા તેમાં આપણા છાપાંવાળા આવડા

આવડા મોટા અક્ષરે લખે અને વળી તેની છબી છાપે, એ બધી વાતની આગલી પાછલી તો અમે કયાંથીજ જાણીએ ? પણ દીનબંધુએ તો ઘણી ઘણી વાતો કહી નાખી. એ સુન–યાટ–સેન તો ચીનના વતની, મોટા દેશભક્ત, ચીનની સ્વતંત્રતા માટે તનતોડ મહેનત કરનાર અને ચિનાઇ પ્રજામાં અસ્મિતા લાવીને આજે યુરોપની પ્રજા પાસે સ્વતંત્ર સત્તાતરીકે કબૂલ કરાવવાની શકિત લાવનાર, એવું એવું ઘણુંય કહ્યું. એવીજ રીતે ઇજીપ્ત અને ઇરાન, કોરીઆ અને અફઘાનિસ્તાન વગેરે દેશોની લડતોની વાતો કહેતા જાય અને સાથે સાથે નિશાળમાં બાર મહિના સુધી ભૂગોળ ગોખ્યા છતાં એ દેશો કયાં આવ્યા અને તેમાં માણસો વસે છે કે વાંદરાં તે અમે જાણતા નહોતા તે કલાક અર્ધો કલાકની વાતોમાંથી સમજાવતા જાય.

છાપાંને લગતી વાતો થઇ રહે એટલે કર્મકથા શરૂ થાય. ગામમાં કોઇને બોલાચાલી થઇ હોય કે કોઇનું ઢોર મોલાતમાં નુકસાન કરી આવ્યું હોય એથી થયેલા દુ:ખનું નિવારણ પણ સાંજ થઇ જતું. અડખે પડખેનાં ગામડાંનાં સુખદુ:ખના, કોઇ સાજામાંદાના સમાચાર પણ આ રાતની સભામાંજ મળતા.

અમારા ગામમાં એક બીજી વ્યક્તિ પણ હમેશની યાદગીરી મૂકી ગઈ. દીનબંધુ જેટલું તો નહિ, પણ તેની સેવાનાં કામમાં પૂર્તિરૂપ એ વ્યક્તિનો હિસ્સો પણ ઘણો ગણાય. એ વ્યક્તિ તે અમારાં ગંગાબહેન. જાતે બ્રાહ્મણ અને વળી બાળવિધવા. એમના બાપે પાંચ ચોપડીસુધી ભણાવેલાં. દીનબંધુ ગામમાં આવ્યા પહેલાં ગંગાબહેન અગિયારશ કે વ્રતને દિવસે ગામની સ્ત્રીઓને વ્રતકથા વાંચી સંભળાવે કે ધોળપદ ગવરાવે. દીનબંધુએ એમની સેવાઓને યોગ્ય દિશામાં વાળી, એટલે ગામના સ્ત્રીસમાજનું સ્વરૂપજ આખું બદલાઇ ગયું. અગિયારશ કે કોઈ પર્વણીને દિવસે કથાવાર્તાનિમિત્તે સ્ત્રીઓ એકઠી થતી તેને બદલે હવે લગભગ હમેશાં થવા લાગી. લણણી કે સખત કામની મોસમ હોય ત્યારે દિવસને બદલે રાત્રે સ્ત્રીસમાજ એકઠો થતો. કથાવાર્તા એની એજ કહેવાતી, પણ કહેનારનું દૃષ્ટિબિંદુ બદલાઇ ગયું હતું. વ્રત કરીએ, નિયમો પાળીએ તો પુણ્ય થાય અને આવતે ભવ સુખી થવાય, એ સ્વાર્થી ભાવને બદલે વ્રતનિયમ પાળવાની આપણી ફરજ છે, ન પાળીએ અને સદાચરણી ન થઇએ તો પ્રભુના ગુન્હેગાર થઇએ છીએ; સારા થવાની કાળજી રાખીએ એમાં કોઇ ઉપર ઉપકાર નથી કરતા; એવી સમજણ સ્ત્રીઓમાં આવતી ગઇ. આપણા જમાનાનાં મહાન

સ્ત્રીપુરુષોનાં જીવનની કથાઓ સાંભળીને વર્તમાન સ્ત્રીજગત એટલે શું એની ઝાંખી થતી ગઇ, તેમ સ્ત્રીસુલભ સંકુચિત મનોભાવ જઇને નવું નવું જાણવા અને અનુસરવાની વૃત્તિ જાગ્રત થઇ ગઇ. ત્રણ વર્ષના ગાળા પછી ગામના લગભગ બધા સામાજિક પ્રસંગોમાં અજબ ફેરફાર જણાવા લાગ્યો. ત્રણ વર્ષ પહેલાંજ, ગામમાં કોઇને ત્યાં મરણ થયું હોય તો ગામનાં બૈરાં મરનારનાં ઘરનાં માણસોને પેટ ભરીને રોવરાવી કૂટાવી પોતપોતાને ઘેર ચાલ્યાં જતાં, તેને બદલે ઉલટાં ઘરનાં રોતાં હોય તેને છાનાં રાખી બે ચાર પીઢ સ્ત્રીઓ વારાફરતી ત્યાંજ રોકાતી અને બીજી નાની ઉંમરની હોય તે સવારસાંજ આવી બે દહાડા એ ઘરનું કામકાજ આટોપી જતી. નિશાળે જવા લાયક છોકરાંને શાળામાં મોકલવા સમજાવવા છતાં જે માબાપો ધ્યાન ન દેતાં તેજ છોકરાંઓને માતાઓ પોતે કાંડે ઝાલી નિશાળે મૂકી જતી અને મહિનામાં છોકરૂં શું શીખ્યું એની પૂછગાછ કરી શિક્ષકને પણ સચેત કરી જતી. ગલીને નાકે નાકે નાગા શરીરે, ઓઘરાળા કે ફૂગી વળેલાં નાકમાં લીટ વહેતાં છોકરાંઓ ધૂળમાં રમતાં નજરે ચઢતાં બંધ થઈ ગયાં.

આવા તો અનેક દાખલાઓ ગણાવી શકાય. એકજ માણસની સદ્‌ભાવના અને નિઃસ્વાર્થ સેવાપરાયણતાથી અમારૂં ગામ આદર્શ કુટુંબ જેવું બની ગયું. એ વિચારતાં અત્યારે સાનંદાશ્ચર્ય થાય છે; પણ ખરી રીતે એમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. મુરબ્બીપણું કે ગુરુભાવ છોડી દઇને સહૃદયતાથી કોઈ મીઠાશથી સમજાવીને યોગ્ય રસ્તે દોરવે તો આપણો ગામડીઓ સમાજ તો બહુ સહેલાઇથી સાચે રસ્તે વળી શકે છે. માત્ર તેમનામાં ભળીને તેના અંગરૂપ બની જઇને પ્રયત્ન કરવો જોઇએ. એમ તો જમાનાઓથી પુરાણીઓ કથા કહેતા આવ્યા છે અને લોકો સાંભળતા આવ્યા છે; પરંતુ કેટલાં થોડાંઓને કથાપુરાણમાં આવતો સદ્‌બોધ જીવનમાં ઉતારવાની ધગશ જન્મી? દીનબંધુને મનથી લોકોનાં સુખદુઃખ અને મૂંઝવણના પ્રશ્નો તેના પોતાના બની ગયા હતા. ગામના જીવન સાથે તેનું જીવન એવું ઓતપ્રોત થઇ ગયું હતું કે કોઇને ન તો તે પરાયો લાગતો કે ન તો તેની સમજાવટવિષે કોઇને શંકા થતી. એવા સેવક જે ગામને મળે તેનાં અહોભાગ્ય સમજવાં.

પરંતુ ધીમે ધીમે થતા ફેરફાર એકદમ લક્ષમાં આવતા નથી. અમારા ગામના લોકજીવનમાં જે પલટો થતો જતો હતો તેનો ખરો ખ્યાલ એક દુઃખદાયક પ્રસંગે આવ્યો. ગામના નગરશેઠ પૈસેટકે તેમ-

જ કુટુંબકબીલે સુખી હતા. શેઠને ત્રણ દીકરા હતા તેમાં સૌથી નાનો ૧૮ વર્ષનો અમારી હેડીનો લાલચંદ શેઠને બહુ વહાલો હતો. વેપારીનો દીકરો, ખાનદાન કુટુંબના સંસ્કાર અને જુવાન દેખાવડો લાલચંદ ગામનાં સ્ત્રીપુરુષ સૌનો માનીતો હતો; પરંતુ કમનસીબે ત્રણ દિવસના તાવમાંજ એનું અચાનક મૃત્યુ થયું. શેઠના હૃદયને સખત આઘાત થયો. વૃદ્ધ શરીર અને પાછલી અવસ્થામાં આ ઘા બહુ આકરો પડશે અને કદાચ શેઠનું શરીર પણ નહિ બચે એમ સૌને લાગતું હતું; પણ સ્મશાનેથી પાછા વળતાંજ શેઠે સૌને સંભળાવી દીધું કે "ભાઇઓ! આપણે ઘણા દિવસ જંગલી રિવાજો પાળ્યા. હવે રડવા કૂટવાનું બંધ થાય તો ઠીક, એમ મને ઘણા વખતથી લાગતું; પણ પારકે ઘેર કેમ બોલાય? એટલે આજ સુધી હું મૂંગો રહેતો. આજ મારે ઘેરથીજ હું પહેલ કરૂં છું કે, સ્ત્રીપુરુષ કોઇએ રડવાકૂટવાનું નથી. વળી આવાં મરણ પાછળ આપણે જે અજુગતાં જમણનાં ખર્ચ કરીને મરનારની સદ્ગતિ થશે એમ માનીએ છીએ તે પણ ખોટું છે. શક્તિ હોય તો એજ નાણું કોઇ સન્માર્ગે વાપરીને મરનારની યાદગીરી રાખવી એજ ઉત્તમ માર્ગ છે; માટે હું સૌ ભાઇઓને જણાવું છું કે, લાલચંદ જીવતો હોત તો મારી મિલકતમાંથી જે ત્રીજો હિસ્સો તેને મળત તેટલા પૈસા હું ધર્માદામાં ખર્ચીશ. તેની વ્યવસ્થા એવી રીતે થાય કે જેથી ગામની આબાદી, રહેણીકરણી, આચારવિચાર એવાં સારાં થાય કે બીજાં ગામો આપણો દાખલો લે. એ બધું મારા વૃદ્ધ હાથે બનશે નહિ. માટે તેની તમામ વ્યવસ્થા કરવાનું આપણે દીનબંધુને સોંપીએ."

અમને બધાંને ધાસ્તી હતી કે, શેઠાણીનું મન નારાજ થશે. વખતે શેઠની ઉપરવટ થઇને પણ કાણકૂટણું થશે; પણ ગામની સ્ત્રીઓ પુરુષોથી જરાયે પાછળ પડી જાય એમ નહોતું. જે નિર્ણય શેઠે સ્મશાનમાં સંભળાવ્યો એવોજ ઘેર શેઠાણીએ કહી દીધેલ કે, આપણે ગરીબ માણસને ત્યાં માઠે પ્રસંગે રોતાં કૂટતાં નથી અને મારે ત્યાં પાછું આજ શરૂ કરીશું તો ઘણાંને એમ થશે કે પૈસાદારને ભલું મનાવવા કોઇ કાંઇ બોલ્યાં નહિ; માટે સૌ ઘેર જાઓ.

શેઠને હિસાબે લાલચંદના હિસ્સે રૂ. પાંચ હજાર ખર્ચવાના હતા. અર્ધા ગામની મરજી હતી કે, ગામની વચ્ચે એક સારૂં મકાન બંધાવી તેમાં પુસ્તકાલય સ્થાપવું. પણ દીનબંધુની યોજના જુદીજ હતી. શેઠની ઉદારતાનો લાભ માત્ર એકજ ગામને મળે એથી તેમને સંતોષ થાય? પરિણામે અમારા ગામમાં પુસ્તકાલય સ્થપાયું,

અને તેનો લાભ આસપાસનાં છ સાત ગામને મળવા માંડ્યો. એક સીગરામ ગાડી કરાવી તેમાં પુસ્તકો મૂકી ગાડી અઠવાડિયાના ત્રણ દિવસ ગામડાંમાં જતી અને દરેક ગામના સ્વયંસેવકો ઘેર ઘેર ફરી વાંચવા માટે જોઇતી ચોપડીઓ આપતા અને વંચાયેલી ચોપડીઓ પાછી ગાડીમાં સોંપતા. અમારા ગામની વ્યવસ્થા દીનબંધુ જાતેજ સંભાળતા. શરૂઆતમાં તો શું વાંચવું, કયું પુસ્તક વાંચવા જેવું છે તેની લોકોને સમજ નહિ; એટલે પુસ્તકોની પસંદગી કરવાનું કામ દીનબંધુનું અને ઘેર ઘેર પહોંચાડવાનું તથા પાછાં લાવવાનું કામ અમારે કરવાનું રહેતું. ગંગાબહેનની મહેનતથી ત્રણ વર્ષમાં કન્યાઓ તેમજ નાની ઉંમરની સ્ત્રીઓ પણ ખપપૂરતું વાંચતાં લખતાં શીખી ગઇ હતી અને પુરુષોમાં તો ૪૦ વર્ષની અંદરનો ભાગ્યેજ કોઇ આદમી હશે કે જે વાંચતાં પણ ન શીખ્યો હોય.

બે વર્ષ સતત મહેનત કર્યા પછી આસપાસનાં ગામડાંઓને પણ લાગ્યું કે, આવી સારી સેવા કરનાર દીનબંધુ તેમજ આવું સાધન પૂરૂં પાડનાર શેઠના આભારદર્શન માટે કાંઇક થાય તો ઠીક.

પણ સૌના મનમાં દીનબંધુનો ડર હતો. તે પોતાનાં વખાણ સાંભળે તો નહિ, પણ પૂંઠ પાછળ કોઈ બે સારા શબ્દ બોલ્યું હોય તોપણ ઠપકો દે અને વળી કહે કે, આપણા લોકોને સાધારણ વાતને પણ મોટું રૂપ આપી દેવાની બહુ ટેવ હોય છે; એટલે આ સમારંભની યોજનામાં કોઇએ તેને વાતજ કરી નહોતી. વહીવટદાર, ફોજદાર વગેરે અમલદારોને પટેલ નોતરૂં આપી આવ્યા પછી બધાંને ખબર પડી કે, પુસ્તકાલયની સ્થાપનાનો વાર્ષિક મહોત્સવ ઉજવવાનો છે અને દેવદિવાળીને દિવસે મેળાવડો થવાનો છે.

મહોત્સવને દિવસે લોકોના આનંદનો પાર નહોતો. આટલાં વરસની નિઃસ્વાર્થ સેવાની જાહેર રીતે કદર થવાની હતી. લોકોના પ્રેમપાત્ર દીનબંધુનાં આજ બે મોઢે વખાણ થવાનાં હતાં અને સૌથી મજાની વાત તો એ હતી કે, દીનબંધુને તે બધું મોઢામોઢ સાંભળવું પડે એમ હતું.

વહીવટદાર સાહેબ અને બીજા નાના મોટા અમલદારો પધાર્યા. ગામના ચોરામાં મેળાવડો ગોઠવ્યો હતો. સ્ત્રીપુરુષોની મેદની જામી હતી. ગામલોકો તેમજ ફરતાં ગામો તરફથી સુંદર શબ્દોમાં સાહેબે શેઠનો આભાર માન્યો અને અમારા ગામનાં સંપ, કેળવણી-પ્રચાર, સ્વચ્છતા, પરસ્પરનો સહકાર અને કુટુંબભાવનાનાં વખાણ કર્યાં. છેવટે બે શબ્દોમાં દીનબંધુની પણ કદર કરી અને અમારા

ગામની પ્રવૃત્તિઓમાં સરકારી મદદ અપાવવાની સરકારી અમલદાર-તરીકે આશા આપી.

હવે શેઠ તરફથી વળતો ઉપકાર માનવાનો શિષ્ટાચાર કરવો રહ્યો. બીજે પ્રસંગે તો શેઠ ડાહ્યા હોઇ ઘણું સારૂં બોલે, પણ આજ પોતાની વતીનો જવાબ આપવા માટે દીનબંધુનેજ તેમણે આગ્રહ કર્યો. દીનબંધુને અગાઉ કોઈ દિવસ ભાષણ કરવા ઉભા થયેલા અમે જોયા ન હતા, એટલે અમે આતુરતાથી કાન માંડયા:—

“વહીવટદાર સાહેબે આજે સરકારી મદદ અપાવવાની આપણને આશા આપી આપણા આનંદમાં ઉમેરો કર્યો; પણ આજે એકઠા મળેલા સૌની વતી એમને હું વિનંતિ કરૂં છું કે, સરકારી મદદ કરતાં પણ આપ ઘણું વધારે આપી શકો એમ છો. આપ અને આપના તાબાના નોકરો સરકારના નોકરોતરીકેની જે ભાવના સેવો છો તેમાં થોડોક ફેરફાર કરવાની કૃપા કરો. સરકાર એટલે રાજાપ્રજા સમસ્ત, રાજયહિત એટલે એકલું મહારાજા સાહેબની તિજોરીનું હિત નહિ, પણ પ્રજાનું હિત પણ હૈયે ધરતા થાઓ અને અમારી જે પ્રવૃત્તિઓનાં આપે વખાણ કર્યાં તેમાં સાચા દિલથી સાથ આપતા રહો, તો અમારૂં ગામ તો શું પણ તમામ ગામડાં સુખી અને સમૃદ્ધ બની જાય. માત્ર જરા દૃષ્ટિકોણ બદલવાનીજ જરૂર છે. પછી અમે સરકારના નોકર છીએ એવા અભિમાનથી કોઈ અમલદાર પ્રજાને હેરાન નહિ કરે.”

આજે દીનબંધુ નથી. મેળાવડા પછી છ આઠ મહિને યાત્રા-નિમિત્તે કોણ જાણે કયાંક ચાલ્યા ગયા છે! એવા નિઃસ્પૃહ અને નિર્લેપને પણ જાત્રાઓની જરૂર રહેતી હશે? વરસ થઇ ગયું. આજ આવશે, કાલ આવશે એમ વાટ જોતાં લોકો થાકયાં. સૌને એમ થવા લાગ્યું કે, દીનબંધુની ગમે તે પ્રકારની યાદગીરી તો રાખવીજ જોઇએ, પણ શેઠ આડા થયા. તેમણે તો બસ એકજ વાતનો આગ્રહ પકડયો કે “આપણા ગામની આવી ને આવી, બલ્કે આથી પણ સુંદર આદર્શ સ્થિતિ નભી રહે એવો પ્રયત્ન ગામનો દરેક વતની કરે એજ દીનબંધુની મોટામાં મોટી યાદગીરી ગણવી જોઇએ.”

(નવેમ્બર-૧૯૨૯ના “પુસ્તકાલય”માંથી)

७४-क्षुधार्तों जाग्या त्यारे

(લેખકઃ-શ્રી. પી. જે. બી.)

ઘરમાં

પાટનગર પર ઉષાનાં ઓજસ પથરાતાં હતાં. હવા તદ્દન શાંત હતી. વાતાવરણમાં નીરવ શાંતિ છવાઇ ગઇ હતી. મારા ઘર પાસેથી લોકલ ગાડીનો માર્ગ છે, પણ અત્યાર સુધી આગગાડીનો જરાય ધ્વનિ મને સંભળાયો ન હતો. એકદમ આવી શાંતિ જોઇ મને પહેલાં જરા નવાઇ લાગી. હું કદાચ બહેરો તો નથી બની ગયો તેની મને શંકા ગઈ. તરતજ મેં બારણું ખખડાવી જોયું.

એટલામાં મારી પત્ની આવી. તેણે મને કહ્યું કે ‘આજ દૂધજ આવ્યું નથી.’

‘કેમ’ પૂછતાં પહેલાં કેટલીએ કલ્પનાઓ મારા મગજમાંથી પસાર થઇ ગઇ. તરતજ મને એકદમ ભાન આવ્યું કે, પાટનગરમાં અસાધારણ હડતાળ શરૂ થઇ ચૂકી હતી.

અસાધારણ હડતાળ વિષે વર્તમાનપત્રોમાં મેં ઠીકઠીક વાંચ્યું હતું. કેટલાય મહિનાઓથી કામદારો એવી હડતાલની બીક બતાવતા હતા. આખરે તેઓએ કંઈક પડકાર જેવું આપ્યું હતું. ગઇ કાલેજ મારો ભાઇબંધ મને કહેતો હતો કે, અસાધારણ હડતાલ પડે એવો સંભવ છે. પણ ત્યારે મને કલ્પનાયે ન હતી કે, આવી હડતાલ આજથીજ શરૂ થશે.

છેવટે દૂધ વગરજ સવારનો નાસ્તો પૂરો કર્યો.

નોકરો પણ હડતાલમાં જોડાયા હતા, એટલે મારી પત્નીને બધી વસ્તુઓ જાતેજ કરવી પડી. જરા કંટાળો તો આવ્યો, પણ આ નવો અનુભવ હોવાથી મને તો અતિશય આનંદ થયો.

સાથે સાથે પાટનગરમાં કેમ ચાલે છે તે જાણવા માટે હું મારાં કપડાં પહેરીને બહાર નીકળ્યો. મોટર હતી પણ શૉફર તો હડતાલ પર ગયો હતો.

રસ્તામાં

'હવે શું થશે?' 'હવે શું થશે?'
'હવે શું થશે?' 'હવે શું થશે?'

આ શબ્દોથી વાતાવરણ ગાજતું હતું. જ્યાં ત્યાં એકઠાં થયેલાં લોકો આજ પ્રશ્ન પૂછતાં હતાં. અમારો તો શ્રીમંત વિભાગ, એટલે કોઇ મિલનો માલેક, તો કોઇ મેનેજર તો કોઇ કારખાનાનો વ્યવસ્થાપક વગેરેજ હતા. મારી માફક માત્ર બેંકના વ્યાજ પર જીવન ગુજારનારા પણ કેટલાક હતા, પણ તેમની સંખ્યા ઓછી.

એકે કહ્યું: "કામદારો તો હડતાલ પાડી બેઠા. હવે શું થશે?"

બીજાએ જણાવ્યું: "સેફ ડીપોઝીટો અને બેંકો પર સરકારે લશ્કરી પહેરો મૂકી દીધો છે!"

ત્રીજાએ ઉમેર્યું: "બેએક લશ્કરી ટુકડીને તૈયાર રાખવામાં આવી છે એવા સમાચાર મળ્યા છે."

"કમાન્ડર કહેતો હતો કે, દરેક શહેરમાં લશ્કર ગોઠવવાની સરકારે યોજના કરેલી હોવાથી આપણા શહેરમાં માત્ર બેજ ટુકડી તેઓ રાખી શક્યા છે." ચોથાએ પાદપૂર્તિ કરી.

"પાંચ લાખ કામદારો સામે આ પાંચસો શું કરવાના હતા?" હતાશ થઇને છઠ્ઠાએ કહ્યું.

હું આ જૂથ છોડીને આગળ ચાલ્યો......રસ્તામાં કેટલાક લોકો હજુ પણ ટોળે વળી ઉભા હતા. સામાન્ય રીતે તેમનાથી પણ હું આગળ ગયો. આખરે એક જણ મારા જેવો મળ્યો. તે સાયકલ પર આવતો હતો. મને જોઇને સાયકલપરથી તે નીચે ઉતર્યો.

તેણે કહ્યું: "કામદાર લત્તાઓમાં તો એ લોકોએ ઉત્સવ માંડયો છે. ત્યાં તો જરાએ ગભરાટ કે અંધાધુંધી નથી. ત્યાં તો બધુંજ મળે છે.

એટલું કહી મારા તે મિત્રે સાયકલ પર બેસી ચાલતી પકડી.

હું તો આટલું ચાલતાંજ થાકી ગયેલો હોવાથી ધીમે પગલે ઘેર આવ્યો અને પત્નીને કહ્યું: 'મામલો ઘણો ગંભીર છે.'

મારી પત્નીના રોષદર્શક અવાજે જવાબ વાળ્યો: 'તમારાંજ પાપ.'

કામદાર લત્તામાં

સાંજના એક મિત્રની સાયકલ પર હું કામદાર વિભાગમાં ગયો. ત્યાં કંઇ જુદોજ રંગ જામ્યો હતો. અસાધારણ હડતાલના અનુભવે તેમને ખૂબ આનંદ આપ્યો હતો. શ્રીમંતવર્ગને પડતી હાડમારીઓની કથા અહીં દરેક પળે આવતી જતી હતી, અને આવી વાતોને મોટું રૂપ આપીને દરેક કામદાર બીજાને કહેતો.

કોઈ કહેતો કે "આજે અમુકને નાસ્તોજ મળ્યો નથી," તો બીજો કહેતો: "અમારા શેઠ તો આજ સવારનાજ ભૂખ્યા છે." આવી વાતોથી વાતાવરણ ગાજતું હતું.

તે લોકોએ અસાધારણ હડતાલની સારી તૈયારી કરી રાખી હતી. અનેક કામદારોએ અનાજ સંઘરી રાખેલું હતું, તેમજ જીવનને જરૂરીઆતની વસ્તુઓ પણ સારા પ્રમાણમાં સંઘરી રાખવામાં આવી હતી.

આ હડતાલથી તેમને તો કંઇજ હાડમારી ભોગવવાની ન હતી. તેઓ તો ઉલટા આનંદમાં આવી ભાષણો ગોઠવતા હતા, અને કામદાર નેતાઓ તેમને ઉત્સાહ આપી રહ્યા હતા.

કામદાર લત્તાની એક હૉટેલમાં મેં ચ્હા લીધી, થોડુંક ખાધું; પણ પકડાઇ જવાની બીકે ગુપચૂપ ખાઇને મેં કલબનો રસ્તો લીધો.

કલબમાં

કલબમાં અત્યારે તો બધાજ એકઠા મળ્યા હતા. પરસ્પર આળ ચઢાવવામાં મશગુલ બની ગયેલા એ માલેતુજારોની ભેગો હું પણ ભળી ગયો. અમારામાં કેટલાક માત્ર મારી માફક બેંકના વ્યાજ પર જીવતા હતા, તો કેટલાક મિલના વ્યવસ્થાપક હતા અને કેટલાક શરાફો હતા.

અમારામાંથી એક જરા સમાજવાદી જેવો શેઠ પણ હતો. તેણે તો બધાને ખીજવવાનો ધંધો શરૂ કર્યો હતો. દરેકને તે ખૂબ ચીડવતો. એણે મારી મશ્કરી કરતાં કહ્યું:

"કેમ આજ ચ્હા મળી કે ?"

"દૂધ વગર" મેં જવાબ આપ્યો.

"બે દહાડા પછી તમોને તે પણ મળશે નહિ. યાદ રાખો, જાણો છો કે, કામદારોનાં બાળકોને કદી દૂધ પણ મળતું નથી, અને ઉલટા તમો રોજી ઘટાડવા માગો છો !"

"પણ તેમાં હું શું કરૂં ?" એક શ્રીમંતે વિરોધ કર્યો.

"કેમ, તમારી જવાબદારી શું ઓછી સમજો છો? તમારી બેંક ઉદ્યોગ ઉપર પૈસા ધીરે છે. આ પૈસાના વ્યાજ માટે કામદાર લોકોનું લોહી ચુસાય છે. તમારૂં વ્યાજ એ કામદારોના લોહીથી ખરડાયેલું છે." તેણે તો આગળ ચલાવ્યેજ રાખ્યું.

"અને એમ ન સમજતા કે, તમારી કેળવણી, તમારો ધર્મ, તમારી નીતિભાવના હવે બહુ લાંબો કાળ કામદાર જનતાને છેતરી શકે. હવે એમ ન માનતા કે, તમારા ભાડુતી કેળવણીકારો તેમજ તમારા પગ ચાટતા અધ્યાપકો હવે જેમ શીખવાડે તેમ જનતા શીખશે. હવે તો શ્રમજીવી જનતા સમજી ગઇ છે કે, તમો તેમના

પરિશ્રમ ઉપર વિલાસ કરો છો. તમો તેમની મહેનત પર મોજ-વિલાસ માણો છો અને તેથી કામદાર જનતા, તમને અને તમારી આ સમાજરચનાને તોડી નાખવા તત્પર બની છે...''

આ સમાજવાદી ભાઈનું ભાષણ ચાલુજ હતું, પણ મને તે સાંભળતાં કંટાળો આવ્યો; એટલે હું પછી ધીમે પગલે ઘેર ગયો.

ભૂખમરો

અસાધારણ હડતાલ તો ધાર્યા કરતાં ઘણી લાંબી ચાલી. એક અઠવાડિયું પસાર થઇ ગયું, અને અમારા ઘરમાં અનાજ હવે ખૂટવા લાગ્યું. મારી પત્નીએ તદ્દન કર્કશતાથી જણાવી દીધું કે "હવે માત્ર ચારજ દિવસ ચાલે તેટલું અનાજ છે." એટલે મેં નિર્ણય કર્યો કે, અર્ધા ભૂખ્યા રહી આઠ દિવસ એ અનાજ ચલાવવું.

મેં મારી પત્નીને કહ્યું: "હવે આપણે ખાઇએ છીએ તેના કરતાં અર્ધું ખાઇને એ અનાજ આઠ દિવસ ચલાવીશું."

અન્ય કંઇ ઉપાયજ નહિ હોવાથી મારી પત્ની પણ એકજ ટંક આહાર કરવા સંમત થઇ.

અમારા પાડોશીના બંગલામાં પણ એજ સ્થિતિ હતી.

હવે વળી અનાજ માટે ચોરીનો ઉપદ્રવ વધી પડેલો હોવાથી અમોએ અનાજના દાબડાને તીજોરીરમાં મૂકવાનું શરૂ કર્યું.

રાત્રે રસોડા આગળ જરા ખખડાટ થતાં મારી આંખ ઉઘડી જતી. 'ખાવાનું ચોરાઇ જશે' તેની બીકે અમો રાત્રે લગભગ અર્ધાં જાગતાંજ સૂઇ રહેતાં.

ગામમાં અનાજનો એક કણ પણ મળતો ન હતો. દાણા-બજારમાંનું અનાજ સરકારે તેમના લશ્કર માટે જપ્ત કર્યું હતું. એ અનાજમાંથી સૈનિકો માટે ખાવાનું પૂરૂં પાડવામાં આવતું.

આમ શહેરમાંથી તો અનાજ જરાયે મળે તેમ ન હતું અને ભૂખમરો અમારા સામે ડોળા ઘૂરકાવતો વેગથી આવતો હતો.

પરાકાષ્ઠા

માત્ર એકજ દિવસ ચાલે તેટલું અનાજ ઘરમાં રહ્યું હતું. મારી પત્નીના શરીર પર ભૂખમરાની નિશાનીઓ ચોખ્ખી જણાતી હતી. મારા શરીરમાં અશક્તિ આવવા લાગી હતી. સવારમાં ઉઠાતું પણ નહિ. જરા જરામાં પરસેવો વળતો. મારી પત્નીની પણ એજ દશા હતી. તે પણ ઉઠી શકતી ન હતી. ઘરમાં કચરો તો પારાવાર પડ્યો હતો. અમારા બેસવાના ખંડમાં ધૂળ પણ પુષ્કળ ચઢી ગઇ હતી.

આખરે અનાજનો છેલ્લો કણ પણ પૂરો થયો અને ખરેખર,

અમારે માટે ભૂખમરો શરૂ થયો. અનાજ એક ટંક પણ મળતું હતું તે આખરે બંધ થયું અને માત્ર પાણીભેર દિવસ ગુજારવાનો સમય આવી પહોંચ્યો.

જે દિવસને માટે કામદારો ધમકી આપી રહ્યા હતા, જે ક્ષણને માટે તેઓ રાહ જોઇ રહ્યા હતા, તે ક્ષણ આખરે આવી.

બપોરના બારેક વાગતાં ભૂખ તો એટલી કકડીને લાગી કે મન વિહ્વળ થઇ ગયું, પત્નીથી તો ઉઠાયુંજ નહિ, તેના શરીરમાં જરાયે શકિત રહી ન હતી.

એટલામાં ધીમે અવાજે બારણું ઉઘડયું. મારો એક મિત્ર બહુજ ધીમે ધીમે આવ્યો. મારામાં 'આવો' કહેવાની હોંશ જરાયે ન હતી. માત્ર તે ધીમે પગલે પલંગ સુધી આવ્યો.

પલંગની પાસેજ પડેલી ખુરશી ઉપર તે જરા નિઃશ્વાસ નાખી બેઠો: "કેમ કંઇ અનાજ મળ્યું ?"

મેં હતાશ વદને ના પાડી.

મારી પત્નીએ કહ્યું: "આજ તો ઉપવાસ છે. ગઈ કાલ બપોર પછી અમો જરાયે અન્ન પામ્યાં નથી."

તેના ધીરા-કરુણ અવાજે વાતાવરણને વધુ કરુણ કરી મૂકયું.

આખર

ભૂખમરાના નિર્દય અનુભવ પછી "કામદારોની માગણી સંતોષાવી જોઇએ" એવો કાગળ લખવાનો મેં વિચાર કર્યો.

પણ જેવો હું લખતો હતો કે મારી પત્નીએ ટકોર કરી કે 'તમારો કાગળ લઇ કોણ જશે ?'

અને ખરે તેમજ હતું !

આંખને તમ્મર આવવા લાગ્યાં. ભૂખમરાએ અમારા શરીરને ભાંગી નાખ્યું હતું. ઉઠવાની તો જરાયે તાકાત ન હતી.

એક ક્ષણવારમાં તો મને આખું ઘર ફરતું લાગ્યું-ફર્નિચર ચકરાવાના આકારમાં ફરતું લાગ્યું. 'પેલું મકાન આમ કેમ દેખાય છે ?' મેં પત્નીને પૂછ્યું. તેનો શું જવાબ મળ્યો તે કંઇ સમજાયો નહિ.

પછી કેટલો કાળ પસાર થયો તે હું કહી શકું તેમ નથી. કારણ કે જ્યારે મને શુદ્ધિ આવી ત્યારે હું જોઇ શકયો કે, મારી પાસે મારી પત્ની તેમજ મારા નોકરો ઉભા હતા.

મારી પત્ની મને દૂધ પાઇ રહી હતી. મારી આંખ ઉઘડતાંજ તેણે આવકારદાયક અવાજે કહ્યું **'હડતાલ પૂરી થઈ છે'** અને અમારા નોકરે ઉમેર્યું કે **'કામદારો તેમાં વિજય પામ્યા છે.'**

(તા. ૧-૨-૧૯૩૧ ના "પ્રજામિત્ર અને કેસરી" માંથી)

૭૫–ગરીબની સૃષ્ટિ

સંધ્યાના બદલાતા રંગ સામે એ જોઇ રહ્યો હતો. વૃદ્ધત્વથી સફેદ થયેલા વાળ હવામાં આમતેમ વીંઝાતા હતા; એની આંખોમાં દીનતા ભરી હતી. એના વૃદ્ધ ચહેરા પર વૃદ્ધત્વની સ્પષ્ટ છાયા તરવરતી હતી.

સંધ્યા રંગ બદલતી હતી. આ વૃદ્ધના જીવનમાં કેટલાયે રંગ બદલાયા હતા. આજે મધુમતિને કાંઠે એ ઉભો હતો, સંધ્યા સાથે પોતાના જીવનની સમીક્ષા કરી રહ્યો હતો. ઘડીમાં એ દૂર દૂર તાકીને જોતો હતો, જોતો ઘડીમાં કોઇ સંસારના સમ્રાટ્ સમી મગરૂરી અનુભવતો હતો.

એક દિવસ તેને ત્યાં લીલાલહેર હતી. શ્રી અને સમૃદ્ધિ તેને ત્યાં ઉભરાતી. મધુમતિની પેલી પારનાં લીલાંછમ ખેતરો એક દિવસ તેની માલિકીનાં હતાં. આઠ આઠ ભગરી ભેંસો અને હૃષ્ટપુષ્ટ ગાયો, ચાર ચાર બળદની જોડો તેને આંગણે ઝૂલતી.

શ્રમજીવી ગ્રામ્યજીવન ગાળી તેણે કેટલાંયે વર્ષો સુખચેનમાં વીતાવ્યાં હતાં. એનો યુવાન દેહ આજની કેટલીયે રોતી સુરતો અને માયકાંગલાને નવચેતન અર્પે તેવો હતો, અને તેથીજ આજે એંશી વર્ષની ઉંમરે એ વૃદ્ધ ખડતલ દેખાતો હતો.

મધુમતિનાં છમછમતાં નીર અને શહેરી ઇમારતોને મુકાબલે ઝુંપડા જેવા લાગતા તેના ગ્રામ્ય ઘરને આંગણે ઓસરતાં તેજ, તડકા અને પ્રભાતનો ઉગતો પહોર આજની વૃદ્ધ અને ગત કાલની એ યૌવનભરી આંખોએ તેણે નિહાળ્યો હતો.

આજે એ દિવસ નહોતો; એ શ્રી અને સમૃદ્ધિ નહોતી. એ ગૌરવભર્યું ગ્રામ્ય જીવન પણ તેના નસીબે જીવવાનું નહોતું.

એનું કાલનું શ્રી અને સમૃદ્ધિથી ઝળહળતું–આંખો આંજતું ગામ આજે ભયાનક અને વિકરાળ લાગતું હતું.

એ ગામની શ્રી આજે પલાયન કરી દૂરદૂરના પેલા શહેરમાં ઉભેલી ભયાનક આકાશ સાથે વાતો કરતી ઈમારતોમાં ખડકાઇ હતી.

એ 'શ્રી' અને 'સમૃદ્ધિ' સમસ્ત લોકોની 'માતા' મટી આજે થોડા ગણ્યાગાંઠ્યા મૂડીવાદીઓની 'દાસી' બની હતી.

વૃદ્ધની આંખો આગળથી એ બધાં દશ્યો ચિત્રવત્ પસાર થતાં હતાં, અને સંધ્યાના ઓસરતા પૂર સમા આ જીવનનાં પૂર દુઃખ, ગ્લાનિ અને નિઃશ્વાસથી અનંત પવનની લહેરો સાથે દોડી જતાં હતાં.

સંધ્યા આવી, અને ગઇ......રાત્રિનો અંધકાર ચોપાસ ફેલાઇ રહ્યો હતો. વૃદ્ધના જીવનની ચારે તરફ અંધકાર જામતો હતો.

ઓહ! એ અંધકાર! અને ખરેખર તેના જીવનને એ અંધકાર ઝડપી લેતો હોય તેવું તેને લાગ્યું. તેના મગજને સખત આંચકો લાગ્યો. એકાએક એ યાદીએ-હા! તેના વહાલા પુત્રની બિમારીની એ યાદીએ તેને ટટાર કર્યો!

એકાએક સવારે સાંભળેલા સમાચાર તેની આંખ સામે તરવર્યા. તેનો એકનો એક લાડકવાયો પુત્ર-હા! તેના જીવનનું નૂર-તેની સમૃદ્ધિનો છેલ્લો અવશેષ ભયંકર બિમાર છે-અને હજુ સુધી પોતે અહીં બેઠો છે. ઓહ વૃદ્ધત્વ! સવારે સાંભળેલા આવા ભયંકર સમાચારને પણ વિસ્મરણ કરાવે એટલું ભયંકર!

વૃદ્ધે હાથમાં ડાંગ લીધી, એ ડાંગના ટેકાથી લથડતે પગે પ્રયાણ કર્યું.

જે શહેરમાં તેનો પુત્ર રહેતો તે તેના ગામથી બાર માઇલ દૂર હતું. તેનો પુત્ર રામો અને પુત્રવધૂ 'કુમારી' છેલ્લાં ૭ વર્ષ થયાં આ શહેરમાં રહેવા આવ્યાં હતાં.

એક નાનીશી ઝુંપડા જેવી કોટડીમાં રામો કુમારી સાથે રહેતો. દિવસભર સખત મહેનત-મજૂરી કરી ગુજરાન જેટલું માંડમાંડ પેદા કરતો. તેમાંથી પોતાનું અને કુમારીનું અડધું પેટ ભરી ચલાવતો, અને થોડુંક નારણપુરમાં રહેતાં વૃદ્ધ માતપિતા માટે મોકલતો.

તેનો વૃદ્ધ પિતા બે ચાર મહિને આવી આ યુગલને નીરખી નેત્ર ઠારતો, અને જીવનમાં રહેલી આ અમૂલ્ય મૂડીથી રાચતો.

રામો શહેરમાં આવ્યો ત્યારે એક સારે ઠેકાણે પડયો હતો; પરંતુ પાછળથી જ્યારે તેને ખબર પડી કે ભલા લેખાતા, એ શયતાન શ્રીમંતનો 'ડોળો' કુમારી પાછળ ફરતો હતો, ત્યારે તેણે એ સુખની નોકરી છોડી દીધી હતી, અને કેટલીયે અથડામણો અને સંકડામણો બાદ તેને એક કારખાનાની નોકરી મળી હતી.

આજ આઠ દિવસ થયાં રામો સખત બિમાર પડયો છે. મૂડીવાદનાં ચક્કરોમાં પીસાઇ પીસાઇને તેનાં હાડચામ ગળી ગયાં

છે. તેની આંખો ઉંડી ઉતરી ગઇ છે. એ આંખોમાં અસહ્ય વેદના છુપાઇ છે. એ આંખોમાં દુઃખ અને ગ્લાનિ ભરી છે. એ આંખોમાં નિરાશા અને ગમગીની ભરી છે, તેના ગાલમાં ખાડા પડયા છે.

મૂડીવાદનાં લોખંડી ચક્કરોએ પ્રભુના આ સુંદર તત્વવિધાનને–માનવ જેવા અમૂલ્ય વસ્તુસર્જનને બેડોળ, કદ્રપ અને નિર્જીવ બનાવી દીધું છે!

અને કુમારી? યૌવનના ઉંબરે પહોંચેલી 'કુમારી' નિસ્તેજ અને સાઠ વર્ષની ડોશી જેવી લાગે છે. પતિના દુઃખે ઝૂરી ઝૂરી જીવનનું ટીપેટીપું નીચોવી રહી છે, હાય! ગરીબી!

વૃદ્ધ, સ્નેહઘેલો પિતા અથડાતો કૂટાતો, પડતો આખડતો શ્વાસભેર દોડી આવ્યો. એની દૃષ્ટિ સામે તેનો લાડકવાયો રામો ઉભો; મધુમતિને કાંઠે ઉછળતા પાણીમાં ધૂબકા મારતો રામો ઉભો!

'માણકી'ને છબછબીઆ નીરમાં ધમાળતો રામો; ઝાડને પાંદડે પાંદડે ખેલતો રામો; સંતાકૂકડીની રમતથી ફળિયું ગુંજવતો રામો, અને પેલી લાડકવાયી 'તેજણુ' ઉપર સ્વારી કરી દૂર દૂરના પંથ કાપતો યૌવનભર્યો રામો—

અને ત્યારપછી તો પેલી દુઃખદ ઘટનાવલિ દોડી આવે છે–કડકડતા દુકાળો, પ્લેગ અને મરકી, ગામનું છિન્નભિન્ન થવું, આજીવિકાનાં ફાંફાં અને રામાનું શહેરમાં જવું.

દીનાનાથનાં પુનિત કિરણો જગત પર ચોમેર ફેલાઇ રહ્યાં. 'વૃદ્ધ' શહેરની નજદીક આવી પહોંચ્યો, દૂરથી દેખાતાં પેલાં ટાવરો અને ધૂમ્રાચ્છન્ન થયેલા આકાશમાંથી માનવજીવનના સંહારની તેને 'આગાહી' દેખાઇ.

'કુકડે કૂક' કે ઘંટડીના મીઠા રણકારો કે પ્રભાતનાં ભજનિયાંને બદલે–સ્ટીમરો, મોટર ગાડીઓ અને ટ્રેઇનોના ભોં ભોંના અવાજો પ્રભાકરને આવકારી રહ્યા હતા. એ આવકારમાં માનવજીવનનું સંહારક ઝેર તેણે નિહાળ્યું.

ડોસો ગામની નજદીક આવતો જતો હતો, તેમ તેમ તેનું હૃદય અસહ્ય દુઃખ, શોક અને વેદના અનુભવતું હતું–વસ્ત્રાલંકારથી શણગારાયેલો આ મુડદાલ શહેરી માનવસમૂહ, મૃત્યુના મુખ તરફ ધસતો હોય તેમ તેને લાગતું હતું.

કુદરતને કાબુમાં લાવવા મથતા મૂર્ખ વૈજ્ઞાનિકો જગતના સૌંદર્યને હરી રહ્યા છે, જગતને વિકૃત બનાવી રહ્યા છે અને આગળ વધવાને બદલે જગત વિનાશની રાહે દોરાઈ રહ્યું છે; એ નર્યું

સત્ય વૃદ્ધની કલ્પનાસૃષ્ટિમાં ખડું થતું, અને પામર 'શહેરી જીવન' એ રહસ્યને વધુ સ્પષ્ટ કરતું.

વીસ વીસ માઇલનો પંથ કાપતા એ જુવાનીઆ ક્યાં, અને એક માઈલ-અર્ધા માઇલને માટે પણ ઘડીએ ઘડીએ ટ્રામ અને ટેક્સી પકડતા આજના મવાલી શહેરી જુવાનો ક્યાં? પચીસ વર્ષમાં જમાનાનું કેટલું પરિવર્તન!

શહેરની ખોટી ધમાલો અને પ્રવૃત્તિ માનવજીવનનું લોહી ચૂસતી હોય, અને જાણે રામાના શરીરમાંથી લોહીની ધારા ચાલી જતી હોય, એવું કલ્પનાચિત્ર ડોસાની આંખ આગળ ખડું થયું!

અરે ડોસાને કમકમાં આવ્યાં!

પેલા ગ્રામ્ય જીવનની શાંતિ અને માનવીય આત્મસંતોષ ક્યાં, અને અહીંના મનુષ્યોનો વિચારવાયુ અને ઉન્માદગ્રસ્ત ચહેરો ક્યાં? ઓહ! કેટલું અંતર!

ડોસો દોડયો આવ્યો, આતુર નયને, આતુર હૃદયે.

શહેરની એક સાંકડી ગલીમાં રામાનું મકાન હતું. શેરીમાં ગટરની બદબો પ્રસરી હતી, અને ચારે તરફ 'મચ્છરરાજ'નું સામ્રાજ્ય પથરાયેલું હતું. નાક આડું કપડું રાખી ડોસો દુઃખાતે હૃદયે દોડયો આવ્યો.

કંપતે હૃદયે તે રામાની ઓરડીમાં આવ્યો, અને તેણે શું જોયું? રામો છેલ્લા શ્વાસોચ્છ્વાસ લઇ રહ્યો હતો. આંખો બંધ હતી. જીવનદીપક બૂઝાવાની તૈયારીમાં હતો.

પડખેજ ઉજાગરા અને ખાવાના સાંસાએ તવાઇ ગયેલી આંખમાંથી અશ્રુ સારતી, મ્લાનવદન 'કુમારી' બેઠી હતી. એ રામા તરફ એકીનજરે તાકી રહી, અને ભાવીના અંધકારમય જીવનને એકીનજરે-અનિમેષ નેત્રે નિહાળી રહી!

કયા પુત્રનો પિતા આ દૃશ્ય જોઇ શકશે? વૃદ્ધ હૃદય આ વેદના સહેવા જેટલું મજબૂત ન હતું. ડોસાએ આ દૃશ્ય નિહાળ્યું, અને 'ઓ દીકરા' કરતો કે બારણામાંજ તે ઢળી પડયો.

અકાળે વૃદ્ધ થયેલી 'કુમારી' બેબાકળી બની. વૃદ્ધ શ્વસુરની આવતાંવેંતજ આ સ્થિતિ જોઇ તેનું હૃદય હાથ ન રહ્યું. તે ગભરાઇ અને જોરથી રડી પડી.

પંદરેક મિનિટ આવી સ્થિતિમાં પસાર થઇ. ડોસાને શુદ્ધ આવી, અને એકાએક તેના હૃદયમાં ઉશ્કેરાટ અને ઉન્માદનો આવેશ ભરાયો:-

"પેલી સાત સાત માળની હવેલીઓ અને પેલી કરોડોની મિલ્કત એક વ્યક્તિ કોને ભોગે ભોગવી રહી છે?

લાખો ગરીબોનાં હાડમાંસ ચૂસી હવેલીઓ અને કરોડોની મિલ્કત ભોગવનાર આ મનુષ્યો તે મનુષ્યો હશે કે રાક્ષસો?

લાખો જીવનનાં સાધનોથી વિહીન છે, બે ટંક ખાવા પણ તેમને મળતું નથી. એમને એક રાત્રિ ગાળવાને માટે વિરામ માટે જમીનનો ટુકડો પણ મળતો નથી, ત્યારે આ તેનીજ મહેનતે—એનાજ ભોગે મેળવેલ લાખોને પૂરૂં પડી શકે તેટલા ધન ઉપર આ શ્રીમંતો તાગડધીન્ના કરી રહ્યા છે, એ શું છે બધું?

ઓહ! ઓહ! મારો રામો જાય છે! શું ખરેખર જાય છે?!

કેટલોય વખત થયાં સખત મજૂરી કરી; અને એ મજૂરી પણ જીવલેણ નીવડી શું? આટલી તનતોડ મજૂરી પછી તેને શરીરપોષણ જેટલો પણ ખોરાક ન મળ્યો!

ઓ પ્રભુ! શું આ તારોજ ન્યાય છે?

પેલા ગાદીતકીઆ ઉપર આળોટતા, મનુષ્યત્વહીન પામરો, માત્ર 'લૂંટવાની' પામર બુદ્ધિ ધરાવવાથી એશઆરામ કરે છે, ત્યારે એક મનુષ્ય સખત મજૂરી કર્યા પછી પણ રોટલાના ટુકડાને અભાવે વલખાં મારે છે. ઓ પ્રભુ! એ કેવો ન્યાય છે?"

રામાની બિમારી વધતી જતી હતી, એની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. બિચારો વૃદ્ધ શું કરે? એની પાસે એક પાઈ પણ નહોતી, કે તે કોઈ વૈદ્યને બોલાવી ઉપચાર કરે.

એ અંતિમ ઘડી આવી પોચી. 'ઓ! જાઉં છું.' એટલું કહેતાંજ રામાનો જીવનદીપક બૂઝાયો. નિશ્ચેતન કુમારી અને ડોસો પડખેજ ઢળી પડયાં. અંધકારનો ઘોર પડદો પડી રહ્યો. અને દુનિયાના કોઇ ખૂણામાં સબડતાં આ પ્રભુનાં બાળકો તેના માનવબંધુના અન્યાયે અત્યાચારે આજે વિકરાળ કાળની—નરકની દુઃખદ ખાણમાં—અંધકારમય જીવનમાં ઉતરી પડયાં!

એ ડોસો અને કુમારી ગયાં—સદા સર્વદાને માટે. આ જંતુઓથી ખદબદતી દુનિયાને છોડી ગયાં. રાત્રિના એક છેલ્લા પહોરે એક ગાંડા જેવી ડોશી શહેરના મુખ્ય રસ્તા ઉપર પડી પડી કંઈક બોલતી હતી—આ દુનિયા પર લ્યાનત વર્ષાવતી હતી. એના હૃદયમાં એકજ ધૂન—એકજ નામ હતું 'રામો' અને 'કુમારી.'

એ પાગલની માફક હસતી, ઘડીમાં રડતી. નિરાંતે ઉંઘતા જગતે આજે તેની આ દશા આણી હતી. ચોધાર અશ્રુએ તે રડતી

હતી, પરંતુ અફસોસ! એ અશ્રુ લૂછનાર આજે આ જગતમાં તેનું કોઇ ન હતું!

દૂરથી ભોં ભોં કરતી મોટર દોડી આવી, કોઇ શયતાનનું એ જુલ્મી ચક્ર પૂરપાટ દોડી આવ્યું.

પાગલ ડોશી ઉપર થઈ એ ચક્ર દોડયું, બેપરવાઇથી જરા પણ થાકયા વિના-અને જયારે "આહ! ઓહ!" ની કારમી ચીસ સંભળાઇ ત્યારે એ માનવતાહીન રાક્ષસ-મોટરનો માલીક, ઝપાટાબંધ મોટરને એક ગલીમાંથી દોડાવી પલાયન કરી ગયો.

જગત ઉઠયું. સવારે એક ફાટેલ તૂટેલ કપડાંવાળી-અવ્યવસ્થિત ઢંગ ધડા વિનાની એક વૃદ્ધ ડોશીને મરેલી તેણે જોઈ.

તમાશાની પેઠે ટોળેટોળાં જોવા એકઠાં થયાં, અને હજારો તર્કવિતર્ક કરતાં બિચારાં રવાને થયાં.

શયતાનિયતના (છેલ્લા) ચક્રે એક કુટુંબના આવી રીતે પ્રાણ લીધા. પરંતુ એવાં તો હજારો 'કુટુંબો' એ ચક્ર નીચે આજે ચગદાઇ રહ્યાં છે-પીસાઇ રહ્યાં છે, તેનું શું?

(જુલાઇ-૧૯૩૦ના "સાહિત્ય"નો ચીનગારીનો લેખ)

૭૬-जन्माष्टमीनो जुगार

(લેખકઃ-શ્રી. કુમુદ સી. નાણાવટી)

નિર્જનતાના એ ભીષણ સામ્રાજ્યમાં એક વજ્રબાહુ અહીં તહીં ટહેલી રહ્યો હતો. તેની અડીખંભ કાયા ભલભલાની છાતીનાં પાટીઆં બેસાડી દે તેવી હતી. અસ્પષ્ટ અને તૂટક તૂટક સરી પડતા તેના શબ્દો તેની વિહ્વળ મનોદશાનું પારખું આપવા સામર્થ્યવાન હતા. 'તાલેવરોની તુંદમીજાજી'ની તાતી તલવાર હેઠળ રહેંસાઇ જતાં અનેક હાડમાંસનાં માળખાંઓનાં કરુણ દૃશ્યો તેના ઉત્તમાંગને ધમધમાવી રહ્યાં હતાં, પાંચ રૂપીઆ ઉછીના આપી પંદર રૂપીઆ ઝડપી લેનાર લક્ષ્મીનંદનોની દાંભિક લીલા તેના તપ્ત શોણીતને વધારે ઉકાળતી. એ બધામાંથી આ અર્ધભૂખ્યાં માળખાંઓને શે ઉગારવાં, એ અતિ અટપટી યોજના ઘડવામાં તેણે અત્યારે તેની બધીજ શક્તિઓ કામે લગાડી દીધી. આવાં પામર પશુઓને પોતાનું આત્મભાન કયી રીતે થાય તે યોજનાના અંકોડા તે જોડતો ને તોડતો.

પ્રસ્વેદબિંદુથી નીતરતી તેની કાયા અંગાર વરસાવતી લાલબંમ સુધાકરની તીરછી રશ્મિઓથી રાતી ચટક થઇ ગઇ હતી. તાળવું શેકતા તાપથી કંટાળી તેણે એક પ્રચંડ વૃક્ષરાજનો આશરો શોધ્યો. લમણે હાથ દઇ તે લગાર આડો થયો, કે તુરતજ નિદ્રાદેવીએ તેને પોતાના માયાવી પાશમાં જકડવા માંડયો.

તેની આંખો હજી પૂરેપુરી મળી પણ નહોતી, એટલામાં તો ધબ્બાક દેતાકને ભીષણ અવાજ પાસેના કૂવા તરફ સંભળાયો. એક થેકડા સમેત તે બેઠો થઇ ગયો; જે દિશા પ્રતિ અવાજ થયો તે તરફ ત્વરિત વેગે તે દોડયો. કૂવાનાં અંધારાં નીરમાં તેણે પોતાની નજર થંભાવી, કોઈ મનુષ્ય તેમાં તરફડતું હોય તેમ લાગતાં તેણે હોકારો કર્યો; આસપાસના બે ત્રણ કૃષિકારો આ ત્રાડ સમેત ત્યાં દોડી આવ્યા; ઝટઝટ એક દોરડું લાવવાનું સૂચન આપી, આ

મહાકાયે કૂવામાં ધબકાવ્યું.

કૂવો સદ્‌ભાગ્યે બહુ ઉંડો નહિ હોવાથી ને પાણી પણ ઉંડું નહિ હોવાથી તેણે એ ડૂબતી આકૃતિને ચડપ કરતાં પોતાના કાંડા પર ટેકવી દીધી ને એક તીરાડમાં પગ ટેકવી પોતાની કાયાને જળસપાટી પર રાખી.

પેલા પરોપકારી કૃષિકારો મજબૂત દોરડું લાવ્યા. તેની મદદ વડે પેલી આકૃતિને અચેતનાવસ્થામાં કૂવાની બહાર લાવ્યો.

સર્વેની અજાયબી વચ્ચે આ આકૃતિ એક યુવાન બાળાની માલૂમ પડી. સર્વેએ આ નિશ્ચેતન બાળાની સુકલ કાયાને પાસેના ખેતરમાં ખસેડી, એ યુવાને પોતાના ધોતિયાનો મોટો ચીરો ચીરી તેનાથી શેક કરવા માંડયો, ને થોડી વારે આ ગોટાઓના ગરમાવાથી બાળાએ પાસું બદલ્યું.

તરતજ આ યુવકે સઘળાંઓને વીખેરાઇ જવા વિનંતિ કરી. અલ્પ સમય પૂર્વે તેના હૃદયને હચમચાવી રહેલા વિચારો આ કુમળી બાળાના આવા દયાજનક હાલ નીરખીને એકસામટા ધસી ગયા: "આ ઉગતા પુષ્પસમી બાલિકા કૂવામાં કેમ પડી? તે અજાણતાંજ પડી ગઇ કે જાણી જોઇને? આવા નિર્જન કૂવા સમીપ જવાનું તેને શું કારણ મળ્યું?" આવા આવા અનેક પ્રશ્નો તેના તપ્ત હૃદયને સવિશેષ તપાવવા લાગ્યા.

"કોઇ બદમાસોનું તો આ કરપીણ કાવતરૂં નહિ હોય? કે કોઇ કારમા દુઃખે ડરાવી તેને આ નિશ્ચય પર તો નહિ લાવી મૂકી હોય? ગમે તેમ......"

યુવકની વિચારગ્રંથિ તૂટી. એ બાળાએ આંખો ઉઘાડી, સ્વપ્નસૃષ્ટિસમું દસ્ય નીહાળતાં તે અવાક્ હાલતમાં એકીટશે તેની સામે જોઇ રહી.

હર્ષોન્માદમાં પેલો યુવક બેઠો થઈ ગયો. જરા હસી પડતાં એ બાળા તેનાં અસ્તવ્યસ્ત કપડાં સંકોરતાં બેઠી થઇ.

"ગભરાશો નહિ, બહેન! તમે સલામત સ્થળે છો."

"તમે કોણ?–હું ક્યાં?–અહીં કોણ લાવ્યું? આ જગ્યાએ હું શી રીતે આવી?"

તે બાલિકા બહાવરી બની જતાં અનેક પ્રશ્નો તેણે પૂછી નાખ્યા.

"શાંત પડો બહેન! તમારે જરાય ભય રાખવાનું હવે કારણ નથી."

પેલા યુવકે પાણી આપ્યું તે પીધા બાદ તે સ્વસ્થ થઇ.

“કહો, તમે કોણ છો? પેલા કૂવામાં ધબકાવવાનું શું કારણ?”

તે બાલિકાને હવેજ બધી ઘટનાનું સ્મરણ થયું.

“હું ખરેખર તમારી આભારી છું ભાઇ! પણ મને બચાવી તમે મારી દુઃખદ જીંદગી નાહક લંબાવો છો.”

“એમ શા માટે બોલો છો બ્હેન? તમારૂં જીવન આટલું બધું અકારૂં થઇ પડવાનું કારણ જણાવશો?”

“લ્યો સાંભળો ત્યારે.”

માથામાં થયેલા કારમા ઘાની વેદના જેમ તેમ શમાવતાં તે બાળા બોલી:

“મારૂં નામ કુસુમ, મારા પતિદેવ—કદાચ તમે તેને નહિ ઓળખો ભાઇ! એમનું નામ રમેશ. આ ગામમાં એક વાણિયાને ત્યાં તેઓ પાંત્રીસ રૂપિયાના પગારે નોકરી કરતા હતા. અમારાં લગ્ન વેળાએ તેની પાસેથી લીધેલાં નાણાં પેટે-અમે દર માસે પાંચ પાંચ રૂપિયા તેને ભરતાં હતાં ને છતાં ગરીબાગરીબ અમારૂં જીવન અમને મધુર લાગતું.

“કુસુમબ્હેન! તમે જરા ટુંકાણમાંજ પતાવો. જુઓ, આ પાટો પણ લોહીલુહાણ થઇ ગયો છે. ઝાઝું કષ્ટ ના સહો.”

“હા ભાઇ! હવે હું મૂળ વાત પર આવું છું. જે દિવસની હું આ વાત કરૂં છું તે દિવસ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનો જન્મદિવસ-જન્માષ્ટમી હતો. મારા પ્રાણેશનો પગાર પણ તેને આગલે દિને તેઓ લાવેલા ને પોતાના ખિસ્સાખર્ચ જોગા પાંચ રૂપિયા પોતા પાસે રાખી બાકીનો તમામ પગાર મારી પાસેજ તેમણે રહેવા દીધો. એ અમારો ક્રમ હતો.

“જન્માષ્ટમીનો તહેવાર હોવાથી મારા રમેશ તો તેના મિત્ર કિરીટ જોડે પાસેના શહેરમાં ગએલા. જતાં જતાં મેં મારી સહિયરો-પાડોશણો-સાથે ગંજીફે રમવાની પરવાનગી માગી લીધેલી. ઘણી આનાકાની પછીજ-મને નિરાશ નહિ કરવાના હેતુથીજ-તેમણે મને રમવાની છૂટ આપેલી.

“રમાબ્હેન, ચંચળબ્હેન, કાંતાબ્હેન (તેઓ મારી બાજુમાંજ રહેતાં હતાં) ને હું એમ ચાર જણ રમવા બેઠાં.

“એક બે બાજી તો અમો ખાલીજ રમ્યાં. પછી કાંતાબ્હેને ચાર આનાથી પહેલ કરી ને ભાઇ! હું તો જીતવાજ માંડી! મારો લોભ વધ્યો: શ્રીમંતોની પુત્રીઓને લૂંટી લેવાનો-સો બસો રૂપિયા ભેગા કરી લેવાનો મને વિચાર આવ્યો; એટલે કાંતાબ્હેને મોટી રકમથી રમવાની માગણી કરતાં મેં તે સહર્ષ સ્વીકારી.

“પરંતુ મારી લક્ષ્મીલોલુપતાની સર્વ ઇમારતોના કાંગરા કડડભૂસ થઈ ગયા. ધીરે ધીરે જીતેલા પૈસા તો ગયા, પરંતુ મારા હમેશના પ્રસ્વેદબિંદુની કમાણી પણ સાથે તણાવા લાગી.”

“કુસુમબહેન! તમોએ ખરેખર એ એક ભયંકર ભૂલ કરી છે.”

“સાચું કહો છો, ભલા ભાઇ! પરંતુ જેમ ‘હાર્યો જુગારી બમણું રમે’ તેમ મેં પણ બસ છતી આંખે આંધળી બની બાજી પર બાજી ખેલ્યેજ રાખી ને ચાર કલાકને છેડે મેં રૂપિયા સાઠ ચંચળબહેનના દેણા કર્યા.”

“આ વાત તમારા પતિદેવના જાણવામાં આવેલી કે નહિ?”

“ના, ના-તેઓ જો આ વાત જાણે તો ચિંતામાં ને ચિંતામાં ગળવાજ માંડે ને! એટલે મેં બીજા ત્રીસ રૂપિયા કાન્તા બહેન પાસેથી ઉછીના લીધા ને અમારૂં ઘરખર્ચ ચલાવવાનો વિચાર કર્યો.

“સાંજે રમેશ પાછા વળ્યા. હું જાણે કશુંજ ના બન્યું હોય તેમ કૃત્રિમ હાસ્ય હસવા લાગી-ને જેમ તેમ કરી જન્માષ્ટમીનો દિન તો પસાર કર્યો.

“પરંતુ હજી આ વાતને પુરા પંદર દિવસ તો વીત્યા પણ નહિ એટલામાં તો ચંચળ બહેન ને કાંતા બહેને માગતા પૈસા માટે ઘોંચપરોણા કરવાના શ્રીગણેશ આદર્યા.

“મેં તેમને કટકે કટકે આપી દેવાનું વચન આપ્યું, પણ ભાઇ! અમારા સરીખાં ગરીબનું વચન માનેજ કોણ?-એટલે ચંચળબહેનનો મણિયો-જે નશાબાજ હતો તેને ચંચળબહેને ચઢાવ્યો, ને મારા પતિદેવ જ્યારે નોકરીએ ગયેલા ત્યારે મારા ઉપર તેણે બીભત્સ હુમલો કર્યો.

“અને વળી તે ને તેજ ચંચળ બહેન સતાં થતાં આવ્યાં ને મણિયાને ઠમઠોર્યો, ને ઘેર લઇ ગયાં.

“પરંતુ તે દિવસ પછીથી મને ચિંતામાં ને ચિંતામાં તાવ આવ્યો. રમેશે ચાર દિવસની રજા લીધી, તેમનો પગાર કપાયો, ને દાક્તરના બીલ પેટે રૂપિયા દશ દેવા પડયા તે તો ખાતર ઉપર દીવો.”

“અરરર, તમારી ‘એકજ ભૂલે’ ખરેખર ‘ભૂલનો ભોગ’ લેવા માંડયો એમજ કહો ને?”

“હા એમજ. હું સાજી થઇ, પરંતુ મારા મુખ પરની રાતી ચટક લાલી તો ગઇ તે ગઇજ. પછી મેં મારૂં મંગળસૂત્ર-યાદ રાખજો, કે એ મારૂં સૌભાગ્યચિહ્ન હતું-માગતા પૈસા પેટે ચંચળ બહેનને ત્યાં ગીરો મૂકયું; પરંતુ કાન્તાબહેનને કેમ સમજાવવાં? આ પ્રશ્ને મને થરથરાવી નાખી.

“દરમિયાનમાં રમેશ ચાર દિવસ ગેરહાજર રહેલો તેને લીધે તેના શેઠ તેના ઉપર ધુંવાં ફુવાં તો થએલાજ, પરંતુ એક દિવસ

તેની જન્મગાંઠ નિમિત્તે જરા તે મોડો ગયો એટલે એ મદોન્મત્ત તિરસ્કારખાંએ મારા રમેશને નોકરી પરથી દૂર કર્યો.

“કાંતાબહેનના પતિને મેં જાતે તથા મારા રમેશે વિનંતિ કરી કે ક્યાંક પેટવડિયાં જોગું કામ અપાવે; પરંતુ વ્યર્થ. રમેશ સૂકાવા લાગ્યો, મારી ચિંતા વધી. જન્માષ્ટમીના જુગારે તો દાટ વાળી નાખ્યો. ભાઇ...

“ને તે પછી એક રાત્રે મેં મારે હાથે કરીનેજ મારી ગુપ્ત વાત રમેશ પાસે ખુલ્લી કરી નાખી, એજ મારી ભયંકર ભૂલ થઇ. તેણે મને એક અક્ષર પણ ઠપકાનો ન સંભળાવ્યો, પરંતુ તે પછી મારા ઉપરનું તેનું પહેલાંનું વહાલ તો દિન પર દિન ઓછું થતું ચાલ્યું.

“તેનું મગજ પણ અસ્થિર હાલતમાં અટવાઇ ગયું. આખો દિવસ ઘરની બહાર તે રખડયાજ કરે ને રાત્રે ઠેઠ મોડો મોડો ઘેર આવે. નહિ ખાવાનું ભાન કે નહિ પીવાની તમા!

“આ હાલતમાં મેં પંદર દિવસ વીતાવ્યા. પછી મેં પણ મારી સહનશીલતાનો કાબુ ગુમાવ્યો, રમેશ બહાર રખડવા લાગ્યો એટલે મેં એક ચિઠ્ઠી લખી આ બાજુ પોબાર ભાખ્યા ને મારી આ કમનસીબ કહાણી આટલેથીજ ટુંકાવવા કૂવામાં ધબકાવ્યું.

“અને આ બધીયે કરુણ ઘટનાની નાયિકા તો હુંજ છું—જન્માષ્ટમીના જુગારેજ મારી આ દશા કરી છે, ને મારા રમેશનું તો શું થશે તે તો પ્રભુ જાણે. ઓહ પ્રભુ!”

આટલું કહી કુસુમે ધ્રુસકે ધ્રુસકે રોઈ નાખ્યું ને અંતે બેભાન થઇ ગઈ.

બીજી બાજુ રખડતા રમેશને ગામમાંથી આ કરુણ ઘટનાની જાણ થતાં તે હાંફ્લો ફાંફ્લો દોડી આવ્યો. બેભાન કુસુમની સુકલ કાયા પર તે પડયો.

આ બનાવ એટલો તો કરુણ હતો કે પેલો યુવાન તો આ દશ્ય જોઈ ઝાર ઝાર રડી પડયો. અનેક પ્રયાસો પછી કુસુમ સાવધ થઇ. બંનેને લઇ એ પરોપકારી યુવક પોતાને ઘેર આવ્યો, તેનાં માતા-પિતાને સર્વ બિનાથી વાકેફ કર્યાં ને તેમનું—રમેશ ને કુસુમનું—સર્વ દેવું ચૂકવી દેવા જેટલા પૈસા આ મમતાળુ માનવીએ તેમને અપાવ્યા.

× × × ×

ધીરે ધીરે વળી જીવનનો રંગ બદલાયો. ભીષણ ભૂખમરાની ભયંકર સીતમચક્કીમાં પીસાતું આ પ્રેમી યુગલ પુનઃ પોતાને આંગણે સુખી દિન ઉતારવા શક્તિમાન થયું. પેલા પરગજુ યુવકનો પરોપકાર હજીય આ યુગલ વિસર્યું નથી; પણ જન્માષ્ટમીનાં જુગાર પુનઃ રમવાનું તો કુસુમ ક્યારનીય વિસરી ગઇ છે.

(દૈનિક “હિંદુસ્થાન”માંથી)

७७-भूतकाळनी एक वात

निरीक्षण

એક સૈકાથી ઓછા સમયની વાત છે. રાજપૂતાનાના જોધપુર રાજ્યની વાત છે. એ રાજ્યના એક નરેશનું અવસાન થયું ત્યારે એમના પાટવી કુમારની ઉંમર સાત વર્ષની હતી. હાલ સરકાર તરફથી સગીર ઉંમરમાં રાજ્યવહીવટ થાય છે, તેમ તે વખતે સરકારી અધિકારીઓ દ્વારા કરવાનો રિવાજ શરૂ થયો ન હતો. કેમકે તે વખતે રાજ્યોની સાથે કરારોથી બંધાતો મિત્રતાનો સંબંધ જન્મ પામતો હતો, એટલે રાજ્યોમાં ડખલગીરી થઇ શકતી ન હતી.

તે વખતે ભાયાતોનું રાજ્યમાં જોર હતું. રાજા અને ભાયાતો જાણે એક કુટુંબના હોવાથી એમના સ્વાર્થની પણ એકતા હતી અને તેથી સુખમાં જેમ સર્વ સાથે આનંદ લેતા હતા, તેમ દુઃખમાં સર્વે એકબીજાને પડખે ઉભા રહેતા હતા. હિંદનાં રાજ્યો આ રીતેજ આટલા લાંબા સૈકાથી ટકી રહ્યાં છે.

એવા એક કાળમાં જોધપુરનરેશની નાની ઉંમરમાં તેમના સગા કાકાએ રાજ્યની સંભાળનો બોજો પોતાના ઉપર લીધો. રાજ્યની સંભાળ રાખી તે કરતાં વિશેષ સંભાળ તેમણે બાળનરેશની રાખી. રાજપૂતીને યોગ્ય ઉછેર થવા માંડયો. રાજ્ય ચલાવવાને પૂરતી કેળવણી માટે એ જમાનાના ધોરણ પ્રમાણે એમને કુલગુરુને સોંપવામાં આવ્યા. તે વખતની રાજપૂતાણીઓ શૂરવીર સ્ત્રીઓ હતી. એટલે તેની ગોદમાં ઉછરતો બાળક સહૃદય, શૂરાતનવાળો અને કેળવણીના પ્રભાવે ઉદારચરિત તથા સારી સમજણવાળો થવા લાગ્યો. પોતાના પુત્રથી પણ અધિક પાળે એવા કાકાની સંભાળ નીચે તે ખૂબ આનંદમાં અને તંદુરસ્તીમાં રહેતો હતો. ઉછેરની આ વ્યવસ્થામાં કયું બાળક સુંદર રીતે ન ઉછરે ? સારા ઉછેરના કોઇ પણ સાધનની ખોટમાં સ્વાર્થ જેમ કેટલેક ઠેકાણે ઉછેરને બગાડે છે, તેમ આ જગાએ સ્વાર્થ તો લેશ પણ ન હતો. વર્ષો વીતતાં ગયાં તેમ લાયકાતમાં કુમાર આગળ વધતા ગયા; અને તેમની ઉંમર વધતી ગઇ તેમ તેમ કાકાની જવાબદારીઓ વધતી જતી છતાં "હવે થોડાજ કાળમાં એનું હું એને સોંપી દઇશ" એ વિચારની હોંશથી કાકાનું જવાબદારીવાળું જીવન આશાના વહનમાં ને વહનમાં આનંદમાં રહેતું. કાકા સમર્થ રાજપૂત હતા. રાજ-

વીનો સગો ભાઈ હોવાથી રાજવીના બધા ગુણો તેનામાં હતા; એટલે ભાયાતોને પોતાની સાથે રાખવામાં, અધિકારીઓને બરાબર પોતાના અધિકારની હદમાં રાખવામાં, ખટપટ અને તોફાનને દબાવવામાં તે સુચતુર હતો. પોતાનાજ વખતને માટે નહિ પણ બાળક ઉંમરલાયક થઇ ગાદીએ આવે ત્યારે કોઇ જાતની ઉપાધિ રાજ્યમાં રહે નહિ એવો એણે પ્રબંધ કર્યો હતો. જે સગીર નરેશને આવો સંભાળ રાખનાર મળે તે નશીબદાર છે. હાલમાં* ઉંચી કેળવણીના સમયમાં તેવા હૃદયનો કોણ જાણે કેમ કયે કમનસીબે અભાવ છે. જોધપુરને તે વખતે તેવો એક નર સાંપડયો હતો, કે જેણે પોતાની જવાબદારીના વખતમાં રાજ્ય સારૂં ચલાવ્યું અને બાળકને ઉછેરવામાં એવો બનાવવાનો પ્રયત્ન કર્યો, કે જે પોતાની જીંદગી સુખરૂપ ભોગવતાં ભોગવતાં રાજ્ય તરફ ભક્તિભાવથી વર્તે.

જ્યાં આવી જાતનો પ્રબંધ હોય છે, ત્યાં વર્ષો જતાં વાર લાગતી નથી. સાત આઠ વર્ષની ઉંમરમાં બાળરાજ્યવહીવટ થયો હતો તે અગિયાર વર્ષ પૂરાં થયાં ત્યારે બાળજીંદગી પૂરી થઇ. અને રૈયત હર્ષથી નીરખી શકે એવો રાજ્યાભિલાષી યુવાન તૈયાર થયો. કાકાની જીંદગી તો તેને માટેજ હતી; એટલે તેમને વિચાર થયો કે ભત્રીજો હવે પરણીને ગાદીએ બેસે તો મારી આંખો ઠરે. સારૂં મુહૂર્ત જોઇને રાજ્યાભિષેકનો દિવસ ઠરાવ્યો. રાજ્યોમાં, ભાયાતોમાં, રૈયત વર્ગમાં એ શુભ દિવસનાં આમંત્રણ મોકલાયાં. બીજે દિવસે સવારે રાજ્યાભિષેક થવાનો હતો. તેને આગલે દિવસે કાકાએ ભત્રીજાને કહેવરાવ્યું કે, આજ આપણે બંનેએ સાથે એકલા શિકારે જવું છે. સ્નેહમાં ઉછરેલો, આંખની કીકીના જેવી સંભાળથી પોષાયેલો અને બાળપણથીજ કાકાના ખોળામાં રહેલો એવા એ કુમારે એ કહેણ માથે ચઢાવ્યું. રાજા થયા પહેલાં દીકરાતરીકે કાકા સાથે છેલ્લો શિકારનો આનંદ લઇ લઉં એવો તેને ઉત્સાહ થયો. શિકારે જવાનો વખત ૧૧ વાગ્યાનો હતો. કાકોભત્રીજો સફેદ અશ્વ ઉપર સજ્જ થઇને નીકળ્યા.

ઉનાળાના દિવસો હતા. મારવાડ એટલે મરુભૂમિ. રેતીનું રણ અને ઉનાળાનો સૂર્ય. પછી ગરમી માટે શું પૂછવું હોય? વિશ્રામને માટે ઝાડ આ સુધરતા જમાનામાં પણ મારવાડમાં થોડાં છે, તો એ કાળમાં છાયાની આશા શાની હોય?

---

* હાલની ઉંચી કહેવાતી કેળવણી વાસ્તવમાં કેટલી નુકસાનકારક છે અને તેના પ્રચારકો કેવું નુકસાન કરી રહ્યા છે તેની ખરી સમજણ તેમને ને સર્વને હજી નથી તેથીજ નભ્યે જાય છે.

અખંડાનંદ

ત્રણેક ગાઉ ગયા પછી સૂર્ય બરાબર મધ્યાહ્ને માથા ઉપર આવ્યો હશે ત્યારે કાકાએ કુમારને હુકમ કર્યો કે "ભાઇ ! ઘોડા ઉપરથી નીચે ઉતરી જાઓ." વિશ્વાસુ કુંવરે તેમ કર્યું. નીચે ઉતર્યા પછી હુકમ થયો: "પગરખાં કાઢી નાખો." આશ્ચર્યચકિત કુંવરે તે પણ કર્યું. મહેલમાં પણ ઉઘાડે પગે ન ચાલનાર બાળકને ધગધગતી રેતીમાં પગ મૂકતાં શા ભાવો થયા હશે તે એવી સ્થિતિ ન ભોગવી હોય એવા માણસો અટકળ પણ ન કરી શકે. પગરખાં પગમાંથી નીકળી ગયાં. જમીન ઉપર પગ મૂકતાં એક પગ મૂકે અને એક પગ અદ્ધર લે તેમ વારાફરતી ઘોડાના થનથનાટ માફક બાળક થનથનાટ કરવા લાગ્યો. કાકાના હાથમાં ચાબૂક હતો. એક ચાબૂક ફટકાવી કાઢીને કાકાએ કહ્યું કે "મારા ઘોડાની આગળ દોડ." આગળ ભાવિ નરેશ અને પાછળ ઘોડા ઉપર સવાર થયેલો કાકો. ઘોડો દોડતો જાય અને કુમાર આગળ ભાગતો જાય અને ભાગતાં ચાબુકના સોટા વાંસામાં પડતા જાય, આંખમાંથી અશ્રુ વહેતાં જાય, પગનાં તળિયાંમાં ફોલ્લા પડતા જાય, રાજપૂતી હિંમત છતાં મુખમાંથી રડવા જેવો અવાજ નીકળતો જાય; એવું દૃશ્ય ત્યાં થઇ રહ્યું. લગભગ માઈલેક દોડાવ્યો હશે, ત્યાં ઉભો રાખી સાથે લઇ લીધેલાં પગરખાં પહેરાવી કાકાએ સાથે દોરવેલા ઘોડા ઉપર કુમારને ચઢી જવા હુકમ કર્યો. થરથર ધ્રૂજતે શરીરે રીસને દબાવી અને મારો અધિકાર થશે ત્યારે કાકાને ઘાણીમાં ઘાલી તેલ કાઢીશ એવો નિશ્ચય કરતાં કરતાં કુમાર ઘોડા ઉપર ચઢ્યો.

શહેર કાંઇ બહુ દૂર ન હતું. દોડતે ઘોડે થોડાક વખતમાં બધા રાજદરબારમાં આવી પહોંચ્યા.

મહેલમાં દાખલ થયા પછી શિકારથી આવીને જેમ માણસ સ્નાન કરી સ્વચ્છ થાય, તેમ કાકો-ભત્રીજો સ્નાન કરી પોતપોતાના આગારમાં ગયા. યુવાન રાજા મનમાં ને મનમાં સમસમી ગયો. ગાદી ઉપર આવવાને હજુ ૮ દિવસની વાર હતી, એટલે શું કરવું તે બાબત કોઇની સલાહ લેવાની તેને જરૂર લાગી નહિ; પણ પડેલું દુઃખ કોઇને કહ્યા વગર કે એકલું બેસીને રડી લીધા વગર ઓછું થતું નથી. તેની મા પાસે જઇને તે દિવસે બનેલ હકીકત યથેચ્છ બની હતી તેવી કહી સંભળાવી અને ઉમેર્યું કે "મા ! મને એ વખતે તો એમ થયું કે ૧૧ વર્ષ સુધી પાળીપોષીને મોટો કર્યો પરંતુ ૧૧ વર્ષ સુધી કાકાએ યથેચ્છ રાજ્ય કર્યાને લીધે મને રાજ્ય સોંપવાની એની ઇચ્છા નહિ હોય તેથી એકલો જંગલમાં આ રીતે લઇ જઇને જાણે મને મારી નાખવાનો ઇરાદો હોય એવું મને લાગ્યું હતું. હું પાછો કેમ આવવા પામ્યો તે હું જાણી શકતો નથી." એમ કહેતાં

બાળક, બાળકની માફક રડી પડયો. માએ માથે હાથ ફેરવી શાંતિ આપી અને સ્નેહથી માથું સૂંઘ્યું.

મજબૂત પાળથી બંધાયલું તળાવ હોય અને ધાર્યાં કરતાં વિશેષ વરસાદ આવે અને તે છલ્લોછલ્લ ભરાઇ જાય ત્યારે કોઇ વખત એવો ભય ઉત્પન્ન થાય છે કે પાળ ફાટશે અને નીચેનાં ગામોને નુકસાન કરશે. એવે સમયે તળાવની એકાદ પાળ તોડીને પાણીના પ્રવાહને રસ્તો આપવામાં આવે છે, ત્યારે ગામમાં શાંતિ થાય છે. એજ પ્રમાણે જ્યારે અતિશય શોક કે દિલગીરીથી હૃદય ફાટી જાય એવું દુઃખ થાય છે, ત્યારે કોઇ સ્નેહીની ગોદમાં કે પછી એકલા રહીને માણસ પોતાના ચિત્તને સાંત્વન આપે છે. પડતાં એ અશ્રુ, જેમ હૃદય ફાટવાના ભયને દૂર કરે છે, તેમ આ બાળક મહારાજાએ માના ખોળામાં કર્યું.

રાજ્યાભિષેકને ચોવીસ કલાકથી પણ ઓછા કલાક બાકી રહ્યા હતા. સવારે સાડાઆઠ વાગતે મુહૂર્ત હતું. દરબારની સઘળી તૈયારી થઇ રહી હતી. અભિષેક માટે કાવડોમાં કાશીથી ગંગાજળ પણ આવી ગયું હતું. આખા મેવાડ અને મારવાડના રાજાઓની બેઠકો ગોઠવાઇ ગઇ હતી. એવું કાંઇ બાકી ન હતું કે જે આવા શુભ પ્રસંગ માટે તૈયાર હોય નહિ. બીજા દિવસની સવારે શહેરમાં આનંદ પ્રસરી રહ્યો. સાડાઆઠ વાગે રાજ્યાભિષેક થયો. રાજ્યની સીલ એક પણ શબ્દ બોલ્યા વગર કાકાએ નરેશ થયેલા ભત્રીજાના હાથમાં ઘણાજ નમન સાથે મૂકી અને પછી જાતે નમીને પગનું ચુંબન લીધું. પાછા ઉભા થતા લોકોએ કાકાની આંખમાં અશ્રુની નદીઓ વહેતી દીઠી. એકજ શબ્દ કહ્યો કે "ભાઇ! તમારૂં તમને સોંપીને આજ હું કૃતાર્થ થયો. સુખેથી ભોગવજો. પ્રજાને સ્નેહથી પાળજો, જેમ મેં તમને આજસુધી પાળ્યા હતા તેમ." એટલું બોલતાં તેમનાથી ત્યાંજ બેસી જવાયું. નવા રાજાને આશ્ચર્ય થયું. એને થયું કે કાલે હું અનુભવતો હતો તે સાચું કે આજ હું જોઉં છું તે સાચું! અગિયાર વર્ષનું વહાલ આજ રાજ્યાભિષેક વખતે તેમણે ફરીને જોયું ત્યારે એમને થયું કે, કાલનો બાર વાગ્યાનો અર્ધો કલાક આ બધા જીવનથી સાવ નોખો કેમ તરી રહેતો હશે? એ વિચાર થતાં થતાં પણ બાળક ઉપર, અનુભવનું અજ્ઞાન અને નવા અધિકારનો મોહ એને એમ કહી રહ્યો કે "ના ના, એ માફ થઇ શકે એવું નથી." એ વિચાર આવતાંજ નેત્રમાં સહેજ ફેરફારની સાથે, હમેશની ટેવ પડી ગયાને લીધે નરમાશથી તો ખરૂં પણ સહેજ કડકાશથી ગાદીનશીન નરેશે કહ્યું–"મને કાંઇ ખુલાસો કરશો? કાલના પ્રસંગનો કાંઇ ખુલાસો થશે? તે અસહ્ય વાત હતી. હું સમજી

શકતો નથી કે, કાલે તમે એજ કાકા હતા કે જેણે મારા પિતા કરતાં પણ વિશેષ અગીઆર વર્ષસુધી મને પાળ્યો અને પોષ્યો ?'' એ નેત્રની કડકાઇમાં પણ કાકાને વિશ્વાસનો આનંદ આવ્યો. એને થઇ ગયું કે એનો શ્રમ સફળ છે. કાકાએ ઘણાજ વિનીતભાવે (કેમકે આજ તે ભત્રીજો નહિ પણ ધણી હતો) કહ્યું કે ''મહારાજ! આપ ન સમજી શકો એવું હું માનતો નથી; છતાં ખુલાસો કરવાની રજા લઉં છું કે, આખી ઉંમર મેં ફૂલની માફક આપને રાખ્યા હોવાથી ગરીબ માણસોની સ્થિતિનું આપને ભાન થાય નહિ, તો રાજ્ય હાથમાં આવ્યા પછી રૈયત તરફની વર્તણુંક શી હોવી જોઇએ તે સમજાય નહિ. આપને પાળવામાં જેમ મેં મહેનત કરી છે, તેમ આપને ભણાવવામાં પણ તનતોડ મહેનત કરી છે. કોઇ પાઠ એવો રહી ગયો નથી કે આપને ભણાવવામાં નહિ આવ્યો હોય. મને લાગ્યું કે, એક પાઠની ઉણપ છે, અને તે પાઠ મારે આપને કાલે ભણાવવો હતો તે ભણાવ્યો.''

''માણસના પોતાના ઉપર જ્યાંસુધી દુઃખ પડતું નથી ત્યાં સુધી બીજાનાં દુઃખોનું મનુષ્યને ભાન થતું નથી. જે નરેશને ગરીબ લોકોના ઉપર પડતી હાડમારી પડી હોતી નથી, તેઓને લોકોનાં ખરાં દુઃખનો ખ્યાલ પણ આવતો નથી. ઘણાં રાજ્યોમાં લોકોની પીઠ ઉપર ચાબુકના માર પડતા મેં જોયા છે. તે વખતે મને થયેલું કે, તે વાગનારને કેવું દુઃખ થાય છે તેનું ભાન ન થવાનું મારનારને એજ કારણ હોવું જોઈએ કે, તે માર પોતાને નથી પડતો.''

''આપની રૈયતના સુખ માટે, આપના રાજ્યના સ્થાયીપણા માટે કોઇ પણ પાઠ ભણ્યા વગરનો ન રહી જાય માટે તમને ઘણું દુઃખ થયું હશે છતાં અને મારૂં તો મેં જે કાલે કર્યું તે માટે હૃદય ચીરાઇ જતું હતું છતાં, આ છેલ્લો પાઠ આપને ભણાવી દઉં તો મારા અવસાન પછી પણ મારી હયાતીમાં જેવા સુરક્ષિત છો તેવા આપની પ્રજામાં રહી શકો તેટલા માટે તે સાહસ મેં કર્યું.'' હાથ જોડીને ખુલાસો કરતાં કરતાં તેનાં નેત્રમાંથી આંસુ ઢળતાં હતાં. બાળરાજા નરેશ થયા હતા, પણ એવા ઉછેરમાં ઉછર્યા હતા કે કાકાના આ શબ્દો, કાકાનાં અશ્રુ અને કાકાનું વિનીતપણું જોઇને સિંહાસન ઉપરથી ઉભા થઇ ગયા. બે હાથે કાકાને ઉભા કર્યા અને પછી પગમાં પડયા. અને કહ્યું કે ''પિતાના મરણ પછી એનાથી પણ અધિક આપે પાળ્યો છે, પણ આજે આ પાઠ ભણાવીને તો આપે મને હમેશને માટે જીવાડયો છે.''

રાજા સત્તાધીશ હતા છતાં કાકા જીંદગી સુધી તેના માનને પાત્ર રહ્યા. જાણે એજ રાજા હોય, તેમ તેની સૂચનાઓનો અમલ થતો.

(''ક્ષત્રિય''ના એક અંકમાંથી)

७८–काळी मा ने गधाभाइ

શિવપુર મોટું શહેર છે. ગરીબ, પૈસાદાર, ઉંચ, નીચ–બધા લોક ત્યાં રહે છે. ગામબહાર એક સુંદર મોટું તળાવ છે. તેમાં બારે મહિના પાણી ભર્યું રહે છે. ઉનાળામાં તડકા તપે ને બીજાં બધાં નદીનાળાં સૂકાઈ જાય ત્યારે પણ તળાવ તો ભર્યું હોય. તળાવની પાળે ઝાડોની ઘટા અને પડખેજ આંબાવાડીઉં, એટલે ગોરા લોકોના તંબુ પણ ત્યાંજ નખાય.

એક દિવસ બપોર થવા આવ્યા હતા તે વખતે ભગલા ધોબીનો ગધેડો પાણી પીવા તળાવે આવ્યો. પાણીબાણી પીને ગધાભાઇ જરા આળોટયા. એટલામાં જગુ મહારાજની કાળી ગાય ઝાડને છાંયડે બેઠેલી દેખાઈ. ગધાભાઇને મનમાં થયું કે, ઘણા દિવસથી કાળી મા દેખાયાં નથી, તો ચાલને સમાચાર પૂછું, નહિ તો વળી એનો સ્વભાવ રીસાળ છે તેથી મનમાં ખોટું લગાડશે.

કાળીની પાસે આવીને ગધાભાઇએ માથું નમાવી નમસ્કાર કર્યા અને નમ્રતાથી પૂછયું–“માતાજી ! આપ તો આજકાલ દેખાતાંજ નથી ? તબિયત તો ઠીક છે ને ?”

કાળીએ પોતાનું બાંડું પૂછડું હલાવીને ગધાને બેસવાનો ઇશારો કર્યો, એક ભારે નિસાસો મૂકયો અને બોલી કે “દીકરા ! મારી ખબર પૂછવી તને ભલી સાંભળી ? તને કયાંથી ખબર પડે કે આ માણસજાત મારી નાતવાળાંને કેવાં હેરાન કરે છે ?”

ગધાભાઇએ ધીમે ધીમે ભૂંકતાં કહ્યું–“માફ કરો, મા ! ગધેડાની નાની બુદ્ધિ તમ જેવાં મોટાંની વાત કયાંથી સમજે ? જરા ચોખ્ખી વાત કરો તો સમજ પડે.”

કાળી મા બોલ્યાં–“હવે તો હું મારી જાતવાળાંઓને કહેવાની છું કે, બસ હડતાલ પાડો. તે વિના આ મનુષ્યલોકોની આંખ નહિ ઉઘડે. પછી તો અમે જેમ નચાવશું તેમ એ નાચશે.”

ગધાભાઇ તો હસી પડયા અને બોલ્યા–“ખરી વાત છે. હોય

મા ! હરતાલ લગાડશો તો તમે પણ પીળાં બની જશો. પછી તમને ‘કાળી’ કહીને કોઇ નહિ ખીજવે. અને પછી માણસની સભામાં તમે પાછલા પગ ઉછાળી નાચશો ત્યારે તો બસ જોવા જેવું થશે. જગુ મહારાજ તો લળી લળીને સલામો કરશે. તમે ભૂલી ગયાં ? તે દિ મારા શેઠને ત્યાં એક કાળવો છોકરો મોઢે હરતાલ ભૂંસીને નાચ્યો’તો ત્યારે નાનાં મોટાં બધાંય કેવાં લટ્ટુ બની ગયાં’તાં ! ”

ગધાની વાત સાંભળી કાળીને તો ખૂબ રીસ ચઢી. ખીજાઇને તે બોલી-“તું તો નર્યો ગધેડોજ રહ્યો ! તારા જેવી જાડી અક્કલ તો કોઇ ઢોરમાં પણ ના હોય ! હું મારૂં દુઃખ ગાઇ રહી છું, ત્યાં તને નાચ ગમ્મત સૂઝે છે.”

ગધાભાઇ તો ભોંઠા પડી ગયા. બિચારાએ બહુ ગરીબાઇથી માફી માગીને કહ્યું-“માજી ! જ્યારે આદમીની અક્કલ બહેર મારી જાય છે ત્યારે લોકો તેને પણ ‘ગધેડો’ કહે છે. તો પછી હું તો જન્મથીજ ગધેડો છું. મારી તો જેટલી ભૂલ થાય એટલી થોડી.”

ગધાની ગરીબાઇ જોઇ કાળીમા મનમાં ખુશી થયાં અને કહ્યું-“જો, તને ખબર નથી કે આ માણસલોક અમારી ઉપર કેટલો અન્યાય કરે છે ! તેમનો જુલમ દિવસે દિવસે વધતોજ જાય છે તેથી તો હું રાતદિ ચિંતા કરૂં છું અને તેમાંથી છૂટવાનો ઉપાય શોધું છું.”

વળી ગધાભાઇથી મૂંગા ન રહેવાયું. એટલે વચમાં બોલી ઉઠયા-“પણ તમને એટલું બધું દુઃખ દેવાનું કારણ શું ? મારી અક્કલમાં તો કાંઇ કારણ સમજાતું નથી.”

કાળીએ ઉત્તર આપ્યો-“બેટા ! માણુસ તો બહુ મતલબી છે. પોતાના સ્વાર્થ માટે એ તો બધુંય કરે. હજી સવાર તો પડયું ન હોય ત્યાં જગુ મહારાજ મને બાંધે; મારી વાછડી દૂધ પીવા ટળવળતી હોય એની તો કાંઇ દરકાર નહિ. બધું દૂધ પોતાનાં છોકરાં માટે નીચોવી લે. પોતાનાં બચ્ચાંનું આવું દુઃખ કોઇ મા સાંખી રહે ખરી કે ? મારી મરજી ન હોય તોપણ મારૂં દૂધ દોહી લેવાનો કોઇને હક હોયજ શેનો ? પણ સાંભળવું છે કોને ? હું મરૂં કે મારૂં બચ્ચું મરે, એને પીડા થોડીજ છે ? કયારેક તો એવી રીસ ચઢે કે દોહવા બેસે ત્યારે દૂધના વાસણને એક બે લાતો લગાવી દઉં; તોય ન માને તો પછી પૂંછડાની ઝાપટો મારૂં. છતાં હાંસલમાં ઉલટી બે ચાર ઠોંસાપાટુ ખાવી પડે અને દૂધ તો બધુંય લઇ લે.”

વળી ગધાભાઇએ વચમાં પૂછયું-‘પણ માજી-’

કાળીએ ખીજાઇને કહ્યું-"વાત પૂરી થયા પહેલાં વચ્ચે બોલી ઉઠતાં તારા જેવા ગધાએ પણ શરમાવું જોઇએ, સમજ્યો ?"

ગધો શરમાઇને બોલ્યો-"મારી ભૂલ થઈ, માફ કરો! હવે તમારી વાત પૂરી ન થાય ત્યાંસુધી બોલીશજ નહિ."

કાળી-"હં તો ડાહ્યો. જો મેં ધાર્યું છે કે એ નિર્દય માણસોની મારે તો સેવા નજ કરવી, પણ મારી જાતવાળાને પણ ન કરવા દેવી. પછી જુઓ તો ખરા, દૂધ-ઘી કયાંથી લાવશે? તારી શું સલાહ છે?"

ગધાએ ઉત્તર આપ્યો-" માજી! મેં હરતાલની જરા વાત કરી તો તમને દુઃખ લાગ્યું. તેથી હવે બીજી વખત સલાહ આપતાં મને બીક લાગે છે; તોપણ તમે પૂછો છો ત્યારે કહ્યા વગર કાંઈ છૂટકો છે? તમે જાણો તો છો, કે અમારી જાતવાળાના વિચારો બીજાના કરતાં છેક ઉંધા હોય છે, એટલે ન ગમે તો માફ કરજો. દૂધ-ઘી આપીને તમે માણસો ઉપર બહુજ ઉપકાર કરો છો, એ વાતની કયો ગધેડો ના પાડી શકે? પણ તેના બદલામાં બિચારાં માણસો તમારી ચાકરી તો કરે છે. તમને લીલું ઘાસ લાવી આપે છે. ટાઢતડકામાં રહેવા માટે ઘર આપે છે, માંદાં પડો તો ચાકરી કરે છે, કોઇની મોલાત ચરી ખાઓ અને ખેડુત મારવા દોડે તો તમારૂં રક્ષણ કરે છે. એવાં તો તમારાં ઘણાં કામ માણસો કરે છે. અમને ગધેડાંને તો ન કોઇ ખાવા આપે, ન કોઇ દવાદારૂ કરે, ન કોઇ રક્ષણ કરે અને વગર કામે ઘેર જઇએ તો ડફણાં મારીને હાંકી મૂકે. તમે બોલો એટલે ખાવાપીવા મળે, અમે ભૂલચૂકે બોલીએ તો મોઢા ઉપર માર મળે. તમે આ બધી વાતનો વિચાર તો કરી જુઓ!"

કાળી તો ગધાભાઇના મોઢા સામું જોઇ રહી. તેના મનમાં થયું કે "માણસો કહે છે કે ગધેડાની અક્કલ બહુ બોદી હોય છે, એટલે તેનાથી કોઇને શિખામણ દેવાય નહિ; પણ ગધાભાઇએ આજ જે કહ્યું તે તો તદ્દન ખરૂં છે."

કાળી માએ હડતાળનો વિચાર માંડી વાળ્યો.

(માર્ચ-૧૯૨૮ ના "બાલસખા"માંથી)



૭૧-आंख उघडी

(લેખિકાઃ-સૌ. બુલબુલ પંડયા)

(૧)

“બ્હેન જરા પાણી પાશો ! ભગવાન તમારૂં ભલું કરશે, આ છોકરાને બહુ તરસ લાગી છે માબાપ.”

અમદાવાદમાં ખરે બપોરે ઉન્હાળાના સખ્ત તાપમાં કામ કરતી એક કાઠિયાવાડી ઢેયડીએ જેકોર ડોશીના બારણા આગળ જઇ ઉપર મુજબ બૂમ પાડી.

વૈષ્ણવ ધર્મનાં ચૂસ્ત ઉપાસક અને અંધશ્રદ્ધામાંજ રચી પચી રહેલાં જેકોર ડોશીને આજે એકાદશી હતી. સવારનાં પાઠપૂજા, દેવદર્શન વગેરેથી પરવારી, ડોશી એકટાણું હોવાથી ફરાળ કરતાં હતાં.

બૂમ સાંભળી ભૂલમાં ઉભાં થઇ ગયાં, અને તરતજ બહાર આવ્યાં. બારણું ઉઘાડી બડબડતાં બડબડતાં પૂછવા લાગ્યાંઃ—કોણ છે ? કેમ બૂમ મારે છે ? ડોશીને જોઇ મજૂરણે પાછું પાણી માગ્યું. “બ્હેન, પાશો તો ભગવાન તમારૂં ભલું કરશે. છોકરાં છૈયાં સુખી રાખશે માબાપ.”

જમતાં ઉઠવું પડયું તેમાં ઉપજેલો અને હવે જમાશે નહિ તેનો ગુસ્સો ડોશીએ ગરીબ બિચારી ઢેયડી પર કાઢયો, અને ગુસ્સામાંજ બરાડયાંઃ “રાંડ ચાલી જા, મને જમતી ઉઠાડીને પાછી પાણી માગે છે ! જા નથી આપતી ! ખબર નથી, આજે મારે એકાદશી છે તે ! હવે મારાથી જમાશે નહિ સમજી, જા સીધી સીધી ચાલી જા, પાણી બાણી કંઇ નહિ મળે.”

એમ બડબડતાં બડબડતાં એમણે બારણું વાસી દીધું, અને ક્ષુધા તથા ગુસ્સો શાંત કરવાને થોડું દૂધ પીધું. ગરીબ બિચારી મજૂરણ તો જેકોર ડોશીનો ગુસ્સો જોઇને ગભરાઇ ગઇ, અને મૂંગી મૂંગી આંખમાં પાણી લાવીને છોકરાને ઉંચકી ત્યાંથી ચાલી ગઇ.

બપોરે સડક ઉપરના નળ પણ બંધ હતા. પાસે નજીકમાં કોઇ બીજું ઘર પણ દેખાતું ન હતું. નાનો છોકરો પાણી પાણી એમ ધાંટા પાડી મોટેથી રડતો હતો, અને ગરીબ બિચારી બાઇ છોકરાને છાનો રહેવા સમજાવતી હતી, અને પોતાનાં આંસુ એક હાથે લૂછતી હતી. તે પોતાના નસીબને દોષ દેતી હતી.

એટલામાં ત્યાં આગળ મિશનરીના એક બે માણસો આવી

ચઢ્યા. તેમણે પેલી મજૂરણને ભાગીતૂટી હિંદુસ્તાની ભાષામાં પૂછ્યું: ‘કૌન હય ? કયોં રડતી હય ? કયા કુછ કામ હય ?”

મજૂરણે ડોકું હલાવી ધીમેથી રડતાં રડતાં કહ્યું: “છોકરાને પાણી પીવું છે, તેથી એ રડે છે. મારી પાસે પૈસા પણ નથી કે કોઇ હોટેલમાં લઇ જાઉં. પાસેના ઘરમાં પાણી માગ્યું પણ ગાળ દઈ કાઢી મૂકી.”

આ સાંભળી પેલા મુક્તિ ફૉજના માણસોએ પોતાની પાસેના પૈસામાંથી હૉટેલમાં મા–દીકરાને લઇ જઇ બરફ નાખેલું પાણી અપાવ્યું અને થોડું ચવાણું પણ અપાવી તેમની ભૂખ તરસ છીપાવી. ખાઇ પીને મા–દીકરો શાંત થયાં, ત્યારે મિશનરી બોલ્યો: “બાઇ ! જોયો આ તમારો હિંદુધર્મ ! તમે ને તમારો છોકરો તરસે મરી જાઓ તોપણ પાણી પાવાની તેમને ફુરસદ નહિ અને માગો તો પાછો ઉપરથી તિરસ્કાર કરે તે જુદો. આવું દુઃખ અને અપમાન ફક્ત તમે લોકોજ સહન કરો. જો તમે મારૂં કહ્યું માનો તો મારી સાથે આણંદ મિશનમાં ચાલો. હું તમને બન્નેને ભણાવી હોંશિયાર બનાવીશ. પછી એ હિંદુઓ તમને હેરાન નહિ કરે પણ તમારા પગ પૂજતા પાસે આવશે. ખરેખર, ઇસુ ખ્રિસ્તના જેવો સરસ ધર્મ બીજો નથી. તમે પણ તેમાં દાખલ થશો તો સુખી થશો.”

પેલા માણસનું બોલવું સાંભળી બાઇ વિચારમાં પડી ગઇ. આજે પોતાના એકના એક બાળકને તરસે રખડવું પડયું, તેથી એને પણ હિંદુઓ ઉપર ખૂબજ તિરસ્કાર આવ્યો હતો એટલે એ તરતજ આણંદ જઇ ખ્રિસ્તી થવા તૈયાર થઈ.

મુક્તિ ફૉજનો માણસ એને તથા એના પુત્રને આણંદ લઇ ગયો. ત્યાં બંનેની પાસે એણે ખ્રિસ્તી ધર્મની દીક્ષા લેવડાવી. થોડાં વર્ષમાં તો એ બાઇ શીખીને નર્સનું કામ કરવા લાગી.

એનો છોકરો વધારે હોંશિયાર અને ચંચળ હોવાથી દાકતરી લાઇન લઇને પ્રખ્યાત દાક્તર થયો.

(૨)

આજે દશબાર દિવસ થયાં જેકોર ડોશીના એકના એક પુત્ર જયંતિલાલને સખ્ત તાવ આવતો હતો. ડોશીએ ઘણીં બાધાઓ રાખી ઘણી ઘણી દવાઓ કરી પણ હજી ફેર પડતો ન હતો. એટલામાં એમના સગા મંગળદાસ ત્યાં આવ્યા. જયંતિલાલની તબિયત જોઇ એ બોલ્યા: “જો મારૂં કહ્યું માનો તો હાલમાંજ પાસ થયેલા પણ પોતાની હોંશિયારીથી પ્રખ્યાત થયેલા ડૉ૦ જોસફને બોલાવી મંગાવી તેની દવા કરો તો સારૂં. આણંદથી થોડા વખત થયાં એ અહીં આવ્યા છે, પણ ખરેખર બહુ હોંશિયાર માણસ છે. ભલભલા રોગ અને તાવ થોડાજ વખતમાં સારા કરી આપે છે. હા, જરા ફી આકરી છે પણ તે તો શું કરીએ ? વખતે એની દવાથી જયંતિ-

લાલને આરામ થઇ જાય."

મંગળદાસની વાત સાંભળી ડોશી બોલી ઉઠયાં: "ભાઇ ! તમેજ જઇને બોલાવી લાવોની ! ભગવાન કરે ને મારો જયંતિ પાછો ઉઠે એટલે બસ. મને કંઈ છોકરા કરતાં પૈસો વધારે વહાલો નથી. જો શ્રીનાથજી મારા જયંતિને સારો કરશે તો મહારાજની ઘેર પધરામણી કરાવીશ અને ખાટકી પાસેથી સો બકરા પૈસા આપીને છોડાવીશ !" આમ ગળગળતે અવાજે બોલતાં બોલતાં ડોશી રડી પડયાં. મંગળદાસ એમને શાંત કરીને દાક્તરને તેડવા ગયા. થોડી વારમાં દાક્તરને લઇ મંગળદાસ આવી પહોંચ્યા. દા૦ જોસફને જોઈ ડોશી બોલ્યાં: " સાહેબ! ગમે તેમ કરીને મારા દીકરાને સારો કરો. શ્રીનાથજી તમારૂં ભલું કરશે. હું તમારો ઉપકાર જીંદગી સુધી નહિ ભૂલું. એ મારી આંધળીની આંખ છે." દાક્તરે ડોશીને ધીરજ આપી, અને પછી દરદીને બરાબર તપાસ્યો. તપાસ્યા બાદ દાક્તર બોલ્યા: "એમને સખત ટાઇફોઇડ થયો છે, બહુજ સારી સંભાળની જરૂર છે. માથે ચોવીસ કલાક બરફ રાખવો પડશે. માટે જો તમે કહો તો કોઇ નર્સને મોકલી આપું. એમની સારવાર બરાબર કરશે. તમારા એકલાંથી થાય એમ મને લાગતું નથી." એ સાંભળી ડોશી બોલ્યાં "દાક્તર સાહેબ ! જરૂર મોકલી આપજો; કેમકે એની વહુ પહોર સુવાવડમાં મરી ગઇ છે. બીજું કોઇ ઘરમાં છે નહિ. મારાથી તમારા કહ્યા પ્રમાણે ચાકરી થશે નહિ. પૈસાની કંઇ મારે ત્યાં ભગવાનની કૃપાથી ખોટ નથી. તમારૂં અને નર્સનું બિલ હું ખુશીથી આપીશ. પણ ફક્ત તમે મારા જયંતિને જલદી જલદી સારો કરી નાખો એટલે થયું."

દાક્તરે કાંઇ પણ જવાબ આપ્યા સિવાય ફક્ત મોં મલકાવ્યું, અને ફી લઇ ગજવામાં મૂકી. કહ્યા મુજબ એમણે નર્સ તરત મોકલી આપી. નર્સ પ્રૌઢ વયની હતી. તેનું નામ મેરી હતું. એણે તરત જયંતિલાલની સારવાર કરવા માંડી. એની સારવાર કરવાની પદ્ધતિથી તથા સ્વચ્છતાથી જેકાર ડોશી છક થઇ ગયાં. એમ કરતાં કરતાં રાત પડી. ડોશી વાળુપાણીથી પરવારી પાસે બેસી નર્સ સાથે વાતે વળગ્યાં. વાત કરતાં કરતાં મેરીએ ડોશીને પૂછ્યું: " માજી! મને ઓળખો છો કે ?" એ સાંભળી ડોશીને નવાઇ લાગી અને બોલ્યાં: "ના રે બાપા ! હું તમને ક્યાંથી ઓળખું ? આ વખતેજ મારે નર્સને ઘેર બોલાવવી પડી, આપણે હજી કોઈ દિવસ બોલાવીજ ન હતી. આજ પહેલો પ્રસંગ છે. પ્રભુ ફરી આવો પ્રસંગ તમને ઘેર બોલાવવાને ન લાવે એટલે બસ." એ સાંભળી મેરી બોલી: " માજી ! નર્સ તરીકે નહિ પણ મને કોઇ દિવસ જોઇ હોય એમ તમને યાદ આવે છે કે ?" ડોશીએ યાદ લાવવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ એને

કંઇ યાદ આવ્યું નહિ. એણે કહ્યું: “ બહેન ! મેં તમને આજે પહેલી વાર જોયાં હોય એમ મને લાગે છે. મેં કોઇ દિવસ તમને સ્વપ્નેય જોયાં હોય એમ મને યાદ આવતું નથી.”

એ સાંભળી મેરી હસી પડી, અને બોલી: “માજી પેલી મજૂરણ તે હું અને નાનો છોકરો તે મારો દીકરો દા૦ જોસફ. તમે અમને કાઢી મૂકયાં એટલે અમે રડતાં રડતાં ચાલતાં થયાં, રસ્તામાં એક પાદરી મળ્યો તે અમને આણંદ લઇ ગયો. ત્યાં અમે ખ્રિસ્તી થઇ ગયાં, અને ત્યાંજ રહી આ શીખ્યાં. હું નર્સ થઇ, અને છોકરો દાક્તર થયો. તમારા તિરસ્કારને લીધે અમે હિંદુધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. અમારાં જેવાં કેટલાંય ગરીબો દર વર્ષે ખ્રિસ્તી થાય છે તેનો તમને ભાગ્યેજ ખ્યાલ હશે.”

મેરીની વાત સાંભળી ડોશી સડકજ થઇ ગયાં. એમને શું બોલવું તે સૂઝયું નહિ. પછી થોડી વાર રહીને બોલી: “બહેન ! મારી ભૂલ થઇ ગઈ. મને ક્ષમા કરજો. ખરેખર મારો જયંતિ માંદો પડયો તેનું કારણ પણ એજ હશે. મારા પરનો ગુસ્સો જયંતિ પર કાઢતાં નહિ, એ બિચારો તો તદ્દન સુધરેલા વિચારનો છે; પણ હુંજ નઠારી છું.” એ સાંભળી મેરી બોલી: “માજી, જયંતિલાલની ફિકર કરશો નહિ. એ તો મારો ધર્મજ છે, એટલે હું એમની ચાકરી બરાબર કરીશ. ફક્ત તમે લોકો અંધશ્રદ્ધાથી દોરવાઇ કેવું કરો છો અને તેનું શું પરિણામ આવે છે તે તમને સમજાવવા માટે મેં આ વાત કાઢી.”

મેરીની વાત સાંભળી ડોશી નિશ્ચિંત થયાં. ફરીથી એમણે મેરીની માફી માગી. દા૦ જોસફની દવાથી અને મેરીની સારવારથી જયંતિલાલની તબિયત ધીમે ધીમે સુધરવા માંડી. તબિયત સારી થઇ, એટલે જેકોર ડોશીએ જોસફ અને મેરીની વાત એને કહી. જયંતિલાલ સુધરેલા વિચારનો યુવાન હતો. એણે મેરી તથા જોસફને પાછા હિંદુ થવાનો ખૂબ આગ્રહ કર્યો. જેકોર ડોશી પણ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવા માટે આગ્રહ કરવા લાગ્યાં. મા–દીકરાના આગ્રહને વશ થઇ મેરી તથા જોસફ બંનેએ આર્ય સમાજ દ્વારા શુદ્ધિની ક્રિયા કરાવી હિંદુ ધર્મ સ્વીકાર્યો.

આ બનાવ બન્યા પછી જેકોર ડોશી તો અંત્યજોનો તિરસ્કાર કરવાનું ભૂલી ગયાં; એટલુંજ નહિ, પણ બીજું કોઇ પણ તિરસ્કાર કરતું તો તેને વારતાં અને પોતાની આપવીતી સંભળાવતાં. વળી અંત્યજોદ્ધારના કામમાં પોતાથી બની શકતી આર્થિક તેમજ શારીરિક સહાય કરતાં, અને એ રીતે પોતે કરેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરી અનેક પતિતોના આશીર્વાદ પામતાં.

(“સાહિત્ય”ના એક અંકમાંથી)

૮૦—भारत मातानो पोकार

(લેખિકાઃ—શ્રીમતી કુમારી અમરદેવી)

અર્ધરાત્રિનો સમય છે, બાલ અને વૃદ્ધ, ગરીબ અને તવંગર તથા પશુ અને પક્ષી સર્વ નિદ્રાદેવીના ખોળામાં સૂતાં છે. ચારે તરફ ચૂપકીદી છવાઇ ગઇ છે, કોઇના બોલવાનો અવાજ સંભળાતો નથી. કદી કદી વાદળની ગર્જનાના અવાજ સંભળાય છે. જોતજોતામાં ચારેબાજુ કાળાં વાદળો છવાઇ ગયાં. મોઢેમોઢું સૂઝતું નથી. એટલામાં મૂશળધાર વરસાદ પડવા લાગ્યો. ઇંદ્ર અને રાક્ષસનું ભયંકર યુદ્ધ થવા લાગ્યું, વીજળીના કડાકાથી હૃદય થરથરતું હતું. આવે સમયે જંગલમાંથી કોઇની ચીસનો શબ્દ સંભળાયો, જે સાંભળી હૃદય કંપવા લાગ્યું; પણ તે શું છે તે જઇને જોવાની હિંમત ચાલી નહિ. આ સર્વની કંઇ પણ દરકાર કર્યા સિવાય એક યુવતીને તે જંગલ તરફ જલદી જલદી જતી મેં જોઇ. આ વાતનો નિર્ણય કરવાને માટે હું પણ તેની પાછળ ગયો. તે યુવતી જંગલમાં પહોંચી, પરંતુ તે અવાજ ક્યાંથી આવતો હતો તે સમજાયું નહિ. કોઇ વખત પૂર્વમાંથી તો કોઇ વખત પશ્ચિમમાંથી અને કોઇ વખત ઉત્તરમાંથી તો કોઇ વખત દક્ષિણમાંથી તે આવતો હતો. થોડા સમય પછી ચારે તરફ શાંતિ પથરાઇ ગઇ, વાદળ ખુલ્લું થવા લાગ્યું અને ચંદ્રમાની મનોહર ચાંદની પથરાઇ ગઇ; પણ એટલામાંજ ફરી પાછો કોઇના વિલાપનો અવાજ સંભળાયો. છેવટે જ્યાંથી તે શબ્દ આવતો હતો ત્યાં તે યુવતી ધીમે ધીમે પહોંચી ગઇ અને ત્યાં એક વિચિત્ર દૃશ્ય તેની નજરે પડયું. એક વૃદ્ધ સ્ત્રી તેના હાથમાં સૂકાયેલાં ફૂલોનો ગુચ્છો લઇને રડી રહી છે. તે ગુચ્છામાંનાં ફૂલોની પાંખડીઓ વેરણછેરણ થઈ ગઇ હતી તોપણ તેમાંથી ઘણીજ મનોહર સુગંધી આવતી હતી અને આખા જંગલમાં તે સુગંધ પ્રસરી રહી હતી. જો કે તે સ્ત્રી વૃદ્ધાવસ્થાને લીધે દુર્બળ હતી તોપણ તેના મુખમંડળની કાંતિ તેજસ્વી હતી. કપોલપ્રદેશ પર કાળી જટા લટકી રહી હતી, આખા શરીરપર માત્ર એકજ

વસ્ત્ર હતું. મોઢામાંથી ઠંડા શ્વાસ નીકળી રહ્યા હતા. તેની આવી હાલત જોઇ તે યુવતી તેની પાસે બેસી ગઇ. હું પણ તેમની વાંત સાંભળવાને માટે એક વૃક્ષની આડમાં છુપાઇને બેઠો. તે દેવીએ પ્રશ્ન કર્યો કે "માતા! તમે કોણ છો? આ ભયંકર વનમાં તમે શામાટે એકલાં રહો છો? આટલું બધું રુદન અને વિલાપ કરવાનું કારણ શું છે?" દેવીનો આ પ્રશ્ન સાંભળી તે વૃદ્ધ સ્ત્રી શાંત થઇ એકીટસે તેના તરફ જોઇ રહી. તે બહાવરી જેવી કેમ લાગતી હતી તે કેમ કહેવાય? તેનાં મોટાં મોટાં કમળસમાન નેત્રો કોની શોધમાં હતાં તે શું કહેવાય? તેના દિલની વાત કોણ કહી શકે? તેનું દુઃખ જોઇ પ્રકૃતિથી પણ રહેવાયું નહિ, તેથી તેનાં નેત્રોદ્વારા દુઃખરૂપી ધારાઓ વહેવા લાગી અને મોઢામાં આંગળી ઘાલી દુઃખમય નજરે તે સ્ત્રી તરફ જોવા લાગી. પાઠકગણ! થોડા સમયસુધી તે સ્ત્રીની એજ દશા રહી. બાદ તેણે જર્જર શરીરે દીર્ઘ શ્વાસ લેવા માંડયા. તેના હોઠ હાલતા હતા પણ તે શું બોલતી હતી તે સમજાયું નહિ. તેની આંખોમાંથી હજી પણ નીર ઝરતું હતું. તેની આવી દશા જોઇ તે યુવતીએ પોતાના હાથ વડે તેનું મોઢું સાફ કર્યું અને કહ્યું કે "માતા! તમારા દુઃખની વાત મને કહો, મારાથી બનશે ત્યાંસુધી તમારો કલેશ દૂર કરવાને પરિશ્રમ કરીશ." આ કરુણામય શબ્દો સાંભળી તે વૃદ્ધ સ્ત્રી બોલી કે "પુત્રી! તું મારા દુઃખની વાત સાંભળી શું કરીશ? તે સાંભળવાને પણ સાહસની આવશ્યકતા છે. વારૂ, જયારે તારી સાંભળવાની ઇચ્છા છે તો સાંભળ. મારૂં નામ 'ભારતમાતા' છે, કે જેનું દૂધ પીને તું મોટી થઈ છે અને તેનીજ ગોદમાં તેં ક્રીડા કરી છે. જો, હવે મારી કેવી દશા થઇ ગઇ છે! સારા સારા સપૂતોએ જન્મ લેવાનું છોડી દીધું છે; દુર્બળતાને લીધે સર્વ ઇંદ્રિયો શિથિલ થઇ ગઈ છે; મારે ત્રીસ કરોડ પુત્રપુત્રીઓ છે, તોપણ મારો કલેશ દૂર થતો નથી. કહે, આ દશામાં હું શું કરૂં? હું કયાં-સુધી જીવતી રહીશ?" આમ કહેતાં કહેતાં તેણે ફૂલોનો ગુચ્છો હાથમાં લઇને કહ્યું કે "જો, આ સૂકાઇ ગયેલી પાંખડીઓ આગલા સમયમાં મારાં સંતાન હતાં. તેમાં ગીતાનો ઉપદેશ કરનાર શ્રીકૃષ્ણ તથા પાંચ પાંડવો, પિતૃઆજ્ઞાપાલક શ્રીરામચંદ્ર, ભ્રાતૃપ્રેમી લક્ષ્મણ, બ્રહ્મવિદ્યામાં પારંગત મોટા મોટા ઋષિમુનિઓ અને કૌશલ્યા જેવી સહનશીલ દેવીઓ, સીતા અને સાવિત્રી જેવી પતિવ્રતા સ્ત્રીઓ અને ગાર્ગી જેવી બ્રહ્મવાદિની બ્રહ્મચારિણી સ્ત્રીઓ એમાં હતી. જો

કે આ ગુચ્છાની માફક મારાં ભૂતપૂર્વ સંતાનો ચીમળાઇ ગયાં છે તોપણ અદ્યાપિપર્યંત તેમની સુગંધ ચારે દિશાઓમાં ફેલાઇ રહી છે. દુઃખની વાત છે કે, એવા સુપુત્રોએ જન્મ લેવાનું છોડી દીધું છે અને મારાપર રૂષ્ટ થઇને તેઓ અન્ય દેશોને સુશોભિત કરી રહ્યા છે. કદી કદી કોઇ સિતારો દેખાય છે તો તે અજ્ઞાનના ઘટાટોપના છવાયાથી અદૃશ્ય થઇ જાય છે. હાય! જેની અમૃતમય છાયા નીચે દૂર દેશાવરના લોકો આવીને આરામ લેતા હતા ત્યાંજ આજે મારાં સંતાનોને રહેવા ઝુંપડી પણ મળતી નથી, મારાં લાખો પુત્રપુત્રીઓ અન્નને માટે તરફડે છે, દુષ્કાળ અને પ્લેગના મુખમાં મારાં હજારો સંતાનો ફસાઇ જાય છે, તેમને કોઇ આશ્રય આપનાર જણાતું નથી. કહે, હવે શું કરૂં?" આટલું કહેતાં કહેતાં તે મૂર્છિત થઇ ધરતીપર પડી ગઇ. માતાની આ દશા જોઇ તે યુવતી પણ રડવા લાગી. થોડા સમયબાદ જ્યારે માતાની મૂર્છા વળી ત્યારે તે ઉઠી અને કહેવા લાગી કે "અરે કુળકલંકી સત્યાનાશી દુર્યોધન! તારે લીધેજ આ મારી દશા થઇ. જો તેં કુસંપનું બી વાવ્યું ના હોત તો મારા કરોડો સુયોગ્ય પુત્રોનું પ્રચંડ મહાભારતરૂપી યુદ્ધાગ્નિમાં બલિદાન થાત નહિ. અરે દુષ્ટ! તેંજ મારા તમામ વીરોનું મૂલોચ્છેદન કર્યું કે જેઓ માંહોમાંહે કપાઇને મરી ગયા. તું સદૈવને માટે કુસંપનું બી વાવી ગયો, જેથી કરીને અદ્યાપિપર્યંત મારે ઘણાં દુઃખો સહન કરવાં પડયાં છે. અરે દુષ્ટ જયચંદ! તેંજ મારૂં રહ્યું સહ્યું સર્વસ્વ નાશ કર્યું, તેં તારા ભાઈ (પૃથ્વીરાજ) સાથે વિરોધ કરી વિદેશીય શત્રુ (શાહબુદ્દીન)ને બોલાવી મારાં વીર સંતાનોનું રક્ત વહેવરાવ્યું. અરે નિર્દય! તેં સાપને મિત્ર બનાવ્યો. તેનું તને ક્યાં ભાન હતું? એ અવસર મેળવી મને ડસશે તેનું તને જ્ઞાન હતું? માત્ર મારો નહિ, પણ આખા દેશનો સંહાર કરશે તેનો તેં ક્યાંથી વિચાર કર્યો હોય?" આટલું કહી તે ફરીથી બોલી કે "ઓ પ્યારા પુત્ર કાલીદાસ! શું તુંજ શેક્સપિયરનું નામ ધારણ કરી યુરપ ચાલી ગયો? પ્યારા અર્જુન! શું તેં મારી સાથે રીસાઇને નેપોલિયનનું નામ ધારણ કરી ફ્રાન્સને સુશોભિત કર્યું? અરે વૃદ્ધ ભીષ્મ તથા દ્રોણાચાર્ય! શું તમેજ વૉશિંગ્ટન અને ગેરીબાલ્ડી બનીને ઇટાલી અને અમેરિકા ચાલ્યા ગયા? વીર અભિમન્યુ! શું તું આજ્ઞાકારી કેસાબિઅન્કા તો નથી થયો ને? અરે શ્રીકૃષ્ણની ગીતાના રહસ્ય! શું તેજ ફિલોસૉફીનું નામ ધારણ કરી પશ્ચિમના વિદ્વાનોનો ઝુંડો આખી દુનિયા ઉપર ફરકાવી દીધો છે? અરે રાજપૂત રમ-

ણીઓ અને સીતાસાવિત્રી જેવી દેવીઓ ! શું તમારી બરાબરી કરે તેવી સ્ત્રીઓ આ વખતે આ દુનિયામાં છે ? અરે વીરજનની વિદુલા ! શું તારો મુકાબલો કરી શકે એવી કોઇ દેવી મળશે ? તારી માફક પોતાના એકના એક પુત્ર સંજયને આવું કેટલી સ્ત્રીઓ કહી શકશે કે 'અરે પુત્ર ! યુદ્ધમાં કોઇ વસ્તુનો મોહ કરીશ નહિ અને પ્રાણનો પણ મોહ કરતો નહિ; કારણ કે તારે પણ એક દિવસ શરીર છૂટવાનું તો છેજ.' અરે દેવીઓ ! તમે મારો ત્યાગ કરી કયાં ચાલી ગઇ ?"

પાઠકગણ ! માતાનો આવો વિલાપ સાંભળીને કયું એવું પથ્થર જેવું હૃદય હશે, કે જે પીગળી જાય નહિ ? માતાનું રુદન સાંભળી તે યુવતીનું હૃદય કંપાયમાન થઇ ગયું એટલુંજ નહિ પણ વનનાં દરેક વૃક્ષ અને પશુપક્ષીઓ પણ રડવા લાગ્યાં અને હું પણ રડયો. મારા મનમાં નાના પ્રકારના વિચારો આવવા લાગ્યા અને મારા મોઢામાંથી નીકળી પડયું કે "હે વિધાતા ! આ એજ ભારતરૂપી જનની છે કે જે એક વખતે ઐશ્વર્યવાન હતી અને જેમાં શ્રેષ્ઠોનો વાસ હતો, આજે તેજ માતા અપવિત્રાત્માઓથી ક્લેશિત થઇ રહી છે. જે એક વખતે સુવર્ણમય ભૂમિ બની હતી, જેનાં રત્નોની પ્રાપ્તિને માટે દૂર પ્રદેશના લોકો આવતા હતા; તેનાંજ સંતાનો આજે દરિદ્રતાથી માર્યાં માર્યાં ફરે છે. અરે કાળ ! તું ઘણો અન્યાયી છે, તને માતાની દશાપર દયા નથી એ શું ? અરે કાળચક્ર ! યાદ રાખજે કે, તારે તારાં કર્મોનાં ફળ ભોગવવાં પડશે અને માતાનું દુઃખ દૂર થશે. પાઠકગણ ! કાળચક્ર હવે ભારત માતાના માથા ઉપર આવી ઉભું છે અને તે માતાને પીલી નાખવા માગે છે; પણ આપણે તેને આપણાં કામોથી ઉત્તર દેવો જોઇએ કે અરે કાળ ! તુંજ અમારૂં કહ્યું માનીશ, એટલુંજ નહિ પણ તારે અમારી આંગળીઓના ઇશારા પ્રમાણે કામ કરવું પડશે."

(માર્ચ-૧૯૧૬ ના "સ્ત્રી દર્પણ"માંથી)

સમાપ્ત.

વ્યાપારી ચૂસ્યાં મારાં ખોરડાં

(લેખકઃ-શ્રી. શાંતિકુમાર પંડયા)

ધરતીનાં મારે બેસણાં, ત્હારે ઉંચા હિંડોળા ખાટ,
ઝુંપડે ઝાંખા દીવડા, ત્હારે ઝુંમરના ઝળકાટ;
ત્હારા ઉજળા ખૂની ઠાઠ વ્યાપારી! ચૂસ્યાં મારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૧

વનવગડા મ્હારે વિંધવા, ત્હારે મોટરકારે મહાલવાં,
સૂવું મીઠ પત્થર પરે, ત્હારે ગાલમસુરીયાં ઢાળવાં;
લૂંટી બધું લાવતાં વ્યાપારી ચૂસ્યાં મ્હારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૨

ઝુંપડી મ્હારે છાજની, ત્હારે મહેલ ઝરૂખા માળ,
ભીંતડી માટી છાણની, ત્હારે પગથારે આરસપહાણ;
વ્યાજનાં ભરાવ્યાં વહાણ વ્યાપારી ચૂસ્યાં મ્હારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૩

છાંણ વાસીદાં છીનવાં, ત્હારે જીવનના આરામ,
પહોર દી ચઢે ઘોરવાં, મ્હારે કરવાં અઘરાં કામ;
લૂંટી ભર્યાં દામ વ્યાપારી ચૂસ્યાં મ્હારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૪

રાંધવી મ્હારે રાબડી, ત્હારે માલમલીદા માણવા,
ભોંય પથારી ધૂળની, ત્હારે છત્ર પલંગે પોઢવાં;
રંક મજુરી દાઢમાં વ્યાપારી ચૂસ્યાં મ્હારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૫

કાળી મજુરી લોહીની, તું ફેંકે ઝેરી જાળ,
ભૂખો મટાડવા ભોમ હું તોડું, ઉભો તું કાળ કરાળ;
મ્હારા લોહીના ચૂસનાર વ્યાપારી ચૂસ્યાં મ્હારાં ખોરડાં
ભૂંડા હાડચામ તો છોડ !—૬

("નવયુગ" માસિકના એક અંકમાંથી)

આવી હકીકતો છાપી-છપાવીને તથા કહીને પણ ફેલાવવા કૃપા કરજો.

ઓચિંતી બળી મરતી સેંકડો સ્ત્રીઓ !

આ તરફ આવા અકસ્માતોના ભોગ બનનારી ઘણીખરી સ્ત્રીઓ ૧૬ થી ૨૦ વરસની હોય છે. અને ચુલા, દીવા તથા સળગતી દીવાસળી વગેરે તરફ બેદરકાર રહેવાને લીધે તેઓ બિચારી ઓચિંતી જીવતી બળી મરે છે. દાખલા તરીકે—

"દાઝી ગયેલી પારસી બાઇ"—સાંજ વર્તમાન ૨-૧-૩૨. "સ્ટવ સળગાવતી વખતે તેણીના હાથમાંથી સળગેલી દીવાસળી પડી જતાં તેણીની સાડી સળગી ગઇ હતી."

"દાઝી ગયેલી મુસ્લીમ છોકરી."-સાંજ વર્તમાન, તા. ૪-૩-૩૨

"મરનાર એક દીવા નજીક રમતી હતી ત્યારે તેણીનું ફ્રૉક દીવાના સમાગમમાં આવતાં સળગી ગયું હતું."

"ખાણું પકાવતાં સળગી ઉઠેલી પઠાણ સ્ત્રી—હૉસ્પિટલમાં નીપજેલું મરણ."—જામે જમશેદ, તા. ૩૧-૫-૩૨.

"જયંતિલાલ પ્રભુદાસ દેસાઇની સ્ત્રી પ્રાઇમસ સળગાવતાં બળી જવાથી ગુજરી ગયેલ છે."-ગુજરાતી ૧૨-૬-૩૨.

"નાણાવટી કુટુંબની એક સ્ત્રી દીવો સળગાવતાં દાઝી જવાથી મરણ પામ્યાનું બહાર આવેલ છે."—ગુજરાતી, ૧૯-૬-૩૨.

"જામનગર રાજ્યના મરહુમ ઇન્જીનિયરની દીકરી પ્રાઇમસ સળગાવતાં દાઝી જવાથી મરણ પામેલ છે."—ગુજરાતી, ૭-૮-૩૨.

એક જુવાન હિંદુ સ્ત્રી "સ્ટવ સળગાવ્યા પછી અભરાઇ ઉપરના ડબામાંથી ચા લેવા ઉઠતાં સ્ટવની ઝાળ લાગવાથી સળગી ઉઠી હતી."—જામે જમશેદ, તા. ૧૦-૧૦-૩૨.

"સોળ વરસની એક હિંદુ સ્ત્રી સ્ટવ ઉપર ચા ગરમ કરવા માટે અભરાઇ ઉપરથી વાસણ લેવા જતાં બળી મૂઇ હતી."—જામે જમશેદ, તા. ૨૦-૧૦-૩૨

ઉપર પ્રમાણે સેંકડો સ્ત્રીઓ અકસ્માત બળી મરે છે; માટે એવા ત્રાસદાયક સમાચારો વર્તમાનપત્રોમાંથી ભેળા કરીને તે વિષે કન્યાશાળાઓ વગેરેમાં માહિતી ફેલાવવાની પરમાર્થી આત્માઓ મહેરબાની કરે, અને સેંકડો સ્ત્રીઓને જીવતી બળી મરવાની ત્રાસદાયક પીડાથી બચાવવાનું તેઓ મહાપુણ્ય મેળવે એવી પ્રાર્થના છે.

બળતા ચૂલા ઉપર ઉભાં થશો તો બળી મરશો !

સતુભુવન-જુનાગઢ } લાભશંકર લક્ષ્મીદાસ
૧-૧૧-૩૨

आ संस्थाना तैयार ग्रंथो

૧–પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ જુદું લાગે છે. ૨–મંગાવેલામાંનું જે ન આવે તે ખલાસ સમજવું. ૩–મૂલ્ય તથા પેકીંગ ડા૦ ના ૦।~ પ્રથમ મોકલીને કમમાં કમ ૮–૧૦ નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી ખર્ચ બહુ ઓછો આવશે. ૪–અમદાવાદના કાર્યાલય માટે ઘણાંખરાં પુસ્તકોની કિંમત છાપ્યા કરતાં થોડી ઘટાડેલી તે પણ આમાં આપી છે; અને રૂ. ૧૦૦)નાં લેવાથી એમાં પણ ૬। ટકા કપાશે. ૫–મુંબઇના કાર્યાલય માટે આમાં જે કિંમત છાપી છે; તેમાં પણ કમમાં કમ ૨૫)નાં પુસ્તક લેવાથી દોઢ આના મુજબ કપાશે. ૬–જે પુસ્તકની તરત માટે અથવા અમુક મુદત માટે કિંમત અરધી, પોણી કે કાંઇ પણ ઓછી રખાય, તેમાં કમિશન કપાશે નહિ, તથા મુંબઇના કાર્યાલયમાં ખર્ચ જોગી વધુ કિંમત રહેશે. ૭–આ સંસ્થામાં મળતી આંખ, વીંછી–સાપ તથા દાદરની દવાના લાભ તથા વાપરવાની અને બનાવવાની વિધિ તેમજ એલ્યુમીનિયમનાં વાસણ વાપરવાથી થતાં ભારે નુકસાન વગેરે જુદું છાપેલું મળશે.

ઉત્તમ ધાર્મિક ગ્રંથો	મુંબઇમાં મૂલ્ય	અમદાવાદમાં
સંપૂર્ણ મહાભારત–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૩૬	૩૨
શ્રીવાલ્મીકિ રામાયણ–ઉત્તમ ભાષાંતર–૩૨ ચિત્રો.	૬	૫।
તુલસીકૃત રામાયણ–ઉત્તમ ભાષાંતર–૩૨ ચિત્રો.	૪	૩॥
મહાભારતનું શાંતિપર્વ–ઉત્તમ ભા૦, નવી આવૃત્તિ.	૫	૪॥
ગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨।	૨
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં	૧૦	૮
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–નવી આવૃત્તિ	૨।	૨
શ્રીભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર	૪॥	૪
શ્રીમદ્‌ભાગવત–ઉ૦ ભા૦, ૧૯ ચિત્રો, નવી આવૃત્તિ.	૩॥	૩
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૨॥	૨
મહાભારત અને રામાયણવિષે કેટલાક વિચાર	૦॥=	૦।=
શ્રીમહાભારત વિષે ખાસ જાણવા જેવા વિચાર	૧॥	૧
ધર્મતત્ત્વ–બંકિમચરિત્ર સાથે	૦॥।	૦॥
યોગતત્ત્વ	૧।	૧
સ્વામી રામતીર્થ–ચાર ગ્રંથમાં–ભાગ ૧ થી ૧૩	૮।	૭
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ પહેલો ભાગ ૧–૨–૩	૨।	૧॥।
,, ,, ગ્રંથ ૨ જો ભાગ ૪–૫	૨।	૧॥।
,, ,, ભાગ ૬–૭ ૦॥, ભાગ ૮મો ૧॥, ભાગ ૯મો ૨		
,, ,, ભા. ૧૦મો ૦॥, ભા. ૧૧ મો ૧॥=, ભા. ૧૨–૧૩ ૧॥		

પ્રભુમય જીવન–સુધારેલી ૫ મી આવૃત્તિ ... ... ૦।– ... ૦।

શ્રીસુબોધ રત્નાકર–નવી આવૃત્તિ ... ... ૦॥ ... ૦॥

શ્રીવિષ્ણુસહસ્રનામ–ગુ. ભાષાંતર સાથે ... ... ૦)–॥ ૦)–॥

ઉપદેશસારસંગ્રહ–ભાગ ૧,૨ ભેગા ... ... ૧ ... ૧

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા–ગુ. સરલાર્થ સહિત પાકુ પૂંઠુ ... ૦)≡॥ ૦)≡

,, ,, ,, સાદુ પૂંઠુ ... ૦)=॥ ૦)=

,, ,, ,, મોટા અક્ષર... ૦।=॥ ૦।=

,, ,, શ્રીધરી અનુસાર અર્થ સાથે ૦।–॥ ૦।–

,, ,, માત્ર સરલાર્થ ... ... ૦)=॥ ૦)=

પંચરત્ન ગીતા–સરલાર્થ સાથે મોટા અક્ષર... ... ૦॥=... ૦॥

ભગવદ્‌ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦॥

પંચરત્નગીતા–મૂલમાત્ર–નાના, મધ્યમ, મોટા અક્ષરમાં ૦।, ૦।=, ૦॥

આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર–સાદુ પૂંઠુ ૦।= પાકું ૦।–

સંત–મહાત્માઓની વાણી

અખાની વાણી–મનહર પદ સાથે ... ... ૧॥ ... ૧।

પ્રીતમની વાણી–સર્વથી મોટો સંગ્રહ... ... ... ૧॥ ... ૧।

છોટમની વાણી–જુદા જુદા ત્રણ ગ્રંથોમાં ... ૩॥ ...૨॥=

શ્રીભજનસાગર–નવી આવૃત્તિ ... ... સાદુ પૂંઠુ ૦। પાકું ૦।=

પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો

સ્વર્ગનું વિમાન ...	૧।=	૧।	સ્વર્ગની કુંચી	૧।= ...	૧।
સ્વર્ગનો ખજાનો ...	૧।=	૧।	સ્વર્ગનો પ્રકાશ	૧।= ...	૧।

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

સોનેરી સૂચનો અને સુવિચાર સામગ્રી ૦)=...૦)–॥

સુખી જીવનનાં સાધન ... ... ૦॥=...૦॥=

સુખસામર્થ્ય સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર ...૧। ... ૧

ભાગ્યના સ્રષ્ટાઓ ... ... ૧॥ ... ૧।

આગળ ધસો–નવી આવૃત્તિ... ... ... ૧॥ ... ૧।

આર્યોના સંસ્કાર અથવા હિંદની વિદ્યાકળા ...૦॥ ... ૦॥

શુભસંગ્રહ–ભાગ પહેલો ૦।, બીજો ૨।, ત્રીજો ૧।, ચોથો ... ૧।

,, ,, પાંચમો ૧।, છઠ્ઠો ૧।।, ૭ મો ૧।, ૮ મો છપાય છે.

આદર્શ દૃષ્ટાંતમાળા–જુદા જુદા બે ગ્રંથોમાં ... ૨।= ... ૨)=

બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે... ... ... ૧॥ ... ૧।

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં... ... ૧૦ ...૮।

આર્યભિષક્ અથવા હિંદનો વૈદરાજ–આઠમી આવૃત્તિ ૩॥ ...૩

વૈદક સંબંધી વિચારો—૧૬૫ લેખોનો મોટો સંગ્રહ ૧॥ ...૧।

આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત ... ... ૦।– ...૦।

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

શ્રીરામકૃષ્ણપરમહંસનું ચરિત્ર અને ઉપદેશો	૧।।	૧।।
સ્વામી ભાસ્કરાનંદ તથા વિજયકૃષ્ણ ગોસ્વામી	૧।।	૧।।
ભારતના વીર પુરુષો-બીજી આવૃત્તિ	૧	૦।।।≈
સ્વામી રામતીર્થની જીવનકથા	૨	૧।।।
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર	૨।।	૨
શ્રી શિવાજી છત્રપતિ	૨।	૧।।।
મહાન સમ્રાટ્ અકબર	૧।	૧
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો	૦।।।	૦।।
શ્રીભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત	૧।।	૧।
મુસ્લીમ મહાત્માઓ	૧।	૧।
ભારતનાં સ્ત્રીરત્નો-ત્રણ ગ્રંથોમાં	૬	૫।
મહાન સાધ્વીઓ-ઉત્તમ ૧૫ ચરિત્રો	૧।	૧।
દાનવીર કાર્નેગી	૧।।	૧।
કાઉન્ટ ટૉલ્સ્ટૉય	૨।।	૧।।।
નેપોલિયન બોનાપાર્ટ	૩	૨।।

ખાસ બોધપ્રદ ટુંકી વાર્તાઓ

ટુંકીવાર્તાઓ ગ્રંથ પહેલો-ભાગ ૧ થી ૪ (૬૬ વાતો)	૨	૧।।।
ટુંકીવાર્તાઓ ગ્રંથ બીજો-ભાગ ૫ થી ૭ (૫૭ વાતો)	૧।।।	૧।।
ટુંકી વાર્તાઓ ગ્રંથ ત્રીજો-ભાગ ૮ મો (૮૦ વાતો)	૧।।	૧।
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી	૦)≡	૦)≡

બાળકો માટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ	૦।	૦)≡
બાળસદ્‌બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	૦।	૦)≡
બાળકોની વાતો-રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ	૦)≡	૦)≡
સુબોધક નીતિકથા-નવી આવૃત્તિ	૦।≈	૦।-

ચિત્રો અને ચિત્રાવલીઓ

શ્રીમહાભારત ચિત્રાવલી-૨૬ સુંદર ચિત્રો	૧)	૦।।।
શ્રીરામાયણ ચિત્રાવલી-૩૬ ,, ,,	૧)	૦।।।

શ્રીકૃષ્ણમુરારી અને દ્રૌપદીવસ્ત્રાહરણ-ત્રિરંગી મોટાં ચિત્રો દરેકના ૦।
જ્ઞાનબાજી અથવા સોપાનપટ ખાસ સંશોધનપૂર્વક છપાયેથી મળશે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ-ત્રણ દરવાજા બહાર, નદી જવાને રસ્તે, ભદ્ર પાસે.
મુંબઇ-કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે.

Gurukula Library
Kangri